ચોથાની સિસ્ટમ કામ લાગે અને આપણું કામ ખોરંભાય નહિ એ દષ્ટિએ આ પરફેકટ સિસ્ટમ આપણે નક્કી કરેલી છે.

## નર્મદા યોજનાની જુદી જુદી કેનાલના નૅટવર્કનું કામ

*** ૨૩૪૮૯ શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : (પોરબંદર): માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ નર્મદા યોજનાની જુદી જુદી કેનાલ નૅટવર્કનું કામ કેટલા કિલોમીટરનું કરવાનું બાકી છે,

(૨) તે અન્વયે કેટલી લંબાઈનું કામ પૂર્ણ થયેલ છે.

(૩) સમગ્ર કેનાલનું નૅટવર્ક કામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં, વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

મુખ્યમંત્રીશ્રી (નર્મદા):

(૧) અને (૨) તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ નર્મદા યોજનાની જુદી જુદી કેનાલ નૅટવર્કનું કામ પૂર્ણ થયેલ તથા બાકી રહેલ કામની વિગતો નીચે મુજબ છે.

| અ. નં. | નહેર | નહેરની કુલ અંદાજીત લંબાઇ (કી.મી.) | તા. ૩૧-૮-૧૧ ની સ્થિતિએ પૂર્ણ થયેલ નહેરની લંબાઇ (કી.મી.) | તા. ૩૧-૮-૧૧ની સ્થિતિએ બાકી રહેલ નહેરની કુલ લંબાઇ (કી.મી.) |
|---|---|---|---|---|
| ૧ | મુખ્ય નહેર | ૪૫૮ | ૪૫૮ | -- |
| ૨ | શાખા નહેર | ૨૫૮૫ | ૧૯૩૫.૫૪ | ૬૪૯.૪૬ |
| ૩ | વિશાખા નહેર | ૫૧૧૨ | ૧૮૧૧.૫૬ | ૩૩૦૦.૪૪ |
| ૪ | પ્રશાખા | ૧૮૪૧૩ | ૫૨૮૪.૪૬ | ૧૩૧૨૮.૫૦ |
| ૫ | પ્રપ્રશાખા | ૪૮૦૫૮ | ૧૦૧૪૭.૧૬ | ૩૭૯૧૦.૮૪ |

(૩) બાકી કેનાલ નૅટવર્ક કામ પૂર્ણ કરવા જમીન સંપાદનની કાર્યવાહી મોટા પ્રમાણમાં ચાલી રહેલ છે જે અંતર્ગત ૧૪૪૮૯ હેકટર જમીન આ સમયગાળામાં મેળવવામાં આવી છે અને સંપાદિત થયેલ વિસ્તારમાં કેનાલ નૅટવર્કના કામો કરવા કુલ રૂપિયા ૬૨૩૮ કરોડના કામો વિવિધ તબક્કે પ્રગતિમાં છે.

(૪) સરદાર સરોવર પરિયોજના હેઠળ જુદી જુદી કેનાલોના નૅટવર્કના કામો પાછળ તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ વર્ષવાર છેલ્લા ત્રણ વર્ષમાં નીચેની વિગતે ખર્ચ થયેલ છે.

| **નાણાકીય વર્ષ** | **કેનાલના કામો પાછળ થયેલ ખર્ચ (રૂા. કરોડમાં)** |
|---|---|
| ૨૦૦૮-૨૦૦૯ | ૭૫૫ |
| ૨૦૦૯-૧૦ | ૭૩૧ |
| ૨૦૧૦-૧૧ | ૧૧૮૭ |
| એપ્રિલ-ઓગષ્ટ-૨૦૧૧ | ૯૩૦ |
| કુલ | ૩૬૦૩ |
| | |

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજના આપણા બધા માટે વિકાસની અંદર એનું અહમ મહત્વ રહેલું છે. જયારે પૂર્ણ થશે ત્યારે ૧૮ લાખ હેકટર જમીનને આપણે સિંચાઈ આપી શકીશું. અત્યારની સ્થિતિએ જે પાણી ઉપલબ્ધ છે એ આપણે જેટલા કમાન્ડ એરિયા છે એ તમામ એરિયામાં સિંચાઈ કરી શકીએ તેમ છીએ. માનનીય મંત્રીશ્રીએ આંકડા આપ્યા એ પ્રમાણે નહેરની પ્ર.પ્ર. શાખા સુધીની કુલ લંબાઈ કરવાની છે એ ૪૮૦૫૮ કિલોમીટર જેટલી થવા જાય છે. ૧૯૯૫ સુધીમાં અમદાવાદ સુધી જે મેઈન કેનાલ આવી ગઈ હતી આજે એને ૧૭ વર્ષ જેટલો સમય થયો તો પણ આપણે પ્ર.પ્ર. શાખા સુધી ૪૮૦૫૮ કિલોમીટરમાંથી ૩૭૯૧૦ કિલોમીટરની લંબાઈનું કામ કરવાનું બાકી છે. ત્યારે મારો પ્રશ્ન એટલો જ છે કે જે ડિસ્ટ્રિબ્યુટરી કેનાલ છે એની લંબાઈ પણ પ્ર.પ્ર. કેનાલ જેટલી જ છે. આ રીતે ડિસ્ટ્રિબ્યુટરી સહિત ૮૨ હજાર કિલોમીટરની લંબાઈનું કામ કરવાનું છે. તો ૧૭ વર્ષમાં આપણે આના અંગે રાજનીતિક સવાલો વારંવાર ઉઠાવ્યા છે, પાણી ઉપલબ્ધ છે, કોઈપણ પ્રકારની મંજૂરી પર્યાવરણની કે બીજી કોઈ લેવાની જરૂર નથી જે માટે જમીન સંપાદન કાર્યવાહી વહેલી

પૂર્ણ થઈ હોત તો આનું કામ પૂર્ણ થઈ ગયું હોત. તો આજે આ પાણી કચ્છના સીમાડા સુધી પહોંચાડી શકયા હોત પરંતુ આપણે એ પહોંચાડી શકયા નથી. તો મારે બીજું કોઈ પોલિટિકલ ઓબ્ઝર્વેશન કરવું નથી. માત્ર ચિંતા એટલી છે કે, મેં હકીકત આપી છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાઈ, મારા તરફ ધ્યાન આપો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મેં કશું બીજું કહ્યું નથી. ફાઈવ સ્ટાર અનશન માટેની વાત નથી કરી.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ પ્લીઝ, આપ પ્રશ્નની મર્યાદામાં મંત્રીશ્રી પાસે વાત કરી શકો છો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એ લોકોની ટોપી લેવા ગયો નથી.

**અધ્યક્ષશ્રી** : આપ પ્રશ્નની મર્યાદામાં રહીને મંત્રીશ્રીને પ્રશ્ન પૂછો. આપ સીધા પ્રશ્ન ઉપર આવી જાઓ. ઈકબાલભાઈ, બેસી જાઓ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રશ્ન ઉપર જ આવું છું. મારો પ્રશ્ન એટલો જ છે કે, ડીસ્ટ્રીબ્યુટરીની જે ટોટલ લંબાઈ છે એમાં કેટલી લંબાઈનું કામ ટોટલ બાકી છે ? નંબર-૧ અને નંબર-૨ ૧૮ લાખ હેકટર જમીનને પાણી આપવાનું છે એ તમામને કયાં સુધીમાં પાણી આપવાનું આયોજન છે? અને જમીન સંપાદનની કાર્યવાહી હજુ પૂર્ણ થઈ નથી તો એ ઝડપથી થાય એના માટેનું શું આયોજન છે? એ કયાં સુધીમાં કરવાનું છે? અને જે ખેડૂતોની જમીન સંપાદન થઈ રહી છે એ ખેડૂતોને આપણે નવી જંત્રી મુજબ એને વળતર આપવા માગીએ છીએ કે કેમ? એટલા મારા પ્રશ્નો છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કોંગ્રેસના નેતા અને ધારાસભ્યશ્રી અર્જુનભાઈએ ૧૭ વર્ષનો આંકડો કેવી રીતે પકડયો એ મને ખબર પડતી નથી. ૧૯૬૦માં એ વખતના ભારતના વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ આ યોજનાનું ખાત મુહૂર્ત કર્યું હતું ત્યારથી ગણો તો આજે ૫૧ વર્ષ થયા. એ ૫૧ વર્ષમાં ૧૭ વર્ષ કયા લોજીકથી ગણ્યા એ મને ખબર પડતી નથી. એનો હિસાબ માગવો હોય તો અને આપવો હોય તો, ગુજરાતની પ્રજાને જણાવવો હોય તો આખા પ્રોજેકટનો સમય ગાળો જણાવવો જોઈએ કે જેથી ગુજરાતની પ્રજાને ખ્યાલ આવે કે કોના શાસનમાં જેને આપણે ગુજરાતની જીવાદોરી કહીએ છીએ, ગુજરાતની પ્રગતિની શાન કહીએ છીએ એના કામમાં કોણે વિલંબ કર્યો એ ખ્યાલ આવશે. એ રૂ.૧૦,૦૦૦/- કરોડમાં થવાની હતી એના રૂ.૪૫,૦૦૦/- કરોડ થઈ ગયા એ કોના કારણે, કોના વાંકે થયા એનો જવાબ ગુજરાતની પ્રજા જાણે છે. એના માટે તો તમને ગુજરાતની પ્રજાએ વીસ-વીસ વર્ષથી ત્યાં બેસાડયા છે. એ બધું જ જાણે છે. ગુજરાતને કોણે કેટલો અન્યાય કર્યો છે? ગુજરાતને કેટલું નુકસાન કર્યું છે? અને ગુજરાતને કેટલી તકલીફોમાં મૂકયું છે.

મારે એ પણ કહેવું છે કે, ફકત કેનાલ બનાવીને નર્મદાનું પાણી આપવાનું નથી. ખરી જરૂરિયાત તો ત્યાં સરદાર સરોવર ડેમ સાઈટ ઉપર ૧૩૮ મીટરની જે ઉંચાઈ કરવાની છે. આપણે હજુ તો ૧૨૧.૯૨ મીટરે પહોંચ્યા છીએ. અત્યારે નર્મદા જળાશયમાં જે પાણી ભરાય છે એનાથી ત્રણ ગણું વધુ પાણી ભરવાની સરદાર સરોવર ડેમની સંગ્રહ શકિત છે. પણ કમનસીબે ગુજરાતને અન્યાયની મોટામાં મોટી પરંપરા ચાલી રહી છે. એ પરંપરાના ભાગરૂપે ગુજરાતની પ્રજાને નુકસાન થાય, ગુજરાતના ખેડૂતોને સિંચાઈ માટે પાણી ન મળે, ગુજરાતના પશુઓને પાણી ન મળે, ગુજરાતના લોકોને પીવા માટે પાણી ન મળે એના માટે જાણી બુઝીને આ કામ રોકી રાખ્યું છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : સાહેબ હું જવાબ આપવાનો જ છું , એ બેસી જાય એટલે આપું. આ તો એમણે પૂર્વભૂમિકા મૂકી હતી. અંતરાય ..

**અધ્યક્ષશ્રી** : માનનીય નીતિનભાઈ આપ સીધા જવાબ ઉપર આવી જાવ. અર્જુનભાઈ આપ બેસી જાવ. આપને પ્રશ્નનો જવાબ આપે છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : સાહેબ એમણે ૧૭ વર્ષ કીધા મેં ૫૧ વર્ષનો ઈતિહાસ આપ્યો, આટલું જ છે, જવાબ હજી આપુ જ છું સાહેબ.

## શબ્દો પાછા ખેંચવા અંગે

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : •(xxxx) હોય એમ.

**અધ્યક્ષશ્રી** : માનનીય નટવરસિંહભાઈ, આપે જે શબ્દ પ્રયોગ કર્યો છે, પ્લીઝ ..

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ** : સાહેબ માનનીય મંત્રીશ્રીઓ પણ બોલે છે.

**અધ્યક્ષશ્રી** : અંતરાય .. નહીં નહીં પ્લીઝ.. મંત્રીશ્રીઓ બોલશે તો એમને પણ કહીશ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : મારો જવાબ બિલકુલ બરાબર છે.

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહભાઈ, નીતિનભાઈ, આપ બેસી જાવ પ્લીઝ, મંત્રીશ્રીઓ બોલશે એમને પણ હું અટકાવીશ પણ નટવરસિંહભાઈએ જે શબ્દપ્રયોગ કર્યા છે એ શબ્દો એમણે પાછા ખેંચવા જોઈએ, નટવરસિંહભાઈ આપ પાછા ખેંચો છો કે હું દૂર કરું રેકોર્ડ ઉપરથી?

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : પાછા ખેચું છું પણ સાચું બોલ્યો છું.

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : પણ આવા શબ્દ પ્રયોગ ના કરો પ્લીઝ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અર્જુનભાઈએ પ્રશ્ન એ પૂછયો કે આ નર્મદા યોજનાની કેનાલોના કામો ઝડપથી કરવા માટે સરકારે શું આયોજન કર્યુ છે, ગુજરાતની પ્રજાને અમે અગાઉ પણ માહિતી આપી, આજે પણ આ ગૃહને જણાવતા મને આનંદ થાય છે કે ભૂતકાળમાં જમીન સંપાદનની કોઈપણ યોજના માટે ગુજરાતમાં જે જમીનો રાજય સરકારે સંપાદન કરી એની ઉદાર નીતિ નહોતી, આ સરકારે આ મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઈએ જે નિર્ણય કર્યો અને ગુજરાતના ખેડૂતોને જમીન સંપાદનની કિંમતથી નહીં પણ જંત્રીના ભાવે કિંમત લેવાની જમીનની અને એની કિંમત આપવાની ૩૦ ટકા સોલેસીયમ આપવાનું અને માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહને જણાવતા મને ખૂબ આનંદ થાય છે કે તાજેતરમાં નામદાર સુપ્રીમ કોર્ટે એક કેસમાં એમ કહ્યું કે ગુજરાત રાજયની જમીન સંપાદન નીતિ આખા દેશની અંદર સર્વ શ્રેષ્ઠ નીતિ છે , સુપ્રીમ કોર્ટે કહ્યું, ઓન બોર્ડ કહ્યું છે. માનનીય સુપ્રીમ કોર્ટના જજશ્રીએ ઓન બોર્ડ કહ્યું છે કે આખા દેશની અંદર સરકારી કામો માટે જમીન સંપાદન કરવાની ગુજરાત રાજયની નીતિ શ્રેષ્ઠ નીતિ છે. બીજા રાજયો, બીજી સરકારો એને એડોપ્ટ કરે એ પ્રમાણેની વાત કરી છે ત્યારે મારે (અંતરાય) કનુભાઈ કરતા સુપ્રીમ કોર્ટના જજનું ઘણું મોટું મહત્ત્વ છે. તમને તો અત્યારે એ જ ગમશે.

**અધ્યક્ષશ્રી** : નીતિનભાઈ, આપ મારી સામે જોઈને જવાબ આપો. પ્લીઝ.. ..

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : સાહેબ મને આ લોકો ઉશ્કેરે છે.

**અધ્યક્ષશ્રી** : આપ એ બાજુ ધ્યાન ના આપો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમે જે ઉદાર નીતિ કરી, એના કારણે જ આપણે જવાબમાં જોયું લગભગ ૧૫હજાર હેકટર જમીન સરકારની આ નીતિના કારણે ખેડૂતો (અંતરાય) સાહેબ સામે પગલે જમીન ખેડૂતોએ આપી, કેમ્પો કરી કરીને આપી, વગર વળતરે સામેથી કબજા આપ્યા અને ખેડૂતોએ કીધું તમે કામ ચાલુ કરો, આ સરકારમાં અમને વિશ્વાસ છે, તમે કીધેલા પૈસા અમને પૂરેપૂરા મળી જશે, આ સુરેન્દ્રનગરના, બનાસકાંઠાના પાટણના, મહેસાણાના, કચ્છ સુધીના ખેડૂતો અમદાવાદ, જેને જેને જમીન આપવાની હતી બધા જ ખેડૂતોએ આ જમીન સંપાદનમાં સહકાર આપ્યો છે અને કામ ખૂબ ઝડપથી પ્રગતિ હેઠળ છે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે સિંચાઈ વિભાગના જે ટેન્ડરો અત્યારે કામગીરીમાં છે એ કામગીરી પૂર્ણ થશે તો કેટલા હેકટરને સિંચાઈનો લાભ મળી શકશે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે અંદાજે લગભગ ૭હજાર કરોડ રૂપિયાના કામો વિવિધ તબક્કામાં, ૭હજાર કરોડ રૂપિયાના કામો વિવિધ તબક્કામાં નર્મદાની કેનાલો માટે પ્રોગ્રેસમાં છે, ક્યાંક કામ ચાલી રહ્યા છે, ક્યાંક વર્કઓર્ડર અપાઈ ગયા છે, ક્યાંક ટેન્ડર પ્રગતિમાં છે અને એ બધું જ ઉમેરવાથી અને આ જે જમીન માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી મફતભાઈએ જે પ્રશ્ન પૂછયો એ જમીનમાં જે કામો ચાલુ કર્યા છે, લગભગ ૧૫હજાર હેકટરમાં એના કારણે જે નવી કેનાલો બનશે એનાથી ૬ લાખ હેકટરમાં અંદાજે નવી સિંચાઈ વ્યવસ્થા આપણે પૂર્ણ કરીશું એટલે ૧૫હજાર હેકટર જમીનમાં ૬ થી ૭ હજાર કરોડ રૂપિયાના કામો ચાલે છે. એ કામો પૂર્ણ થતા લગભગ ૬ લાખ હેકટર જમીનને આપણે નર્મદાનું પાણી આપી શકીશું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજના એ સમગ્ર ગુજરાતની જીવાદોરી છે. આ વિભાગના મંત્રી તરીકે મેં પણ જવાબો આપ્યા છે. કૅબિનૅટમાં મુખ્યમંત્રીશ્રી સૂચના આપતા કે રાજકારણથી ઉપર ઊઠીને, પક્ષાપક્ષીથી પર રહીને, યશ-અપયશમાં પડ્યા વગર નર્મદા યોજના સંદર્ભમાં આ ગૃહમાં એકતાના દર્શન થયા છે. મારે દુ:ખ સાથે કહેવું જોઈએ અને પ્રશ્ન પણ માનનીય મંત્રીશ્રીને મારે પૂછવો છે કે ગુજરાતના હિતમાં નર્મદા યોજના માટે રાજકારણથી પર આપણે નથી ઉઠાવ્યો? અહીં વાત થઈ છે ત્યારે હું બે બાબતો જાણવા માગું છું. કોઈ રાજકીય અવલોકનમાં એ પડ્યા એમ પડી શકું કે સુપ્રીમ કોર્ટે કોને, શું, કેમ અને ક્યારે કહ્યું હતું પણ મારે એમાં પડવું નથી. એમાં પડીએ તો ઘણો બધો ચચળાટ થાય. (અંતરાય) એમણે સુપ્રીમ કોર્ટનું કહ્યું હતું એટલે કહું છું. (અંતરાય) જમીન સંપાદન માટે અને શાસન માટે કહ્યું હતું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આપ બેસી જાઓ, શક્તિસિંહભાઈ બોલે છે. આપ બોલો (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હાઉસ ઑર્ડરમાં ન રહે એવું આ વખતે બને છે. હાઉસ ઑર્ડરમાં આવે તો હું બોલું. માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા ડૅમની ઉપર પાંચ ડૅમો વીજળી પેદા કરે છે. વીજળી પેદા કરતાં હોવાના કારણે ફરજિયાત પાણી છોડવું પડે છે અને છોડેલ પાણી આપણા નર્મદા ડૅમમાં આવે છે. આપણી અત્યારની કેનાલમાં પાણી ડાયવર્ટ કરી શકીએ એમ છીએ. આપણા હિસ્સાનું પાણી હાઈટ કે ઊંચાઈ પણ ન વધે, એક્સપર્ટોના ઓપિનિયન લઈ લેજો, વીજળી ઉત્પન્ન થાય છે અને પાણી છોડે છે એ આપણે ત્યાં આવે છે અને આપણી જરૂરિયાતનું મહત્તમ પાણી આજે પ્રાપ્ત થાય છે. હવે જ્યારે પાણી ઉપલબ્ધ છે અને પાણી કેનાલમાં ડાયવર્ટ થાય છે ત્યારે આપનું પ્લાનીંગ કેવું છે કે કેટલા સમય સુધીમાં બાકી રહેતી કેનાલ, ક્યાંક અટકતું હોય તો આપ કહેજો, કેન્દ્રમાંથી મદદ માટેની વાત હોય તો સાથે જઈશું અને ભૂતકાળમાં ગયા છીએ. સરકારોના પોલિટિકલ ઓબ્ઝર્વેશનમાં પડીએ તો અહીંથી ચૂંટાયેલી વ્યક્તિ નાયબ વડાપ્રધાન હતી, આપની સરકાર ૯ વર્ષ રહી ત્યારે બધી

મંજૂરીઓ લઈ આવવી હતી ને? (અંતરાય) મંત્રીશ્રી બેઠા બેઠા કહે છે, કેન્દ્ર સરકારની વાત કરે છે એટલે કહું છું. (અંતરાય) નર્મદાની હાઈટની વાત છે, નીતિનભાઈની હાઈટની નહીં. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શક્તિસિંહભાઈ, આપ પ્રશ્ન ઉપર આવો. આ પ્રશ્નમાં લગભગ ૧૫ મિનિટ થઈ ગઈ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : નર્મદાનો પ્રશ્ન છે એટલે જ મારો પ્રશ્ન એટલો છે કે આ કેનાલ આપ ક્યાં સુધીમાં સમયબદ્ધ કાર્યક્રમમાં પરિપૂર્ણ કરવા માગો છો અને જેની જમીન સંપાદન થતી હોય એને નવી જંત્રી પ્રમાણે પૈસા આપવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય શક્તિસિંહભાઈના છેલ્લા પ્રશ્નનો જવાબ પહેલા આપું કે અમે નવી જંત્રી પ્રમાણે ચૂકવણી કરીશું એવો નિર્ણય માનનીય મુખ્યમંત્રીશ્રીએ લગભગ એક વર્ષ પહેલા લીધો અને મને જણાવતા આનંદ થાય છે કે જે એવોર્ડ પ્રમાણે, સંપાદન પ્રમાણે જે રકમ થતી હોય એના કરતાં ૭૦૦ કરોડ રૂપિયા ગુજરાતના ખેડૂતોને આ સરકારે વધારે નવી જંત્રી પ્રમાણેના આપ્યા છે. એટલે અમલ થઈ ચૂક્યો છે. તમે પૂછ્યું છે કે આપવા માગો છો કે કેમ? અમે કહીએ છીએ કે અમલ થઈ ચૂક્યો છે અને ૭૦૦ કરોડ વધારો આપી પણ દીધા અને ૧૫ હજાર હેક્ટર જમીન માનનીય આનંદીબેન પટેલની અધ્યક્ષતાવાળી કમિટીએ લઈ લીધી અને ખેડૂતોએ ઉત્સાહપૂર્વક જમીન આપી છે. બીજો પ્રશ્ન કર્યો કે નર્મદા રાજકીય પ્રશ્ન નથી. અમે કાયમ મદદ કરી છે. ભૂતકાળમાં વાત સાચી હતી પણ છેલ્લા બે વર્ષથી જે ચાલું થયું છે અને અહીંયા બોલવાનું જુદું અને બહાર પડદા પાછળ કરવાનું જુદું. એ આખી ગુજરાતની પ્રજા જાણે છે સાહેબ કે અહીંયા મીઠું મીઠું બોલવાનું અને પછી પાછળથી જે કહેવત છે એ બધા જાણે છે એ કહેવત મારે નથી કહેવી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે શકિતસિંહજીને યાદ કરાવવું છે અશ્વિનભાઈ કોટવાલના પ્રશ્નમાં આપે કહ્યું હતું એવું સરસ રીતે કહેલું મને પણ આનંદ થયેલો કે તમે વનવિભાગની જમીન માટે કેન્દ્રની મંજૂરી નથી મળતી., સાત વર્ષ થયા તમે મને પત્ર લખો એજ દિવસે સાંજે ૬-૦૦ વાગે વિધાનસભા ગૃહ પત્યાં પછી મેં એમને પત્ર મોકલી દીધો. એમણે કોઈને પત્ર પણ લખ્યો છે એની નકલ મોકલી છે. આજે ૬ મહિના થયા કેન્દ્ર સરકારમાંથી એ પત્રનું એકનોલેજમેન્ટ પણ નથી આવ્યું. JNURM ની વાત કરતા હતા કે ગાંધીનગરને JNURM માં લઈ લઈએ. બધા ઉત્સાહપૂર્વક ગયા. બધા પાછા આવ્યા. આખું ગુજરાત જાણે છે ત્યાં એમનું કાંઈ ચાલતું નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ પ્રશ્ન ઉપર જવાબ આપો તો સારું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : સાહેબ, એમને મારો જવાબ એટલો જ છે, હું કહું મદદ કરવી છેને (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ ફકત પ્રશ્ન પૂરતો જવાબ આપો. પ્લીઝ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : હું ખૂબ સુંદર વાત કરું, બધાને આનંદ થશે. નર્મદામાં જે કેનાલો બનેલી છે એમાં ભારત સરકાર આખા દેશમાં જે રીતે બધાને ગ્રાન્ટો આપે છે એ પ્રમાણે આપણને પણ આપે છે પણ એમાં એક મોટી વિસંગતતા છે. વિસંગતતા એવી છે કે જે નોર્મલ જિલ્લાઓ છે, જે સારો વરસાદ ધરાવે છે એની કેનાલ બનાવવી હોય તો ભારત સરકાર ૨૫% ગ્રાન્ટ આપે છે. પછી જે દુષ્કાળગ્રસ્ત વિસ્તાર છે જેમાં સુરેન્દ્રનગર વિસ્તારો વગેરે આવી જાય છે ત્યાં આગળ ૯૦% અમુક જિલ્લાઓમાં એની ગ્રાન્ટ આપે છે પણ રણ વિસ્તાર જે છે સાહેબ એની હું આપને માહિતી આપું એ ઈન્ટરેસ્ટીંગ ને બધાને ઉપયોગી થાય એવી અને આખા રાજ્યને ફાયદો થાય એવી આ યોજનાની આ અમારી વાત છે. આપણા જે જિલ્લાઓ છે કચ્છ, સુરેન્દ્રનગર, (અંતરાય) ભાઈ, હમણાં શકિતસિંહભાઈ કહેતા હતા કે બહુ અગત્યનો પ્રશ્ન છે. એટલે હું મદદ માગું છું. હું ગુજરાત વિધાનસભાના માધ્યમનો ઉપયોગ કરીને તમારી મદદ માગુ છું. (અંતરાય) તમે મદદ આપવા તૈયાર છો, હું મદદ માગવા તૈયાર છું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહભાઈ પ્લીઝ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : હું ગુજરાત વિધાનસભાના આ સન્માનનીય ગૃહનો ઉપયોગ કરું છું, રેકર્ડ ઉપર ઉપયોગ કરું છું.

**અધ્યક્ષશ્રી** : આપ ટૂંકમાં જવાબ આપો પ્લીઝ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : આમાં અવું છે કે DPAP વિસ્તાર, દુષ્કાળ, અછતગ્રસ્ત વિસ્તાર એમાં આપણને જે કેનાલો બનાવવા ભારત સરકાર જે ગ્રાન્ટ આપે છે એ ૯૦% ગ્રાન્ટ આપે છે અને જે રણગ્રસ્ત વિસ્તાર છે, જ્યાં રણો આવેલા છે ત્યાં કમનસીબે ગમે તે કારણોસર ભારત સરકારનું ધોરણ ૨૫% આવી જાય છે. માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ભારત સરકારને વારંવાર માગણી કરી છે, વડાપ્રધાનશ્રીને પણ વિનંતી કરી છે કે કચ્છ, બનાસકાંઠા, સુરેન્દ્રનગર અને રાજકોટ. આ જિલ્લાઓ કાયમી એવા છે માટે એમાં તમે ૯૦% ગ્રાન્ટ આપો. મારી શકિતસિંહભાઈને અને કોંગ્રેસના બધા ધારાસભ્યોને વિનંતી છે કે આપ ટાઈમ લઈ લો હું તમારી સાથે આવવા તૈયાર છું અને આપણને તમે ૯૦% ગ્રાન્ટ અપાવરાવો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહભાઈ આપ બેસો. પ્રશ્ન ક્રમાંક-૩.

## પાટણ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોને સારવાર

*** ૨૩૨૨૭ શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)** : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-

(૧) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ પાટણ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકોને કયા કયા રોગો માટે સારવાર આપવમાં આવી છે, અને

(૨) તે પૈકી કેટલા બાળકોને રેફરલ સારવાર અને તજજ્ઞ સારવાર આપવામાં આવી?

**આરોગ્ય મંત્રીશ્રી** :

(૧) તા.૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર રોગો માટે બાળકોને આપવમાં આવેલ સારવારનું પત્રક-અ આ સાથે સામેલ છે.

(૨) તે પૈક તા.૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ બાળકોને તજજ્ઞ ડોકટરો દ્વારા આપવામાં આવેલ સારવારનું પત્રક-બ આ સાથે સામેલ છે.

પત્રક-અ

| વર્ષ | તાલુકાનું નામ | પાંડુરોગ | આંત્રકૃમિ | દાંતની તકલીફ | આંખની તકલીફ | નાક-ગળાની તકલીફ | પેટની તકલીફ | ચામડીના રોગ | શ્વસનતંત્રના રોગ | ચેતાતંત્રના રોગ | અસ્થિતંત્રના રોગ | વિકલાંગતા | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૯-૧૦ | પાટણ | ૩૫૧૪ | ૩૨૭૧ | ૬૬૦ | ૧૫૬૩ | ૯૩૫ | ૩૦૭ | ૧૦૨૧ | ૧૯૯૨ | ૧૦ | ૩૯ | ૬૦ | ૧૦૦૯ | ૧૪૩૮૧ |
| | સિધ્ધપુર | ૧૦૦૪ | ૪૪૦ | ૪૭ | ૬૯૭ | ૧૭૪ | ૧૦૧ | ૧૬૩ | ૧૪ | ૨ | ૨ | ૩૯ | ૫૩૬ | ૩૨૧૯ |
| | ચાણસ્મા | ૧૧૮૮ | ૭૦૩ | ૧૬૫ | ૬૯૫ | ૧૬૯ | ૪૧ | ૩૩૩ | ૭૬ | ૦ | ૧૦ | ૮ | ૭૫૮ | ૪૧૪૬ |
| | હારીજ | ૧૨૩૧ | ૭૭૮ | ૩૦ | ૫૯૨ | ૧૦૨ | ૨૫ | ૨૬૭ | ૧૩ | ૩ | ૧ | ૧૬ | ૨૦૭ | ૩૨૬૫ |
| | સમી | ૧૦૪૭ | ૮૯૯ | ૧૧૫ | ૫૬૧ | ૩૬૬ | ૧૩૨ | ૬૬૯ | ૧૯૪ | ૧૮ | ૪ | ૩૩ | ૪૧૪ | ૪૪૫૨ |
| | રાધનપુર | ૭૮૪ | ૯૧૪ | ૨૩૪ | ૧૦૪૧ | ૨૭૬ | ૧૧૬ | ૨૧૬ | ૧૩૮ | ૨ | ૩ | ૫૮ | ૧૫૯૪ | ૫૩૭૬ |
| | સાંતલપુર | ૮૮૬ | ૪૯૮ | ૨૬૬ | ૪૩૨ | ૨૬૦ | ૨૩ | ૨૬૦ | ૨૨૬ | ૨ | ૧ | ૫૩ | ૬૧૧ | ૩૫૧૮ |
| | કુલ | ૯૬૫૪ | ૭૫૦૩ | ૧૫૧૭ | ૫૫૮૧ | ૨૨૮૨ | ૭૪૫ | ૨૯૨૯ | ૨૬૫૩ | ૩૭ | ૬૦ | ૨૬૭ | ૫૧૨૯ | ૩૮૩૫૭ |
| વર્ષ ૨૦૧૦-૧૧ તા. ૩૧-૩-૧૧ અંતિત | પાટણ | ૩૨૦૨ | ૧૭૫૬ | ૧૨૨૫ | ૧૩૬૭ | ૧૦૬૮ | ૩૫૫ | ૯૯૨ | ૮૫૪ | ૧૪ | ૧૫ | ૧૧૩ | ૧૪૯૮ | ૧૨૪૫૯ |
| | સિધ્ધપુર | ૧૬૧૬ | ૧૩૦૭ | ૫૭૫ | ૧૪૩૯ | ૫૦૦ | ૩૩૨ | ૨૭૮ | ૭૬ | ૧૬ | ૧૨ | ૭૨ | ૧૦૯૭ | ૭૩૨૦ |
| | ચાણસ્મા | ૮૯૭ | ૫૦૭ | ૪૩૨ | ૧૦૭૦ | ૪૨૮ | ૨૪૩ | ૨૭૦ | ૧૧૦ | ૬ | ૧૫ | ૩૨ | ૬૫૯ | ૪૬૬૯ |
| | હારીજ | ૭૭૬ | ૫૮૩ | ૨૪૮ | ૪૧૩ | ૨૬૭ | ૧૬૬ | ૨૨૬ | ૮૪ | ૬ | ૭ | ૨૩ | ૮૦૮ | ૩૬૦૭ |
| | સમી | ૧૨૦૭ | ૯૮૯ | ૩૯૨ | ૯૪૦ | ૪૭૭ | ૨૩૩ | ૬૧૨ | ૧૮૧ | ૩૪ | ૧૩ | ૧૩ | ૭૮૦ | ૫૮૭૧ |
| | રાધનપુર | ૮૩૪ | ૭૨૩ | ૪૩૮ | ૧૪૧૩ | ૫૫૩ | ૨૧૧ | ૩૬૪ | ૧૪૩ | ૨ | ૩૨ | ૪૪ | ૧૦૮૭ | ૫૮૪૪ |
| | સાંતલપુર | ૫૬૧ | ૩૦૫ | ૧૫૭ | ૩૯૫ | ૨૦૦ | ૪૩ | ૧૮૬ | ૬૬ | ૫ | ૫ | ૬૨ | ૫૨૧ | ૨૫૦૬ |
| | કુલ | ૯૦૯૩ | ૬૧૭૦ | ૩૪૬૭ | ૭૦૩૭ | ૩૪૯૩ | ૧૫૮૩ | ૨૯૨૮ | ૧૫૧૪ | ૮૩ | ૯૯ | ૩૫૯ | ૬૪૫૦ | ૪૨૨૭૬ |

પત્રક-બ

| વર્ષ | તાલુકાનું નામ | સંદર્ભ સેવાપાત્ર બાળકો | સંદર્ભ સેવા આપેલ બાળકો | બાળરોગ નિષ્ણાત દ્વારા | આંખ રોગ નિષ્ણાત દ્વારા | દાંત રોગ નિષ્ણાત દ્વારા | ચામડીના રોગના નિષ્ણાત દ્વારા | કાન, નાક, ગળાના નિષ્ણાત દ્વારા | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૯-૧૦ | પાટણ | ૧૨૯૯ | ૧૨૯૯ | ૨૧૬ | ૯૮૭ | ૨૬ | ૨૨ | ૪૮ | ૦ | ૧૨૯૯ |
| | સિધ્ધપુર | ૬૦૬ | ૬૦૬ | ૭૮ | ૫૦૯ | ૩ | ૭ | ૯ | ૦ | ૬૦૬ |
| | ચાણસ્મા | ૭૮૬ | ૭૮૬ | ૭૩ | ૬૬૨ | ૬ | ૧૮ | ૨૭ | ૦ | ૭૮૬ |
| | હારીજ | ૫૪૩ | ૫૪૩ | ૧૦૭ | ૩૭૮ | ૧૩ | ૧૯ | ૨૬ | ૦ | ૫૪૩ |
| | સમી | ૫૧૫ | ૫૧૫ | ૫૬ | ૪૩૮ | ૧ | ૮ | ૧૨ | ૦ | ૫૧૫ |
| | રાધનપુર | ૧૦૬૬ | ૧૦૬૬ | ૪૧ | ૮૫૧ | ૩૪ | ૨૩ | ૧૧૭ | ૦ | ૧૦૬૬ |
| | સાંતલપુર | ૨૨૪ | ૨૨૪ | ૪૫ | ૧૪૨ | ૯ | ૯ | ૧૯ | ૦ | ૨૨૪ |
| | કુલ | ૫૦૩૯ | ૫૦૩૯ | ૬૧૬ | ૩૯૬૭ | ૯૨ | ૧૦૬ | ૨૫૮ | ૦ | ૫૦૩૯ |
| ૧ તા. ૩ | પાટણ | ૧૫૫૭ | ૧૫૫૭ | ૩૩૧ | ૯૦૪ | ૧૩૩ | ૮૦ | ૮૦ | ૨૯ | ૧૫૫૭ |
| | સિધ્ધપુર | ૧૫૭૬ | ૧૫૭૬ | ૧૯૪ | ૯૯૩ | ૧૭૭ | ૩૫ | ૮૫ | ૯૨ | ૧૫૭૬ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | **ચાણસ્મા** | ૯૯૪ | ૯૯૪ | ૫૪ | ૮૬૯ | ૬ | ૮ | ૨૦ | ૩૭ | ૯૯૪ |
| | **હારીજ** | ૪૧૨ | ૪૧૨ | ૩૩ | ૩૨૭ | ૨૩ | ૧૮ | ૧૧ | ૦ | ૪૧૨ |
| | **સમી** | ૧૦૫૪ | ૧૦૫૪ | ૧૩૭ | ૮૪૩ | ૩૫ | ૩૦ | ૯ | ૦ | ૧૦૫૪ |
| | **રાધનપુર** | ૧૮૭૧ | ૧૮૭૧ | ૭૭ | ૧૧૪૧ | ૧૮૫ | ૧૪૫ | ૨૪૫ | ૭૮ | ૧૮૭૧ |
| | **સાંતલપુર** | ૪૬૧ | ૪૬૧ | ૮૬ | ૩૫૧ | ૫ | ૪ | ૧૨ | ૩ | ૪૬૧ |
| | **કુલ** | ૭૯૨૫ | ૭૯૨૫ | ૯૧૨ | ૫૪૨૮ | ૫૬૪ | ૩૨૦ | ૪૬૨ | ૨૩૯ | ૭૯૨૫ |

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે નાનકડું બાળક ગરીબ પરિવારનું હોય અને તેને કોઈ અસાધ્ય રોગની બિમારી હોય તો મા-બાપને જાણકારી ના હોય અને એ વખતે શાળામાં ભણતો હોય તો શાળાની અંદર બાળકને તપાસણી કર્યા પછી કોઈ કિડનનીની બિમારી હોય, કેન્સર કે હાર્ટની તકલીફ હોય ત્યારે આવા સમયમાં પરિવારના કોઈ દીકરા કે દીકરીને (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર પ્લીઝ

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : ભાઈ, એ વખતે એને સારવાર આપવા માટેના ધારાધોરણો શું છે? એક અને બે શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત આ ચાલુ વર્ષથી કેટલાક ફેરફારો કરવામાં આવ્યા છે તે ફેરફારો શું છે? અને ત્રીજું, મફત સારવાર શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત આપવા માટેનો રાજ્ય સરકારે જે નિર્ણય કર્યો છે એ નિર્ણય શું છે? એની જાણકારી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ત્રણ પ્રશ્નો પૂછ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષથી શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ માત્ર જે તે દિવસ પૂરતો મર્યાદિત નહીં રહેતાં એ સમગ્રતયા ગ્રામ્ય અને સામાજીક ઝૂંબેશ બને એ માટેનું આખું પરિવર્તન કરવામાં આવ્યું છે. આ મુજબ પાંચ દિવસ આરોગ્ય સપ્તાહ કાર્યક્રમ અંતર્ગત આવરી લેવામાં આવે છે. પ્રથમ દિવસે ગામ અને શાળાની સફાઈ, પાણીના સ્ત્રોત અને ગટરો વગેરેની સફાઈ વગેરે કરવામાં આવે છે. બીજા દિવસે બાળકોની બેઝીક આરોગ્ય તપાસણી કરવામાં આવે છે. ત્રીજા દિવસે પોષણયુક્ત આહાર પ્રદર્શન, વાનગી હરીફાઈ વગેરે, તંદુરસ્ત સગર્ભા હરીફાઇ, તંદુરસ્ત બાળ સ્પર્ધા વગેરે કરવામાં આવે છે અને એની સાથોસાથ કારણ કે, આપણા સમાજમાં બાળકોના ઉછેરમાં દાદા-દાદીનું પ્રદાન અને ડોશીમાનું વૈદુ એ આપણે ત્યાં ઘણી પ્રચલિત બાબતો છે એટલે દાદા-દાદી પણ આ સમગ્ર પ્રયાસ સાથે સંકળાય એ માટે દાદા-દાદી સાથે પણ મિટીંગ કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, ચોથા દિવસે તબીબી અધિકારીશ્રી ધ્વારા બાળકોના સંપૂર્ણ આરોગ્ય ચકાસણી સાથે વાલી મિટીંગ યોજવામાં આવે છે જેથી માનનીય શ્રી શંકરભાઈએ જે વાત કરી કે, કોઈ બાળક રોગગ્રસ્ત હોય અથવા એવી કોઈ બીમારી હોય તો બાળકના વાલી સાથે સીધી ચર્ચા થઈ શકે અને પાંચમા અને અંતિમ દિવસે આરોગ્યલક્ષી સંદેશા આપતા નાટકો, ગીતોની સાથે સાથે આરોગ્ય સપ્તાહમાં યોજાયેલ હરીફાઇમાં પ્રથમ ત્રણ વિજેતાઓને પ્રોત્સાહક ઇનામો આપવામાં આવે છે. આમ સમગ્રતયા આ કાર્યક્રમને એક સામાજીક ઝુંબેશનું રૂપ આપીને આરોગ્ય પ્રદર્શન સાથે આ કાર્યક્રમ યોજવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ધારા ધોરણો અંગે પૂછ્યું, તો શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત નવજાત શિશુથી ૬ વર્ષ સુધીના આંગણવાડીના બાળકો, શાળાએ જતા- ન જતા ૧૪ વર્ષ સુધીના બાળકો, પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ માટે સરકારશ્રીની આ યોજના હેઠળ વિના મૂલ્યે એ લોકોને સારવાર માટે આવરી લેવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે, લગભગ ગુજરાતની ૨૫ ટકા જનસંખ્યાની ચકાસણી આ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ થાય છે અને એમાં કોઈ પણ પ્રકારના આવકના ધોરણોની મર્યાદા વગર શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ કિડની, હૃદય કે કૅન્સરની બીમારીમાં વિનામૂલ્યે સારવાર આપવામાં આવે છે એટલે એમાં આવકના ધોરણો પણ માત્ર જો બી.પી.એલ. પૂરતા જો રાજય બહાર મોકલવાનું હોય તો જ લાગુ પડે છે, બાકી લાગુ પડતું નથી. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછ્યું કે કયા કિસ્સામાં આ સારવાર હેઠળ નથી આવરી લેવામાં આવ્યા? તો ત્રણ કિસ્સાઓ આ સારવાર હેઠળ નથી આવરી લેવામાં આવ્યા એમાં બોનમેરો ટ્રાન્પ્લાન્ટેશન, કોકલીયર ઈમ્પ્લાન્ટ, અને ગ્રોથ હોર્મોન ઇન્જૅકશન કારણ કે, આ લાંબો સમય ચાલતી સારવાર છે. એક જ દર્દી પાછળ ખૂબ જ લાંબો ખર્ચ કરવો પડે છે અને એના કારણે ખૂબ થોડાંક વ્યકિતઓ માટે ખૂબ મોટું બજૅટ વપરાવાનું થાય એ કારણોસર આ ત્રણ રોગોના કિસ્સાઓમાં એને આ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવ્યા નથી.

**શ્રી રજનીકાંત સો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ જે શાળાના બાળકોના આરોગ્યની ચકાસણી થાય ત્યારે અમુક બાળકો જન્મથી જ એને સાંભળવાની અથવા તો કાનની ઇન્દ્રિય છે એ સંપૂર્ણપણે હોતી નથી અને એના કારણે આ બાળક છે એ સાંભળી શકતું નથી એની સાથે એ બોલી

પણ શકતું નથી પરંતુ એની સારવાર અત્યારે ઉપલબ્ધ થઈ છે કે એને જો મશીન લગાવવામાં આવે છે તો એ સાંભળી શકે છે એની સાથે એ બોલતા પણ શીખી શકે જેથી કાયમી જે એને અપંગતા જીભની અને કાનની એ બંનેની રહી જાય છે એ બંને નિવારી શકાય પરંતુ આ શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમમાં એની જોગવાઈ થયેલી નથી, બીજા રાજયોમાં આ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે મારી વિનંતી પણ છે અને માનનીય મંત્રીશ્રીને કે આ બાબતમાં બહું ઝાઝો ખર્ચ નહીં થતો હોઈ આપ એ બાબતમાં નિર્ણય લો એવી વિનંતી છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો તે ખૂબ જ વ્યાજબી છે. એમની વાત સાથે હું એમના હાર્દ સાથે હું સંમત થયા વગર ચાલી શકે તેમ નથી. મે અગાઉ કહ્યું કોક્લિયર ઈમ્પ્લાન્ટની માનનીય સભ્યશ્રીએ વાત કરી. કોક્લિયર ઈમ્પ્લાન્ટના ઑપરેશન કરીને બેસાડવાની સમગ્ર પ્રક્રિયા લગભગ ૭ થી ૮ લાખ રૂપિયાનો ખર્ચ કેસ દીઠ આવતો હોય છે. અને આ ઑપરેશન કરવાની વ્યવસ્થા આપણા અત્યારના કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવેલ નથી તે વાત સાચી છે, પણ અન્ય રાજયમાં આ પ્રકારની વ્યવસ્થા પ્રવર્તમાન હોય તો તેના ધારા ધોરણ વિષે સભ્યશ્રી અને હું પણ એનો પ્રયત્ન કરીને મેળવવાનો પ્રયત્ન કરીશ, પણ સભ્યશ્રી પાસે જો ઉપલબ્ધ હોય તેઓશ્રીએ કહ્યું છે કે અન્ય રાજયમાં વ્યવસ્થા છે તો આ માહિતી તેઓશ્રી પાસે ઉપલબ્ધ હોય તો તેમનું સૂચન છે. તો અમારી ખુલ્લા દિલથી ચકાસવાની અમારી તૈયારી છે.

## અમદાવાદ જિલ્લામાં મંજૂર થયેલ આંગણવાડીઓ

***૨૩૨૪૬ શ્રી કમાભાઈ ગ. રાઠોડ(વિરમગામ)** : **માનનીય મહિલા અને બાળકલ્યાણમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૦-૬-૨૦૧૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં મંજૂર થયેલ તાલુકાવાર આંગણવાડીઓ કેટલી છે?

(૨) તે પૈકી કેટલી આંગણવાડીઓ પોતાના મકાનમાં બેસે છે અને

(૩) કેટલી આંગણવાડીઓ ભાડાના મકાનમાં બેસે છે?

**મહિલા અને બાળકલ્યાણમંત્રીશ્રી :**

(૧) તા.૩૦-૬-૨૦૧૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં મંજૂર થયેલ તાલુકાવાર આંગણવાડીઓ નીચે મુજબ છે :

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર થયેલ આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૧૩૫ |
| ૨ | દશક્રોઈ | ૧૮૯ |
| ૩ | ધોળકા | ૨૭૨ |
| ૪ | ધંધુકા | ૧૫૯ |
| ૫ | બરવાળા | ૬૦ |
| ૬ | રાણપુર | ૬૯ |
| ૭ | બાવળા | ૧૬૨ |
| ૮ | સાણંદ | ૧૯૩ |
| ૯ | વિરમગામ | ૧૮૫ |
| ૧૦ | દેત્રોજ | ૧૧૭ |
| ૧૧ | માંડલ | ૯૮ |
| | **કુલ :** | **૩૬૩૯** |

(૨) ૯૦૭

(૩) ૨૩૯૯.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતના ૧૮૦૦૦ ગામડા અને ૫૭૦૦ જેટલા પેટાપરાની અંદર આંગણવાડી કેન્દ્ર દ્વારા સગર્ભા માતાને સુખડી, ધાત્રી માતાને પોષણયુકત આહાર અને કિશોરી બહેનોને આહાર અને બાળકોને પ્રોટિનયુકત આહાર આપવામાં આવે છે, તે બદલ આ રાજયના મુખ્યમંત્રીશ્રી અને મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રીને લાખ લાખ નહિ, પણ કરોડ કરોડ અભિનંદન આપું છું.

**અધ્યક્ષશ્રી** : કમાભાઈ સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : તા. ૩૦-૯-૧૧ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં મંજૂર થયેલ તાલુકાવાર આંગણવાડીની સંખ્યા કેટલી છે અને તે પૈકી કેટલી આંગણવાડી પોતાના મકાનમાં બેસે છે? કેટલી આંગણવાડી ભાડાના મકાનમાં બેસે છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જવાબ આપેલ છે. આપની પરમીશન હોય તો ફરીથી વાંચી જાઉં.

**અધ્યક્ષશ્રી** : જવાબ આવી ગયો છે.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમદાવાદ જિલ્લામાં રાજય સરકારના ફંડમાંથી અથવા અન્ય ફંડમાંથી આંગણવાડીઓનું બાંધકામ થયેલ હોય તો તેની વિગતો આપશો?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : આંગણવાડીઓના મકાન અને રાજય સરકારના બજેટમાંથી બનાવવામાં આવે છે. અમદાવાદ શહેર અને અમદાવાદ જિલ્લામાં એમાં અત્યાર સુધીમાં ૯૦૭ આંગણવાડીઓના મકાન તૈયાર કર્યા છે અને ચાલુ વર્ષના બજેટમાં ૨૦૧૧-૧૨ માં ૬૭ લાખ રૂપિયા ખર્ચીને ૧૭ આંગણવાડીઓ હમણા મંજૂર કરી છે. ૨૦૧૦-૧૧ માં ૧૮૪ આંગણવાડીઓ મંજૂર કરી હતી. ૧૦ કરોડ રૂપિયા અમદાવાદ જિલ્લાને આપવામાં આવ્યા છે. એનું કામકાન અત્યારે ચાલુ છે. જ્યાં કોર્પોરેશનનો પ્રશ્ન છે, ત્યાં સુધી કોર્પોરેશનને આ વર્ષે એમના પોતાના બજેટની અંદર આંગણવાડીના મકાનો બાંધવા માટે ૪૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે, તેમાંથી ૮૦ જેટલી આંગણવાડીઓનું કામ પૂરું કર્યુ છે. બાકીની આંગણવાડીનું કામ આ વર્ષના અંત સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ આંગણવાડીના બાંધકામમાં કેન્દ્ર સરકાર કેટલા રૂપિયા આપે છે અને બીજું આ આંગણવાડીની સુવિધા માટે સારા મકાન માટે કોઈ વિચાર કરેલ છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : કેન્દ્ર સરકાર કોઈ ગ્રાન્ટ આંગણવાડીના મકાન બાંધવા માટે આપતી નથી. માત્રને માત્ર રાજય સરકારના બજેટમાંથી દર વર્ષે ૧૦૦ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવે છે. કોર્પોરેશન પોતાની રીતે પોતાના બજેટમાંથી ફાળવે છે. એમ.પી., એમ.એલ.એ. પોતાના ફંડમાંથી આપે છે. એ ઉપરાંત આયોજનમાંથી આંગણવાડીના મકાનો બાંધવા માટે આપવામાં આવે છે. એ ઉપરાંત સમાજના આગેવાનો, ગામના આગેવાનો અને.આર.આઈ. મકાન બાંધવા માટે મદદ કરતા હોય છે. એ રીતે અત્યાર સુધીમાં અનેક આંગણવાડીના મકાનો પૂરા કર્યા છે. આમાં માત્ર ચાર દીવાલો નહિ, ટોયલેટની સુવિધા, પીવાના પાણીની સુવિધા, કિચન ગાર્ડનની સુવિધા કિચનની અંદર ગેસ, સગડી રાજય સરકારે આપી છે. જેથી કરીને રાજયના લાખો બાળકો છે, ગરીબના બાળકો છે તેમને રસોઈ કરવા માટે અને લાકડાં અને એ બધું વાપરતા હતા તેના કારણે આંખો ન બગડે એટલા માટે આ વર્ષે લગભગ ૪૦ કરોડ રૂપિયાનો જંગી ખર્ચ કરીને રાજયની ૫૦ હજાર જેટલી આંગણવાડીઓમાં ગેસ, કુકર અને બે સગડીઓ આપી દેવામાં આવી છે.

## જેતપુર પાવી તાલુકામાં ઉચ્છ નદી પરના પુલ બાબત

***૨૩૪૮૪ શ્રીમોહનસિંહ છો. રાઠવા(જેતપુર-પાવી)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લાના જેતપુર તાલુકામાં ચલામણી જબુગામ રોડ ઉપર નાના અપાદ્રા(છ) ગામે ઉચ્છ નદી ઉપર પુલ બનાવવાનું કામ બજેટમાં કયારે મૂકાયેલ છે,

(૨) જો હા, તો આ પુલ બનાવવા માટે કેટલો ખર્ચ થશે,

(૩) તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ આ પુલ બનાવવાનું કામ કયા તબકકામાં છે, અને

(૪) કામ કયારે શરૂ કરી કયારે પૂરું થશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) વર્ષ ૧૯૯૦-૯૧થી મૂકાયેલ છે.

(૨) અંદાજે રૂા.૪૫૭.૭૮ લાખનો.

(૩) આ પુલના વિગતવાર નકશા અંદાજો તૈયાર થઈ ગયેલ છે, જયારે પુલના એપ્રોચના નકશા અંદાજો બનાવવાની કામગીરી પ્રગતિમાં છે.

(૪) આ કામની વહીવટી મંજુરી તથા આનુષાંગિક પ્રક્રિયા પૂર્ણ કરી બનતી ત્વરાએ હાથ ધરી પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ જાણવું છે કે, ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ જબુગામથી ચલામલી રોડ વચ્ચે ઉચ્છ નદી ઉપર પુલ બનાવવા માટે ૧૯૯૦-૯૧થી દરખાસ્ત કરેલ છે. ૧૯૯૦-૯૧થી આ પુલ મૂકાયેલ છે. તેને લગભગ આજે ૨૦ વર્ષ જેટલા થયા છે.૨૦ વર્ષની અંદર ૪૫૭.૭૮ હજાર રૂપિયા જેટલો ખર્ચ થવાનો છે. આ પુલના નકશા બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. આ કામની વહીવટી મંજુરી તથા આનુષાંગિક પ્રક્રિયા પૂર્ણ કરી બનતી ત્વરાએ હાથ ધરી પૂર્ણ કરવાનું આયોજન છે. મારે એટલું જ જાણવું છે કે આની વહીવટી મંજુરી કયારે મળશે અને પ્રક્રિયા પૂર્ણ કરી બનતી ત્વરાએ હાથ ધરી પૂર્ણ કરવાનું આયોજન છે તો કેટલા સમયમાં આ પુલનું કામ શરૂ થશે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૪૫૭ લાખ રૂપિયા આ સરકારે આ પુલ બનાવવા માટે ફાળવી દીધા છે. એસ્ટીમેન્ટ વગેરેની પ્રક્રિયા ચાલી રહી છે અને દોઢ વર્ષના ગાળામાં આ પુલ પુરો કરી દેવામાં આવશે. આવી ખાતરી રાજયમાં કોઈ આપતું ન હતું પહેલાં.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા જિલ્લાના સૌથી સિનિયર અને રાજય સરકારમાં વર્ષો સુધી રહેલા સભ્યશ્રી પ્રશ્ન પૂછયો ત્યારે મને ખૂબ આશ્ચર્ય થયું. જેતપુર તાલુકામાં ચલામલીનો જે પુલ બનાવવાનો છે તે પુલ બનાવવા માટેની શી વ્યવસ્થા કરવામાં આવી છે? વાહન વ્યવહાર માટેની શું કરવામાં આવી છે? આ પુલ જે બનાવવાનો છે તે કયા પ્રકારનો અને કેટલી લંબાઈનો બનાવવાનો છે? એપ્રોચ રોડ બનાવવા માટે શું વ્યવસ્થા કરવામાં આવી છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૨ મીટરના પાંચ ગાળા એટલેકે ૧૧૦ મીટર લંબાઈનો પુલ થનાર છે. આ પુલ હાઈ લેવલ પુલ થશે જેથી બારમાસી વાહન વ્યવહાર ચાલુ રહેશે. તેની પહોળાઈ ૮.૪૦ મીટર થશે અને એપ્રોચની લંબાઈ ૬૩૫ મીટર છે. જે પૈકી જબુગામ તરફ ૧૬૫ મીટર અને ચલામલી તરફ ૪૭૦ મીટર અને આ એપ્રોચ સાથે આ પુલ બની જશે.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ૨૦ વર્ષ થયા આ પુલ બનાવવા માટે. માનનીય મંત્રીશ્રી પાસે જાણવું છે કે આ પુલ ૧૯૯૦-૯૧માં મૂકાયેલો તો કયા કયા વર્ષમાં કેટલી કેટલી બજેટમાં આની જોગવાઈ કરવામાં આવી, બજેટમાં જોગવાઈ કરી ત્યારથી આજદિન સુધી આ નકશા અંદાજ તૈયાર કરવામાં કેમ ન આવ્યા અને હજું આજે પણ જવાબમાં એવું લખે છે કે પ્રગતિમાં છે. તો પ્રગતિમાં બીજા કેટલા વર્ષો ચાલશે. તો આની કોઈ મુદત આપવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો પોલીટીકલ ઓબ્ઝર્વેશનમાં હું પડતી નથી. પરંતુ પ્રશ્ન પુછાયો છે ત્યારે મારે જવાબ આપવો જ રહયો. આ વર્ષોમાં આપનો સમય કેટલો હતો અને તેમાં પૂરતી જોગવાઈ કેમ ન કરી, આપના મંત્રીશ્રી પણ માર્ગ મકાન મંત્રીશ્રી હતા પૂરો કરી શકતા હતા. ૧૯૯૦ થી ૧૯૯૫સુધી માત્ર ૧૦ હજાર રૂપિયા મૂકયા હતા. વચ્ચે કશું ન આવ્યું. ૨૦૦૫ થી ૨૦૦૬ ૧ લાખ રૂપિયા, ૨૦૦૬થી ૨૦૦૭ ૧ લાખ રૂપિયા, ૨૦૦૭-૦૮ ૫૦ હજાર, ૨૦૦૮-૦૯માં ૧ લાખ, ૨૦૦૯-૧૦માં ૧ લાખ, ૨૦૧૦-૧૧માં ૨ લાખ ૫૦ હજાર અને ૨૦૧૧-૧૨ની અંદર પૂરેપૂરી રકમ.

## આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને નાસ્તો આપવા બાબત

***૨૩૦૪૬ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(મેઘરજ)** :**માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) તા.૧૫-૮-૨૦૧૧ની સ્થિતિએ રાજય સરકારે આંગણવાડી કેન્દ્રોમાં રોજ સવારે બાળકોને ગરમ પૌષ્ટીક નાસ્તો તૈયાર કરી આપવાનો પરિપત્ર છેલ્લે કયારે બહાર પાડવામાં આવ્યો, અને

(૨) તે પરિપત્ર અન્વયે આંગણવાડી સંચાલકોને આ નાસ્તો બાળકદીઠ કેટલા રૂપિયામાં અને કેટલા જથ્થામાં તૈયાર કરી આપવાનો ઠરાવેલ છે?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી:**

(૧) તા.૧૦-૫-૨૦૧૦

(૨) પ્રતિદિન બાળક દીઠ રૂા.૨/-ના ખર્ચે ૫૦ ગ્રામનો જથ્થો.

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : મારા પ્રશ્નના જવાબમાંા જણાવવામાં આવ્યું છે કે ગરમ પૌષ્ટીક નાસ્તા માટેનો પરિપત્ર તા. ૧૦-૫-૨૦૧૦ના રોજ બહાર પાડવામાં આવ્યો છે, ગરમ નાસ્તો બાળકોને આપવો એ બહુ સારી વાત છે, આવતી કાલની ગુજરાતની જ્યારે ચિંતા કરીએ છીએ ત્યારે ગરીબ બાળકો આંગણવાડીમાં આવતા હોય ત્યારે ગરમ પૌષ્ટિક નાસ્તો આપવો જોઈએ, પરંતુ આજના સમયમાં બે રૂપિયે ગરમ નાસ્તો આપી શકાય એમ છે કે કેમ? મારો બીજો પ્રશ્ન એ છે કે, આ બે રૂપિયામાં સુધારો કરવા માગો છો કે કેમ, અને મારો ત્રીજો પ્રશ્ન એ છે કે, આ પરિપત્ર પહેલાં પ્રિમિક્સ પૅકેટ આપવામાં આવતું અને મહેસાણાની એક કંપનીમાં એનો કોન્ટ્રાકટ લાગ્યો હતો એ બંધ કરીને પરપ્રાંતની ગુજરાત બહારની કંપનીને એનો કોન્ટ્રાકટ આપવામાં આવ્યો એમાં ગુજરાતને લગભગ ૯૨ કરોડ રૂપિયાનું નુકશાન ગયું, એ વાત સાચી છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે પ્રશ્ન પૂછ્યો છે એમાં તા. ૧૫-૮-૧૧ની સ્થિતિએ રાજય સરકારે આંગણવાડી કેન્દ્રોમાં રોજ સવારે બાળકોને ગરમ પૌષ્ટિક નાસ્તો તૈયાર કરી આપવાનો પરિપત્ર છેલ્લે ક્યારે બહાર પાડવામાં આવ્યો, અને એ પરિપત્ર અન્વયે આંગણવાડી સંચાલકોને આ નાસ્તો બાળક દીઠ કેટલા રૂપિયામાં અને કેટલા જથ્થામાં તૈયાર કરી આપવાનો ઠરાવેલ છે? માનનીય અધ્યક્ષશ્રી, એમણે જ્યારે સવારે બાળકોને ગરમ પૌષ્ટિક નાસ્તો આપવાની વાત કરી છેને ત્યારે તમને એ જવાબ આપવામાં આવ્યો છે. બાળક દીઠ બે રૂપિયા નહીં પણ બાળક દીઠ ચાર રૂપિયાનો ખર્ચ રોજનો કરવામાં આવે છે. (અંતરાય) સાંભળોને ભાઈ, શું નાસ્તો મળે છે એ જરા જોઈએ એટલે ખબર પડશે કે બાકીના પૈસા કયાં વપરાય છે એ? માનનીય અધ્યક્ષશ્રી, તા. ૨૭-૮-૨૦૦૯થી આ ગરમ નાસ્તો આપવાની શરૂઆત એટલા માટે કરવામાં આવી સુપ્રીમ કોર્ટનો આદેશ થયો કે કુકીંક કરીને રસોઈ બાળકોને જમાડવી, અને એટલા માટે આ ફેરફાર કરવામાં આવ્યો, તા. ૨૭-૮-૨૦૦૯થી આ શરૂ કરવામાં આવેલ, અને પ્રાયોગિક ધોરણે આપણે ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં એની શરૂઆત કરી, ત્યાર પછી તા. ૧૫-૨-૨૦૦૭થી રાજકોટ, સુરેન્દ્રનગર કચ્છ અને પાટણ જિલ્લામાં શરૂ થયું, અને તા. ૨૪-૨-૨૦૧૦થી બાકીના વીસ જિલ્લાઓની અંદર ગરમ નાસ્તો સવારે આપવાની શરૂઆત કરી, આ ગરમ

નાસ્તો લગભગ ૧૧ વાગે બાળકોને આપવામાં આવે છે, જ્યારે બાળક સવારે આવે ત્યારે એને ન્યુટ્રિક કેન્ડી આપવામાં આવે છે એ પૌષ્ટિક યુક્ત કેન્ડી છે, ત્યાર પછી ૧૧ વાગે ગરમ નાસ્તો પુલાવ, ઢોકળાં, મગ, પૌવા, સોજીનો શીળો વગેરે છ દિવસ સુધી એને ૧૧ વાગે આપવામાં આવે છે. અને ત્યાર પછી લગભગ સાડા બાર વાગે કારણ કે બાળક એકસાથે બધુ ખાઈ નથી શકતો એટલે એને એક એક દોઢ દોઢ કલાકના અંતરે આપવું જોઈએ અને એટલે બાર- સાડા બાર વાગે બાળકોને સોમવાર અને ગુરુવારે ફળ આપવામાં આવે છે અને જે આદિવાસી તાલુકાઓ છે, એ આદિવાસી તાલુકાઓની અંદર મંગળવાર અને શુક્રવારે સો મિલિલિટર દૂધ બાળકોને આપવામાં આવે છે, અને પછી લગભગ બે વાગે એ જ બાળકોને સુખડી અને ગળી ભાખરી અને વગેરે ત્રીજીવાર નાસ્તો આપવામાં આવે છે આમ કરીને ટોટલ આખા દિવસની અંદર ચાર રૂપિયાનો પર બાળક દીઠ આ ખોરાક આપવામાં આવે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જે આંગણવાડી બાળકો છે, ધાત્રી માતાઓ છે ગર્ભવતી માતાઓ છે, એમના માટે પૌષ્ટિક એડીશનલ ખોરાક આપવા માટેની ભારત સરકારીની યોજના છે, માનનીય મંત્રીશ્રી ભલે સંકોચ અનુભવતા હોય પણ વાસ્તવિકતા એ છે કે ભારત સરકારની યોજના છે. માનનીય અધ્યક્ષશ્રી, એક વર્ષની અંદર હમણાં જ ૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચે આ પ્રિમિકસ તૈયાર કરવા માટેના ટેન્ડરો મંગાવ્યા, ગુજરાત બહારની ત્રણ કંપનીઓએ ભાવ ભર્યા, એક મહેસાણાની કંપની હતી, એ મહેસાણાની કંપનીને ડિસકવોલીફાઈડ કરવામાં આવી, પહેલી ત્રણ કંપની..

**અધ્યક્ષશ્રી** : આ મૂળ પ્રશ્નમાંથી ઉદ્‌ભવતો નથી. પ્લીઝ. માનનીય અર્જુનભાઈ,

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મૂળ પ્રશ્નમાં જ આવું છું. • (xxx) સાથે મળી..

**અધ્યક્ષશ્રી** :આપ ટેન્ડરોની પ્રકિયાની વાત ન કરો, પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : • (xxx) (xxx) (xxx) એની તપાસ કરાવવા માગે છે કે નહીં ?

**અધ્યક્ષશ્રી** : આમાં બે જ પ્રશ્નો છે, માનનીય અર્જુનભાઈ, પ્લીઝ. માનનીય અર્જુનભાઈ આપ પૂરક પ્રશ્નની મર્યાદાની બહાર જઈને પ્રશ્ન પૂછી રહ્યા છો એટલા માટે આપને અટકાવવા પડે છે. પ્લીઝ. (અંતરાય) પૂરક પ્રશ્નની મર્યાદાની બહાર આપ જઈ રહ્યા છો એટલા માટે અટકાવું છું. (અંતરાય) આપ આમાંથી ઉદ્‌ભવતો પ્રશ્ન કરો. પ્લીઝ, બાકીના લોકો બેસી જાવ.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ બધા શબ્દો રેકર્ડ ઉપરથી કાઢી નાંખવા જોઈએ. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : શેના માટે કાઢી નાંખવા જોઈએ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આપ બેસો. આપ જે આક્ષેપ કરી રહ્યા છો પોષણયુક્ત તત્વશીલ ખોરાકનું કૌભાંડ. (અંતરાય) પ્લીઝ, આપ બેસવાના છો કે બહાર બેસાડી દઉ આપને? પ્લીઝ. જ્યારે અધ્યક્ષશ્રી બોલતા હોય ત્યારે તો આપે સાંભળવું જોઈએ. પ્લીઝ, પ્લીઝ. આપ બેસો. આ સમગ્ર પ્રક્રિયા તપાસ પંચ હેઠળ કાનૂની પ્રક્રિયામાં છે એટલે ન્યાયીક બાબત છે ત્યારે એની ચર્ચા આપણે અહીં કરી શકતા નથી એટલે હું આપને અહીંયા અટકાવું છું કેમ કે એ કોર્ટ મેટર છે. અને આપના જે કાંઈ આક્ષેપો છે એ રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં આક્ષેપો નથી કર્યા. મેં તો જે હકીકત છે એની વાત કરી છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : સબ જ્યુડિશ બાબત છે એની ચર્ચા આપ ન કરો પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં તો જે રાજ્ય સરકારના રેકર્ડ ઉપર છે એજ હકીકત મૂકી છે મેં આક્ષેપ નથી કર્યા.

**અધ્યક્ષશ્રી** : પણ આ શાહ તપાસ પંચ સમક્ષ સબ જ્યુડિશ બાબત છે એની ચર્ચા આપ ન કરો પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ, મેં આક્ષેપોની તપાસ નથી માગી. મેં માત્ર હકીકત મૂકી છે.

**અધ્યક્ષશ્રી** : પણ અહીંયા બે જ પ્રશ્ન છે એમાંથી ઉદભવતો પ્રશ્ન આપ પૂછો. પ્લીઝ. અહીંયા પરિપત્ર અને કેટલા રૂપિયા એ બે જ પ્રશ્ન છે એમાંથી ઉદ્‌ભવતો પ્રશ્ન હોય તો આપ પ્રશ્ન પૂછો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ હિંમતવાળા હોય તો આનો પણ જવાબ આપવો જોઈએ એમણે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોતરીના સમયનું આપ મહત્વ સમજો. પ્લીઝ. નહીં તો હું આગળ પ્રશ્ન ચલાવું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ગભરાવવું શા માટે જોઈએ માનનીય મંત્રીશ્રીએ.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ. નહીં નહીં. આપ આના અનુસંધાને કોઈ પ્રશ્ન હોય તો પૂછો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આના અનુસંધાને પ્રશ્ન ઉપર આવું છું.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ. ઓર્ડર ઓર્ડર આપ બેસી જાવ. પ્લીઝ.

---

• (xxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

( આ તબક્કે વિરોધ પક્ષના બધા માનનીય સભ્યશ્રીઓ ઉભા થઈ સૂત્રોચ્ચાર કરવા લાગ્યા )

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ. શકિતસિંહભાઈ, આપ પ્રશ્નોતરીના સમયનું મહત્વ સમજો છો. આપ આપના સભ્યશ્રીઓને બેસાડો. અને આપ પણ બેસી જાવ. પ્લીઝ, પ્લીઝ, માનનીય શકિતસિંહભાઈ, બેસી જાવ.

### જનસેવા કેન્દ્રોમાં અરજી દીઠ સેવા ચાર્જ

***૨૩૩૩૨ શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૭-૨૦૦૧ની સ્થિતિએ રાજય સરકારે જિલ્લા કક્ષાએ જનસેવા કેન્દ્રો શરૂ કર્યા પછી અરજીદીઠ કેટલી રકમનો સેવા ચાર્જ લેવામાં આવે છે, અને

(૨) કાનુની જોગવાઈ મુજબ અરજદારને અરજી દીઠ કોર્ટ ફી સ્ટેમ્પની કેટલી રકમની ટિકિટ લગાવવાની જોગવાઈ છે.

**સામાન્ય વહીવટ વિભાગ મંત્રીશ્રી**

(૧) રેવન્યુ રેકર્ડ માટે રૂપિયા ૫/- (પાંચ) અને બાકીની અરજી માટે રૂપિયા ૨૦ (વીસ) ની મર્યાદામાં સેવા ચાર્જ લેવામાં આવે છે.

(૨) અરજીદીઠ રૂપિયા /- (ત્રણ) ની કોર્ટ ફી લેવામાં આવે છે.

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : આ જનસેવા કેન્દ્રો લગભગ હમણાં જ આપણે ચાલુ કર્યા છે, એમાં કાનુની જોગવાઈ મુજબ બહુ સ્પષ્ટ છે કે, ૩ રૂપિયા લેવા, જુદા જુદા ત્રેવીસ જેટલા મુદ્દા છે કે જેમાં આવકનો દાખલો હોય, બક્ષીપંચનો દાખલો હોય એના માટે ૩ રૂપિયા લેવા, બાકીની અરજીઓ માટે ૨૦ રૂપિયા લેવા, એટલે બાકીની અરજીઓ કઈ એ મારા સમજમાં આવતું નથી શાના માટે અને બીજા ૫ રૂપિયા પણ લેવામાં આવે છે, એટલે કાનુની જોગવાઈ મુજબ ૩ રૂપિયા લેવા જોઈએ છતાં પણ રૂપિયા વધારે લેવામાં આવે છે તો એનું કારણ મારે જાણવું છે.

**શ્રી વજુભાઈ વાળા :** આમાં જે કોર્ટ ફી હોય તે લાગે અને બાકીનો ચાર્જ લાગે છે, બધામાં કોર્ટ ફી લગાડવાની ના હોય, જે અરજીમાં કોર્ટ ફી લગાડવાની હોય એમાં ૩ રૂપિયા આવે અને જ્યાં ચાર્જ આવે એ ચાર્જ ગવર્નમેન્ટ નક્કી કરે એ જ પ્રમાણે થાય, પહેલાં ૭/૧૨ અને ૮/અ ના ઉતારાની નકલો આપતાં તો ૧૫ રૂપિયા ચાર્જ લેવામાં આવતો એના બદલે તારીખ ૩૦-૮-૨૦૦૫થી એમાં ૫ રૂપિયા કરવામાં આવ્યાં છે અને ત્યાં બાકીનામાં ૨૦ રૂપિયા સુધીનો ચાર્જ લેવામાં આવે છે, આવી જે અરજીઓ આવે છે એ ૧૨૯ પ્રકારની અરજીઓ છે, એટલે એમની પાસેથી ચાર્જ લેવામાં આવે છે. એટલે નિયમ વિરૂદ્ધ કે કાયદા વિરૂદ્ધ કોઈ પૈસા લેવામાં આવતા નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :** માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં ૭/૧૨ અને ૮/અના ઉતારા સંપૂર્ણ ફ્રી તલાટી-કમ-મંત્રીશ્રી કાઢી આપતા હતા, આપણે આજે, અરજદાર જ્યારે અરજી કરે ત્યારે ૩ રૂપિયાની મર્યાદા તો હજી સમજી શકાય, પરંતુ ૨૦ રૂપિયા જો અરજદારે અરજી કરવા માટે ભરવા પડતા હોય, પરિણામ શું આવે છે જે અરજદારો અરજી કરે છે એમની ફરિયાદો મારી કે આપની પાસે આવતા હોય છે એ આપણને બધાને ખબર છે, આ સંજોગોમાં આ અરજીઓ કરવા માટે ૨૦- ૨૦ રૂપિયાની ફી ભરવી પડે, એના માટે સરકાર કંઈ પુન:વિચારણા કરીને આ પ્રકારની પ્રક્રિયા માફ કરીને, ૨૦-૨૦ રૂપિયા સુધી ન થાય અને ભૂતકાળમાં જેમ ૭/૧૨ અને ૮/અ ના ઉતારા મફત મળતા હતા એમ આ ૫ રૂપિયામાંથી સરકાર મુક્તિ આપવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા:** આ પ્રક્રિયામાં તરત જ એટ એ ટાઈમ અરજદારને મળી જાય છે, શરૂઆતમાં આ ઈ-ધરા કેન્દ્રો મારફતે આપવામાં આવતા હતા, એની સોસાયટી હતી અને એ સોસાયટીની નિભાવણી થઈ શકે એટલા માટે થઈને આ ચાર્જ લેવામાં આવતો હતો અને ૨૦ રૂપિયા સુધીની જે મર્યાદા છે એમાં ૧૨૯ જેટલા જુદા જુદા પ્રકારના ફોર્મ્સ છે કહેતા હોય તો હું આ માહિતી મેજ ઉપર મૂકી દઉં.

અધ્યક્ષશ્રી: બહુ લાંબુ હોય તો મેજ ઉપર મૂકી દેજો પ્લીઝ,

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આવા જનસેવા કેન્દ્રોમાં કેટલા પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવે છે.

**શ્રી વજુભાઈ વાળા:** માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તેમ અત્યારે ૧૨૯ પ્રકારની જે જુદી જુદી સુવિધાઓ છે એ આપવામાં આવે છે, ધારોકે આવકનો દાખલો હોય, જ્ઞાતિનો દાખલો હોય, સામાજિક અને શૈક્ષણિક જાતિનું પ્રમાણપત્ર હોય, આવી બધી ૧૨૯ જેટલી અરજીઓ, આમ તો વાંચવાની જરૂર નથી પણ આટલી બધી સેવાઓ આ કેન્દ્રમાંથી આપવામાં આવે છે, આના માટે થઈને ટાઈમલિમિટ પણ નક્કી કરેલ છે, આજની તારીખે ૧૧ લાખ અરજીઓમાંથી સાડા પાંચ લાખ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે અને આજે એક પણ અરજી ટાઈમ બારની મારી પાસે પેન્ડિગ નથી.

**વડોદરા જિલ્લામાં પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા પાછળ થયેલ ખર્ચ**

***૨૩૨૪૦ શ્રી ગુલસીંગભાઈ રં. રાઠવા(છોટાઉદેપુર)** : **માનનીય પ્રવાસનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વડોદરા જિલ્લામાં કયા કયા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા,

(૨) પસંદ કરાયેલ સ્થળોએ વિકસાવવા માટે કઈ કઈ સુવિધા પૂરી પાડવાની યોજના છે,

(૩) ઉકત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા, અને

(૪) તેની સામે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**પ્રવાસનમંત્રીશ્રી**

(૧) તા.૩૧--૨૦૧૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વડોદરા જિલ્લામાં નીચે મુજબના સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે પસંદ કરવામાં આવ્યા.

(૧) વડોદરા શહેરમાં આવેલ પુરાતત્વ વિભાગ હસ્તકના મકાનો,

(૨) સુરસાગર તળાવ

(૨) પસંદ કરાયેલ સ્થળોએ વિકસાવવા માટે પ્રાથમિક સુવિધા જેવી કે પીવાના પાણી, વીજળી, પે એન્ડ યુઝ ટોયલેટ, ડ્રેનેજ, રસ્તો, બસ સ્ટેન્ડ, પ્રવાસીપથ, પાર્કીંગ, સાઈનેજીસ, ટેલીફોન બુથ, બગીચો, બેસવાની સુવિધા ( શેટ હટ બાંકડા) સ્વચ્છતા રાખવાના સાધનો અને સવલતો તેમજ પ્રવાસ સુરક્ષા માટેની સગવડો જેવી કે પોલીસ સિક્યોરિટિ અને પોલીસ ચોકી જેવી સુવિધા પૂરી પાડવાની યોજના છે.

(૩) વર્ષ ૨૦૦૯-૧૦માં રૂપિયા ૧૦૦.૦૦ લાખ કલેકટરશ્રી, વડોદરાને ફાળવવામાં આવ્યા,

(૪) વર્ષ ૨૦૦૯-૧૦માં જિલ્લા કલેકટરશ્રીને ફાળવેલ રૂપિયા ૧૦૦.૦૦ લાખની ગ્રાન્ટ સામે રૂપિયા ૧૨૨.૪૭ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**શ્રી ગુલસીંગભાઈ રં. રાઠવા** : મારે આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦, ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં કયા કયા પ્રવાસન સ્થળોએ વિકાસની કામગીરી હાથ ધરી છે અને તે માટે કેટલી રકમ ફાળવવામાં આવી છે અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો એ વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦માં કલેકટરશ્રી, વડોદરાને ૧૦૦.૦૦ લાખ રૂપિયા વડોદરા જિલ્લામાં ફાળવવામાં આવ્યા હતા અને..

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

**પહેલી, બીજી, ત્રીજી અને ચોથી અતારાંકિત પ્રશ્નોની યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

## અતારાંકિત પ્રશ્નો

## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### ખાનગી જે.ટી. ઓ. વિકસાવવા બાબત

૨૩૬૨૩ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૮-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્યમાં ખાનગી ક્ષેત્રે કેટલા નવા ટર્મિનલ/ કેપ્ટીવ જે.ટી.ઓ. ખાનગી જે.ટી.ઓ. વિકસાવવામાં આવી, અને | (૧) (અ) નવા ટર્મિનલો-૨<br>(બ) કેપ્ટીવ જેટીઓ-૩<br>(ક) ખાનગી જેટીઓ-૧<br>કુલ - ૬ વિકસાવવામાં આવી છે. |
| (૨) જે તે વર્ષમાં કેટલું ખાનગી મૂડી રોકાણ થયું? | (૨) **વર્ષ** — **ખાનગી મૂડી રોકાણ (રૂ. કરોડમાં)**<br>૧-૯-૨૦૦૯- ૩૧-૮-૨૦૧૦ — ૨૫૧૦<br>૧-૯-૨૦૧૦- ૩૧-૮-૨૦૧૧ — ૧૧૭૦<br>કુલ ૩૬૮૦ |

### દાહોદ જિલ્લામાં ઉદ્યોગોને ફાળવેલ જમીન

૨૩૦૫૩ **શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ક્યા ક્યા ઉદ્યોગોને કેટલી જમીન શા ભાવે ક્યા હેતું માટે છેલ્લા ત્રણ વર્ષમાં ફાળવવામાં આવી ? | છેલ્લા ત્રણ વર્ષમાં કોઈ ઉદ્યોગને જમીન ફાળવવામાં આવી નથી. |

**જામનગર શહેરી વિકાસ સત્તામંડળ તરફથી ઝોન ફેરવવાની દરખાસ્તો**

૨૩૧૫૫ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ વર્ષમાં જામનગર શહેરી વિકાસ સત્તામંડળ તરફથી ઝોન ફેરવવાની કેટલી દરખાસ્તો જુલાઈ-૨૦૧૧ની સ્થિતિએ રાજ્ય સરકારને મળેલ છે, | (૧) શૂન્ય. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલી નામંજૂર કરી છે, નામંજૂર કરવાના શા કારણો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**જૂનાગઢ જિલ્લાના ઉના તાલુકાના અરીઠીયા અને નગડલા પાંજરાપોળ ટ્રસ્ટની જમીનનું ગેરકાયદે વેચાણ**

૨૩૧૦૯ **શ્રી ધીરસિંહ ક.બારડ (કોડીનાર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના ઉના તાલુકાના ઉના-દિવ દેલવાડા પાંજરાપોળ ટ્રસ્ટની કોડીનાર તાલુકાના નગડલા અને અરીઠીયા ગામની જમીનોની વેચાણ પ્રક્રિયાની ગામ નમુના હક્ક પત્રક નોંધ રીવીઝનમાં લેવાના હુકમો થયેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ? અને તેની વિગતો શી છે ? | (૨) ઉના તાલુકાના ઉના-દિવ દેલવાડા પાંજરાપોળ ટ્રસ્ટની કોડીનાર તાલુકાના નગડલા અને અરીઠીયા ગામની જમીનોના વેચાણ વ્યવહારો પરત્વે દાખલ થયેલ હક્કપત્રક નોંધો રીવીઝનમાં લેવા મહેસૂલ વિભાગના તારીખ : ૨૪/૧/૧૧ ની સૂચના અન્વયે રીવીઝનમાં લેવાનો નિર્ણય થયેલ છે. આ બાબત અર્ધ-ન્યાયીક હોઈ, ગુણદોષના આધારે આખરી નિર્ણય કરવામાં આવશે |

--------

**રાપર અને ભચાઉ તાલુકામાં અતિવૃષ્ટિથી તૂટેલ તળાવો બાંધવા તથા રિપેર કરવા પાછળ થયેલ ખર્ચ**

૨૩૪૫૭ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૧૦ માં ચોમાસા દરમ્યાન અતિવૃષ્ટિ કે નબળા બાંધકામના કારણે કચ્છ જિલ્લાના રાપર અને ભચાઉ તાલુકામાં તૂટી ગયેલ તળાવો તા.૩૦-૬-૨૦૧૧ સુધીમાં રીપેર થઈ શક્યા નથી તે હકીકત સાચી છે, (૨) અતિવૃષ્ટિ કે નબળા બાંધકામથી તૂટી ગયેલ તળાવો રીપેર કરવા કે ફરી બનાવવાના અંદાજો તૈયાર કરાયા હોય તો ક્યારે કરાયા છે, અને | (૧) અને (૨) સને ૨૦૧૦ ના ચોમાસા દરમ્યાન અતિવૃષ્ટિના કારણે કચ્છ જિલ્લાના ભચાઉ અને રાપર તાલુકાના ૬૮ તળાવોમાં મોટા પાયે નુકસાન થવા પામેલ. આ તળાવોના મરામત માટે નાણાં ભારત સરકારના ક્લેમીટી રીલીફ ફંડ (સી.આર.એફ.) માંથી માર્ચ ૨૦૧૧ માં ઉપલબ્ધ થયા હતા. ત્યારબાદ મરામતના કામોની સૈધ્ધાંતિક મંજૂરી તા. ૨/૫/૧૧ ના રોજ આપવામાં આવેલ હતી. તે પૈકી તા. ૩૦/૬/૧૧ની સ્થિતિએ ૧૫ કામના અંદાજપત્રકો બનાવવામાં આવેલ જેમાંથી ૧૪ કામોના ટેંડર બહાર પાડવામાં આવેલ છે. (તે પૈકી ૪ કામોના વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે.) બાકીના ૫૩ કામોના અંદાજ બનાવવાની કામગીરી ચાલુમાં છે. ચાલુ ચોમાસા પછી ૫૩ કામો હાથ ધરવામાં આવશે અને માર્ચ-૨૦૧૨ સુધીમાં આ કામો પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) તા.૩૦-૬-૨૦૧૧ની સ્થિતિએ રાપર-ભચાઉ | (૩) રાપર અને ભચાઉ તાલુકામાં આ વિભાગ |

તાલુકામાં નાની સિંચાઈ પરકોલેશન તળાવો કે અન્ય જળસંચયના તૂટી ગયેલા ક્યા ક્યા કામો માટે કેટલી રકમના અંદાજીત ખર્ચ સામે કેટલું ખર્ચ કરવામાં આવ્યું?

હસ્તકના અતિવૃષ્ટિથી નુક્સાન પામેલ નાની સિંચાઈ યોજનાઓ, પરકોલેશન તળાવોમાં તા. ૩૦/૬/૨૦૧૧-ની સ્થિતિએ કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી.

--------

## સુરેન્દ્રનગર જિલ્લામાં કાર્યાન્વિત નવા વીજ સબ સ્ટેશનો

૨૩૬૨૯ **શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા(દસાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા નવા વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા,

(૨) તે પૈકી વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન કેટલા નવા વિજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૩) વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન કેટલા નવા વિજ સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧/૩/૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં, ૨૨૦ કે.વી. ના બે (૨) અને ૬૬ કે.વી.ના ચોદ(૧૪) સબ સ્ટેશનો એમ મળીને કુલ સોળ (૧૬) સબસ્ટેશનો રૂ. ૯૪.૯૫ કરોડના ખર્ચે કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

(૨) વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન ૬૬ કે.વી.ના કુલ દસ (૧૦) સબ સ્ટેશનો રૂ. ૨૮.૫૮ કરોડના ખર્ચે કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

(૩) વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન ૪૦૦ કે.વી.નું એક(૧) અને ૬૬ કેવી.ના સાત(૭) સબસ્ટેશનો રૂ. ૧૦૬.૮ કરોડના ખર્ચે કાયાન્વિત કરવાનું આયોજન છે.

--------

## કઠલાલ ખાતે મહેસૂલી કચેરીના મકાનની મંજૂરી

૨૩૨૮૩ **શ્રી કનુભાઈ ડાભી (કઠલાલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૧-૧૨ માં ખેડા જિલ્લામાં કઠલાલ ખાતે મહેસૂલી કચેરીઓ માટે નવા મકાનના કામોની મંજૂરી આપવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેની વિગતો શી છે, અને

(૩) આ કામોની કામગીરી હાલ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) કઠલાલ ખાતે મહેસૂલી કચેરીઓ માટે નવા મકાનના કામોની નહિં પરંતુ હયાત મામલતદાર કચેરીના મકાન ઉપર પ્રથમ માળના બાંધકામની મંજૂરી આપવામાં આવેલ છે.

(૨) ઉપરની વિગતે વર્ષ ૨૦૧૧-૧૨ના અંદાજપત્રમાં રૂા. ૧૨૮.૯૩ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

(૩) હાલ આ બાબતની તાંત્રિક ચકાસણી ચાલુ છે..

--------

## કચ્છ જિલ્લામાં કોટેશ્વર અને નારાયણ સરોવર વિકાસની કામગીરી

૨૩૨૪૧ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં કોટેશ્વર, નારાયણ સરોવરના વિકાસ માટે ભારત સરકાર દ્વારા કોઇ યોજના મંજૂર કરવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૦૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કામગીરી કરવામાં આવી, અને

(૩) કેવા પ્રકારની સવલતો યાત્રાળુઓ માટે ઉભી થનાર છે ?

**જવાબ**

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## અમદાવાદ શહેરમાં ખંડણીખોરો વિરૂધ્ધ ફરિયાદો

૨૩૦૪૩ **શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૨૦-૮-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરના ખાડીયા-રીલીફ રોડ ઉપરના વહેપારીઓ-દુકાનદારો પાસેથી ખંડણી ઉઘરાવવા ધાક ધમકીઓ આપી નાણા ઉઘરાવવા બાબતની કેટલી

**જવાબ**

(૧) ખંડણી ઉઘરાવવા ધાક ધમકીઓ આપવા બાબતેની ત્રણ ફરિયાદો મળેલ છે જે આધારે કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ત્રણ ગુના દાખલ થયેલ છે.

ફરીયાદો રાજ્ય સરકાર અને અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીને મળી, અને

(૨) મળેલ ફરિયાદો અન્વયે ક્યા ક્યા ખંડણીખોરો સામે સરકારે ક્યારે શાં પગલાં લીધા ?

(૨) (૧) વિજય ઉર્ફે વિજુ બોડી રાજકુમાર રાજુભાઈ સિન્ધીની તા. ૨૪-૦૮-૧૧ના રોજ અટક કરવામાં આવેલ છે.
(૨) પ્રણવ ઉર્ફે લાલો નરેન્દ્રકુમાર ઉર્ફે નન્દુભાઈ ઉન્હવણે ની તા. ૦૭-૦૯-૧૧ના રોજ અટક કરવામાં આવેલ છે.
(૩) જ્યારે મનીષ ઉર્ફે જોન ગોપાલદાસ શાહ કાલુપુર પોલીસ સ્ટેશનના ગુનામાં સંડોવાયેલ છે અને આરોપીની રહેઠાણનાં સરનામે અવારનવાર તપાસ કરવામાં આવેલ છે પણ મળી આવેલ નથી. આરોપીને પકડવા સારૂ સ્કોડની રચના પણ કરવામાં આવેલ છે.

--------

**રાજ્યમાં કાર્યાન્વિત એલ.એન.જી ટર્મિનલ**

૨૩૬૨૨ **શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ કેટલા એલ.એન.જી. ટર્મિનલ કાર્યાન્વિત છે, અને | (૧) ૨ (બે). |
| (૨) સન ૨૦૧૧-૨૦૧૨માં નવા કોઇ એલ.એન.જી. ટર્મિનલ સ્થાપવાનું આયોજન છે કે કેમ ? | (૨) હા જી, મુન્દ્રા બંદર ખાતે એલ.એન.જી. ટર્મિનલ સ્થાપવાનું આયોજન છે. |

--------

**ગાંધીનગર જિલ્લામાં પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા સુવિધા પૂરી પાડવાની યોજના**

૧૭/page> ૨૩૨૩૫ **શ્રી કલ્યાણસિંહ ચૌહાણ(દહેગામ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ક્યા ક્યા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા, અને

(૨) પસંદ કરેલ સ્થળોને વિક્સાવવા માટે કઇ કઇ સુવિધા પૂરી પાડવાની સરકારની યોજના છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં નીચે મુજબના સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા.
(૧) અડાલજ ખાતે થીમપાર્કનો વિકાસ
(૨) સંતશ્રી ગેબી મંદિર, કલોલ

(૨) (૧) અડાલજ ખાતે થીમપાર્કના વિકાસ માટે સાઈટ ક્લીનીંગ, રેસ્ટોરન્ટ, ૩ નંગ કીયોસ્ક, ૩ દુકાનો, તળાવનો વિકાસ, પાર્કીંગ વ્યવસ્થા, તળાવમાં નર્મદાનું પાણી ભરવાની સીસ્ટમ, ટુરીસ્ટ રીસેપ્શન સેન્ટરની સાથે વાવના ઈતિહાસની વિગત, ટોયલેટ બ્લોક, ૩ વોટરહટ, મેઈન ગેટ, વોટર એરેન્જમેન્ટ સીસ્ટમ, કંપાઉન્ડ વોલ આરસીસી પીલ્લર સાથે, બોરવેલ, અંડરગ્રાઉન્ડ ટાંકો, કોબલ સ્ટોનથી ઈન્ટરનલ રોડનો વિકાસ, એરીયા લાઈટીંગ, સીક્યોરીટી કેબીન ધોલાવીરા સ્ટ્રક્ચર, એન્ટ્રન્સ પ્લાઝા, કુંડ સ્ટ્રક્ચર, નર્મદા સ્ટ્રક્ચર તથા હવેલી સ્ટ્રક્ચરની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૨) ખાસ અંગભૂત યોજના અંતર્ગત સંતશ્રી ગેબી મંદિર કલોલ ખાતે ટોયલેટ બ્લોક, શેડ, પીવાના પાણીની વ્યવસ્થા, બેઠક વ્યવસ્થા, સ્થળનું મહત્વ દર્શાવતું બોર્ડ, સાઈનેજીસ, પેવર બ્લોક્નું પેવીંગ, બાગ બગીચો વગેરેની કામગીરી પૂર્ણ કરી મંદિર ટ્રસ્ટને સોંપવામાં આવેલ છે.

--------

**પાટણ જિલ્લામાં પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા સુવિધા પાછળ થયેલ ખર્ચ**

૨૩૨૩૪ **શ્રી ભાવસિંહભાઈ રાઠોડ (સમી) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૦૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં ક્યા ક્યા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા, | (૧) તા. ૩૧-૩-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લાના નીચેના સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે પસંદ કરવામાં આવ્યા.<br>(૧) વટેશ્વર મહાદેવ મંદિર (દેથલી)<br>(૨) સિધ્ધેશ્વરી માતા મંદિર (મંડલોપ)<br>(૩) વીરમેધમાયા સ્મારક (પાટણ)<br>(૪) રાવત રામજી મંદિર (સિધ્ધપુર)<br>(૫) પાટણ શહેર<br>(૬) સિધ્ધપુર શહેર |
| (૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે કઇ કઇ સુવિધા પૂરી પાડવાની સરકારની યોજના છે, અને | (૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે નીચે મુજબની સુવિધા પુરી પાડવાની યોજના છે.<br>(૧) વટેશ્વર મહાદેવ તથા સિધ્ધેશ્વરી માતા મંદિર ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધા પુરી પાડવા યોજના છે.<br>(૨) ખાસ અંગભુત યોજના અંતર્ગત વિરમેધમાયા સ્મારક ખાતે યાત્રાળુઓ માટે શેડ, હાટ, સ્થળનું મહત્વ દર્શાવતું બોર્ડ, દિશાસૂચક બોર્ડ, પ્રવેશ ધ્વાર, કંપાઉન્ડ વોલ, ટોયલેટ બ્લોક, ઈલેક્ટ્રીક રૂમ, બાગ બગીચો, પાણીની વ્યવસ્થા, પેવરબ્લોક ફ્લોરીંગ વાળા પાથવેની કામગીરી હાથ ઉપર લેવા આર્કીયોલોજીક્લ સર્વે ઓફ ઈન્ડીયાની મંજુરી મેળવવાની કાર્યવાહી પ્રગતિમાં છે.<br>(૩) રાવત રામજી મંદિર સિધ્ધપુર ખાતે યાત્રાળુઓ માટે શેડ, હાટ, સ્થળનું મહત્વ દર્શાવતું બોર્ડ, દિશાસૂચક બોર્ડ, પ્રવેશ ધ્વાર, કંપાઉન્ડ વોલ, ટોયલેટ બ્લોક, ઈલેક્ટ્રીક રૂમ, બાગ બગીચો, પાણીની વ્યવસ્થા, પેવરબ્લોક ફ્લોરીંગ વાળા પાથવેની કામગીરી પ્રગતિમાં છે.<br>(૪) પાટણ શહેરમાં આવેલ ગાંધી ગાર્ડનનો વિકાસ, કાલકા ગાર્ડનનો વિકાસ, ખાન સરોવરથી સિધ્ધિ સરોવર રોડ, ત્રિક્મ બારોટ વાવનું રીનોવેશન, સિધ્ધિ સરોવરનો વિકાસ, ક્નસણા ગેટથી સહસ્ત્રલીંગ તળાવનો રોડ વગેરેની કામગીરી હાથ ઉપર લેવામાં આવેલ છે.<br>(૫) સિધ્ધપુર શહેરમાં આવેલ બિંદુ સરોવર ખાતે એમીનીટી સેન્ટર, પીંડભવન, પાર્કીંગ, મ્યુઝીયમ બીલ્ડીંગ, મંદિરો ઉપર સ્ટોનનું કામ, ટોયલેટ બ્લોક, સ્ટોન કંપાઉન્ડ વોલ, સીક્યોરીટી કેબીન, ઈલેક્ટ્રીક રૂમ, હાઈમાસ્ક, લેન્ડ સ્કેપીંગ, ડેકોરેટીવ સ્ટોન ગેટ, આંતરીક રસ્તાઓની કામગીરી હાથ ધરવામાં આવેલ છે તેમ જ સિધ્ધનાથ મહાદેવ ખાતે ગાદી બીલ્ડીંગ, ઓફીસ બીલ્ડીંગ, રીવરેજનો વિકાસ, એમીનીટીઝ સેન્ટર, મંદિરોનું રીનોવેશન કામ, સાંઈબાબા મંદિર સાઈડ ડેવલપમેન્ટ બાર જ્યોતીલીંગની મૂર્તિઓ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળોના વિકાસ માટે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા, અને | (૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળોના વિકાસ માટે નીચે મુજબ નાણાં ફાળવવામાં આવેલ છે. |

વર્ષ ૨૦૦૯-૧૦માં

(૧) વિરમેઘમાયા સ્મારક રૂપિયા ૧૩૦.૮૦ લાખ

(૨) રાવત રામજી મંદિર રૂપિયા ૬૩.૮૫ લાખ

(૩) પાટણ શહેર રૂપિયા ૬૯૧.૦૦

(૪) સિધ્ધપુર શહેર રૂપિયા ૧૦૬૦.૦૦ લાખ

વર્ષ ૨૦૧૦-૧૧

(૧) સિધ્ધપુર શહેર રૂપિયા ૪૪૪૦.૦૦ લાખ

(૨) શ્રી વટેશ્વર મહાદેવ (દેથલી) રૂપિયા ૨૭૭.૦૦ લાખ

(૩) શ્રી સિધ્ધેશ્વરીમાતા મંદિર (મંડલોપ) રૂપિયા ૧૭૭.૦૦ લાખ

(૪) કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૪) તા. ૩૧-૩-૧૧ની સ્થિતિએ નીચે મુજબનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૧) વિરમેઘમાયા સ્મારક આર્કેલોજીક્લ સર્વે ઓફ ઈન્ડીયાની મંજુરી મળેલ ન હોય કામગીરી ચાલુ થયેલ નથી. પરંતુ રીપોર્ટ તથા કન્સલ્ટન્સી માટે રૂપિયા ૨.૮૭ લાખનો ખર્ચ થયેલ છે.

(૨) રાવત રામજી મંદિર રૂપિયા ૫૮.૫૨ લાખનો ખર્ચ થયેલ છે અને કામગીરી પ્રગતિમાં છે.

(૩) પાટણ શહેર રૂપિયા ૩૦૦.૦૦ લાખ

(૪) સિધ્ધપુર શહેર રૂપિયા ૬૫૬.૧૪ લાખ

**રાજ્યમાં નવી તબીબી કોલેજોમાં પ્રવેશ માટે બેઠકોમાં થયેલ વધારો**

૨૩૨૨૨ **ડૉ. ભરતભાઈ બોઘરા(જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન કેટલી નવી તબીબી કોલેજો શરૂ કરવામાં આવેલ છે, અને

(૨) નવી તબીબી કોલેજો શરૂ થવાના કારણે કુલ કેટલી પ્રવેશ બેઠકોનો વધારો થયેલ છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન કુલ ૩ નવી સ્વનિર્ભર મેડીકલ કોલેજો શરૂ કરવામાં આવેલ છે.

(૨) આ ત્રણ નવી મેડીકલ કોલેજો શરૂ થવાના કારણે સ્નાતક કક્ષાએ કુલ ૪૫૦ બેઠકોનો વધારો થવા પામેલ છે.

**ભરૂચ ખાતે મહેસૂલી કચેરીના મકાનની મંજૂરી**

૨૩૨૮૬ **શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૧-૧૨માં ભરૂચ ખાતે મહેસૂલી કચેરીઓ માટે નવા કામોની મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેની વિગતો શી છે, અને

(૩) આ કામોની કામગીરી હાલ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) હા જી.

(૨) ભરૂચ ખાતે નવી કલેક્ટર કચેરી બાંધવામાં આવશે. આ માટે વર્ષ ૨૦૧૧-૧૨માં રૂ. ૪૯૯.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

(૩) વહીવટી પ્રક્રિયા ચાલુ છે.

---------

**ગાંધીનગર મહાનગરપાલિકાને ગ્રાન્ટની ફાળવણી**

૨૩૫૪૯ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર મહાનગરપાલિકાને મે-૨૦૧૧ થી તા.૩૧-૮-૨૦૧૧ સુધીમાં કેટલી ગ્રાન્ટની માંગણી સામે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) જો ગ્રાન્ટ ફાળવવામાં ન આવી હોય તો

**જવાબ**

(૧) મે-૨૦૧૧ થી તા. ૩૧-૦૮-૨૦૧૧ સુધીમાં ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કોઈ ગ્રાન્ટની માંગણી કરવામાં આવેલ નથી. તેમ છતાં, રાજ્ય સરકારે ગાંધીનગર મહાનગરપાલિકાને રૂપિયા ૪ કરોડ ઉચ્ચક ગ્રાન્ટ ફાળવેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તેનાં શાં કારણો છે, અને

(૩) ક્યાં સુધીમાં ગ્રાન્ટ ફાળવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## જી.આઇ.ડી.સી. દ્વારા સંપાદિત જમીનોના મૂળ માલિકોને રક્ષણ આપવા બાબત

૨૩૬૨૪ **શ્રી ભૂષણભાઈ ભટ્ (ખાડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન જી.આઇ.ડી.સી. દ્વારા સંપાદિત થતી જમીનોના મૂળ માલિકોને રક્ષણ આપવા માટે કોઇ નીતિ ઘડવામાં આવી છે કે કેમ, અને<br>(૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૧) અને (૨)<br>જમીન માલિકોને ગુજરાત ઓદ્યોગિક વિકાસ નિગમ દ્વારા વિકાસની પ્રક્રિયામાં ભાગીદાર બનાવવા અંગેની નીતિ તા. ૧૫-૧૨-૨૦૧૦ થી ઘડવામાં આવી છે. દેશમાં પ્રથમ વખત આ પ્રકારની નીતિ દ્વારા જમીન માલિકોને લાંબા ગાળા માટે આર્થિક સહાય અને નફામાં હિસ્સો ઉપલબ્ધ બને તે પ્રકારનું પ્રાવધાન કરવામાં આવ્યું છે. આ નીતિ અંતર્ગત જમીનનો સંમતિ દર સ્વતંત્ર સંસ્થા દ્વારા નિષ્પક્ષ રીતે નક્કી થશે, જમીનના વિતરણમાંથી જમીન માલિકોને હિસ્સો પણ ઉપલબ્ધ થશે. વાણિજ્ય પ્લોટ રૂ. ૧/- પ્રતિ ચો. મી. ના ટોક્ન દરથી ફાળવવામાં આવશે. તાલીમ દ્વારા જમીન માલિકોને કોશલ્ય વૃધ્ધિ કરી તેઓને ઉદ્યોગોમાં રોજગારની તક ઉપલબ્ધ કરવામાં આવશે અને ગ્રામ પંચાયતને પણ જમીનના વિતરણથી ઉપલબ્ધ બનતી રકમમાં ભાગ આપી સામુહિક સુવિધાઓ વિકશે તેનું ધ્યાન નીતિમાં રાખવામાં આવ્યું છે. |

---------

## વડોદરા જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેક્શન

૨૩૨૭૬ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦-૬-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન વડોદરા જિલ્લામાં કેટલી આંગણવાડીઓને ગેસ ક્નેક્શન અપાયેલ છે, | (૧) ૨૦૬૯ |
| (૨) આ પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૨) રૂ. ૮૦,૦૩,૯૭૬/- |
| (૩) બાકીની આંગણવાડીઓમાં ગેસ ક્નેક્શન માટે શું આયોજન છે? | (૩) બાકીની આંગણવાડીઓમાં ગેસ ક્નેક્શનની ક્રમાનુસાર સુવિધા આપવામાં આવશે. |

---------

## નવસારી જિલ્લામાં ૨૫૦ થી ઓછી વસ્તી ધરાવતા ગામોને પાકા રસ્તાથી જોડવા બાબત

૨૩૩૦૧ **શ્રી આર.સી. પટેલ (જલાલપોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧-૧-૨૦૧૧ થી તા.૩૧-૮-૨૦૧૧ સુધીમાં નવસારી જિલ્લામાં ૨૫૦ થી ઓછી વસ્તી ધરાવતા આદિજાતિ વિસ્તારના ગામ / પરાને ડામરના પાકા રસ્તાથી જોડવા માટે કેટલા કામોની મંજૂરી આપવામાં આવી, અને | (૧) ૪૫ કામોની મંજૂરી આપવામાં આવી. |
| (૨) આ કામો તા.૩૧-૮-૨૦૧૧ થી ક્યા તબક્કે છે ? | (૨) આ કામો તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ નક્શા અંદાજ લેવલે છે. |

## વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રે વિશિષ્ટ સંશોધન માટે એવોર્ડ

૨૩૨૧૧ **શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્યા ક્યા ક્ષેત્રે વિશિષ્ટ સંશોધન માટે એવોર્ડ આપવાની યોજના અમલમાં છે કે કેમ, અને<br>(૨) જો હા, તો આ યોજનાની વિગતો શી છે ? | (૧) અને (૨) : હા, જી. વિજ્ઞાન અને ટેક્નોલોજીના ઉદ્યોગ, ઊર્જા, પર્યાવરણ, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અને બાયોટેક્નોલોજીના ક્ષેત્રોના દરેક ક્ષેત્રમાં મોલિક સંશોધન કરનાર સંશોધકને ""ડૉ. વિક્રમ સારાભાઈ એવોર્ડ"" આપવામાં આવે છે. આ એવોર્ડમાં એક લાખ રૂપિયા રોકડ પુરસ્કાર, પ્રશસ્તિપત્ર અને સ્મૃતિચિ આપવામાં આવે છે. |

## રાજ્યમાં કાર્યાન્વિત એલ.એન.જી. ટર્મિનલ

૨૩૬૨૧ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ (રાજગઢ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ કેટલા એલ.એન.જી. ટર્મિનલ કાર્યાન્વિત છે, અને | (૧) ૨ (બે). |
| (૨) સન ૨૦૧૧-૧૨માં નવા કોઇ એલ.એન.જી. ટર્મિનલ સ્થાપવાનું આયોજન છે કે કેમ ? | (૨) હા, જી. મુન્દ્રા બંદર ખાતે એલ.એન.જી. ટર્મિનલ સ્થાપવાનું આયોજન છે. |

## કચ્છ જિલ્લાની માંડવી તાલુકાના ગામોને નર્મદાનું પીવાનું પાણી

૨૩૬૧૪ **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના કેટલા ગામોને તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ નર્મદા પાઇપ લાઇન ધ્વારા જોડવામાં આવેલ છે, અને | (૧) કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના કુલ ૯૦ ગામો છે. તે પેકી ૮૮ ગામોને નર્મદા પાઈપ લાઈન દ્વારા જોડવામાં આવેલ છે. |
| (૨) બાકી રહેતા ગામોને પાઇપલાઇનથી જોડવાનું શું આયોજન છે ? | (૨) બાકી રહેતા બે ગામો પેકી ૧-ગામ સ્થાનિક સોર્સમાંથી પાણી મેળવે છે જરૂર પડયેથી નર્મદા પાઈપ લાઈન દ્વારા જોડવાનું આયોજન કરવામાં આવેલ છે અને ૧ ગામ બીન વસવાટી છે. |

---------

## રાજ્યમાં બિન નિવાસી ગુજરાતીઓ માટે થયેલ કાર્યક્રમ

૨૩૨૨૮ **શ્રી અનિલકુમાર માળી (દિયોદર) : માનનીય (બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૮-૨૦૧૧ સુધીમાં છેલ્લા બે વર્ષમાં જુદા જુદા રાજ્યો અને દેશમાં વસતા બિન નિવાસી ગુજરાતીઓ રાજ્યની સાંસ્કૃતિક, આર્થિક અને સામાજિક પ્રવૃત્તિઓથી વાકેફ થાય તેવો કોઇ કાર્યક્રમ એન. આર. આઇ. પ્રભાગ દ્વારા યોજાયેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કાર્યક્રમની વિગતો શી છે ? | (૨) ગુજરાત રાજ્ય સ્વર્ણિમ જયંતી ઉજવણી સંદર્ભે નીચે મુજબ કાર્યક્રમો યોજાયા હતાં :-<br>**સ્વર્ણિમ જયંતી ઉજવણીના પ્રારંભે એન.આર.જી. મહાસંમેલન**<br>(૧) તા. ૩૦-૪-૨૦૧૦ના રોજ ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટર, અમદાવાદ ખાતે એન.આર.જી. મહાસંમેલનનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં બિન નિવાસી ગુજરાતીઓ હાજર રહેલ હતા. દેશ-વિદેશમાંથી પધારેલ અગ્રણી મહાનુભાવોને સ્વર્ણિમ કળશ આપવામાં આવેલ હતો. |

આ કાર્યક્રમમાં સપ્તરંગી ગુજરાતીની થીમ પર સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજૂ કરવામાં આવ્યો હતો.

**(૨) મહાત્મા મંદિર ખાતે ભૂમિ પૂજન-**

તા. ૧લી મે ૨૦૧૦ના રોજ ગાંધીનગર ખાતે મહાત્મા મંદિરનું ભૂમિ પૂજન કરવામાં આવેલ હતું જુદા જુદા રાજ્યો અને દેશમાંથી આવેલ પ્રતિનિધિઓ દ્વારા લાવવામાં આવેલ પવિત્ર જળ અને માટીના કળશનો સ્વીકાર કરી તે પવિત્ર જળ અને માટી આ ભૂમિમાં પધરાવવામાં આવેલ હતી.

**(૩) સ્વર્ણિમ જયંતી ઉજવણી સમાપન નિમિત્તે એન.આર.જી. મહાસંમેલન**

તા. ૩૦-૪-૨૦૧૧ના રોજ મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે એન.આર.જી. મહાસંમેલન સમાપન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે માર્ચપાસ્ટ અને વિશાળ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ હતું.

---------

## ૩૧ ભિલોડા તાલુકામાં વનબંધુ યોજના અન્વયે રસ્તાઓ

૨૩૫૦૪ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં વનબંધુ યોજના અંતર્ગત આદિવાસી વિસ્તારની ૨૫૦થી ઓછી વસ્તી ધરાવતા ગામ-ફળીયાઓને પાકા બારમાસી રસ્તાઓથી જોડવામાં ક્યા ક્યા ગામ-ફળીયાઓને વર્ષવાર પાકા ડામરના રસ્તાઓથી જોડવામાં આવ્યા.

(૨) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ થયો,

(૩) બાકી કેટલા ગામ-ફળીયાઓ જોડવાના બાકી છે, અને

(૪) તે ક્યાં સુધી પાકા રસ્તાઓથી જોડવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) વનબંધુ યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન ઠાકરડા ફળિયા, ગડાદર પુનઃવસવાટ, દરબારવાસ, ગુલાબપુરા અને વારેણા ગામ -ફળિયાઓને પાકા બારમાસી રસ્તાઓથી જોડવામાં આવ્યા.

(૨) વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન રૂા. ૧૬૬.૫૩ લાખનો ખર્ચ થયેલ છે.

(૩) અને (૪) ૫૮ ગામ -ફળિયા જોડાયેલ નથી. ૧૦ ગામ-ફળિયાના કામો મંજૂર કરેલ છે તે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

## દાહોદ જિલ્લાની જમીનમાં સિંચાઇનો લાભ

૨૩૧૯૯ **શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૭-૧૧ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી જમીનને સિંચાઇનો લાભ આપવામાં આવે છે, અને

(૨) તે અન્વયે તાલુકાવાર બાકી રહેતી જમીનોને

**જવાબ**

(૧) તા. ૩૧-૭-૧૧ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર સિંચાઇના મળતા લાભોની વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | સિંચાઈ લાભ (હે.) |
|---|---|
| દાહોદ | ૭૫૫૨ |
| ગરબાડા | ૩૩૯૨ |
| **તાલુકો** | **સિંચાઈ લાભ (હે.)** |
| ધાનપુર | ૬૨૧૨ |
| લીમખેડા | ૭૯૮૯ |
| દેવગઢબારિયા | ૬૪૦૧ |
| ઝાલોદ | ૧૪૪૬૦ |
| ફતેપુરા | ૩૯૨૫ |
| **કુલ :** | **૪૯૯૩૧** |

(૨) શક્ય તેટલા વહેલા સમયમાં સિંચાઈ હેઠળ

| | |
|---|---|
| કેટલા સમયમાં સિંચાઇ હેઠળ આવરી લેવાનું આયોજન છે ? | આવરી શકાય તેવી જમીન આવરી લેવાનું આયોજન છે. |

---------

**રાજ્યમાં કાર્યાન્વિત શીપ યાર્ડ**

૨૩૬૧૯ **શ્રી કિશોરભાઈ વાંકાવાળા (સુરત શહેર પશ્ચિમ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (બંદરો)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૮-૧૧ની સ્થિતિએ રાજ્યમાં કેટલા શીપયાર્ડ કાર્યાન્વિત છે, | (૧) ૯ (નવ). |
| (૨) તેની કુલ ક્ષમતા કેટલી છે, અને | (૨) આશરે ૧૧.૧ લાખ ડેડ વેઈટ ટનેજ (ડીડબલ્યુટી). |
| (૩) આગામી બે વર્ષમાં આ ક્ષમતા કેટલી થનાર છે ? | (૩) આશરે ૧૫.૩૯ લાખ ડેડ વેઈટ ટનેજ (ડીડબલ્યુટી). |

---------

**માહિતી ખાતા દ્વારા ખાનગી જુથની પ્રેસનોટ પ્રસિધ્ધ કરવા બાબત**

૨૩૧૦૬ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મે-જૂન-૨૦૧૦ માસ દરમ્યાન અદાણી જુથ દ્વારા એમ્બોટ પોઇન્ટ કોલ ટર્મીનલ સંપાદિત કરવા અંગેની મુન્દ્રા બંદર સેઝની પ્રેસનોટ અદાણી જૂથના લેટર હેડ ઉપર રાજ્યના માહિતી ખાતા દ્વારા અખબારોમાં પ્રસિધ્ધ કરવામાં આવી હતી તે હકીક્ત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શાં છે, અને આવી ખાનગી જુથની પ્રેસનોટ માહિતી ખાતા દ્વારા પ્રસિધ્ધ કરવા સામે જવાબદાર અધિકારીઓ સામે સરકારે શાં પગલાં લીધાં ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**પંચમહાલ જિલ્લામાં ઉદ્યોગોને ફાળવેલ જમીન**

૨૩/page> ૨૩૦૫૯ **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં ક્યા ક્યા ઉદ્યોગોને કેટલી જમીન શા ભાવે ક્યા હેતુ માટે છેલ્લા ત્રણ વર્ષમાં ફાળવવામાં આવી ? | છેલ્લા ત્રણ વર્ષમાં કોઈ ઉદ્યોગને જમીન ફાળવવામાં આવી નથી. |

---------

**બનાસકાંઠા જિલ્લાની દાંતીવાડા જળાશય આધારિત પીવાના પાણીની યોજના બાબત**

૨૩૬૩૬ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠાની દાંતીવાડા જળાશય આધારિત પીવાના પાણીની યોજના સરકારની વિચારણા હેઠળ છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનાથી તાલુકાવાર કેટલા ગામોને આવરી લેવાનું આયોજન છે, અને | (૨) ડીસા તાલુકાના ૩૬ ગામો, દાંતીવાડાના ૩૧ ગામો અને પાલનપુરના ૨૭ ગામો મળી કુલ ૯૪ ગામોને આવરી લેવાનું આયોજન છે. |
| (૩) આ યોજના પાછળ કેટલો ખર્ચ થશે ? | (૩) રૂ. ૧૨૯ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. |

--------

**માહિતી ખાતા દ્વારા ગુજરાતી ભાષા સિવાય અન્ય ભાષામાં સામાયિક્નું પ્રકાશન**

૨૩૩૨૯ **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્ય સરકારના માહિતી ખાતા દ્વારા ગુજરાત પાક્ષિક્નું પ્રકાશન ક્રવામાં આવે છે પરંતુ ગુજરાતી ભાષા સિવાય અન્ય કોઇ ભાષામાં આ સામયિક્નું પ્રકાશન ક્રવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૮-૧૧ની સ્થિતિએ કઇ કઇ ભાષામાં ગુજરાત પાક્ષિક્નું પ્રકાશન ક્રવામાં આવેલ છે ? | (૨) તા. ૩૧/૮/૧૧ ની સ્થિતિએ અંગ્રેજી ભાષામાં ""ધ ગુજરાત"" ત્રિમાસિક રૂપે જાન્યુઆરી-૨૦૧૧ થી પ્રસિધ્ધ ક્રવામાં આવેલ છે. |

---------

**દેડીયાપાડા તાલુક્રામાં પરંપરાગત વીજળીકરણ**

૨૩૧૨૨ **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૭-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દેડીયાપાડાના માલસામોટ વન વિસ્તારના ગામોને વંશ પરંપરાગત વિજળીકરણ કરવા સરકારે કેટલી રકમની ફાળવણી કરેલ છે, અને<br>(૨) ઉક્ત સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે અને કેટલો ખર્ચ થયેલ છે ? | (૧) અને (૨) તા. ૩૧-૭-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દેડીયાપાડાના માલસામોટ વન વિસ્તારના આરક્ષિત જંગલ વિસ્તારમાં આવેલા ૨૧ ગામોમાં પરંપરાગત વિજળીકરણ માટે વન વિભાગની મંજૂરી મેળવી રૂ. ૪૮૪.૬૨ લાખની ફાળવણી ક્રવામાં આવી હતી. ઉક્ત ગામો પૈકી કેટલાક ગામોમાં તો અંડરગ્રાઉન્ડ કેબલ નાખીને પણ તમામ ૨૧ ગામોનું પરંપરાગત વિજળીકરણ રૂ. ૧૧૦૫.૪૮ લાખના ખર્ચે પૂર્ણ કરેલ છે. |

---------

**નડિયાદ રીંગરોડની ક્રામગીરી**

૨૩૩૮૫ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ખેડા જિલ્લાના નડિયાદ-ડાકોર રોડને નેશનલ હાઇ-વે નં. ૮-સાથે જોડતો નડિયાદ રીંગરોડ (બાયપાસ) રોડનું કામ મંજૂર ક્રવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે ૨૦૧૧-૧૨માં કેટલો ખર્ચ મંજૂર ક્રવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૨૧૬૪ લાખની વહીવટી મંજુરી તા. ૮-૯-૧૧ થી મંજૂર ક્રવામાં આવેલ છે. |
| (૩) આ ક્રામગીરી ક્યારે શરૂ કરી ક્યાં સુધીમાં પૂરી ક્રવામાં આવશે ? | (૩) આ કામની તાંત્રિક મંજુરી, ડીટીપી, ટેન્ડર વગેરે આનુસાંગિક પ્રક્રિયા પૂર્ણ કરી બનતી ત્વરાએ હાથ ધરી પૂર્ણ ક્રવાનું આયોજન છે. |

---------

**અમદાવાદ જિલ્લામાં મોટા તળાવો ઊંડા કરવા પાછળ થયેલ ખર્ચ**

૨૩૨૬૨ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વર્ષ ૨૦૧૧-૧૨માં ૩૧ માર્ચ અંતિત, અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા મોટા તળાવો ઊંડા કરવાના ક્રામો હાથ ધરવામાં આવ્યા, અને | (૧) ૫ તળાવ ઊંડા કરવાનું કામ હાથ ધરવામાં આવેલ. |
| (૨) આ તળાવોના ક્રામો પાછળ તા. ૩૧-૮-૨૦૧૧ સુધીમાં કુલ કેટલો ખર્ચ ક્રવામાં આવ્યો? | (૨) રૂ. ૨૭.૩૦ લાખ. |

## અમરેલી જિલ્લામાં ઉદ્યોગોને ફાળવેલ જમીન

૨૩૦૭૭ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં ક્યા ક્યા ઉદ્યોગોને કેટલી જમીન શા ભાવે ક્યા હેતુ માટે છેલ્લા ત્રણ વર્ષમાં ફાળવવામાં આવી ?

**જવાબ**

પત્રક-અ અને પત્રક-બ મુજબ

**પત્રક-અ**

| ક્રમ | અરજદાર/કંપનીનું નામ | ક્ષેત્રફળ (ચો.મી.) | જમીન ક્યા હેતુ માટે આપવામાં આવેલ છે. | શા ભાવે આપેલ છે ? પ્રતિ ચો. મી. | વસૂલ આવેલ રકમ રૂા. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | એલ.સી.એલ. એજન્સી પ્રા. લી. મુંબઈ | ૩૧૫૦ | ઓદ્યોગિક | રૂા. ૪૭૩/ પ્રતિ ચો. મી. | ૧૪૮૯૯૫૦ |
| ૨ | મહેન્દ્રભાઈ દેવકુભાઈ બસીયા, રે. બાબરા | ૧૦૦૦ | હોટલ ઉદ્યોગ | રૂા. ૧૧૦૦/ પ્રતિ ચો. મી. | ૧૧૦૦૦૦૦ |
| ૩ | વાઈલ્ડ વુડ રીસોર્ટ એન્ડ રીયાલીટીઝ પ્રા. લી. બગસરા | ૯૯૭૮૨૪ | એગ્રિકલ્ચર ટુરીઝમ તથા રીસોર્ટ પ્રોજેક્ટ સ્થાપવા | રૂા. ૧૫/ પ્રતિ ચો. મી. | ૧૬૭૧૩૦૪૩ |
| ૪ | જગદીશભાઈ મગનભાઈ બકરાણીયા રે. નવા ખીજડીયા | ૧૦૧.૧૬ | સુથારીકામના ઓદ્યોગિક હેતુ માટે | રૂા. ૪૦૦/ પ્રતિ ચો. મી. | ૪૦૮૦૦ |
| | | ૧૦૦૨૦૭૫.૧૬ | | | ૧૯૩૪૩૭૯૩ |

**પત્રક-બ**

| ક્રમ | અરજદાર/કંપનીનું નામ | ક્ષેત્રફળ (ચો.મી.) | જમીન ક્યા હેતુ માટે આપવામાં આવેલ છે. | શા ભાવે આપેલ છે ? પ્રતિ ચો. મી.ના રૂા. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | જ્યોતી લી. વડોદરા | ૧૭૦૦૦૦ | પવનચક્કીના ઉદ્યોગ માટે ભાડાપટ્ટેથી | પ્રતિ હેક્ટર રૂા. ૧૦,૦૦૦/- પ્રતિ વર્ષ |
| ૨ | ગુજરાત ફ્લોરો કેમીકલ્સ લી. | ૬૦૦૦૦ | પવનચક્કીના ઉદ્યોગ માટે ભાડાપટ્ટેથી | પ્રતિ હેક્ટર રૂા. ૧૦,૦૦૦/- પ્રતિ વર્ષ |
| ૩ | ગુજરાત ફ્લોરો કેમીકલ્સ લી. | ૨૦૦૦૦ | પવનચક્કીના ઉદ્યોગ માટે ભાડાપટ્ટેથી | પ્રતિ હેક્ટર રૂા. ૧૦,૦૦૦/- પ્રતિ વર્ષ |
| ૪ | ગુજરાત ફ્લોરો કેમીકલ્સ લી. | ૨૦૦૦૦ | પવનચક્કીના ઉદ્યોગ માટે ભાડાપટ્ટેથી | પ્રતિ હેક્ટર રૂા. ૧૦,૦૦૦/- પ્રતિ વર્ષ |
| ૫ | ગુજરાત ફ્લોરો કેમીકલ્સ લી. | ૧૦૦૦૦ | પવનચક્કીના ઉદ્યોગ માટે ભાડાપટ્ટેથી | પ્રતિ હેક્ટર રૂા. ૧૦,૦૦૦/- પ્રતિ વર્ષ |
| ૬ | ગુજરાત ફ્લોરો કેમીકલ્સ લી. | ૬૦૦૦૦ | પવનચક્કીના ઉદ્યોગ માટે ભાડાપટ્ટેથી | પ્રતિ હેક્ટર રૂા. ૧૦,૦૦૦/- પ્રતિ વર્ષ |
| ૭ | ગુજરાત ફ્લોરો કેમીકલ્સ લી. | ૪૦૦૦૦ | પવનચક્કીના ઉદ્યોગ માટે ભાડાપટ્ટેથી | પ્રતિ હેક્ટર રૂા. ૧૦,૦૦૦/- પ્રતિ વર્ષ |
| ૮ | ગુજરાત ફ્લોરો કેમીકલ્સ લી. | ૩૦૦૦૦ | પવનચક્કીના ઉદ્યોગ માટે ભાડાપટ્ટેથી | પ્રતિ હેક્ટર રૂા. ૧૦,૦૦૦/- પ્રતિ વર્ષ |
| ૯ | ગુજરાત ફ્લોરો કેમીકલ્સ લી. | ૩૦૦૦૦ | પવનચક્કીના ઉદ્યોગ માટે ભાડાપટ્ટેથી | પ્રતિ હેક્ટર રૂા. ૧૦,૦૦૦/- પ્રતિ વર્ષ |
| ૧૦ | ગુજરાત ફ્લોરો કેમીકલ્સ લી. | ૫૦૦૦૦ | પવનચક્કીના ઉદ્યોગ માટે ભાડાપટ્ટેથી | પ્રતિ હેક્ટર રૂા. ૧૦,૦૦૦/- પ્રતિ વર્ષ |
| ૧૧ | ગુજરાત ફ્લોરો કેમીકલ્સ લી. | ૬૦૦૦૦ | પવનચક્કીના ઉદ્યોગ માટે ભાડાપટ્ટેથી | પ્રતિ હેક્ટર રૂા. ૧૦,૦૦૦/- પ્રતિ વર્ષ |
| ૧૨ | થીઓલીયા વિન્ડ પાવર લી. દિલ્હી | ૧૪૦૦૦૦ | પવનચક્કીના ઉદ્યોગ માટે ભાડાપટ્ટેથી | પ્રતિ હેક્ટર રૂા. ૧૦,૦૦૦/- પ્રતિ વર્ષ |
| | | **૫૨૦૦૦૦.૦૦** | | |

---------

## બાયસેગના શૈક્ષણિક ઉપગ્રહના માધ્યમથી શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ

૨૩૨૧૦ **શ્રીમતી જશોદાબેન પરમાર(જોટાણા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

બાયસેગ સંસ્થાના એજ્યુસેટના ઉપયોગ દ્વારા ૨૦૧૧-૧૨ના નાણાકીય વર્ષ દરમિયાન તા. ૩૧-૮-

**જવાબ**

બાયસેગ સંસ્થાના એજ્યુસેટના ઉપયોગ દ્વારા ૨૦૧૧-૧૨ નાણાકીય વર્ષ દરમિયાન તા. ૩૧-૮-૧૧

૧૧ સુધીમાં કેટલા શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવેલ છે ?

સુધીમાં ૧૮૬ શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવેલ છે.

## તત્કાલ વિજ જોડાણ યોજના અન્વયે જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર વિજ જોડાણ

૨૩૫૦૧ **શ્રી જવાહરભાઈ પે.ચાવડા(માણાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે જાહેર કરેલ તત્કાલ વિજ જોડાણ યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૭-૧૧ સુધીમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી, અને

(૨) આવેલ અરજીઓ પૈકી કેટલા ખેડૂતોને તત્કાલ વિજ જોડાણ આપી વિજ પુરવઠો આપવામાં આવ્યો ?

**જવાબ**

(૧) અને (૨)

રાજ્ય સરકારે જાહેર કરેલ તત્કાલ વિજ જોડાણ યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૭-૧૧ સુધીમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર મળેલ અરજીઓ તથા આપવામાં આવેલ વીજ જોડાણની માહિતી નીચે પ્રમાણે છે.

| તાલુકો | મળેલ અરજીઓ | અંદાજપત્રના નાણાં ભરપાઈ ન થવાના કારણે તથા અન્ય કારણે રદ થયેલ અરજીઓ | અંદાજપત્રના નાણાં ભરપાઈ થયેલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણની સંખ્યા |
|---|---|---|---|---|
| ઉના | ૯૧૪ | ૨૪૫ | ૨૧૫ | ૧૫૮ |
| કેશોદ | ૧૩૩૪ | ૪૪૨ | ૨૯૯ | ૧૪૨ |
| જુનાગઢ | ૧૦૩૩ | ૨૪૩ | ૩૦૫ | ૩૯ |
| તાલાળા | ૮૭૮ | ૪૨૧ | ૧૩૬ | ૩૪ |
| ભેંસાણ | ૧૦૦૫ | ૧૦૫ | ૧૮૪ | ૧૮ |
| માળીયા હા. | ૧૧૨૬ | ૭૦૬ | ૩૧૨ | ૧૫૩ |
| મેંદરડા | ૬૯૦ | ૧૨૪ | ૧૫૮ | ૬૦ |
| વિસાવદર | ૧૨૬૬ | ૨૭૨ | ૪૦૧ | ૫૯ |
| વેરાવળ | ૭૪૬ | ૨૯૮ | ૧૩૩ | ૪૨ |
| સુત્રાપાડા | ૭૯૫ | ૨૧૯ | ૭૬ | ૨ |

જુનાગઢ જિલ્લાના માણાવદર, વંથલી માંગરોળ અને કોડીનાર તાલુકાઓનો ડાર્કઝોનમાં સમાવેશ થયેલ હોઈ, આ તાલુકાઓમાં તત્કાલ યોજના નીચે અરજીઓ નોંધવામાં આવેલ નથી.

---------

## રાજકોટ જિલ્લામાં કાર્યાન્વિત નવા વીજ સબ સ્ટેશનો

૨૩૬૨૮ **શ્રી કાંતિભાઈ અમૃતિયા (મોરબી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા નવા વિજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા,

(૨) તે પૈકી વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન કેટલા નવા વિજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૩) વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન કેટલા નવા વિજ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૬૬ કે.વી. ના કુલ છત્રીસ (૩૬) સબસ્ટેશનો રૂા. ૧૨૪.૫૬૨૪ કરોડના ખર્ચે કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

(૨) વર્ષ ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન ૬૬ કે. વી. ના કુલ ઓગણીસ (૧૯) સબ સ્ટેશનો રૂા. ૭૪.૬૯૮૦ કરોડના ખર્ચે કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

(૩) વર્ષ ૨૦૧૧-૨૦૧૨ દરમ્યાન ૨૨૦ કે. વી.ના બે (૨) અને ૬૬ કે. વી. ના ચોવીસ (૨૪) એમ મળીને છવ્વીસ (૨૬) સબ સ્ટેશનો રૂા. ૧૪૬.૨૯ કરોડના ખર્ચે કાર્યાન્વિત કરવાનું આયોજન છે.

---------

## ઇન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીક્લ રિસર્ચ ખાતે ભૂંકપ સંશોધન માટેની સગવડો

૨૩૨૦૭ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૮-૧૧ની સ્થિતિએ ઇન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીક્લ રિસર્ચ કેમ્પસ ખાતે ભૂંકપ સંશોધન માટે ક્યા ક્યા પ્રકારની સગવડો ઉપલબ્ધ છે ? | ૧. ભૂકંપ સંશોધન માટે વિવિધ પ્રકારની લેબોરેટરી સ્થાપવામાં આવેલ છે, જેવી કે (૧) જીપીએસ લેબ (૨) માઈક્રોઝોનેશન લેબ. (૩) જીઓટેક્નીક્લ લેબ. (૪) ગ્રેવીટી લેબ. (૫) મેગ્નેટો ટેલોરિક લેબ. (૬) ઓ. એસ. એલ. લેબ (૭) સિસ્મોલોજીક્લ મોનીટરીંગ લેબ (સિસ્મીક ડેટા સેન્ટર) (૮) એન્જિનીયરીંગ જીઓફીઝીક્સ લેબ. (૯) બ્રોડબેન્ડ સિસ્મોલોજી લેબ. (૧૦) એમ. પી. જી. ઓ.<br>૨. સિસ્મીક ડેટા સેન્ટર ચોવીસ ક્લાક કાર્યરત હોય છે. ગુજરાતમાં સ્થાપેલા ૨૨ ધરતીકંપ માપન કેન્દ્રોમાંથી વી-સેટ મારફતે ડેટા સેન્ટરમાં સતત ડેટા આવે છે. તેનું પરિક્ષણ કરીને પાંચ કે દશ મિનિટમાં ભૂકંપની તિવ્રતા એપિસેન્ટર અને ફોક્સની જાણકારી પૂરી પાડવામાં આવે છે.<br>૩. ક્રસ્ટલ ડીફર્મેશન સ્ટડી માટે ૩૦ સ્થળોએ જીપીએસ સ્ટેશન સ્થાપવામાં આવેલ છે. તેનો ડેટા પરિક્ષણ કરીને નાનામાં નાની હિલચાલ જાણવા મળે છે.<br>૪. જુદા જુદા પ્રકારના ઈન્સ્ટ્રુમેન્ટસ મારફતે જીઓફીઝીક્લ સર્વે કરીને જમીન નીચેનું ક્રસ્ટલ સ્ટ્રક્ચર અને ફોલ્ટસનો અભ્યાસ કરવામાં આવે છે.<br>૫. ઓ.એસ.એલ. સાધન મારફતે પેલીયો સિસ્મોલોજીક્લ સ્ટડી કરવામાં આવે છે. તેથી હજારો વર્ષ પહેલાં થયેલ ભૂકંપની જાણકારી મેળવી શકાય છે.<br>૬. જીયોટેક્નીક્લ લેબોરેટરીથી સોઈલ ઈન્વેસ્ટીગેશન અને જીઓટેક્નીક્લ સ્ટડી કરવામાં આવે છે.<br>૭. એન્જીનીયરીંગ સિસ્મોગ્રાફ અને પી.એસ.લોગ.-ઈન દ્વારા સાઈટ એમ્પ્લીફીકેશન તથા જમીન અને મકાનોમાં ભૂકંપનો રીસ્પોન્સ જાણવા મળે છે, જેથી અર્થક્વેક રીઝીસ્ટન્ટ ડીઝાઈન બનાવી શકાય.<br>૮. ભૂકંપની આગાહી માટે ક્ચ્છમાં સ્થાપેલ ત્રણ એમ.પી.જી.ઓ. લેબમાંથી આવેલા ડેટાનું પરીક્ષણ કરીને રીસર્ચ કરવામાં આવે છે. |

## રાજકોટ શહેરના પોલીસની આરોગ્ય ચકાસણી

૨૩૩૨૨ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ-દળના કર્મચારી/અધિકારીઓના આરોગ્યની ચકાસણી માટે સરકાર દ્વારા મફ્ત મેડિક્લ ચેકઅપ ની કોઇ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો પોલીસ કમિશનર રાજકોટ હેઠળ ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓની આરોગ્યની ચકાસણી તા. ૩૧-૮-૧૧ની સ્થિતિએ છેલ્લા | (૨) ૧૩૦૦. |

એક વર્ષમાં કરવામાં આવી ?

**અમદાવાદ અને ગાંધીનગર શહેરમાંથી પકડાયેલ ગો-માંસનો જથ્થો**

૨૩૧૦૩ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૧૧થી તા. ૩૦-૮-૧૧ સુધીમાં ગાંધીનગર અને અમદાવાદ શહેરમાંથી માસવાર ગો-માંસનો કેટલો જથ્થો પકડવામાં આવ્યો, અને

(૨) તે અન્વયે કેટલા ઇસમોની ધરપકડ કરી કઇ કઇ કલમો લગાડવામાં આવી ?

**જવાબ**

(૧) તા. ૧-૧-૨૦૧૧થી તા. ૩૦-૮-૨૦૧૧ સુધીમાં ગાંધીનગર અને અમદાવાદ શહેરમાંથી નીચે મુજબ માસવાર ગો-માંસનો જથ્થો પકડવામાં આવેલ છે.

| માસ | ગાંધીનગરમાંથી પકડાયેલ જથ્થો (કિલોમાં) | અમદાવાદમાંથી પકડાયેલ જથ્થો (કિલોમાં) |
|---|---|---|
| જાન્યુઆરી-૧૧ | ૦૦ | ૩૧૫૦ |
| ફેબ્રુઆરી-૧૧ | ૦૦ | ૨૦૦ |
| માર્ચ-૧૧ | ૦૦ | ૨૫૭૦ |
| એપ્રિલ-૧૧ | ૦૦ | ૧૨૦૦ |
| મે-૧૧ | ૦૦ | ૩૦૦૦ |
| જુન-૧૧ | ૦૦ | ૨૫૦૦ |
| જુલાઈ-૧૧ | ૦૦ | ૫૯૫૦ |
| ઓગસ્ટ-૧૧ | ૧૫૦ | ૮૨૨૦ |
| **કુલ જથ્થો** | **૧૫૦** | **૨૬૭૯૦** |

(૨) (૧) ગાંધીનગર શહેરમાં એક ઈસમની ધરપકડ કરવામાં આવેલ છે તથા તેની સામે ઈપીકો કલમ ૪૨૯, ૨૯૫(ક) તથા મુંબઈ પશુ સંરક્ષણ ધારા ૧૯૫૪ની કલમ ૫,૬,૮ અને પશુ ક્રુરતા નિવારણ ધારો ૧૯૬૦ની કલમ ૧૧ (ડી), (ઈ), (એફ), મુજબની કલમો લગાડવામાં આવી છે.

(૨) અમદાવાદ શહેરમાં કુલ ૧૦૨ ઈસમોની ધરપકડ કરવામાં આવેલ છે તથા તેઓની સામે ધી પશુ સંરક્ષણ ધારાની કલમ ૫, ૧૧ તથા પશુ ઘાતકીપણાની કલમ ૩,૫,૭,૮ તથા બીપીએક્ટ કલમ ૩૩૫, ૩૩૬ લગાડવામાં આવેલ છે.

---------

**સુરત જિલ્લામાં મંજૂર થયેલ આંગણવાડીઓ**

૨૩૨૪૫ **શ્રીમતી ભારતીબેન રાઠોડ (કામરેજ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦-૬-૨૦૧૧ની સ્થિતિએ સુરત જિલ્લામાં મંજૂર થયેલ તાલુકાવાર આંગણવાડીઓ કેટલી છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર થયેલ આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | મહુવા | ૨૦૫ |
| ૨ | માંડવી | ૨૯૪ |
| ૩ | માંગરોળ | ૨૧૧ |
| ૪ | બારડોલી | ૨૧૬ |
| ૫ | ઓલપાડ | ૧૬૯ |
| ૬ | ચોર્યાસી | ૧૪૧ |
| ૭ | કામરેજ | ૧૩૪ |
| ૮ | પલસાણા | ૧૧૭ |
| ૯ | ઉમરપાડા | ૧૪૩ |
| ૧૦ | સુરત | ૧૦૦૪ |

| | | |
|---|---|---|
| ૧૦ | સુરત | ૧૦૦૪ |
| | કુલ | ૨૬૩૪ |

(૨) તે પૈકી કેટલી આંગણવાડીઓ પોતાના મકાનમાં બેસે છે, અને

(૨) ૧૫૧૩.

(૩) કેટલી આંગણવાડીઓ ભાડાના મકાનમાં બેસે છે ?

(૩) ૬૬૯.

## સુરેન્દ્રનગર જિલ્લાના તાલુકાઓને નર્મદાનું પાણી પૂરું પાડવાની યોજના

૨૩૬૩૮ **શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ, મૂળી, સાયલા અને ચોટીલા તાલુકાઓને નર્મદાનું પાણી પૂરું પાડવાની યોજનામાં તાલુકાવાર કેટલા ગામો તથા શહેરનો સમાવેશ કરવામાં આવેલ છે,

**જવાબ**

(૧) નીચેની વિગતે

| ક્રમ | તાલુકો | સમાવિષ્ટ ગામો અને શહેરોની સંખ્યા | |
|---|---|---|---|
| | | ગામ | શહેર |
| ૧ | વઢવાણ | ૪૫ | ૦ |
| ૨ | મૂળી | ૫૮ | ૦ |
| ૩ | સાયલા | ૭૬ | ૦ |
| ૪ | ચોટીલા | ૧૧૨ | ૧ |
| | કુલ | ૨૯૧ | ૧ |

(૨) આ યોજના દ્વારા ક્યારથી પાણી પૂરૂં પાડવાનું આયોજન છે, અને

(૨) *૧૧૦ ગામોને પાણી પુરૂં પાડવામાં આવે છે.
*૧૮૧ ગામો અને ૧ શહેરને માહે ૨/૨૦૧૨ સુધીમાં પાણી પુરૂં પાડવાનું આયોજન છે.

(૩) આ યોજના પાછળ કેટલો ખર્ચ થનાર છે ?

(૩) કુલ રૂા. ૨૬૩.૬૩ કરોડનો ખર્ચ થનાર છે.

---------

## વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમિટમાં થયેલ ઉદ્યોગોના એમ.ઓ.યુ.

૨૩૩૩૮ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સને ૨૦૦૯માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમિટમાં જે ઉદ્યોગગૃહોએ એમ.ઓ.યુ. કરેલા તે પૈકી ક્યા ક્યા ઉદ્યોગગૃહો તા. ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ આ કરારમાંથી ખસી ગયા, અને

(૨) જે ઉદ્યોગગૃહો કરારમાંથી ખસી ગયા તેમણે કેટલી રકમના મૂડી રોકાણની શક્યતાઓ દર્શાવી હતી ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૯માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમિટમાં ૩૩૪૬ એમ.ઓ.યુ. થયેલ છે. જે પૈકી ૧૯૩ એમઓયુ (૫.૭૬ ટકા) પડતા મૂકવામાં આવ્યા છે.

(૨) આ ૧૯૩ એકમોનો સેક્ટરવાર બ્રેક અપ અને સૂચિત મૂડીરોકાણ આ સાથેના પત્રક મુજબ છે.

**પત્રક**

(તા. ૩૧-૦૭-૨૦૧૧ની સ્થિતિએ)

| અ.નં. | સેક્ટરનું નામ | પડતા મૂકાયેલા | |
|---|---|---|---|
| | | એમ.ઓ.યુ. ની સંખ્યા | અપેક્ષીત રોકાણ (રૂ. કરોડમાં) |
| ૧ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ | ૧૮ | ૯૫.૬૫૭ |
| ૨ | કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ | ૫ | ૧૧.૨૫ |
| ૩ | એન્જીનિયરીંગ એન્ડ ઓટો | ૨૬ | ૧૭૮.૭૯ |
| ૪ | એનવાયરમેન્ટ | ૧ | ૧૦ |
| ૫ | જેમ્સ એન્ડ જ્વેલરી | ૩ | ૦.૫૫ |
| ૬ | જી.એમ.ડી.સી. | ૧ | ૧૫૦૦ |
| ૭ | ઈન્ફોર્મેશન ટેક્નોલોજી | ૧ | ૦.૧૭ |
| ૮ | મીનરલ બેઈઝ (સિમેન્ટ) | ૯ | ૭.૨૧ |
| ૯ | ઓઈલ એન્ડ ગેસ | ૩ | ૫.૬ |
| ૧૦ | પેપર ઈન્ડસ્ટ્રીઝ | ૪ | ૪૧૨.૫૬ |
| ૧૧ | પી.સી.પી.આઈ.આર. | ૩ | ૯૨ |
| ૧૨ | ફાર્માસ્યુટીકલ | ૩ | ૨૧ |

| અ.નં. | સેક્ટરનું નામ | પડતા મૂકાયેલા | |
|---|---|---|---|
| | | એમ.ઓ.યુ. ની સંખ્યા | અપેક્ષીત રોકાણ (રૂ. કરોડમાં) |
| ૧૩ | પોર્ટ | ૧૫ | ૧૭૨૩૦ |
| ૧૪ | પાવર | ૨ | ૫.૨ |
| ૧૫ | સેઝ | ૧ | ૮૬૫ |
| ૧૬ | ટેક્ષટાઈલ એન્ડ એપરલ્સ | ૪ | ૫.૫ |
| ૧૭ | ટુરીઝમ | ૪ | ૨૬.૨૫ |
| ૧૮ | અર્બન ડેવલોપમેન્ટ | ૭૭ | ૨૪૭૨૧.૬૩ |
| ૧૯ | અન્ય | ૧૩ | ૧૨.૩૭૩૫ |
| | કુલ | ૧૯૩ | ૪૫૨૦૦.૭૪ |

---------

## દ્વારકા શહેરને પીવાના પાણી માટે કરેલ આયોજન

૨૩૬૩૭ **શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) યાત્રાધામ દ્વારકાને પીવાના પાણીની કાયમી વ્યવસ્થા અંગે નર્મદાનું પાણી દ્વારકા સુધી પહોંચાડવા સરકારે આયોજન કરેલ છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૮-૨૦૧૧ ની સ્થિતિએ એ કામ ક્યા તબક્કે છે, અને | (૨) કામ પૂર્ણ થયેલ છે. |
| (૩) તેની પાછળ કેટલી રકમનો ખર્ચ થનાર છે ? | (૩) આ કામ પાછળ રૂા. ૧૪.૧૬ કરોડનો ખર્ચ થયેલ છે. |

---------

## જૂનાગઢ જિલ્લામાં કાર્યાન્વિત નવા વીજ સબ સ્ટેશનો

૨૩૬૨૭ **શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા નવા વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, | (૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૬૬ કે.વી.ના કુલ તેર(૧૩) સબ સ્ટેશનો રૂ. ૪૨.૬૪૭૫ કરોડના ખર્ચે કાર્યાન્વિત કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન કેટલા નવા વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૨) વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન કુલ ૬૬ કે.વી.ના આઠ(૮) સબસ્ટેશનો રૂ.૨૪.૩૫૨૯ કરોડના ખર્ચે કાર્યાન્વિત કરવામાં આવેલ છે. |
| (૩) વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન કેટલા નવા વીજ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે ? | (૩) વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન ૨૨૦ કે.વી.નું એક(૧) અને ૬૬ કે.વી.ના નવ(૯) એમ કુલ દસ(૧૦) સબસ્ટેશનો રૂ. ૬૧.૭૬ કરોડના ખર્ચે કાર્યાન્વિત કરવાનું આયોજન છે. |

---------

## જેતપુર ખાતે સેવા સદનની કામગીરી બાબત

૨૩૨૯૬ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦-૬-૨૦૧૧ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના જેતપુર ખાતે તાલુકા સેવા સદનની કામગીરી ક્યા તબક્કે છે, અને | (૧) બાંધકામ પ્રગતિમાં છે. |
| (૨) આ કામ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૨) કરારનામાની જોગવાઈ મુજબ આ કામ તા. ૨૯/૫/૨૦૧૨ના રોજ પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**પાલીતાણા અને ગારીયાધાર તાલુકામાં પાણી પુરવઠા યોજનાની મંજૂર થયેલ રકમ**

૨૩૬૩૧ **શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શેત્રુંજી જળાશય આધારિત પાલીતાણા અને ગારીયાધાર તાલુકાઓ માટે તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ જૂથ પાણી પુરવઠા યોજના મંજૂર કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેની અંદાજીત રકમ કેટલી થાય છે, અને

(૩) આ યોજના ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને તે ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨)

હા, જી. નીચેની વિગતે કુલ ૩ જૂથ યોજનાઓ
ગારીયાધાર સ્ટેજ - ૧ - રૂા. ૬૬.૫૩ લાખ
ગારીયાધાર સ્ટેજ - ૨ - રૂા. ૧૩૧.૮૩ લાખ
ગારીયાધાર સ્ટેજ - ૩ - રૂા. ૪૪૮.૫૧ લાખ
કુલ રૂા. ૬૪૬.૮૭ લાખ.

(૩) યોજનાના કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

---------

**સાબરકાંઠા જિલ્લામાં કુલા-ધરોલ ઉદવહન સિંચાઇ યોજનાની કામગીરી**

૨૩૨૬૪ **શ્રી દિલિપસિંહ વ. પરમાર (મોડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાની કુલા-ધરોલ ઉદવહન સિંચાઇ યોજનાની કામગીરી તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત કામગીરી ક્યારે પૂર્ણ થનાર છે, અને

(૩) તેના થકી કેટલા તળાવો ભરી શકાશે ?

**જવાબ**

(૧) પંપીંગ સ્ટેશન તથા પાઈપલાઈનની કામગીરી પુર્ણ થયેલ છે. તળાવો લીંક કરવાની કાર્યવાહી હાથ પર ધરેલ છે.

(૨) વર્ષ ૨૦૧૨-૨૦૧૩માં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) ૨૨ તળાવો.

---------

**આણંદ જિલ્લામાં તાલુકાવાર ચોરી, બેંકલૂંટના બનાવોની ફરિયાદો**

૨૩૧૭૦ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૦-૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી ઘરફોડ ચોરી, દુકાનચોરી અને બેંક લૂંટના બનાવની ફરિયાદો આવી,

(૨) આવેલ ફરિયાદો સામે કેટલી દુકાન ચોરી, ઘ રફોડ ચોરી અને બેંક લૂંટના કેસમાં તાલુકાવાર ચોરીઓ પકડાઇ, અને

(૩) ભવિષ્યમાં ચોરીના બનાવો બનતા અટકે તે માટે શાં પગલાં ભરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) અને (૨) : સામેલ પત્રક મુજબ.

(૩) આ પ્રકારના ગુનાઓ અટકાવવા માટે નીચે જણાવ્યા મુજબનાં અસરકારક પગલાં લેવામાં આવે છે :-
(૧) નાકાબંધી/વાહન ચેકીંગના પોઈન્ટો પર વાહન ચેકીંગ કરવામાં આવે છે.
(૨) આવા ગુનાઓ બનતા અટકાવવા અસરકારક નાઈટ રાઉન્ડની સ્કીમ પણ અમલમાં મૂકવામાં આવેલ છે.
(૩) પી.સી.આર. વાન દ્વારા પણ અસરકારક પેટ્રોલીંગની કામગીરી કરવામાં આવે છે.
(૪) અવારનવાર હોટલ/ધાબાઓ, મોલો, ગેસ્ટ હાઉસો, રેલ્વે સ્ટેશન, એસ. ટી. સ્ટેન્ડ જેવી ભીડવાળી જગ્યાઓ ચેક કરવામાં આવે છે અને શંકાસ્પદ ઈસમો ઉપર દેખરેખ રાખવામાં આવે છે.

(૫) આ ઉપરાંત અવારનવાર કોમ્બીંગ નાઈટનું આયોજન કરવામાં આવે છે. તેમજ નાસતા ફરતા

આરોપીઓ અને જેલમાંથી છૂટેલા આરોપીઓ ઉપર વોચ રાખવામાં આવે છે.

**પત્રક**

| તાલુકાનું નામ | બનેલ બનાવ | | | પકડાયેલ ચોરી | | |
|---|---|---|---|---|---|---|
| | ઘરફોડ ચોરી | દુકાન ચોરી | બેંક લૂંટ | ઘરફોડ ચોરી | દુકાન ચોરી | બેંક લૂંટ |
| આણંદ | ૪૫ | ૩ | - | ૧૪ | ૨ | - |
| ઉમરેઠ | ૯ | - | - | ૧ | - | - |
| પેટલાદ | ૧૦ | ૧ | - | ૪ | ૧ | - |
| બોરસદ | ૧૩ | ૧ | - | ૨ | ૧ | - |
| આંકલાવ | ૧૨ | - | - | ૫ | - | - |
| ખંભાત | ૫ | - | - | ૩ | - | - |
| સોજીત્રા | ૪ | - | - | ૧ | - | - |
| તારાપુર | ૧ | - | - | - | - | - |

---------

## ઝૂંપડપટ્ટી વિજળીકરણ યોજના હેઠળ આણંદ જિલ્લામાં તાલુકાવાર વિજ જોડાણો

૨૩૪૧૫ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર વર્ષ ૨૦૦૯-૧૦, ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ માં ઝૂંપડપટ્ટી વિજળીકરણ યોજનામાં કેટલી અરજીઓ મળેલ છે,

(૨) તે પૈકી કેટલાને વિજ જોડાણ આપવામાં આવેલ છે, અને

(૩) બાકી વીજ જોડાણ કેટલા સમયમાં આપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨) : તા.૩૧-૮-૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦, વર્ષ ૨૦૧૦-૧૧ અને વર્ષ ૨૦૧૧-૧૨ (તા. ૩૧-૦૮-૨૦૧૧ અંતિત) માં ઝૂંપડા વિજળીકરણ યોજના માટે વર્ષવાર મળેલ અરજીઓ, અને તે પૈકી આપવામાં આવેલ વીજ જોડાણની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | મળેલ અરજીઓ | | | રદ/ નામંજુર થયેલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણ |
|---|---|---|---|---|---|
| | વર્ષ ૨૦૦૯-૧૦ | વર્ષ ૨૦૧૦-૧૧ | વર્ષ ૨૦૧૧-૧૨ (તા. ૩૧-૮-૨૦૧૧ અંતિત) | | |
| આણંદ | ૧૨૭૨ | ૩૬૯ | ૩૬૧ | ૨૧૪ | ૯૫૬ |
| બોરસદ | ૧૦૭૮ | ૮૬૩ | ૨૦૬ | ૫૬૮ | ૧૧૨૯ |
| ખંભાત | ૫૧૯ | ૪૭૪ | ૪૮ | ૩૮ | ૬૨૨ |
| પેટલાદ | ૨૪૩ | ૬૪૮ | ૧૭૧ | ૮૩ | ૬૯૩ |
| સોજીત્રા | ૬૨૩ | ૩૯૭ | ૧૬૩ | ૨૭૬ | ૬૯૩ |
| તારાપુર | ૨૦૨ | ૧૦૯ | ૨૨ | ૪૨ | ૨૭૦ |
| ઉમરેઠ | ૧૪૧૮ | ૯૦૪ | ૨૯૩ | ૧૦૪૭ | ૭૫૪ |
| આંકલાવ | ૮૯૩ | ૧૦૦૩ | ૬૨૬ | ૨૮૪ | ૧૩૪૧ |

(૩) પાત્રતા ધરાવતા બાકીના અરજદારોને ચાલુ નાણાકીય વર્ષના અંત સુધીમાં વીજ જોડાણ આપવાનું આયોજન છે.

## પાલીતાણા અને ગારીયાધાર તાલુકાને પીવાનું પાણી પૂરું પાડવા અંગે

૨૩૬૩૩ **શ્રીમતી ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શેત્રંજી જળાશય આધારીત પાલીતાણા અને ગારીયાધાર તાલુકાઓ માટે સન ૨૦૧૧-૧૨માં તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ કોઇ જૂથ પાણી પુરવઠા યોજના મંજૂર કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેની અંદાજીત રકમ કેટલી થાય છે, અને

(૩) આ યોજના ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને તે ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) :

વર્ષ ૨૦૧૧-૧૨માં કોઈ જુથ પાણી પુરવઠા યોજના મંજૂર કરેલ નથી પરંતુ અગાઉના વર્ષોમાં ૩ યોજનાઓ અંદાજી રકમ રૂા. ૬૪૬.૮૭ લાખની મંજૂર કરવામાં આવેલ જેના કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

---------

## આણંદ જિલ્લામાં ઉદ્યોગોને ફાળવેલ જમીન

૨૩૦૫૭ **શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ક્યા ક્યા ઉદ્યોગોને કેટલી જમીન શા ભાવે ક્યા હેતુ માટે છેલ્લા ત્રણ વર્ષમાં ફાળવવામાં આવી ?

**જવાબ**

મોજે-ઈન્દ્રણજ, તા.-તારાપુરના સ.નં.-૧૮ ની ૫૦૦૦ ચો.મી. જમીન પ્રતિ ચો.મી. ના રૂા. ૨૫૦/- ના ભાવે દુરાવીટ ઈન્ડીયા પ્રા. લી. ને તા. ૧૭-૯-૦૮ થી

ફાળવવામાં આવેલ છે.

---------

**ભાવનગર જિલ્લાના બોટાદ અને નાવડા વચ્ચે પીવાના પાણીની પાઇપ લાઇન**

૨૩૬૩૪ **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના બોટાદ અને નાવડા વચ્ચે તા.૩૧-૮-૧૧ની સ્થિતિએ નંખાઇ રહેલ પીવાના પણીની વધારાની પાઇપ લાઇન કેટલી રકમના ખર્ચે નાખવામાં આવી રહેલ છે,

(૨) આ પાઇપ લાઇનથી ક્યા ક્યા જિલ્લાઓને ફાયદો થશે, અને

(૩) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) પીવાના પાણીની વધારાની પાઈપ લાઈન રૂા.૧૦૧ કરોડના ખર્ચે નાખવામાં આવી રહેલ છે.

(૨) આ પાઈપ લાઈનથી અમદાવાદ, અમરેલી, ભાવનગર અને જૂનાગઢ જિલ્લાઓને ફાયદો થશે.

(૩) ડીસેમ્બર-૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**અમદાવાદના સરખેજ રોઝાને પવિત્ર યાત્રાધામ તરીકે વિકસાવવા બાબત**

૨૩૪૭૭ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

અમદાવાદ શહેરમાં આવેલ પ્રખ્યાત સરખેજનાં રોઝાને પવિત્ર યાત્રાધામ તરીકે વિક્સાવવા તા. ૩૧-૭-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શા પગલાં લેવામાં આવ્યા છે ?

**જવાબ**

અમદાવાદ શહેરમાં આવેલ પ્રખ્યાત સરખેજનાં રોઝાને પવિત્ર યાત્રાધામ તરીકે વિક્સાવવા પ્રવાસન, યાત્રાધામ વિભાગ તરફથી કોઈ નિર્ણય લેવાયેલ નથી.

---------

**જામનગર જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ મંજૂર કામો**

૨૩૩૦૨ **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાસ અંગભૂત યોજના હેઠળ જામનગર જિલ્લામાં કેટલી રકમના કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) આ કામો ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) રૂા. ૫૭૮૪ લાખની રકમના ૫૧ કામો મંજૂર કરવામાં આવ્યા.

(૨) તે પૈકી ૧૫ કામો પૂર્ણ, ૧૯ કામો પ્રગતિ હેઠળ, ૧ કામ વર્ક ઓર્ડર સ્ટેજે, ૧ કામ ટેન્ડર પ્રક્રિયા હેઠળ અને ૧૫ કામો નકશા અંદાજ તબક્કે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ આપેલ સારવાર**

૨૩૨૨૦ **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકોને ક્યા ક્યા રોગો માટે સારવાર આપવામાં આવી છે, અને

(૨) તે પૈકી કેટલા બાળકોને રેફરલ સારવાર અને તજજ્ઞ સારવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર રોગો માટે આપવામાં આવેલ સારવારનું પત્રક-અ આ સાથે સામેલ છે.

(૨) તે પૈકી તા. ૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ બાળકોને તજજ્ઞ ડોકટરો દ્વારા આપવામાં આવેલ સારવારનું પત્રક-બ આ સાથે સામેલ છે.

**પત્રક-અ**

| વર્ષ | તાલુકાનું નામ | પાંડુરોગ | આંત્રકૃમિ | દાંતની તકલીફ | આંખની તકલીફ | કાન-ગળાની તકલીફ | પેટની તકલીફ | ચામડીના રોગ | શ્વસનતંત્રના રોગ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૯-૧૦ | પાલનપુર | ૭૩૭૯ | ૭૬૮૯ | ૬૯૯ | ૨૧૮૪ | ૫૨૩ | ૨૪૭ | ૩૩૯ | ૧૭૪ |
| | અમીરગઢ | ૧૦૩૪ | ૯૯૩ | ૧૫૧ | ૯૮ | ૨૬૩ | ૩૭૩ | ૪૮૫ | ૭૦૨ |
| | વડગામ | ૨૪૨૯ | ૨૫૦૮ | ૧૨૧ | ૬૫૪ | ૩૦૫ | ૨૩૪ | ૨૧૦ | ૮૬ |
| | દાંતા | ૧૮૬૭ | ૨૦૦૬ | ૪૮૭ | ૨૯૧ | ૧૯૫ | ૨૪૦ | ૭૫૧ | ૨૭૦ |
| | ડીસા | ૩૪૨૫ | ૩૦૮૮ | ૪૭૫ | ૯૫૦ | ૯૨૭ | ૫૪૧ | ૭૮૮ | ૩૨૫ |
| | કાંકરેજ | ૮૨૦ | ૧૨૪૬ | ૧૬૨ | ૩૦૪ | ૪૬૮ | ૨૫૫ | ૭૪૩ | ૧૨૧ |
| | ધાનેરા | ૧૪૪૨ | ૧૨૬૬ | ૧૧૫ | ૩૭૪ | ૨૬૯ | ૨૫૭ | ૬૩૨ | ૧૫૪ |
| | દાંતીવાડા | ૯૬૨ | ૮૪૪ | ૭૭ | ૨૫૦ | ૧૮૦ | ૧૭૨ | ૪૨૧ | ૧૦૨ |
| | દિયોદર | ૧૪૫૬ | ૧૨૧૫ | ૧૧૬ | ૮૫ | ૧૫૫ | ૬૩ | ૧૧૫ | ૦ |
| | ભાભર | ૯૭૦ | ૮૧૦ | ૭૭ | ૫૬ | ૧૦૩ | ૪૨ | ૭૭ | ૦ |
| | થરાદ | ૧૨૬૦ | ૨૦૬૮ | ૪૨૯ | ૯૩૩ | ૫૭૩ | ૪૨૫ | ૧૩૨૦ | ૩૧૮ |
| | વાવ | ૧૧૨૩ | ૧૦૮૬ | ૧૭૭ | ૫૧૮ | ૩૩૩ | ૩૩૦ | ૯૪૮ | ૩૧૨ |
| | કુલ | ૨૪૧૬૭ | ૨૪૮૧૯ | ૩૦૮૬ | ૬૬૯૭ | ૪૨૯૪ | ૩૧૭૯ | ૬૮૨૯ | ૨૫૬૪ |
| વર્ષ ૨૦૧૦-૧૧ તા. ૩૧-૩-૧૧ અંતિત | પાલનપુર | ૩૬૬૨ | ૩૫૬૯ | ૯૫૮ | ૨૭૧૯ | ૬૮૦ | ૫૩૫ | ૬૫૯ | ૪૨૦ |
| | અમીરગઢ | ૭૦૩ | ૫૫૯ | ૨૧૩ | ૧૦૨ | ૧૬૯ | ૨૪૯ | ૩૨૮ | ૩૨૦ |
| | વડગામ | ૨૬૧૯ | ૨૨૪૮ | ૪૮૨ | ૧૦૮૬ | ૫૪૯ | ૫૫૬ | ૨૬૬ | ૨૫૧ |
| | દાંતા | ૧૭૬૮ | ૧૮૦૮ | ૩૮૩ | ૩૬૧ | ૩૬૫ | ૩૬૨ | ૬૫૧ | ૮૩ |
| | ડીસા | ૩૪૪૪ | ૩૦૯૫ | ૮૬૧ | ૧૨૧૫ | ૧૦૬૦ | ૬૫૦ | ૬૪૬ | ૧૮૯ |
| | કાંકરેજ | ૧૮૮૫ | ૧૨૬૩ | ૭૨૫ | ૫૨૦ | ૬૩૭ | ૩૩૯ | ૭૯૪ | ૧૨૦ |
| | ધાનેરા | ૨૬૧૩ | ૧૪૨૬ | ૩૦૫ | ૫૭૬ | ૩૯૪ | ૨૩૪ | ૪૫૮ | ૧૭૯ |
| | દાંતીવાડા | ૧૭૪૨ | ૯૫૧ | ૨૦૪ | ૩૮૪ | ૨૬૨ | ૧૫૬ | ૩૦૫ | ૧૨૦ |
| | દિયોદર | ૧૦૨૧ | ૯૯૬ | ૨૬૨ | ૧૩૮ | ૧૨૧ | ૧૯૨ | ૨૨૩ | ૨૦ |
| | ભાભર | ૬૮૦ | ૬૬૪ | ૧૭૪ | ૯૨ | ૮૧ | ૧૨૮ | ૧૪૯ | ૧૩ |
| | થરાદ | ૧૬૦૨ | ૧૫૪૭ | ૭૬૬ | ૯૧૨ | ૭૭૭ | ૫૨૩ | ૧૨૨૮ | ૨૦૨ |
| | વાવ | ૫૨૦ | ૬૧૯ | ૨૭૯ | ૪૧૮ | ૪૬૦ | ૨૧૬ | ૫૭૧ | ૭૧ |
| | કુલ | ૨૨૨૫૯ | ૧૮૭૪૫ | ૫૬૧૨ | ૮૫૨૩ | ૫૫૫૫ | ૪૧૪૦ | ૬૨૭૮ | ૧૯૮૮ |

| ચેતાતંત્રના રોગ | અસ્થિતંત્રના રોગ | વિકલાંગ | અન્ય | કુલ |
|---|---|---|---|---|
| ૧૭ | ૧૨ | ૪૯ | ૧૪૫૯ | ૨૦૭૭૧ |
| ૩ | ૦ | ૦ | ૬૫૫ | ૪૭૫૭ |
| ૨ | ૩ | ૪૯ | ૨૦૪૪ | ૮૬૪૫ |
| ૯ | ૧ | ૬૧ | ૧૨૫૩ | ૭૪૩૧ |
| ૧૨ | ૩ | ૬૩ | ૩૪૭૩ | ૧૪૦૭૦ |
| ૦ | ૧ | ૧૬ | ૧૯૧૧ | ૬૦૪૭ |
| ૧ | ૦ | ૨૯ | ૯૫૫ | ૫૪૯૪ |
| ૧ | ૦ | ૨૦ | ૬૩૬ | ૩૬૬૫ |
| ૨ | ૪ | ૧ | ૩૬૨ | ૩૫૭૪ |
| ૨ | ૨ | ૦ | ૨૪૧ | ૨૩૮૦ |
| ૫ | ૧૬ | ૧૧૫ | ૨૨૪૩ | ૯૭૦૫ |
| ૮ | ૪ | ૨૨ | ૧૨૨૨ | ૬૦૮૩ |
| ૬૨ | ૪૬ | ૪૨૫ | ૧૬૪૫૪ | ૯૨૬૨૨ |
| ૪૯ | ૬૯ | ૭૬ | ૧૩૮૧ | ૧૪૭૭૭ |
| ૧ | ૧ | ૫ | ૩૮૬ | ૩૦૩૬ |
| ૨ | ૨૧ | ૮૫ | ૨૩૬૩ | ૧૦૫૨૮ |
| ૬ | ૩ | ૫૪ | ૧૦૧૦ | ૬૮૫૪ |
| ૪ | ૧૪ | ૩૭ | ૩૪૭૨ | ૧૪૬૮૭ |
| ૦ | ૧૨ | ૪૨ | ૮૨૧ | ૭૧૫૮ |
| ૨ | ૧ | ૬૩ | ૮૪૭ | ૭૦૯૮ |
| ૧ | ૦ | ૪૨ | ૫૬૫ | ૪૭૩૨ |
| ૪ | ૪ | ૯ | ૭૫૪ | ૩૭૪૪ |
| ૨ | ૨ | ૬ | ૫૦૧ | ૨૪૯૨ |
| ૩ | ૩૬ | ૧૦૭ | ૧૪૮૯ | ૯૧૯૨ |
| ૩ | ૧૫ | ૧૪ | ૯૦૦ | ૪૦૮૬ |
| ૭૭ | ૧૭૮ | ૫૪૦ | ૧૪૪૮૯ | ૮૮૩૮૪ |

**પત્રક-બ**

| વર્ષ | તાલુકાનું નામ | સંદર્ભ સેવાપાત્ર બાળકો | સંદર્ભ સેવા આપેલ બાળકો | બાળરોગ નિષ્ણાંત દ્વારા | આંખ રોગ નિષ્ણાંત દ્વારા | દાંત રોગ નિષ્ણાંત દ્વારા | ચામડીના રોગના નિષ્ણાંત દ્વારા | કાન, નાક, ગળાના નિષ્ણાંત દ્વારા | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૯-૧૦ | પાલનપુર | ૧૩૩૨ | ૧૩૩૨ | ૧૧૭ | ૧૦૪૮ | ૧૪ | ૨૭ | ૫૮ | ૬૮ |
| | અમીરગઢ | ૧૨૮ | ૧૨૮ | ૭ | ૧૧૨ | ૦ | ૦ | ૩ | ૬ |
| | વડગામ | ૫૪૪ | ૫૪૪ | ૬૮ | ૪૦૧ | ૦ | ૧૪ | ૩૪ | ૨૭ |
| | દાંતા | ૧૪૬ | ૧૪૬ | ૨૯ | ૯૬ | ૧ | ૨ | ૧૩ | ૫ |
| | ડીસા | ૫૯૧ | ૫૯૧ | ૩૩ | ૨૯૭ | ૧૭ | ૩૩ | ૯૪ | ૧૧૭ |
| | કાંકરેજ | ૮૫ | ૮૫ | ૨૨ | ૫૮ | ૦ | ૦ | ૫ | ૦ |
| | ધાનેરા | ૧૪૨ | ૧૪૨ | ૧૬ | ૧૧૫ | ૦ | ૧ | ૭ | ૪ |
| | દાંતીવાડા | ૯૪ | ૯૪ | ૧૦ | ૭૬ | ૦ | ૧ | ૪ | ૨ |
| | દિયોદર | ૩૭ | ૩૭ | ૫ | ૨૪ | ૦ | ૦ | ૪ | ૪ |
| | ભાભર | ૨૪ | ૨૪ | ૩ | ૧૬ | ૦ | ૦ | ૩ | ૨ |
| | થરાદ | ૩૬૨ | ૩૬૨ | ૫૭ | ૨૬૧ | ૧ | ૨ | ૩૩ | ૮ |
| | વાવ | ૨૦૨ | ૨૦૨ | ૨૫ | ૧૬૧ | ૦ | ૦ | ૧૪ | ૨ |
| | કુલ | ૩૬૮૭ | ૩૬૮૭ | ૩૯૨ | ૨૬૬૫ | ૩૩ | ૮૦ | ૨૭૨ | ૨૪૫ |
| | પાલનપુર | ૧૫૮૫ | ૧૫૮૫ | ૩૩૧ | ૭૪૨ | ૩૭ | ૧૬૩ | ૫૬ | ૨૫૬ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | અમીરગઢ | ૬૩ | ૬૩ | ૮ | ૩૯ | ૧ | ૧૧ | ૪ | ૦ |
| | વડગામ | ૩૮૬ | ૩૮૬ | ૧૭૫ | ૧૩૯ | ૧૨ | ૨૪ | ૩૩ | ૩ |
| | દાંતા | ૨૫૯ | ૨૫૯ | ૩૪ | ૮૭ | ૪૦ | ૨૧ | ૨૪ | ૫૩ |
| | ડીસા | ૧૦૯૪ | ૧૦૯૪ | ૨૨૪ | ૪૧૯ | ૧૦૨ | ૧૫૨ | ૪૯ | ૧૪૮ |
| | કાંકરેજ | ૩૨૬ | ૩૨૬ | ૨૦ | ૧૪ | ૦ | ૧ | ૦ | ૧ |
| | ધાનેરા | ૧૮૨ | ૧૮૨ | ૬૬ | ૧૧૦ | ૨ | ૩ | ૧ | ૦ |
| | દાંતીવાડા | ૧૨૨ | ૧૨૨ | ૪૪ | ૭૪ | ૧ | ૨ | ૧ | ૦ |
| | દિયોદર | ૨૪૨ | ૨૪૨ | ૧૦ | ૨૩૧ | ૦ | ૧ | ૦ | ૦ |
| | ભાભર | ૧૬૧ | ૧૬૧ | ૭ | ૧૫૩ | ૦ | ૧ | ૦ | ૦ |
| | થરાદ | ૪૯૯ | ૪૯૯ | ૧૨૭ | ૨૪૨ | ૨૬ | ૪૮ | ૧૬ | ૪૦ |
| | વાવ | ૨૭૮ | ૨૭૮ | ૯૧ | ૧૪૩ | ૮ | ૨૯ | ૭ | ૦ |
| | કુલ | ૫૧૯૭ | ૫૧૯૭ | ૧૧૩૭ | ૨૩૯૩ | ૨૨૯ | ૪૫૬ | ૧૯૧ | ૫૦૧ |

---------

**જૂનાગઢ જિલ્લાના તાલાલા તાલુકાના સાંગોદ્રા હીરણ નદી પર પુલ**

૨૩૨૦૨ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૭-૧૧ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના તાલાલા તાલુકાના સાંગોદ્રા હીરણ નદી પર પુલ ક્યારે મંજુર કરવામાં આવ્યો,

(૨) આ પુલ માટે અંદાજીત કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલા સમયમાં કામ શરુ કરી કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : જૂનાગઢ જિલ્લાના સાંગોદ્રા ગામે હીરણ નદી ઉપર પુલનું રૂા. ૩૩૦.૦૦ લાખનુ કામ તા.૧૫-૯-૨૦૧૧નાં મંજૂર કરવામાં આવેલ છે. આ કામ વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી જેમ બને જેમ ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**રાજ્યના બિન નિવાસી ગુજરાતીઓ માટે પ્રાથમિક માહિતી માટેની સુવિધાઓ**

૨૩૨૨૯ **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૧૧-૧૨માં બિન નિવાસી ગુજરાતીઓ રાજ્યની મુલાકાતે આવે ત્યારે તેમને સ્થાનિક સ્તરે પ્રાથમિક માહિતી/માર્ગદર્શન માટે કોઇ ખાનગી સંસ્થાઓની ભાગીદારીમાં સેન્ટરો ઉભા કરાયેલા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૮-૨૦૧૧ સુધીમાં કેટલા સ્થળોએ આવી સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે, અને

(૩) ત્યાંથી કયા કયા પ્રકારની માહિતી મળે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૬ (છ) સ્થળે.

(૩) <u>ત્યાંથી નીચે મુજબની માહિતી મળે છે.</u>

(૧) ગુજરાત રાજ્ય બિનનિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાનની પ્રવૃત્તિઓ યોજનાઓ સંબંધિત જાણકારી

(૨) ""ગુજરાત કાર્ડ"" સંબંધિત માહિતી અને તેની અરજીનો સ્વીકાર

(૩) પ્રવાસ, હોટેલ એકોમોડેશનની માહિતી અને ગુજરાતના પ્રવાસન સ્થળોનો રોડમેપ

(૪) પરિવહન સેવા અને તેના રૂટની માહિતી

(૫) એન.આર.જી.ના પ્રશ્નો-સમસ્યાઓ જેવી કે પાસપોર્ટ, વીઝા, નેટીવીટી સર્ટિફિકેટ, રીયલ એસ્ટેટ, ઉદ્યોગો, જન્મ પ્રમાણપત્ર, શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ સંબંધે માહિતી અને

માર્ગદર્શન

(૬) વિદેશી ચલણના એક્સચેન્જ અંગેની માહિતી
(૭) તબીબી સેવાઓની માહિતી

---------

## આણંદ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ આપેલ સારવાર

૨૩૨૨૧ **શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ(આણંદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ આણંદ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૦૩-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકોને ક્યા ક્યા રોગો માટે સારવાર આપવામાં આવી છે, અને

(૨) તે પૈકી કેટલા બાળકોને રેફરલ સારવાર અને તજજ્ઞ સારવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર રોગો માટે બાળકોને આપવામાં આવેલ સારવારનું પત્રક-અ આ સાથે સામેલ છે.

(૨) તે પૈકી તા. ૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ બાળકોને તજજ્ઞ ડોક્ટરો દ્વારા આપવામાં આવેલ સારવારનું પત્રક-બ આ સાથે સામેલ છે.

**પત્રક-અ**

| વર્ષ | તાલુકાનું નામ | પાંડુરોગ | આંત્રકૃમિ | દાંતની તકલીફ | આંખની તકલીફ | કાન-નાક-ગળાની તકલીફ | પેટની તકલીફ | ચામડીના રોગ | શ્વસનતંત્રના રોગ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૯-૧૦ | **આણંદ** | ૫૯૫૨ | ૫૩૧૧ | ૧૦૭૩ | ૨૦૯૦ | ૫૦૪ | ૨૯૩ | ૬૭૮ | ૫૪ |
| | **ઉમરેઠ** | ૨૬૮૦ | ૨૧૨૫ | ૨૨૫ | ૪૭૯ | ૧૯૮ | ૫૧ | ૨૯૬ | ૮ |
| | **આંકલાવ** | ૨૨૪૬ | ૨૪૯૪ | ૬૯૧ | ૫૭૦ | ૯૫ | ૬૮ | ૧૬ | ૬ |
| | **બોરસદ** | ૯૦૪૮ | ૬૫૪૨ | ૩૫૪૨ | ૧૪૯૬ | ૫૬ | ૧૬૨ | ૪૯૧ | ૧ |
| | **પેટલાદ** | ૫૧૯૨ | ૪૭૦૪ | ૫૧ | ૫૧૭ | ૩૦૩ | ૨૮૧ | ૩૮ | ૩૫ |
| | **સોજીત્રા** | ૧૧૧૨ | ૮૭૪ | ૧૪૦ | ૧૪૨ | ૫૨ | ૭૪ | ૧૨૦ | ૨૧ |
| | **ખંભાત** | ૬૬૮૭ | ૩૮૫૬ | ૧૨૩ | ૪૨૫ | ૨૩ | ૨૦ | ૪૨ | ૫ |
| | **તારાપુર** | ૨૦૦૨ | ૮૫૬ | ૫૪ | ૯૮ | ૫૬ | ૨૧ | ૫૩ | ૧૨ |
| | **કુલ** | **૩૪૯૧૯** | **૨૬૭૬૨** | **૫૮૯૯** | **૫૮૧૭** | **૧૨૮૭** | **૯૭૦** | **૧૭૩૪** | **૧૪૨** |
| વર્ષ ૨૦૧૦-૧૧ તા. ૩૧-૩-૧૧ અંતિત | **આણંદ** | ૫૪૭૨ | ૩૬૮૩ | ૯૩૮ | ૧૪૪૬ | ૨૮૮ | ૮૫૪ | ૬૧૪ | ૫૧ |
| | **ઉમરેઠ** | ૨૬૩૩ | ૧૫૫૨ | ૩૯૪ | ૨૯૪ | ૨૪૬ | ૮૨ | ૩૨૧ | ૨૮ |
| | **આંકલાવ** | ૧૮૩૩ | ૧૪૫૯ | ૪૮૦ | ૧૪૦ | ૧૧૨ | ૧૫૯ | ૧૪૪ | ૨ |
| | **બોરસદ** | ૩૦૦૩ | ૨૫૨૪ | ૮૫૫ | ૭૨૪ | ૪૭૭ | ૪૫૫ | ૩૫૨ | ૩૬ |
| | **પેટલાદ** | ૨૪૧૮ | ૨૩૬૬ | ૧૦૦૫ | ૪૭૩ | ૩૯૧ | ૫૩૬ | ૬૩૫ | ૭૬ |
| | **સોજીત્રા** | ૧૧૪૯ | ૬૪૩ | ૩૪૨ | ૨૫૯ | ૨૮૨ | ૩૩૦ | ૨૭૧ | ૬ |
| | **ખંભાત** | ૨૫૮૫ | ૨૭૩૧ | ૧૭૩૩ | ૫૦૭ | ૬૧૩ | ૮૫૫ | ૯૯૮ | ૩૧ |
| | **તારાપુર** | ૨૯૧૭ | ૨૮૮૨ | ૧૮૪૬ | ૫૩૯ | ૬૩૬ | ૯૩૧ | ૧૧૬૩ | ૩૭ |
| | **કુલ** | **૨૨૦૧૦** | **૧૭૮૪૦** | **૭૫૯૩** | **૪૩૮૨** | **૩૦૪૫** | **૪૨૦૨** | **૪૪૯૮** | **૨૬૭** |

**Table ૧**

| ચેતાતંત્રના રોગ | અસ્થિતંત્રના રોગ | વિકલાંગતા | અન્ય | કુલ |
|---|---|---|---|---|
| ૧૩ | ૯ | ૨૪૪ | ૯૯૮ | ૧૭૨૧૯ |
| ૧ | ૩ | ૭૪ | ૩૮૨ | ૬૫૨૨ |
| ૧૪ | ૧૦ | ૪૫ | ૯૧ | ૬૩૪૬ |
| ૧૭ | ૧૩ | ૧૯૨ | ૭૧૪ | ૨૨૨૭૪ |
| ૧૧ | ૨૩ | ૧૪૨ | ૨૪૯ | ૧૧૫૪૬ |
| ૧૦ | ૧ | ૮૪ | ૨૩૬ | ૨૮૬૬ |
| ૧૨ | ૪ | ૧૩૮ | ૨૦૧ | ૧૧૫૩૬ |
| ૨૧ | ૫ | ૮૪ | ૧૭૫ | ૩૪૩૭ |
| **૯૯** | **૬૮** | **૧૦૦૩** | **૩૦૪૬** | **૮૧૭૪૬** |
| ૧૩ | ૨૩ | ૧૨૨ | ૨૭૪૮ | ૧૬૨૫૨ |
| ૫ | ૯ | ૮૨ | ૬૦૧ | ૬૨૪૭ |
| ૭ | ૯ | ૧૯ | ૩૦૫ | ૪૬૬૯ |
| ૧૩ | ૫ | ૧૦૨ | ૧૫૩૩ | ૧૦૦૭૯ |
| ૧૧ | ૧૧ | ૧૪૫ | ૮૬૬ | ૮૯૩૩ |
| ૨ | ૧૦ | ૨૭ | ૮૩૦ | ૪૧૫૧ |
| ૫ | ૧૧ | ૮૫ | ૬૫૧ | ૧૦૮૦૫ |
| ૫ | ૧૧ | ૮૮ | ૭૨૭ | ૧૧૭૮૨ |
| **૬૧** | **૮૯** | **૬૭૦** | **૮૨૬૧** | **૭૨૮૧૮** |

**પત્રક-બ**

| વર્ષ | તાલુકાનું નામ | સંદર્ભ સેવાપાત્ર બાળકો | સંદર્ભ સેવા આપેલ બાળકો | બાળરોગ નિષ્ણાત દ્વારા | આંખ રોગ નિષ્ણાત દ્વારા | દાંત રોગ નિષ્ણાત દ્વારા | ચામડીના રોગ નિષ્ણાત દ્વારા | કાન, નાક, ગળાના નિષ્ણાત દ્વારા | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૯-૧૦ | આણંદ | ૧૦૭૭ | ૯૮૩ | ૨૧૯ | ૭૫૦ | ૨ | ૪ | ૮ | ૦ |
| | ઉમરેઠ | ૧૭૪ | ૧૭૧ | ૫૩ | ૧૦૬ | ૨ | ૩ | ૭ | ૦ |
| | આંકલાવ | ૪૨ | ૪૨ | ૧૫ | ૨૭ | ૦ | ૦ | ૦ | ૦ |
| | બોરસદ | ૧૭૭ | ૧૭૦ | ૧૬૨ | ૮ | ૦ | ૦ | ૦ | ૦ |
| | પેટલાદ | ૧૬૩ | ૧૬૩ | ૧૩૩ | ૨૮ | ૦ | ૦ | ૨ | ૦ |
| | સોજીત્રા | ૩૩ | ૩૩ | ૧૮ | ૧૫ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ખંભાત | ૩૮૧ | ૩૭૮ | ૨૭૯ | ૪૧ | ૧૫ | ૨૪ | ૧૯ | ૦ |
| | તારાપુર | ૫૧ | ૫૧ | ૫૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ |
| | કુલ | ૨૦૯૮ | ૧૯૯૧ | ૯૨૯ | ૯૭૫ | ૧૯ | ૩૨ | ૩૬ | ૦ |
| | આણંદ | ૨૫૮ | ૨૫૮ | ૧૨૮ | ૯૮ | ૨૧ | ૧ | ૫ | ૫ |
| | ઉમરેઠ | ૨૩૨ | ૨૩૨ | ૧૩૬ | ૩૭ | ૫૩ | ૨ | ૧ | ૩ |
| | આંકલાવ | ૧૫૫ | ૧૫૫ | ૧૨૧ | ૧૭ | ૮ | ૩ | ૨ | ૪ |
| | બોરસદ | ૧૫૫ | ૧૫૫ | ૯૬ | ૩૨ | ૪ | ૧૧ | ૬ | ૬ |
| | પેટલાદ | ૪૪૯ | ૪૪૯ | ૨૧૨ | ૧૦૫ | ૩૬ | ૨૧ | ૩૮ | ૩૭ |
| | સોજીત્રા | ૬૫ | ૬૫ | ૨૦ | ૨૨ | ૮ | ૭ | ૬ | ૨ |
| | ખંભાત | ૪૪૯ | ૪૪૯ | ૨૧૩ | ૯૭ | ૩૯ | ૨૭ | ૪૭ | ૨૬ |

| વર્ષ | તાલુકાનું નામ | સંદર્ભ સેવાપાત્ર બાળકો | સંદર્ભ સેવા આપેલ બાળકો | બાળરોગ નિષ્ણાત દ્વારા | આંખ રોગ નિષ્ણાત દ્વારા | દાંત રોગ નિષ્ણાત દ્વારા | ચામડીના રોગ નિષ્ણાત દ્વારા | કાન, નાક, ગળાના નિષ્ણાત દ્વારા | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | **તારાપુર** | ૫૩ | ૫૩ | ૨૧ | ૧૭ | ૯ | ૩ | ૨ | ૧ |
| | **કુલ** | **૧૮૧૬** | **૧૮૧૬** | **૯૪૭** | **૪૨૫** | **૧૭૮** | **૭૫** | **૧૦૭** | **૮૪** |

---------

## રાજ્ય દ્વારા અન્ય રાજ્યોને વેચવામાં આવેલી વિજળી

૨૩૫૪૪ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે ક્યા ક્યા રાજ્યોને શા ભાવે કેટલી વીજળી વેચી, અને

(૨) આ વીજળી રાજ્ય સરકારને શા ભાવે પડી હતી, અને વીજળી વેચવા અન્વયે કેટલી આવક થઇ ?

**જવાબ**

(૧) પત્રક-ક મુજબ

(૨) તા. ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વીજળીનો સરેરાશ ખરીદભાવ તથા વીજ વેચાણની આવકની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | સરેરાશ વીજ ખરીદ ભાવ (રૂા. યુનીટ) | વીજવેચાણની આવક (રૂા. કરોડ) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૨.૬૮ | ૯૩૮ |
| ૨૦૧૦-૧૧ | ૨.૭૯ | ૧૬૨૮ |
| ૨૦૧૧-૧૨ (જુલાઈ-૧૧ સુધી | ૨.૯૦ | ૭૪૫ |

**પત્રક-ક**

| અનુ. ક્રમાંક | રાજ્યનું નામ | ૨૦૦૯-૧૦ | | ૨૦૧૦-૧૧ | | ૨૦૧૧-૧૨ (જુલાઈ-૧૧ સુધી) | |
|---|---|---|---|---|---|---|---|
| | | **મી.યુ.** | **રૂા./યુનીટ** | **મી.યુ.** | **રૂા./યુનીટ** | **મી.યુ.** | **રૂા./યુનીટ** |
| ૧ | આંધ્રપ્રદેશ | ૫.૦૭ | ૫.૯૮ | - | - | - | - |
| ૨ | છત્તીસગઢ | ૨.૩૪ | ૫.૮૭ | - | - | - | - |
| ૩ | હરિયાણા | ૨૫૯.૪૩ | ૫.૮૬ | - | - | - | - |
| ૪ | દિલ્હી | ૫૫.૬૮ | ૫.૧૦ | - | - | - | - |
| ૫ | ઉતરાખંડ | ૭.૮૬ | ૧૧.૧૮ | - | - | - | - |
| ૬ | રાજસ્થાન | ૨૬૨.૩૨ | ૪.૭૨ | ૭૦.૧૯ | ૩.૯૪ | - | |
| ૭ | તામીલનાડુ | ૧૭૧.૧૭ | ૭.૬૦ | ૧૦૧૪.૩૫ | ૪.૦૧ | ૬૦૫.૬૨ | ૪.૨૫ |
| ૮ | ઉત્તરપ્રદેશ | ૧૧.૬૨ | ૫.૨૧ | ૪૬૭.૬૧ | ૪.૪૦ | ૪૦૮.૮૬ | ૪.૩૭ |
| ૯ | કર્ણાટક | ૧૨૫.૧૮ | ૪.૭૧ | ૨૭.૨૩ | ૬.૦૫ | ૨૨.૧૫ | ૩.૩૫ |
| ૧૦ | મહારાષ્ટ્ર | ૧૯.૬૮ | ૫.૫૫ | ૮૮.૮૯ | ૪.૩૧ | - | - |
| ૧૧ | મધ્યપ્રદેશ | - | - | ૦.૨૦ | ૪.૦૦ | - | - |
| ૧૨ | કેરાલા | - | - | ૦.૬૦ | ૬.૧૭ | - | - |
| ૧૩ | પમિ બંગાળ | - | - | ૦.૩૧ | ૪.૫૨ | - | - |
| ૧૪ | ઈન્ડીયન એનર્જી એક્સચેન્જ | ૪૮૮.૧૭ | ૫.૨૯ | ૧૫૪૧.૫૪ | ૩.૭૦ | ૬૫૬.૯૫ | ૨.૯૮ |
| ૧૫ | પાવર એક્સચેન્જ ઓફ ઈન્ડીયા | ૩૩૯.૧૧ | ૪.૬૨ | ૯૮૦.૫૭ | ૩.૬૮ | ૩૫૯.૬૧ | ૨.૯૪ |
| | કુલ | ૧૭૪૭.૬૩ | ૫.૩૭ | ૪૧૯૧.૪૮ | ૩.૮૮ | ૨૦૫૩.૧૯ | ૩.૬૩ |

**નોંધ :** ક્રમાંક ૧૪ અને ૧૫ આગળ દર્શાવેલ ઈન્ડીયન એનર્જી એક્સચેન્જ અને પાવર એક્સચેન્જ ઓફ ઈન્ડીયાને વેચવામાં આવેલ વીજળી ક્યા જુદા જુદા રાજ્યોને આપવામાં આવી તેની વિગતો જાણી શકાય તેમ નથી.

**અમરેલી જિલ્લાની રાણીંગપરા નાની સિંચાઇ યોજનાનું કામ**

૨૩૨૫૮ **શ્રી હીરાભાઈ સોલંકી(રાજુલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાની રાણીંગપરા નાની સિંચાઇ યોજનાનું કામ તા.૩૧-૮-૨૦૧૧ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) ટેન્ડર મંજુરીની પ્રક્રિયામાં છે. |
| (૨) ઉક્ત કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ? | (૨) ખાનગી માલીકીની બાકી રહેતા ખાતેદારોની સહમતી મળ્યે એક વર્ષમાં કામ પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**થીઓલીયા વિન્પાવર કંપનીનું ઉત્પાદન**

૨૩૩૪૦ **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર ) :** તા.૨૪-૩-૨૦૧૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા *પ્રશ્ન ક્રમાંક ૨૧૧૯૦ (અગ્રતા-૧૮૭)ના અનુસંધાને **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| થીઓલીયા વિન્પાવર પ્રા. લિ. ને તા. ૬-૨-૦૮ના રોજ જમીન ફાળવ્યા પછી આ એકમ દ્વારા તા. ૩૧-૭-૧૧ સુધીમાં કેટલી રકમના ખરેખર મૂડી રોકાણ સામે ઉત્પાદનમાં ક્યારે ગયા ? | થીઓલીયા વિન્પાવર કંપની સાથે ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા એમ.ઓ.યુ. કરવામાં આવેલ નથી આથી મૂડી રોકાણ અને ઉત્પાદનમાં ક્યારે ગયા તે અંગેની માહિતી, ખાનગી કંપનીને સંબંધિત હોઈ, ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસે નથી. |

---------

**રાજ્યમાં મેડીકલ કોલેજ વધારવા આયોજન**

૨૩૨૧૭ **ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આગામી વર્ષ ૨૦૧૨-૧૩માં કેટલી મેડીકલ કોલેજ ક્યા ક્યા સ્થળે શરૂ કરવાનું રાજ્ય સરકારનું આયોજન છે, અને | (૧) આગામી વર્ષ ૨૦૧૨-૧૩માં ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી દ્વારા પાટણ, ગાંધીનગર અને વલસાડ ખાતે ત્રણ નવી મેડીકલ કોલેજ શરૂ કરવાનું આયોજન છે. |
| (૨) આ આયોજન અંતર્ગત અન્ડર ગ્રેજ્યુએટ કક્ષાએ કટેલી પ્રવેશ બેઠકો વધારવામાં આવનાર છે ? | (૨) આ આયોજન અંતર્ગત અન્ડર ગ્રેજ્યુએટ કક્ષાએ કુલ ૪૫૦ પ્રવેશ બેઠકોનો વધારો થવાની સંભાવના છે. |

---------

**અન્ય રાજ્યોમાંથી આવેલા મહાનુભાવોને સ્ટેટ ગેસ્ટનો દરજ્જો**

૨૩૦૭૩ **શ્રી પ્રભુભાઈ ના. વસાવા (સોનગઢ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જુલાઈ-ઓગસ્ટ-૧૧ દરમ્યાન રાજ્યની સહેલગાહે બીજા રાજ્યોમાંથી આવેલા ક્યા ક્યા મહાનુભાવોને કે જેઓ મંત્રીશ્રીનું સ્ટેટસ ધરાવતા ન હોઇ, તેમને સ્ટેટ ગેસ્ટનો દરજ્જો આપવામાં આવ્યો, તેના કારણો શા છે, અને | (૧) ગુજરાત રાજ્ય અતિથિ નિયમો, ૨૦૦૪ મુજબ નિયત થયેલ બીજા રાજ્યોમાંથી આવતા મહાનુભાવોને રાજ્ય અતિથિ ગણવામાં આવે છે, જુલાઈ, ઓગસ્ટ, ૨૦૧૧ દરમ્યાન નીચેના મહાનુભાવોને તેઓની રાજ્યની મુલાકાતનો હેતુ અને તેમનો દરજ્જો ધ્યાનમાં લઈને ખાસ કિસ્સામાં રાજ્ય અતિથિનો દરજ્જો આપવામાં આવ્યો છે :-<br>(૧) ડૉ. જોસેફ માર થોમાં મેટ્રોપોલીટન, ધી સુપ્રીમ હેડ ઓફ માર થોમા સીરીયન ચર્ચ, કેરાલા.<br>(૨) શ્રીમતી જોહરા ચેટરજી, સભ્ય સચિવશ્રી, નેશનલ કમિશન ફોર વુમન, નવી દિલ્હી<br>(૩) જસ્ટીસશ્રી ડી.પી.વાધવા, ચેરમેન, સેન્ટ્રલ વીજીલન્સ |

કમિટિ ઓન પબ્લિક ડીસ્ટ્રીબ્યુશન સીસ્ટીમ, નવી દિલ્હી.
(૪) મેજર જનરલ (રીટાયર્ડ) ડૉ. આર.એમ.ખરબ, ચેરમેન, એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા, ચેન્નાઈ.
(૫) શ્રી હરવંશસિંઘ, ડેપ્યુટી સ્પીકર, મધ્યપ્રદેશ વિધાનસભા, મધ્યપ્રદેશ.

(૨) આવા સ્ટેટ ગેસ્ટનો દરજ્જો આપ્યા પછી તેમની પાછળ કુલ કેટલો ખર્ચ થયો?

(૨) રૂા. ૪૦,૨૦૮-૦૦.

---------

## વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં દરિયાઈ ધોવાણ અટકાવવા બાબત

૨૩૨૬૦ **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૧૧-૧૨માં વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના ફણસા તથા મરોલી ખાતે દરિયાઈ ધોવાણ અટકાવવાના કામોનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા તો, તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ ઉક્ત કામ ક્યા તબક્કે છે?

**જવાબ**

(૧) અને (૨)
સને ૨૦૦૯-૧૦માં હાથ ધરવામાં આવેલ કામો પૂર્ણ કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં રૂ. ૯૦૮.૨૨ લાખનો ખર્ચ થયેલ છે.

---------

## બનાસકાંઠા જિલ્લામાં કાર્યાન્વિત નવા વીજ સબ સ્ટેશનો

૨૩૬૨૬ **શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા નવા વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા,

(૨) તે પૈકી વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન કેટલા નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૩) વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન કેટલા નવા વીજ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧/૩/૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં, ૨૨૦ કે.વી.નું એક (૧) અને ૬૬ કે.વી.ના ઓગણત્રીસ (૨૯) સબ સ્ટેશનો એમ મળીને કુલ ત્રીસ (૩૦) સબસ્ટેશનો રૂ. ૯૨.૯૧૦૪ કરોડના ખર્ચે કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

(૨) વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન ૬૬ કે.વી.ના કુલ ચૌદ (૧૪) સબ સ્ટેશનો રૂ. ૩૪.૧૮૦૬ કરોડના ખર્ચે કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

(૩) વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન ૬૬ કે.વી.ના બે (૨) સબસ્ટેશનો રૂ. ૮.૩૨ કરોડના ખર્ચે કાર્યાન્વિત કરવાનું આયોજન છે.

---------

૭૪

## અમદાવાદ શહેરમાં પોલીસ સ્ટેશન દીઠ લૂંટ, ચોરી અને ખૂનના બનાવો

૨૩૧૩૬ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૧૧ થી તા. ૧૫-૮-૧૧ સુધીમાં અમદાવાદ શહેરમાં પોલીસ હકુમત હેઠળના દરેક પોલીસ સ્ટેશન દીઠ લૂંટ, ચોરી અને ખુનના કેટલા બનાવો નોંધવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી?

**જવાબ**

(૧) અને (૨)
સામેલ **પત્રક*** મુજબ

## પત્રક*
## અમદાવાદ શહેરમાં પોલીસ સ્ટેશન દીઠ લૂંટ, ચોરી અને ખૂનના બનાવોની માહિતી

| ક્રમ | પોલીસ સ્ટેશન | લૂંટ | | ચોરી | | ખૂન | |
|---|---|---|---|---|---|---|---|
| | | નોંધાયેલ ગુના | કરવામાં આવેલ ધરપકડ | નોંધાયેલ ગુના | કરવામાં આવેલ ધરપકડ | નોંધાયેલ ગુના | કરવામાં આવેલ ધરપકડ |
| ૧ | વેજલપુર | ૧૩ | ૭ | ૫૮ | ૨૩ | ૦ | ૦ |
| ૨ | આનંદનગર | ૩ | ૦ | ૧૮ | ૩ | ૦ | ૦ |
| ૩ | સેટેલાઈટ | ૨૬ | ૧૦ | ૨૬૭ | ૪૨ | ૩ | ૨ |
| ૪ | એલીસબ્રીજ | ૨૩ | ૧૦ | ૧૨૯ | ૫૧ | ૧ | ૧ |
| ૫ | વસ્ત્રાપુર | ૩૪ | ૧૫ | ૨૬૭ | ૩૮ | ૦ | ૦ |
| ૬ | નવરંગપુરા | ૧૪ | ૩ | ૧૧૩ | ૪૩ | ૦ | ૦ |
| ૭ | યુનિર્વસિટી | ૪ | ૦ | ૫૯ | ૧૩ | ૦ | ૦ |
| ૮ | ઘાટલોડીયા | ૨૧ | ૬ | ૮૪ | ૧૫ | ૦ | ૦ |
| ૯ | સોલા | ૧૯ | ૧૨ | ૫૫ | ૧૯ | ૧ | ૦ |
| ૧૦ | નારણપુરા | ૨૩ | ૧૪ | ૮૪ | ૩૭ | ૩ | ૨૦ |
| ૧૧ | રાણીપ | ૧ | ૪ | ૧૦ | ૨ | ૦ | ૦ |
| ૧૨ | ચાંદખેડા | ૨૧ | ૩૩ | ૫૩ | ૨૯ | ૧ | ૦ |
| ૧૩ | સાબરમતી | ૧૬ | ૨૪ | ૬૧ | ૧૬ | ૨ | ૫ |
| ૧૪ | માધવપુરા | ૫ | ૭ | ૬૯ | ૧૦ | ૨ | ૧૬ |
| ૧૫ | શાહપુર | ૩ | ૮ | ૨૭ | ૧૧ | ૧ | ૫ |
| ૧૬ | કારંજ | ૬ | ૩ | ૪૭ | ૨૨ | ૦ | ૦ |
| ૧૭ | કાલુપુર | ૪ | ૬ | ૫૫ | ૧૦ | ૦ | ૦ |
| ૧૮ | શહેર કોટડા | ૮ | ૧૫ | ૩૩ | ૧૮ | ૨ | ૧ |
| ૧૯ | ખાડીયા | ૨ | ૩ | ૧૭ | ૩ | ૦ | ૦ |
| ૨૦ | ગાયકવાડ હવેલી | ૩ | ૮ | ૩૩ | ૩૦ | ૦ | ૦ |
| ૨૧ | દરીયાપુર | ૧ | ૪ | ૧૮ | ૧૭ | ૦ | ૦ |
| ૨૨ | શાહીબાગ | ૮ | ૬ | ૫૮ | ૧૯ | ૩ | ૫ |
| ૨૩ | સરદારનગર | ૧૧ | ૧૧ | ૪૮ | ૨૪ | ૧ | ૨ |
| ૨૪ | નરોડા | ૪૫ | ૭૨ | ૧૧૨ | ૪૯ | ૨ | ૧૨ |
| ૨૫ | મેઘાણીનગર | ૩ | ૦ | ૨૯ | ૬ | ૨ | ૩ |
| ૨૬ | ગોમતીપુર | ૧ | ૪ | ૭ | ૯ | ૨ | ૮ |
| ૨૭ | રખીયાલ | ૩ | ૭ | ૧૭ | ૧૪ | ૨ | ૧ |
| ૨૮ | બાપુનગર | ૧૦ | ૭ | ૭૮ | ૩૭ | ૦ | ૦ |
| ૨૯ | ઓઢવ | ૩૦ | ૨૯ | ૧૧૧ | ૪૬ | ૪ | ૩ |
| ૩૦ | રામોલ | ૯ | ૭ | ૪૩ | ૧૮ | ૨ | ૪ |
| ૩૧ | અમરાઈવાડી | ૧૩ | ૧૭ | ૭૭ | ૩૦ | ૫ | ૨૭ |
| ૩૨ | કાગડાપીઠ | ૬ | ૮ | ૭૦ | ૧૬ | ૨ | ૨ |
| ૩૩ | દાણીલીમડા | ૭ | ૧૩ | ૨૪ | ૧૫ | ૨ | ૭ |
| ૩૪ | મણીનગર | ૧૧ | ૧૫ | ૧૦૨ | ૩૨ | ૧ | ૪ |
| ૩૫ | ઈસનપુર | ૮ | ૯ | ૬૨ | ૩૪ | ૧ | ૧ |
| ૩૬ | વટવા | ૧૧ | ૧૨ | ૬૫ | ૫૪ | ૫ | ૧૭ |
| ૩૭ | જી.આઈ.ડી.સી. | ૩ | ૧ | ૨૨ | ૧૫ | ૧ | ૨ |
| ૩૮ | ક્રાઈમ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૧ |

---------

## મહેસાણા જિલ્લામાં પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે થયેલ ખર્ચ

૨૩૨૩૩ **શ્રી કાંતિલાલ રા.પટેલ (વિજાપુર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં ક્યા ક્યા સ્થળો પ્રવાસન તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા,

(૨) પસંદ કરેલ સ્થળોને વિક્સાવવા માટે કઈ કઈ સુવિધા પૂરી પાડવાની સરકારની યોજના છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૩-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં નીચે મુજબના સ્થળોને પ્રવાસન તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા.

(૧) વડનગર
(૨) ટુંડવાવ ખાતે આવેલ ઓમકારેશ્વર મહાદેવ મંદિર
(૩) મોઢેરા (બીજો તબક્કો)
(૪) બહુચરાજી
(૫) ખાસ અંગભૂત યોજના અંતર્ગત ગાંભુ ગામે આવેલ સંતશ્રી કાનપીરની જગ્યા

(૨) પસંદ કરેલ સ્થળોને વિક્સાવવા માટે નીચે મુજબની સુવિધા પૂરી પાડવામાં આવેલ છે.

(૧) વડનગર-રોડ, રસ્તા, વૃક્ષ ઉછેર, સ્થળની સુધારણા,
(૨) ટુંડવાવ ખાતે મંદિરના એપ્રોચરોડની સુવિધા
(૩) મોઢેરા (બીજો તબક્કો) - મોઢેરા ખાતે

આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધા જેવી કે બસસ્ટેન્ડ થી ટુરીસ્ટ રીસેપ્શન સેન્ટર સુધીનો રોડ, બસ ટર્મીનલ અને તેની આસપાસના વિસ્તારનો વિકાસ, ગામના જાહેર જ્ગ્યાનો સંકલિત વિકાસ, મોઢેરા-મહેસાણા રોડનો વિકાસ, ઘાટ બનાવવો, તળાવનો વિકાસ, ટોયલેટ, સાઈનેજીસ, તળાવ અને સૂર્યમંદિર સામેના વિસ્તારનો વિકાસ

(૪) બહુચરાજી-આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાનો વિકાસ જેમાં યાત્રિકો માટે એરાઈવલપ્લાઝા, પરિક્રમા પથ, દિવાલનું રીસ્ટોરેશન, ફુડકોટ, પ્રસાદ માટેની દુકાનો, ટોયલેટ બ્લોક, ઈન્ટરનલ પાથવે, કંમ્પાઉન્ડ વોલ, એન્ટ્રીગેટ, પાર્કીંગ, ગાર્ડન વર્ક, લાઈટીંગ વર્ક, સેન્ટ્રલ પેવેલીયન, મેડાસર તળાવ ખાતે વ્યુવીંગ ડેક, જેટી બ્રીજ, વોચમેન કેબીન, ફુડકોટ, ટોયલેટ બ્લોક, પાર્કીંગ, લેન્ડસ્કેપીંગ, લાઈટીંગ વર્ક, મેળા ગ્રાઉન્ડનો વિકાસ

(૫) ખાસ અંગભૂત યોજના અંતર્ગત ગાંભુ ગામે આવેલ સંતશ્રી કાનપીરની જ્ગ્યા ખાતે પીવાના પાણીનો રૂમ, બોરવેલ, ટોયલેટ, યાત્રાળુઓ માટે શેડ, કંમ્પાઉન્ડ વોલ, ઈલેક્ટ્રીફીકેશન અને પેવર બ્લોક્નું પેવીંગની કામગીરી કરવામાં આવનાર છે.

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે કેટલા નાણા ફાળવવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળોના વિકાસ માટે નીચે મુજબ નાણાં ફાળવવામાં આવેલ છે.

**વર્ષ ૨૦૦૯-૧૦**

(૧) વડનગર ખાતે બુધ્ધિષ્ટ સાઈટના વિકાસ માટે રૂપિયા ૧૦૦.૦૦ લાખ

(૨) ખાસ અંગભૂત યોજના અંતર્ગત ગાંભુ ગામે આવેલ સંતશ્રી કાનપીરની જ્ગ્યાની કામગીરી માટે રૂપિયા ૫૨.૭૩ લાખ

**વર્ષ ૨૦૧૦-૧૧**

(૧) ટુંડવાવ ખાતે આવેલ ઓમકારેશ્વર મહાદેવ મંદિર માટે રૂપિયા ૨૦.૦૦ લાખ

(૨) બહુચરાજી માટે રૂપિયા ૧૫૩૬.૨૫ લાખ.

(૪) કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૪)

(૧) વડનગર ખાતે રૂપિયા ૧૫.૪૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૨) બહુચરાજી આનુસાંગિક કાર્યવાહી માટે રૂપિયા ૮૦.૦૦ લાખનો ખર્ચ થયેલ છે અને ટેન્ડરની પ્રક્રીયા પ્રગતિમાં છે.

(૩) ખાસ અંગભૂત યોજના અંતર્ગત ગાંભુ ગામે આવેલ સંતશ્રી કાનપીરની જ્ગ્યા માટે રૂપિયા ૫૨.૭૩ લાખનો ખર્ચ થયેલ છે.

**વડોદરા જિલ્લામાં ટ્રાયબલ સબપ્લાન કાર્યક્રમ હેઠળ હેન્ડ પંપો**

૨૩૬૧૫ **શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં આદિજાતિ તાલુકાઓમાં ટ્રાયબલ સબપ્લાન કાર્યક્રમ હેઠળ કેટલા નવા હેન્ડ પંપો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) ૧૩૧૯ નવા હેન્ડપંપો મંજૂર કરવામાં આવ્યા. |
| (૨) તે પેકી કેટલા હેન્ડ પંપ બેસાડવામાં આવેલ છે? | (૨) શારેલ ૧૩૧૯ પેકી સફળ થયેલ ૧૨૪૧ બોર પર હેન્ડપંપ બેસાડવામાં આવેલ છે. |

---------

**અમદાવાદની સોલા હૉસ્પિટલને મેડીકલ કોલેજ તરીકે મંજૂરી**

૨૩૦૮૨ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા. ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ અમદાવાદ ખાતે આવેલ સોલા હોસ્પિટલને મેડીકલ કોલેજની મંજૂરી અપાઈ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કોલેજ હોસ્પિટલ સ્વનિર્ભર બનાવવામાં આવેલ છે કે કેમ, અને તે અન્વયે સરકારી કોલેજ હોય તો રાજ્ય સરકારે કેટલી બેંકની ગેરંટી ક્યારે આપી? | (૨) આ કોલેજ સ્વનિર્ભર બનાવવામાં આવેલ છે. સ્વનિર્ભર હોવાથી ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી ધ્વારા આ કોલેજ માટે રૂા. ૯.૫૦ કરોડની બેંક ગેરંટી મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાને આપવામાં આવેલ છે. |

---------

**મહુવા તાલુકામાં બિન અધિકૃત રીતે નાંખેલ પાણીની પાઈપ લાઈન**

૨૩૪૫૮ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહુવા તાલુકાના માલણ બંધારાથી ગુઝરડા તળાવ સુધી આશરે ૩(ત્રણ) કિલોમીટર બિન અધિકૃત રીતે પાણીની લાઈન નાંખવામાં આવી છે તેનાથી સરકાર વાકેફ છે, | (૧) હા, જી. |
| (૨) આ પાઈપ લાઈન દૂર કરવા શી વ્યવસ્થા ગોઠવી છે, અને<br>(૩) જવાબદાર સામે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) અને (૩) : પ્રથમ ખેડુતોને સમજાવી પાઈપ કાઢવા પ્રયત્ન કરવામાં આવશે અન્યથા કાયદેસરની કાર્યવાહી કરી અને જમીનમાંથી પાઈપ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવશે અને જરૂર પડે જવાબદારો સામે પગલાં લેવામાં આવશે. |

---------

**રાજકોટ જિલ્લામાં આજી-૨ ડેમના દરખાસ્તની ચકાસણી**

૨૩૦૬૭ **શ્રી જયેશભાઈ વી. રાદડિયા(ધોરાજી) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં આજી-૨ ડેમના દરવાજાની ચકાસણી તા. ૩૧-૭-૧૧ની સ્થિતિએ છેલ્લે ક્યારે કરવામાં આવી હતી, | (૧) તા. ૨૬-૫-૧૧ના રોજ. |
| (૨) આ ચકાસણી દરમ્યાન કોઈ ક્ષતિઓ જણાઈ હતી કે કેમ, અને | (૨) આ ચકાસણી દરમ્યાન, ક્ષતિગ્રસ્ત દરવાજામાં કોઈ ગંભીર ક્ષતિ જણાયેલ ન હતી. |
| (૩) આ ડેમના દરવાજા તુટી જતા કેટલું પાણી તા. ૩૧-૭-૧૧ સુધીમાં છેલ્લા એક વર્ષમાં ડેમમાંથી વહી ગયુ અને તુટેલા ડેમના દરવાજા ક્યારે રીપેર થયા? | (૩) ૧૩૭૦ મી. ઘ. ફુટ પાણી નદીમાં વહેવડાવવામાં આવેલ, જે આજી-૩ ડેમમાં રોકાયેલ. મરામત કામ તા. ૯-૮-૨૦૧૧ના રોજ પૂર્ણ કરવામાં આવેલ, આજી-૨ ડેમ ફરીથી પૂર્ણ સપાટીએ ભરાયેલ છે. |

---------

## બાયસેગ સંસ્થાને મળેલ એવોર્ડ

૨૩૨૦૯ **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૧૧-૧૨ના નાણાંકીય વર્ષમાં તારીખ ૩૧-૮-૧૧ સુધીમાં બાઈસેગ સંસ્થાને કામગીરી બદલ કોઈ એવોર્ડ મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો કઈ સંસ્થા દ્વારા આ એવોર્ડ આપવામાં આવેલ છે, અને

(૩) સદરહુ એવોર્ડની વિગતો શી છે?

**જવાબ**

(૧), (૨) અને (૩) : પ્રશ્ન હેઠળના સમયકાળમાં કોઈ એવોર્ડ મળેલ નથી, પરંતુ જીઓ-સ્પાસ્યલ વર્લ્ડ ફોરમમાં હેદરાબાદ ખાતે જાન્યુઆરી, ૧૮, ૨૦૧૧ના રોજ ""પ્રીમીયર જીઓ-સ્પાસ્યલ સ્ટેટ ઓફ ધી કન્ટ્રી"" એવોર્ડ ગુજરાત રાજ્યને એનાયત કરવામાં આવ્યો હતો. ઉપર્યુક્ત સંસ્થા દ્વારા આ એવોર્ડ સો પ્રથમ વખત ઘોષિત કરી એનાયત કરવામાં આવેલ છે. આ પ્રસંગે માનનીય મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય, અતિથિ વિશેષ તરીકે હેદરાબાદ ખાતે ઉપસ્થિત રહ્યા હતા.

-જીઓ-સ્પાસ્યલ ટુ ડે મેગેઝીન દ્વારા ઘોષિત કરવામાં આવેલ ""જીઓ-સ્પાસ્યલ સ્ટેટ ઓફ ધી યર-૨૦૦૯"" એવોર્ડ ભારત સરકારના સાયન્સ અને ટેક્નોલોજી વિભાગના સચિવશ્રી દ્વારા ઓગસ્ટ ૧૦, ૨૦૧૦ના રોજ ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગને એનાયત કરવામાં આવ્યો હતો.

---------

## પાટણ અને મહેસાણા જિલ્લામાં ઉદ્યોગોને ફાળવેલ જમીન

૨૩૦૮૭ **શ્રી જોધાજી ઠાકોર (વાગડોદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પાટણ અને મહેસાણા જિલ્લામાં ક્યા ક્યા ઉદ્યોગોને કેટલી જમીન શા ભાવે ક્યા હેતુ માટે ફાળવવામાં આવી?

**જવાબ**

સામેલ પત્રક મુજબ.

**પત્રક**

| પાટણ જિલ્લામાં નીચે મુજબ જમીન ફાળવી | | | |
|---|---|---|---|
| **ઉદ્યોગ ગૃહનું નામ** | **ફાળવેલ જમીન હે.આરે.ચો.મી.** | **જમીનના ભાવ** | **ફાળવણીનો હેતુ** |
| વાયટલ નંદન બાયોફાર્મા સાયન્સ પ્રા. લી. | ૫૪૧-૫૨-૫૦ | ૨૦ વર્ષ માટે ભાડા પટ્ટે<br>(૧) પ્રથમ પાંચ વર્ષ માટે કંઈ નહિ.<br>(૨) છ થી ૧૦ વર્ષ માટે રૂા. ૪૦/- પ્રતિ એકર<br>(૩) અગિયાર થી ૨૦ વર્ષ માટે રૂા. ૧૦૦/-પ્રતિ એકર<br>(૪) આનુષાંગિક પ્રવૃત્તિ (ઉત્પાદનના મુલ્ય વૃધ્ધિ અંગેનો પ્રોજેક્ટ) ચાલુ થાય ત્યારથી ભાડામાં ૫૦ ટકાનો વધારો વસુલ લેવો. | જેટ્રોફાના વાવેતર માટે |
| ગુજરાત પાવર કોર્પોરેશન લી., | ૧૦૨૦-૦૦-૦૦ | રૂા. ૧૧૦/- ચો. મી. ના | સોલાર પાર્ક માટે |
| કીન્ટેક સાયનર્જી પ્રા. લી. | ૧૩૭-૩૧-૨૫ | પ્રતિ હેક્ટર દીઠ વાર્ષિક રૂા. ૧૦,૦૦૦/- પ્રમાણે ભાડા પટ્ટે | વીન્ડ ફાર્મ માટે |
| **મહેસાણા જિલ્લામાં નીચે મુજબ જમીન ફાળવી** | | | |
| **ઉદ્યોગ ગૃહનું નામ** | **ફાળવેલ જમીન હે.આરે.ચો.મી.** | **જમીનના ભાવ** | **ફાળવણીનો હેતુ** |
| ટોરન્ટ ફાર્મા લી. | ૦૦-૧૫-૦૦ | રૂા. ૧૪૩/- ચો. મી. ના | પમ્પીંગ હાઉસ માટે |
| હિમાલયા ઈન્ટરનેશનલ લી. | ૨૦-૮૪-૯૪ | રૂા. ૧૦૦/- ચો. મી. ના | ફુડ પ્રોસેસીંગ યુનિટ માટે |
| ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી સ્પાઈસીસ બોર્ડ, | ૬૭-૩૫-૫૫ | ભારત સરકારના વાણિજ્ય મંત્રાલય સંચાલિત છે. જેથી પ્રતિ ચો. મી. લેખે રૂા. ૫૦/- કિંમત આકારેલ છે. | સ્પાઈસ પાર્ક માટે |

---------

## સેક્ટર રીફોર્મ યોજના અંતર્ગત ગણદેવી તાલુકાને પીવાનું પાણી

૨૩૬૪૦ **શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં તા.૩૧-૭-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સેક્ટર રીફોર્મ યોજના હેઠળ કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) સેક્ટર રીફોર્મ યોજના (રાજ્ય) હેઠળ ૨૫ યોજનાઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) ઉક્ત સમયગાળા દરમિયાન આ યોજનાઓ અન્વયે પાણી સમિતિઓને કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે? | (૨) રૂા. ૧૩૭.૦૭ લાખનું ફંડ ફાળવવામાં આવેલ છે. |

---------

## ઉકાઈ-પૂર્ણા હાઈ લેવલ કેનાલની કામગીરી

૨૩૩૪૨ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૮-૧૧ની સ્થિતિએ ઉકાઈ-પૂર્ણા હાઈ લેવલ કેનાલનું કામ ક્યા તબક્કામાં છે, અને ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું હતું, | (૧) ૮૫ ટકા કામગીરી પૂર્ણ થઈ ગયેલ છે બાકી રહેલ માટીકામ અને સ્ટ્રક્ચર્સની કામગીરી પ્રગતિ હેઠળ છે. માર્ચ -૨૦૧૧ સુધીમાં પુરુ કરવાનું આયોજન હતુ. |
| (૨) આ કેનાલની કામગીરી પૂર્ણ ન થવાના શાં કારણો છે, અને | (૨) મૂળ અંદાજ કરતાં ખોદાણના જથ્થામાં તેમજ સ્ટ્રક્ચરોમાં વધારો થવાથી. |
| (૩) આદિવાસી વિસ્તારનું આ કામ હવે સરકાર ક્યારે પૂર્ણ કરવા માંગે છે? | (૩) જૂન-૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

## અન્ય રાજ્યોમાંથી આવેલા મહાનુભાવોને સ્ટેટ ગેસ્ટનો દરજ્જો

૨૩૦૭૯ **શ્રી કાનજીભાઈ તળપદા (ધોળકા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જુલાઈ, ઓગષ્ટ-૧૧ દરમ્યાન રાજ્યની સહેલગાહે બીજા રાજ્યોમાંથી આવેલ ક્યા ક્યા મહાનુભાવોને કે જેઓ મંત્રીશ્રીનું સ્ટેટસ ધરાવતા ન હોઈ તેમને સ્ટેટ ગેસ્ટનો દરજ્જો આપવામાં આવ્યો, અને | (૧) ગુજરાત રાજ્ય અતિથિ નિયમો, ૨૦૦૪ મુજબ નિયત થયેલ રાજ્યોમાંથી આવતા મહાનુભાવોને રાજ્ય અતિથિ ગણવામાં આવે છે. જુલાઈ, ઓગસ્ટ-૨૦૧૧ દરમ્યાન નીચેના મહાનુભાવોને ખાસ કિસ્સામાં રાજ્ય અતિથિનો દરજ્જો આપવામાં આવ્યો છે :-<br>(૧) ડૉ. જોસેફ માર થોમાં મેટ્રોપોલીટન, ધી સુપ્રિમ હેડ ઓફ માર થોમા સીરીયન ચર્ચ, કેરાલા<br>(૨) શ્રીમતી જોહરા ચેટરજી, સભ્ય સચિવશ્રી, નેશનલ કમિશન ફોર વુમન, નવી દિલ્હી.<br>(૩) જસ્ટીસશ્રી ડી. પી. વાધવા, ચેરમેન, સેન્ટ્રલ વીજીલન્સ કમિટિ ઓન પબ્લિક ડીસ્ટ્રીબ્યુશન સીસ્ટીમ, નવી દિલ્હી.<br>(૪) મેજર જનરલ (રીટાયર્ડ) ડૉ. આર. એમ. ખરબ, ચેરમેન, એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા, ચેન્નાઈ.<br>(૫) શ્રી હરવંશસિંઘ ડેપ્યુટી સ્પીકર, મધ્યપ્રદેશ વિધાનસભા, મધ્યપ્રદેશ. |
| (૨) આવા સ્ટેટ ગેસ્ટનો દરજ્જો આપ્યા પછી તેમની પાછળ કુલ કેટલો ખર્ચ થયો? | (૨) રૂા. ૪૦,૨૦૮.૦૦/- |

---------

**વડોદરા જિલ્લામાં તાલુકાવાર રેતીની અપાયેલ લીઝો**

૨૩૧૫૩ **શ્રી ચંદુભાઈ ડાભી(કરજણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનીજ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૭-૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલી રેતીની લીઝો આપવામાં આવેલી છે, અને

(૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં ગેરરીતીની કેટલી ફરીયાદો અન્વયે કેટલા કિસ્સામાં લીઝ ચોરી અંગે ઈસમોને પકડવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા.૩૧-૭-૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર કુલ ૩૬૫ રેતીની લીઝો આપવામાં આવેલ છે (તાલુકાવાર પત્રક-૧ સામેલ છે)

(૨) ગેરરીતીની ૫૧ ફરીયાદો અન્વયે ૧ કિસ્સામાં પોલીસ કેસ નોંધવામાં આવેલ છે. જેમાં કોઈ ઈસમોને પકડવામાં આવેલ નથી.

**પત્રક-૧**

તા.૩૧-૭-૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર રેતીની આપવામાં આવેલ લીઝોની વિગતનું પત્રક

| ક્રમ | તાલુકાનું નામ | લીઝની સંખ્યા |
|---|---|---|
| ૧ | સંખેડા | ૧૫૦ |
| ૨ | વડોદરા | ૧૧ |
| ૩ | ડભોઈ | ૭૪ |
| ૪ | પાદરા | - |
| ૫ | સાવલી | ૧૧ |
| ૬ | નસવાડી | - |
| ૭ | કવાટ | - |
| ૮ | શીનોર | - |
| ૯ | પાવી જેતપુર | ૫૦ |
| ૧૦ | છોટા ઉદેપુર | ૧૧ |
| ૧૧ | કરજણ | ૫૭ |
| ૧૨ | વાઘોડીયા | ૧ |
| | કુલ | ૩૬૫ |

---------

**ક્રુડ ઓઈલ આયાત કરવા માટેની સુવિધા ધરાવતા બંદરો**

૨૩૬૨૦ **શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (બંદરો)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૮-૧૧ ની સ્થિતિએ રાજ્યના દરિયા કિનારે ક્રુડ ઓઈલ આયાત કરવા માટે ક્યા ક્યા બંદરોએ બંદરીય સુવિધાઓ (એસ.બી.એમ.) ઉપલબ્ધ છે, અને

(૨) સન-૨૦૧૧-૧૨માં ક્રુડ ઓઈલ આયાત કરવા માટે ક્યા ક્યા સ્થળોએ નવી બંદરીય સુવિધાઓ (એસ.બી.એમ.) સ્થાપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) સિક્કા બંદર અને મુન્દ્રા બંદર.

(૨) મુન્દ્રા ખાતે નવી ત્રણ એસ.બી.એમ. સ્થાપવાનું આયોજન છે.

**લોકાયુક્ત કચેરીના સ્ટાફનો નિભાવ ખર્ચ**

૨૩૧૯૨ **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૭-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં લોકાયુક્ત કચેરી પાછળ અધિકારી/કર્મચારીઓના પગાર-પ્રવાસ ભથ્થા-વાહન ખર્ચ તેમજ અન્ય ખર્ચ પેટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

રૂા. ૩૩,૫૩,૯૩૮/-.

**સુરેન્દ્રનગર જિલ્લામાં ઉદ્યોગોને ફાળવેલ જમીન**

૨૩૦૬૧ **શ્રી હરીલાલ પટેલ(ધ્રાંગધ્રા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૭-૨૦૧૧ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં ક્યા ક્યા ઉદ્યોગોને કેટલી જમીન શા ભાવે ક્યા હેતુ માટે છેલ્લા ત્રણ વર્ષમાં ફાળવવામાં આવી?

**જવાબ**

પત્રક-અ મુજબ*

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**પંચમહાલ જિલ્લામાં ગોમા તથા કુણ નદી પર ચેકડેમ બનાવવા અંગે**

૨૩૨૬૬ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ(શહેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં ગોમા તથા કુણ નદી પર મોટા ચેકડેમ બનાવવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા ચેકડેમ બનાવવામાં આવેલ છે, અને | (૨) કુલ-૧૬. |
| (૩) તેના થકી પ્રજાને શું લાભ મળશે ? | (૩) પ્રત્યક્ષ તથા પરોક્ષ સિંચાઈ, ભુગર્ભ જળ રીચાર્જ, પીવા તથા ઘરવપરાશ વિગેરેનો લાભ મળશે. |

**બહુચરાજી મંદિર અને પરિસરના વિકાસ માટે થયેલ કામગીરી**

૨૩૨૩૧ **શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બહુચરાજી મંદિર અને તેના પરિસરના વિકાસ અંગે શી યોજના કરવામાં આવી છે, અને | (૧) (૧) તા. ૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બહુચરાજી મંદિર અને તેના પરિસરના વિકાસ માટે નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.<br><br>(અ) શ્રી બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા સર્વાંગી વિકાસ તેમજ યાત્રીકોની વધુ સુવિધા માટે મંદિર વિસ્તૃતિકરણનો માસ્ટર પ્લાન મંજૂર કરવામાં આવેલ છે. જેમાં શ્રી બહુચરાજી મંદિરના ગર્ભગૃહ સિવાયના મંદિરને આરસ પહાણથી તથા નૃત્ય મંડપ વિશાળ કરવાની કામગીરીનો સમાવેશ થાય છે. તેમજ બહુચરાજી માતાજીના મંદિરમાં યાત્રીકોની સુવિધા માટે મંદિર પરિસરમાં યજ્ઞમંડપ, વરખડી મંદિર અને મધ્યસ્થાન મંદિરનો સમાવેશ થાય છે.<br><br>(બ) આ ઉપરાંત ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ દ્વારા નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે. (૧) એરાવલ પ્લાઝા - પરિક્રમા પથ, દિવાલનું રીસ્ટોરેશન, ફુડકોર્ટ, પ્રસાદ માટેની દુકાનો, ટોયલેટ બ્લોક, ઈન્ટરનલ પાથવે, કંપાઉન્ડ વોલ, પ્રવેશદ્વાર, પાર્કીંગ, લાઈટીંગ વર્ક, ગાર્ડનીંગ કામ, સેન્ટ્રલ પેવેલીયન (૨) મેડાસર તળાવનો વિકાસ વ્યુવીંગ ડેક, જેટીબ્રીજ, વોચમેન કેબીન, ટોયલેટ બ્લોક, પાર્કીંગ, ફુડકોર્ટ, રેસ્ટોરન્ટ, લેન્ડ સ્કેપીંગ, લાઈટીંગ કામ, (૩) મેળા ગ્રાઉન્ડનો વિકાસ. |
| (૨) આ કામગીરી ક્યારે હાથ ધરવામાં આવશે? | (૨) (અ) શ્રી બહુચરાજી માતાજી મંદિરમાં યાત્રીકોની સુવિધા માટે મંદિર પરિસરમાં યજ્ઞમંડપ, વરખડી મંદિર અને મધ્યસ્થાન મંદિરના કામો શરૂ થયેલ છે. જેમાં ૩૦ ટકા કામગીરી પૂર્ણ થયેલ છે.<br><br>(બ) ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા હાથ ધરવામાં આવેલ કામગીરી માટે આર્કિટેક, પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ અને કોન્ટ્રાક્ટરની નિમણુંક કરવામાં આવેલ છે અને કામગીરી હાલ પ્રગતિમાં છે. |

---------

## ડાંગ જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજના

૨૩૬૧૬ **શ્રી વિજયભાઈ ૨.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી જુથ પાણી પુરવઠા યોજનાઓ કાર્યરત છે, | (૧) ૨૩ જૂથ પાણી પુરવઠા યોજનાઓ કાર્યરત છે. |
| (૨) તેમાં કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે, અને | (૨) ૧૧૨ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. |
| (૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ કુલ કેટલા ગામોને પાણી પુરવઠો આપવામાં આવે છે ? | (૩) તમામ ૧૧૨ ગામોને પાણી પુરવઠો આપવામાં આવે છે. |

---------

## પાવી જેતપુર સુખી જળાશય પર પુલ બાંધવાની કામગીરી

૨૩૨૬૩ **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના પાવી જેતપુર સુખી જળાશયમાં બાર-સટુન પુલ બનાવવાની કામગીરી તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે,<br>(૨) ઉક્ત કામગીરી ક્યારે પૂર્ણ થનાર છે, અને | (૧) તથા (૨) : પુલ બનાવવાની કામગીરી તા. ૩૦-૬-૧૧ના રોજ પૂર્ણ થયેલ છે. |
| (૩) તેનાથી ક્યા ક્યા ગામોને લાભ મળનાર છે ? | (૩) કુલ ૨૫ ગામોને લાભ મળશે. લાભિત ગામોની યાદી પત્રક-૧માં સામેલ છે. |

**પત્રક-૧**

| અ.નં. | તાલુકો | બાર-સટુન પુલથી લાભિત ગામોની યાદી |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | પાવી જેતપુર | (૧) વડોથ (૨) સેલવા (૩) મોટી ખાંડી (૪) ખેડા (૫) સટુન (૬) મોતીપુરા (૭) વસંતગઢ (૮) આંબાકુટ (૯) ચેથાપુર (૧૦) કુંડલ (૧૧) ધાટા (૧૨) લુણાજા (૧૩) ગુંદી (૧૪) મુથઈ (૧૫) બાર (૧૬) ઉઢણીયા (૧૭) ધનપુર (૧૮) ચેના (૧૯) ડુંગરવાંટ. |
| ૨ | છોટાઉદેપુર | (૧) ધોળી સામેલ (૨) વચલીભીંત (૩) ડુંગરભીત (૪) ઝીજરવાણી (૫) ઝોઝ (૬) અલસીપુર. |

---------

## વડોદરા જિલ્લાની ડભોઇ નગરપાલિકાને વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટ

૨૩૫૧૫ **શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ(ડભોઈ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૭-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા જિલ્લાની ડભોઇ નગરપાલિકાને રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર તરફથી વિકાસના કામો માટે કેટલી અને ક્યા ક્યા હેતુઓ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી ?

**જવાબ**

તા.૩૧-૭-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા જિલ્લાની ડભોઇ નગરપાલિકાને રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર તરફથી વિકાસના કામો માટે નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

( ` લાખમાં)

| **ક્રમ** | **યોજનાનું નામ** | **રાજ્ય સરકાર** | **કેન્દ્ર સરકાર** |
|---|---|---|---|
| ૧ | માળખાકીય સુવિધાઓ માટે | ૬૫૯.૫૬ | ૫૦૦.૫૬ |
| ૨ | પાણી પુરવઠા માટે | ૪૦૦.૦૦ | -- |
| ૩ | ભૂગર્ભ ગટર યોજના માટે | ૩૭૩.૦૦ | -- |

## અમરેલી જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેક્શન

૨૩૨૭૮ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦-૬-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ અમરેલી જિલ્લામાં કેટલી આંગણવાડીઓને ગેસ કનેક્શન અપાયેલ છે, | (૧) ૧૫૫૫. |
| (૨) આ પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૨) રૂા. ૫૭,૮૪,૨૯૯/-. |
| (૩) બાકીની આંગણવાડીઓમાં ગેસ કનેક્શન માટે શું આયોજન છે ? | (૩) ક્રમાનુસાર સુવિધા આપવામાં આવશે. |

---------

## રાજ્યની ઇન્સ્ટીટ્યુટ ઓફ સીસ્મોલોજીકલ રીસર્ચ દ્વારા મંજૂર કરવામાં આવેલ સંશોધન પ્રોજેક્ટ

૨૩૨૦૬ **શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૧૧-૧૨ વર્ષ દરમ્યાન તા.૩૧-૮-૧૧ સુધીમાં રાજ્યની ઇન્સ્ટીટ્યુટ ઓફ સીસ્મોલોજીકલ રીસર્ચ ખાતે ક્યા ક્યા સંશોધન પ્રોજેક્ટો મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) આવા સંશોધન પ્રોજેક્ટો ક્યા ક્યા વિસ્તારોમાં શરૂ કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) અને (૨) : ૨૦૧૧-૧૨ વર્ષ દરમિયાન તા. ૩૧-૮-૧૧ સુધીમાં રાજ્યની ઈન્સ્ટીટ્યુટ ઓફ સીસ્મોલોજીક્લ રીસર્ચ ખાતે નીચે મુજબના સંશોધન પ્રોજેકટો મંજૂર કરવામાં આવેલ છે.

| અ.નં. | પ્રોજેક્ટનું નામ | પ્રોજેક્ટનો વિસ્તાર |
|---|---|---|
| ૧. | પોલિયો સિસ્મોલોજીકલ | સમગ્ર કચ્છ જિલ્લો |
| ૨. | ભૂકંપીય માઈક્રોઝોનેશન | ગાંધીનગર અને કચ્છ જિલ્લાના ગાંધીધામ, ભચાઉ અને રાપર |
| ૩. | સિસ્મોસીટી મોનીટરીંગ તથા સિસ્મોલોજીકલ સેટઅપનું અપગ્રેડેશન | નવાગામ ડેમ અને તેની આસપાસ |
| ૪. | એકટીવ ફોલ્ટ્સનો અભ્યાસ | નખત્રાણાથી ભચાઉ<br>ગાંધીધામ થી ભચાઉ<br>વિઘુકોટ થી પાકિસ્તાન<br>દેશલપર થી સુવઈ |
| ૫. | ભૂકંપીય માઈક્રોઝોનેશનનો અભ્યાસ | ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન |
| ૬. | સિસ્મોટેકટોનીક અભ્યાસ | મુન્દ્રાની આસપાસ |
| ૭. | સિસ્મીક માઈક્રોઝોનેશનની કામગીરી | ગીફ્ટસીટી, ગાંધીનગર |
| ૮. | ક્રસ્ટલ ડીફોર્મેશન અભ્યાસ | સમગ્ર કચ્છ જિલ્લો અને નર્મદા જિલ્લો |
| ૯. | બંદરો અને મોટા બાંધકામના સિસ્મીક વલ્નરેબીલીટી અભ્યાસ માટે | ગુજરાતનો દરિયા કાંઠો |
| ૧૦. | સિસ્મીક માઈક્રોઝોનેશનની કામગીરી | અમદાવાદ |
| ૧૧. | ""ઈનસાર""નો ઉપયોગ કરી સર્ફેસ ડીફોર્મેશનનો અભ્યાસ | કચ્છનો વાગડ વિસ્તાર |
| ૧૨. | વીએસ-૩૦ અને પીએસ-લોગ ઈનમેઝરમેન્ટ લઈને એટેન્યુએશન રીલેશન બનાવવા માટે | ગાંધીનગર, અમદાવાદ, ભરૂચ, સુરત, ભાવનગર, ગાંધીધામ અને અંજાર |

---------

## વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧માં બંદર ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ.

૨૩૬૧૭ **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧માં બંદર ક્ષેત્રે કેટલું રોકાણ કરવા માટેના એમ. ઓ. યુ. થયેલ છે ? | રૂા. ૧,૦૨,૮૮૯ કરોડ. |

**વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧માં બંદર ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ.**

૨૩૬૧૮ **શ્રી ઉદેસિંહ ઝાલા(બાયડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧માં બંદર ક્ષેત્રે કેટલું રોકાણ કરવા માટેના એમ.ઓ.યુ. થયેલ છે? | રૂા. ૧,૦૨,૮૮૯ કરોડ. |

---------

**વડોદરા જિલ્લામાં ઉદ્યોગોને ફાળવેલ જમીન**

૨૩૦૫૪ **શ્રી ધીરુભાઈ ચુ. ભીલ (નસવાડી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં ક્યા ક્યા ઉદ્યોગોને કેટલી જમીન શા ભાવે ક્યા હેતુ માટે છેલ્લા ત્રણ વર્ષમાં ફાળવવામાં આવી ? | રાઘવ એન્ટરપ્રાઈસીસને ૮૦૦ ચો.મી. જમીન પ્રતિ ચો.મી. ના રૂા. ૭૯૮/-ના ભાવે હેન્ડ મેડ પેપરના ઓદ્યોગિક હેતુ માટે ફાળવેલ છે. |

---------

**નર્મદા મુખ્ય નહેરથી દાંતીવાડા પાઇપ લાઇન પૂર્ણ કરવાનું આયોજન**

૨૩૨૬૧ **શ્રી વસંતભાઈ ભટોળ (દાંતા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદાની મુખ્ય નહેરથી દાંતીવાડા સીપુ પાઇપ લાઇનનું કામ તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) આ પાઈપ લાઈન નાખવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૨) ઉક્ત કામ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૨) ૨૦૧૨ના અંત સુધીમાં પૂરૂં કરવાનું આયોજન છે. |

**અન્ય રાજ્યોના મહાનુભાવો અને ઉચ્ચ અધિકારીઓની નર્મદા બંધની મુલાકાત**

૨૩૨૫૪ **શ્રી બાબુભાઈ પટેલ (દસકોઈ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન નર્મદા બંધની મુલાકાત લેવા કેટલા પ્રવાસીઓ આવ્યા, અને | (૧) વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન નર્મદા બંધની મુલાકાત લેવા કુલ ૫,૦૬,૦૩૪ (પાંચ લાખ છ હજાર ચોત્રીસ) પ્રવાસીઓ આવ્યા. |
| (૨) તે પૈકી અન્ય રાજ્યોના કેટલા મહાનુભાવો અને ઉચ્ચ અધિકારીઓ હતા ? | (૨) તે પૈકી અન્ય રાજ્યોના ૩૯૪ (ત્રણસો ચોરાણું) મહાનુભાવો અને ઉચ્ચ અધિકારીઓ બંધની મુલાકાતે આવ્યા હતા. |

---------

**દેવકી નદી ઉપર પુર નિયંત્રણ દિવાલ બનાવવા બાબત**

૨૩૨૫૯ **શ્રી રાજસીભાઈ જોટવા(સોમનાથ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દેવકી નદી ઉપર વેરાવળ ખાતે પુર નિયંત્રણ દિવાલ બાંધવાનું કામ તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) ટેન્ડર માંગવાના તબક્કે છે. |
| (૨) આ કામ પાછળ કેટલો ખર્ચ થનાર છે, અને | (૨) આ કામ પાછળ આશરે રૂા. ૧૪૭ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે. |
| (૩) ઉક્ત કામ ક્યારે પૂર્ણ કરવામાં આવનાર છે? | (૩) ડીસેમ્બર-૨૦૧૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**અમદાવાદની આબાદ ડેરીની જમીનની ફાળવણી**

૨૩૧૩૪ **શ્રી રામસિંહ પ્ર. પરમાર (ઠાસરા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| અમદાવાદની મણિનગરની આબાદ ડેરી બંધ થયા બાદ વાયબ્રન્ટ ગ્લોબલ સમીટ-૨૦૦૯માં આ જમીન ઉપર સ્ટેડીયમ બાંધવા માટે કઈ કંપનીને શા ભાવે કેટલી | અમદાવાદની મણીનગરની આબાદ ડેરી બંધ થયા બાદ વાયબ્રન્ટ ગ્લોબલ સમીટ-૨૦૦૯માં થયેલ એમ.ઓ.યુ. અન્વયે આ જમીન ઉપર બહુહેતુક સ્પોર્ટસ |

| | |
|---|---|
| જમીન તા.૩૧-૭-૨૦૧૧ સુધીમાં ફાળવવામાં આવી? | સ્ટેડીયમ અને રીક્રીએશન સંકુલ બાંધવા માટે એસ. ઈ. ટ્રાન્સસ્ટેડીયા પ્રાઈવેટ લીમીટેડ કંપની, મુંબઈને એક ચોરસફૂટ દીઠ વાર્ષિક રૂપિયા એકના ભાડાથી ૪,૦૨,૨૯૪.૮૮ ચોરસફૂટ જમીન ફાળવવામાં આવી. |

**ગાંધીનગર જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેક્શન**

૨૩૨૭૫ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦-૬-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષ દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં કેટલી આંગણવાડીઓને ગેસ કનેક્શન અપાયેલ છે, | (૧) ૧૦૦૦ ગેસ કનેક્શન. |
| (૨) આ પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૨) રૂા. ૩૭,૫૧,૩૪૦/- |
| (૩) બાકીની આંગણવાડીઓમાં ગેસ કનેક્શન માટે શું આયોજન છે? | (૩) ક્રમાનુસાર ગેસ કનેક્શન આપવાનું આયોજન છે. |

---------

**અમદાવાદ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોને સારવાર**

૨૩૨૨૫ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૦૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકોને ક્યા ક્યા રોગો માટે સારવાર આપવામાં આવી છે, અને | (૧) તા. ૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર રોગો માટે બાળકોને આપવામાં આવેલ સારવારનું **પત્રક-અ** આ સાથે સામેલ છે. |
| (૨) તે પૈકી કેટલા બાળકોને રેફરલ સારવાર અને તજજ્ઞ સારવાર આપવામાં આવી? | (૨) તે પૈકી તા. ૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ બાળકોને તજજ્ઞ ડોક્ટરો દ્વારા આપવામાં આવેલ સારવારનું **પત્રક-બ** આ સાથે સામેલ છે. |

## પત્રક-અ

| વર્ષ | તાલુકાનું નામ | પાંડુરોગ | આંત્રકૃમિ | દાંતની તકલીફ | આંખની તકલીફ | કાન-નાક-ગળાની તકલીફ | પેટની તકલીફ | ચામડીના રોગ | શ્વસનતંત્રના રોગ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૯-૧૦ | દશક્રોઈ | ૪૨૪૭ | ૫૪૭ | ૧૯૮ | ૮૧૨ | ૫૪૮ | ૨૦૧ | ૩૬૭ | ૧૮૦ |
| | સાણંદ | ૩૫૧૩ | ૨૫૧૫ | ૧૭૨ | ૪૭૭ | ૨૪૫ | ૨૫૩ | ૫૦૮ | ૨૨ |
| | વિરમગામ | ૧૧૦૮ | ૬૬૭ | ૯૪ | ૧૪૨ | ૧૫૬ | ૧૧૧ | ૧૬૮ | ૧૬ |
| | માંડલ | ૪૮૯ | ૩૨૮ | ૧૧૮ | ૧૭૯ | ૭૨ | ૫૬ | ૧૦૩ | ૧૪૧ |
| | દેત્રોજ | ૭૧૬ | ૧૯૩ | ૧૮૫ | ૧૧૩ | ૮૧ | ૮૬ | ૧૫૧ | ૪૫ |
| | બાવળા | ૧૩૫૪ | ૧૧૬૬ | ૩૫૭ | ૧૭૮ | ૭૯ | ૨૭૪ | ૩૩૯ | ૧૨ |
| | ધોળકા | ૩૩૩૦ | ૪૧૮૭ | ૧૧૪ | ૧૦૭૪ | ૨૯૧ | ૨૫૯ | ૩૮૦ | ૫૦ |
| | ધંધૂકા | ૮૦૫ | ૧૧૪૦ | ૧૦૩ | ૬૬ | ૮૨ | ૧૦૬ | ૧૩૭ | ૨૮૯ |
| | બરવાળા | ૨૬૭ | ૪૧૧ | ૯ | ૬૮ | ૮૭ | ૫ | ૧૧૪ | ૦ |
| | રાણપુર | ૪૧૮ | ૪૧૪ | ૨૬ | ૧૯૫ | ૧૪૭ | ૧૦૦ | ૧૬૪ | ૧૩૬ |
| | જિલ્લાનું કુલ | ૧૬૨૪૭ | ૧૧૫૬૮ | ૧૩૭૬ | ૩૩૦૪ | ૧૭૮૮ | ૧૪૫૧ | ૨૪૩૧ | ૮૯૧ |
| | અમદાવાદ કોર્પો. | ૫૦૨૦૭ | ૪૩૯૮૩ | ૬૫૬૮ | ૩૨૪૦ | ૧૧૮૯૧ | ૩૩૧૨ | ૧૧૭૦ | ૧૬૬૮ |
| | કુલ | ૬૬૪૫૪ | ૫૫૫૫૧ | ૭૯૪૪ | ૬૫૪૪ | ૧૩૬૭૯ | ૪૭૬૩ | ૩૬૦૧ | ૨૫૫૯ |
| વર્ષ ૨૦૧૦-૧૧ તા. ૩૧-૩-૧૧ અંતિત | દશક્રોઈ | ૬૭૦૧ | ૩૮૮૮ | ૩૮૧ | ૮૧૨ | ૬૨૦ | ૪૦૨ | ૭૦૫ | ૨૩૩ |
| | સાણંદ | ૩૨૬૦ | ૧૮૭૨ | ૨૨૩ | ૫૪૦ | ૨૫૧ | ૨૨૬ | ૪૮૮ | ૫૮ |
| | વિરમગામ | ૧૧૭૭ | ૧૦૨૩ | ૨૭૧ | ૮૫૪ | ૮૦૨ | ૩૬૭ | ૧૬૭ | ૨૧ |
| | માંડલ | ૪૪૧ | ૩૬૧ | ૪૦ | ૧૪૨ | ૫૧ | ૦ | ૧૦ | ૦ |
| | દેત્રોજ | ૮૭૩ | ૩૯૯ | ૪૦૩ | ૪૪૨ | ૧૬૭ | ૬૦ | ૧૬૫ | ૭૨ |
| | બાવળા | ૨૮ | ૩૦ | ૨૩ | ૪૩ | ૨૨ | ૩ | ૧૪ | ૧ |
| | ધોળકા | ૨૨૩૭ | ૧૮૪૯ | ૨૬૭ | ૫૩૦ | ૧૫૪ | ૧૫૦ | ૧૮૨ | ૮૧ |
| | ધંધૂકા | ૧૦૨૪ | ૯૩૮ | ૨૬૧ | ૧૪૨ | ૯૭ | ૧૪૯ | ૧૬૯ | ૨૧૬ |
| | બરવાળા | ૩૧ | ૨૯ | ૨૬ | ૩૪ | ૮ | ૨૯ | ૧૩ | ૦ |
| | રાણપુર | ૮૬૩ | ૭૯૫ | ૬૨ | ૩૧ | ૫૮ | ૧૫૬ | ૧૯૮ | ૧૧૬ |
| | જિલ્લાનું કુલ | ૧૬૬૩૫ | ૧૧૧૮૪ | ૧૯૫૭ | ૩૫૭૦ | ૨૨૩૦ | ૧૫૪૨ | ૨૧૧૧ | ૭૯૮ |
| | અમદાવાદ કોર્પો. | ૪૪૯૨૪ | ૪૮૨૮૮ | ૪૯૨૪ | ૩૯૮૦ | ૧૫૨૨૧ | ૭૫૫૯ | ૧૪૪૯ | ૨૩૩૬ |
| | કુલ | ૬૧૫૫૯ | ૫૯૪૭૨ | ૬૮૮૧ | ૭૫૫૦ | ૧૭૪૫૧ | ૯૧૦૧ | ૩૫૬૦ | ૩૧૩૪ |

## Table ૨

| ચેતાતંત્રના રોગ | અસ્થિતંત્રના રોગ | વિકલાંગતા | અન્ય | કુલ |
|---|---|---|---|---|
| ૯ | ૮ | ૭૫ | ૦ | ૭૧૯૨ |
| ૬ | ૬ | ૩૮ | ૦ | ૭૭૫૫ |
| ૧ | ૭ | ૬ | ૦ | ૨૪૭૬ |
| ૪૧ | ૪૦ | ૪૨ | ૦ | ૧૬૦૯ |
| ૨ | ૦ | ૨૫ | ૦ | ૧૫૯૭ |
| ૪ | ૫ | ૧૩ | ૦ | ૩૭૮૧ |
| ૧ | ૨ | ૯૧ | ૦ | ૯૭૭૯ |
| ૦ | ૬ | ૦ | ૦ | ૨૭૩૪ |
| ૦ | ૦ | ૩ | ૦ | ૯૬૪ |
| ૨૨ | ૭ | ૧૮ | ૦ | ૧૬૪૭ |
| ૮૬ | ૮૧ | ૩૧૧ | ૦ | ૩૯૫૩૪ |
| ૬ | ૫ | ૦ | ૦ | ૧૨૨૦૫૦ |
| ૯૨ | ૮૬ | ૩૧૧ | ૦ | ૧૬૧૫૮૪ |
| ૧૯ | ૧૦ | ૮૨ | ૯૨૨ | ૧૪૭૭૫ |
| ૧૧ | ૧૭ | ૫૯ | ૪૧૭ | ૭૪૨૨ |
| ૧૨ | ૮ | ૧૭ | ૩૪૨ | ૫૦૬૧ |
| ૦ | ૦ | ૦ | ૦ | ૧૦૪૫ |
| ૦ | ૧૦ | ૧૫ | ૧૬૭ | ૨૭૭૩ |
| ૧ | ૨ | ૧ | ૧૩ | ૧૮૧ |
| ૧૫ | ૩૭ | ૩૫ | ૭૦૫ | ૬૨૪૨ |
| ૦ | ૫ | ૦ | ૧૩૭ | ૩૧૩૮ |
| ૦ | ૦ | ૦ | ૦ | ૧૭૦ |
| ૧૧ | ૩૫ | ૩૧ | ૭ | ૨૩૬૩ |
| ૬૯ | ૧૨૪ | ૨૪૦ | ૨૭૧૦ | ૪૩૧૭૦ |
| ૭૩ | ૨૪ | ૦ | ૨૫૨ | ૧૨૯૦૩૦ |
| ૧૪૨ | ૧૪૮ | ૨૪૦ | ૨૯૬૨ | ૧૭૨૨૦૦ |

## પત્રક-બ

| વર્ષ | તાલુકાનું નામ | સંદર્ભ સેવાપાત્ર બાળકો | સંદર્ભ સેવા આપેલ બાળકો | બાળરોગ નિષ્ણાંત દ્વારા | આંખ રોગ નિષ્ણાંત દ્વારા | દાંત રોગ નિષ્ણાંત દ્વારા | ચામડીના રોગના નિષ્ણાંત દ્વારા | કાન, નાક, ગળાના નિષ્ણાંત દ્વારા | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૯-૧૦ | દશક્રોઈ | ૮૦૧ | ૮૦૧ | ૧૪૧ | ૫૩૦ | ૫૦ | ૨૮ | ૫૨ | ૦ |
| | સાણંદ | ૬૯૪ | ૬૯૪ | ૧૫૯ | ૪૦૩ | ૩૨ | ૪૪ | ૫૬ | ૦ |
| | વિરમગામ | ૨૦૫ | ૨૦૫ | ૭૫ | ૭૫ | ૪ | ૬ | ૪૫ | ૦ |
| | માંડલ | ૩૫૫ | ૩૫૫ | ૨૫ | ૨૮૦ | ૨૬ | ૧૪ | ૧૦ | ૦ |
| | દેત્રોજ | ૬૬ | ૬૬ | ૧૯ | ૩૧ | ૧ | ૪ | ૧૧ | ૦ |
| | બાવળા | ૧૬૯ | ૧૬૯ | ૯૧ | ૨૧ | ૨૪ | ૧૫ | ૧૮ | ૦ |
| | ધોળકા | ૧૨૭૫ | ૧૨૭૫ | ૨૨૮ | ૮૭૪ | ૨૩ | ૫૪ | ૯૬ | ૦ |
| | ધંધૂકા | ૧૨૦ | ૧૨૦ | ૨૯ | ૫૨ | ૭ | ૧૧ | ૨૧ | ૦ |
| | બરવાળા | ૨૮ | ૨૮ | ૧૫ | ૬ | ૩ | ૦ | ૪ | ૦ |
| | રાણપુર | ૧૭૩ | ૧૭૩ | ૧૧૬ | ૧૩ | ૭ | ૧૬ | ૨૧ | ૦ |
| | જિલ્લાનું કુલ | ૩૮૮૬ | ૩૮૮૬ | ૮૯૮ | ૨૨૮૫ | ૧૭૭ | ૧૯૨ | ૩૩૪ | ૦ |
| | અમદાવાદ કોર્પો. | ૧૨૫૫૪ | ૧૨૫૫૪ | ૫૧૦૨ | ૧૭૭૪ | ૧૯૭૩ | ૭૪૨ | ૨૯૬૩ | ૦ |
| | કુલ | ૧૬૪૪૦ | ૧૬૪૪૦ | ૬૦૦૦ | ૪૦૫૯ | ૨૧૫૦ | ૯૩૪ | ૩૨૯૭ | ૦ |
| વર્ષ ૨૦૧૦-૧૧ તા. ૩૧-૩-૧૧ અંતિત | દશક્રોઈ | ૧૫૦૧ | ૧૫૦૧ | ૯૪૭ | ૩૦૬ | ૯૨ | ૨૯ | ૫૧ | ૭૬ |
| | સાણંદ | ૧૧૦૬ | ૧૧૦૬ | ૮૫૬ | ૧૩૫ | ૬૨ | ૨૪ | ૨૯ | ૦ |
| | વિરમગામ | ૧૭૫૧ | ૧૭૫૧ | ૯૫૪ | ૭૫૦ | ૨૪ | ૭ | ૧૬ | ૦ |
| | માંડલ | ૫૮૪ | ૫૮૪ | ૩૫૨ | ૧૪૧ | ૬૦ | ૨૨ | ૯ | ૦ |
| | દેત્રોજ | ૪૯૯ | ૪૯૯ | ૩૬૨ | ૭૮ | ૨૧ | ૧૦ | ૨૩ | ૫ |
| | બાવળા | ૫૬૮ | ૫૬૮ | ૪૭૪ | ૩૯ | ૧૯ | ૧૪ | ૧૮ | ૪ |
| | ધોળકા | ૮૨૦ | ૮૨૦ | ૬૯૨ | ૩૭ | ૬૨ | ૧૩ | ૧૬ | ૦ |
| | ધંધૂકા | ૩૬૨ | ૩૬૨ | ૨૮૧ | ૧૬ | ૪૧ | ૧૩ | ૭ | ૪ |
| | બરવાળા | ૫૬૮ | ૫૬૮ | ૪૭૪ | ૪૩ | ૨૦ | ૨૦ | ૫ | ૬ |
| | રાણપુર | ૪૪૭ | ૪૪૭ | ૩૯૬ | ૩૬ | ૮ | ૫ | ૧ | ૧ |
| | જિલ્લાનું કુલ | ૮૨૦૬ | ૮૨૦૬ | ૫૭૮૮ | ૧૫૮૧ | ૪૦૯ | ૧૫૭ | ૧૭૫ | ૯૬ |
| | અમદાવાદ કોર્પો. | ૭૨૫૯ | ૭૨૫૯ | ૨૧૬૦ | ૧૮૧૩ | ૧૫૪૨ | ૭૮૦ | ૯૬૪ | ૦ |
| | કુલ | ૧૫૪૬૫ | ૧૫૪૬૫ | ૭૯૪૮ | ૩૩૯૪ | ૧૯૫૧ | ૯૩૭ | ૧૧૩૯ | ૯૬ |

## સુરત જિલ્લામાં ઉદ્યોગોને ફાળવેલ જમીન

૨૩૦૯૨ **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ સુરત જિલ્લામાં ક્યા ક્યા ઉદ્યોગોને કેટલી જમીન શા ભાવે ક્યા હેતુ માટે છેલ્લા ત્રણ વર્ષમાં ફાળવવામાં આવી?

**જવાબ**

સામેલ પત્રક મુજબ.

**પત્રક**

| ઉદ્યોગ ગૃહનું નામ | ફાળવેલ જમીન હે.આરે.ચો.મી. | ભાવ ચો. મી. ના રૂપિયા | હેતુ |
|---|---|---|---|
| લાર્સન એન્ડ ટુબ્રો લી. | ૭૭-૯૧-૪૮<br>૭-૪૦-૯૯ | ૧૦૦૦/-<br>૧૦૫૦/- | હાઈટેક એન્જીનીયરીંગ પ્રોજેક્ટ માટે |
| --""-- | ૨૫-૭૮-૬૭ | ૭૦૦/- | પ્લાંટના વિસ્તૃતિકરણ માટે |
| --""-- | ૫૭-૯૫-૭૭ | ૭૦૦/- | ન્યુક્લિયર પ્રોજેક્ટ, સુપર ક્રિટીકલ બોઈલર્સ અને ટર્બાઈનના ઉત્પાદન માટે |
| એસ્સાર સ્ટીલ લી.હજીરા | ૫-૩૪-૦૦ | ૨૭૦/- | ટ્રક પાર્કિંગ માટે |
| એસ્સાર સ્ટીલ લી. | ૭૨-૪૮-૯૭ | ૭૦૦/- આખરી કિંમત નક્કી કરવાની બાકી | ઉદ્યોગના હેતુ માટે |

---------

## માહિતી ખાતા દ્વારા ખાનગી જુથની પ્રેસનોટ પ્રસિધ્ધ કરવા બાબત

૨૩૦૯૮ **શ્રી પુનાભાઈ ઢે. ગામીત(વ્યારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મે-જૂન-૨૦૧૧ માસ દરમ્યાન અદાણી જુથ દ્વારા એમ્બોટ પોઈન્ટ કોલ ટર્મીનલ સંપાદિત કરવા અંગેની મુન્દ્રા બંદર સેઝની અખબારી યાદી અદાણીજૂથના લેટર હેડ ઉપર રાજ્યના માહિતી ખાતા દ્વારા અખબારોમાં પ્રસિધ્ધ કરવામાં આવી હતી તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તેના કારણો શાં છે, અને જવાબદારો સામે સરકારે શાં પગલાં લીધા?

**જવાબ**

(૧) ના, જી.

(૨) માહિતી ખાતા દ્વારા અદાણી જુથના લેટરહેડ ઉપર કોઈ અખબારી યાદી પ્રસિધ્ધ કરવામાં આવી નથી. અદાણી જુથના લોગોવાળો ઈ-મેઈલ ભુજ કચેરીને મળતાં શરતચૂકથી ફોરવર્ડ કરવામાં આવ્યો હતો. જે ક્ષતિની જાણ થતાં તુર્તજ તે ઈ-મેઈલ રદ ગણવા સંબંધિતોને માહિતી ખાતા દ્વારા ઈ-મેઈલ કરીને જાણ કરવામાં આવી હતી.

આવી શરતચૂકથી ઈ-મેઈલ ફોરવર્ડ કરનાર ભુજ માહિતી કચેરીના સંબંધિત અધિકારી/કર્મચારીઓનો ખુલાસો મેળવી ભવિષ્યમાં આવું ન થાય તેની તાકીદ કરવામાં આવી છે.

---------

## ૧૩મા નાણાપંચ હેઠળ રાજકોટ જિલ્લામાં મંજૂર કામો

૨૩૨૪૪ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

૧૩મા નાણાપંચ હેઠળ વર્ષ ૨૦૧૧-૧૨માં તા.૩૧-૮-૨૦૧૧ સુધીમાં રાજકોટ જિલ્લામાં કેટલી રકમના કેટલા કામો, મંજૂર કરવામાં આવ્યા?

**જવાબ**

કુલ રૂા. ૪૨૫૮.૦૦ લાખની રકમના ૪૧ કામો

---------

**ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકાઓમાં વિજ ક્નેક્શનો**

૨૩૪૬૦ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં ઈન્દિરા આવાસ, સરદાર આવાસ, પંડિત દીનદયાળ આવાસ, RGGVY યોજના હેઠળ કેટલા વિજ ક્નેક્શનો મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) કેટલા વિજ ક્નેક્શનો આપવામાં આવેલ છે, કેટલા બાકી છે, બાકી રહેલ વિજ ક્નેક્શનો કેટલા સમયમાં આપવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨)

તારીખ ૩૧-૦૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં ઈન્દિરા આવાસ, સરદાર આવાસ, પંડિત દીનદયાળ આવાસ તેમ જ અન્ય બીપીએલ લાભાર્થીને આર.જી.જી.વી.વાય. હેઠળ મંજૂર કરવામાં આવેલ આપવામાં આવેલ અને બાકી વીજ ક્નેક્શનોની માહિતી નીચે મુજબ છે.

| **તાલુકો** | **મંજુર થયેલ વીજ ક્નેક્શનોની સંખ્યા** | **આપવામાં આવેલ વીજ ક્નેક્શનોની સંખ્યા** | **બાકી વીજ ક્નેક્શનોની સંખ્યા** |
|---|---|---|---|
| ધંધુકા | ૨૧૭૬ | ૨૧૩૯ | ૩૭ |
| બરવાળા | ૧૬૫૨ | ૧૪૮૮ | ૧૬૪ |
| રાણપુર | ૧૩૫૬ | ૧૨૭૪ | ૮૨ |
| **કુલ :** | **૫૧૮૪** | **૪૯૦૧** | **૨૮૩** |

બાકી રહેતા ૨૮૩ લાભાર્થીઓને શક્ય તેટલી ઝડપથી વિજ જોડાણ આપવામાં આવશે.

**રાજ્યમાં વિજ કંપનીઓ દ્વારા વીજ ઉત્પાદન/વેચાણ**

૨૩૧૫૧ **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૭-૧૧ની સ્થિતિએ રાજ્યમાં કઈ કઈ વિજ કંપનીઓ દ્વારા વાર્ષિક કેટલું વિજ ઉત્પાદન કરવામાં આવે છે,

(૨) તે અન્વયે આ કંપનીઓ દ્વારા રાજ્ય સરકારને કેટેલી વીજળી યુનીટ દીઠ શા ભાવે આપે છે, અને

(૩) આ વીજળી રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં શા ભાવે અન્યોને વેચી છે?

**જવાબ**

(૧) *પત્રક-અ મુજબ

(૨) *પત્રક-બ મુજબ

(૩) *પત્રક-ક મુજબ

**(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

**રાણાવાવ શહેરમાંથી પસાર થતા હાઈવેની સ્થિતિ**

૨૩૩૯૮ **શ્રી કરશનભાઈ ઓડેદરા (કુતિયાણા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાણાવાવ શહેરની મધ્યમાંથી પસાર થતો જૂનો નેશનલ હાઈવે ૮-બ રસ્તો રાજ્ય સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ)ને સુપ્રત કરી દેવામાં આવેલ છે કે કેમ, અને

(૨) આ હયાત જૂનો નેશનલ હાઈ-વે ૮-બ ની હાલની સ્થિતિ શું છે?

**જવાબ**

(૧) ના, જી.

(૨) હાલમાં આ રસ્તો એન.એચ.એ.આઈ. પાસે છે.

---------

## બનાસકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોને સારવાર

૨૩૨૦૪ **શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકોને, ક્યા ક્યા રોગો માટે સારવાર આપવામાં આવી છે, અને

(૨) તે પૈકી કેટલા બાળકોને રેફરલ સારવાર અને તજજ્ઞ સારવાર આપવામાં આવી?

**જવાબ**

(૧) તા. ૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર રોગો માટે બાળકોને આપવામાં આવેલ સારવારનું પત્રક-અ આ સાથે સામેલ છે.

(૨) તે પૈકી તા. ૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ બાળકોને તજજ્ઞ ડોકટરો દ્વારા આપવામાં આવેલ સારવારનું પત્રક-બ આ સાથે સામેલ છે.

**પત્રક-અ**

| વર્ષ | તાલુકાનું નામ | પાંડુરોગ | આંત્રકૃમિ | દાંતની તકલીફ | આંખની તકલીફ | કાન નાક-ગળાની તકલીફ | પેટની તકલીફ | ચામડીના રોગ | શ્વસનતંત્રના રોગ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૯-૧૦ | પાલનપુર | ૭૩૭૯ | ૭૬૮૯ | ૬૯૯ | ૨૧૮૪ | ૫૨૩ | ૨૪૭ | ૩૩૯ | ૧૭૪ |
| | અમીરગઢ | ૧૦૩૪ | ૯૯૩ | ૧૫૧ | ૯૮ | ૨૬૩ | ૩૭૩ | ૪૮૫ | ૭૦૨ |
| | વડગામ | ૨૪૨૯ | ૨૫૦૮ | ૧૨૧ | ૬૫૪ | ૩૦૫ | ૨૩૪ | ૨૧૦ | ૮૬ |
| | દાંતા | ૧૮૬૭ | ૨૦૦૬ | ૪૮૭ | ૨૯૧ | ૧૯૫ | ૨૪૦ | ૭૫૧ | ૨૭૦ |
| | ડીસા | ૩૪૨૫ | ૩૦૮૮ | ૪૭૫ | ૯૫૦ | ૯૨૭ | ૫૪૧ | ૭૮૮ | ૩૨૫ |
| | કાંકરેજ | ૮૨૦ | ૧૨૪૬ | ૧૬૨ | ૩૦૪ | ૪૬૮ | ૨૫૫ | ૭૪૩ | ૧૨૧ |
| | ધાનેરા | ૧૪૪૨ | ૧૨૬૬ | ૧૧૫ | ૩૭૪ | ૨૬૯ | ૨૫૭ | ૬૩૨ | ૧૫૪ |
| | દાંતીવાડા | ૯૬૨ | ૮૪૪ | ૭૭ | ૨૫૦ | ૧૮૦ | ૧૭૨ | ૪૨૧ | ૧૦૨ |
| | દિયોદર | ૧૪૫૬ | ૧૨૧૫ | ૧૧૬ | ૮૫ | ૧૫૫ | ૬૩ | ૧૧૫ | ૦ |
| | ભાભર | ૯૭૦ | ૮૧૦ | ૭૭ | ૫૬ | ૧૦૩ | ૪૨ | ૭૭ | ૦ |
| | થરાદ | ૧૨૬૦ | ૨૦૬૮ | ૪૨૯ | ૯૩૩ | ૫૭૩ | ૪૨૫ | ૧૩૨૦ | ૩૧૮ |
| | વાવ | ૧૧૨૩ | ૧૦૮૬ | ૧૭૭ | ૫૧૮ | ૩૩૩ | ૩૩૦ | ૯૪૮ | ૩૧૨ |
| | કુલ | ૨૪૧૬૭ | ૨૪૮૧૯ | ૩૦૮૬ | ૬૬૯૭ | ૪૨૯૪ | ૩૧૭૯ | ૬૮૨૯ | ૨૫૬૪ |
| વર્ષ ૨૦૧૦-૧૧ તા. ૩૧-૩-૧૧ અંતિત | પાલનપુર | ૩૬૬૨ | ૩૫૬૯ | ૯૫૮ | ૨૭૧૯ | ૬૮૦ | ૫૩૫ | ૬૫૯ | ૪૨૦ |
| | અમીરગઢ | ૭૦૩ | ૫૫૯ | ૨૧૩ | ૧૦૨ | ૧૬૯ | ૨૪૯ | ૩૨૮ | ૩૨૦ |
| | વડગામ | ૨૬૧૯ | ૨૨૪૮ | ૪૮૨ | ૧૦૮૬ | ૫૪૯ | ૫૫૬ | ૨૬૬ | ૨૫૧ |
| | દાંતા | ૧૭૬૮ | ૧૮૦૮ | ૩૮૩ | ૩૬૧ | ૩૬૫ | ૩૬૨ | ૬૫૧ | ૮૩ |
| | ડીસા | ૩૪૪૪ | ૩૦૯૫ | ૮૬૧ | ૧૨૧૫ | ૧૦૬૦ | ૬૫૦ | ૬૪૬ | ૧૮૯ |
| | કાંકરેજ | ૧૮૮૫ | ૧૨૬૩ | ૭૨૫ | ૫૨૦ | ૬૩૭ | ૩૩૯ | ૭૯૪ | ૧૨૦ |
| | ધાનેરા | ૨૬૧૩ | ૧૪૨૬ | ૩૦૫ | ૫૭૬ | ૩૯૪ | ૨૩૪ | ૪૫૮ | ૧૭૯ |
| | દાંતીવાડા | ૧૭૪૨ | ૯૫૧ | ૨૦૪ | ૩૮૪ | ૨૬૨ | ૧૫૬ | ૩૦૫ | ૧૨૦ |
| | દિયોદર | ૧૦૨૧ | ૯૯૬ | ૨૬૨ | ૧૩૮ | ૧૨૧ | ૧૯૨ | ૨૨૩ | ૨૦ |
| | ભાભર | ૬૮૦ | ૬૬૪ | ૧૭૪ | ૯૨ | ૮૧ | ૧૨૮ | ૧૪૯ | ૧૩ |
| | થરાદ | ૧૬૦૨ | ૧૫૪૭ | ૭૬૬ | ૯૧૨ | ૭૭૭ | ૫૨૩ | ૧૨૨૮ | ૨૦૨ |
| | વાવ | ૫૨૦ | ૬૧૯ | ૨૭૯ | ૪૧૮ | ૪૬૦ | ૨૧૬ | ૫૭૧ | ૭૧ |
| | કુલ | ૨૨૨૫૯ | ૧૮૭૪૫ | ૫૬૧૨ | ૮૫૨૩ | ૫૫૫૫ | ૪૧૪૦ | ૬૨૭૮ | ૧૯૮૮ |

## Table ૩

| ચેતાતંત્રના રોગ | અસ્થિતંત્રના રોગ | વિકલાંગ | અન્ય | કુલ |
|---|---|---|---|---|
| ૧૭ | ૧૨ | ૪૯ | ૧૪૫૯ | ૨૦૭૭૧ |
| ૩ | ૦ | ૦ | ૬૫૫ | ૪૭૫૭ |
| ૨ | ૩ | ૪૯ | ૨૦૪૪ | ૮૬૪૫ |
| ૯ | ૧ | ૬૧ | ૧૨૫૩ | ૭૪૩૧ |
| ૧૨ | ૩ | ૬૩ | ૩૪૭૩ | ૧૪૦૭૦ |
| ૦ | ૧ | ૧૬ | ૧૯૧૧ | ૬૦૪૭ |
| ૧ | ૦ | ૨૯ | ૯૫૫ | ૫૪૯૪ |
| ૧ | ૦ | ૨૦ | ૬૩૬ | ૩૬૬૫ |
| ૨ | ૪ | ૧ | ૩૬૨ | ૩૫૭૪ |
| ૨ | ૨ | ૦ | ૨૪૧ | ૨૩૮૦ |
| ૫ | ૧૬ | ૧૧૫ | ૨૨૪૩ | ૯૭૦૫ |
| ૮ | ૪ | ૨૨ | ૧૨૨૨ | ૬૦૮૩ |
| ૬૨ | ૪૬ | ૪૨૫ | ૧૬૪૫૪ | ૯૨૬૨૨ |
| ૪૯ | ૬૯ | ૭૬ | ૧૩૮૧ | ૧૪૭૭૭ |
| ૧ | ૧ | ૫ | ૩૮૬ | ૩૦૩૬ |
| ૨ | ૨૧ | ૮૫ | ૨૩૬૩ | ૧૦૫૨૮ |
| ૬ | ૩ | ૫૪ | ૧૦૧૦ | ૬૮૫૪ |
| ૪ | ૧૪ | ૩૭ | ૩૪૭૨ | ૧૪૬૮૭ |
| ૦ | ૧૨ | ૪૨ | ૮૨૧ | ૭૧૫૮ |
| ૨ | ૧ | ૬૩ | ૮૪૭ | ૭૦૯૮ |
| ૧ | ૦ | ૪૨ | ૫૬૫ | ૪૭૩૨ |
| ૪ | ૪ | ૯ | ૭૫૪ | ૩૭૪૪ |
| ૨ | ૨ | ૬ | ૫૦૧ | ૨૪૯૨ |
| ૩ | ૩૬ | ૧૦૭ | ૧૪૮૯ | ૯૧૯૨ |
| ૩ | ૧૫ | ૧૪ | ૯૦૦ | ૪૦૮૬ |
| ૭૭ | ૧૭૮ | ૫૪૦ | ૧૪૪૮૯ | ૮૮૩૮૪ |

**પત્રક-બ**

| વર્ષ | તાલુકાનું નામ | સંદર્ભ સેવાપાત્ર બાળકો | સંદર્ભ સેવા આપેલ બાળકો | બાળરોગ નિષ્ણાંત દ્વારા | આંખ રોગ નિષ્ણાંત દ્વારા | દાંત રોગ નિષ્ણાંત દ્વારા | ચામડીના રોગના નિષ્ણાંત દ્વારા | કાન, નાક, ગળાના નિષ્ણાંત દ્વારા | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૯-૧૦ | પાલનપુર | ૧૩૩૨ | ૧૩૩૨ | ૧૧૭ | ૧૦૪૮ | ૧૪ | ૨૭ | ૫૮ | ૬૮ |
| | અમીરગઢ | ૧૨૮ | ૧૨૮ | ૭ | ૧૧૨ | ૦ | ૦ | ૩ | ૬ |
| | વડગામ | ૫૪૪ | ૫૪૪ | ૬૮ | ૪૦૧ | ૦ | ૧૪ | ૩૪ | ૨૭ |
| | દાંતા | ૧૪૬ | ૧૪૬ | ૨૯ | ૯૬ | ૧ | ૨ | ૧૩ | ૫ |
| | ડીસા | ૫૯૧ | ૫૯૧ | ૩૩ | ૨૯૭ | ૧૭ | ૩૩ | ૯૪ | ૧૧૭ |
| | કાંકરેજ | ૮૫ | ૮૫ | ૨૨ | ૫૮ | ૦ | ૦ | ૫ | ૦ |
| | ધાનેરા | ૧૪૨ | ૧૪૨ | ૧૬ | ૧૧૫ | ૦ | ૧ | ૭ | ૪ |
| | દાંતીવાડા | ૯૪ | ૯૪ | ૧૦ | ૭૬ | ૦ | ૧ | ૪ | ૨ |
| | દિયોદર | ૩૭ | ૩૭ | ૫ | ૨૪ | ૦ | ૦ | ૪ | ૪ |
| | ભાભર | ૨૪ | ૨૪ | ૩ | ૧૬ | ૦ | ૦ | ૩ | ૨ |
| | થરાદ | ૩૬૨ | ૩૬૨ | ૫૭ | ૨૬૧ | ૧ | ૨ | ૩૩ | ૮ |
| | વાવ | ૨૦૨ | ૨૦૨ | ૨૫ | ૧૬૧ | ૦ | ૦ | ૧૪ | ૨ |
| | કુલ | ૩૬૮૭ | ૩૬૮૭ | ૩૯૨ | ૨૬૬૫ | ૩૩ | ૮૦ | ૨૭૨ | ૨૪૫ |
| વર્ષ ૨૦૧૦-૧૧ તા. ૩૧-૩-૧૧ અંતિત | પાલનપુર | ૧૫૮૫ | ૧૫૮૫ | ૩૩૧ | ૭૪૨ | ૩૭ | ૧૬૩ | ૫૬ | ૨૫૬ |
| | અમીરગઢ | ૬૩ | ૬૩ | ૮ | ૩૯ | ૧ | ૧૧ | ૪ | ૦ |
| | વડગામ | ૩૮૬ | ૩૮૬ | ૧૭૫ | ૧૩૯ | ૧૨ | ૨૪ | ૩૩ | ૩ |
| | દાંતા | ૨૫૯ | ૨૫૯ | ૩૪ | ૮૭ | ૪૦ | ૨૧ | ૨૪ | ૫૩ |
| | ડીસા | ૧૦૯૪ | ૧૦૯૪ | ૨૨૪ | ૪૧૯ | ૧૦૨ | ૧૫૨ | ૪૯ | ૧૪૮ |
| | કાંકરેજ | ૩૨૬ | ૩૨૬ | ૨૦ | ૧૪ | ૦ | ૧ | ૦ | ૧ |
| | ધાનેરા | ૧૮૨ | ૧૮૨ | ૬૬ | ૧૧૦ | ૨ | ૩ | ૧ | ૦ |
| | દાંતીવાડા | ૧૨૨ | ૧૨૨ | ૪૪ | ૭૪ | ૧ | ૨ | ૧ | ૦ |
| | દિયોદર | ૨૪૨ | ૨૪૨ | ૧૦ | ૨૩૧ | ૦ | ૧ | ૦ | ૦ |
| | ભાભર | ૧૬૧ | ૧૬૧ | ૭ | ૧૫૩ | ૦ | ૧ | ૦ | ૦ |
| | થરાદ | ૪૯૯ | ૪૯૯ | ૧૨૭ | ૨૪૨ | ૨૬ | ૪૮ | ૧૬ | ૪૦ |
| | વાવ | ૨૭૮ | ૨૭૮ | ૯૧ | ૧૪૩ | ૮ | ૨૯ | ૭ | ૦ |
| | કુલ | ૫૧૯૭ | ૫૧૯૭ | ૧૧૩૭ | ૨૩૯૩ | ૨૨૯ | ૪૫૬ | ૧૯૧ | ૫૦૧ |

---------

## જામનગર જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ પાછળ થયેલ ખર્ચ

૨૩૨૩૮ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં

**જવાબ**

(૧) તા. ૩૧-૩-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં

જામનગર જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે શું શું કામગીરી હાથ ધરવામાં આવી,

જામનગર જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવી.

(૧) પીરોટન ટાપુ ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાની કામગીરી આયોજન હેઠળ છે.

(૨) રણજીત સાગર ડેમ ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાની કામગીરી માટે જામનગર મહાનગરપાલિકા દ્વારા આર્કીટેક્ની પસંદગી કરવામાં આવેલ છે અને તેના દ્વારા ડીઝાઈન તૈયાર કરવામાં આવી રહેલ છે. જેથી આ કામગીરી આયોજન હેઠળ છે.

(૩) ખીજડીયા બર્ડ વોચર્સ કોન્ફરન્સ ખીજડીયા ખાતે આવેલ પક્ષી અભિયારણના પ્રોત્સાહન અને વિકાસ માટે નવેમ્બર-૨૦૧૦માં ગ્લોબલ બર્ડ વોચર્સ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ.

(૪) ખાસ અંગભૂત યોજના હેઠળ જોડીયા તાલુકાના આમરણ ગામે આવેલ સંતશ્રી ભીમસાહેબની જગ્યા ખાતે મુખ્ય પ્રવેશદ્વાર, પીવાના પાણીની વ્યવસ્થા, ટોયલેટ બ્લોક, કંપાઉન્ડ વોલ, બાગ બગીચો, બેઠક વ્યવસ્થા, પેવરબ્લોકનું પેવીંગ, યાત્રાળુઓ માટે શેડ, પાર્કીંગ, સ્થળોનું મહત્વ દર્શાવતું બોર્ડ અને સાઈનેજીસની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૫) દ્વારકા નાગેશ્વર, શીવરાજપુર ટુરીસ્ટ સર્કીટ અન્વયે ભારત સરકાર તથા રાજ્ય સરકારની સહાયથી નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

પેકેજ-૧ દ્વારકા ખાતે ટ્રાફીક અને ક્રાઉડ મેનેજમેન્ટ, બ્યુટીફીકેશન ઓફ એપ્રોચ રોડ, પાર્કીંગ પ્લોટ અને પબ્લીક યુટીલીટીની કામગીરીનો વિકાસ,

પેકેજ-૨ દ્વારકા ખાતે પરિક્રમા પથનો વિકાસ, ગોમતી ઘ ાટનું રીપેરીંગ તથા નવા ગોમતી ઘાટની કામગીરી

પેકેજ-૩ દ્વારકા ખાતે સમુદ્રનારાયણ મંદિર થી ગાયત્રી શક્તિપીઠ સુધીના બીચ ડેવલપમેન્ટની કામગીરી જેમાં પાર્કીંગ એરીયા, કંપાઉન્ડવોલ, ટોયલેટ બ્લોક, ચેઈન્જ રૂમ, પીવાના પાણીની વ્યવસ્થા અંગેની કામગીરી.

પેકેજ-૪ દ્વારકા ખાતે રૂક્ષમણી મંદિર પરિસર રાવલા તળાવનો વિકાસ.

પેકેજ-૫ નાગેશ્વર ખાતે તળાવનો વિકાસ, પાર્કીંગ પ્લોટ, સમરાસર (ગોપીતળાવ) ખાતે એરાઈવલ પ્લાઝા, એન્ટ્રન્સ ગેટ, પબ્લીક યુટીલીટી, શીવરાજપુર ખાતે ચેઈન્જ રૂમ, ટોયલેટ બ્લોક, પાર્કિંગ એરીયા, સાઈનેજીસ, કંપાઉન્ડ વોલ, બેસવા માટેના બાંકડા, વોટર સપ્લાય તથા ઈલેકટ્રીકની કામગીરી

(૨) આ માટે છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે વર્ષવાર કેટલી ગ્રાન્ટ આપી, અને

(૨) **વર્ષ ૨૦૦૯-૧૦**

(૧) પીરોટન ટાપુના વિકાસ માટે રૂપિયા ૨૦૦.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૨) રણજીત સાગર ડેમ માટે રૂપિયા ૮૬.૯૪ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૩) ખાસ અંગભૂત યોજના અંતર્ગત જોડીયા તાલુકાના આમરણ ગામે સંતશ્રી ભીમસાહેબની જગ્યા માટે રૂપિયા ૫૩.૮૮ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

**વર્ષ ૨૦૧૦-૧૧**

(૧) ખીજડીયા બર્ડ વોચર્સ કોન્ફરન્સ માટે રૂપિયા ૧૦૩.૦૬ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ હતી.

(૨) દ્વારકા નાગેશ્વર, બેટ દ્વારકા ટુરીસ્ટ સર્કીટ માટે ભારત સરકારને મેગા ટુરીઝમ પ્રોજેક્ટ તરીકે મંજુર કરવા રૂપિયા ૭,૭૨૧.૩૧ લાખની રીવાઈઝ દરખાસ્ત મોકલવામાં આવેલ છે. હાલ રાજ્ય સરકારશ્રી દ્વારા રૂપિયા ૫૫૩૮.૬૨ લાખની મંજૂરી આપવામાં આવેલ છે.

(૩) તા. ૩૧-૩-૧૧ની સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

(૩) તા. ૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ નીચે મુજબનો ખર્ચ થયેલ છે.

(૧) પીરોટન ટાપુ ખાતે રૂપિયા ૫૦.૦૦ લાખનો ખર્ચ થયેલ છે અને કામગીરી પ્રગતિમાં છે.

(૨) ખીજડીયા બર્ડ વોચર્સ કોન્ફરન્સ માટે કલેકટરશ્રી જામનગર દ્વારા રૂપિયા ૯૭.૫૦ લાખ તેમજ પ્રવાસન નિગમ દ્વારા રૂપિયા ૭૫.૦૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) આમરણ ગામે આવેલ સંતશ્રી ભીમસાહેબની જગ્યા ખાતે રૂપિયા ૫૩.૮૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૪) દ્વારકા નાગેશ્વર, શીવરાજપુર ખાતેની કામગીરી માટે રૂપિયા ૨૧.૯૧ લાખનો ખર્ચ થયેલ છે.

## ""વડોદરા શહેર અને જિલ્લામાંથી પકડાયેલ ગોમાંસનો જથ્થો""

૨૩૦૭૬ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૨૫-૮-૧૧ની સ્થિતિએ રાજ્યમાં ગો વંશ હત્યાનો કાયદો ક્યારથી અમલમાં છે, | (૧) મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ હેઠળ કરવામાં આવેલ ચોથા સુધારા અધિનિયમથી ગોવંશ હત્યા પ્રતિબંધનો કાયદો તા. ૨૬-૧૦-૨૦૦૫થી અમલમાં છે. |
| (૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં વડોદરા શહેર અને જિલ્લામાંથી ગોમાંસનો કેટલો જથ્થો પકડવામાં આવ્યો, અને | (૨) (૧) તા. ૨૫-૮-૨૦૧૧ની સ્થિતિએ વડોદરા શહેરમાંથી કુલ ૩૦૦૦ કિલો ગાય અને ભેંસના માંસનો મિશ્રિત જથ્થો તથા ગોમાંસનો ૮૦ કિલો જથ્થો પકડવામાં આવેલ છે.<br>(૨) જ્યારે વડોદરા ગ્રામ્ય વિસ્તારમાંથી ૫૦૦૦ કિલો ગોમાંસનો જથ્થો તથા ૨૪૦૩૪ કિલો ગોમાંસ અને ભેંસ માંસનો મિશ્રિત જથ્થો પકડવામાં આવેલ છે. |
| (૩) ગો વંશની હત્યા અટકાવવા છેલ્લા ચાર માસમાં રાજ્ય સરકારને કેટલા આવેદન પત્રો મલ્યા? | (૩) છેલ્લા ચાર માસમા ગોવંશની હત્યા અટકાવવા વડોદરા શહેર તથા વડોદરા ગ્રામ્ય વિસ્તાર માટે કોઈ આવેદન પત્ર મળેલ નથી. |

## સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા યોજનાની વિશાખા અને કેનાલોના કામો

૨૩૨૫૦ **શ્રી ભરતભાઈ વ. ખોરાણી(ચોટીલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા યોજનાની કેટલી શાખા, વિશાખા અને પ્રશાખા નહેરો બનાવવાની થાય છે, | (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા યોજનાની કુલ ૯ (નવ) શાખા નહેરો તથા તેના ૧૩૨ વિશાખા નહેરો તેમજ ૮૫૪ પ્રશાખા નહેરો બાંધવાનું આયોજન છે. |
| (૨) તે પૈકી તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ કેટલી પૂર્ણ કરવામાં આવેલ છે. | (૨) તે પૈકી તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ ૫ શાખા નહેરો, ૫ વિશાખા નહેરોના કામ પૂર્ણ થયેલ છે. જ્યારે પ્રશાખા નહેરોના કામ પ્રગતિમાં છે. |
| (૩) આ જિલ્લામાં આવતો કમાન્ડ વિસ્તાર કેટલો છે, અને | (૩) આ જિલ્લામાં આવતો કમાન્ડ વિસ્તાર ૮,૬૩,૪૨૧ એકર છે. |
| (૪) તેમાંથી ઉક્ત સ્થિતિએ કેટલા વિસ્તારમાં | (૪) તેમાંથી ઉક્ત સ્થિતિએ ઉદવહનથી ૩૩૧ |

સિંચાઈ થાય છે?

એકર વિસ્તારમાં નરસીંગપુરા શાખામાંથી સિંચાઈ થાય છે. જ્યારે બાકીની શાખા નહેરો, વિશાખા તેમજ પ્રશાખાઓનાં કામો પ્રગતિમાં છે.

**ધરોઈ ડેમમાંથી સતલાસણા તાલુકાના તળાવો ભરવા રજૂઆત**

૨૩૪૭૦ **શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સન ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૮-૧૧ સુધીમાં ધરોઈ ડેમમાંથી સતલાસણા તાલુકાનું વરસંગ તળાવ અને ખેરાલુ તાલુકાના દાદરપુર-નાનીવાડાનું ચીમનાબાઈ સરોવર ભરવાની દરખાસ્ત સરકારને મળી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે દરખાસ્ત ક્યારે મળી, અને<br>(૩) ઉક્ત સ્થિતિએ તે બાબત ક્યા તબક્કે છે? | (૨) અને (૩) : વરસંગ, દાદરપુર અને નાનીવાડાનું ચીમનાબાઈ તળાવ ભોગોલિક રીતે જમીનના સ્તર ઉંચા હોય, ભરી શકાય તેમ નથી. |

**કચ્છ જિલ્લામાં અદાણી ઉદ્યોગ ગૃહને સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન માટે ફાળવેલ જમીન**

૨૩૩૪૧ **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) :** તા. : ૧૭-૩-૧૧ ના રોજ ગૃહમાં રજૂ થયેલ તા.પ્ર.ક્ર. : ૨૦૬૫૯ (અગ્રતા ૧૮૨)ના અનુસંધાને **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) કચ્છ જિલ્લામાં અદાણી ઉદ્યોગ ગૃહને સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન માટે ફાળવાયેલ જમીન અન્વયે આ જમીનની તમામ શરતોનું પાલન થયું છે કે કેમ તેની ચકાસણી કાર્યવાહી તા. ૩૧-૭-૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) કંપનીને કારણ દર્શક નોટીસ આપેલ છે બાબત સુનાવણી હેઠળ છે. |
| (૨) તેની વિગતો કઈ કઈ છે? | (૨) સ્પેશીયલ ઈકોનોમીક ઝોનના નોટીફીકેશનની તારીખથી ૬ મહિનામાં બાંધકામ શરૂ કરેલ છે કે કેમ.<br>નોટીફીકેશનની તારીખથી ૩ વર્ષમાં બાંધકામ પૂર્ણ કરેલ છે કે કેમ.<br><br>સ્પેશીયલ ઈકોનોમીક ઝોનના હેતુસર ક્યારે, કોના ધ્વારા, ક્યા હુકમ -તારીખથી જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે વગેરે બાબતોનો સમાવેશ થાય છે. |

---------

**ઈ-મમતા સોફ્ટવેર પ્રોજેક્ટ હેઠળ લાભ**

૨૩૨૧૩ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૮-૧૧ સુધીમાં ગુજરાત રાજ્યમાં ઈ-મમતા સોફ્ટવેર પ્રોજેક્ટ અમલી બનાવવા માટે રાષ્ટ્રીય કક્ષાનો કોઈ એવોર્ડ મળેલ છે તે હકીકત સાચી છે. | (૧) હા, જી. |
| (૨) જો હા તો તેની વિગતો શી છે, અને | (૨) ભારત સરકારના સુચના અને પ્રોદ્યોગિકી મંત્રાલય અને સેન્ટર ફોર સાયન્સ ડેવલપમેન્ટ એન્ડ મિડીયા સ્ટડીજ (CSDMS) તથા elets ટેક્નોમિડીયા પ્રા.લિ. ધ્વારા રચાયેલ ઈ-વર્લ્ડ ફોરમ ૨૦૧૧ ધ્વારા e-mamta ને<br>(૧) Best Jury Award for Care Delivery through Innovative use of Technology અને<br>(૨) Best Public Choice Award for Improving Maternal Health એમ બે એવોર્ડ અપાયેલ છે. |
| (૩) આ પ્રકારના પ્રોજેક્ટમાં લાભાર્થીને કેવા | (૩) ઈ-મમતા કાર્યક્રમમાં સંપૂર્ણ જીવનચક્ર |

લાભો આપવામાં આવે છે?

અભિગમ ધ્વારા લક્ષિત જુથોની યાદી તૈયાર કરી. સગર્ભામાતા અને બાળકને ટ્રેકીંગ કરી, સેવાથી છૂટી ગયેલ/વંચિત રહેલ તમામ માતા અને બાળકને આરોગ્ય સેવાઓ પૂરી પાડી માતા અને બાળ મરણ થતા અટકાવવામાં આવે છે.

---------

**""ગો-હત્યા સંબંધમાં અમદાવાદ, વડોદરા, ગાંધીનગર અને બનાસકાંઠા જિલ્લાઓમાંથી ધરપકડ અને નોંધાયેલ ગુન્હાઓ""**

૨૩૫૨૦ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૭-૧૧ની સ્થિતિએ રાજ્યમાં ગોવંશ હત્યા પ્રતિબંધનો કાયદો ક્યારથી અમલમાં છે, અને

(૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં ઉક્ત સ્થિતિએ ગ[illegible]માં અમદાવાદ-વડોદરા-ગાંધીનગર એચબી-૪૪૨-૧૭ ર[illegible]ઓમાંથી કેટલા ઈસમોની ધરપકડ કરી કઈ કલમો લગાવી ગુન્હાઓ નોંધવામાં આવ્યા?

**જવાબ**

(૧) મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ હેઠળ કરવામાં આવેલ ચોથા સુધારા અધિનિયમથી ગોવંશ હત્યા પ્રતિબંધનો કાયદો તા. ૨૬/૧૦/૨૦૦૫થી અમલમાં છે.

(૨) તે અન્વયે છેલ્લા વર્ષમાં બે વર્ષમાં તા. ૩૧/૭/૨૦૧૧ની સ્થિતિએ અમદાવાદ શહેર, અમદાવાદ રૂરલ, વડોદરા રૂરલ, ગાંધીનગર અને બનાસકાંઠામાં કુલ-૬૩ ગુનાઓ હેઠળ ૧૫૩-ઈસમોની ધરપકડ નીચે જણાવેલ કલમો હેઠળ ગુન્હાઓ નોંધી કરવામાં આવેલ છે.

(૧) મુંબઈ પશુ સંરક્ષણ, અધિનિયમ, ૧૯૫૪ની કલમ-૫, ૫(૧), ૬,૮,૯,૧૦, કલમ-૧૧(ડી)(એલ) મુજબ.
(૨) ઈપીકો કલમ ૨૯૫, ૪૭૧, ૪૬૭, ૪૬૮ તથા ૪૨૯ મુજબ.
(૩) પ્રાણી ક્રુરતા અધિનિયમ ૧૯૬૦ની કલમ ૧૧(૧), ૧૧(એલ) તથા ૧૧૪ મુજબ.

---------

**કલોલ તાલુકામાં ખાનગી ફાર્મ હાઉસમાં યોજાયેલ બંગલ ઈન ધ જંગલ પાર્ટી**

૨૩૦૮૮ **શ્રી સુરેશકુમાર ચ. પટેલ(કલોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કલોલ તાલુકાના શીલજ ભાગોળે આવેલ ખાનગી ફાર્મ હાઉસમાં મે ૨૦૧૧ દરમ્યાન બંગલ ઈન ધ જંગલ પાર્ટીની પોલીસ પરવાનગી ક્યારે લેવામાં આવી હતી,

(૨) આ પાર્ટીમાં પોલીસ પરવાનગીના ભંગ બદલ કોની કોની સામે ક્યારે પોલીસ ફરીયાદો કરવામાં આવી, અને

(૩) કેટલી વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી?

**જવાબ**

(૧), (૨) અને (૩) : આવી પરવાનગી લેવામાં આવેલ ન હતી. તેથી પરવાનગીના ભંગનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અલબત્ત, અમોડી ફાર્મમાં પાર્ટીનાં આયોજક અને અન્ય ૬ વ્યક્તિઓની વિરૂધ્ધમાં તા. ૧૦/૫/૧૧ના રોજ કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુના રજીસ્ટર નં. ૨૭૯/૧૧થી ઈન્ડીયન પીનલ કોડની કલમ ૧૮૮, ૨૦૧ તથા પ્રોહીબીશન એક્ટની કલમ ૬૬(બી) ૬૫ (એ)(ઈ), ૮૧, બોમ્બે પોલીસ એક્ટની કલમ ૧૧૦, ૧૧૭ મુજબનો ગુનો દાખલ કરવામાં આવે છે અને આ સાત વ્યક્તિની ધરપકડ કરવામાં આવેલ છે.

---------

**દહેજ ખાતે અદાણી પોર્ટને અપાયેલ જમીન બાબત**

૨૩૧૯૮ **શ્રી ઈકબાલભાઈ પટેલ (વાગરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ભરૂચ જિલ્લાના દહેજ ખાતેના અદાણી પોર્ટ માટે જમીન તથા તેને લાગુ જમીન પોર્ટ બનાવવા માટે તા.૩૧-૭-૧૧ની સ્થિતિએ ક્યારે આપવામાં આવી?

**જવાબ**

તા. ૧૧-૧૨-૦૮ના રોજ.

**ગણદેવી-ચીખલી રસ્તા પર અંબિકા નદી પર પુલ બાબત**

૨૩૨૮૮ **શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લાના ગણદેવી ચીખલી રસ્તા ઉપર અંબિકા નદી પર મોટો પુલ બાંધવાની કામગીરી કેટલી રકમથી અને ક્યારે મંજૂર કરવામાં આવી, | (૧) રૂા. ૧૪૪૫.૧૨ લાખની તા.૩-૧૧-૨૦૧૦ થી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૨) તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ આ કામગીરી ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે? | (૨) આ કામ તા.૩૧-૧૨-૨૦૧૨ માં પૂર્ણ કરવાનું આયોજન છે. |

**આણંદ જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ અને સુવિધા પાછળ થયેલ ખચ`**

૨૩૨૩૭ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં ક્યા ક્યા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા, | (૧) તા.૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં નીચે મુજબના સ્થળો પ્રવાસન સ્થળ તરીકે પસંદ કરવામાં આવ્યા છે.<br>(૧) આણંદ (૨) બોરસદ (૩) કંકાપુરા |
| (૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે કઇ કઇ સુવિધા પુરી પાડવાની સરકારની યોજના છે, | (૨) પસંદ કરાયેલ સ્થળોને વિકસાવવા માટે નીચે મુજબની સુવિધા પુરી પાડવાની સરકારની યોજના છે.<br>(૧) આણંદ-સાઇનેજીસ, સ્મારકની સફાઇ અને સ્મારક અને બીલ્ડીંગનું રંગકામ<br>(૨) બોરસદ-સાઇનેજીસ, સ્મારકની સફાઇ અને સ્મારક અને બીલ્ડીંગનું રંગકામ<br>(૩) કંકાપુરા-સાઇનેજીસ, સ્મારકની સફાઇ અને સ્મારક અને બીલ્ડીંગનું રંગકામ, લાયબ્રેરી, મેડીટેશન રૂમ કોમ્યુનીટી હોલ, ઓફીસ, સોવિનયર શોપ, સ્ટોર, પેન્ટ્રી, પીવાના પાણીની વ્યવસ્થા, ટોયલેટ, પાર્કીંગ, કેમ્પીંગસાઇટ, મ્યુઝીયમ, ઓડીયોવીઝયુલ, ફુડકાફેટેરિયા, ૧૫ ગેસ્ટરૂમની વ્યવસ્થા. |
| (૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા, અને | (૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે વર્ષ ૨૦૦૯-૧૦માં કોઇ રકમ ફાળવેલ નથી.<br>વર્ષ ૨૦૧૦-૧૧માં નીચે મુજબ નાણાં ફાળવેલ છે.<br>(૧) આણંદ રૂપિયા ૧.૮૧ લાખ<br>(૨) બોરસદ રૂપિયા ૧.૮૬ લાખ<br>(૩) કંકાપુરા રૂપિયા ૭૩૩.૮૮ લાખ |
| (૪) કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૪) રૂપિયા ૧૫૦.૦૦ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

**૧૩મા નાણાપંચ હેઠળ મહેસાણા જિલ્લામાં મંજૂર કામો**

૨૩૨૯૫ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ૧૩મા નાણાપંચ હેઠળ વર્ષ ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૮-૨૦૧૧ સુધીમાં મહેસાણા જિલ્લામાં કેટલી રકમના કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા ? | કુલ ૩૩ કામો રૂા.૨૪૧૦.૪૧ લાખની અંદાજિત કિંમતથી મંજુર કરવામાં આવ્યા. |

---------

**રાજ્યમાં નવી ડેન્ટલ કોલેજમાં પ્રવેશ માટે બેઠકોમાં થયેલ વધારો**

૨૩૨૨૩ **શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા(વડોદરા શહેર ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન કેટલી નવી ડેન્ટલ કોલેજો શરૂ કરવામાં આવેલ છે, અને | (૧) રાજ્યમાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન ૧ સ્વનિર્ભર ડેન્ટલ કોલેજ શરૂ કરવામાં આવેલ છે. |
| (૨) નવી ડેન્ટલ કોલેજો શરૂ થવાના કારણે કુલ | (૨) ઉક્ત એક નવી ડેન્ટલ કોલેજ શરૂ થવાના |

કેટલી પ્રવેશ બેઠકોનો વધારો થયેલ છે ?

કારણે સ્નાતક કક્ષાએ ૧૦૦ બેઠકો નો વધારો થવા પામેલ છે.

**દાહોદ જિલ્લામાં સિંચાઇને આવરી લીધેલ વિસ્તાર**

૨૩૨૦૧ **શ્રી દિતાભાઈ ભી.મછાર (ઝાલોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં સિંચાઇ હેઠળ તાલુકાવાર કેટલો વિસ્તાર આવરી લેવામાં આવેલ છે, અને

(૨) બાકી રહેતો વિસ્તાર સિંચાઇ હેઠળ આવરી લેવા સરકારે ક્યા ક્યા પ્રકારનું આયોજન કરેલ છે અને તે કેટલા સમયમાં પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૭-૧૧ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં સિંચાઇ હેઠળ તાલુકાવાર આવરી લેવાયેલ વિસ્તાર હેકટરમાં નીચે મુજબ છે.

| **તાલુકો** | **સિંચાઇ લાભ (હે)** |
|---|---|
| દાહોદ | ૭૫૫૨ |
| ગરબાડા | ૩૩૯૨ |
| ધાનપુર | ૬૨૧૨ |
| લીમખેડા | ૭૯૮૯ |
| દે.બારીયા | ૬૪૦૧ |
| ઝાલોદ | ૧૪૪૬૦ |
| ફતેપુરા | ૩૯૨૫ |
| **કુલ** | **૪૯૯૩૧** |

(૨) શક્ય હોય તેવા વિસ્તારમાં જળસંચયની યોજના (મોટા ચેકડેમ, નાના ચેકડેમ), તળાવ ઉંડા કરવાની કામગીરી, ઉદવહન સિંચાઇ યોજનાઓ વિગેરેની કામગીરીનું આયોજન કરેલ છે. ક્રમશઃ શક્ય તેટલું વહેલું પુર્ણ કરવાનું આયોજન છે.

---------

**અમદાવાદ, ગાંધીનગર અને રાજકોટ જિલ્લામાં હરાજી વગર આપેલ જમીન**

૨૩૪૯૦ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ, ગાંધીનગર અને રાજકોટ જિલ્લામાં સરકારી, પડતર, ગૌચર અને ખરાબાની જમીન હરાજી કર્યા વગર કેટલી જમીન કોને-કોને શા ભાવે ક્યારે આપવામાં આવી ?

**જવાબ**

અમદાવાદ, ગાંધીનગર, અને રાજકોટ જીલ્લાની માહિતી જિલ્લાવાર પત્રકોમાં* સામેલ પત્રક મુજબ

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**પાટણ જિલ્લામાં નર્મદા યોજનાની વિશાખા અને માયનોર કેનાલોના કામો**

૨૩૨૪૯ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦-૬-૨૦૧૧ની સ્થિતિએ પાટણ જિલ્લામાં નર્મદા યોજનાની શાખા, વિશાખા અને માઇનોર નહેરોના કેટલા કામો પ્રગતિ હેઠળ છે,

(૨) આ કામો પૂર્ણ કરવાનું આયોજન શું છે ?

**જવાબ**

(૧) તા.૩૦-૬-૨૦૧૧ ની સ્થિતિએ પાટણ જીલ્લામાં નર્મદા યોજનાની શાખા નહેરના ૬ કામો તથા વિશાખા અને માઇનોર નહેરોના ૧૩ કામો પ્રગતિમાં છે.

(૨) આ કામો શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે.

**અમદાવાદ જિલ્લાની હોટલો પાસેથી વસૂલવામાં આવેલ સુખ સુવિધા કર**

૨૩૩૨૪ **શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧માં અમદાવાદ જિલ્લાની હોટલો પાસેથી કેટલો સુખ સુવિધા કર વસુલ કરવામાં આવ્યો, અને

(૨) તા. ૩૧-૮-૧૧ની સ્થિતિએ આ જિલ્લાની હોટલો પાસેથી કેટલો સુખ સુવિધા કર વસુલ કરવાનો બાકી છે ?

**જવાબ**

(૧) રૂા.૧૯.૦૯ કરોડ

(૨) રૂા.૧.૩૧ કરોડ

**ટાટા મોટર્સને આપેલ જમીન**

૨૩૪૮૫ **શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાણંદ ખાતે ટાટા મોટર્સ કું ને રાજ્ય સરકારે કોની માલિકીની કેટલી જમીન ક્યા ભાવથી વેચાણ આપી ? | (૧) સરકારની માલીકીની હે. ૪૪૫-૧૭-૦૦ ચો.મી. જમીન પ્રતિ ચો.મી.ના રૂા.૯૦૦/-ના ભાવે વેચાણ આપી. |

**અન્ય રાજ્યોમાંથી આવેલ મહાનુભાવોને સ્ટેટ ગેસ્ટનો દરજ્જો**

૨૩૦૬૫ **શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા(મેઘરજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુલાઇ-ઓગસ્ટ-૧૧ દરમ્યાન રાજ્યની સહેલગાહે બીજા રાજ્યોમાંથી આવેલ ક્યા ક્યા મહાનુભાવોને કે જેઓ મંત્રીશ્રીનું સ્ટેટસ ધરાવતા ન હોઈ તેમને સ્ટેટ ગેસ્ટનો દરજ્જો આપવામાં આવ્યો, અને | (૧) ગુજરાત રાજ્ય અતિથિ નિયમો, ૨૦૦૪ મુજબ નિયત થયેલ બીજા રાજ્યોમાંથી આવતા મહાનુભાવોને રાજ્ય અતિથિ ગણવામાં આવે છે. જુલાઇ, ઓગષ્ટ ૨૦૧૧ દરમ્યાન નીચેના મહાનુભાવોને ખાસ કિસ્સામાં રાજ્ય અતિથિનો દરજ્જો આપવામાં આવ્યો છે :-<br>(૧) ડૉ. જોસેફ માર થોમાં મેટ્રોપોલીટન, ધી સુપ્રીમ હેડ ઓફ માર થોમા સીરીયન ચર્ચ, કેરાલા.<br>(૨) શ્રીમતી જોહરા ચેટરજી, સભ્ય સચિવશ્રી, નેશનલ કમિશન ફોર વુમન. નવી દિલ્હી.<br>(૩) જસ્ટીસશ્રી ડી.પી.વાધવા, ચેરમેન, સેન્ટ્રલ વીજીલન્સ કમિટિ ઓન પબ્લિક ડીસ્ટ્રીબ્યુશન સીસ્ટમ, નવી દિલ્હી.<br>(૪) મેજર જનરલ (રીટાયર્ડ) ડૉ. આર.એમ.ખરબ, ચેરમેન, એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઇન્ડિયા, ચેન્નાઇ.<br>(૫) શ્રી હરવંશસિંઘ, ડેપ્યુટી સ્પીકર, મધ્યપ્રદેશ વિધાનસભા, મધ્યપ્રદેશ. |
| (૨) આવા સ્ટેટ ગેસ્ટનો દરજ્જો આપ્યા પછી તેમની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂા.૪૦,૨૦૮-૦૦ |

---------

**વડોદરા જિલ્લામાં યુ.આઈ.ડી.એસ.એસ.એમ.ટી. યોજના હેઠળ નગરપાલિકાનો સમાવેશ**

૨૩૪૨૮ **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ માં અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સ્કીમ ફોર સ્મોલ એન્ડ મીડીયમ ટર્મ્સ યોજના અંતર્ગત વડોદરા જિલ્લાની કુલ કેટલી નગરપાલિકાનો સમાવેશ કરેલ છે, અને | (૧) આ સમયગાળા દરમ્યાન એકપણ નહીં. |
| (૨) તા.૩૧-૮-૧૧ની સ્થિતિએ કેટલા કામ પ્રગતિમાં છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## સરકાર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવતા કારકિર્દી માર્ગદર્શક પ્રકાશનો

૨૩૩૨૯ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના યુવાનોની ઉજ્જવળ કારકિર્દી માટે માર્ગદર્શન મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા પ્રકાશન પ્રસિદ્ધ કરવામાં આવે છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૮-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ક્યું પ્રકાશન પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, અને | (૨) તા.૩૧-૮-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક, ૨૦૧૧ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. |
| (૩) વર્ષ ૨૦૧૦-૧૧ માં તેની કેટલી નક્લો પ્રસિદ્ધ કરવામાં આવી ? | (૩) ૪૨,૦૦૦ નક્લો. |

---------

## દાહોદ જિલ્લામાં સરકારી ગોચર અને ખરાબાની જમીન વેચાણથી આપવા બાબત

૨૩૩૩૬ **શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દાહોદ જિલ્લામાં સરકારી ગોચર અને ખરાબાની જમીન કોને કોન શા ભાવે વેચાણથી આપવામાં આવી, અને | (૧) અને (૨) : સામેલ પત્રક મુજબ. |
| (૨) આ વેચાણથી આપવામાં આવેલ જમીન ક્યા હેતુ માટે ફાળવી છે ? | |

**પ ત્ર ક**

| ક્રમ | જમીનની ફાળવણી થયેલ વ્યક્તિઓ/સંસ્થાઓ | જમીનની વિગતો | ફાળવેલ જમીનનો ભાવ/કિંમત | ફાળવેલ જમીનનો હેતુ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| **ગોચર જમીન** | | | | |
| ૧ | ભારત પેટ્રોલીયમ કો.લિ. ગોધરા | મોજે.કઠલા, તા.દાહોદના સ. નં. ૧૩૫/અ પૈકી ૧૫૫૦ ચો.મી. | પ્રતિ ચો.મી.ના રૂ.૩૬૫/- લેખે રૂ.૫,૬૫,૭૫૦/- | એસ.વી. સ્ટેશન માટે |
| ૨ | ભારત સંચાર નિગમ લી.દાહોદ | મોજે.બલેયા તા.ફતેપુરાના સ. નં. ૧૫ પૈકીની ૬૦૦ ચો.મી. જમીન | પ્રતિ ચો.મી. ના રૂ.૬૦૦/- લેખે રૂ.૨,૧૦,૦૦૦/- | ટેલીફોન એક્ષચેન્જ માટે |
| ૩ | પંચમહાલ જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. | મોજે. પીપેરો તા.ધાનપુરના સ. નં.૨૪ પૈકીની ૨૫૦૦ ચો.મી. | પ્રતિ ચો.મી.ના રૂ.૪૨૫/- લેખે રૂ.૧૦,૬૨,૫૦૦/- | દુધ શીત કેન્દ્ર માટે |
| **સરકારી પડતર** | | | | |
| ૪ | વર્લ્ડ રીન્યુઅલ સ્પરીચ્યુઅલ ટ્રસ્ટ | મોજે.દેવગઢ-બારીયા,તા. દેવગઢ-બારીયાના સ.નં. ૨૬૯ પૈકીની ૧૫૦ ચો.મી. | પ્રતિ ચો.મી. ના રૂ.૩૬૦૦/- લેખે રૂ.૨,૭૦,૦૦૦/- (૫૦ ટકાના દરે) | સેવા ટ્રસ્ટ માટે |
| ૫ | અ.રઝાક ઈબ્રાહીમ મતાદાર, ઝાલોદ | મોજે. ઝાલોદ, તા.ઝાલોદના સ.નં. ૪૫૩/૩ ની ૧૮.૯૦ ચો.મી. | પ્રતિ ચો.મી. ના રૂ.૨૧૮૭/- લેખે રૂ.૪૬૨૯૪/- (૧૨ ટકા વધારા સાથે) | રહેઠાણ માટે |

---------

## જામનગર જિલ્લામાં ઉદ્યોગોને ફાળવેલ જમીન

૨૩૦૭૨ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ જામનગર જિલ્લામાં ક્યા ક્યા ઉદ્યોગોને કેટલી જમીન શા ભાવે ક્યા હેતુ માટે છેલ્લા ત્રણ વર્ષમાં ફાળવવામાં આવી ?

નીચે મુજબ જમીન ફાળવેલ છે.

| ઉદ્યોગ ગૃહનું નામ | ફાળવેલ જમીન હે.આરે.ચો.મી. | જમીનના ભાવ ચો.મી.ના | હેતુ |
|---|---|---|---|
| ગુજરાત ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. | ૧૦૦-૦૦-૦૦ | રૂ.૧૫/- | થર્મલ પાવર સ્ટેશન |
| જ્યોત્સનાબેન રમેશભાઈ રાણપરીયા | ૦૦-૦૦-૧૮.૬૦ | રૂ.૭૫૧૧/- | ઉદ્યોગના હેતુ માટે |
| ત્રીમુત્રી એશોસીએટસ | ૧-૦૦-૦૦ | રૂ.૫૭૪/- | હોટલ રીસોર્ટ |
| ગેઈલ (ઈન્ડીયા) લી. | ૦૦-૦૩-૬૦ | રૂ.૧૯૫/- | સલામતી ઝોન માટે |
| ગેઈલ (ઈન્ડીયા) લી. | ૦૦-૦૩-૦-૬૦ | રૂ.૩૩૩/- | સલામતી ઝોન માટે |
| સુથાર દયાળજીભાઈ ગંગાજળીયા | ૦૦-૦૦-૯૧ | રૂ.૨૧૧૦/- | ઉદ્યોગના હેતુ માટે |

---------

## જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકાના માલશ્રમ ગામે ખોટી રીતે ખેડૂત બનાવવા બાબત

૨૩૧૧૦ **શ્રી ધીરસિંહ ક.બારડ (કોડીનાર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જુનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકાના માલશ્રમ ગામે ખોટી રીતે ખેડૂત ખાતેદાર બનાવવાની કેટલી ફરીયાદો થયેલ છે,

(૨) આ ફરીયાદો અન્વયે સરકારે ક્યારે ક્યારે તપાસ હાથ ધરી, અને

(૩) તેની વિગતો કઈ કઈ છે ?

**જવાબ**

(૧) ૧ (એક).

(૨) તા.૧૧-૪-૨૦૧૧ ના પત્રથી મળેલ ફરીયાદની તપાસ કરી અહેવાલ કરવા તા.૨૦-૪-૧૧ થી જણાવવામાં આવેલ.

(૩) નાયબ કલેકટરશ્રી વેરાવળના તા.૧૨-૫-૨૦૧૧ ના પત્ર અન્વયે હક્કપત્રક્ની નોંધ અન્વયે ખાતરી કરી બોગસ ખાતેદાર અંગે પડેલ નોંધો રીવીઝનમાં લેવામાં આવેલ છે. પક્ષકારોને કારણદર્શક નોટીસ આપી રૂબરૂ સુનાવણી તા.૧૨-૯-૨૦૧૧ થી મુકરર કરવામાં આવેલ. ત્યારબાદ ફેર સુનાવણીની તા.૧૭-૧૦-૧૧ ની મુકરર કરવામાં આવેલ છે. આમ રીવીઝનની કાર્યવાહી ચાલુ છે.

---------

## કચ્છ જિલ્લામાં પાવર એકમો દ્વારા વીજ ઉત્પાદન

૨૩૪૫૬ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં મેગા વીજ પ્લાન્ટ અદાણી ગૃપના પાવર એકમો, પ્રાન્ધ્રો સ્થિત જેટકો પાવર પ્લાન્ટ, જી.એમ.ડી.સી.ના મોટી અકરી પાવર પ્લાન્ટ સહિત કેપટીવ પાવર જનરેશન દ્વારા તા.૩૦-૬-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલું વીજ ઉત્પાદન થયું

**જવાબ**

(૧) કચ્ચ જિલ્લામાં તા.૩૦-૬-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મેગા વીજ પ્લાન્ટ અદાણી ગૃપના પાવર એકમો, પ્રાન્ધ્રો સ્થિત ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. ના પાવર પ્લાન્ટ તથા જી.એમ.ડી.સી. ના મોટી અકરી પાવર પ્લાન્ટ દ્વારા કરવામાં આવેલ વીજ ઉત્પાદનની વિગતો નીચે મુજબ છે.

(વીજ ઉત્પાદન મીલીયન યુનીટસમાં)

| અ.નં. | વીજ કંપનીનું નામ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ (૩૦-૬-૧૧ સુધી) |
|---|---|---|---|---|
| ૧ | અદાણી પાવર | ૧૫૯૪.૩૮ | ૭૬૦૫.૪૧ | ૬૩૭૯.૫૭ |
| ૨ | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. | ૧૦૨૬.૦૦ | ૧૧૬૬.૦૦ | ૨૭૯.૦૦ |
| ૩ | જી.એમ.ડી.સી. | ૧૧૦૫.૭૨૬ | ૧૩૯૩.૮૭૧ | ૧૧૭૧.૩૮૨ |
| ૪ | કચ્છ જિલ્લાના કેપ્ટીવ પાવર પ્લાન્ટસ દ્વારા ગ્રીડમાં આપવામાં આવેલ વીજળી | ૧૪.૦૦ | ૨.૦૦ | ૧.૦૦ |
| ૫ | કચ્છ જિલ્લાના | ૮૨.૮૫ | ૪૯૭.૧૫ | ૨૨૨.૨૨ |

| | | | | |
|---|---|---|---|---|
| | કેપ્ટીવ પાવર પ્લાન્ટ દ્વારા વીજ શુલ્ક આધારિત સ્વવીજ વપરાશ માટે થયેલ વીજ ઉત્પાદન | | | |

(૨) આ વીજ ઉત્પાદનથી રાજ્ય સરકારને વીજ શુલ્કની કેટલી રકમ વર્ષવાર પ્રાપ્ત થઈ, અને

(૩) વીજ શુલ્કની માફી કે વિલંબીત ચૂકવણીની સગવડ કોઈ વીજ ઉત્પાદકને આ સમયગાળામાં અપાઈ હોય તો ઉત્પાદન સામે કેટલી રકમની વીજ શુલ્કની માફી કે વિલંબીત ચૂકવણીની સગવડ આપવામાં આવી?

(૨) વીજ શુલ્ક એ વીજ વપરાશ ઉપરનો કર છે. વીજ શુલ્ક એ વીજ ઉત્પાદનને લાગુ પડતું નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ૫૦૦ થી ઓછી વસ્તી ધરાવતા ગામોને પાકા રસ્તાથી જોડવા બાબત**

૨૩૨૦૩ **શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા(દસાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૧-૧-૨૦૧૧ થી તા.૩૧-૮-૨૦૧૧ સુધીમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૫૦ થી ૪૯૯ સુધીની વસ્તી ધરાવતા ગામ/પરાને ડામરના પાકા રસ્તાથી જોડવા માટે કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) આ કામો તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) ૬ ગામો મંજૂર કરવામાં આવ્યા.

(૨) નકશા અંદાજ તબક્કે.

---------

**નડિયાદ-પેટલાદ રોડની સુધારણા કામગીરી**

૨૩૩૮૩ **શ્રી કનુભાઈ ડાભી (કઠલાલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં નડિયાદ પેટલાદ રોડ રેલ્વે ફાટકથી નેશનલ હાઈવે સુધીના રસ્તાની સુધારણાની કામગીરી મંજૂર કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે માટે સન ૨૦૧૧-૧૨ માં ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) આ કામગીરી ક્યારે શરૂ કરી ક્યાં સુધીમાં પૂરી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ.૯૫ લાખની વહીવટી મંજૂરી તા.૧૪-૭-૨૦૧૧ ના રોજ આપવામાં આવેલ છે.

(૩) નકશા અંદાજો બનાવવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી શક્ય એટલું વહેલું કામ શરૂ કરી પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**કચ્છ જિલ્લામાં સરદાર સહભાગી સિંચાઈ યોજના હેઠળ ચેકડેમ**

૨૩૨૫૫ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૧-૧૨ માં સરદાર પટેલ સહભાગી સિંચાઈ યોજના હેઠળ તા.૩૦-૬-૨૦૧૧ સુધીમાં કેટલા ચેકડેમોનું નિર્માણ કરવામાં આવ્યું ?

**જવાબ**

કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૧-૧૨ માં સરદાર પટેલ સહભાગી સિંચાઈ યોજના હેઠળ તા.૩૦-૬-૨૦૧૧ સુધીમાં ૬૨ કામોનું નિર્માણ કરવામાં આવ્યું.

---------

**કડાણા હાઈલેવલ નહેરથી તળાવો ભરવાનું આયોજન**

૨૩૨૬૫ **શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૮-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લાના કડાણા હાઈલેવલ નહેરથી તળાવો ભરવાનું આયોજન સરકાર દ્વારા કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના થકી કેટલા તળાવો ભરી શકાશે, અને

(૩) કુલ કેટલા વિસ્તારને તેનો લાભ પ્રાપ્ત થશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૨૨ તળાવો.

(૩) ૫૦૦૦ હેક્ટર.

---------

## ગાંધીનગર જિલ્લામાં ચેકડેમ અને ખર્ચ

૨૩૩૧૨ **શ્રી કલ્યાણસિંહ ચૌહાણ(દહેગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૦-૧૧ માં તા. ૩૧-૦૩-૨૦૧૧ સુધીમાં ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલા ચેકડેમોના કામો હાથ ધરવામાં આવ્યા, અને | (૧) ૭. |
| (૨) આ ચેકડેમના કામો પાછળ તા. ૩૧-૦૮-૨૦૧૧ સુધીમાં કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂા. ૬૦,૫૪,૦૩૬.૦૦. |

---------

## રાજકોટ જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ

૨૩૨૪૭ **ડૉ. ભરતભાઈ બોઘરા(જસદણ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦-૬-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર વિધવા સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) ૨૬૪૦ અરજીઓ.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | રાજકોટ | ૧૪૫૯ |
| ૨ | જસદણ | ૧૫૯ |
| ૩ | લોધિકા | ૧૮ |
| ૪ | કોટડાસાંગાણી | ૫૭ |
| ૫ | ગોંડલ | ૧૨૫ |
| ૬ | જેતપુર | ૧૩૮ |
| ૭ | ધોરાજી | ૧૦૮ |
| ૮ | ઉપલેટા | ૧૧૫ |
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓની સંખ્યા** |
| ૯ | જામકંડોરણા | ૩૩ |
| ૧૦ | મોરબી | ૧૮૦ |
| ૧૧ | વાંકાનેર | ૧૫૮ |
| ૧૨ | પડધરી | ૩૩ |
| ૧૩ | ટંકારા | ૩૨ |
| ૧૪ | માળીયા મીયાણા | ૨૫ |
| | **કુલ :** | **૨૬૪૦** |

(૨) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર કેટલી મંજૂર કરી વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા, અને

(૨)

| સમયગાળો | મંજૂર થયેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| તા. ૧-૭-૨૦૦૯ થી તા. ૩૦-૬-૨૦૧૦ | ૭૬૩ |
| તા. ૧-૭-૨૦૧૦ થી તા. ૩૦-૬-૨૦૧૧ | ૪૯૬ |
| **કુલ :** | **૧૨૫૯** |

(૩) બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરી લાભો આપવામાં આવશે ?

(૩) બાકી અરજીઓનો વહેલી તકે નિકાલ કરવામાં આવશે.

---------

## સાબરકાંઠા જિલ્લામાં ચેકડેમ બાંધવા અંગે

૨૩૫૫૦ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૮-૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડબ્રહ્મા, વિજયનગર, મેઘ

**જવાબ**

(૧)

| તાલુકો | કુલ બનાવેલ |
|---|---|

ારજ અને ભિલોડા તાલુકામાં કેટલા ચેકડેમ તાલુકાવાર બાંધવામાં આવ્યા અને તે પૈકી કેટલા હયાત છે,

| | ચેકડેમ |
|---|---|
| ખેડબ્રહ્મા | ૧૮૧ |
| વિજયનગર | ૧૨૨ |
| મેઘરજ | ૧૭૮ |
| ભિલોડા | ૧૩૪ |

તમામ ચેકડેમો હયાત છે.

(૨) સદરહું ચેકડેમના ચણતરમાં વપરાયેલ જંગલના પથ્થરોની કિંમત તથા રોયલ્ટીની સરકારમાં બચત તરીકે કેટલી રકમ તાલુકાવાર જમા લેવામાં આવેલ છે, અને

(૨) લોકભાગીદારીથી કરવામાં આવતા ચેકડેમમાં પથ્થર વાપરવામાં આવતા નથી અને જે ચેકડેમનું બાંધકામ ટેન્ડર પધ્ધતિથી કરાવેલ હોઈ, ટેન્ડરની શરત મુજબ ઈજારદાર દ્વારા ચણતરમાં વાપરેલ પથ્થરની રોયલ્ટી બારોબાર ખાણ અને ખનીજ ખાતામાં જમા કરાવેલ છે.

(૩) જો ના, તો તેના કારણો શા છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## રાજ્યોમાં ગુજરાતી સમાજ ભવનના નિર્માણ માટે સહાય

૨૩૨૩૦ **શ્રી ભૂષણભાઈ ભટ્ (ખાડીયા ) : માનનીય બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૧૧-૧૨ના વર્ષમાં અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજના ભવનનું નિર્માણ કરવા માટે રાજ્ય સરકારની મદદ માટેની કોઈ યોજના અમલમાં છે,

(૨) જો હા, તો કેટલી રકમની સહાય કરવામાં આવે છે,

(૩) તા. ૩૧/૮/૨૦૧૧ સુધીમાં છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા ગુજરાતી સમાજોને અને કેટલી રકમની સહાય કરેલ છે ?

**જવાબ**

(૧) હા જી.

(૨) મહત્તમ રૂ. ૧૦,૦૦,૦૦૦/- સુધી અથવા બાંધકામ, ખરીદી કે વિસ્તરણના ખર્ચના ૨૫ ટકા એ બે માંથી જે ઓછી હોય તેટલી.

(૩) (૧) શ્રી ઓરિસ્સા ગુજરાતી સમાજ, ભુવનેશ્વર. રૂ. ૫,૦૦,૦૦૦/-
(૨) શ્રી ગુજરાતી મંડળ, ચંદીગઢ રૂ. ૫,૦૦,૦૦૦/-

---------

## ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા સેવા પૂરી પાડવા બાબત

૨૩૩૧૭ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા ખાનગી સંસ્થાઓ અને વ્યક્તિઓને સેવા પૂરી પાડવામાં આવે છે કે કેમ,

(૨) જો હા, તો તા. ૧/૧/૨૦૧૧ થી તા. ૩૧/૮/૨૦૧૧ સુધીમાં કઈ કઈ વ્યક્તિ/સંસ્થાઓને ક્યા ક્યા પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં આવેલ છે, અને

(૩) તે પેટે કેટલી રકમ લેવામાં આવી છે. ?

**જવાબ**

(૧) હા જી.

(૨) તા. ૧/૧/૨૦૧૧ થી તા. ૩૧/૮/૨૦૧૧ સુધીમાં જે ખાનગી સંસ્થાઓ અને વ્યક્તિઓને સેવા પૂરી પાડવામાં આવી છે. તેની વિગત નીચે મુજબ છે.

(અ) રાજ્યમાં પેટ્રોલીયમ નિપજોનું (સોલવન્ટ વિગેરે) ઉત્પાદન કરતી કંપનીઓ તથા ડીલરોને તેની પ્રોડક્ટનું લાયસન્સ મેળવતાં પહેલાં પરીક્ષણ પ્રમાણપત્ર આપવાની કામગીરી.

(બ) કોર્ટો દ્વારા ખાનગી સંસ્થા/વ્યક્તિઓના મોકલવામાં આવતાં કેસોમાં અભિપ્રાય આપવાની કામગીરી.

(ક) ઈન્સ્યોરન્સ કંપનીઓના, આગ, અકસ્માત વિગેરેના વીમાના ક્લેઈમ ચુકવવાના કિસ્સામાં જરૂરી તપાસ કરી અભિપ્રાય આપવાની કામગીરી.

(૩) (અ) તા. ૧/૧/૧૧ થી તા. ૩૧/૮/૧૧ સુધીમાં ખાનગી સંસ્થા અને વ્યક્તિઓને જે સેવાઓ પૂરી

પાડવામાં આવેલ છે. તે પેટે મળેલ રકમની વિગત નીચે મુજબ છે.

| **અ.નં.** | **વિગત** | **મળેલ રકમ રૂ.** |
|---|---|---|
| (૧) | સોલવન્ટ પરિક્ષણ પેટે મળેલ રકમ | ૧૦,૫૦૦/- |
| (૨) | કોર્ટો દ્વારા જે વ્યક્તિઓના/ખાનગી સંસ્થાઓના કેસો અભિપ્રાય માટે મોકલવામાં આવ્યા તે પેટે મળેલ રકમ | ૧૨,૬૭,૯૩૪/- |
| (૩) | ઈન્સ્યોરન્સ કંપનીઓના આગ, અકસ્માત વિગેરેના વીમાના ક્લેઈમ ચૂકવવાના કિસ્સામાં ખાતા તરફથી જે સેવા પૂરી પાડવામાં આવી તેની ફી પેટે મળેલ રકમ | ૩,૬૦,૦૦૨/- |
| | **કુલ..** | **૧૬,૩૮,૪૩૬/-** |

---------

**સુરત જિલ્લામાં કિસાનપથ યોજના હેઠળ મંજૂર કામો**

૨૩૩૦૫ **શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિસાનપથ યોજના હેઠળ સુરત જિલ્લામાં કેટલી રકમના કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) રૂ.૩૫૯૫.૩૫ લાખના ૪૨ કામો મંજૂર કરવામાં આવ્યા. |
| (૨) આ કામો ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) ૨૪ કામો પૂર્ણ થયેલ છે તથા ૧૮ કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |

---------

**૧૩માં નાણાપંચ હેઠળ પંચમહાલ જિલ્લામાં મંજૂર કામો**

૭૧/page> ૨૩૨૯૩ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ (રાજગઢ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| ૧૩માં નાણાપંચ હેઠળ વર્ષ ૨૦૧૧-૧૨ માં તા.૩૧-૮-૨૦૧૧ સુધીમાં પંચમહાલ જિલ્લામાં કેટલી રકમના કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા ? | કુલ ૧૬ કામો રૂ.૨૬૨૭ લાખની અંદાજીત કિંમતથી મંજૂર કરવામાં આવ્યા. |

---------

**કચ્છ જિલ્લામાં મોટા ચેકડેમો બનાવવાનું આયોજન**

૨૩૨૫૭ **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા મોટા ચેકડેમ બનાવવામાં આવ્યા, | (૧) કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં, વર્ષ ૨૦૦૯-૧૦ માં ૧૧૬ અને વર્ષ ૨૦૧૦-૧૧ માં ૧૫ એમ કુલ ૧૩૧ ચેકડેમ બનાવવામાં આવ્યા છે. |
| (૨) વર્ષ ૨૦૧૧-૧૨ માં કેટલા મોટા ચેકડેમ બનાવવાનું આયોજન છે, અને | (૨) વર્ષ ૨૦૧૧-૧૨ માં કુલ ૯૮ મોટા ચેકડેમ બનાવવાનું આયોજન છે. |
| (૩) આ પૈકી તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ કેટલા ચેકડેમનું કામ પૂર્ણ થયેલ છે ? | (૩) આ પૈકી તા.૩૧-૮-૧૧ની સ્થિતિએ મોટી નદીનાં ૨૩ ચેકડેમોના કામો પૂર્ણ થયેલ છે. |

---------

### સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં વનબંધુ યોજના અંતર્ગત સિંચાઈ માટે આવરી લીધેલ વિસ્તાર

૨૩૫૦૫ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૭-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના આદિવાસી વિસ્તાર માટે વનબંધુ યોજના અંતર્ગત વર્ષવાર સિંચાઈ માટે ક્યા ક્યા ગામોનો કેટલો વિસ્તાર સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવ્યો છે, | (૧) સામેલ *પત્રક - ૧ મુજબ. |
| (૨) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, | (૨) સામેલ *પત્રક - ૨ મુજબ. |
| (૩) વનબંધુ યોજના હેઠળ બાકીના કેટલા ગામોનો વિસ્તાર સિંચાઈ વગરનો છે, અને | (૩) ૧૯ ગામોમાં સિંચાઈ સુવિધા માટેની કામગીરી હાથ ધરેલ નથી. |
| (૪) આ વિસ્તારને ક્યાં સુધીમાં સિંચાઈનો લાભ મળશે ? | (૪) શક્ય હોય તેવા વિસ્તારમાં જળસંચયના કામો શક્ય તેટલા વહેલા પૂર્ણ કરવાનું આયોજન છે. |

(*પત્રક સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

### રાજ્યમાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાનો અમલ

૨૩૨૧૪ **શ્રી કિશોરભાઈ વાંકાવાળા (સુરત શહેર પશ્ચિમ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના ક્યા ક્યા જિલ્લામાં અમલમાં મૂકવામાં આવેલ છે, અને | (૧) રાજ્યના તમામ જિલ્લાઓમાં અમલમાં મૂકવામાં આવેલ છે. |
| (૨) આ યોજનાથી લાભાર્થીઓને ક્યા ક્યા લાભો આપવામાં આવેલ છે ? | (૨) (૧) આ યોજનામાં કુટુંબના કુલ ૫ સભ્યો (પતિ-પત્ની અને ૩ બાળક) ને રૂ.૩૦,૦૦૦/- સુધીની મર્યાદામાં મફ્ત સારવાર આપવામાં આવે છે.<br>(૨) આ યોજના અંતર્ગત ૧૧૧૦ પ્રકારની વિવિધ સર્જરીની સેવાઓનો લાભ આપવામાં આવે છે.<br>(૩) પ્રસુતિ તેમજ બાળ આરોગ્ય સેવાઓનો લાભ આપવામાં આવે છે. |

---------

### દાહોદ જિલ્લામાં આવેલ બાવકા મંદિરનો વિકાસ

૨૩૧૮૫ **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| દાહોદ જિલ્લામાં આવેલ એતિહાસિક વર્ષો જુનું શિલ્પ સ્થાપત્યનો અમૂલ્ય વારસો ધરાવતા બાવકા મંદિરના વિકાસ માટે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૭-૨૦૧૧ ની સ્થિતિએ રાજ્ય સરકારે ક્યા ક્યા પગલાં લીધા ? | બાવકા મંદિરના વિકાસ માટે છેલ્લા બે વર્ષમાં કોઈ દરખાસ્ત આવેલ ન હોવાથી કોઈ પગલાં લીધેલ નથી. પરંતુ વર્ષ ૨૦૦૬-૨૦૦૭માં ગુજરાત પ્રવાસન નિગમના અનુદાનથી કલેકટરશ્રી દ્વારા નીચેની કામગીરી કરવામાં આવેલ છે.<br>૧. કન્સ્ટ્રકશન ઓફ કોમ્યુનીટી હોલની રૂપિયા ૧૨,૦૦,૦૦૦/- ની કામગીરી<br>૨. બાવકા શિવમંદિર ખાતે પંચવટીના વિસ્તરણની રૂપિયા ૭,૮૪,૦૦૦/- ની કામગીરી. |

---------

**રાજકોટ જિલ્લામાં પોતાના અને ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડીઓ**

૨૩૨૭૯ **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦-૬-૨૦૧૧ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં મંજૂર થયેલ તાલુકાવાર આંગણવાડીઓ કેટલી છે,

**જવાબ**

(૧) તા. ૩૦-૬-૨૦૧૧ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં મંજૂર થયેલ તાલુકાવાર આંગણવાડીઓ નીચે જણાવ્યા મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર થયેલ આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | વાંકાનેર | ૨૧૯ |
| ૨ | લોધિકા | ૪૬ |
| ૩ | રાજકોટ | ૪૯૦ |
| ૪ | જસદણ | ૧૯૮ |
| ૫ | મોરબી | ૧૮૫ |
| ૬ | જામકંડોરણા | ૮૬ |
| ૭ | પડધરી | ૮૪ |
| ૮ | ઉપલેટા | ૧૫૬ |
| ૯ | ગોંડલ | ૨૦૦ |
| ૧૦ | જેતપુર | ૧૩૯ |
| ૧૧ | ધોરાજી | ૧૨૨ |
| ૧૨ | માળિયામિયાણા | ૮૩ |
| ૧૩ | કોટડા સાંગાણી | ૬૯ |
| ૧૪ | ટંકારા | ૭૮ |
| | **કુલ :** | **૨૧૫૫** |

(૨) તે પૈકી કેટલી આંગણવાડીઓ પોતાના મકાનમાં બેસે છે, અને

(૨) ૧૧૯૧

(૩) કેટલી આંગણવાડીઓ ભાડાના મકાનમાં બેસે છે ?

(૩) ૮૪૩

---------

**ખેડા જિલ્લામાં ૫૦૦ થી ઓછી વસ્તીવાળા ગામોને પાકા રસ્તાથી જોડવા બાબત**

૨૩૩૦૦ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૨૦૧૧ થી તા. ૩૧-૮-૨૦૧૧ સુધીમાં ખેડા જિલ્લામાં ૨૫૦ થી ૪૯૯ સુધીની વસ્તી ધરાવતા ગામ/પરાને ડામરના પાકા રસ્તાથી જોડવા માટે કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) ૧૦૧ કામો મંજુર કરવામાં આવ્યા.

(૨) આ કામો તા. ૩૧-૮-૨૦૧૧ થી ક્યા તબક્કે છે ?

(૨) ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

**અમદાવાદના સિનેમાગૃહો પાસેથી વસૂલવામાં આવેલ મનોરંજન કર**

૨૩૩૨૫ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ માં અમદાવાદ જિલ્લાના સિનેમાગૃહો પાસેથી કેટલો મનોરંજન કર વસૂલ કરવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) રૂા. ૧૧.૬૬ કરોડ

(૨) તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ આ જિલ્લાના સિનેમાગૃહો પાસેથી કેટલો મનોરંજન કર વસુલ કરવાનો બાકી છે ?

(૨) રૂા. ૧૧.૨૯ લાખ

**મહેસાણા જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેક્શન**

૨૩૨૭૭ **શ્રીમતી જશોદાબેન પરમાર(જોટાણા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦-૬-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન મહેસાણા જિલ્લામાં કેટલી આંગણવાડીઓને ગેસ કનેક્શન અપાયેલ છે,

**જવાબ**

(૧) ૧૮૯૬

(૨) આ પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) બાકીની આંગણવાડીઓમાં ગેસ ક્નેક્શન માટે શું આયોજન છે ?

(૨) રૂ. ૭૨,૦૪,૮૦૦/-

(૩) તમામ આંગણવાડીઓમાં ગેસ ક્નેક્શન આપવામાં આવેલ છે.

---------

**જુનાગઢ જિલ્લામાં ઉદ્યોગોને ફાળવેલ જમીન**

૨૩૫૦૨ **શ્રી જવાહરભાઈ પે.ચાવડા(માણાવદર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

જુનાગઢ જિલ્લામાં ક્યા ક્યા ઉદ્યોગોને કેટલી જમીન શા ભાવે તા. ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ફાળવવામાં આવી ?

**જવાબ**

છેલ્લા ત્રણ વર્ષમાં કોઈ ઉદ્યોગને જમીન ફાળવવામાં આવી નથી.

---------

**મચ્છુ-૨ ડેમમાં જોડવાની નર્મદા કેનાલના કામો**

૨૩૨૫૨ **શ્રી કાંતિભાઈ અમૃતિયા (મોરબી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા કેનાલો કે જે મચ્છુ-૨ ડેમમાં જોડવાની છે તે કેનાલના કામો તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ શરૂ કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત કામો ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) હા, જી. મોરબી શાખા નહેર કે જે મચ્છુ-૨ ડેમમાં જોડવાની છે તે કેનાલના કામો શરૂ કરવામાં આવેલ છે. તે કામ હાલમાં પ્રગતિમાં છે.

(૨) ઉક્ત કામો વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**કચ્છ જિલ્લામાં મોટા ચેકડેમોના કામ**

૨૩૨૫૬ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ કેટલા મોટા ચેકડેમોના કામો ચાલુ છે, અને

(૨) આ કામો ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ કુલ ૭૫ મોટા ચેકડેમોના કામો ચાલુ છે.

(૨) આ કામો તા. ૩૧-૩-૨૦૧૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

---------

**બી.એસ.યુ.પી. યોજના હેઠળ રાજકોટ નગરપાલિકાના આવાસોની સોંપણી**

૨૩૪૪૬ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૮-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બી.એસ.યુ.પી. (બેઝિક સર્વીસીસ ફોર અર્બન પુઅર) યોજના અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકામાં કુલ કેટલા આવાસ પૂર્ણ થયેલ છે, અને

(૨) તે અન્વયે કેટલા આવાસો લાભાર્થીઓને સોંપણી કરેલ છે ?

**જવાબ**

(૧) કુલ ૪૯૭૬ આવાસો પૂર્ણ થયેલ છે.

(૨) કુલ ૩૯૯૬ આવાસોની ફાળવણી કરેલ છે. જે પૈકી ૧૮૯૫ લાભાર્થીઓએ કબ્જો લીધેલ છે.

**ગુજરાતી ચલચિત્રોને કરમુક્તિ**

૨૩૩૨૩ **શ્રીમતી ભારતીબેન રાઠોડ (કામરેજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં કેટલા ગુજરાતી ચલચિત્રોને કરમુક્તિ આપવામાં આવી, અને

**જવાબ**

(૧)

| વર્ષ | કરમુક્તિ આપેલ ગુજરાતી ચલચિત્રોની સંખ્યા |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૫૯ |
| ૨૦૦૯-૧૦ | ૫૧ |
| ૨૦૧૦-૧૧ | ૭૦ |
| ૨૦૧૧-૧૨ | ૨૩ |

| | |
|---|---|
| (તા. ૩૧-૮-૧૧ની સ્થિતિએ) | |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં કેટલાં ગુજરાતી ચલચિત્રોને કેટલી આર્થિક સહાય ચુકવવામાં આવી ?

(૨)

| વર્ષ | ચલચિત્રોની સંખ્યા | કુલ ચુકવેલ સબસીડીની રકમ (ચલચિત્ર દીઠ રૂા. ૫ લાખ) |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૩૬ | ૧૮૦ લાખ |
| ૨૦૦૯-૧૦ | ૭૬ | ૩૮૦ લાખ |
| ૨૦૧૦-૧૧ | ૧૬ | ૮૦ લાખ |
| ૨૦૧૧-૧૨ (તા. ૩૧-૮-૧૧ની સ્થિતિએ) | ૧૮ | ૯૦ લાખ |

---------

**રાજ્યની ઐતિહાસિક, સાંસ્કૃતિક અને ભોગોલિક વિરાસતને ઉજાગર કરતા પ્રકાશનો**

૨૩૩૩૦ **શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના માહિતી ખાતા દ્વારા રાજ્યની એતિહાસિક, સાંસ્કૃતિક, ભોગોલિક વિરાસતને ઉજાગર કરતા પ્રકાશનો પ્રકાશિત કરવામાં આવે છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૮-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ક્યા ક્યા પ્રકાશનો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૩૧-૮-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચેના પ્રકાશનો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

(૧) ગુજરાતની લોક સાંસ્કૃતિક વિરાસત
(૨) સૌરાષ્ટ્રની તસવીરી ઝલક
(૩) ગુજરાતના જળ મંદિરો (વીતેલા યુગની વિસરાયેલી વાવો)
(૪) ગુજરાતના બંદરો
(૫) ગ્રંથોત્સવ
(૬) ગુજરાતના પનોતા પુત્ર કનૈયાલાલ મુન્શી

---------

**જામનગર જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ**

૨૩૨૬૯ **શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦-૬-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં તાલુકાવાર વિધવા સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર કેટલી મંજુર કરવામાં આવી, અને

**જવાબ**

(૧) ૧૫૩૮ અરજીઓ.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | જામનગર | ૭૩૦ |
| ૨ | કાલાવડ | ૪૨ |
| ૩ | લાલપુર | ૪૧ |
| ૪ | જોડીયા | ૩૫ |
| ૫ | ધ્રોલ | ૪૭ |
| ૬ | ખંભાળીયા | ૧૫૭ |
| ૭ | ભાણવડ | ૬૮ |
| ૮ | જામજોધપુર | ૧૦૩ |
| ૯ | કલ્યાણપુર | ૧૧૭ |
| ૧૦ | દ્વારકા | ૧૯૮ |
| | કુલ... | **૧૫૩૮** |

(૨)

| સમયગાળો | મંજુર થયેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| તા. ૦૧-૦૭-૨૦૦૯ થી તા. ૩૦-૦૬-૨૦૧૦ | ૫૦૬ |

| | |
|---|---|
| તા. ૦૧-૦૭-૨૦૦૯ થી તા. ૩૦-૦૬-૨૦૧૦ | ૫૦૬ |
| તા. ૦૧-૦૭-૨૦૧૦ થી તા. ૩૦-૦૬-૨૦૧૧ | ૩૦૨ |
| **કુલ :** | **૮૦૮** |

(૩) બાકી રહેતી અરજીઓને કેટલા સમયમાં નિકાલ કરી લાભો આપવામાં આવનાર છે ?

(૩) જે તે વખતે બાકી રહેલ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે.

---------

## જૂનાગઢ જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ

૨૩૨૭૨ **શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦-૬-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર વિધવા સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર કેટલી મંજુર કરી વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા, અને

(૩) બાકી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરી લાભો આપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) ૧૮૯૫ અરજીઓ.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | કેશોદ | ૧૧૬ |
| ૨ | માળીયા હાટીના | ૧૧૦ |
| ૩ | માંગરોળ | ૧૫૯ |
| ૪ | મેંદરડા | ૩૯ |
| ૫ | ભેંસાણ | ૨૭ |
| ૬ | વિસાવદર | ૬૮ |
| ૭ | જુનાગઢ | ૨૬૮ |
| ૮ | માણાવદર | ૯૨ |
| ૯ | વંથલી | ૫૩ |
| ૧૦ | સુત્રાપાડા | ૭૩ |
| ૧૧ | તાલાલા | ૬૭ |
| ૧૨ | વેરાવળ | ૨૯૯ |
| ૧૩ | કોડીનાર | ૧૯૨ |
| ૧૪ | ઉના | ૩૩૨ |
| | **કુલ...** | **૧૮૯૫** |

(૨)

| સમયગાળો | મંજુર થયેલ અરજીઓ |
|---|---|
| તા. ૦૧-૦૭-૨૦૦૯ થી તા. ૩૦-૦૬-૨૦૧૦ | ૬૭૭ |
| તા. ૦૧-૦૭-૨૦૧૦ થી તા. ૩૦-૦૬-૨૦૧૧ | ૫૨૮ |
| **કુલ** | **૧૨૦૫** |

(૩) બાકી રહેલ અરજીઓનો વહેલી તકે નિકાલ કરી લાભો આપવામાં આવશે.

---------

## રાજકોટ જિલ્લાની ભાદર નદી ઉપર ચેકડેમ બાંધવા બાબત

૨૩૩૦૯ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં ભાદર નદી ઉપર તા. ૩૧-૦૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ચેકડેમ બાંધવામાં આવેલ છે,

(૨) આ ચેકડેમ બાંધવા પાછળ કુલ કેટલો ખર્ચ

એચબી-૪૪૨-૨૨

ુ ચેકડેમ બાંધવા માટેનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૪) જો હા, તો તે ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : તા. ૩૧-૦૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાદર નદી ઉપર રાજકોટ જિલ્લામાં કોઈ ચેકડેમ બંધાવ્યા ન હોઈ ખર્ચ થવાનો પ્રશ્ન નથી પરંતુ, ભાદર નદી પર (૧) ગણોદ, (૨) કુઢેચ, (૩) લાઠ, (૪) ભીમોરા, (૫) જંગવડ ગામે એમ કુલ ૫ ચેકડેમો બનાવવાનું આયોજન છે.

(૪) ઉપરોક્ત ક્રમ નં. ૧ થી ૪ વાળા ચેકડેમોની મોજણી અને સંશોધનની કામગીરી પૂર્ણ થયેલ છે અને હાલમાં આલેખન (ડિઝાઈન) તબક્કે છે. જ્યારે જંગવડ ચેકડેમનાં ટેન્ડર પેપર તેયાર કરવાના તબક્કે છે.

---------

### નર્મદાના વિજ મથકો દ્વારા વિજ ઉત્પાદન

૨૩૨૫૩ **શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદાના વિજમથકો દ્વારા તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલું વીજ ઉત્પાદન થયેલ છે, અને

(૨) આ વીજ ઉત્પાદનનું પ્રવર્તમાન બજાર ભાવે નાણાકીય મૂલ્ય કેટલું થાય ?

**જવાબ**

(૧) નર્મદાના વીજ મથકો ધ્વારા તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબ વીજ ઉત્પાદન થયેલ છે.

વર્ષ ૨૦૦૯ - ૧૯૧.૨૫ ક્રોડ યુનિટ
વર્ષ ૨૦૧૦ - ૩૧૨.૧૧ ક્રોડ યુનિટ
વર્ષ ૨૦૧૧ - ૪૩૨.૬૪ ક્રોડ યુનિટ
કુલ :- ૯૩૬.૦૦ ક્રોડ યુનિટ

(૨) છેલ્લાં ત્રણ વર્ષ દરમ્યાન ઉત્પન્ન થયેલ વીજળીમાંથી હાલના બજાર ભાવ રૂા. ૪.૦૦ પ્રતિ એક્મ ગણતાં રૂા. ૩૭૪૪/- ક્રોડનું વીજ ઉત્પાદન થયેલ છે.

---------

### સાબરકાંઠા જિલ્લામાં પ્રજા અને પોલીસ વચ્ચે યોજવામાં આવેલ લોકદરબાર

૨૩૩૧૩ **શ્રી દિલિપસિંહ વ. પરમાર (મોડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસનું વાતાવરણ ઉભું કરવા માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે સરકારે સૂચના આપી હોવાની હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા. ૧-૧-૨૦૧૧ થી તા. ૩૧-૮-૨૦૧૧ સુધીમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલા લોકદરબાર યોજવામાં આવ્યા, અને

(૩) તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩)

તા. ૧-૧-૨૦૧૧ થી તા. ૩૧-૮-૨૦૧૧ દરમિયાન કુલ ૨૩૪ લોકદરબાર યોજવામાં આવેલ જેમાં ૧૪૧ પ્રશ્નો આવેલ તે તમામ પ્રશ્નોનો નિકાલ કરવામાં આવેલ છે.

લોકદરબારમાં કરવામાં આવતી રજુઆતોની વિગતોમાં પોલીસ ખાતાને લગતી રજૂઆતોનો નિકાલ કરવામાં આવે છે. જ્યારે અન્ય વિભાગોને લગતી રજૂઆતો બાબતે જે તે વિભાગને મોક્લી આપવામાં આવે છે. ઉપરાંત સંબંધિત વિભાગને લેખિત રજૂઆત કરવા અરજદારને સમજ પણ આપવામાં આવે છે.

---------

### ખાદી વણાટ કામના કારીગરોના વિકાસ માટે આયોજન

૨૩૧૭૨ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૦-૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખાદીના કાંતનાર અને વણાટકામ કરનાર કારીગરોના વ્યવસાય વિકાસ માટે સરકાર દ્વારા કઈ કઈ યોજના દ્વારા કેટલા નાણાં ફાળવવામાં આવ્યા ?

**જવાબ**

રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબ સહાય ચૂક્વવામાં આવેલ છે. (રકમ રૂ. લાખમાં)

| ક્રમ | સમયગાળો | કાંતણ સહાય | વણાટ સાધન સહાય/ વણકરી સહાય | ચરખા/ શાળ સહાય | ગુજરાત ખાદી અને પોલીવસ્ત્રના વેચાણ ઉપર વળતર | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧-૯- | ૬૧.૩ | ૩૦.૩ | ૪૩.૯ | ૪૫૩.૦ | ૫૮૮. |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ૨૦૦૯ થી ૩૦-૮-૨૦૧૦ | ૬ | ૩ | ૯ | ૪ | ૭૨ |
| ૨ | ૧-૯-૨૦૧૦ થી ૩૦-૮-૨૦૧૧ | ૫૭.૮૨ | ૪૧.૫૯ | ૨૪.૧૮ | ૩૧૪.૬૮ | ૪૩૮.૨૭ |

---------

**આંગણવાડી કાર્યકરનું માસિક વેતન**

૨૩૧૨૩ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦-૮-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં આંગણવાડી કાર્યકર બહેનોની સંખ્યા કેટલી છે અને તેમને માસિક કેટલું વેતન ચૂકવવામાં આવે છે,

**જવાબ**

(૧) કુલ ૫૦૨૨૬ મંજૂર જગ્યાઓ સામે ૪૮૫૬૩ જગ્યાઓ ભરેલી છે. જેઓને નીચે પ્રમાણે વેતન ચૂકવવામાં આવે છે.

**આંગણવાડી કાર્યકર**

| અ. નં. | માનદ વેતનની વિગત | ભારત સરકારના ફંડમાંથી | ગુજરાત સરકારના ફંડમાંથી | કુલ રકમ |
|---|---|---|---|---|
| ૧ | નોન મેટ્રીક | રૂ. ૧૪૩૮ | રૂ. ૧૦૦૦ | રૂ. ૨૪૩૮ |
| ૨ | નોન મેટ્રીક (પાંચ વર્ષનો અનુભવ) | રૂ. ૧૪૬૯ | રૂ. ૧૦૦૦ | રૂ. ૨૪૬૯ |
| ૩ | નોન મેટ્રીક (દસ વર્ષનો અનુભવ) | રૂ. ૧૫૦૦ | રૂ. ૧૦૦૦ | રૂ. ૨૫૦૦ |
| ૪ | મેટ્રીક | રૂ. ૧૫૦૦ | રૂ. ૧૦૦૦ | રૂ. ૨૫૦૦ |
| ૫ | મેટ્રીક (પાંચ વર્ષનો અનુભવ) | રૂ. ૧૫૩૧ | રૂ. ૧૦૦૦ | રૂ. ૨૫૩૧ |
| ૬ | મેટ્રીક (દસ વર્ષનો અનુભવ) | રૂ. ૧૫૬૩ | રૂ. ૧૦૦૦ | રૂ. ૨૫૬૩ |
| ૭ | મીની આંગણવાડી કાર્યકર | રૂ. ૭૫૦ | રૂ. ૨૫૦ | રૂ. ૧૦૦૦ |

કેન્દ્ર સરકારના તા. ૧૧-૭-૨૦૧૧ના પત્ર ક્રમાંક : એફ. નં. ૧-૧/૨૦૧૧-સીડી-૧ મુજબ તા. ૧-૪-૨૦૧૧ની અસરથી આંગણવાડી કાર્યકરનો રૂા. ૧૫૦૦/- અને આંગણવાડી તેડાગરનો રૂ. ૭૫૦/-વધારો કરવામાં આવેલ છે. આ વધારો ગુજરાતના કાર્યકર/તેડાગરને આપવા માટેની કાર્યવાહી ગતિમાં છે.

(૨) આ આંગણવાડી કાર્યકર બહેનોને આઈ.સી.ડી.એસ. પ્રોગ્રામ અંતર્ગત અને તે સિવાયની

(૨) આંગણવાડી કાર્યકર બહેનો ને આઈ.સી.ડી.એસ. પ્રોગ્રામ અંતર્ગત આંગણવાડી કેન્દ્રનું

વધારાની કઈ કામગીરી સોંપવામાં આવે છે, અને

સંચાલન તેમજ આઈસીડીએસ સેવાઓને લગતી કામગીરી ઉપરાંત જુદા જુદા દિવસોની ઉજવણીઓ, રસોઈ-શો, શાળા પ્રવેશોત્સવ, શાળા આરોગ્ય તપાસણી, વિવિધ હરિફાઈઓ, બાલિકા સમૃધ્ધિ યોજના, કિશોરી શક્તિ યોજના, ઈન્દિરા ગાંધી માતૃત્વ સહયોગ યોજના વગેરે

**આઈ.સી.ડી.એસ. ઉપરાંતની કામગીરી**

૧. પલ્સ પોલિયોની કામગીરી, પલ્સ પોલિયો તાલીમ
૨. ટી. બી. ની કામગીરી
૩. મમતા દિવસ
૪. મમતા દિવસ મિટીંગ
૫. આઈ.એસ.એન.સી. આઈ. કામગીરી
૬. સખી મંડળની કામગીરી
૭. રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના
૮. મેલેરીયાની કામગીરી

(૩) તે માટે પ્રોત્સાહક રકમ કેટલી આપવામાં આવે છે ?

(૩)
(૧) પલ્સ પોલિયોની કામગીરી-રૂ. ૭૫-૦૦
પલ્સ પોલિયો તાલીમ -રૂ. ૨૦-૦૦
(૨) ટી.બી. ની કામગીરી પ્રતિ કેસ દીઠ-રૂ. ૨૫૦-૦૦
(૩) મમતા દિવસ પ્રતિ દિન-રૂ. ૫૦/-
(૪) મમતા દિવસ મિટીંગ પ્રતિ દિન-રૂ. ૫૦/-
(૫) આઈ.એસ.એન.સી.આઈ. કામગીરી પ્રતિ ગૃહ મુલાકાત રૂા. ૫૦/-
(૬) સખી મંડળની કામગીરી (ત્રણ તબક્કામાં)
રૂ. ૩૦૦, રૂ. ૭૦૦,અને રૂ. ૫૦૦, મળી કુલ રૂ. ૧૫૦૦/- ચૂકવવામાં આવે છે.
(૭) રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના, પલ્સ પોલિયો કામગીરી
(૮) મેલેરીયા (એક સ્લાઈડ દીઠ રૂ. ૫/- (જો કામ કરતા હોય તો)

---------

## ભાવનગર જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેક્શન

૨૩૨૭૪ **શ્રીમતી ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦-૬-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષ દરમ્યાન ભાવનગર જિલ્લામાં કેટલી આંગણવાડીઓને ગેસ કનેક્શન અપાયેલ છે, | (૧) ૧૯૪૧ |
| (૨) આ પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૨) રૂ. ૭૦,૨૪,૯૨૫/- |
| (૩) બાકીની આંગણવાડીઓમાં ગેસ કનેક્શન માટે શું આયોજન છે ? | (૩) ક્રમાનુસાર ગેસ કનેક્શન આપવાનું આયોજન છે. |

---------

## પેટલાદ શહેરમાં નગરનંદન વન યોજનામાં વૃક્ષોનું વાવેતર

૨૩૧૨૫ **શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ | (૧) આ સમયગાળા દરમ્યાન આ યોજના અન્વયે |

વર્ષમાં નગરનંદન વન યોજના અન્વયે વન વિભાગ દ્વારા પેટલાદ શહેરમાં કેટલા વૃક્ષો વાવવામાં આવ્યા,

(૨) તે અન્વયે વૃક્ષોના રક્ષણ માટે કેટલા પાંજરા મુક્વામાં આવ્યા,

(૩) વિસ્તારવાર કેટલા વૃક્ષો ઉછેર્યા છે, કેટલા નાશ પામ્યા, અને

(૪) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

વન વિભાગ દ્વારા પેટલાદ શહેરમાં કોઈ વૃક્ષો વાવવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યના ભૂકંપીય હિલચાલવાળા વિસ્તારોમાં નિરીક્ષણ અને મોનીટરીંગ માટે ઈન્સ્ટીટ્યુટ ઓફ સીસ્મોલોજીકલ રીસર્ચ દ્વારા આયોજન**

૨૩૨૦૮ **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના ભૂકંપીય હિલચાલવાળા વિસ્તારોમાં સતત નિરીક્ષણ અને મોનીટરીંગની કામગીરી માટે ઈન્સ્ટીટ્યુટ ઓફ સીસ્મોલોજીકલ રીસર્ચ દ્વારા તા. ૩૧/૮/૧૧ની સ્થિતિએ કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ભૂકંપીય હિલચાલવાળા વિસ્તારોમાંથી મળેલ માહિતી અન્વયે શી કાર્યવાહી કરવામાં આવે છે ?

**જવાબ**

(૧) રાજ્યના ભૂકંપથી હિલચાલવાળા વિસ્તારોમાં સતત નિરીક્ષણ અને મોનીટરીંગની કામગીરી માટે ઈન્સ્ટીટ્યુટ ઓફ સીસ્મોલોજીકલ રીસર્ચ દ્વારા ૬૪ ભૂકંપમાપન કેન્દ્રો સ્થાપવામાં આવેલ છે. તથા ૩૦ જીપીએસ સ્ટેશનો સ્થાપવામાં આવેલ છે. ભૂકંપની આગાહી માટેના સંશોધન માટે કચ્છ જિલ્લામાં ત્રણ સ્થળોએ મલ્ટીપેરામેટ્રિક જીઓફિઝીકલ લેબોરેટરી સ્થાપવામાં આવેલ છે.

(૨) ભૂકંપથી થતું નુક્સાન ઓછામાં ઓછું થાય તથા તે માટે ગુજરાત ડીઝાસ્ટર મેનેજમેન્ટ અને એન્જીનીયરીંગ ગૃપ્સ માટે અર્થક્વેક રેજીસ્ટન્ટ બિલ્ડીંગ ગાઈડલાઈન્સ તૈયાર કરવામાં આવે છે.

-ડેટા સેન્ટરમાંથી ભૂકંપની માહિતી ઉચ્ચ કક્ષાએ તથા લોકોને પહોંચાડવામાં આવે છે.

-ગુજરાતના દરિયાકાંઠે કેટલા સમયમાં સુનામીના મોજા પહોંચી શકે તથા તેની તિવ્રતા કેટલી હશે તે જાણી શકાય છે.

---------

**માહિતી ખાતા દ્વારા રાજ્ય બહાર પ્રકાશિત કરાતા પ્રકાશનો**

**શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારના માહિતી વિભાગ દ્વારા ગુજરાત રાજ્યની બહાર ગુજરાતની છબી ઉજાગર કરતા પ્રકાશનો પ્રસિધ્ધ થયા છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧/૮/૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ક્યા ક્યા પ્રકાશનો ક્યારે પ્રસિધ્ધ કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૩૧/૮/૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ""ધ ગુજરાત"" અંગ્રેજી ત્રિમાસીકના જાન્યુઆરી-૨૦૧૧ થી શરૂ કરીને કુલ ત્રણ અંકો પ્રસિધ્ધ કરવામાં આવ્યા.

---------

**બનાસકાંઠા જિલ્લામાં ૫૦૦ થી ઓછી વસ્તીવાળા ગામોને પાકા રસ્તાથી જોડવા બાબત**

૨૩૨૯૯ **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧/૧/૨૦૧૧ થી તા. ૩૧/૮/૨૦૧૧ સુધીમાં બનાસકાંઠા જિલ્લામાં ૨૫૦ થી ૪૯૯ સુધીની વસ્તી ધરાવતા ગામ-પરાને ડામરના પાકા રસ્તાથી જોડવા માટે કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) આ કામો તા. ૩૧/૮/૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) ૬૬ કામો મંજૂર કરવામાં આવ્યા.

(૨) ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

---------

**રાજ્યના મંત્રીશ્રીઓના મુસાફરી ભથ્થાના બીલ**

૨૩૧૯૪ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તાલાલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૭-૧૧ની સ્થિતિએ રાજ્યના દરેક મંત્રીશ્રી દીઠ છેલ્લા એક વર્ષમાં મુસાફરી ખર્ચ પેટે કેટલી રકમના ટી.એ. બિલ આકારવામાં આવ્યા ?

**જવાબ**

માન. મંત્રીશ્રીઓના મુસાફરી ખર્ચના ટી.એ. બીલની વિગતો નીચે મુજબ છે.

(અ) મંત્રીશ્રીઓએ કરેલ મુસાફરી બદલ તેઓને માઇલેજ ભથ્થું નીચે પ્રમાણે મળવાપાત્ર છે.

(૧) રાજ્ય સરકારે પૂરી પાડેલી મોટરકાર દ્વારા પ્રવાસ કરે ત્યારે નીચેના દરે માઇલેજ ભથ્થું મળવાપાત્ર છે.

પેટ્રોલ સંચાલિત વાહન માટે રૂ. ૪.૦૦ પ્રતિ કિલોમીટર

ડીઝલ સંચાલિત વાહન માટે રૂ. ૨.૫૦ પ્રતિ કિલોમીટર.

(૨) પોતાની/ભાડાની કે ઉછીની મોટરકાર દ્વારા પ્રવાસ કરે ત્યારે નીચેના દરે માઇલેજ ભથ્થું મળવાપાત્ર છે.

પેટ્રોલ સંચાલિત વાહન માટે રૂ. ૫.૦૦ પ્રતિ કિલોમીટર

ડીઝલ સંચાલિત વાહન માટે રૂ. ૪.૦૦ પ્રતિ કિલોમીટર

(બ) આ ઉપરાંત, રાજ્ય સરકારના વર્ગ-૧ના અધિકારીને મળવાપાત્ર દરે દૈનિક ભથ્થું મળવાપાત્ર છે.

(ક) ઉક્ત વિગતો ધ્યાને લઇને મંત્રીશ્રીઓએ કરેલ પ્રવાસના કિલોમીટર, હવાઇ મુસાફરી બદલ વિમાનની કંપનીઓને ચૂકવેલ ટીકીટની રકમ, અને દૈનિક ભથ્થાંની રકમ દર્શાવતું * પત્રક આ સાથે સામેલ છે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**મહેસાણા જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ મંજૂર કામો**

૨૩૩૦૪ **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાસ અંગભૂત યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં કેટલી રકમના કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) આ કામો ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) રૂ. ૪૯૬૫ લાખની રકમના ૬૬ રસ્તાના કામો મંજૂર કરવામાં આવ્યા.

(૨) ૩૬ કામો પૂર્ણ, ૪ કામો પ્રગતિ હેઠળ અને ૨૬ કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ.

---------

**આણંદ જિલ્લાની નગરપાલિકાઓમાં યુ.આઈ.ડી.એસ.એસ.એમ.ટી. યોજના હેઠળ પૂર્ણ થયેલ કામો**

૨૩૪૪૭ **શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ(આણંદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સ્કીમ ફોર સ્મોલ એન્ડ મીડીયમ ટર્મ્સ યોજના અંતર્ગત તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લાની કેટલી નગરપાલિકાનો સમાવેશ કરેલ છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા કામો પૂર્ણ થયેલ છે તથા કેટલા કામો પ્રગતિમાં છે ?

**જવાબ**

(૧) આ સમયગાળા દરમ્યાન કોઈપણ નગરપાલિકાનો સમાવેશ કરેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ભરૂચ જિલ્લામાં તાલુકાવાર ખનીજ ચોરીના બનાવો**

૨૩૫૪૫ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર ખનીજ ચોરી અંગેના કેટલા બનાવો નોંધવામાં આવ્યા, અને

(૨) ખનીજ ચોરી પેટે કેટલી રકમ વસુલ કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર ખનિજ ચોરી અંગેના ૩૩ બનાવો નોંધવામાં આવ્યા જેની વિગત આ સાથે સામેલ છે. (પત્રક-૧)

**તાલુકાવાર ખનિજ ચોરીની વિગતનું પત્રક**

| તાલુકો | ખનીજ | કેસોની સંખ્યા |
|---|---|---|
| ભરૂચ | સામાન્ય રેતી | ૧૧ |
| | સાદી રેતી | ૧ |
| ઝગડીયા | બ્લેક ટ્રેપ | ૨૦ |
| અંક્લેશ્વર | બ્લેક્ટ્રેપ | ૧ |
| | **કુલ :** | **૩૩** |

(૨) રૂ. ૮૪,૪૯,૦૪૭/-

**અમરેલી જિલ્લામાં આઈ.એચ.એસ.ડી.પી. યોજના હેઠળ નગરપાલિકાનો સમાવેશ**

૨૩૪૨૯ **શ્રી હીરાભાઈ સોલંકી(રાજુલા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં ઈન્ટીગ્રેટેડ હાઉસીંગ એન્ડ સ્લમ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ યોજના અંતર્ગત તા. ૩૧-૮-૧૧ની સ્થિતિએ અમરેલી જિલ્લાની કેટલી નગરપાલિકાનો સમાવેશ કરેલ છે, અને

(૨) તે અન્વયે ઉક્ત કેટલા આવાસો પુર્ણ થયેલ છે તથા કેટલા આવાસો પ્રગતિમાં છે ?

**જવાબ**

(૧) આ સમયગાળા દરમ્યાન આ યોજના અંતર્ગત અમરેલી જિલ્લાની કોઈ પણ નગરપાલિકાનો સમાવેશ કરેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**કચ્છ જિલ્લામાં પોતાના અને ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડીઓ**

૨૩૨૮૨ **ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦-૬-૨૦૧૧ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં મંજૂર થયેલ તાલુકાવાર આંગણવાડીઓ કેટલી છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર થયેલ આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભૂજ | ૩૬૫ |
| ૨ | નખત્રાણા | ૧૮૮ |
| ૩ | દયાપર | ૮૯ |
| ૪ | અબડાસા | ૧૮૫ |
| ૫ | માંડવી | ૨૧૪ |

| | | |
|---|---|---|
| ૬ | મુન્દ્રા | ૯૩ |
| ૭ | અંજાર | ૧૮૬ |
| ૮ | ગાંધીધામ | ૧૮૮ |
| ૯ | ભચાઉ | ૧૮૨ |
| ૧૦ | રાપર | ૨૨૪ |
| | **કુલ** | **૧૯૧૪** |

(૨) તે પૈકી કેટલી આંગણવાડીઓ પોતાના મકાનમાં બેસે છે, અને — (૨) ૧૩૮૪.

(૩) કેટલી આંગણવાડીઓ ભાડાના મકાનમાં બેસે છે ? — (૩) ૨૫૬.

---------

**આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને નાસ્તો આપવા બાબત**

૨૩૦૭૪ **શ્રી પ્રભુભાઈ ના. વસાવા (સોનગઢ): માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૧૫-૮-૧૧ની સ્થિતિએ રાજ્ય સરકારે આંગણવાડી કેન્દ્રોમાં રોજ સવારે બાળકોને ગરમ પૌષ્ટીક નાસ્તો તૈયાર કરી આપવાનો પરીપત્ર છેલ્લે ક્યારે બહાર પાડવામાં આવ્યો, અને | (૧) તા. ૧૦-૫-૨૦૧૦ |
| (૨) તે પરિપત્ર અન્વયે આંગણવાડી સંચાલકોને આ નાસ્તો બાળક દીઠ કેટલા રૂપિયામાં અને કેટલા જથ્થામાં તૈયાર કરી આપવાનો ઠરાવેલ છે ? | (૨) પ્રતિદિન બાળક દીઠ રૂ. ૨/- ના ખર્ચે ૫૦ ગ્રામનો જથ્થો. |

---------

**ઉમરગામ તાલુકાના દારોઠા નદીનો નવો પુલ બનાવવા કામગીરી**

૨૩૩૫૩ **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ઉમરગામ તાલુકાના દારોઠા નદીનો લો લેવલના પુલને નવો અથવા ઉંચો કરવાની કામગીરી ક્યારે મંજૂર કરવામાં આવી છે, અને<br>(૨) આ કામગીરી હાલ ક્યા તબક્કે છે? | (૧) અને (૨)<br>મંજૂર કરવામાં આવેલ નથી. |

---------

**૧૩માં નાણાપંચ હેઠળ બનાસકાંઠા જિલ્લામાં મંજૂર કામો**

૨૩૨૯૪ **શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| ૧૩મા નાણાપંચ હેઠળ વર્ષ ૨૦૧૧-૧૨માં બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૮-૨૦૧૧ સુધીમાં કેટલી રકમના કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા? | કુલ ૫૬ કામો રૂ.૫૬૧૦ લાખની અંદાજિત કિંમતથી મંજુર કરવામાં આવ્યા |

---------

**૮૩/page> અમદાવાદ શહેરમાં પકડાયેલ દારૂનો જથ્થો**

૨૩૧૩૭ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૦૧-૦૧-૨૦૧૧ થી તા.૧૫-૦૮-૨૦૧૧ સુધી અમદાવાદ શહેરના ક્યા ક્યા પોલીસ સ્ટેશનની હદમાંથી કેટલો દારૂ કેટલી કિંમતનો પકડવામાં આવ્યો, અને | (૧) પત્રક ""અ"" પ્રમાણે |
| (૨) ક્યા પોલીસ સ્ટેશનોમાં વધુ દારૂ પકડાયો અને તે અન્વયે જવાબદારો સામે સરકારે શાં પગલાં | (૨) શહેરકોટડા, સરદારનગર, બાપુનગર, અમરાઈવાડી, ડી.સી.બી. અને નરોડા પોલીસ સ્ટેશનોમાં |

લીધાં?

વધુ દારુ પકડાયેલ છે. તે અન્વયે જવાબદારો સામે ૩૧ કેસોમાં પગલા ભરેલ છે જે પૈકી ઈન્કવાયરી પૂર્ણ કરી ૪ કેસમાં ૯ વ્યક્તિને રોકડ દંડ અને ઈજાફો અટકાવવાની શિક્ષા કરેલ છે, ૩ કેસમાં શિક્ષા કરવાની કાર્યવાહી ચાલુ છે તથા ૨૪ કેસમાં પ્રાથમિક તપાસ ચાલુ છે.

પત્રક-અ

| નં. | પો.સ્ટે.નું નામ | દેશી દારુ લીટરમાં | કિંમત | વિદેશી દારુ લીટરમાં | કિંમત |
|---|---|---|---|---|---|
| ૧ | વેજલપુર | ૮૧૯ | ૧૬૩૮૦ | ૫૩૧૦.૫ | ૨૩૩૪૦૦ |
| ૨ | આનંદનગર | ૪ | ૮૦ | ૪.૫ | ૧૮૦૦ |
| ૩ | સેટેલાઈટ | ૧૬૧ | ૩૨૨૦ | ૫૯૪૭.૫ | ૧૭૩૩૫૦ |
| ૪ | એલીસબ્રીજ | ૪૭૧ | ૯૪૨૦ | ૧૦૫૭.૫ | ૪૩૮૦૦ |
| ૫ | વસ્ત્રાપુર | ૨૦.૫ | ૪૧૦ | ૧૧૩૨.૫ | ૪૮૭૦૦ |
| ૬ | નવરંગપુરા | ૧૦૩ | ૨૦૬૦ | ૪૦૩.૮૫ | ૧૨૨૨૬૦ |
| ૭ | યુનિર્વસીટી | ૨૮ | ૫૬૦ | ૭૭.૨૫ | ૯૩૦૯ |
| ૮ | ઘાટલોડીયા | ૧૫૨ | ૩૦૪૦ | ૧૦૫.૫૪ | ૬૫૮૮૦ |
| ૯ | સોલા | ૩૯૪ | ૭૮૮૦ | ૫૫૩.૮ | ૨૧૮૮૫૦ |
| ૧૦ | નારણપુરા | ૧૩૪૦ | ૨૬૮૦૦ | ૧૪૪૮.૫ | ૪૩૦૯૦ |
| ૧૧ | રાણીપ | ૨૩૭ | ૪૭૨૦ | ૦ | ૦ |
| ૧૨ | ચાંદખેડા | ૯૫૮ | ૧૯૧૬૦ | ૯.૨ | ૪૯૫૦ |
| ૧૩ | સાબરમતી | ૮૪૨.૫ | ૧૬૮૫૦ | ૧૭૪ | ૭૦૨૭૫ |
| ૧૪ | માધવપુરા | ૧૧૯૯ | ૨૩૯૮૦ | ૧૭૦ | ૭૪૬૫૦ |
| ૧૫ | શાહપુર | ૩૦૨.૫ | ૬૦૫૦ | ૧૦.૫ | ૧૦૫૦૦ |
| ૧૬ | કારંજ | ૫૫ | ૧૦૮૦ | ૩ | ૯૦૦ |
| ૧૭ | કાલુપુર | ૮૯.૫ | ૧૭૯૦ | ૩.૭૫ | ૪૦૦ |
| ૧૮ | શહેરકોટડા | ૧૩૭૩ | ૨૭૪૬૦ | ૯૪૭૮.૫ | ૨૬૦૨૪૦૦ |
| ૧૯ | ખાડીયા | ૦ | ૦ | ૬.૭૫ | ૧૫૮૦ |
| ૨૦ | ગા"હવેલી | ૨૨૭.૭૫ | ૪૫૫૫ | ૦ | ૦ |
| ૨૧ | દરીયાપુર | ૧૭ | ૩૪૦ | ૨૭ | ૧૧૫૫૦ |
| ૨૨ | શાહીબાગ | ૬૯૩ | ૧૩૮૬૦ | ૩૪૭.૨૫ | ૧૪૪૦૦ |
| ૨૩ | સરદારનગર | ૫૮૪૬ | ૧૧૬૯૨૦ | ૮૭૫૯.૨૫ | ૩૩૦૩૯૦૦ |
| ૨૪ | નરોડા | ૨૧૯૬ | ૨૫૯૨૦ | ૧૮૩૫.૨૫ | ૬૮૦૯૫૦ |
| ૨૫ | મેઘાણીનગર | ૧૩૭૭ | ૨૭૫૪૦ | ૫૦૧ | ૧૨૧૮૦૦ |
| ૨૬ | ગોમતીપુર | ૧૦૨૮ | ૨૦૫૬૦ | ૧૨ | ૪૨૫૦ |
| ૨૭ | રખીયાલ | ૮૦ | ૧૬૦૦ | ૦.૫ | ૦ |
| ૨૮ | બાપુનગર | ૩૪૫ | ૬૮૦૦ | ૨૬૮૫ | ૭૪૮૪૦૦ |
| ૨૯ | ઓઢવ | ૧૬૮૪ | ૩૩૬૮૦ | ૭૨૧.૫ | ૨૪૪૨૫૦ |
| ૩૦ | રામોલ | ૬૦૩ | ૧૨૦૬૦ | ૪૦૫.૭૫ | ૧૧૮૩૬૦ |
| ૩૧ | અમરાઈવાડી | ૩૬૧૧ | ૭૨૨૨૦ | ૧૪૮૧.૨૫ | ૭૭૩૩૯૦ |
| ૩૨ | કાગડાપીઠ | ૪૮૭૪ | ૯૭૪૮૦ | ૨૮૨.૭૫ | ૬૦૯૦૦ |
| ૩૩ | દાણીલીમડા | ૧૮૭૬ | ૩૭૫૨૦ | ૨૩૫.૫ | ૧૦૮૬૫૦ |
| ૩૪ | મણીનગર | ૩૨૫ | ૬૫૦૦ | ૪૪.૨૫ | ૧૪૩૫૦ |
| ૩૫ | ઈસનપુર | ૫૦૮ | ૧૨૦૮૦ | ૧૨૫.૨૫ | ૧૯૦૦૦ |
| ૩૬ | વટવા | ૨૬૪૯ | ૫૨૯૮૦ | ૧૧૮૦.૫ | ૨૯૬૬૨૦ |
| ૩૭ | જીઆઈડીસી | ૧૦૩૮ | ૨૦૭૬૦ | ૩૮૫.૫ | ૨૧૪૭૯૦ |
| ૩૮ | ક્રાઈમ | ૧૧૦ | ૨૨૦૦ | ૪૪૭૮ | ૧૬૧૨૭૫૦ |
| | **ટોટલ** | **૩૭૬૩૬.૭૫** | **૭૩૬૫૧૫** | **૪૯૪૦૪.૬૪** | **૧૨૦૭૪૪૦૪** |

---------

## મહેસાણા જિલ્લામાં નર્મદા યોજનાની વિશાખા અને માયનોર કેનાલોના કામો

૨૩૨૪૮ **શ્રી કાંતિલાલ રા.પટેલ (વિજાપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૦-૬-૨૦૧૧ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં નર્મદા યોજનાની વિશાખા અને માયનોર નહેરોના કેટલા કામો પ્રગતિમાં છે,

(૨) આ કામો પૂર્ણ કરવાનું આયોજન શું છે, અને

(૩) તેના થકી કેટલા વિસ્તારને લાભ મળશે ?

**જવાબ**

(૧) તા.૩૦-૦૬-૨૦૧૧ ની સ્થિતિએ મહેસાણા જીલ્લામાં વિશાખા અને માઇનોર નહેરોના કુલ ૭ (સાત) કામો પ્રગતિમાં છે.

(૨) આ કામો શક્ય તેટલી ઝડથી પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) તેના થકી ૫૯૪૬૩ એકર જમીનને સિંચાઇનો લાભ આપવાનું આયોજન છે.

---------

## વડોદરા જિલ્લામાં પોતાના અને ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડીઓ

૨૩૨૮૧ **શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૦-૬-૨૦૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં મંજૂર થયેલ તાલુકાવાર આંગણવાડીઓ કેટલી છે,

**જવાબ**

(૧) તા.૩૦-૬-૨૦૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં મંજૂર થયેલ તાલુકાવાર આંગણવાડીઓ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર થયેલ આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૩૧૪ |
| ૨ | નસવાડી | ૨૦૬ |
| ૩ | ડભોઇ | ૧૯૩ |
| ૪ | જેતપુર પાવી | ૨૧૫ |
| ૫ | શિનોર | ૮૭ |
| ૬ | સંખેડા | ૧૨૩ |
| ૭ | વડોદરા | ૫૮૨ |
| ૮ | કરજણ | ૧૨૬ |
| ૯ | સાવલી | ૨૧૩ |
| ૧૦ | પાદરા | ૨૫૫ |
| ૧૧ | વાઘોડીયા | ૧૩૬ |
| ૧૨ | કવાંટ | ૧૮૮ |
| | કુલ | ૨૬૩૮ |

(૨) તે પૈકી કેટલી આંગણવાડીઓ પોતાના મકાનમાં બેસે છે, અને

(૨) ૨૦૮૪

(૩) કેટલી આંગણવાડીઓ ભાડાના મકાનમાં બેસે છે ?

(૩) ૪૩૯

---------

## ખેડા જિલ્લામાં ઉદ્યોગોને ફાળવેલ જમીન

૨૩૦૮૩ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ ખેડા જિલ્લામાં ક્યા ક્યા ઉદ્યોગોને કેટલી જમીન શા ભાવે ક્યા હેતું માટે છેલ્લા ત્રણ વર્ષમાં ફાળવવામાં આવી ?

**જવાબ**

છેલ્લા ત્રણ વર્ષમાં કોઈ ઉદ્યોગને જમીન ફાળવવામાં આવી નથી.

---------

## ""અમદાવાદના હુક્કાબારો પર રેડ""

૨૩૫૨૭ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં કેટલા હુક્કાબારો પર રેડ કરવામાં આવી અને સંચાલકો સામે શાં પગલાં ભરવામાં આવ્યા, અને

(૨) સરકારે હુક્કાબારોને બંધ કરાવવા શી કાર્યવાહી કરી છે ?

**જવાબ**

(૧) કુલ-૮ (આઠ) રેડ કરવામાં આવી તે પૈકી ૨(બે)માં ઈન્ડિયન પીનલ કોડની કલમ-૧૮૮ હેઠળ ગુના દાખલ કરવામાં આવેલ છે.

(૨) હુક્કાબાર અંગે હકીકત (બાતમી) મળ્યેથી જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે.

---------

## રાજકોટ જિલ્લામાં ઉદ્યોગોને ફાળવેલ જમીન

૨૩૦૬૮ **શ્રી જયેશભાઈ વી. રાદડિયા(ધોરાજી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં ક્યા ક્યા ઉદ્યોગોને કેટલી જમીન શા ભાવે ક્યા હેતું માટે છેલ્લા ત્રણ વર્ષમાં ફાળવવામાં આવી ?

**જવાબ**

આ સાથે સામેલ પત્રકના કોલમ-૨ દર્શાવેલ ઉદ્યોગોને કોલમ-૪માં દર્શાવેલ જમીન, કોલમ-૫માં દર્શાવેલ ભાવે અને કોલમ-૬ના હેતુ માટે ફાળવવામાં આવી છે.

**પત્રક**

| ક્રમ | ઉદ્યોગગૃહ/માંગણીદારનું નામ | ગામ/તાલુકા | ફાળવેલ જમીન ચો.મી. | પ્રતિ ચો.મી.ના રૂા. | હેતુ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | કિશન રીફેક્ટરીઝ પ્રા.લી. | વાગુદડ તા. લોધીકા | ૧૦૦૦૦ | ૪૦૦ | સીમેન્ટ ઉદ્યોગ |
| ૨ | શ્રી મનસુખભાઈ રાઘવજીભાઈ | વાંકાનેર, તા. વાંકાનેર | ૫૪૨-૮૩ | ૮૩૩ | માટીકામ |
| ૩ | રઘુવિર કોટન જીનીંગ એન્ડ પ્રેસીંગ પ્રા.લી. | હડમતાળા તા.કોટડાસાંગાણી | ૧૦૧૨ | ૧૯૫ | જીનીંગ એન્ડ પ્રેસીંગ |
| ૪ | શ્રી ક્રિષ્ના સીરામીક્સ ઈન્ડસ્ટ્રીઝ. | જાંબુડીયા તા. મોરબી | ૬૦૭૦ | ૩૩૬ | સીરામીક ટાઈલ્સ |
| ૫ | શ્રી સોરાષ્ટ્ર આયર્ન ફોર્જીંગ પ્રા. લી. | પીપળીયા તા. ગોંડલ | ૪૦૪૭૦ | ૧૭૦ | ફોર્જીંગ |
| ૬ | રઘુવિર કોટન જીનીંગ એન્ડ પ્રેસીંગ પ્રા.લી. | ભરૂડી તા. ગોંડલ | ૨૭૮૯ | ૧૯૫ | જીનીંગ એન્ડ પ્રેસીંગ |
| ૭ | રઘુવિર કોટન જીનીંગ એન્ડ પ્રેસીંગ પ્રા.લી. | હડમતાળા તા.કોટડાસાંગાણી | ૩૫૭૩-૨૬ | ૨૧૮ | જીનીંગ એન્ડ પ્રેસીંગ |
| ૮ | શ્રી રમેશભાઈ પોપટભાઈ | લીલાપુર, તા. જસદણ | ૬૬-૬૬ | ૫૫૦ | ફેબ્રીકેશન |
| ૯ | શ્રી અશ્વિનસિંહ ઉદયસિંહ | વર્ષામેડી તા. માળીયા(મી) | ૨૦૦૦ | ૬૫ | ઓદ્યોગિક |
| ૧૦ | શ્રી દુર્ગેશ ઈમ્પેક્ષ પ્રા.લી. | મોટા રામપર તા. પડધરી | ૮૦૯૪ | ૨૩૬ | ઓદ્યોગિક |
| ૧૧ | શ્રી એન્ટીક ગ્રેનાઈટો પ્રા.લી. | ઘુંટુ તા. મોરબી | ૩૫૬૦૦ | ૫૨૬ | ઓદ્યોગિક |
| ૧૨ | શ્રી ભીમસિંહભાઈ ખીમાભાઈ વિગેરે | વિંછીયા, તા.જસદણ | ૨૦૦ | ૨૦૦૩ | હોટલ ઉદ્યોગ |
| ૧૩ | શ્રી અતુલકુમાર બાબુલાલ ઠુમર | વાગુદડ, લોધીકા | ૨૦૦૦ | ૧૫૦૦ | વાલ્વ એન્ડ કાસ્ટીંગ |
| ૧૪ | શ્રી વૃજલાલ મેઘજીભાઈ ઠુમર | વાગુદડ, તા. લોધીકા | ૨૦૦૦ | ૧૫૦૦ | વાલ્વ એન્ડ કાસ્ટીંગ |
| | | | ૧૧૪૪૧૭૦.૭૫ | | |

---------

## ગુજરાતના વન્ય જીવોને ઉજાગર કરતા પ્રકાશનો

૨૩૩૨૮ **શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન ગુજરાતના વન્ય જીવનને ઉજાગર કરતા કોઈ પ્રકાશનો પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧-૮-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ક્યા ક્યા પ્રકાશનો પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૩૧-૮-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં (૧) વન્ય જીવન (ગુજરાતના વન્ય પ્રાણીઓ) (ગુજરાતી) અને (૨) વાયબ્રન્ટ વાઈલ્ડ લાઈફ (અંગ્રેજી) પ્રકાશનો પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે.

---------

## માંડવીથી કીમનો રોડ હલકી ગુણવત્તાને કારણે તૂટી જવા બાબત

૨૩૩૪૩ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના માંડવી તાલુકામાં માંડવીથી કીમના રોડનું કામ ૨૦૧૦માં પૂર્ણ કરવામાં આવ્યું હતું, તેનો કોન્ટ્રાકટ કોને આપવામાં આવ્યો હતો,

(૨) હાલમાં વરસાદના કારણે આ રોડનું ધોવાણ થઈ ગયેલ છે. તેના કારણે રસ્તો ઉબડ-ખાબડ થઈ ગયેલ છે તે હકીક્ત સરકાર જાણે છે, અને

(૩) જો હા, તો આ રોડ બનાવતી વખતે હલકી ગુણવત્તાની કામગીરી થયેલ છે, તો જવાબદાર કોન્ટ્રાકટર સામે ક્યા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) સુરત જિલ્લાના માંડવી તાલુકામાં કીમ માંડવી રસ્તાના કિ.મી. ૧૪/૪થી ૫૨/૬માં બી.ઓ.ટી. ધોરણે ૧૦ મીટર પહોળો કરવાનો કોન્ટ્રાકટ મે.એમ.એસ.કે પ્રોજેક્ટસ પ્રા.લિ. વડોદરાને આપવામાં આવેલ છે.

(૨) અને (૩) રસ્તાનું ધોવાણ કે રસ્તો ઉબડ-ખાબડ થયેલ નથી, ચોમાસા બાદ સામાન્ય મરામત ઈજારદાર દ્વારા કરવાની હોય છે તે સમયાંતરે કરવામાં આવે છે. હલકી ગુણવત્તાનો પ્રશ્ન નથી.

## ધોળકા તાલુકામાં બાંધવામાં આવેલ નર્મદાની કેનાલો

૨૩૧૩૯ **શ્રી કાનજીભાઈ તળપદા (ધોળકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૭-૧૧ની સ્થિતિએ ધોળકા તાલુકાના સ્મગઢ-કટીયાણા અને કોઠ ગામની હદમાં ક્યા ક્યા સર્વે નંબરમાં ક્યા પ્રકારની નર્મદાની કેનાલો બાંધવામાં આવી,

(૨) તે અન્વયે કેટલી કેનાલો વ્યવસ્થિત છે અને કેટલી કેનાલો તૂટી ગયેલ છે, અને

(૩) આ કેનાલો દ્વારા કેટલું પાણી આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) ધોળકા તાલુકાના સ્મગઢ-કટીયાણા અને કોઠ ગામની હદમાં નર્મદાની જુદી જુદી કેનાલો બાંધવામાં આવેલ તેના સર્વે નંબરની યાદીનું *પત્રક સામેલ છે.

(૨) ઉપરોક્ત કેનાલોની વિગતો નીચે મુજબ છે.

| નહેરનો પ્રકાર | કુલ કેનાલો | વ્યવસ્થિત કેનાલો | આંશિક તૂટ ફૂટ થયેલ કેનાલો | નોંધ |
|---|---|---|---|---|
| શાખા | ૧ | ૧ | - | |
| વિશાખા | ૩ | ૩ | - | |
| પ્રશાખા | ૧૩ | ૩ | ૮ | ૨ કેનાલની કામગીરી પ્રગતિમાં છે. |
| પ્રપ્રશાખા | ૭૯ | ૭ | ૬૩ | બાકી રહેતી ૯ પ્રપ્ર શાખાનાં કામ હાથ પર લેવામાં આવેલ નથી. |

(૩) તૂટફૂટ સિવાયની નહેરોમાં પૂરતી ક્ષમતાથી પાણી આપવામાં આવે છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## વડોદરા જિલ્લામાં નુર્મ યોજના અંતર્ગત લાભાર્થીઓને મકાન સુપ્રત ન કરવા અંગે

૨૩૧૫૪ **શ્રી ચંદુભાઈ ડાભી(કરજણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા બે વર્ષમાં તા. ૨૫-૮-૧૧ની સ્થિતિએ નુર્મ યોજના હેઠળ વડોદરા શહેરમાં કેટલા મકાનો લાભાર્થીઓને સુપ્રત કરવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલાને આ મકાનો હજુ સોંપવાના બાકી છે અને સમયસર ન સોંપવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) કુલ ૪૨૨૬ મકાનો લાભાર્થીઓને સુપ્રત કરવામાં આવ્યા.

(૨) ૩૮૦૩ આવાસો લાભાર્થીઓને સોંપણી કરવાના બાકી છે.

**<u>આવાસો લાભાર્થીઓને સમયસર ન સોંપવાના કારણો</u>**

| ક્રમ | કારણો |
|---|---|
| ૧ | ગુજરાત વીજ નિયમન પંચના આદેશ મુજબ નવિન વીજ જોડાણ આપવાના દરોમાં ફેરફાર થવાના કારણે નવી નીતિ મુજબ વીજ જોડાણ આપવાની કાર્યવાહી પ્રગતિમાં હોવાથી. |
| ૨ | કેટલાક લાભાર્થીઓ દ્વારા લાભાર્થી આવાસ સોંપણી ડ્રોમાં ભાગ લેવામાં આવેલ નથી. |
| ૩ | બી.એસ.યુ.પી. ભાગ ૨ના ૨૬૧૪ આવાસોની સાઇટ ઉપર એપ્રોચનો અભાવ. જમીન સંપાદનની કાર્યવાહી જેવી બાબતો ને લીધે ઓફસાઇટ ઇન્ફ્રાસ્ટ્રક્ચરની કામગીરીમાં વિલંબ થયેલ છે. |
| ૪ | બી.એસ.યુ.પી. ભાગ ૩ ના આવાસ બનાવવા માટેના કુલ પાંચ પેકેજ પેકી ત્રણ પેકેજના કુલ ૪૦૯૬ આવાસો બનાવવા માટેની દરખાસ્ત સ્થાયી સમિતિમાં રજુ કરેલ છે. અને બાકીના બે પેકેજના ૨૦૦૦ મકાનો બનાવવાની બાબત નિર્ણાયાત્મક તબક્કે છે. |

---------

## અમદાવાદ સિવીલ હોસ્પિટલમાં રોબોટ દ્વારા ઓપરેશન

૨૩૨૨૪ **શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ સિવીલ હોસ્પિટલ અમદાવાદમાં હાડકાના ઓપરેશન કરવા માટે રોબોટ કાર્યરત કરવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તેની વિગતો શી છે,

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ રોબોટ મશીન મેસર્સ ક્યુરેક્સો ટેક્નોલોજી કોર્પોરેશન ફ્રેમાન્ટ યુ.એસ.એ. થી લાવવામાં આવેલ છે. જે સિવીલ હોસ્પિટલ અમદાવાદ ખાતે તા.૧-૭-૨૦૧૧

(૩) આ સાધનોથી ક્યા ક્યા પ્રકારના ઓપરેશન થઇ શકશે, અને

(૪) આ સાધનની વિશિષ્ટતા શું છે, તેને વસાવવા માટે અંદાજે કેટલો ખર્ચ થયેલ છે ?

થી ઇન્સ્ટોલ કરી કાર્યરત કરવામાં આવેલ છે.

(૩) આ સાધનોથી સાંધા બદલવાના ઓપરેશન તેમજ ઘુંટણ અને થાપાના ઓપરેશન થઇ શકશે.

(૪) આ સાધનની વિશિષ્ટતા એ છે કે તેની મદદથી ઓપરેશનમાં સમયનો બચાવ થાય છે. તેમજ સાંધાના ઓપરેશન માટે હાડકાની ચોક્સાઇ પૂર્વક વાઢકાપ થઇ શકે છે. જેથી સાંધા બેસાડવામાં ચોક્સાઇ આવે છે. આ સાધનનો અંદાજીત ખર્ચ રૂ.૧૦,૪૨,૯૦,૯૬૧/- (દશ કરોડ બેતાલીસ લાખ નેવુહજાર નવસો એકસઠ) થયેલ છે.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં શૈક્ષણિક અને ધાર્મિક હેતુ માટે ફાળવેલ જમીન**

૨૩૧૯૭ **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૭-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં શૈક્ષણિક અને ધાર્મિક હેતુ માટે તાલુકાવાર કોના કોના તરફથી કેટલી જમીનની માંગણીઓ કરતી અરજીઓ સરકારને મળી,

(૨) મળેલ અરજીઓ પૈકી કોની કોની માંગણીઓ મંજુર કરી, અને

(૩) શા ભાવે સરકારે આ જમીન તાલુકાવાર ફાળવી ?

**જવાબ**

(૧) આ સાથેના **પત્રક**ના કોલમ ૨-૩-૪ મુજબ

(૨) આ સાથેના **પત્રક**ના કોલમ ૬ મુજબ

(૩) આ સાથેના **પત્રક**ના કોલમ-૬ની વિગતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પત્રક

| ક્રમ | જમીનની માંગણી કરનારનું નામ | ગામ તાલુકો | જમીનની વિગત | હેતુ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | શ્રી એમ. વી. વિદ્યાલય | રાજપરા (ઠાંગા) તા.ચોટીલા | સ. નં. ૪૯૩ પૈકી ૬૦૭૦ ચો.મી. જમીન | શૈક્ષણિક | અરજી નામંજૂર કરેલ છે. |
| ૨ | શ્રી ગોકુળ સંસ્કાર ભવન | પાટડી | સ. નં. ૨૨/૨/૧ની ૭૫૫૨ ચો.મી. જમીન | શૈક્ષણિક | અરજી નામંજૂર કરેલ છે. |
| ૩ | શ્રી ઉમીયા એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટ | સુસવાવ (ઇશ્વરનગર) તા.હળવદ | સ. નં. ૧૯૯ પૈકી ૧૮૯.૭૧ ચો.મી. જમીન | શૈક્ષણિક | અરજી નામંજૂર કરેલ છે. |
| ૪ | શ્રી નિશિથ મેમોરીયલ ટ્રસ્ટ સુરેન્દ્રનગર (સી.બી.એસ.સી.) | બાકરથલી તા. વઢવાણ | સ. નં. ૨૭૩ની હે.૧-૨૪-૪૪ જમીન | શૈક્ષણિક | મહેસૂલ વિભાગના તા. ૨૫-૦૪-૧૧ ના ઠરાવ ક્રમાંકઃ મમજ-૫૨૧૧-૩૫-ગ થી ૬૦૦ ચો.મી. જમીન શાળાના બાંધકામ માટે કિંમત માફી તથા મહેસૂલ માફીથી અને ૭૪૯૪ ચો.મી. જમીન રમત ગમતના મેદાન માટે રૂા.૧/- ના ટોકન ભાડાથી ૩૦ વર્ષના ભાડા પટ્ટે ફાળવવાની |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | મંજૂરી આપવામાં આવી હતી. સંસ્થાને ફાળવેલ જમીન જરૂરીયાત પ્રમાણે ન હોવાથી સંસ્થાએ તેમના તા. ૦૧-૦૮-૧૧ના પત્રથી જમીન ફાળવણીનો હુકમ રદ કરવા વિનંતી કરેલ હતી. જે ધ્યાને લઇ મહેસૂલ વિભાગ દ્વારા તા.૧૨-૦૯-૧૧ ના સમાનાંકી હુકમથી જમીન ફાળવણીનો તા.૨૫-૦૪-૧૧નો હુકમ મુળ અસરથી રદ કરેલ છે. આમ સંસ્થાને જમીન ફાળવેલ નથી. |
| ૫ | શ્રી સ્વામીનારાયણ સંસ્કાર ધામ ગુરૂકુળ | ધાંગધ્રા | સ. નં. ૧૫૫૭ની હે.૧-૭૧-૯૯ જમીન | શૈક્ષણિક | અરજી નામંજૂર કરેલ છે. |
| ૬ | મહંત શ્રી સ્વામીનારાયણ મંદિર જવાહરચોક | બલદાણા તા. વઢવાણ | જુના ગામતળની ૨૩૩.૭૦ ચો.મી. | ધાર્મિક | અરજી નામંજૂર કરેલ છે. |
| ૭ | શ્રી સ્વામીનારાયણ મંદિર મુળી | હરિપર તા.મુળી | પ્રાથમિક શાળાની જમીન | ધાર્મિક | અરજી નામંજૂર કરેલ છે. |
| ૮ | મહંત શ્રી સ્વામીનારાયણ મંદિર જવાહરચોક | સુરેન્દ્રનગર | આયુર્વેદ હોસ્પિટલની ૨૨૪.૧૬ ચો.મી. જમીન | ધાર્મિક | અરજી નામંજૂર કરેલ છે. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના બારથલી ગામની સર્વે નંબર ૨૭૪ની જમીનની ફાળવણી**

૨૩૦૯૪ **શ્રી હરીલાલ પટેલ(ધ્રાંગધ્રા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા.૩૧-૦૭-૧૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના બાકરથલી ગામની રેવન્યુ સ. નં.૨૭૪ ની કેટલી જમીન શૈક્ષણિક અને સામાજીક હેતુસર શા ભાવે કોને ક્યારે આપવામાં આવી ?

**જવાબ**

મોજે બાકરથલી તા.વઢવાણના સ. નં.૨૭૪ પૈકીની કોઈ જમીન શૈક્ષણિક અને સામાજીક હેતુસર આપવામાં આવેલ નથી.

---------

**પોલીસ દળમાં જુદા જુદા સંવર્ગમાં ભરતી**

૨૩૩૧૬ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ(શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) પોલીસ દળને વધુ અસરકારક બનાવવા માટે રાજ્ય સરકાર જુદા જુદા સંવર્ગમાં ભરતી કરવા માંગે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો વર્ષ ૨૦૧૧-૧૨માં ક્યા ક્યા સવંર્ગમાં કેટલા કર્મચારીઓની ભરતી કરવામાં આવનાર છે?

**જવાબ**

(૧) હા જી.

(૨) નીચેના સંવર્ગોમાં ભરતી બોર્ડ રચીને ખાતા મારફતે ભરતી કરવા માટે મંજુરી મળી હોય, વર્ષ ૨૦૧૧-૧૨માં તેમાં ભરતીઓ કરવામાં આવશે.

| | સંવર્ગનું નામ | સીધી ભરતી |
|---|---|---|
| (૧) | પી.એસ.આઈ. (અનાર્મ) | ૨૯૩ |
| (૨) | પી.એસ.આઈ. | ૧૫૯ |

| | | |
|---|---|---|
| | (એસ.આર.પી.એસ.) | |
| (૩) | પી.એસ.આઈ. (વાયરલેસ) | ૧૫૦ |
| (૪) | ઈન્ટેલીજન્સ ઓફિસર | ૫૭ |
| (૫) | પોલીસ કોન્સ્ટેબલ | ૪૪૧૧ |
| (૬) | પોલીસ કોન્સ્ટેબલ (એસ.આર.પી.એફ.) | ૩૭૨૨ |
| | **કુલ જગ્યાઓ** | **૮૭૯૨** |

---------

**પાટણ જિલ્લામાં સિધ્ધપુર ખાતે મહેસૂલી કચેરીના મકાનની મંજૂરી**

૨૩૨૮૫ **શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧-૧૨માં પાટણ જિલ્લામાં સિધ્ધપુર ખાતે મહેસૂલી કચેરીઓ માટે નવા મકાનના કામોની મંજૂરી આપવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે, અને | (૨) પાટણ જિલ્લામાં સિધ્ધપુર ખાતે નવી સીટી સરવે, સબ રજિસ્ટ્રાર અને મામલતદાર કચેરી બાંધવામાં આવશે. આ માટે વર્ષ ૨૦૧૧-૧૨માં રૂા. ૧૬૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. |
| (૩) આ કામોની કામગીરી હાલ ક્યા તબક્કે છે? | (૩) તાજેતરમાં સિધ્ધપુરને પ્રાન્ત જાહેર કરવામાં આવતા હવે મામલતદાર કચેરી ઉપરાંત પ્રાન્ત કચેરીનું બાંધકામ પણ કરવાનું આયોજન છે. |

---------

**ડાંગ જિલ્લામાં કિસાનપથ યોજના હેઠળ મંજૂર કામો**

૨૩૩૦૮ **શ્રી વિજયભાઈ ર.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિસાનપથ યોજના હેઠળ ડાંગ જિલ્લામાં કેટલી રકમના કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) રૂા. ૬૭૧.૬૦ લાખના, ૧૪ કામો મંજૂર કરવામાં આવ્યા. |
| (૨) આ કામો ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે? | (૨) ૫ કામો પૂર્ણ, ૧ કામ પ્રગતિમાં અને ૮ કામો ટેન્ડર લેવલે. |

---------

**વડોદરા જિલ્લામાં પોલીસ આવાસો**

૯૦/page> ૨૩૩૧૪ **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંકના કામો હાથ ઉપર લેવામાં આવ્યા, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) અને (૨)

છેલ્લા ત્રણ વર્ષમાં હાથ પર લેવામાં આવેલ રહેણાંકના મકાનોના કામો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| નાણાંકીય વર્ષ | રહેણાંકના મકાનો | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૨૬ | ૧૫૬.૭૬ |
| ૨૦૦૯-૧૦ | ૦૯ | ૬૬.૯૧ |
| ૨૦૧૦-૧૧ | ૫૦ | ૨૬૯.૭૪ |
| **કુલ** | **૮૫** | **૪૯૩.૪૧** |

---------

## નર્મદા યોજનાની કેનાલોનું બાંધકામ

૨૩૫૧૬ **શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ(ડભોઈ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ નર્મદા યોજનાની જુદી જુદી કેનાલ નેટવર્કના કેટલા કી.મી.નું બાંધકામ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવ્યું, અને

(૨) તે અન્વયે સમગ્ર કેનાલનું નેટવર્ક કામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૦૨.૩૩ કી.મી. શાખા નહેર, ૨૭૧.૯૩ કી.મી. વિશાખા નહેર, ૩૨૮.૩૧ કી.મી. પ્રપ્રશાખા નહેર તથા ૮૦.૫૮ કી.મી. પ્રશાખા નહેરનું બાંધકામ થયેલ છે.

(૨) સમગ્ર કેનાલનું નેટવર્કનું કામ વહેલીતકે પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

## અર્બન હેલ્થ પ્રોજેક્ટ અંતર્ગત આરોગ્ય સેવાઓ

૨૩૨૧૫ **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે અર્બન હેલ્થ પ્રોજેક્ટ મંજૂર કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેની વિગતો શી છે, અને

(૩) આ કાર્યક્રમથી લાભાર્થીઓને કઇ કઇ સેવાઓ ઉપલબ્ધ થશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજ્યની ૧૫૯ નગરપાલિકામાં પ્રાથમિક આરોગ્યની સેવાઓ પૂરી પાડવા ચાલુ વર્ષે ૧૦૦ અર્બન હેલ્થ સેન્ટર તથા ૨૦૦ અર્બન સબ સેન્ટર ચાલુ કરવાની મંજુરી આપવામાં આવેલ છે.

(૩) આ કાર્યક્રમથી પ્રાથમિક આરોગ્યની સેવાઓ જેવી કે માતૃબાળ કલ્યાણ સેવાઓ, રસીકરણ, ફેમિલી પ્લાનીંગ, સવાર સાંજ મેડીકલ ઓફિસર દ્વારા ઓ.પી.ડી., દર અઠવાડીએ એક વાર સ્ત્રીરોગ નિષ્ણાંત તથા બાળ રોગ નિષ્ણાંતની ઓ.પી.ડી. દરમાસે સ્લમ/ગરીબ વિસ્તારમાં એક આરોગ્ય કેમ્પ તથા સરકારની અન્ય પ્રાથમિક આરોગ્ય લક્ષી સેવાઓ ઉપલબ્ધ થશે.

---------

## સાબરકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોને સારવાર

૨૩૨૦૫ **શ્રી ઉદેસિંહ ઝાલા(બાયડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકોને ક્યા ક્યા રોગો માટે સારવાર આપવામાં આવી છે, અને

(૨) તે પૈકી કેટલા બાળકોને રેફરલ સારવાર અને તજજ્ઞ સારવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર રોગો માટે બાળકોને આપવામાં આવેલ સારવારનું **પત્રક-અ** આ સાથે સામેલ છે.

(૨) તે પૈકી તા.૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ બાળકોને તજજ્ઞ ડોકટરો દ્વારા આપવામાં આવેલ સારવારનું **પત્રક-બ** આ સાથે સામેલ છે.

**પત્રક-અ**

| વર્ષ | તાલુકાનું નામ | પાંડુરોગ | આંત્રકૃમિ | દાંતની તકલીફ | આંખની તકલીફ | કાન-નાક-ગળાની તકલીફ | પેટની તકલીફ | ચામડીના રોગ | શ્વસનતંત્રના રોગ | ચેતાતંત્રના રોગ | અસ્થિતંત્રના રોગ | વિકલાંગતા | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૯-૧૦ | હિંમતનગર | ૧૭૪૧ | ૨૬૭૦ | ૧૫૮ | ૨૬૮ | ૧૩૯ | ૧૦૪ | ૨૧૧ | ૫૨ | ૯ | ૨૪ | ૬૦ | ૧૦૦૮ | ૬૪૪૪ |
| | પ્રાંતિજ | ૪૩૧૧ | ૨૮૬૯ | ૧૦૪ | ૨૦૪ | ૧૪૦ | ૨૫ | ૨૬૦ | ૬ | ૩ | ૧૮ | ૩૩ | ૧૨૩૨ | ૯૨૦૫ |
| | તલોદ | ૩૨૬૯ | ૩૩૮૪ | ૨૧૩ | ૩૮૯ | ૯૭ | ૩૫૮ | ૨૨૩ | ૯ | ૦ | ૦ | ૪ | ૫૨ | ૭૯૯૮ |
| | મોડાસા/ ધનસુરા | ૧૪૨૫ | ૧૩૭૮ | ૯૪ | ૧૭૨ | ૬૧ | ૫૨૭ | ૬૨ | ૫૫ | ૩૧ | ૧૯ | ૧૦૮ | ૭૬૯ | ૪૭૦૧ |
| | બાયડ | ૧૯૬૪ | ૧૭૩૦ | ૨૩૧ | ૨૯૧ | ૧૬૭ | ૧૫૪ | ૧૩૨ | ૬૦ | ૨ | ૧૫ | ૩૫ | ૧૬૦૭ | ૬૩૮૮ |
| | ઇડર/ વડાલી | ૬૮૨૫ | ૬૪૧૫ | ૯ | ૪૨૧ | ૫૦ | ૮૩ | ૪૧ | ૧૯૩ | ૨ | ૬ | ૫૫ | ૧૦૭૫૫ | ૨૪૮૫૫ |
| | ખેડબ્રહ્મા | ૩૨૫ | ૯૯૫ | ૩૮૫ | ૪૬ | ૨૪ | ૭ | ૩૨૩ | ૭ | ૦ | ૦ | ૧૪ | ૫૬ | ૨૧૮૨ |
| | વિજયનગર | ૩૫૩૫ | ૧૫૫ | ૧૩૫ | ૮૫ | ૫૪ | ૫૦ | ૪૧ | ૦ | ૧ | ૭ | ૫૧ | ૩૭૫ | ૪૪૮૯ |

| વર્ષ | તાલુકાનું નામ | પાંડુરોગ | આંત્રકૃમિ | દાંતની તકલીફ | આંખની તકલીફ | કાન-નાક-ગળાની તકલીફ | પેટની તકલીફ | ચામડીના રોગ | શ્વસનતંત્રના રોગ | ચેતાતંત્રના રોગ | અસ્થિતંત્રના રોગ | વિકલાંગતા | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ભિલોડા | ૩૫૭૯ | ૨૮૫૭ | ૧૭૦ | ૩૫૮ | ૧૩૪ | ૧૨૭ | ૨૧૩ | ૯૫ | ૦ | ૧ | ૪ | ૨૫૪૧ | ૧૦૦૭૯ |
| | મોલપુર/ મેઘરજ | ૨૯૫૧ | ૨૮૭૭ | ૩૩૮ | ૨૫૫ | ૩૨૦ | ૩૦૦ | ૪૦૭ | ૮૭ | ૧૭ | ૩ | ૨૨ | ૯૦૦ | ૮૪૭૭ |
| | કુલ | ૨૯૯૨૫ | ૨૫૩૩૦ | ૧૮૩૭ | ૨૪૮૯ | ૧૧૮૬ | ૧૭૩૫ | ૧૯૧૩ | ૫૬૪ | ૬૫ | ૯૩ | ૩૮૬ | ૧૯૨૯૫ | ૮૪૮૧૮ |
| વર્ષ ૨૦૧૦-૧૧ તા. ૩૧-૩-૧૧ અંતિત | હિંમતનગર | ૨૦૦ | ૧૭૬ | ૫૭ | ૧૭૧ | ૩૪ | ૧૨ | ૧૫ | ૫ | ૩ | ૧ | ૦ | ૯ | ૬૮૩ |
| | પ્રાંતિજ | ૩૬૯૩ | ૨૩૯૯ | ૧૦૭ | ૮૪ | ૧૦૩ | ૧૩૨ | ૧૧૧ | ૧૫ | ૩ | ૩ | ૧૨ | ૨૪૦ | ૬૯૦૨ |
| | તલોદ | ૧૧૯૬ | ૧૩૭૮ | ૪૨૬ | ૨૪૬ | ૨૭૧ | ૩૩૪ | ૫૩૦ | ૫૩૬ | ૧ | ૦ | ૩ | ૯૬ | ૫૦૧૭ |
| | મોડાસા/ ધનસુરા | ૧૬૦૮ | ૧૧૫૨ | ૧૦૫ | ૧૫૧ | ૧૨૧ | ૨૦૫ | ૧૮ | ૧૫૩ | ૧૯ | ૨ | ૨૨૩ | ૧૩૭૩ | ૫૧૩૦ |
| | બાયડ | ૧૭૫૪ | ૧૨૦૭ | ૨૭૪ | ૨૯૧ | ૧૯૦ | ૧૨૯ | ૧૨૬ | ૭૪ | ૩૧ | ૧૫ | ૫૮ | ૧૬૬૪ | ૫૮૧૩ |
| | ઇડર/ વડાલી | ૪૭૦૦ | ૬૬૮૮ | ૬૮૫ | ૧૧૦૫ | ૫૬૬ | ૨૫૮ | ૫૫૦ | ૧૧૦ | ૫ | ૯ | ૯૮ | ૧૬૩૩ | ૧૬૪૦૭ |
| | ખેડબ્રહ્મા | ૧૬૪૭ | ૧૮૯૪ | ૨૩૫ | ૩૫૨ | ૨૨૮ | ૧૦૦ | ૫૦૫ | ૬૫ | ૧૬ | ૫ | ૨૧ | ૧૭૩૯ | ૬૮૦૭ |
| | વિજયનગર | ૧૪૪૨ | ૧૩૭૬ | ૧૧૫ | ૧૧૮ | ૧૩૫ | ૨૦૮ | ૧૫૪ | ૨૬૪ | ૨૭ | ૪૧ | ૩૮ | ૧૯૧ | ૪૧૦૯ |
| | ભિલોડા | ૭૫૨ | ૧૦૬૮ | ૩૨૮ | ૩૭૫ | ૧૬૧ | ૬૦ | ૧૬૯ | ૧૪૪ | ૧ | ૧૫ | ૩૨ | ૨૦૪ | ૩૩૦૯ |
| | મોલપુર/ મેઘરજ | ૨૦૩૨ | ૧૭૮૯ | ૫૨૮ | ૨૭૯ | ૩૫૪ | ૩૧૪ | ૪૪૯ | ૩૯ | ૦ | ૫ | ૯ | ૩૧૩ | ૬૧૧૧ |
| | કુલ | ૧૯૦૨૪ | ૧૯૧૨૭ | ૨૮૬૦ | ૩૧૭૨ | ૨૧૬૩ | ૧૭૫૨ | ૨૬૨૭ | ૧૪૦૫ | ૧૦૬ | ૯૬ | ૪૯૪ | ૭૪૬૨ | ૬૦૨૮૮ |

## પત્રક-બ

| વર્ષ | તાલુકાનું નામ | સંદર્ભ સેવાપાત્ર બાળકો | સંદર્ભ સેવા આપેલ બાળકો | બાળરોગ નિષ્ણાત દ્વારા | આંખ રોગ નિષ્ણાત દ્વારા | દાંત રોગ નિષ્ણાત દ્વારા | ચામડીના રોગના નિષ્ણાત દ્વારા | કાન, નાક, ગળાના નિષ્ણાત દ્વારા | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૯-૧૦ | હિંમતનગર | ૬૮૨ | ૬૭૪ | ૪૨૭ | ૧૨૩ | ૭૭ | ૨૭ | ૨૦ | ૦ |
| | પ્રાંતિજ | ૧૯૧ | ૧૭૬ | ૧૯૧ | ૩૪ | ૦ | ૪ | ૩ | ૦ |
| | તલોદ | ૬૬૦ | ૬૪૫ | ૨૨૬ | ૨૪૨ | ૩૨ | ૫૩ | ૪૬ | ૪૬ |
| | મોડાસા/ ધનસુરા | ૬૫૭ | ૫૮૪ | ૧૯૫ | ૧૭૨ | ૯૪ | ૬૨ | ૬૧ | ૦ |
| | બાયડ | ૪૧૦ | ૪૧૦ | ૧૦૫ | ૨૫૬ | ૧૭ | ૧૦ | ૨૨ | ૩૦ |
| | ઇડર/ વડાલી | ૧૨૩૯ | ૧૧૯૬ | ૭૦૯ | ૧૯૨ | ૩૩ | ૬ | ૬ | ૧૨૨ |
| | ખેડબ્રહ્મા | ૪૩૭ | ૩૯૦ | ૩૨૬ | ૩૫ | ૭ | ૯ | ૧૩ | ૦ |
| | વિજયનગર | ૩૪૭ | ૩૨૦ | ૨૭૫ | ૧૭ | ૧૩ | ૭ | ૯ | ૦ |
| | ભિલોડા | ૭૯૫ | ૭૨૯ | ૨૪૫ | ૨૨૧ | ૧૫૩ | ૭૩ | ૩૭ | ૩૮ |
| | મોલપુર/ મેઘરજ | ૬૨૦ | ૫૮૩ | ૩૫૫ | ૭૩ | ૪૨ | ૬૩ | ૫૩ | ૦ |
| | કુલ | ૬૦૩૮ | ૫૭૦૭ | ૩૦૫૪ | ૧૩૬૫ | ૪૬૮ | ૩૧૪ | ૨૭૦ | ૨૩૬ |
| વર્ષ ૨૦૧૦-૧૧ તા. ૩૧-૩-૧૧ અંતિત | હિંમતનગર | ૭૦૬ | ૭૦૬ | ૪૧૧ | ૧૭૧ | ૫૭ | ૧૫ | ૩૪ | ૧૮ |
| | પ્રાંતિજ | ૬૭૯ | ૬૭૯ | ૩૫૦ | ૧૮૯ | ૮૧ | ૩૪ | ૨૫ | ૦ |
| | તલોદ | ૧૪૯ | ૧૪૯ | ૧૧૨ | ૨૮ | ૧ | ૩ | ૫ | ૦ |
| | મોડાસા/ ધનસુરા | ૪૨૪ | ૪૨૪ | ૩૦૪ | ૩૯ | ૨૫ | ૧૪ | ૩૬ | ૬ |
| | બાયડ | ૪૧૧ | ૪૧૧ | ૧૫૮ | ૧૩૨ | ૫૨ | ૨૬ | ૪૩ | ૦ |
| | ઇડર/ વડાલી | ૧૦૭૯ | ૧૦૭૯ | ૧૧૬ | ૫૩૨ | ૪૨ | ૨૪ | ૪૩ | ૩૨૨ |
| | ખેડબ્રહ્મા | ૫૫૧ | ૫૫૧ | ૩૮૧ | ૧૧૫ | ૧૧ | ૨૨ | ૨૨ | ૦ |
| | વિજયનગર | ૧૦૭૭ | ૧૦૭૭ | ૯૬૪ | ૧૭ | ૧૬ | ૧૭ | ૧૮ | ૪૫ |
| | ભિલોડા | ૨૫૩ | ૨૫૩ | ૯૪ | ૨૭ | ૧૫ | ૫૪ | ૫૩ | ૧૦ |
| | માલપુર/ મેઘરજ | ૨૬૦ | ૨૬૦ | ૨૧૧ | ૨૩ | ૧૦ | ૪ | ૮ | ૪ |
| | કુલ | ૫૫૮૯ | ૫૫૮૯ | ૩૧૦૧ | ૧૨૭૩ | ૩૧૦ | ૨૧૩ | ૨૮૭ | ૪૦૫ |

## વડોદરા અને ભરૂચ જિલ્લામાં ગોચર અને ખરાબો કે સરકારી જમીન હરાજી વગર આપવા બાબત

૨૩૪૨૦ **શ્રી ધીરુભાઈ ચુ. ભીલ (નસવાડી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૭-૧૧ની સ્થિતિએ વડોદરા અને ભરૂચ જિલ્લા છેલ્લા ત્રણ વર્ષમાં સરકારી ગોચર-ખરાબો કે પડતર જમીન હરાજી વગર કોને કોને શા ભાવે કેટલી જમીન આપવામાં આવી ?

**જવાબ**

વડોદરા અને ભરૂચ જિલ્લાની માહિતી જિલ્લાવાર પત્રકોમાં* સામેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## આતંકવાદી ઘટના રોકવા સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની રચના

૨૩૩૧૫ **શ્રી રાજસીભાઈ જોટવા(સોમનાથ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તાજેતરમાં આતંકવાદી ઘટનાઓ ન બને તે માટે તકેદારીના પગલાંરૂપે અદ્યતન તાલીમ શસ્ત્ર અને સાધન સામગ્રીથી સુસજ્જ એવા સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની જિલ્લા/શહેર વાર રચના કરવાનો નિર્ણય કરેલ છે તે હકીકત સાચી છે, અને

**જવાબ**

(૧) હા, જી.

| | |
|---|---|
| (૨) જો હા, તો તેની તાલીમ શસ્ત્ર અને વાહનોની શી વ્યવસ્થા ગોઠવવામાં આવનાર છે ? | (૨) રાજ્યમાં આતંક્વાદી ઘટનાઓ ન બને તે માટે તકેદારીના પગલાં રૂપે જિલ્લાવાર તેમજ ચાર મુખ્ય શહેરોમાં સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ (SOG)ની રચના કરવામાં આવેલ છે. આ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપને ખાસ પ્રકારની તાલીમ, વાહનો અને બુલેટપ્રુફ જેકેટ જેવા સરંજામ પુરા પાડવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ઉપરાંત,<br>(૧) આતંક્વાદી હુમલા સામે ત્વરીત પ્રભાવી પ્રતિરોધ માટે તાલીમબધ્ધ તથા શસ્ત્ર સજ્જ ક્વીક રીસ્પોન્સ ટીમ (Quick Response Team)ની રચના કરવામાં આવેલ છે. ક્વીક રીસ્પોન્સ ટીમોને એ.કે.૪૭ રાઇફલ, ઇન્સાસ રાઇફલ, ગ્લોક પીસ્તોલ, એલ.એમ.જી. (લાઇટ મશીનગન), બુલેટપ્રુફ જેકેટ, બુલેટપ્રુફ હેલ્મેટ, ખાસ પ્રકારના ગોગલ્સ, નાઇટ વિઝન ડીવાઇસ વગેરે તેમજ વાહનો પુરા પાડવામાં આવેલ છે.<br>(૨) આતંક્વાદી હુમલાના પ્રતિકાર માટે ચેતક ક્માન્ડો ફોર્સને આધુનિક સાધનો/સરંજામ/શસ્ત્રો અને વાહનોથી સજ્જ કરેલ છે.<br>(૩) આતંક્વાદી ઘટનાઓ સમયે એસ.ઓ.જી.ની પૂરક કામગીરી માટે રાજ્ય સરકારે બૉમ્બ ડીટેક્ટશન એન્ડ ડીસ્પોઝલ સ્ક્વોડને આધુનિક સાધન/સરંજામ/શસ્ત્રો અને વાહનોથી સજ્જ કરેલ છે. |

---------

**અમદાવાદ ખાતે સરખેજ ગાંધીનગર હાઇવે પરની ગોદરેજ સ્કીમની જમીન બાબત**

૨૩૧૩૫ **શ્રી રામસિંહ પ્ર. પરમાર (ઠાસરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ સરખેજ ગાંધીનગર હાઇવે ઉપર મોજે જગતપુર ખાતે ગોદરેજ સીટી સ્કીમની જમીન જુની શરતમાંથી નવી શરતમાં ક્યારે ફેરવવામાં આવી, અને | (૧) જુની શરતમાંથી નવી શરતમાં ફેરવવાની કાર્યવાહી કરવાની હોતી નથી. |
| (૨) આ રજુઆત અંતર્ગત જુની શરતમાંથી નવી શરતમાં તબદિલ કરવા પ્રિમિયમ ભરવા ક્યારે મંજુરી આપવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ગાંધીનગર જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત**

૨૩૩૧૧ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૦-૧૧માં ૩૧ માર્ચ અંતિત ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલા તળાવો ઉંડા કરવાના કામો હાથ ધરવામાં આવ્યા, અને | (૧) ૧૯ |
| (૨) આ તળાવોના કામો પાછળ તા. ૩૧-૮-૨૦૧૧ સુધીમાં કેટલો ખર્ચ થયો? | (૨) રૂા. ૨,૧૮,૭૯,૦૮૧.૦૦ |

---------

**ધોળકા અને સાણંદ તાલુકામાં ફતેવાડી નહેર સુધારણાનું આયોજન**

૨૩૩૧૦ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ ધોળકા અને | (૧) હા જી |

સાણંદ તાલુકામાં ફતેવાડી નહેર સુધારણા માટે આયોજન કરવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તેનાથી પ્રજાને શો લાભ થશે?

(૨) ફતેવાડી કમાન્ડ વિસ્તારના ધોળકા તાલુકામાં અને સાણંદ તાલુકાના વિસ્તારમાં હયાત સિંચાઈ સુવિધા સુદ્દઢ થશે.

---------

**૯૪/page> તત્કાલ વિજ જોડાણ યોજના અન્વયે સુરત જિલ્લામાં તાલુકાવાર વિજ જોડાણ**

૨૩૪૯૭ **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તત્કાલ વિજ જોડાણ અન્વયે તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોએ કૃષિ તત્કાલ વિજ જોડાણ માટે અરજીઓ કરી, અને

(૨) તે અન્વયે તાલુકાવાર કેટલાને કૃષિ વિજ જોડાણ તત્કાલ આપી વિજ પુરવઠો આપવામાં આવ્યો?

**જવાબ**

(૧) અને (૨)

તત્કાલ વિજ જોડાણ યોજનાની જાહેરાત તારીખ ૧૫-૧-૨૦૧૧ના રોજ કરવામાં આવી હતી, અને તે યોજના અંતર્ગત અરજદારે એક માસમાં અરજીની નોંધણી કરવાની હતી. તે સમયગાળામાં આદીજાતિ વિસ્તારોની રજૂઆતોને લક્ષ્યમાં લઈને આદિજાતિ વિસ્તાર માટે અરજી સ્વીકારવાની તારીખ ૨૮-૨-૨૦૧૧ સુધી લંબાવવામાં આવી હતી. આ રીતે તા. ૩૧-૭-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં તત્કાલ વિજ જોડાણ યોજના હેઠળ કૃષિ વિજ જોડાણ મેળવવા મળેલ અરજીઓની તાલુકાવાર વિગતો નીચે મુજબ છેઃ

| તાલુકાનું નામ | તા. ૩૧-૭-૧૧ની સ્થિતિએ મળેલ અરજીઓ |
|---|---|
| ચોર્યાસી | ૪૬ |
| ઓલપાડ | ૪૦ |
| પલસાણા | ૫૭ |
| કામરેજ | ૧૫૭ |
| બારડોલી | ૪૮ |
| મહુવા | ૫૦ |
| માંડવી | ૭૪ |
| માંગરોળ | ૬૫ |
| ઉમરપાડા | ૧૧ |

સદર યોજના અંતર્ગત અરજદારે મૂળ અરજી જે તે વર્ષમાં નોંધાવેલ હોય તે મુજબ તેમનો અગ્રતાક્રમ નક્કી કરી, અંદાજપત્ર આપવા માટેની કાર્યવાહી કરવાની થતી હોય, તે મુજબ નવો અગ્રતાક્રમ આપી અંદાજપત્ર પાઠવવામાં આવેલ.

ઉપરોક્ત કાર્યવાહી પૂર્ણ થયા બાદ ૫૪૮ અરજદારોને અંદાજપત્ર પાઠવવામાં આવેલ. જેની નાણાં ભરપાઈ કરવાની મુદત એક માસની હતી, તે મુજબ ૧૨૩ અરજદારોએ અંદાજપત્રના નાણાં ભરેલ, જે પૈકી મહુવા તાલુકાના એક અરજદારને વીજ જોડાણ આપી દેવામાં આવેલ છે અને બાકીના ૧૨૨ અરજદારોને વીજ જોડાણ આપવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. સુરત જિલ્લામાં વરસાદનું પ્રમાણ વધુ હોવાથી આ કામગીરીમાં રૂકાવટ અનુભવાય છે. વરસાદનું પ્રમાણ ઘટતાં જ આ કામગીરી સત્વરે પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**તાપી જિલ્લામાં ઉદ્યોગોને ફાળવેલ જમીન**

૨૩૦૯૯ **શ્રી પુનાભાઈ ઢે. ગામીત(વ્યારા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાપી જિલ્લામાં ક્યા ક્યા ઉદ્યોગોને કેટલી જમીન શા ભાવે ક્યા હેતું માટે ફાળવવામાં આવી?

**જવાબ**

છેલ્લા ત્રણ વર્ષમાં કોઈ ઉદ્યોગને જમીન ફાળવવામાં આવી નથી.

---------

**રાજકોટ જિલ્લામાં પ્રવાસન, દેવસ્થાન અને યાત્રાધામ વિકાસ પાછળ થયેલ ખર્ચ**

૨૩૨૩૬ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં વર્ષવાર પ્રવાસન, દેવસ્થાન અને યાત્રાધામ વિકાસ માટે કુલ કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૧) તા.૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં વર્ષવાર પ્રવાસનના વિકાસ માટે નીચે મુજબની રકમ ફાળવવામાં આવી.<br>(૧) ઓસમડુંગર (પાટણવાવ) તા. ધોરાજી માટે રૂપિયા ૨૦૦.૦૦ લાખ<br>(૨) બુધ્ધિસ્ટ સાઈટ ખંભાલીડા (ગોંડલ) ખાતે રૂપિયા ૪૧૩.૦૦ લાખ<br>(૩) વીરપુર ખાતે રસ્તાની સુવિધા માટે રૂપિયા ૫૩.૧૩ લાખ<br>(૪) મહાત્મા ગાંધી વિદ્યાલય, રાજકોટ માટે રીપોર્ટની કામગીરી માટે રૂપિયા ૦.૯૫ લાખ |
| (૨) ફાળવેલ ગ્રાન્ટ પેકી કેટલો ખર્ચ ક્યા કામ માટે કરવામાં આવ્યો? | (૨) ફાળવેલ ગ્રાન્ટ પેકી નીચે મુજબનો ખર્ચ કરવામાં આવેલ છે.<br>(૧) વીરપુર ખાતે રસ્તાની સુવિધા માટે બે રેસ્ટરૂમ, ચાર દુકાન, ડાઈનીંગ હોલ, કીચન, સ્ટોર, ટોયલેટ બ્લોક, લેન્ડ સ્કેપીંગ બેસવા માટે બાંકડાની વ્યવસ્થા તથા પાર્કીંગ વ્યવસ્થા માટે રૂપિયા ૫૩.૧૩ લાખનો ખર્ચ થયેલ છે.<br>(૨) મહાત્મા ગાંધી વિદ્યાલય રાજકોટ માટે રીપોર્ટની કામગીરી માટે રૂપિયા ૦.૯૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

---------

**ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકાઓમાં ખેતી વિષયના વીજ જોડાણો**

૨૩૪૬૧ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ ખેતી માટેના વીજ જોડાણ કેટલા આપવાના બાકી છે, અને | (૧) તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ ખેતી માટેના, ધંધુકા તાલુકામાં ૧૯૧, બરવાળા તાલુકામાં ૧૨૭૯ અને રાણપુર તાલુકામાં ૨૭૧૦ વીજ જોડાણ આપવાના બાકી છે. |
| (૨) તે કેટલા સમયમાં આપી દેવામાં આવશે ? | (૨) ખેતી વિષયક વીજ જોડાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. પ્રતિ વર્ષ વીજ ઉત્પાદન અને વીજ માંગ વચ્ચે સંકલન જાળવીને ઉપલબ્ધ માળખાગત સુવિધા, નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ઉપરાંત યોજનાવાર નાણાકીય આયોજનને ધ્યાને લઈને તબક્કાવાર વીજ જોડાણ આપવાનું આયોજન કરવામાં આવતું હોય છે. તદ્અનુસાર છેલ્લા ત્રણ વર્ષમાં બરવાળામાં ૨૩૭, ધંધુકામાં ૭૩ અને રાણપુરમાં ૫૬૪ ખેતી માટેના વીજ જોડાણ આપવામાં આવ્યા છે. પ્રતિ વર્ષ શક્ય એટલા વધુ ખેતી વિષયક વીજ જોડાણ આપવા પ્રયાસો હાથ ધરવામાં આવે છે. |

---------

**રાજ્યમાં બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન ઉજવણી દ્વારા થયેલ કામગીરી**

૨૩૨૨૯ **શ્રી કરશનભાઈ ઓડેદરા (કુતિયાણા) : માનનીય બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા તા.૩૧-૮-૧૧ સુધીમાં છેલ્લા એક વર્ષમાં ઉજવણીના ભાગ રૂપે કઈ કઈ કામગીરી હાથ ધરવામાં આવી છે ?

**જવાબ**

નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવેલ :-

(૧) એન.આર.જી. મહાસંમેલન

સ્વર્ણિમ જ્યંતિ સમાપન સમારોહના ભાગરૂપે તા.૩૦-૪-૧૧ ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે એન.આર.જી. મહાસંમેલનનું આયોજન કરવામાં આવેલ. જેમાં દેશ-વિદેશમાંથી એનઆરજી/ એનઆરઆઈ ઉપસ્થિત રહેલ.

(૨) સ્વર્ણિમ ઉજવણી નિમિત્તે મહાત્મા મંદિર ખાતે ભવ્ય પ્રદર્શન.

સ્વર્ણિમ જ્યંતિ ઉજવણી સમાપન પ્રસંગે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ ભવ્ય પ્રદર્શનમાં, સ્વર્ણિમ જ્યંતિ વર્ષ દરમ્યાન અન્ય રાજ્યોમાં તેમજ વિદેશોમાં ગુજરાતી સમાજો-બિન નિવાસી ગુજરાતીઓ દ્વારા સ્વર્ણિમ જ્યંતી ઉજવણીના ઉપલક્ષ્યમાં યોજવામાં આવેલ વિવિધ કાર્યક્રમોના ફોટોગ્રાફ્સ એકત્રિત કરી સમગ્ર કાર્યક્રમોની એક ઝલક દર્શાવતું પ્રદર્શન યોજવામાં આવેલ.

**જૂનાગઢ જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ મંજૂર કામો**

૨૩૩૦૩ **શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાસ અંગભૂત યોજના હેઠળ જૂનાગઢ જિલ્લામાં કેટલી રકમના, કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) આ કામો ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) રૂ.૬૬૭૭.૧૫ લાખના,
૯૨ કામો મંજૂર.

(૨) ૮ કામો પૂર્ણ થયેલ છે, ૨૮ કામો પ્રગતિ હેઠળ, ૧૨ કામો ટેન્ડર પ્રક્રિયામાં અને ૪૪ કામો નકશા અંદાજ તબક્કે.

---------

**જામનગર જિલ્લામાં કિસાનપથ યોજના હેઠળ મંજૂર કામો**

૨૩૩૦૬ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિસાનપથ યોજના હેઠળ જામનગર જિલ્લામાં કેટલી રકમના કેટલા કામોને મંજૂરી આપવામાં આવી, અને

(૨) આ કામો ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) રૂ.૩૦૭૫ લાખના ૩૮ કામો મંજૂર કરવામાં આવ્યા.

(૨) ૨૨ કામો પૂર્ણ થયેલ છે, ૬ કામો પ્રગતિ હેઠળ તથા ૧૦ કામો નકશા અંદાજ તબક્કે.

**સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રજા અને પોલીસ વચ્ચે યોજવામાં આવેલ લોકદરબાર**

૨૩૩૧૮ **શ્રી ભરતભાઈ વ. ખોરાણી(ચોટીલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસનું વાતાવરણ ઉભું કરવા માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે સરકારે સૂચના આપી હોવાની હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૧-૧-૨૦૧૧ થી તા.૩૧-૮-૨૦૧૧ સુધીમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા લોકદરબાર યોજવામાં આવ્યા, અને<br>(૩) તેની વિગતો શી છે ? | (૨) અને (૩) : તા.૧-૧-૨૦૧૧ થી તા.૩૧-૮-૨૦૧૧ દરમિયાન કુલ ૭૫ લોક દરબાર યોજવામાં આવેલ જેમાં ૭૪ પ્રશ્નો આવેલ તે તમામ પ્રશ્નોનો નિકાલ કરવામાં આવેલ છે.<br>લોક દરબારમાં કરવામાં આવતી રજૂઆતોની વિગતોમાં પોલીસ ખાતાને લગતી રજૂઆતોનો નિકાલ કરવામાં આવે છે. જ્યારે અન્ય વિભાગોને લગતી રજૂઆતો બાબતે જે તે વિભાગને મોકલી આપવામાં આવે છે. ઉપરાંત સંબંધિત વિભાગને લેખિત રજૂઆત કરવા અરજદારને સમજ પણ આપવામાં આવે છે. |

---------

**મહેસાણા જિલ્લામાં ૫૦૦ થી ઓછી વસ્તીવાળા ગામોને પાકા રસ્તાથી જોડવા બાબત**

૨૩૨૯૮ **શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૧-૧-૨૦૧૧ થી તા.૩૧-૮-૨૦૧૧ સુધીમાં મહેસાણા જિલ્લામાં ૨૫૦ થી ૪૯૯ સુધીના વસ્તી ધરાવતા ગામ/પરાને ડામરના પાકા રસ્તાથી જોડવા માટે કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) ૩૮ કામો મંજૂર કરવામાં આવ્યા. |
| (૨) આ કામો તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |

---------

**ખેડા જિલ્લામાં બાલાસિનોર વિરપુર તાલુકાની કેનાલ ઉપર ગેટ મંજૂર કરવાની કામગીરી**

૨૩૫૨૩ **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૭-૧૧ની સ્થિતિએ ખેડા જિલ્લાના બાલાસિનોર-વિરપુર તાલુકામાં સુજલામ સુફલામ કેનાલ ઉપર નવા ગેટ ક્યારે મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) જુલાઈ-૨૦૧૧ |
| (૨) આ ગેટની કામગીરી ક્યારે પુર્ણ કરવામાં આવશે ? | (૨) ડીસેમ્બર-૨૦૧૨ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે. |

---------

**અમદાવાદ જિલ્લામાં મંજૂર થયેલ આંગણવાડી કાર્યકરની જગ્યા**

૨૩૨૭૩ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોની જગ્યા કેટલી છે,

**જવાબ**

(૧) આંગણવાડી કાર્યકરની જગ્યા-૧૬૦૦ છે.
આંગણવાડી તેડાગરની જગ્યા-૧૫૯૬ છે.

| અ.નં. | તાલુકાનું નામ | મંજૂર આં.વા. કાર્યકરની જગ્યા | મંજૂર આં.વા. તેડાગરની જગ્યા |
|---|---|---|---|
| ૧ | સીટી ગ્રામ્ય | ૯૬ | ૯૬ |
| ૨ | દસ્ક્રોઈ | ૧૮૯ | ૧૮૯ |
| ૩ | ધોળકા | ૨૭૨ | ૨૭૨ |
| ૪ | ધંધુકા | ૧૫૯ | ૧૫૯ |
| ૫ | બરવાળા | ૬૦ | ૬૦ |
| ૬ | રાણપુર | ૬૯ | ૬૯ |
| ૭ | બાવળા | ૧૬૨ | ૧૫૯ |

| | | | |
|---|---|---|---|
| ૮ | સાણંદ | ૧૯૩ | ૧૯૨ |
| ૯ | વિરમગામ | ૧૮૫ | ૧૮૫ |
| ૧૦ | દેત્રોજ | ૧૧૭ | ૧૧૭ |
| ૧૧ | માંડલ | ૯૮ | ૯૮ |
| | કુલ | ૧૬૦૦ | ૧૫૯૬ |

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે,

(૨) આંગણવાડી કાર્યકરની ભરેલી જગ્યા-૧૫૬૯ છે.
આંગણવાડી તેડાગરની ભરેલી જગ્યા-૧૫૪૧ છે.

(૩) કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આંગણવાડી કાર્યકરની ખાલી જગ્યા-૩૧ છે.
આંગણવાડી તેડાગરની ખાલી જગ્યા-૫૫ છે.

(૪) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારનું શું આયોજન છે ?

(૪) સરકારશ્રીના ઠરાવો અને નિયમો અનુસાર કાર્યવાહી કરી જગ્યાઓ ભરવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

---------

**લોકાયુક્ત કચેરીના સ્ટાફનો નિભાવખર્ચ**

૨૩૫૨૧ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૭-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં લોકાયુક્તની કચેરી પાછળ પગાર અને ભથ્થાં વાહન ખર્ચ તેમજ અન્ય ખર્ચ પેટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

રૂા.૩૩,૫૩,૯૩૮/-

---------

**""ગાંધીનગર, પાટણ અને સાબરકાંઠા જિલ્લાઓમાં પશુઓને કતલખાને લઈ જતા વાહનોની જપ્તી""**

૨૩૦૯૦ **શ્રી સુરેશકુમાર ચ. પટેલ(કલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૧-૧-૧૧ થી તા.૨૫-૮-૧૧ સુધીમાં ગાંધીનગર શહેર અને જિલ્લા, પાટણ અને સાબરકાંઠા જિલ્લામાંથી ગેરકાયદેસર પ્રાણીઓની કતલ માટે લઈ જતા કેટલા વાહનો જપ્ત કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૧-૧-૧૧ થી તા.૨૫-૮-૧૧ સુધીમાં ગાંધીનગર શહેર અને જિલ્લા, પાટણ અને સાબરકાંઠા જિલ્લામાંથી ગેરકાયદેસર પ્રાણીઓની કતલ માટે લઈ જતા નિચે મુજબના વાહનો જપ્ત કરવામાં આવ્યા.

| જિલ્લો | જપ્ત વાહનની સંખ્યા |
|---|---|
| ગાંધીનગર શહેર | ૧ |
| ગાંધીનગર જિલ્લો | ૧ |
| પાટણ | ૮ |
| સાબરકાંઠા | ૬૨ |
| **જપ્ત કરેલ કુલ વાહન** | **૭૨** |

(૨) આ વાહનોમાં કેટલા પ્રાણીઓ હતા, અને

(૨) આ વાહનોમાં નીચે મુજબના પ્રાણીઓ હતા.

| જિલ્લો | પ્રાણીની સંખ્યા |
|---|---|
| ગાંધીનગર શહેર | ૫ |
| ગાંધીનગર જિલ્લો | ૧ |
| પાટણ | ૧૧૧ |
| સાબરકાંઠા | ૧૫૦૯ |
| **કુલ પ્રાણીઓ** | **૧૬૨૬** |

(૩) પકડવામાં આવેલ ઈસમો સામે કઈ કઈ કલમો લગાવી ગુન્હા ક્યારે દાખલ કરવામાં આવ્યા ?

(૩) પત્રક* અ મુજબ

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**માહિતી ખાતા દ્વારા ખાનગી જૂથની પ્રેસનોટ પ્રસિદ્ધ કરવા બાબત**

૨૩૧૮૯ **શ્રી ઈકબાલભાઈ પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મે-જૂન-૨૦૧૧ માસ દરમ્યાન અદાણી જૂથ દ્વારા એમ્બોટ પોઈન્ટ કોલ ટર્મીનલ સંપાદિત કરવા અંગેની મુન્દ્રા બંદર સેઝની પ્રેસનોટ અદાણી જૂથના લેટર હેડ ઉપર ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા અખબારોમાં પ્રસિદ્ધ કરવામાં આવી હતી, તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તેના કારણો શાં છે, અને આવી રીતે ખાનગી ઉદ્યોગપતિઓની પ્રેસનોટ ઈશ્યુ કરનાર જવાબદારો સામે સરકારે તા.૩૧-૭-૨૦૧૧ સુધીમાં ક્યા પ્રકારના પગલાઓ લીધા ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) માહિતી ખાતા દ્વારા અદાણી જૂથના લેટરહેડ ઉપર કોઈ અખબારી યાદી પ્રસિદ્ધ કરવામાં આવી નથી. અદાણી જૂથના લોગોવાળો ઈ-મેઈલ ભૂજ કચેરીને મળતાં શરતચૂકથી ફોરવર્ડ કરવામાં આવ્યો હતો. જે ક્ષતિની જાણ થતાં તુર્તજ તે ઈ-મેઈલ રદ ગણવા સંબંધિતોને માહિતી ખાતા દ્વારા ઈ-મેઈલ કરીને જાણ કરવામાં આવી હતી.

આવી શરતચૂકથી ઈ-મેઈલ ફોરવર્ડ કરનાર ભૂજ માહિતી કચેરીના સંબંધિત અધિકારી/કર્મચારીઓનો ખુલાસો મેળવી ભવિષ્યમાં આવું ન થાય તેની તાકીદ કરવામાં આવી છે.

---------

**બગોદરા-વાસદ માર્ગને છ માર્ગીય બનાવવા બાબત**

૨૩૨૯૦ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ અને વડોદરા જિલ્લાને જોડતા બગોદરા-વટામણ, તારાપુર, વાસદ માર્ગને ૬ માર્ગીય પહોળો કરવાની મંજૂરી ક્યારે આપવામાં આવી,

(૨) આ કામ માટે કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૩) તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ આ રસ્તાની કામગીરી ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : ખાનગી રોકાણકાર સાથે તા.૨૧-૨-૨૦૧૧ ના રોજ કરારખત કરવામાં આવેલ છે. બીઓટી ધોરણે બાંધકામની કામગીરી તા.૧૮-૧૧-૨૦૧૧ સુધીમાં શરૂ કરવામાં આવનાર છે.

---------

**મહેસાણા જિલ્લામાં પ્રજા અને પોલીસ વચ્ચે યોજવામાં આવેલ લોકદરબાર**

૨૩૩૧૯ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસનું વાતાવરણ ઉભું કરવા માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે સરકારે સૂચના આપી હોવાની હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા.૧-૧-૨૦૧૧ થી તા.૩૧-૮-૨૦૧૧ સુધીમાં મહેસાણા જિલ્લામાં કેટલા લોકદરબાર યોજવામાં આવ્યાં, અને

(૩) તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) : તા.૧-૧-૨૦૧૧ થી તા.૩૧-૮-૨૦૧૧ દરમિયાન કુલ ૧૧૦ લોકદરબાર યોજવામાં આવેલ જેમાં ૧૨૪ પ્રશ્નો આવેલ તે તમામ પ્રશ્નોનો નિકાલ કરવામાં આવેલ છે.

લોકદરબારમાં કરવામાં આવતી રજૂઆતોની વિગતોમાં પોલીસ ખાતાને લગતી રજૂઆતોનો નિકાલ કરવામાં આવે છે. જ્યારે અન્ય વિભાગોને લગતી રજૂઆતો બાબતે જે તે વિભાગને મોકલી આપવામાં આવે છે. ઉપરાંત સંબંધિત વિભાગને લેખિત રજૂઆત કરવા અરજદારને સમજ પણ આપવામાં આવે છે.

---------

**કચ્છ, જામનગર અને જુનાગઢ જિલ્લામાં હરાજી વગર આપેલ જમીન**

૨૩૪૯૧ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ, જામનગર અને જુનાગઢ જિલ્લામાં સરકારી, પડતર, ગોચર અને ખરાબાની જમીન હરાજી કર્યા વગર કેટલી જમીન કોને-કોને શા ભાવે ક્યારે આપવામાં આવી ? (*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.) | *પત્રક - અ મુજબ. |

---------

**વિરમગામ ખાતે તાલુકા સેવા સદનની કામગીરી**

૨૩૨૯૭ **શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦-૬-૨૦૧૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના વિરમગામ ખાતે તાલુકા સેવા સદનની કામગીરી ક્યા તબક્કે છે, અને | (૧) તા.૩૦-૬-૨૦૧૧ની સ્થિતિએ પ્લીન્થ બીમ લેવલે કામ પ્રગતિમાં છે. |
| (૨) આ કામ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૨) આ કામ જાન્યુઆરી-૨૦૧૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**લોકાયુક્ત કચેરીને મળેલ ફરિયાદો**

૨૩૪૮૬ **શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૭-૧૧ની સ્થિતિએ લોકાયુક્ત કચેરીને છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કુલ કેટલી ગેરરીતિઓની તપાસ બાબતે ફરિયાદો મળી, અને | (૧) ૦૧ (એક) |
| (૨) મળેલ ફરિયાદો અન્વયે વર્ષવાર કેટલી ફરિયાદોની તપાસ કરી, અને આ તપાસ લોકાયુક્તના ક્યા જવાબદાર અધિકારી મારફતે કરવામાં આવી ? | (૨) શૂન્ય, ગુજરાત લોકાયુક્ત અધિનિયમ, ૧૯૮૬ ની જોગવાઈઓ મુજબ આવી જવાબદારી કોઈને સોંપી શકાતી નથી. |

---------

**છોટાઉદેપુર નગરપાલિકાના વિકાસપથ બાબત**

૨૩૨૮૭ **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં છોટાઉદેપુર નગરપાલિકા માંથી પસાર થતા રાજ્ય ધોરીમાર્ગને વિકાસપથ યોજના હેઠળ ચારમાર્ગીય કરવાની કામગીરી કેટલી રકમથી, ક્યારે મંજૂર કરવામાં આવી, | (૧) રૂ.૬૫૦/- લાખની રકમથી તા.૯-૯-૧૦ ના રોજ મંજૂર કરવામાં આવી. |
| (૨) તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે, અને | (૨) કામ પ્રગતિ હેઠળ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) રૂ.૨૨૦.૬૫ લાખ. |

**રાજ્યમાં મ્યુનિસિપલ કોર્પોરેશનો દ્વારા ઝોન ફેરવવાની દરખાસ્ત**

૨૩૦૭૦ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૭-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની મ્યુનિસિપલ કોર્પોરેશનો અને શહેરી વિકાસ | (૧) ૧૨ |

સત્તામંડળ દ્વારા ઝોન ફેરવવા માટેની કેટલી રજૂઆતો સરકારને મળી, અને

(૨) મળેલ રજૂઆતો અન્વયે કેટલી દરખાસ્તો/ રજૂઆતોને મંજૂરી આપવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી ?

(૨) મંજૂર-૨, નામંજૂર-શૂન્ય.

---------

**જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં અરીઠીયા-ભોમેશ્વર, એભલવડ રસ્તાઓ મંજૂર કરવા બાબત**

૨૩૧૧૧ **શ્રી ધીરસિંહ ક.બારડ (કોડીનાર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૭-૧૧ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં અરીઠીયા-ભોમેશ્વર-એભલવડ રસ્તાઓ ક્યારે મંજૂર કરવામાં આવ્યા, | (૧) આ રસ્તો તા.૨૯-૧-૨૦૦૯ના રોજ મંજૂર કરવામાં આવ્યો. |
| (૨) આ રસ્તાના કામો માટે કેટલી રકમ ફાળવવામાં આવી છે, અને | (૨) રૂ.૧૦૧ લાખ અંદાજવામાં આવેલ છે. |
| (૩) હાલ આ કાર્યવાહી ક્યા તબક્કે છે ? | (૩) કામ પ્રગતિમાં છે. |

---------

**એબીજી સીમેન્ટ કંપનીને ફાળવેલ જમીનના ભાવોમાં વિસંગતતા બાબત**

૨૩૫૧૩ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં અબડાસા તાલુકાનાં અકરી મોટી અને ધુમડી ગામે A.B.G. સીમેન્ટ કંપનીને ફાળવેલી જમીનોનાં ભાવ પ્રતિમીટર ૧૧ રૂ. અને ૭૫ રૂ. ના ભાવોની વિસંગતતાનાં કારણો શાં છે, અને | (૧) રૂ.૧૧/- ના ભાવે જમીન તા.૨૭-૧૦-૦૭ ના ઠરાવથી ફાળવેલ છે, જ્યારે ૭૫ રૂ.૨૦૧૧ ની જંત્રીના દર હોવાથી તફાવત આવે છે. |
| (૨) ઓદ્યોગિક હેતુ માટેનાં પ્રવર્તમાન જંત્રી દરોના પ્રમાણે ૭૫ રૂ. પ્રતિ મીટર સામે ૧૧ રૂ. ના દર નક્કી કરવાની ભલામણ અને રાજ્ય કક્ષાએથી આ બાબતે ચકાસણી કરનાર સમિતિનાં સભ્યોની વિગતો શી છે ? | (૨) રૂ.૭૫/- સામે રૂ.૧૧/- ની ભલામણ થયેલ નથી. પરંતુ જિલ્લા મૂલ્યાંકન સમિતિ દ્વારા મૂલ્યાંકન કરેલ રૂ.૬/- ની સામે રાજ્ય કક્ષાની મૂલ્યાંકન સમિતિ દ્વારા રૂ.૧૧/- પ્રતિ ચો.મી. નક્કી કરેલ છે.<br>રાજ્ય મૂલ્યાંકન સમિતિના સભ્યોની વિગતો નીચે મુજબ છે.<br>અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ,<br>અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિભાગ,<br>અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ વિભાગ,<br>સચિવશ્રી (જમીન સુધારણા) મહેસૂલ વિભાગ. |

---------

**ખેડા જિલ્લા પોલીસદળનાં અધિકારી/કર્મચારીઓના આરોગ્યની તપાસણી**

૨૩૩૨૧ **શ્રી કનુભાઈ ડાભી (કઠલાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ દળનાં અધિકારી/કર્મચારીઓના આરોગ્યની ચકાસણી માટે સરકાર દ્વારા મફત મેડીકલ ચેકઅપની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૮-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન જિલ્લા પોલીસ વડા ખેડા હેઠળ ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓનાં આરોગ્યની ચકાસણી કરવામાં આવેલ છે ? | (૨) ૧૨૭૫ |

---------

**ગાંધીનગર જિલ્લામાં પોતાના અને ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડીઓ**

૨૩૨૮૦ **શ્રી કલ્યાણસિંહ ચૌહાણ(દહેગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૦-૬-૨૦૧૧ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં મંજૂર થયેલ તાલુકાવાર આંગણવાડીઓ કેટલી છે,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર થયેલ આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૩૪૨ |
| ૨ | દહેગામ | ૨૪૫ |
| ૩ | કલોલ | ૩૦૧ |
| ૪ | માણસા | ૧૭૩ |
| | **કુલ :** | **૧૦૬૧** |

(૨) તે પૈકી કેટલી આંગણવાડીઓ પોતાના મકાનમાં બેસે છે, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | પોતાના મકાનમાં બેસતી આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૨૬૮ |
| ૨ | દહેગામ | ૧૯૫ |
| ૩ | કલોલ | ૧૫૭ |
| ૪ | માણસા | ૧૨૦ |
| | **કુલ :** | **૭૪૦** |

(૩) કેટલી આંગણવાડીઓ ભાડાના મકાનમાં બેસે છે ?

(૩)

| ક્રમ | તાલુકાનું નામ | ભાડાના મકાનમાં બેસતી આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૫૧ |
| ૨ | દહેગામ | ૫૦ |
| ૩ | કલોલ | ૧૪૪ |
| ૪ | માણસા | ૫૩ |
| | **કુલ :** | **૨૯૮** |

---------

## જસદણ બાયપાસની કામગીરી બાબત

૨૩૨૯૧ **ડૉ. ભરતભાઈ બોઘરા(જસદણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજકોટ જિલ્લાના જસદણ શહેરમાંથી પસાર થતા જસદણ-ગોકલાણા રોડના જસદણ બાયપાસ સુધીના મંજૂર થયેલ રસ્તાને ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૧) કરારનામાં મુજબ આ કામગીરી તા.૧૫-૧૧-૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૨) તા.૩૦-૬-૨૦૧૧ની સ્થિતિએ આ કામ પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

(૨) રૂ.૫૨,૫૫,૫૮૯.૦૦

## રાજ્યમાં મામલતદારની મંજૂર થયેલ જ્યાઓ

૨૩૫૫૧ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૮-૨૦૧૧ની રાજ્યમાં કેટલા મામલતદારની જ્યાઓ મંજૂર થયેલ છે,

(૧) ૫૦૩

(૨) મંજૂર જ્યાઓ પૈકી અનુસૂચિત જનજાતિના ફાળે આવતી કેટલી જ્યાઓ છે,

(૨) ૭૫

(૩) તે પૈકી કેટલી ભરાયેલ છે અને કેટલી ખાલી

(૩) ૩૨ ભરાયેલ અને ૪૩ ખાલી છે.

છે, અને

(૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૪) બઢતીથી અને સીધી ભરતીથી ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

---------

**સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં પીવાના પાણી માટે સર્વે**

૨૩૫૦૬ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં પીવાના પાણી માટેની એસ.કે. ૪-૧ અને એસ.કે. ૪-૨ યોજના માટેનું સર્વે ક્યારે કરવામાં આવ્યું હતું,

(૨) આ યોજનાની મંજૂરી ક્યારે આપવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ યોજના દ્વારા કેટલા ગામોને પીવાનું પાણી આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૪-૦૫ માં.

(૨) તા.૫-૩-૨૦૧૧ થી.

(૩) એસ.કે.-૪, (ભાગ-૧) ના ટેન્ડરો મંજૂરીની પ્રક્રિયામાં છે. યોજના કામ શરૂ થવાથી અંદાજીત ૨૪ માસમાં આપવામાં આવશે.

એસ.કે.-૪, (ભાગ-૨) ના ટેન્ડરો માંગવામાં આવી રહેલ છે. યોજના કામ શરૂ થવાથી અંદાજીત ૩૩ માસમાં આપવામાં આવશે.

---------

**દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ઘોડદેવ મંદિરનો વિકાસ**

૨૩૧૮૬ **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના પાટાડુંગરી જળાશયના ડુંગર પર ઘોડદેવના મંદિરનો વિકાસ કરી પ્રવાસધામ બનાવવા સરકારે ક્યા પ્રકારની કામગીરી હાથ ધરી?

**જવાબ**

તા. ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના પાટાડુંગરી જળાશયના ડુંગર ઉપર ઘોડદેવના મંદિરનો વિકાસ કરી યાત્રાધામ બનાવવા કોઈ નિર્ણય કરવામાં આવેલ નથી.

---------

**ખેડા જિલ્લામાં પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા સુવિધા**

૨૩૨૩૯ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ક્યા ક્યા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં નીચે મુજબના સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવેલ છે.
(અ) કલેકટરશ્રી ખેડા દ્વારા જિલ્લામાં આવેલ ગળતેશ્વર મહાદેવ મંદિર (સરનાલ), તાલુકો ઠાસરાને પસંદ કરવામાં આવેલ છે, તેમજ પ્રથમ પરિયેજ, ફાગવેલ અને ઉત્કંઠેશ્વરને પસંદ કરવામાં આવેલ છે.
(બ) ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ દ્વારા પુજ્ય ગાંધીજીએ સાબરમતી આશ્રમથી દાંડી સુધી કરેલ દાંડી યાત્રામાં જે જે જગ્યાએ રાત્રી રોકાણ કરેલ હતું, તે પૈકી ખેડા જિલ્લામાં આવેલ ત્રણ સ્થળો તેમજ નીચે મુજબના સ્થળોનો પ્રવાસન વિકાસ કાર્યક્રમ અંતર્ગત સમાવેશ કરવામાં આવેલ છે.

(૧) નવાગામ
(૨) માતર
(૩) નડીયાદ

(૪) ડાકોર
(૫) રેયોલી ખાતે ફોસીલ પાર્ક (બાલાસિનોર)

(૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે કઈ કઈ સુવિધા પુરી પાડવાની સરકારની યોજના છે?

(૨) પસંદ કરાયેલા સ્થળને વિકસાવવા માટે નીચે મુજબની સુવિધા પુરી પાડવાની યોજના છે.

(અ) ગળતેશ્વર મહાદેવ મંદિર (સરનાલ), તા. ઠાસરા
(૧)રીવરફ્રન્ટ (૨) રબરબેરીકેટીંગ રસ્તા સાથે માટી પુરાણ (૩) મુખ્ય રસ્તાથી મંદિર સુધીનો સીસી રોડ (૪) બાકી રહેલ ઘાટનું કામ (૫) હયાત ઘાટ ઉપર પગથીયાનું કામ (૬) પુલ થી ઘાટ સુધી બગીચાનું તેમજ બગીચાને લગતી અન્ય સુવિધા (૭) રીવરફ્રન્ટ ઉપર બગીચામાં તેમજ રોડ ઉપર લાઈટની સુવિધા (૮) રેલીંગ (૯) હટસ પાંચ નંગ (૧૦) મેઈનગેટ (છ) પીલ્લર બીમ તથા મુર્તિ સાથે (૧૧) અપર રીવર ડેક્નું લેવલીંગ તથા સીસી ફ્લોરીંગ (૧૨) દુકાનો માટે ટેકરાનું લેવલીંગ (૧૩) ફાગવેલ અને ઉત્કંઠેશ્વરના સ્થળોએ પર્યટકોને આનંદ પ્રમોદની જરૂરી સુવિધાઓ પુરી પાડવાની યોજના છે.

(બ) ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ દ્વારા નીચે મુજબની સુવિધા પુરી પાડવામાં આવનાર છે.

(૧) નવાગામ :- સાઈનેજીસ, સ્મારક્ની સફાઈ, સ્મારક તથા બિલ્ડીંગનું રંગકામ, લાયબ્રેરી, મેડીટેશન ક્મ કોમ્યુનીટી હોલ, ઓફિસ, સોવિનિયર, સોવિનિયર શોપ, સ્ટોર, પેન્ટ્રી, પીવાના પાણીની વ્યવસ્થા, ટોયલેટ, પાર્કીંગ, કેમ્પીંગ સાઈટ, મ્યુઝીયમ, ઓડીયો વીઝયુલ, ફુડ કાફેટેરિયા

(૨) માતર :- સાઈનેજીસ, સ્મારક્ની સફાઈ, સ્મારક તથા બિલ્ડીંગનું રંગકામ, લાયબ્રેરી, મેડીટેશન ક્મ કોમ્યુનીટી હોલ, ઓફિસ, સોવિનિયર, સોવિનિયર શોપ, સ્ટોર, પેન્ટ્રી, પીવાના પાણીની વ્યવસ્થા, ટોયલેટ, પાર્કીંગ, કેમ્પીંગ સાઈટ,

(૩) નડીયાદ :- સાઈનેજીસ, સ્મારક્ની સફાઈ, સ્મારક તથા બિલ્ડીંગનું રંગકામ,

(૪) ડાકોર :- ડાકોર ખાતે વિકાસ માટે આર્કિટેક્ની નિમણુંક થઈ ગયેલ છે. જેમાં મંજુર થયેલા કન્સેપ્ટમાં ગોમતીઘાટ ડેવલપમેન્ટ, મંદિર પરીસરનો વિકાસ, મ્યુઝીક્લ ફાઉન્ટેન, ટોયલેટ બ્લોક, પાર્કીંગ, જેટીબીઝ, પાથવેના વિકાસનો સમાવેશ થાય છે.

(૫) રેયોલી :- રેયોલી ખાતે ફોસીલ પાર્ક (બાલાસિનોર) માટે ઈન્ફોરમેશન રીસેપ્શન/એન્ટર પ્રીટેશન સેન્ટર, મ્યુઝીયમ, એકઝીબ્યુશન હોલ, સાઉન્ડ સ્ટેશન, લાર્જ સાઈઝ ફાયબર ગ્લાસ મોડલ્સ ઓફ ડાયનાશોર, વર્કીંગ મોડયુલ, કાફેટેરીયા, ડાયનીંગ હોલ, ઓફિસ, કેમ્પીંગ સાઈડ, લોગહટસ, ટ્રેક એન્ડ ટ્રેઈલ, કંપાઉન્ડ વોલ, ગેટ, વોચમેન કેબીન, રેન હારવેસ્ટીંગ,આર્ટીફીસીયલ વોટર ફોલ, પાર્કીગ એરીયાનો વિકાસ, વૃક્ષા રોપણ અને લેન્ડ સ્કેપીંગ, ઈલેકટ્રીસીટી, પાણી પુરવઠો, બોરવેલ, પંપ રૂમ, ટોયલેટ બ્લોક.

---------

**જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ખનીજ ચોરીના બનાવો**

૨૩૫૦૩ **શ્રી જવાહરભાઈ પે.ચાવડા(માણાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ખાણ ખનીજની કેટલી ચોરીઓ પકડવામાં આવી, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ખાણ ખનીજની ૨૮૯ ચોરીઓ પકડવામાં આવેલ જેની તાલુકાવાર વિગત દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે

(પત્રક-અ)

| તાલુકો | કેસની સંખ્યા |
|---|---|
| જુનાગઢ | ૨૩ |
| માળીયા | ૧૪ |
| કોડીનાર | ૩૬ |
| વેરાવળ | ૩૪ |
| ઉના | ૭૨ |
| સુત્રાપાડા | ૧૧ |
| તાલાલા | ૨ |
| માંગરોળ | ૨૪ |
| માણાવદર | ૩૩ |
| વંથલી | ૨૧ |
| કેશોદ | ૧૦ |
| મેન્દરડા | ૯ |
| **કુલ** | **૨૮૯** |

(૨) તેની અંદાજિત કિંમત શું છે?

(૨) રૂા. ૪૧,૬૧,૭૧,૭૭૭/-

---------

**સુરત જિલ્લામાં પલસાણા ખાતે મહેસૂલી કચેરીના મકાનની મંજૂરી**

૨૩૨૮૪ **શ્રીમતી ભારતીબેન રાઠોડ (કામરેજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૧-૧૨માં સુરત જિલ્લામાં પલસાણા ખાતે મહેસૂલી કચેરીઓ માટે નવા મકાનના કામોની મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેની વિગતો શી છે, અને

(૩) હાલ આ કામોની કામગીરી ક્યા તબક્કે છે?

**જવાબ**

(૧) હા જી,

(૨) સુરત જિલ્લામાં પલસાણા ખાતે નવી સીટી સરવે, સબ રજિસ્ટ્રાર અને મામલતદાર કચેરી બાંધવામાં આવશે. આ બાંધકામ માટે વર્ષ ૨૦૧૧-૧૨ના અંદાજપત્રમાં રૂા. ૨૩૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૩) હાલ જમીન ફાળવણીની કામગીરી ચાલુ છે.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા યોજનાની નહેરો દ્વારા આવરી લેવાયેલ ગામો**

૨૩૨૫૧ **શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાંથી પસાર થતી નર્મદા યોજનાની નહેરો દ્વારા ક્યા ક્યા ગામોને આવરી લેવામાં આવેલ છે.

(૨) આ ગામોની કેટલા હેક્ટર જમીન કમાન્ડ વિસ્તારમાં આવરાઈ જાય છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાંથી પસાર થતી નર્મદા યોજનાની નહેરો દ્વારા પિયત હેઠળ આવરી લેવામાં આવેલ ૩૬૯ ગામોની યાદી પત્રક-૧*માં સામેલ કરેલ છે.

(૨) આ ગામોની કુલ ૮,૬૩,૪૨૧ એકર જમીન કમાન્ડ વિસ્તારમાં આવરાઈ જાય છે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**બોટાદ-સાળંગપુર રસ્તાને પહોળા કરવા બાબત**

૨૩૨૮૯ **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં બોટાદ-સાળંગપુર રસ્તાને ૧૦ મી. પહોળો કરવાની કામગીરી કેટલી રકમથી અને ક્યારે મંજૂર કરવામાં આવી, | (૧) તા.૨૬-૦૮-૨૦૧૦નાં રૂા.૭૨૦.૦૦ લાખની મંજુરી પ્રદાન કરવામાં આવી. |
| (૨) તા.૩૦-૦૬-૨૦૧૧ની સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે, અને | (૨) તા.૩૦-૦૬-૨૦૧૧ની સ્થિતિએ આ રસ્તાને પહોળો કરવાની કામગીરી પ્રગતિમાં હતી. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) રૂા.૦.૬૩ લાખ. |

---------

**લોકાયુક્ત કચેરીના સ્ટાફનો નિભાવ ખર્ચ**

૨૩૧૯૩ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તાલાલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં લોકાયુક્તની કચેરીના કર્મીઓના પગાર ભથ્થાં, વાહન ખર્ચ તેમજ અન્ય ખર્ચ પેટે કુલ કેટલી રકમનો ખર્ચ થયો ? | રૂા.૩૩,૫૩,૯૩૮/- |

---------

**આણંદ જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ**

૨૩૨૭૧ **શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ(આણંદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૦-૦૬-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર વિધવા સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,

(૧) ૧૭૭૫ અરજીઓ

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓની સંખ્યા** |
|---|---|---|
| ૧ | આણંદ | ૪૮૦ |
| ૨ | ઉમરેઠ | ૨૩૨ |
| ૩ | આંકલાવ | ૧૪૬ |
| ૪ | બોરસદ | ૩૨૦ |
| ૫ | પેટલાદ | ૨૮૧ |
| ૬ | સોજીત્રા | ૮૩ |
| ૭ | ખંભાત | ૧૯૮ |
| ૮ | તારાપુર | ૩૫ |
| | **કુલ** | **૧૭૭૫** |

(૨) મળેલ અરજીઓ પેકી વર્ષવાર કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૨)

| **સમયગાળો** | **મંજૂર થયેલ અરજીઓની સંખ્યા** |
|---|---|
| તા.૦૧-૦૭-૨૦૦૯ થી તા.૩૦-૦૬-૨૦૧૦ | ૭૩૩ |
| તા.૦૧-૦૭-૨૦૧૦ થી તા.૩૦-૦૬-૨૦૧૧ | ૩૦૮ |
| **કુલ** | **૧૦૪૧** |

(૩) બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરી લાભો આપવામાં આવશે ?

(૩) બાકી રહેલ અરજીઓનો વહેલી તકે નિકાલ કરી લાભો આપવામાં આવશે.

---------

**ગાંધીનગર ખાતે જોખમી સરકારી મકાનો**

૨૩૧૪૨ **શ્રી પ્રભુભાઈ ના. વસાવા (સોનગઢ): માનનીય પાટનગર યોજના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ગાંધીનગર ખાતે આવેલ સરકારી મકાનો જે જોખમી છે તેવા આવાસો ઉતારી લેવાનો નિર્ણય છેલ્લે ક્યારે કરવામાં આવ્યો, | (૧) તા.૧૫-૦૭-૨૦૦૯ ના રોજ નિર્ણય કરવામાં આવ્યો.

(૨) તે અન્વયે તા.૩૧-૭-૧૧ સુધીમાં ૩ વર્ષમાં કેટલા જોખમી સરકારી આવાસો ઉતારી લેવામાં આવ્યા, અને | (૨) ૧૨ આવાસો

(૩) કુલ કેટલા જોખમી આવાસો છે ? | (૩) ૫ આવાસો

---------

**વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં ઉમરસાડી ખાતે દરિયાઇ ધોવાણ**

૨૩૩૩૧ **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં ઉમરસાડી ખાતે દરિયાઇ ધોવાણ અટકાવવાના કામો હાથ ધરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો આ કામો ક્યારે પૂર્ણ થશે ? | (૨) કામ પૂર્ણ થયેલ છે. અત્યાર સુધીમાં રૂા.૧૮૭.૮૧ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

**રાજ્યમાં વીજ કંપનીઓ દ્વારા વીજ ઉત્પાદન**

૨૩૧૩૮ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૭-૧૧ની સ્થિતિએ રાજ્યમાં કઇ કઇ વિજ કંપનીઓ દ્વારા વાર્ષિક કેટલુ વીજ ઉત્પાદન કરવામાં આવે છે | (૧) *પત્રક-અ મુજબ |
| (૨) તે અન્વયે રાજ્ય સરકારને કેટલી વીજળી શા ભાવે આપવામાં આવે છે, અને | (૨) *પત્રક-બ મુજબ |
| (૩) રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં અન્ય રાજ્યોને કેટલી વીજળી શા ભાવે વેચવામાં આવી ? | (૩) *પત્રક-ક મુજબ |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**સાણંદ તાલુકામાં બનાવટી ખેડૂત પ્રમાણપત્ર આપી ખરીદેલી જમીનો**

૨૩૫૨૮ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સાણંદ તાલુકા ખાતે કેટલા કેસો એવા નોંધાયા છે જેમાં ખેડુત નથી છતાં ખોટા ખેડુત પ્રમાણપત્ર આપી જમીનો ખરીદેલ લોકોની જમીન સરકાર દાખલ કરવામાં આવી છે, અને | (૧) શૂન્ય |
| (૨) આવા લોકો સામે કોઇ ફોજદારી ગુન્હો નોંધાયેલ છે કે કેમ ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**નવસારી જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ**

૨૩૨૭૦ **શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૦-૦૬-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં તાલુકાવાર વિધવા સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) ૧૩૨૩ અરજીઓ

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | નવસારી | ૨૮૫ |
| ૨ | જલાલપોર | ૩૦૧ |

| | | |
|---|---|---|
| ૩ | ગણદેવી | ૨૮૬ |
| ૪ | ચીખલી | ૩૦૧ |
| ૫ | વાંસદા | ૧૫૦ |
| | **કુલ** | **૧૩૨૩** |

(૨) મળેલ અરજીઓ પેકી વર્ષવાર કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૨)

| **સમયગાળો** | **મંજૂર થયેલ અરજીઓની સંખ્યા** |
|---|---|
| તા.૦૧-૦૭-૨૦૦૯ થી તા.૩૦-૦૬-૨૦૧૦ | ૫૧૩ |
| તા.૦૧-૦૭-૨૦૧૦ થી તા.૩૦-૦૬-૨૦૧૧ | ૪૩૩ |
| **કુલ** | **૯૪૬** |

(૩) બાકી રહેતી અરજીઓ ક્યારે મંજુર કરવામાં આવશે ?

(૩) બાકી રહેતી અરજીઓનો વહેલી તકે નિકાલ કરવામાં આવશે.

**વડોદરાના રાજમહેલની જમીન પરથી ગ્રીનબેલ્ટનું રીઝર્વેશન હટાવવા બાબત**

૨૩૦૯૬ **શ્રી ચંદુભાઈ ડાભી(કરજણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ વડોદરાના રાજમહેલની ૭૦૧ પેકીની ૬૦૦ એકર જમીન ઉપરથી ગ્રીનબેલ્ટનું રીઝર્વેશન છેલ્લા ત્રણ વર્ષમાં ક્યારે હટાવવામાં આવ્યું,

(૨) આ જમીન ક્યા ગૃપને શા ભાવે આપવામાં આવી, અને

(૩) સ્ટેમ્પ ડ્યુટી પેટે સરકારને કેટલી આવક મળી ?

**જવાબ**

(૧) વડોદરાના રાજમહેલ સંકુલની જમીન પર ગ્રીનબેલ્ટનું રીઝર્વેશન મૂકવામાં આવેલ નથી.

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં આ જમીનના કોઇ વેચાણ વ્યવહારો નોંધાયેલા નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ડાંગ જિલ્લામાં પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા સુવિધા**

૨૩૨૩૨ **શ્રી વિજયભાઈ ૨.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા વર્ષમાં ડાંગ જિલ્લામાં ક્યા ક્યા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા, અને

(૨) પસંદ કરેલ સ્થળોને વિકાસ કરવા માટે કઇ કઇ સુવિધા પૂરી પાડવાની સરકારની યોજના છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં નીચે મુજબના સ્થળોનો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા પસંદ કરવામાં આવ્યા

(૧) સાપુતારા ગિરીમથક
(૨) વાસુર્ણા
(૩) લીંગા
(૪) અંજનકુંડ
(૫) કદમ ડુંગર

રામા ટ્રેલ અંતર્ગત પંપા સરોવર, શબરીધામ, અંજની કુંડ પણ પસંદ કરવામાં આવેલ છે.

(૨) પસંદ કરાયેલ સ્થળો ખાતે આંતર માળખાકીય સુવિધા પૂરી પાડવાની યોજના છે. સાપુતારા ખાતે રસ્તાઓ, બાગબગીચાઓ અદ્યતન કરવા, પાણી પુરવઠો, ઇલેક્ટ્રીક્સીટી, સ્વચ્છતા પૂરી પાડવાની યોજના છે. વાસુર્ણા, લીંગા, કદમ ડુંગરી ખાતે ધાર્મિક અને એતિહાસીક જ્ગ્યાએ પ્રવાસન સુવિધા ઊભી કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

રામા ટ્રેલ અંતર્ગત પંપા સરોવર, શબરીધામ અને અંજનીકુંડ ખાતે પ્રવાસીઓ માટે પાર્કિંગ, પબ્લીક ટોયલેટ, પીવાના પાણીની સુવિધા, લેન્ડ સ્કેપીંગ, ફાઉન્ટેન, રસ્તા તથા ગાર્ડનની સુવિધા તેમજ સ્થાનિક

આર્ટ અને કલ્ચરને પ્રોત્સાહન મળે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

---------

**વડોદરા જિલ્લામાં સરકારી જમીન ફાળવવા બાબત**

૨૩૫૧૭ **શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ(ડભોઈ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૭-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા જિલ્લામાં સરકારી ગોચર-પડતર અને ખરાબાની જમીન કોને કોને શા ભાવે તાલુકાવાર આપવામાં આવી ?

**જવાબ**

વડોદરા જિલ્લામાં તા.૩૧-૭-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સામેલ **પત્રક*ના** કોલમ ૨ માં જણાવેલ વર્ષવાર, કોલમ ૩માં જણાવેલ તાલુકાવાર, કોલમ ૫માં જણાવેલ જમીન, કોલમ ૬ માં જણાવેલ વ્યક્તિ/સંસ્થાને કોલમ ૭માં જણાવેલ ભાવે ફાળવવામાં આવેલ છે.

**પ ત્ર ક**

છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા જિલ્લામાં સરકારી જમીનની ફાળવણીની માહિતી દર્શાવતું પત્રક

| ક્રમ | વર્ષ | તાલુકો | ગામ | સરકારી પડતર, ગોચર | ફાળવેલ સંસ્થાનું નામ | ભાવ પ્રતિ ચો.મી. |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ૧ | ૨૦૦૮ | સાવલી | પોઈચા | સરકારી પડતર | ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પો.લી. | રૂા. ૧૩૨/- |
| ૨ | ૨૦૦૮ | પાદરા | સરસવણી | બિન નંબરી | પાદરા નગર સેવા સદન | રૂા. ૭૫/- (કુલ કિંમતના ૨૫ % રકમ લેખે ફાળવેલ છે) |
| ૩ | ૨૦૦૮ | સંખેડા | સૂર્યા | સરકારી પડતર | શંકર ભગવાન સેવા મંડળ ગણેશપુરા, પો. ગોરજ તા. વાઘોડીયા | રૂા. ૩૩/- |
| ૪ | ૨૦૦૮ | પાદરા | ચાણસદ | સરકારી પડતર | બોચાસણવાસી શ્રી અક્ષર પુરૂષોત્તમ સ્વામીનારાયણ સંસ્થા અટલાદરા | રૂા. ૯૭૫/- |
| ૫ | ૨૦૦૮ | સંખેડા | બહાદર પુર | ગામતળ | વેસ્ટર્ન રેલ્વે, પ્રતાપનગર, વડોદરા | રૂા. ૧૦૦/- |
| ૬ | ૨૦૦૮ | સંખેડા | બહાદર પુર | સરકારી પડતર | વેસ્ટર્ન રેલ્વે, પ્રતાપનગર, વડોદરા | રૂા. ૧૦૦/- |
| ૭ | ૨૦૦૯ | સંખેડા | પીઠા | ગામતળ | વેસ્ટર્ન રેલ્વે, પ્રતાપનગર, વડોદરા | રૂા. ૩૭૫/- |
| ૮ | ૨૦૦૯ | છોટાઉદેપુર | ખજુરીયા | સરકારી પડતર | વેસ્ટર્ન રેલ્વે, પ્રતાપનગર, વડોદરા | રૂા. ૨૫/- |
| ૯ | ૨૦૦૯ | જેતપુર પાવી | શિહોદ | સરકારી પડતર | વેસ્ટર્ન રેલ્વે, પ્રતાપનગર, વડોદરા | રૂા. ૯૦/- |
| ૧૦ | ૨૦૦૯ | જેતપુર પાવી | શિથોલ | સરકારી પડતર | વેસ્ટર્ન રેલ્વે, પ્રતાપનગર, વડોદરા | રૂા. ૧૧૦/- |
| ૧૧ | ૨૦૦૯ | જેતપુર પાવી | ડેરીયા | ગોંદરૂ ખરાબા સદર | ડેરીયા દુધ ઉત્પાદક સ. મંડળી લી. ડેરીયા | રૂા. ૨૩૫/- |
| ૧૨ | ૨૦૦૯ | કરજણ | કરજણ | સરકારી પડતર | વસંતભાઈ નરસિંહભાઈ વાઢેર, જુના બજાર, કરજણ | રૂા. ૨૪૦૮/- પ્રતિ ચો.મી.ના ૫૦ % રકમ |
| ૧૩ | ૨૦૦૯ | વડોદરા | અકોટા | સરકારી પડતર | વડોદરા મહાનગર સેવા સદન | રૂા. ૩૧૦૦/- પ્ર. ચો.મી.ના (બજાર કિંમત તફાવતની રકમ રૂા. ૧૯,૯૯,૧૪૦/- |
| ૧૪ | ૨૦૦૯ | વડોદરા | જામ્બુવા | સરકારી ખરાબો ગોંદરૂ સદર | વડોદરા મહાનગર સેવા સદન | રૂા. ૩૫૧/- પ્રતિ ચો.મી.ના (૨૫ % લેખે) |
| ૧૫ | ૨૦૦૯ | છોટાઉદેપુર | દુમાલી | ગોચર | વેસ્ટર્ન રેલ્વે, પ્રતાપનગર, વડોદરા | રૂા. ૨૫/- |
| ૧૬ | ૨૦૦૯ | છોટાઉદેપુર | રૂનવાડ | સરકારી પડતર | આશિષકુમાર રસિકલાલ મિસ્ત્રી, નિર્મલ સોસાયટી, છોટાઉદેપુર | રૂા. ૭૦/- પ્રતિ ચો.મી.ના ૫૦ % રકમ |
| ૧૭ | ૨૦૦૯ | ડભોઈ | પિસાઈ | ગોચર | ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પો.લી. જામ્બુવા. વડોદરા | રૂા. ૬૫/- |
| ૧૮ | ૨૦૦૯ | જેતપુર પાવી | ભેંસાવહી | સરકારી પડતર | માનાભાઈ વીરાભાઈ કોળી, રહે. ભેંસાવહી, તા. જેતપુરપાવી | રૂા. ૩૧૦૦૦/- તા.૨૦/૭/૦૯ના ઠરાવની રીગ્રાન્ટની જોગવાઈ મુજબ હોઈ પ્ર.ચો.મી. દર્શાવવાની થતી નથી. |
| ૧૯ | ૨૦૧૦ | વડોદરા | રામનાથ | સરકારી પડતર | ઈશ્વરભાઈ બળવંતસિંહ પઢિયાર, રહે. રામનાથ, તા. વડોદરા | રૂા. ૪૪,૭૬૮/- તા.૨૦/૭/૦૯ના ઠરાવની રીગ્રાન્ટની જોગવાઈ મુજબ હોઈ પ્ર.ચો.મી. દર્શાવવાની થતી નથી. |
| ૨૦ | ૨૦૧૦ | વડોદરા | વડોદરા | સરકારી પડતર | વડોદરા મહાનગર સેવા સદન | રૂા. ૩૫૦૦/- પ્ર.ચો.મી. (૨૫ % રકમ) |
| ૨૧ | ૨૦૧૦ | સંખેડા | રાજપરી | ગોચર | જાહેર આરોગ્ય સુખાકારી પે.વિ.ગુ.પા.પુ.અને ગટર વ્યવસ્થા બોર્ડ, હાલોલ | રૂા. ૪૮/- |
| ૨૨ | ૨૦૧૦ | ડભોઈ | ડભોઈ | સરકારી પડતર | બાનુબેન મહંમદહનીફ વાણીયાવાલા રહે. ડભોઈ | રૂા. ૪૨૪૦/- |
| ૨૩ | ૨૦૧૦ | વડોદરા | વડસર | ગોચર | વડોદરા મહાનગર સેવા સદન | રૂા. ૪૫૦૦/- પ્ર.ચો.મી. (૨૫ % રકમ) |
| ૨૪ | ૨૦૧૦ | વડોદરા | કપુરાઈ | ગોચર | વડોદરા મહાનગર સેવા સદન | રૂા. ૩૫૦૦/- પ્ર.ચો.મી. (૨૫ % રકમ) |
| ૨૫ | ૨૦૧૦ | વડોદરા | છાણી | સરકારી પડતર | વડોદરા મહાનગર સેવા સદન | રૂા. ૬૦૦૦/- પ્ર.ચો.મી. (૨૫ % રકમ) |
| ૨૬ | ૨૦૧૦ | છોટાઉદેપુર | વનાર | સરકારી પડતર | ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પો.લી. જામ્બુવા. વડોદરા | રૂા. ૧૩૦/- |

એચબી-૪૪૨-૩૩

| ક્રમ | વર્ષ | તાલુકો | ગામ | સરકારી પડતર, ગોચર | ફાળવેલ સંસ્થાનું નામ | ભાવ પ્રતિ ચો.મી. |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ૨૭ | ૨૦૧૦ | નસવાડી | ભાકા | સરકારી પડતર | ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પો.લી. જામ્બુવા. વડોદરા | રૂા. ૧૨૦/- |
| ૨૮ | ૨૦૧૦ | સંખેડા | કડીલા | ખલવાડ | જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ-૨ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ વડોદરા | રૂા. ૨૦/- |
| ૨૯ | ૨૦૧૦ | સંખેડા | કડીલા | સરકારી પડતર | વેસ્ટન રેલ્વે, પ્રતાપનગર, વડોદરા | રૂા. ૮૦/- |
| ૩૦ | ૨૦૧૦ | વાઘોડીયા | વ્યંકટપુરા | ગોચર | ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પો.લી. જામ્બુવા. વડોદરા | રૂા. ૨૩૫/- |
| ૩૧ | ૨૦૧૦ | ડભોઈ | કોઠારા | ગામતળ | કોઠારા દુધ ઉ.સ. મંડળી લી. ડભોઈ | રૂા. ૧૫૦/- |
| ૩૨ | ૨૦૧૦ | સંખેડા | સંખેડા | સરકારી પડતર | રાઘવ એન્ટરપ્રાઈઝ ન્યુ દીલ્હી | રૂા. ૭૯૮/- તથા ૩૦ % રકમ ગોચર સુધારણાની રકમ રૂા.૧૯૧૫૨૦/- |
| ૩૩ | ૨૦૧૧ | સંખેડા | ઢોકલીયા | સરકારી પડતર | સેન્ટ્રલ વોટર કમિશન, ભરૂચ | રૂા. ૧૮૭૭/- |

---------

## ગાંધીનગર જિલ્લામાં પ્રજા અને પોલીસ વચ્ચે યોજવામાં આવેલ લોકદરબાર

૨૩૩૨૦ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસનું વાતવરણ ઉભું કરવા માટે વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે સરકારે સૂચના આપી હોવાની હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા.૧-૧-૨૦૧૧થી તા.૩૧-૮-૨૦૧૧ સુધીમાં ગાંધીનગર જિલ્લામાં કેટલા લોકદરબાર યોજવામાં આવ્યા ? અને

(૩) તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) તા.૧-૧-૨૦૧૧થી તા.૩૧-૮-૨૦૧૧ દરમિયાન કુલ ૮૩ લોકદરબાર યોજવામાં આવેલ જેમાં ૪૫ પ્રશ્નો આવેલ તે તમામ પ્રશ્નોનો નિકાલ કરવામાં આવેલ છે.

લોકદરબારમાં કરવામાં આવતી રજૂઆતોની વિગતોમાં પોલીસ ખાતાને લગતી રજૂઆતોનો નિકાલ કરવામાં આવે છે જ્યારે અન્ય વિભાગોને લગતી રજૂઆતો બાબતે જે તે વિભાગને મોકલી આપવામાં આવે છે. ઉપરાંત સંબંધિત વિભાગને લેખિત રજૂઆત કરવા અરજદારને સમજ પણ આપવામાં આવે છે.

## અમદાવાદ જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ

૨૩૨૯૮ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૦-૬-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વિધવા સહાય મેળવવા કેટલી અરજીઓ મળેલ છે.

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૮૩૮ |
| ૨ | દશક્રોઈ | ૨૮૦ |
| ૩ | વિરમગામ | ૫૧ |
| ૪ | માંડલ | ૫૫ |
| ૫ | દેત્રોજ | ૫૭ |
| ૬ | ધોળકા | ૧૯૩ |
| ૭ | ધંધુકા | ૧૦૮ |
| ૮ | બાવળા | ૯૩ |
| ૯ | સાણંદ | ૧૧૪ |
| ૧૦ | રાણપુર | ૨૧ |
| ૧૧ | બરવાળા | ૭૩ |
| | **કુલ** | **૩૮૮૩** |

(૨) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર કેટલી મંજૂર કરી વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા, અને

(૨)

| સમયગાળો | મંજૂર થયેલ અરજીઓ |
|---|---|
| તા.૧-૭-૨૦૦૯ થી તા.૩૦-૬-૨૦૧૦ | ૨૦૦૬ |
| તા.૧-૭-૨૦૦૧૦ થી તા.૩૦-૬-૨૦૧૧ | ૧૧૯૩ |
| કુલ | ૩૧૯૯ |

(૩) બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરી લાભો આપવામાં આવશે?

(૩) બાકી અરજીઓનો વહેલી તકે નિકાલ કરવામાં આવશે.

---------

## રાજકોટ જિલ્લામાં કિસાનપથ યોજના હેઠળ મંજૂર કામો

૨૩૩૦૭ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિસાનપથ યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં કેટલી રકમના કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) આ કામો ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે?

**જવાબ**

(૧) રૂા. ૪૫૩૧ લાખના ૫૫ કામો મંજૂર કરવામાં આવ્યા.

(૨) ૨૪ કામો પૂર્ણ થયેલ છે, ૧૪ કામો પ્રગતિ હેઠળ તથા ૧૭ કામો નકશા અંદાજ તબક્કે છે.

---------

## અમદાવાદ જિલ્લાના ગામોમાં નહેર મારફતે સિંચાઈની સુવિધા

૨૩૪૬૩ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લાના ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકાના ક્યા ક્યા ગામોને નહેર મારફતે સિંચાઈની સુવિધા પુરી પાડવાનું સરકારનું શું આયોજન છે, અને

(૨) કેટલા સમયમાં સુવિધા પુરી પાડવામાં આવશે?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લાના ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકાના કુલ ૮૭ ગામોને નર્મદા નહેર આધારિત સિંચાઈ આપવાનું આયોજન કરેલ છે. (યાદી અલગથી **પત્રક** મુજબ)

(૨) નહેરોની કામગીરી તબક્કાવાર પૂર્ણ કરી સુવિધા આપવામાં આવશે.

**અમદાવાદ જિલ્લાના ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાંથી પસાર થતી નર્મદા યોજનાની નહેરોના પિયત વિસ્તારમાં આવતા ગામોની યાદી.**

| ધંધુકા | | | | બરવાળા | | | | રાણપુર | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અ.નં. | ગામનું નામ | અ.નં. | ગામનું નામ | અ.નં. | ગામનું નામ | અ.નં. | ગામનું નામ | અ.નં. | ગામનું નામ |
| ૧ | ધંધુકા | ૨૪ | બાજરડા | ૧ | ઝરવલીયા | ૨૪ | નાવડા | ૧ | દેવળીયા |
| ૨ | ગલસાણા | ૨૫ | મોટાત્રાડીયા | ૨ | ચોકડી | ૨૫ | પીપરિયા | ૨ | પાટણા |
| ૩ | છસીયાણા | ૨૬ | નાનાત્રાડીયા | ૩ | ખડસલીયા | | | ૩ | સુંદરીયાણા |
| ૪ | છારોડીયા | ૨૭ | જાલીયા | ૪ | રોઝીદા | | | ૪ | વેજલકા |
| ૫ | વાગડ | ૨૮ | રાયકા | ૫ | વહીયા | | | ૫ | રાજપરા |
| ૬ | મોરસીયા | ૨૯ | સરવાળ | ૬ | બરવાળા | | | ૬ | રાણપુર |
| ૭ | ગુંજાર | ૩૦ | આનંદપુર | ૭ | પોલારપુર | | | ૭ | કિનારા |
| ૮ | કોટડા | ૩૧ | ધનાળા | ૮ | અંકેવાળીયા | | | ૮ | હડમતાળા |
| ૯ | પડાણા | ૩૨ | ફતેપુર | ૯ | રાણપરી | | | ૯ | માલનપુર |
| ૧૦ | વાસણા | ૩૩ | ફેદરા | ૧૦ | શાહપુર | | | ૧૦ | દેવગાણા |
| ૧૧ | ઉંચડી | ૩૪ | હરિપુરા | ૧૧ | કુંડળ | | | ૧૧ | બોડીયા |
| ૧૨ | સાલાસર | ૩૫ | કમિયાલા | ૧૨ | ખમીદાણા | | | ૧૨ | બરાનીયા |
| ૧૩ | અણીયારી | ૩૬ | ખડોલ | ૧૩ | રામપુરા | | | ૧૩ | ગોધાવટા |
| ૧૪ | જાસકા | ૩૭ | પચ્છમ | ૧૪ | કાપડાયાળી | | | ૧૪ | મોટી વાવડી |
| ૧૫ | તગડી | ૩૮ | પીપળી | ૧૫ | વાઢેલા | | | ૧૫ | ચારણકી |
| ૧૬ | ચંદરવા | ૩૯ | રતનપુર | ૧૬ | બેલા | | | ૧૬ | ખસ |
| ૧૭ | પીપળ | ૪૦ | ગોફ | ૧૭ | વેયા | | | ૧૭ | જાળીલા |
| ૧૮ | ભલગામડા | ૪૧ | કાસીન્દ્રા | ૧૮ | રેફડા | | | ૧૮ | ખોખરનેશ |
| ૧૯ | પરબડી | ૪૨ | ખસ્તા | ૧૯ | ચાચરીયા | | | ૧૯ | બગડ |
| ૨૦ | ઝાંજરકા | | | ૨૦ | સાળંગપુર | | | ૨૦ | ગુંદા |
| ૨૧ | ઉમરગઢ | | | ૨૧ | ખાંભઢા | | | | |
| ૨૨ | આકરૂ | | | ૨૨ | ઢાઢોધર | | | | |
| ૨૩ | અડવાળ | | | ૨૩ | નભોઈ | | | | |

**પોરબંદર અડવાણા રસ્તાની કામગીરી**

૨૩૨૯૨ **શ્રી કરશનભાઈ ઓડેદરા (કુતિયાણા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોરબંદર રાજ્ય હસ્તકના પોરબંદર અડવાણા રસ્તાની કામગીરી તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ જંગલ કટીંગની કામગીરી પ્રગતિમાં છે. |
| (૨) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૨) કરારની નિયત સમય મર્યાદામાં તા. ૨૭-૦૭-૨૦૧૨ સુધીમાં આ કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે. |

**ભાણવડ ખાતે તાલુકા સેવા સદનની કામગીરી બાબત**

૨૩૨૪૨ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦-૬-૨૦૧૧ની સ્થિતિએ જામનગર જિલ્લાના ભાણવડ ખાતે તાલુકા સેવા સદનની કામગીરી ક્યા તબક્કે છે, અને | (૧) બાંધકામ પ્રગતિમાં છે. |
| (૨) અને આ કામ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૨) કરારનામાની જોગવાઇ મુજબ તા. ૧૩-૬-૨૦૧૨ ના રોજ પૂર્ણ કરવાનું આયોજન છે. |

**સચિવાલયની સુરક્ષા પાછળ ખર્ચ**

૨૩૫૨૨ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૭-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સચિવાલય-ગાંધીનગરની સુરક્ષા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) તા. ૧-૮-૨૦૧૦ થી તા. ૩૧-૭-૨૦૧૧ સુધી એક વર્ષમાં સચિવાલય ગાંધીનગરની સુરક્ષા પાછળ કુલ ખર્ચ ` ૨,૫૬,૫૬,૬૩૭ નો ખર્ચ થવા પામેલ છે. |
| (૨) સચિવાલયના જુદા જુદા વિભાગો આગળ ખાનગી સીક્યુરીટીના કર્મીઓને મૂકવામાં આવ્યા છે, તે સીક્યુરીટીના કર્મીઓને માસિક કેટલી રકમનું વેતન ચૂકવવામાં આવે છે ? | (૨) સચિવાલયના જુદા જુદા વિભાગો આગળ ખાનગી સીક્યુરીટી (જી.આઇ.એસ.એફ.) મૂકવામાં આવેલ છે. જે કર્મચારીઓને નીચે મુજબની વિગતે માસિક વેતન ચુકવવામાં આવે છે.<br>૧. ગાર્ડ રૂ.૭,૨૨૭/-<br>૨. સીક્યુરીટી સુપરવાઈઝર રૂ.૯,૪૮૭/-<br>૩. સીક્યુરીટી ઓફિસર રૂ.૧૨,૬૦૩/- |

**ભરુચ જિલ્લાની ઓદ્યોગિક વસાહતમાં જમીન સંપાદન**

૨૩૧૯૦ **શ્રી ઈકબાલભાઈ પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરુચ જિલ્લામાં દહેજ અને વિલાયત ઓદ્યોગિક વસાહતોમાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૭-૨૦૧૧ સુધીમાં કેટલી જમીન સંપાદન કરવામાં આવી, | (૧) ૩૦૮૩ હેક્ટર. |
| (૨) તે અન્વયે કેટલા તબક્કામાં કેટલી જમીનોની કેટલી કિંમત ચુકવવામાં આવી, અને | (૨) ૩ તબક્કામાં ૩૦૮૩ હેક્ટર જમીનની કુલ રૂ. ૫૨૧.૦૮ કરોડની કિંમત ચુકવવામાં આવી. |
| (૩) સંપાદીત જમીનમાંથી કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી ? | (૩) ૧૩૦૩ હેક્ટર. |

**ઉંઝા નગરપાલિકામાં આઇ.એચ.એસ.ડી.પી. યોજના હેઠળ આવાસોની ફાળવણી**

૨૩૪૩૦ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૭-૧૧ની સ્થિતિએ ઇન્ટીગ્રેટેડ હાઉસીંગ એન્ડ સ્લમ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ યોજના અંતર્ગત ઉંઝા નગરપાલિકામાં કુલ કેટલા આવાસોના કામો પૂર્ણ થયેલ છે, અને | (૧) કુલ ૬૨૪ આવાસોના કામો પૂર્ણ થયેલ છે. |
| (૨) આવાસોની ફાળવણી ઉક્ત સ્થિતિએ ક્યા | (૨) ૧. લાભાર્થી પાસેથી ચૂકવવાનો થતો ફાળો |

| | |
|---|---|
| તબક્કે છે ? | ૯૦ ટકા મળેલ છે, કામ પ્રગતિમાં છે. |
| | ૨. લાભાર્થીની યાદી ફાઇનલ કરવામાં આવી રહેલ છે. |

## અતારાંકિત પ્રશ્નો

### પહેલી અતારાંકિત યાદી

### બિનનિવાસી ગુજરાતીઓની સંપત્તિ હડપ થતી બચાવવા સમિતિની રચના

અતારાંક્તિ : ૪૩૯૧ (૦૩/૦૩/૨૦૧૧) **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ બિન નિવાસી ગુજરાતી પ્રભાગ દ્વારા બિનનિવાસી ગુજરાતીઓની સંપત્તિ હડપ થતી બચાવવા સહિતની કામગીરી માટે જિલ્લા કક્ષાએ અધિકારીઓની કોઈ સમિતિ બનાવવાનો ઠરાવ થયેલ છે કે કેમ,

(૨) જો હા, તો ક્યારે અને આ સમિતિમાં કોણ કોણ સભ્યો છે, અને

(૩) બિન નિવાસી ગુજરાતીઓની સંપત્તિ અસામાજિક તત્વો હડપ ન કરે તે માટે રાજ્ય સરકાર કેવા પ્રકારના પગલાંઓ લેવા માંગે છે ?

**બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** (૦૪/૦૬/૨૦૧૧) :

(૧) હા, જી.

(૨) તા. ૨૪-૫-૯૯, તા. ૫-૧૧-૯૯ અને તા. ૨૩-૮-૨૦૦૨ના ઠરાવથી સમિતિની નિમણૂંક કરવામાં આવેલ છે, જેમાં નીચે મુજબના સભ્યો હોય છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | જિલ્લા કલેક્ટરશ્રી | અધ્યક્ષ | |
| ૨. | જિલ્લા વિકાસ અધિકારીશ્રી | સભ્ય | |
| ૩. | જિલ્લા પોલીસ અધિકારીશ્રી | સભ્ય | |
| ૪. | નિવાસી નાયબ કલેક્ટરશ્રી | સભ્ય-સચિવ | |
| ૫. | જિલ્લાના મૂળ નિવાસી હોય તેવા બિન-નિવાસી ગુજરાતી અથવા બિન-સરકારી તેમણે નિમેલ પ્રતિનિધિ | સભ્ય | કુલ-૪ |

(૩) રાજ્ય સરકારના પ્રવર્તમાન કાયદા-કાનૂન અનુસાર સબંધિત સત્તાધિકારીશ્રી દ્વારા જરૂરી પગલાંઓ લેવામાં આવે છે.

### સુરત જિલ્લામાં કૃષિ વિષયક સહાય માટેની અરજીઓ

અતારાંક્તિ : ૨૮૨૧ (૨૪/૦૬/૨૦૧૧) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા ગામોમાંથી કૃષિ વિષયક સહાય માટે ખેડુતોની કેટલી અરજીઓ આવી,

(૨) આ માટે કેટલા ખેડુતોની અરજીઓ મંજુર કરી, અને

(૩) આ પેકી કેટલા ખેડુતોને સબસીડી ચુકવવામાં આવી?

**કૃષિ મંત્રીશ્રી** (૧૫/૦૪/૨૦૧૧) :

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ૭૧૨ ગામોમા કૃષિ વિષયક સહાય માટે મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| સમયગાળો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| તા. ૧-૧-૨૦૦૮ થી તા. ૩૧-૧૨-૨૦૦૮ | ૩૧૬૩૨ |
| તા. ૧-૧-૨૦૦૯ થી તા. ૩૧-૧૨-૨૦૦૯ | ૨૪૩૬૨ |

(૨) આ માટે નીચે દર્શાવ્યા મુજબના ખેડુતોની અરજીઓ મંજુર કરવામાં આવેલ છે.

| **સમયગાળો** | **મંજૂર કરેલ અરજીઓની સંખ્યા** |
|---|---|
| તા. ૧-૧-૨૦૦૮ થી તા. ૩૧-૧૨-૨૦૦૮ | ૩૧૫૭૮ |
| તા. ૧-૧-૨૦૦૯ થી તા. ૩૧-૧૨-૨૦૦૯ | ૨૪૨૩૯ |

(૩) આ પેકી નીચે દર્શાવ્યા મુજબના ખેડુતોને સબસીડી ચુકવવામાં આવેલ છે.

| **સમયગાળો** | **મળેલ અરજીઓની સંખ્યા** |
|---|---|
| તા. ૧-૧-૨૦૦૮ થી તા. ૩૧-૧૨-૨૦૦૮ | ૩૧૫૭૮ |
| તા. ૧-૧-૨૦૦૯ થી તા. ૩૧-૧૨-૨૦૦૯ | ૨૪૨૩૯ |

------------

## છઠ્ઠા પગાર પંચના લાભ અન્વયે બોર્ડ/કોર્પોરેશનની મળેલ દરખાસ્તો

અતારાંક્તિ : ૪૩૭૭ (૨૧/૦૨/૨૦૧૧) **શ્રી પુનાભાઈ ઢે. ગામીત(વ્યારા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છઠ્ઠા પગાર પંચના લાભો આપવા માટે ક્યા ક્યા બોર્ડ કોર્પોરેશનોની દરખાસ્તો સરકારને મળી,

(૨) તે અન્વયે ક્યા ક્યા બોર્ડ કોર્પોરેશનોની દરખાસ્તો ક્યારે મંજૂર કરી, અને

(૩) કેટલાને મંજૂરી આપવાની બાકી છે?

**નાણા મંત્રીશ્રી** (૦૬/૦૪/૨૦૧૧) :

(૧)
૧ સરદાર સરોવર નર્મદા નિગમ લી.
૨ ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લી.
૩ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ લી.
૪ ગુજરાત રાજ્ય કૃષિ બજાર બોર્ડ
૫ ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમ
૬ ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ
૭ આદિજાતિ વિકાસ નિગમ
૮ ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ
૯ ગુજરાત જમીન વિહોણા અને હળપતિ હાઉસીંગ બોર્ડ
૧૦ ગુજરાત ગ્રામ વિકાસ નિગમ

(૨)

| | | |
|---|---|---|
| ૧ | સરદાર સરોવર નર્મદા નિગમ લી. | ૨૪-૧૨-૧૦ |
| ૨ | ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ લી. | ૦૪-૦૯-૧૦ |
| ૩ | ગુજરાત રાજ્ય કૃષિ બજાર બોર્ડ | ૧૫-૧૦-૧૦ |
| ૪ | ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ | ૧૫-૦૫-૧૦ |
| ૫ | આદિજાતિ વિકાસ નિગમ | ૧૯-૦૬-૧૦ |
| ૬ | ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ | ૦૭-૦૪-૧૦ |

૭ ગુજરાત જમીન વિહોણા અને હળપતિ હાઉસીંગ બોર્ડ ૧૨-૦૭-૧૦

(૩) ૧ ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ

૨ ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમ

૩ ગુજરાત ગ્રામ વિકાસ નિગમ

------------

## પંચમહાલ જિલ્લામાં પેન્શનરોને પરમેનેન્ટ એકાઉન્ટ નંબર ન મળવા અંગે

અતારાંક્તિ : ૪૩૯૦ (૨૮/૦૨/૨૦૧૧) **શ્રી હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં આવેલી સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કામ કરતા શિક્ષકોને તા. ૧-૪-૨૦૦૫થી અમલમાં આવેલ વર્ધિત પેન્શન યોજના અંતર્ગત પેન્શન પરમેનેન્ટ એકાઉન્ટ નંબર ન મળ્યા હોય તેવા કેટલા શિક્ષકો છે અને કઈ કઈ શાળાઓના છે, અને

(૨) પી.પી.એ. નંબર ન મળવાના ક્યા કારણો છે ?

**નાણા મંત્રીશ્રી** (૦૪/૦૪/૨૦૧૧) :

(૧) ૮૭ શિક્ષકો

(૨) ઉપરોક્ત તમામ ૮૭ શિક્ષકોને આજની સ્થિતિએ પરમેનેન્ટ એકાઉન્ટ નંબર ફાળવી દેવાયેલ છે.

------------

## બોર્ડ/નિગમોની ખોટ ઘટાડવા લીધેલ પગલાં

અતારાંક્તિ : ૪૪૦૨ (૧૦/૦૩/૨૦૧૧) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યના ખોટ ખાતા બોર્ડ/નિગમોની ખોટ ઘટાડવા બિન જરૂરી ખર્ચા ઘટાડવા માટે ડીસેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં કોઈ સ્પષ્ટ આદેશો કર્યા છે કે કેમ તથા પગલાં જાહેર કર્યા છે કે કેમ, અને

(૨) તો તેની વિગતો શી છે ?

**નાણા મંત્રીશ્રી** (૨૯/૦૪/૨૦૧૧) :

(૧) અને (૨) : રાજ્યના ખોટ ખાતા બોર્ડ/નિગમોની ખોટ ઘટાડવા બિન જરૂરી ખર્ચ ઘટાડવા માટે લીધેલ પગલાંની વિગતો નીચે મુજબ છે.

(૧) પ્રાદેશિક તેમજ ક્ષેત્રિય કચેરીઓની સ્થાવર તેમજ જંગમ મિલકતોનો નિકાલ કરવામાં આવે છે.

(૨) કર્મચારીઓને જુદી જુદી કચેરીઓમાં પ્રતિનિયુક્તિના ધોરણે મોકલી આર્થિક ભારણ ઘટાડેલ છે. ખાલી જગ્યાઓ રદ કરેલ છે.

(૩) રીકવરી વધે તે માટે ઘનિષ્ટ પ્રયત્નો કરવામાં આવે છે. આ માટે જિલ્લાઓમાં રીકવરી એજન્ટો નિમવામાં આવે છે. અથવા જિલ્લા કચેરીઓના હયાત કર્મચારીઓથી રીકવરી કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જેથી રીકવરી વધવાથી ખોટમાં ઘટાડો થઈ શકે.

(૪) બાકીદારોની ચઢત બાકી રકમનું વર્ગીકરણ કરી બાકી લેણા વસુલ કરવા માટે કાનુની નોટીસ આપી વસુલાતની કાયદેસરની કાર્યવાહીની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે.

(૫) છઠ્ઠા પગારપંચની મંજૂરી આપતા પહેલાં જે તે બોર્ડ/કોર્પોરેશનની નાણાકીય પરિસ્થિતિની ચકાસણી કરીને મંજૂરી આપવામાં આવે છે.

------------

## સુવર્ણ જયંતી પ્રસંગે થયેલ વન મહોત્સવ

અતારાંક્તિ : ૩૮૯૬ (૨૪-૦૧-૧૧) **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યની સુવર્ણ જ્યંતિ પ્રસંગે તા. ૩૧-૦૮-૨૦૧૦ ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં કેટલા વન મહોત્સવનું આયોજન ક્ર્યું અને કેટલા પૂર્ણ ક્ર્યા,

(૨) આ સમય દરમિયાન જિલ્લાવાર કેટલા રોપાઓનું વાવેતર ક્રવામાં આવ્યું,

(૩) કેટલા રોપાનો ઉછેર થયો, અને

(૪) કેટલા રોપાઓ નાશ પામ્યા?

**વન મંત્રીશ્રી** (૧૫-૦૬-૧૧) :

(૧) રાજ્યની સુવર્ણ જ્યંતિ પ્રસંગે તા. ૩૧-૦૮-૨૦૧૦ ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં **૧૯૮૩** વન મહોત્સવનું આયોજન ક્ર્યું અને **૧૯૬૭** પૂર્ણ ક્ર્યા,

(૨) આ સમય દરમિયાન ઉપરોક્ત વન મહોત્સવ ઉજવણીમાં જિલ્લાવાર નીચે મુજબના રોપાઓનું વાવેતર ક્રવામાં આવ્યું.

| અ.નં. | જિલ્લો | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૦૯૨૦ | ૪૭૯૦૩ |
| ૨ | ખેડા | ૧૪૩૭૩ | ૪૫૯૯૩ |
| ૩ | આણંદ | ૧૧૯૧૦ | ૨૪૬૩૮ |
| ૪ | ગોધરા | ૧૧૫૭૦ | ૨૬૪૦૦૦ |
| ૫ | દાહોદ | ૯૫૪૦ | ૫૧૩૧૬ |
| ૬ | સુરેન્દ્રનગર | ૧૬૩૧૯ | ૭૨૨૬૨ |
| ૭ | વલસાડ | ૪૭૦૦ | ૨૯૫૦ |
| ૮ | નવસારી | ૩૧૫૦ | ૨૨૫૪ |
| ૯ | સુરત | ૬૩૦૦ | ૫૨૦૦ |
| ૧૦ | ભરૂચ | ૮૬૩૦ | ૨૩૩૦૦ |
| ૧૧ | નર્મદા | ૩૪૫ | ૫૦૨ |
| ૧૨ | વડોદરા | ૬૬૨૦ | ૧૨૩૮૭૯ |
| ૧૩ | ભાવનગર | ૪૫૭૫ | ૨૯૨૦૦ |
| ૧૪ | જૂનાગઢ | ૭૨૨૦ | ૧૮૧૩ |
| ૧૫ | અમરેલી | ૨૨૮૧૦ | ૩૬૨૨ |
| ૧૬ | જામનગર | ૪૭૦૦ | ૪૨૪૬ |
| ૧૭ | રાજકોટ | ૨૬૨૫ | ૧૦૧૪૪૦ |
| ૧૮ | મહેસાણા | ૨૧૬૦ | ૫૩૬૨ |
| ૧૯ | બનાસકાંઠા | ૪૦૦૦ | ૧૪૫૫૦ |
| ૨૦ | સાબરકાંઠા | ૨૪૬૦ | ૧૨૮૦૩ |
| ૨૧ | ક્ચ્છ | ૧૫૮૫ | ૮૬૫ |
| ૨૨ | ડાંગ | ૦ | ૦ |
| ૨૩ | તાપી | ૨૮૦૦ | ૪૮૦૦ |
| ૨૪ | પોરબંદર | ૧૬૦૦ | ૧૦૦ |
| ૨૫ | ગાંધીનગર | ૮૨૭૦ | ૪૫૫૩૩ |
| ૨૬ | પાટણ | ૬૩૭૪ | ૨૬૨૦ |
| કુલ | | ૧૭૫૫૫૬ | ૮૯૧૧૫૧ |

(૩) કુલ ૮૮૮૭૮૧ રોપાઓનો ઉછેર થયો અને

(૪) કુલ ૧૭૭૯૨૬ રોપાઓ નાશ પામ્યા છે.

------------

**ખેડા જિલ્લામાં વૃક્ષોની હરાજી કરવા બાબત**

અતારાંકિત : ૪૦૧૩ (૧૨-૧-૧૧) **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લામાં તા.૩૦-૦૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા વૃક્ષોની હરાજી કરી વેચાણ કરવામાં આવ્યા, અને

(૨) વૃક્ષોની હરાજી દ્વારા વેચાણ કરવાથી તાલુકાવાર કેટલી રકમ મળી ?

**વનમંત્રીશ્રી** (૧૫-૬-૧૧) :

(૧) ખેડા જિલ્લામાં તા.૩૦-૦૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે કુલ ૨૫૧૨૩ વૃક્ષોની હરાજી કરી વેચાણ કરવામાં આવ્યા છે.

| ક્રમ | તાલુકાનું નામ | હરાજી કરેલ વૃક્ષોની સંખ્યા |
|---|---|---|
| ૧ | નડિયાદ | ૯૯૭૬ |
| ૨ | ઠાસરા | ૫૫૬૯ |
| ૩ | માતર | ૨૦૪ |
| ૪ | મહુધા | ૧૫૨૬ |
| ૫ | બાલાસિનોર | ૬૮૧ |
| ૬ | વિરપુર | ૭૪૦ |
| ૭ | કપડવંજ | ૧૬૯૩ |
| ૮ | ખેડા | ૧૩૩ |
| ૯ | કઠલાલ | ૩૧૨૬ |
| ૧૦ | મહેમદાવાદ | ૧૪૭૫ |
| | **કુલ** | **૨૫૧૨૩** |

(૨) વૃક્ષોની હરાજી દ્વારા વેચાણ કરવાથી નીચેની વિગતે કુલ રૂા.૪,૧૫,૨૪,૯૦૬/-ની ઊપજ મળેલ છે. તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | હરાજીમાં ઉપજેલ રકમ (રૂ) |
|---|---|---|
| ૧ | નડિયાદ | ૯૯૮૩૧૪૪ |
| ૨ | ઠાસરા | ૧૯૧૧૯૭૯૯ |
| ૩ | માતર | ૪૩૫૮૧૫ |
| ૪ | મહુધા | ૧૧૯૯૬૯૦ |
| ૫ | બાલાસિનોર | ૨૮૩૪૭૭૬ |
| ૬ | વિરપુર | ૧૦૩૯૧૨૫ |
| ૭ | કપડવંજ | ૧૩૫૧૨૪૭ |
| ૮ | ખેડા | ૩૨૧૫૫૫ |
| ૯ | કઠલાલ | ૨૯૪૬૦૬૮ |
| ૧૦ | મહેમદાવાદ | ૨૨૯૩૬૮૭ |
| | **કુલ** | **૪૧૫૨૪૯૦૬** |

-----------

## દાહોદ જિલ્લામાં વૃક્ષોની હરાજી બાબત

અતારાંકિત : ૪૦૧૬ (૧૨-૧-૧૧) **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લામાં તાલુકાવાર તા.૩૦-૦૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા વૃક્ષોની હરાજી કરી વેચાણ કરવામાં આવ્યુ, અને

(૨) ઉક્ત હરાજી દ્વારા વેચાણ કરવાથી તાલુકાવાર કેટલી રકમ મળી ?

**વનમંત્રીશ્રી** (૧૫-૬-૧૧) :

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૦-૦૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સામાજીક વનીકરણ વિભાગ દ્વારા નીચેની વિગતે કુલ ૪૫૦૭ વૃક્ષોની હરાજી કરી વેચાણ કરવામાં આવેલ છે તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | હરાજી કરેલ વૃક્ષોની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૦ |
| ૨ | ઝાલોદ | ૦ |
| ૩ | લીમખેડા | ૦ |
| ૪ | ધાનપુર | ૬૨ |
| ૫ | ફતેપૂરા | ૦ |
| ૬ | બારીયા | ૩૩૮૫ |
| ૭ | ગરબાડા | ૧૦૬૦ |
| | **કુલ** | **૪૫૦૭** |

(૨) વૃક્ષોની હરાજી દ્વારા વેચાણ કરવાથી નીચેની વિગતે કુલ રૂા.૩૩૭૧૧૦૬/-ની ઊપજ મળેલ છે. તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | હરાજીમાં ઉપજેલ રકમ (રૂ) |
|---|---|---|
| ૧ | દાહોદ | ૦ |
| ૨ | ઝાલોદ | ૦ |
| ૩ | લીમખેડા | ૦ |
| ૪ | ધાનપુર | ૨૨૦૦૦ |
| ૫ | ફતેપૂરા | ૦ |
| ૬ | બારીયા | ૨૮૭૧૩૨૯ |
| ૭ | ગરબાડા | ૪૭૭૭૭૭ |
| | **કુલ** | **૩૩૭૧૧૦૬** |

-----------

## દાહોદ જિલ્લામાં વૃક્ષોનુ વાવેતર કરવા બાબત

અતારાંક્તિ : ૪૦૧૮ (૧૨-૧-૧૧) **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લામાં તાલુકાવાર તા.૩૦-૦૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું,

(૨) આ વાવેતર કરેલ વૃક્ષો પાછળ કઇ કઇ બાબતો પર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) આ વાવેતર કરેલ વૃક્ષો પેકી તા.૩૦-૦૬-૨૦૧૦ ની સ્થિતિએ કેટલા વૃક્ષો જીવિત છે ?

**વનમંત્રીશ્રી :**

(૧) દાહોદ જિલ્લાના સાત તાલુકાઓમાં તા.૩૦-૦૬-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મુખ્યત્વે નીચે પ્રમાણેના વૃક્ષોના રોપાઓની જાતોનું વાવેતર કરવામાં આવેલ છે.

વાંસ, ખેર, આમળા, કડાયો, મહુડા, બોર અર્જુનસાદડ, કરમદા, બહેડા, આંક્લ, હરડે, અરીઠા, ગુંદા, બીલી, રાયણ, કુસુમ, ચારોલી જામ્બુ, નીલગીરી, રેંજડો, સાદડ, સાગ, ક્લમ, જામફળ, સીતાફળ, ક્ણજી, સરગવા, બીયો, ટીમરૂ, ઓળા, મોયણા, ભીલામો, ક્ણજી, ઉંભ, કાજુ, પેલ્ટ્રો, રેઇન્ટ્રી, લીમડા, અરડુસા, પીપળ, વડ, બાવળ, પ્લપલીયા, ગુલમહોર, ગોરાડ, દેશી ખેર, ખાટી આંબલી, સેવન, લીંબુ ગો.આમલી, દે. સાદડ, ધાવડો, સાગી સ્ટમ્પ, ગરમાળો રેંજીયો, પા.ક્ણજી, કાઠી, આંબાં, આસોત્રી, સીમળા, સીસમ જેવી જાતોનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) આ વાવેતર કરેલ વૃક્ષો પાછળ બાબતવાર નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| ક્રમ | વર્ષ | આગોતરા ક્રમો | વાવેતરના ક્રમ | જાળવણીના ક્રમ | કુલ રકમ(રૂા. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૮-૦૯ | ૩૦૯.૨૪ | ૪૨૬.૩૮ | ૧૯૩.૩૮ | ૯૨૯.૦૦ |
| ૨ | ૨૦૦૯-૧૦ | ૪૯૪.૮૪ | ૫૭૧.૪૩ | ૩૨૪.૫૬ | ૧૩૯૦.૮૩ |
| | કુલ | ૮૦૪.૦૮ | ૯૯૭.૮૧ | ૫૧૭.૯૪ | ૨૩૧૯.૮૩ |

(૩) સને ૨૦૦૮-૦૯ના વર્ષના વાવેતરમાં વાવેલા કુલ રોપાઓ પેકી ૩૫.૨૧ લાખ રોપાઓ જીવંત છે. જ્યારે સને ૨૦૦૯-૧૦ વર્ષમાં વાવેલા રોપાઓ પેકી ૪૪.૯૩ લાખ વૃક્ષો જીવંત છે.

-----------

## કચ્છ જિલ્લામાં આવેલ સરકારની નર્સરીઓ

અતારાંક્તિ : ૪૦૯૨ (૨૪-૧-૧૧) **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૦-૦૯-૧૦ની સ્થિતિએ તાલુકાવાર સરકાર હસ્તક્ની કેટલી નર્સરીઓ આવેલી છે,

(૨) તે પેકી ઉપરોક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા છોડ ઉછેરવામાં આવ્યા, અને

(૩) તે પેકી કેટલા છોડ પંચાયત અને ખેડૂતોને વર્ષવાર ફાળવવામાં આવ્યા ?

**વન મંત્રીશ્રી** (૧૫-૬-૧૧) :

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૦-૦૯-૧૦ની સ્થિતિએ તાલુકાવાર સરકાર હસ્તકની નર્સરીઓની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | નર્સરીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભુજ | ૧૦ |
| ૨ | માંડવી | ૧૦ |
| ૩ | મુન્દ્રા | ૩ |
| ૪ | નખત્રાણા | ૬ |
| ૫ | અબડાસા | ૭ |
| ૬ | લખપત | ૧૨ |
| ૭ | અંજાર | ૪ |
| ૮ | ભચાઉ | ૪ |
| ૯ | રાપર | ૧૧ |
| | કુલ | ૬૭ |

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં નીચેની વિગતે છોડ ઉછેરવામાં આવ્યા.

| અ.નં. | વર્ષ | ઉછેરવામાં આવેલ છોડની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૦૮-૦૯ | ૧૦૫.૫૩ |
| ૨ | ૨૦૦૯-૧૦ | ૧૪૨.૦૯ |
| ૩ | ૨૦૧૦-૧૧(તા.૩૦-૯-૨૦૧૦ની સ્થિતિએ) | ૧૫૩.૨૩ |

(૩) તે પૈકી નીચેની વિગતોના છોડ પંચાયત અને ખેડૂતોને વર્ષવાર ફાળવવામાં આવ્યા.

| અ.નં | વર્ષ | તે પૈકી ફાળવેલ છોડની વિગત (લાખમાં) | | |
|---|---|---|---|---|
| | | પંચાયતને ફાળવેલ છોડની સંખ્યા | ખેડૂતને ફાળવેલ છોડની સંખ્યા | કુલ છોડની સંખ્યા |
| ૧ | ૨૦૦૮-૦૯ | ૯.૫૭ | ૨.૨૩ | ૧૧.૮૦ |
| ૨ | ૨૦૦૯-૧૦ | ૧૦.૭૦ | ૨.૧૨ | ૧૨.૮૨ |
| ૩ | ૨૦૧૦-૧૧(તા.૩૦-૦૯-૨૦૧૦ની સ્થિતિએ) | ૬.૦૦ | ૨.૧૦ | ૮.૧૦ |

## કચ્છ જિલ્લામાં રોપા ઉછેરવા બાબત

અતારાંક્તિ : ૪૦૯૩ (૨૪-૧-૨૦૧૧) **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૦-૦૯-૧૦ની સ્થિતિએ તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા પ્રકારના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું,

(૨) આ વાવેતર કરેલ રોપાઓ પાછળ કઈ કઈ બાબતે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) આ વાવેતર કરેલ રોપાઓ પૈકી તા.૩૦-૦૯-૧૦ની સ્થિતિએ કેટલા રોપા જીવીત છે ?

**વન મંત્રીશ્રી** (૧૫-૬-૧૧) :

(૧) કચ્છ જિલ્લાના નવ તાલુકાઓમાં તા.૩૦-૦૯-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મુખ્યત્વે નીચે પ્રમાણેના રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

લીયાર, પીલું, ઉંટમોરડ, ગુગળ, ખેર, દેશી બાવળ, ખીજડો, હરમો, ગોરાડ, બોરડી, બાયોનીશ, લુસ્કા, ગાંગેટી, ગુલમહોર, કરંજ, લીમડો, અરડુસા, નીલગીરી, સીરીઓપ્સ, રાઇઝોફોરા, એવીસીનીયા, વગેરે જાતના રોપાઓનું વાવેતર કરેલ છે.

(૨) આ વાવેતર કરેલ રોપાઓ પાછળ બાબતવાર નીચે મુજબ ખર્ચ થયેલ છે..

| વર્ષ | આગોતરા કામો | વાવેતરના કામો | જાળવણીના કામ | કુલ રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૬૯૮.૩૨ | ૮૪૪.૭૯ | ૩૨૫.૮૭ | ૧૮૬૮.૯૮ |
| ૨૦૦૯-૧૦ | ૮૨૫.૨૦ | ૧૦૨૦.૯૨ | ૧૩૮.૧૦ | ૧૯૮૪.૨૨ |
| ૨૦૧૦-૧૧ (તા.૩૦-૦૯-૨૦૧૦ની સ્થિતિએ) | ૮૮૮.૬૦ | ૪૪૩.૦૩ | ૦ | ૧૩૩૧.૬૩ |

(૩) સને ૨૦૦૮-૦૯ના વર્ષના વાવેતરમાં વાવેલ કુલ રોપાઓ પૈકી ૫૧.૧૫ લાખ રોપાઓ જીવંત છે. સને ૨૦૦૯-૧૦ના વર્ષમાં વાવેલ રોપાઓ પૈકી ૯૨.૧૧ લાખ રોપાઓ જીવંત છે. તથા ૨૦૧૦-૧૧ના વર્ષમાં વાવેલા રોપાઓ પૈકી ૭૯.૧૭ લાખ રોપાઓ જીવંત છે.

-----------

**કચ્છ જિલ્લામાં ઘરફોડ ચોરી, લૂંટ, આપઘાત અને બળાત્કારના કિસ્સા**

અતારાંકિત : ૪૪૫૧ (૨૩-૫-૧૧) **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં તા.૩૧-૩-૧૧ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલી ઘરફોડ ચોરી, લૂંટ, બળાત્કાર તથા આપઘાતના કેટલા કિસ્સાઓ બન્યા, અને

(૨) કિસ્સાવાર કેટલા શખ્સોની ધરપકડ થઈ અને કેટલા સામે ચાર્જશીટ રજૂ થઈ ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ)(૨૪-૬-૧૧) :

(૧)

| તાલુકાનુ નામ | ઘરફોડ ચોરી | લૂંટ | બળાત્કાર | આપઘાત |
|---|---|---|---|---|
| ભુજ | ૧૧૬ | ૧૩ | ૧૫ | ૧૩૩ |
| માંડવી | ૨૬ | ૦૧ | ૦૩ | ૫૩ |
| મુંદ્રા | ૩૧ | ૦૪ | ૦૨ | ૬૨ |
| નખત્રાણા | ૩૫ | ૦૩ | ૦૩ | ૦૯ |
| લખપત | ૧૦ | - | - | - |
| અબડાસા | ૨૪ | - | - | ૦૭ |
| અંજાર | ૩૪ | ૦૭ | ૦૧ | ૦૮ |
| ગાંધીધામ | ૧૩૯ | ૨૦ | ૦૪ | ૧૩ |
| ભચાઉ | ૬૩ | ૦૮ | ૦૯ | ૦૯ |
| રાપર | ૪૦ | ૦૫ | ૦૪ | ૦૮ |

(૨)

| ગુનાની સંખ્યા | | ધરપકડ કરેલ આરોપીઓની સંખ્યા | ચાર્જશીટ રજૂ થઈ |
|---|---|---|---|
| ઘરફોડ ચોરી | ૫૧૫ | ૪૪૪ | ૩૦૮ |
| લૂંટ | ૬૧ | ૧૧૬ | ૬૧ |
| બળાત્કાર | ૪૧ | ૬૯ | ૫૦ |
| આપઘાત | ૩૦૨ | ૭૫ | ૩૮ |

-----------

**વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧માં ઉદ્યોગો માટે થયેલા એમ.ઓ.યુ.**

અતારાંકિત : ૪૩૭૪ (૨૧-૨-૧૧) **શ્રી ચંદુભાઈ ડાભી(કરજણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે-

જાન્યુ-૨૦૧૧માં ગાંધીનગરમાં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટમાં ક્યા ક્યા ઉદ્યોગકારોએ ક્યા ક્યા ઉદ્યોગો માટે કેટ કેટલી રકમના એમ.ઓ.યુ. કર્યા છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) :

જાન્યુઆરી-૨૦૧૧માં ગાંધીનગરમાં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૧માં કુલ ૮૩૮૦ ઉદ્યોગકારોએ રૂા.૨૦,૮૩,૦૮૯ કરોડ જેટલી રકમના એમ.ઓ.યુ. એપ્રુવલ્સ / એનાઉન્સમેન્ટ કર્યા. જેની માહિતી વેબસાઈટ www.vibrantgujarat.com/vibrant-gujarat-summits/mou+૨૦૧૧.aspx ઉપર અંગ્રેજીમાં મૂકવામાં આવેલ છે.

-----------

**સરકારી છાપકામ સરકારી પ્રેસના બદલે ખાનગી પ્રેસમાં છપાવવા બાબત**

અતારાંક્તિ : ૪૩૯૭ (૮-૩-૨૦૧૧) **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય છાપકામ અને લેખન સામગ્રી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારે કેટલું સરકારી છાપકામ સરકારી પ્રેસના બદલે ખાનગી પ્રેસોમાં છપાવવામાં આવ્યું,

(૨) તે અન્વયે ખાનગી પ્રેસમાં છપાયેલ સાહિત્ય અન્વયે વર્ષવાર કેટલી રકમ ચૂક્વવામાં આવી, અને

(૩)સરકારી પ્રેસોને અદ્યતન બનાવી આવી કામગીરી ખાનગી પ્રેસોને નહીં આપવા સરકારે શું આયોજન કરેલ છે?

**છાપકામ અને લેખન સામગ્રી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) (૬-૬-૧૧) :

(૧) રૂપિયા૧૭,૫૧,૫૨,૯૨૫-૦૦ (અંકે રૂપિયા સત્તર કરોડ એકાવન લાખ બાવન હજાર નવસો પચીસ પૂરા).

(૨) તા.૩૧-૦૧-૧૧ની સ્થિતિએ વર્ષ ૨૦૦૯-૧૦ માં રૂપિયા ૮,૮૯,૯૬,૦૭૩.૦૦ (અંકે રૂપિયા આઠ કરોડ નેવ્વાસી લાખ છન્નું હજાર તોતેર પૂરા) અને વર્ષ ૨૦૧૦-૧૧ માં રૂપિયા ૮,૬૧,૫૬,૮૫૨.૦૦ (અંકે રૂપિયા આઠ કરોડ એક્સઠ લાખ છપ્પન હજાર આઠસો બાવન પૂરા).

(૩) પાંચેય સરકારી પ્રેસોમાં પ્લાન સ્કીમ અને રીન્યુઅલ અને રીપ્લેસમેન્ટ અન્વયે જોગવાઈઓ કરીને પાંચેય પ્રેસોને ક્રમાનુસાર અદ્યતન કરવામાં આવી રહ્યા છે.

**દાહોદ જિલ્લામાં શ્રમિકોને રોજીરોટી માટે કરેલ આયોજન**

અતારાંક્તિ : ૪૩૮૯ (૨૨-૨-૧૧) **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાંથી મોટાપાયે શ્રમિકો રોજીરોટી મેળવવા અન્ય જિલ્લાઓમાં સ્થળાંતર કરે છે ત્યારે દાહોદ જિલ્લામાં આવા શ્રમિકોને રોજીરોટી મળી રહે અને સ્થળાંતર ન થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા ક્યા ક્યા પગલાં લેવામાં આવ્યા, અને

(૨) શ્રમિકોને નજીક્ના સ્થળે કામ મળે તેવું શું આયોજન સરકાર દ્વારા કરેલ છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૪-૪-૧૧) :

(૧)

* રોજગાર કચેરી ખાતે રોજગાર વાંચ્છુ ઉમેદવારોની ઓનલાઇન નામનોંધણી કરવામાં આવે છે.
* નોકરીદાતાઓની માંગણી મુજબ નોંધાયેલ ઉમેદવારોની ભલામણ કરવામાં આવે છે.
* ઉમેદવારોને રોજગારીની તક પૂરી પાડવા માટે નોકરીદાતાઓ સાથે સંક્લન કરીને ઓદ્યોગિક ભરતીમેળાઓનું આયોજન કરવામાં આવે છે.
* સંરક્ષણ દળો માટેના લશ્કરી ભરતીમેળાઓનું આયોજન કરવામાં આવે છે અને તે માટે તાલીમ વર્ગોનું સંચાલન કરવામાં આવે છે.
* સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કેરીયર કોર્નરના વર્ગો, સ્પર્ધાત્મક પરીક્ષા માટેના તાલીમ વર્ગો વિગેરે દ્વારા પરોક્ષરીતે રોજગારી અપાવવા સરકારશ્રી મદદરૂપ થાય છે.

આ ઉપરાંત ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં લાંબા અને ટૂંકા ગાળાના તાલીમ વર્ગો ચલાવીને યુવાનોની રોજગાર ક્ષમતા (કોશલ્ય વર્ધન) વધારવા અંગેની કામગીરી હાથ ધરવામાં આવે છે.

(૨) આ અંગેની કામગીરી આ વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ નથી.

**વડોદરા જિલ્લામાં ઓદ્યોગિક એકમોમાં બોઇલરની ચકાસણી**

અતારાંક્તિ : ૪૩૯૨ (૩-૩-૧૧) **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા શહેર અને જિલ્લામાં આવેલા ઓદ્યોગિક એકમોની ફેક્ટરીમાં બોઇલર ઇન્સપેક્ટરો દ્વારા કેટલી વખત બોઇલર ચકાસણી કરવામાં આવી,

(૨) તે અન્વયે ક્યા ક્યા ઓદ્યોગિક એકમો ફેક્ટરીઓમાં બોઇલરોમાં ખામીઓ જણાઇ, અને

(૩) તે અન્વયે સરકારે શા પગલાં લીધા ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૨૬-૪-૧૧) :

(૧) બોઇલર એક્ટની ક્લમ-૮ પ્રમાણે ફાયર બોઇલરોની વર્ષમાં એક વખત તથા વેસ્ટહીટ બોઇલરોની બે વર્ષે એક વખત ચકાસણી કરવામાં આવે છે. તારીખ ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવા કુલ ૭૬૦ બોઇલરોની ચકાસણી કરવામાં આવેલ છે.

(૨) ૩૪ ઓદ્યોગિક એક્મોમાં (પરિશિષ્ટ-૧ મુજબ) ૧૦૩ બોઇલરોમાં ખામીઓ જણાયેલ.

(૩) ઇન્ડીયન બોઇલર રેગ્યુલેશન હેઠળની જોગવાઇઓ મુજબ ચકાસણી કરી બોઇલરોને ઉપયોગમાં લેવા માટે પ્રમાણિત કરેલ હતા.

**પરિશિષ્ટ - ૧**

**નીચે જણાવેલ ૩૪ સંસ્થાઓના બોઇલરોમાં ખામીઓ જણાયેલ હતી.**

| | |
|---|---|
| (૧) | ડાયામાઇન્સ એન્ડ કેમીકલ્સ, વડોદરા |
| (૨) | સીમર કેમીકલ્સ પ્રા. લી. એકલબારા |
| (૩) | અચ્યુત પોલીમર પ્રા. લી. પોઇચા |
| (૪) | અમોલી ઓર્ગેનીક્સ લી. લુણા |
| (૫) | આઇ. ઓ. સી. એલ. વડોદરા |
| (૬) | આઇ. ઓ. સી. એલ. વડોદરા |
| (૭) | ઇનોવેટીવ ટાયર એન્ડ ટ્યુબ લી, હાલોલ |
| (૮) | ઇન્ડો નીપોન કેમીકલ્સ નંદેસરી |
| (૯) | એપોલો ટાયર્સ લી. વાઘોડીયા |
| (૧૦) | એલેમ્બીક લી, વડોદરા |
| (૧૧) | કેડિલા હેલ્થકેર લી. ડભાસા |
| (૧૨) | ગુજરાત ફ્લોરા કેમ. લી. રણજીતનગર |
| (૧૩) | જી.આઇ.પી.સી.એલ. વડોદરા |
| (૧૪) | જી.એસ.એફ.સી. લી. વડોદરા |
| (૧૫) | જી.સી.એફ.સી. લી. (પોલીમર) |
| (૧૬) | ટ્રાન્સ પેક ઇન્ડસ્ટ્રીઝ, એકલબારા |
| (૧૭) | તારક કેમીકલ્સ પ્રા. લી. એકલબારા |
| (૧૮) | દિનેશ મીલ્સ લી. વડોદરા |
| (૧૯) | દિપક નાઇટ્રાઇટ લી. નંદેસરી |
| (૨૦) | પનોલી ઇન્ટરમીડીયીટ પ્રા. લી. નંદેસરી |
| (૨૧) | પંચમહાલ ડેરી, ગોધરા |
| (૨૨) | પાન ડ્રગઝ, નંદેસરી |
| (૨૩) | બજાજ હેલ્થ કેર લી. |
| (૨૪) | બરોડા ડેરી, મકરપુરા |
| (૨૫) | બોદાલ કેમીકલ્સ લી. દુધવાડા |
| (૨૬) | મયુર ડાય કેમ ઇન્ટર્મીડીયેટ લી. કરખડી |
| (૨૭) | માઇલસ્ટોન, એકલબારા |
| (૨૮) | મેટ્રો કેમ ઇન્ડસ્ટ્રીજ લી. ઉમરાયા |
| (૨૯) | રિલાયન્સ ઇન્ડ લી. વડોદરા |
| (૩૦) | રેકોન ફાર્મા.કેમ. પ્રા.લી., નંદેસરી |
| (૩૧) | સન ફાર્મા લી. હાલોલ |
| (૩૨) | સયાજી પેપર, પોઇચા |
| (૩૩) | સીએટ લી. હાલોલ |
| (૩૪) | સ્ટેલર કેમીકલ્સ, કાલોલ |

**જામનગર તથા ઓખા મંડળ તાલુકાના પ્રદૂષિત ભુગર્ભજળ અંગે**

અતારાંક્તિ : ૩૮૯૭ (૨૪-૧-૧૧) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લાના જામનગર તથા ઓખા મંડળ તાલુકા જૂન-૨૦૧૦ની સ્થિતિએ પ્રદૂષિત ભૂગર્ભ જળની સમસ્યાથી પ્રભાવિત થયેલ છે. તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તેના શાં કારણો છે, અને

(૩) આ સમસ્યાના ઉકેલ માટે શી વ્યવસ્થા થઇ છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૪-૪-૧૧) :

(૧), (૨) અને (૩) જામનગર જિલ્લાના જામનગર તથા ઓખા મંડળ તાલુકાઓમાં દરિયાકાંઠાનો વિસ્તાર તથા ભુગર્ભજળ દરિયાઇ ખારાશથી પ્રભાવિત થયેલ છે, જેના નિવારણ માટે ઉચ્ચ કક્ષાની સમિતિ દ્વારા ભલામણ થયેલ વિવિધ કામો અગ્રતાના ધોરણે હાથ ધરવામાં આવેલ છે, જે પૈકી જામનગર તાલુકામાં ૨ બંધારા, ૭.૩૫ કી.મી. લંબાઇની વિસ્તરણ નહેર, ૧ પુનઃ પ્રભરણ તળાવ, ૧ રેક્લેમેશન બંડ તથા ૨૯ ચેકડેમના કામો અંદાજીત કિંમત રૂા. ૧૫૫૬.૧૬ લાખના કામો પૂર્ણ કરેલ છે, જ્યારે ઓખા મંડળ તાલુકામાં ૧૬ ચેક ડેમના કામો અંદાજીત કિંમત રૂા. ૫૯.૩૪ લાખના ખર્ચે પૂર્ણ કરેલ છે.અને ૧ બંધારા, ૧ પુનઃપ્રભરણ તળાવ તથા ૪ ચેકડેમના કામો અંદાજીત કિંમત રૂા. ૬૪.૦૦ લાખના પ્રગતિ હેઠળ છે.

----------

### જામનગર જિલ્લાની જમીન વધુ પડતી સલાઇનયુક્ત બનવા અંગે

અતારાંકિત : ૩૮૭૧ (૨૭-૧-૧૧) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લાના જામનગર, જોડીયા, કલ્યાણપુર, ખંભાળીયા તથા ઓખામંડળ તાલુકાની જમીન જુન-૨૦૧૦ ની સ્થિતિએ સલાઇનથી વધુ ખારાશયુક્ત બની છે તે હકિક્ત સાચી છે,

(૨) ઉપરોક્ત તાલુકાની કેટલી જમીન વધુ પડતી સલાઇનયુક્ત બની છે, અને

(૩) ઉક્ત તાલુકાઓની વધુ પડતી સલાઇનયુક્ત જમીનોને નવસાધ્ય કરવા શો એકશનપ્લાન બન્યો છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૧૩-૫-૧૧) :

(૧) હા, જી.

(૨) ૬૩૧૯ હેક્ટર.

(૩) ઉક્ત તાલુકાઓમાં જમીનની ખારાશને દૂર કરવા માટે અગ્રતાના ધોરણે વિવિધ ક્ષાર નિવારણ યોજનાઓ હાથ ધરવામાં આવેલ છે. જે પૈકી ૨ ભરતી નિયંત્રક, ૩ બંધારા, ૨ પુનઃપ્રભરણ જળાશય, ૨૫.૩૯ કી.મી. લંબાઇની વિસ્તરણ નહેરો તથા ૧ પુનઃપ્રભરણ તળાવ અને ૧૫૭ ચેકડેમનાં કામો રૂા. ૩૫૮૬.૨૦ લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. જ્યારે ૧ ભરતી નિયંત્રક, ૨ બંધારા, ૫.૪૩ કી.મી. લંબાઇની વિસ્તરણ નહેર, ૧ પુનઃપ્રભરણ તળાવ, ૧ રેક્લેમેશન બંડ, અને ૧ ચેકડેમનાં કામો અંદાજીત કિંમત રૂા. ૨૮૫૦.૦૦ લાખનાં પ્રગતિ હેઠળ છે.

### શ્યામનગર ખાતે ખુલ્લા બોરવેલમાં પડી જવાથી બાળકનું મૃત્યુ થવા અંગે

અતારાંકિત : ૪૧૪૮ (૨૭-૧-૧૧) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સાબરકાંઠા જિલ્લાના ધનસુરા તાલુકાના શ્યામનગર કંપા ખાતે તા. ૨૯-૯-૧૦ના રોજ ૭૫ ફુટ ઊંડા ખુલ્લા બોરવેલમાં વર્ષનું બાળક પડી જતાં કરૂણ મૃત્યુ થયું હતું તે ગંભીર હકીક્ત સરકાર જાણે છે,

(૨) સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ ખુલ્લા બોરવેલને સીલ કરવાની જવાબદારી ક્યા સરકારી અધિકારીની હતી.

(૩) આ બોરવેલને ખુલ્લો રાખનાર સામે શી કાનુની કાર્યવાહી થઇ છે, અને

(૪) આ કામગીરીમાં નિષ્ફળ જવા બદલ સદર અધિકારી સામે શા કાનુની અને ફોજદારી પગલા લેવાયા છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૧૫-૪-૧૧) :

(૧) સાબરકાંઠા જિલ્લાના ધનસુરા તાલુકાના શ્યામનગર કંપા ખાતે તા. ૨૯-૯-૧૦ના રોજ ૭૫ ફુટ ઊંડા ખુલ્લા બોરવેલમાં વર્ષનું બાળક પડી જતાં કરૂણ મૃત્યુ થયું હતું

(૨) સુપ્રીમકોર્ટના આદેશ મુજબ તાલુકાના ગામોમાં નિર્દોષ બાળકો ખુલ્લા બોરના કારણે ભોગ ન બને તે સારુ સંબંધિત તાલુકા વિકાસ અધિકારીઓએ જરૂરી કાર્યવાહી કરવાની રહે છે તેમજ શહેરી વિસ્તારો માટે નગરપાલિકાએ કાર્યવાહી કરવાની રહે છે.

(૩) તપાસમાં એવું જોવા મળેલ છે કે જે તે સમયે બીન ઉપયોગી થયેલા સદર બોરવેલને જમીન સમથલ કરી પથ્થરથી ઢાંકી દેવામાં આવેલ પરંતુ ખેતરમાં ખેડ વિગેરે કરવામાં આ પથ્થરનું ઢાંકણ ખસી જતાં બોર ખુલ્લો થઇ જતાં આ અકસ્માત બનેલ. આ અકસ્માતમાં આ ખેતરને ભાગે વાવતા ઇસમના પુત્રનું મોત નિપજેલ. પોલીસ તપાસમાં આ

બોરવેલ જે તે વખતે ઢંકાયેલ હોવાનું અને ખેતરના માલિક/ભાગીયાથી સંભવતઃઅક્સ્માતે ખુલી જવાથી તેમના કુટુંબનાજ પુત્રનું મોત થવાનું બનાવ અક્સ્માતે બનેલ હોવાનું તારણ નિક્ળેલ છે. પોલીસના તપાસતારણ અને સબડીવીઝન મોડાસાએ સી.આર.પી.સી. ની નક્લ ૧૭૪ હેઠળ સમીક્ષા કરી મંજુર રાખેલ છે. આમ બનાવ અક્સ્માતે બનેલ હોઇ કોઇની સામે કાનુની કાર્યવાહી કરવામાં આવેલ નથી.

(૪) ઉપર ક્રમ નં. ૩ માં વિગતે જણાવ્યું તેમ નિષ્ફળ ગયેલ બોરને જે તે વખતે ખેડૂત દ્વારાજ જમીન સમથલ કરીને પથ્થર મુકી ઢાંકી દેવામાં આવેલ તે અક્સ્માતે તેમનાથી જ ખુલી જતાં પ્રશ્ન હેઠળનો અક્સ્માત સર્જાયેલ. આ વિગતે કોઇ અધિકારીનો ક્સુર હોવાનો ન જણાતો કોઇ અધિકારી સામે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી. વિશેષમાં સુપ્રિમ કોર્ટના ચુકાદાને અનુલક્ષીને તા. ૧૭-૨-૨૦૧૧ના મહેસુલ વિભાગના ઠરાવ ડી.એમ.એ/૧૦૨૦૧૦/૩૩૦/પે.વ.પુ. નીથી આવા બનાવો બનતા અટકાવવા વિગતે માર્ગદર્શિકા બહાર પડાઇ છે. જેમાં સમગ્ર બાબતે લેવાના થતા સાવચેતીના પગલાં જવાબદારીઓનું વિભાજન, નોંધણી-ચકાસણી સત્તાઓ સહિત તમામ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે. જે મુજબ ગ્રામીણ વિસ્તારમાં બોર વિગેરેને જમીનના સ્તર સુધી પુરવાની જવાબદારી સંબંધિત બોર કુવો બનાવનાર એજન્સીની છે. તેમજ ચકાસણીની જવાબદારી તાલુકા પંચાયતની છે. પરંતુ પ્રશ્ન હેઠળનો બનાવ આ માર્ગદર્શિકા જારી થયા પહેલાં બનેલ છે અને વળી તે ઢાંક્વામાં આવેલ બોર અક્સ્માતે ખુલી જતાં થયેલ અક્સ્માતનો બનાવ બનેલ છે.

----------

## રાજ્યમાં જમીનની ખારાશથી પ્રભાવિત તાલુકા

અતારાંક્તિ : ૪૧૪૨ (૨૭-૧-૧૧) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં સપ્ટેમ્બર ૨૦૧૦ની સ્થિતિએ અમરેલી, અમદાવાદ, બનાસકાંઠા, ભાવનગર, જામનગર, જુનાગઢ, ક્ચ્છ, ખેડા, મહેસાણા, રાજકોટ, સુરેન્દ્રનગર, વડોદરા જિલ્લાના ક્યા ક્યા તાલુકાઓ જમીનની ખારાશથી પ્રભાવિત થયા છે, અને

(૨) આ તાલુકાઓને આ સમસ્યાથી મુક્ત કરવા શી કાર્યયોજના થઇ છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૧૩-૫-૧૧) :

| ૧૨ | ઝાલોદ | ઝાલોદ | હવેલીવાલ અ.રહીમ.ઈસ્માઈલ કોળીવાડ | ૧૦૦૬/૧+૨ | મંજુર | ૧/૩/૧૧ |
| ૧૩ | ઝાલોદ | લીંબડી | માંગીલાલ પ્રેમચંદ શાહ | ૯ પૈકી/૧ | મંજુર | ૮/૩/૧૧ |
| ૧૪ | ઝાલોદ | ઝાલોદ | કેતનભાઈ મગનભાઈ પટેલ | ૩૧/૫-પૈ | મંજુર | ૧૩/૧૧/૧૦ |
| ૧૫ | ઝાલોદ | ઝાલોદ | ઈશાક અ સતાર | ૬૪૨ | મંજુર | ૧/૩/૧૧ |
| ૧૬ | ઝાલોદ | ટાંડી | મોરી ભેરાભાઈ પુંજાભાઈ | ૧૧૨/અ | મંજુર | ૧/૩/૧૧ |
| ૧૭ | ઝાલોદ | નાનસલાઈ | અગ્રવાલ સુનિલકુમાર જુગલ કિશોર | ૪૬ | મંજુર | ૧/૩/૧૧ |
| ૧૮ | ઝાલોદ | ઝાલોદ | શેખ. અ. કરીમભાઈ અહેમદભાઈ | ૧૦૪૮ | મંજુર | ૧૧/૩/૧૧ |
| ૧૯ | ઝાલોદ | ઝાલોદ | સૈયદ બસીર અહેમદ અબ્દુલ વિ. | ૨/૪ | મંજુર | ૧૧/૩/૧૧ |

પત્રક-૩

| અ.નં. | તાલુકો | ગામનું નામ | અરજદારનું નામ | સર્વે/ બ્લોક નં. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | દાહોદ | ઉસરવાણ | બારીયા સવજીભાઈ સુરજીભાઈ | ૯૮ પૈકી |
| ૨ | દાહોદ | રામપુરા | ભરતદાસ ગુરૂનવલદાસ | ૨૨ |
| ૩ | દાહોદ | દાહોદ | કલ્પનાબેન રાજકુમાર બાલવાણી | ૬૭૯/૧ |
| ૪ | દાહોદ | દાહોદ (ક) | રામચંદ્ર ચોઈથારમ બાલવાણી | ૬૭૯ પૈકી |
| ૫ | દાહોદ | દાહોદ (ક) | મન્નારભાઈ તાહેરભાઈ જીન્યા | ૫૨૪/૧ પૈકી-અ |
| ૬ | દાહોદ | દાહોદ | હરીશભાઈ ઈશ્વરભાઈ જેઠ્ઠાણી | ૫૨૪/૧અ |
| ૭ | દાહોદ | દાહોદ | મહમદ જાબીરભાઈ નગદી | ૫૨૪/૧અ |
| ૮ | દાહોદ | રામપુર | હરસિંગ રંગજીભાઈ માવી | ૨૧ |
| ૯ | દાહોદ | દાહોદ | સ્વતંત્ર દેવેન્દ્રકુમાર તલાટી | ૯૭૦ |
| ૧૦ | ઝાલોદ | ઝાલોદ | કાનુંગા મજીદમીયા અમીરમીયા | ૯૨૭ |
| ૧૧ | ઝાલોદ | ઝાલોદ | હવેલીવાલ અ.રહીમ.ઈસ્માઈલ કોળીવાડ | ૧૦૦૬/૧+૨ |
| ૧૨ | ઝાલોદ | લીંબડી | માંગીલાલ પ્રેમચંદ શાહ | ૯ પૈકી/૧ |
| ૧૩ | ઝાલોદ | ઝાલોદ | કેતનભાઈ મગનભાઈ પટેલ | ૩૧/૫-પૈ |
| ૧૪ | ઝાલોદ | ઝાલોદ | ઈશાક અ સતાર | ૬૪૨ |
| ૧૫ | ઝાલોદ | ટાંડી | મોરી ભેરાભાઈ પુંજાભાઈ | ૧૧૨/અ |
| ૧૬ | ઝાલોદ | નાનસલાઈ | અગ્રવાલ સુનિલકુમાર જુગલ કિશોર | ૪૬ |
| ૧૭ | ઝાલોદ | ઝાલોદ | શેખ. અ. કરીમભાઈ અહેમદભાઈ | ૧૦૪૮ |
| ૧૮ | ઝાલોદ | ઝાલોદ | સૈયદ બસીર અહેમદ અબ્દુલ વિ. | ૨/૪ |

**Table ૫**

| ક્ષેત્રફળ (ચો.મી.) | પ્રિમિયમનો દર પ્રતિ ચો.મી.રૂા. | જમા કરાવેલ પ્રિમિયમની કુલ રકમ રૂા. | પ્રિમિયમની રકમ જમા કરાવ્યા તારીખ | જે તારીખે પ્રમિયમ જમા કરાવ્યું હોય તે તારીખે સરકારી પ્રમિયમનો દર |
|---|---|---|---|---|
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૮૦૦૦ | ૩૮૪ | ૩૦,૭૨,૦૦૦/- | ૨૬/૮/૧૦ | ૮૦% (જંત્રીના દરના) |
| ૩૯૦૦૦ | ૧૪૪ | ૫૬,૧૬,૦૦૦/- | ૯/૮/૧૦ | ૮૦% (જંત્રીના દરના) |
| ૬૨૨૨ | ૮૦૦ | ૪૯,૭૭,૬૦૦/- | ૨/૪/૧૧ | ૮૦% (જંત્રીના દરના) |
| ૬૨૨૨ | ૮૦૦ | ૪૯,૭૭,૬૦૦/- | ૭/૪/૧૧ | ૮૦% (જંત્રીના દરના) |
| ૫૨૩૪ | ૮૦૦ | ૪૧,૮૭,૨૦૦/- | ૧૧/૪/૧૧ | ૮૦% (જંત્રીના દરના) |
| ૭૦૦૦ | ૮૦૦ | ૫૬,૦૦,૦૦૦/- | ૧૧/૪/૧૧ | ૮૦% (જંત્રીના દરના) |
| ૮૦૦૦ | ૮૦૦ | ૬૪,૦૦,૦૦૦/- | ૧૧/૪/૧૧ | ૮૦% (જંત્રીના દરના) |
| ૩૦૩૫૨ | ૧૪૪ | ૪૩,૭૦,૬૮૮/- | ૪/૪/૧૧ | ૮૦% (જંત્રીના દરના) |
| ૩૦૩૫ | ૪૪૦૦ | ૧,૩૩,૫૪,૦૦૦/- | ૧૮/૩/૧૧ | ૮૦% (જંત્રીના દરના) |
| ૧૨૮૭૭ | ૨૦ | ૨,૫૭,૫૪૦/- | ૧૭/૩/૧૧ | ૮૦% (જંત્રીના દરના) |
| ૭૪૮૭ | ૭૨૦ | ૫૩,૯૦,૪૬૦/- | ૯/૨/૧૧ | ૮૦% (જંત્રીના દરના) |
| ૧૫૦૦ | ૧૦૮૦ | ૧૬,૨૦,૦૦૦/- | ૧૦/૩/૧૧ | ૮૦% (જંત્રીના દરના) |
| ૭૮૦૦ | ૭૨૦ | ૫૬,૧૬,૦૦૦/- | ૩/૧૧/૧૦ | ૮૦% (જંત્રીના દરના) |
| ૮૬૮૬ | ૭૨૦ | ૬૨,૫૩,૯૨૦/- | ૧૧/૩/૧૧ | ૮૦% (જંત્રીના દરના) |
| ૮૫૦૦ | ૧૭૬ | ૧૪,૯૬,૦૦૦/- | ૧૦/૩/૧૧ | ૮૦% (જંત્રીના દરના) |
| ૧૦૯૦૦ | ૧૬૦ | ૧૭,૪૪,૦૦૦/- | ૧૫/૩/૧૧ | ૮૦% (જંત્રીના દરના) |
| ૧૪૧૬ | ૭૨૦ | ૧૦,૧૯,૫૨૦/- | ૨૮/૩/૧૧ | ૮૦% (જંત્રીના દરના) |
| ૨૪૨૮ | ૭૨૦ | ૧૭,૪૮,૧૬૦/- | ૨૯/૩/૧૧ | ૮૦% (જંત્રીના દરના) |

૩૫

## મહેસાણા જિલ્લામાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાની મળેલી અરજીઓ

અતારાંકિત : ૪૪૭૩ (૯-૬-૧૧) **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) :** માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કોના કોના તરફથી કયા કયા સર્વેના કેટ કેટલા ક્ષેત્રફળ માટે જમીન નવી શરતમાંથી જુની શરતમાં રૂપાંતરની અરજીઓ કઈ કઈ તારીખે આવી,

(૨) આવેલ અરજીઓ પૈકી કઈ કઈ અરજીઓ કઈ તારીખે મંજુર-નામંજુર કરવામાં આવી,

(૩) જે અરજીઓ મંજૂર કરવામાં આવી હોય તો તે અરજદારોએ કઈ તારીખે કયા દરે કુલ કેટલું પ્રિમિયમ જમા કરાવ્યું, અને

(૪) જે પ્રિમિયમ જમા કરાવ્યું હોય તે તારીખે સરકારી પ્રિમિયમનો દર શું હતો?

મહેસૂલ મંત્રીશ્રી (૨૬-૮-૧૧) :

(૧) સામેલ પત્રક-૧ મુજબ. *

(૨) સામેલ પત્રક-૨ મુજબ. *

(૩) સામેલ પત્રક-૩ મુજબ. *

(૪) સામેલ પત્રક-૩ના કોલમ-૧૦ મુજબ. *

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

------------

નર્મદા જિલ્લામાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાની મળેલ અરજીઓ

અતારાંકિત : ૪૪૭૪ (૯-૬-૧૧) **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) :** માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં તાલુકાવાર કોના કોના તરફથી કયા કયા સર્વેના કેટ કેટલા ક્ષેત્રફળ માટે જમીન નવી શરતમાંથી જુની શરતમાં રૂપાંતરની અરજીઓ કઈ કઈ તારીખે આવી,

(૨) આવેલ અરજીઓ પૈકી કઈ કઈ અરજીઓ કઈ તારીખે મંજુર-નામંજુર કરવામાં આવી,

(૩) જે અરજીઓ મંજૂર કરવામાં આવી હોય તો તે અરજદારોએ કઈ તારીખે કયા દરે કુલ કેટલું પ્રિમિયમ જમા કરાવ્યું, અને

(૪) જે પ્રિમિયમ જમા કરાવ્યું હોય તે તારીખે સરકારી પ્રિમિયમનો દર શું હતો?

મહેસૂલ મંત્રીશ્રી (૨૬-૮-૧૧) :

(૧) સામેલ પત્રક-૧ મુજબ.
(૨) સામેલ પત્રક-૨ મુજબ.

(૩) સામેલ પત્રક-૩ મુજબ.

(૪) સામેલ પત્રક-૩ના કોલમ-૧૦ મુજબ.

પત્રક-૧

| અ.નં. | તાલુકો | ગામનું નામ | અરજદારનું નામ | સર્વે નં./ બ્લોક નં. | ક્ષેત્રફળ (ચો.મી.) | અરજીની તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | દેડીયાપાડા | કુકરદા | તડવી કાલીદાસ હિરા | ૧૪૬ | ૨૦૦૦ | ૨૦/૯/૨૦૧૦ |

પત્રક-૨

| અ.નં. | તાલુકો | ગામનું નામ | અરજદારનું નામ | સર્વે નં./ બ્લોક નં. | મંજૂર/નામંજુર | તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | દેડીયાપાડા | કુકરદા | તડવી કાલીદાસ હિરા | ૧૪૬ | મંજૂર | ૨૯/૧૦/૨૦૧૦ |

પત્રક-૩

| અ. નં. | તાલુકો | ગામનું નામ | અરજદારનું નામ | સર્વે/ બ્લોક નં. | ક્ષેત્રફળ (ચો.મી.) | પ્રિમિયમનો દર પ્રતિ ચો.મી.રૂા. | જમા કરાવેલ પ્રિમિયમની કુલ રકમ રૂા. | પ્રિમિયમની રકમ જમા કરાવ્યા તારીખ | જે તારીખે પ્રિમિયમ જમા કરાવ્યું હોય તે તારીખે સરકારી પ્રિમિયમનો દર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | દેડીયાપાડા | કુકરદા | તડવી કાલીદાસ હિરા | ૧૪૬ | ૨,૦૦૦ | ૯૨ | ૧૮,૪૦૦/- | ૨૯/૧૦/૧૧ | ૮૦% (જંત્રીના દરના) |

------------

અમરેલી જિલ્લામાં જે.એન.યુ.આર.એમ. અંતર્ગત વિકાસ કામો માટે રકમની ફાળવણી

અતારાંકિત : ૪૫૭૬ (૪-૭-૧૧) **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) :** માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૫-૧૧ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર જવાહરલાલ નહેરૂ અર્બન યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી રકમ વિકાસના કામો માટે ફાળવવામાં આવી,

(૨) આ ફાળવેલ રકમ અન્વયે કયા કયા કામો પુરા કરવામાં આવ્યા અને કેટલા કામો પડતર છે, અને

(૩) આ કામો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શહેરી વિકાસ મંત્રીશ્રી (૨૬-૮-૧૧) :

(૧) તાલુકાવાર ફાળવણીની રકમ નીચે મુજબ છે

| | | |
|---|---|---|
| અમરેલી | - | ` ૧૨૬૦.૩૬ લાખ |
| ચલાલા | - | ` ૫૦૩.૬૪ લાખ |
| રાજુલા | - | ` ૩૬૬.૮૯ લાખ |
| સાવરકુંડલા | - | ` ૫૫૫.૪૫ લાખ |
| બગસરા | - | ` ૩૧૫.૭૭ લાખ |

(૨) (૧) અમરેલી, ચલાલા તથા રાજુલામાં અર્બન ઈન્ટીગ્રેટેડ ડેવલપમેન્ટ સ્કીમ ઓફ સ્મોલ એન્ડ મીડીયમ ટાઉન્સ (UIDSSMT) હેઠળ પાણી પુરવઠા યોજનાની કામગીરી પ્રગતિમાં છે.

(૨) અમરેલી તથા બગસરામાં ઈન્ટીગ્રેટેડ હાઉસીંગ સ્લમ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ (IHSDP) હેઠળ આવાસ યોજનાની કામગીરી પ્રગતિમાં છે.

(૩) યુ.આઈ.ડી.એસ.એસ.એમ.ટી. હેઠળની પાણી પુરવઠા યોજના માટે કુલ ` ૨૫૭૮.૦૪ લાખનો ખર્ચ થયેલ છે, અને આઈ.એચ.એસ.ડી.પી. હેઠળ આવાસ યોજનામાં ` ૭૦૬.૨૭ લાખનો ખર્ચ થયેલ છે.

---

દાહોદ જિલ્લાના ટ્રાયબલ સબપ્લાન હેઠળ સિંચાઈ કુવાને મંજૂરી

અતારાંકિત : ૪૩૯૬ (૮-૩-૨૦૧૧) **શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) :** માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ૩ (ત્રણ) વર્ષમાં ટ્રાયબલ સબ પ્લાન હેઠળ તાલુકાવાર કુલ કેટલા સિંચાઈ કુવા મંજૂર કરવામાં આવ્યા,

(૨) આ સિંચાઈ કુવાઓ પૈકી કેટલા પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) તા. ૩૧-૩-૨૦૧૦ ની સ્થિતિએ મુદ્દત પુરી થવાં છતાં અધૂરા હોય તેવા સિંચાઈ કુવાઓની સંખ્યા કેટલી?

આદિજાતિ વિકાસ મંત્રીશ્રી (૨૯-૮-૧૧) :

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ટ્રાયબલ સબપ્લાન હેઠળ કુલ ૧૦૫૯ સિંચાઈ કુવા મંજૂર કરવામાં આવ્યા જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧ | દાહોદ | ૨૦૭ |
| ૨ | ગરબાડા | ૧૧૩ |
| ૩ | ઝાલોદ | ૨૯૨ |
| ૪ | ફતેપુર | ૧૭૭ |
| ૫ | લીમખેડા | ૧૩૭ |
| ૬ | ધાનપુર | ૯૫ |
| ૭ | દેવગઢબારીયા | ૩૮ |
| | કુલ :- | ૧૦૫૯ |

(૨) આ સિંચાઈ કુવાઓ પૈકી કુલ ૯૫૪ કુવાઓના કામ પૂર્ણ કરવામાં આવ્યા જેની તાલુકાવાર માહિતી નીચે જણાવ્યા મુજબ છે

| | | |
|---|---|---|
| ૧ | દાહોદ | ૧૭૦ |
| ૨ | ગરબાડા | ૧૧૨ |
| ૩ | ઝાલોદ | ૨૬૨ |
| ૪ | ફતેપુર | ૧૫૬ |
| ૫ | લીમખેડા | ૧૩૨ |
| ૬ | ધાનપુર | ૯૫ |
| ૭ | દેવગઢબારીયા | ૨૭ |
| | કુલ :- | ૯૫૪ |

(૩) તા. ૩૧-૩-૨૦૧૦ ની સ્થિતિએ મુદ્દત પુરી થવા છતાં અધુરા હોય તેવા સિંચાઈ કુવાની સંખ્યા ૧૦૫ છે જેની તાલુકાવાર માહિતી નીચે જણાવ્યા મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧ | દાહોદ | ૩૭ |
| ૨ | ગરબાડા | ૦૧ |
| ૩ | ઝાલોદ | ૩૦ |
| ૪ | ફતેપુર | ૨૧ |
| ૫ | લીમખેડા | ૦૫ |
| ૬ | ધાનપુર | ૦૦ |
| ૭ | દેવગઢબારીયા | ૧૧ |
| | કુલ :- | ૧૦૫ |

## અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૪૬૭૬ | ૧ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૪૫૪૭, ૪૫૫૦, ૪૫૮૪, ૪૫૮૫, ૪૫૮૬, ૪૫૮૮, ૪૬૪૪,૪૬૪૫, ૪૬૪૭, ૪૬૮૯ | ૧૦ |
| ૩ | ગૃહ વિભાગ | ૪૨૭૪, ૪૨૭૬, ૪૨૭૭, ૪૨૮૮, ૪૨૯૨, ૪૨૯૬, ૪૨૯૮, ૪૨૯૯, ૪૩૦૦, ૪૩૦૧, ૪૩૦૨, ૪૩૦૩, ૪૩૦૫,, ૪૩૦૭,૪૩૦૮, ૪૩૧૬, ૪૩૧૭, ૪૩૧૯,૪૩૨૦, ૪૩૭૯,૪૩૮૨,૪૫૦૯ | ૨૨ |
| ૪ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૪૩૯૪, ૪૪૯૬, ૪૪૯૭, ૪૪૯૮, ૪૫૦૦, ૪૬૩૩, ૪૬૪૦, ૪૬૫૭, ૪૬૫૯, ૪૬૬૦, ૪૬૬૧, ૪૬૬૫, | ૧૨ |
| ૫ | મહેસુલ વિભાગ | ૪૪૬૬,૪૪૭૩, ૪૪૭૪ | ૩ |
| ૬ | શહેરી વિકાસ અને શહેરી ગુહનિમાર્ણ વિભાગ | ૪૫૭૬ | ૧ |
| ૭ | આદિજાતિ વિકાસ વિભાગ | ૪૩૯૬ | ૧ |
| ૮ | | કુલ | ૫૦ |

## શોકદર્શક ઉલ્લેખો

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય અને પૂર્વ કેન્દ્રીય નાયબ મંત્રી શ્રી સ્વ.શ્રીશાંતીલાલ પુરૂષોત્તમદાસ પટેલ, ગુજરાતના પૂર્વ મંત્રી સ્વ.શ્રી નલીનભાઈ કે.પટેલ, સ્વ.શ્રી યાસીનમીયાં યુસુફમીયાં મલેક અને સ્વ.શ્રી હરિદાસ જીવણદાસ લાલ તથા ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી વિઠ્ઠલભાઈ પરસોત્તમભાઈ અમીન, સ્વ.શ્રી મનહરલાલ તુળજાશંકર શુક્લ, સ્વ.ડૉ.મનહરભાઈ ચંદુભાઈ શાહ, સ્વ.શ્રી ગુલાબસિંહ વિરમસિંહ વાઘેલા, સ્વ.શ્રી વિઠ્ઠલભાઈ ડોસાભાઈ પટેલ, સ્વ.શ્રી મગનભાઈ ગોકળભાઈ ઝાલા, સ્વ.શ્રીમતી કુસુમબેન હરિહર ખંભોળજા અને સ્વ.શ્રીમતી સંતોકબેન સરમણભાઈ જાડેજાના અવસાન અંગે**

### ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી શાંતિલાલ પુરુષોત્તમદાસ પટેલના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (સભાગૃહના નેતાશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ભૂતપૂર્વ કેન્દ્રીય નાયબ મંત્રી અને ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી શાંતિલાલ પુરૂષોત્તમદાસ પટેલનું તારીખ: ૨૪મી મે, ૨૦૧૧ના રોજ ૭૩ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ૯મી એપ્રિલ, ૧૯૩૮ના રોજ પંચમહાલ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના રણજીતનગર મુકામે થયો હતો.

સ્વર્ગસ્થશ્રી પટેલે એસ.એસ.સી. તેમજ સાહિત્ય સુધારક, ફૉરૅસ્ટ ડિપ્લોમા અને ઉચ્ચ સૈનિક સેવાદળનો અભ્યાસ કરેલ હતો. તેઓશ્રી ખેતીના વ્યવસાય તેમજ સમાજસેવા સાથે સંકળાયેલા હતા. આદિવાસી કલ્યાણ માટે તેઓએ ઉંડો રસ દાખવ્યો હતો.

સ્વર્ગસ્થશ્રી પટેલે જંગલ ખાતાની સહકારી મંડળીમાં કામદાર સેવક તરીકે તેમની કારકીર્દિની શરૂઆત કરી હતી. પંચમહાલ જિલ્લા માધ્યમિક શાળા સંઘ સંચાલક મંડળ, જિલ્લા ઉદ્યોગ સંઘ, જિલ્લા કેળવણી મંડળ, જિલ્લા સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટ, ગુંદી વિભાગ કેળવણી મંડળ ગુંદી, ગુજરાત રાજય ઔદ્યોગિક સહકારી સંઘ તેમજ પંચમહાલ જિલ્લા ખાદી ભંડાર, પંચમહાલ જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લિ., વિગેરેમાં અમૂલ્ય સેવાઓ આપી હતી. સ્વર્ગસ્થશ્રી પટેલે વિવિધ સંસ્થાઓના કર્ણધાર તથા સંસ્થાપક્ષ તરીકે રહી ગરીબ, હરિજન અને આદિવાસી પ્રજાના સામાજિક અને શૈક્ષણિક ઉત્થાનમાં અવિસ્મરણીય યોગદાન આપ્યું હતું.

સ્વર્ગસ્થ શ્રી પટેલે " પંચમહાલ પત્રિકા " નામના પાક્ષિકના સ્થાપક તેમજ " પંચમહાલ વર્તમાન " સાપ્તાહિકના પ્રકાશક તરીકે અમૂલ્ય યોગદાન આપ્યું હતું. તેઓશ્રીએ જિલ્લાની શાળાઓમાં અને આશ્રમ શાળાઓમાં રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીત અંગેના તાલીમ વર્ગોની સુંદર કામગીરી કરી હતી.

સ્વર્ગસ્થશ્રી પટેલે પાંચમી, છઠ્ઠી અને સાતમી ગુજરાત વિધાનસભાના રાજગઢ મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવી પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી. સ્વર્ગસ્થશ્રી પટેલે ગુજરાત વિધાનસભાની " જાહેર હિસાબ સમિતિ " " જાહેર સાહસ સમિતિ " જેવી અગત્યની સમિતિઓના ચેરમેન પદે તેમજ દંડક તરીકે તેમની સેવાઓનું યોગદાન આપ્યું હતું.

સ્વર્ગસ્થશ્રી પટેલ આઠમી, નવમી, અગિયારમી અને બારમી લોકસભામાં ગોધરા મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવેલ અને સને ૧૯૯૦-૯૧ દરમિયાન ભારત સરકારમાં નાયબ વાણિજ્ય મંત્રી તરીકે અમૂલ્ય સેવાઓ આપી હતી.

તેઓશ્રી કટોકટીના સમય દરમિયાન મીસા હેઠળ રાજકીય કેદી તરીકે સાબરમતી જેલમાં રહ્યા હતા. સ્વર્ગસ્થશ્રી પટેલે શ્રીલંકા, ઑસ્ટ્રેલિયા, મલેશિયા, નેપાળ, સિંગાપોર જેવા દેશોનો પ્રવાસ કર્યો હતો અને ઑસ્ટ્રેલિયા ખાતે યોજાયેલ કોમનવેલ્થ પરિષદમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.

સ્વર્ગસ્થશ્રી પટેલ પર્વતારોહણ, સાયકલ સ્પર્ધા, તરણ સ્પર્ધા, સંગીત, સાહસિક પ્રવૃત્તિઓ, વાંચન, ફોટોગ્રાફી જેવી પ્રવૃત્તિઓ તેમજ વોલીબોલ, ખોખો, કબડ્ડી, ક્રિકેટ જેવી જુદી જુદી રમતોમાં રસ ધરાવતા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક પીઢ રાજકારણી અને સંનિષ્ઠ તથા સેવાભાવી સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

### ગુજરાત રાજયના પૂર્વ મંત્રીશ્રી નલિનભાઈ કે. પટેલના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ

મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત રાજયના પૂર્વ મંત્રી શ્રી નલિનભાઈ કે. પટેલનું તારીખ: ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ ૮૦ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી પટેલનો જન્મ ૩જી મે, ૧૯૩૧ના રોજ નડિયાદ મુકામે થયો હતો. તેઓશ્રીએ બી.એ.(ઓનર્સ) તથા એલ.એલ.બી. સુધીનું શિક્ષણ મેળવેલ હતું. વ્યવસાયે તેઓ ઉદ્યોગપતિ હતા.

સ્વર્ગસ્થ શ્રી પટેલે ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ, ગુજરાત સ્ટેટ પ્લાસ્ટિક મેન્યુફેક્ચરર્સ એસોસિએશન, લાયન્સ કલબ ઓફ અમદાવાદ (વેસ્ટ) વિગેરેના પ્રમુખ તરીકે પ્રશંસનીય સેવાઓ આપી હતી. તેઓશ્રીએ કો.ઓપરેટીવ બેંક ઓફ અમદાવાદના ડિરેક્ટર તરીકે ૧૦ વર્ષ સુધી બહુમૂલ્ય સેવાઓ આપી હતી. સહકારી પ્રવૃત્તિઓ અને સખાવતી સંસ્થાઓમાં તેમનું ઘણું મોટું યોગદાન હતું. સ્થાનિક રાજય કક્ષાની અને કેન્દ્ર કક્ષાને અનેક સમિતિઓમાં તેઓશ્રીએ પ્રતિનિધિત્વ કર્યુ હતું.

સ્વર્ગસ્થશ્રી પટેલ સાતમી ગુજરાત વિધાનસભામાં સરખેજ મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચુંટાઈ આવ્યા હતા. તેઓશ્રીએ માર્ગ અને મકાન, સંસદીય બાબતો, કાયદો અને ન્યાયતંત્ર, વાહન વ્યવહાર, ઉર્જા, વન અને પર્યાવરણ જેવા મહત્વના વિભાગોના મંત્રી તરીકે સુંદર સેવાઓ આપી હતી.

તેઓશ્રી વાંચન, પ્રવાસ અને રમત ગમતમાં ઉંડો રસ ધરાવતા હતા. તેઓશ્રીએ અમેરિકા, ઈંગ્લેન્ડ, રશિયા, જાપાન, સિંગાપોર, હોંગકોંગ, થાઈલેન્ડ, યુરોપ અને ઈસ્ટ આફ્રિકાના દેશોનો બહોળો પ્રવાસ કરેલ હતો.

સ્વર્ગસ્થશ્રી પટેલના અવસાનથી રાજયએ એક નિષ્ઠાવાન અગ્રણી અને સહકારી ક્ષેત્રે કાર્યરત એવી પ્રતિભા ગુમાવી છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વન શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

## ગુજરાત રાજયના પૂર્વ મંત્રીશ્રી યાસીનમીયાં યુસુફમીયાં મલેકના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે ગુજરાતના પૂર્વ રાજયકક્ષાના મંત્રીશ્રી યાસીનમીયાં યુસુફમીયાં મલેકનું તારીખ ૯મી ઓગષ્ટ, ૨૦૧૧ના રોજ ૮૫ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી મલેકનો જન્મ ૨૪મી એપ્રિલ, ૧૯૨૬ના રોજ ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના જરગાલ મુકામે થયો હતો. તેઓશ્રીએ બી.એ., એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કર્યો હતો અને વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. તેઓશ્રીએ ઠાસરા તાલુકાના વાડદ ગ્રુપ કેળવણી મંડળના કારોબારી સભ્ય તરીકે અમૂલ્ય સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થ શ્રી મલેકે પાંચમી અને છઠ્ઠી ગુજરાત વિધાનસભામાં ઠાસરા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું અને પોતાના વિસ્તારમાં લોકહિતના કામો કરી પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી. તેઓશ્રીએ તા. ૨૬/૧૨/૧૯૭૬થી તા. ૧૦/૪/૧૯૭૭ સુધી મહેસૂલ, કાયદો અને ન્યાયતંત્ર ખાતાઓના રાજય કક્ષાના મંત્રી તરીકે બહુમૂલ્ય સેવાઓ આપી હતી.

તેઓશ્રી સમાજસેવા અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક સમાજસેવક ગુમાવ્યો છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

## પૂર્વ રાજય કક્ષાના મંત્રીશ્રી હરિદાસ જીવણદાસ લાલના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે ગુજરાતના પૂર્વ રાજય કક્ષાના મંત્રીશ્રી હરિદાસ જીવણદાસ લાલનું તારીખ ૧૫મી મે, ૨૦૧૧ના રોજ ૮૯ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી લાલનો જન્મ તારીખ ૨૨મી ઓકટોબર, ૧૯૨૧ના રોજ જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના રાસંગપર ગામે થયો હતો. તેઓશ્રી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થ શ્રી લાલે જામનગર જિલ્લાના લાલપુર તાલુકાની મોડપર ગ્રામ પંચાયતના સરપંચ તરીકે રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી અને ૧૦ વર્ષ સુધી સુંદર સેવા આપી હતી. તેઓશ્રીએ લાલપુર તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે ૨૦ વર્ષ સુધી કાર્યભાર સંભાળેલ હતો અને જામનગર જિલ્લા કો-ઓપરેટીવ બેંકના નિયામક તરીકે અમૂલ્ય યોગદાન આપ્યું હતું. તેઓશ્રીએ મોડપર ગામે ગૌશાળામાં પણ સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થ શ્રી લાલે આઠમી ગુજરાત વિધાનસભામાં ભાણવડ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું અને પોતાના વિસ્તારમાં લોકહિતના કામો કરી પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી. તેઓશ્રીએ ૫મી જાન્યુઆરી, ૧૯૯૧થી ૧૩મી માર્ચ, ૧૯૯૫ દરમ્યાન પંચાયત, ગ્રામગૃહનિર્માણ, નાની સિંચાઈ તેમજ બંદરો જેવા ખાતાઓના રાજય કક્ષાના મંત્રી તરીકે બહુમૂલ્ય સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થ શ્રી લાલ સામાજિક સેવામાં જીવનપર્યંત કાર્યરત રહ્યાં હતા.

સ્વર્ગસ્થ શ્રી લાલે લંડન, સ્વીડન, ડેનમાર્ક તેમજ નોર્વેનો વિદેશ પ્રવાસ કરેલ હતો.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉત્તમ સમાજસેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

## પૂર્વ સભ્યશ્રી વિઠ્ઠલભાઈ પરસોત્તમદાસ અમીનના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુ:ખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી વિઠ્ઠલભાઈ પરસોત્તમદાસ અમીનનું તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ ૮૯ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી અમીનનો જન્મ તારીખ ૧૬મી નવેમ્બર, ૧૯૨૧ના રોજ અમદાવાદ મુકામે થયો હતો. સ્વર્ગસ્થ શ્રી અમીને મેટ્રીક સુધીનો અભ્યાસ કરેલ હતો અને વેપારના ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થ શ્રી અમીને સરદાર પટેલ કોલોની કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી લી.ના સ્થાપક, માનદ્ મંત્રી અને પ્રમુખ તરીકે અમૂલ્ય સેવા આપી હતી. તેઓશ્રીએ અમદાવાદની ખેતીવાડી સમિતિ તથા સમાજ સુધારણા સમિતિના ચેરમેન તરીકે કામ કર્યુ હતું. ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ માર્કેટીંગ સોસાયટી લી. અને ગુજરાત વેપારી મહામંડળ સહકારી ઔદ્યોગિક વસાહત લી. ના ડીરેકટર અને વાઈસ ચેરમેનના હોદ્દા ઉપર રહીને અમૂલ્ય યોગદાન આપ્યું હતું. તેઓશ્રી પ્રવાસ, રમતગમત, સમાજસેવા, સંગઠન અને સહકારી પ્રવૃત્તિઓમાં તેમજ કેળવણી વિષયક ખેડૂતોપયોગી પ્રવૃત્તિઓમાં ખાસ રસ ધરાવતા હતા. "હિમાભાઈ ઈન્સ્ટિટયૂટ" પુસ્તકાલયના માનદ્ મંત્રી તરીકે તેઓશ્રીએ પ્રશંસનીય કામગીરી કરી હતી.

સ્વર્ગસ્થ શ્રી અમીને અર્બન કો.ઓ.બેન્ક, સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર, ગુજરાત ખનીજ વિકાસ નિગમ અને કાઉન્સિલ ઓફ સ્ટેટ મીનરલ કોરપોરેશનમાં વિવિધ હોદ્દાઓ પર રહીને ગણનાપાત્ર કામગીરી કરી હતી. તેઓશ્રીએ શિક્ષણ અને કેળવણી ક્ષેત્રે પણ નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.

સ્વર્ગસ્થ શ્રી અમીને બીજી ગુજરાત વિધાનસભામાં દહેગામ મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવી વિકાસના અનેક કાર્યોમાં પ્રશંસનીય કામગીરી કરી હતી.

સ્વર્ગસ્થ શ્રી અમીને અમેરિકા, રશિયા, જાપાન, ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, જર્મની, હોલેન્ડ, સ્વીટ્ઝરલેન્ડ, બેલ્જીયમ, ઈટાલી, ઓસ્ટ્રીયા વગેરે દેશોનો પ્રવાસ વેપાર, ઉદ્યોગ અને સામાજીક જીવનના અનુભવ માટે કર્યો હતો.

સ્વર્ગસ્થ શ્રી અમીને તેમની હૈયાસુઝ, સ્પષ્ટ વિચારસરણી, વ્યવહારુ દૃષ્ટિબિંદુ અને કાર્યદક્ષતાને લીધે અનેક ક્ષેત્રોમાં સન્માન અને વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યુ હતું.

તેઓશ્રીના અવસાનથી રાજયએ સહકારી ક્ષેત્રના સંનિષ્ઠ કાર્યકર અને એક સમાજસેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

## પૂર્વ સભ્યશ્રી મનહરલાલ તુળજાશંકર શુકલના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુ:ખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી મનહરલાલ તુળજાશંકર શુકલનું તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ ૯૬ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી શુકલનો જન્મ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૧૫ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ મુકામે થયો હતો. તેઓશ્રીએ એમ.એ.બી.ટી. સુધીનો અભ્યાસ કર્યો હતો.

પોતાની કારકિર્દી શિક્ષકથી શરૂ કરી તેઓ આજીવન લોકશિક્ષક બની રહ્યાં. પૂજય મહાત્મા ગાંધીજીએ શરૂ કરેલી રચનાત્મક પ્રવૃત્તિઓ પૈકી કામદાર સેવાની પ્રવૃત્તિ સાથે તેઓશ્રી જીવનપર્યંત કાર્યરત રહ્યાં અને નિષ્કામ કર્મયોગીની પેઠે શ્રમજીવીની સેવા માટે કાર્ય કર્યુ.

સ્વર્ગસ્થ શ્રી શુકલ ૧૯૪૩થી મજૂર મહાજન સંઘ સાથે સંકળાયેલ હતા. મજુર મહાજનના મુખપત્ર "મજુર સંદેશ" ના તંત્રી તરીકે કામ કર્યુ. તેઓશ્રીએ ૧૯૪૯થી ૧૯૫૬ દરમ્યાન અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનના કાઉન્સિલર તરીકે અમૂલ્ય સેવાઓ આપેલ હતી. આ ઉપરાંત મનોરંજન અને સાંસ્કૃતિક સમિતિ તેમજ આરોગ્ય સમિતિના ચેરમેન તરીકે પ્રશંસનીય કામગીરી કરેલ હતી. સ્કુલ બોર્ડ, કર્મચારી રાજય વીમા નિગમ તેમજ સ્ટેન્ડીંગ કમિટીના સભ્ય તરીકે મ્યુનિસિપલ કોરપોરેશનમાં ૧૯૬૧થી ૧૯૬૫ સુધી સેવાઓ આપેલ હતી. રાત્રિ શાળાઓ અને પ્રૌઢ શિક્ષણ વર્ગ ચલાવી અમદાવાદ શહેરના શ્રમજીવી વિસ્તારોમાં કામદારો માટે સાક્ષરતાનું કામ કર્યુ. ગ્રામીણ બેકારી હટાવવા વર્ષમાં ઓછામાં ઓછા ૧૦૦ દિવસ કામ મળી રહે તેવી રોજગાર બાંયધરી યોજના બનાવવાની માંગ શ્રી શુકલએ આજથી ૨૫ વર્ષ પહેલા ઉઠાવી હતી.

સ્વર્ગસ્થ શ્રી શુકલએ ત્રીજી ગુજરાત વિધાનસભામાં અસારવા મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવી લોકોના પ્રશ્નોને વાચા આપી હતી.

સ્વર્ગસ્થ શ્રી શુકલએ અમેરીકા, લંડન તથા સ્વીટ્ઝરલેન્ડનો પ્રવાસ કરી મજુરોના પ્રશ્નો તથા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અંગે અભ્યાસ કર્યો હતો.

સ્વર્ગસ્થ શ્રી શુકલ મજુર પ્રવૃત્તિ, મહિલા તથા બાળ કલ્યાણ તેમજ પછાત વર્ગની ઉન્નતિ માટે ખાસ રસ ધરાવતા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક સમાજસેવક અને સાચા ગાંધીવાદી ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

## પૂર્વ સભ્ય શ્રી મનહરભાઈ ચંદુલાલ શાહના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય શ્રી મનહરભાઈ ચંદુલાલ શાહનું તારીખ ૧૧મી એપ્રિલ, ૨૦૧૧ના રોજ ૮૪ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી શાહનો જન્મ ૧૦મી ઑગસ્ટ, ૧૯૨૬ના રોજ સાબરકાંઠા જિલ્લામાં પ્રાંતિજ તાલુકાના ઓરણ મુકામે થયો હતો.

સ્વર્ગસ્થશ્રી શાહ આર્યુવેદમાં અખિલ ભારતીય ભીષકની પદવી મેળવી તબીબી અને સમાજસેવાના વ્યવસાય સાથે સંકળાયેલ રહ્યા હતા અને દહેગામમાં તબીબ તરીકે વરસો સુધીની દીર્ઘ સેવા આપી હતી.

સ્વર્ગસ્થશ્રી શાહે ભારત જૈન સમાજ, ગુજરાત રાજય અનુવ્રત સમિતિ અને દહેગામ જુનિયર ચેમ્બરના પ્રમુખ તરીકે તથા લાયન્સ કલબ, દહેગામ, ગુજરાત રાજય વિદ્યુત બોર્ડ, ઔષધ નિયામક કમિટી અને સમગ્ર વિશ્વ ગુજરાતી સમાજ જેવી સંસ્થાઓમાં જુદા જુદા હોદ્દાઓ ઉપર રહીને બહુમૂલ્ય યોગદાન આપ્યું હતું. તેઓશ્રીએ શિક્ષણનો વ્યાપ વધારવા અને પછાત વર્ગોના વિકાસ માટે પ્રશંસનીય કામગીરી કરી હતી. તેઓશ્રીએ ગુજરાત વિદ્યાપીઠ ખાતે જૈન ફિલૉસૉફી તથા ધર્મ અંગેની માનદ સેવાઓ પણ આપી હતી.

સ્વર્ગસ્થ શાહે ૧૯૬૭ થી ૧૯૭૨ દરમિયાન ત્રીજી ગુજરાત વિધાનસભામાં દહેગામ મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવી લોકહિતના કાર્યો કર્યા હતા.

સ્વર્ગસ્થશ્રી શાહ સાંસ્કૃતિક વિકાસમાં વિશેષ રસ ધરાવતા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજયએ સંનિષ્ઠ અને સેવાભાવી સમાજસેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

## પૂર્વ સભ્ય શ્રી ગુલાબસિંહજી વિરમસિંહજી વાઘેલાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય શ્રી ગુલાબસિંહજી વિરમસિંહજી વાઘેલાનું તારીખ ૨૦મી ઑગસ્ટ, ૨૦૧૧ના રોજ ૭૬ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી વાઘેલાનો જન્મ ૨જી જૂન, ૧૯૩૫ના રોજ બનાસકાંઠા જિલ્લાના દીયોદર મુકામે થયો હતો. તેઓશ્રીએ બી.એ,, એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કર્યો હતો અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી વાઘેલાએ દીયોદર તાલુકા કેળવણી મંડળ, વી.કે. વાઘેલા હાયર સેકન્ડરી શાળા અને જી.વિ. વાઘેલા આર્ટસ એન્ડ કૉમર્સ કોલેજના પ્રમુખ તરીકે પ્રશંસનીય કામગીરી કરેલ હતી. તેઓશ્રીએ બનાસકાંઠા જિલ્લા પંચાયત અને અપીલ કમિટીના સભ્ય તરીકે અમૂલ્ય સેવાઓ આપેલ હતી. આ ઉપરાંત સ્વર્ગસ્થશ્રી વાઘેલાએ અનેક સામાજિક, સહકારી, શૈક્ષણિક તેમજ રમતગમત સંગઠનોમાં સક્રિય નેતૃત્વ કરેલ હતું.

સ્વર્ગસ્થશ્રી વાઘેલાએ ચોથી ગુજરાત વિધાનસભામાં દીયોદર મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવી લોકોના પ્રશ્નોને વાચા આપી હતી.

સ્વર્ગસ્થશ્રી વાઘેલા વાચન, પ્રવાસ, રાયફલ શુટીંગ તથા રમતગમતમાં રસ ધરાવતા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

## પૂર્વ સભ્ય શ્રી વિઠ્ઠલભાઈ ડોસાભાઈ પટેલના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય શ્રી વિઠ્ઠલભાઈ ડોસાભાઈ પટેલનું તારીખ ૫ મી, ઑગસ્ટ, ૨૦૧૧ના રોજ ૮૯ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ૨૧મી ઑગસ્ટ, ૧૯૨૧ના રોજ પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકાના સુજાણપુર મુકામે થયો હતો. તેઓશ્રી ખેતીના વ્યવસાય અને સમાજ સેવા સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી પટેલે સિદ્ધપુર તાલુકા પંચાયત, સિદ્ધપુર નાગરિક બેંક, સુજાણપુર સેવા સહકારી મંડળી, તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ, સિદ્ધપુર તેમજ સ્વામિનારાયણ ગુરુકુળ સિદ્ધપુરના પ્રમુખ તરીકે સુંદર સેવાઓ આપેલ હતી. તેઓશ્રીએ સિદ્ધપુર માર્કેટ યાર્ડના ચેરમેન તેમજ વાઈસ ચેરમેન તરીકે તથા દૂધસાગર ડેરી મહેસાણાના વાઈસ ચેરમેન તરીકે અમૂલ્ય યોગદાન આપ્યું હતું. આ ઉપરાંત સ્વર્ગસ્થશ્રી પટેલે જિલ્લા લોકલ બોર્ડ, તાલુકા વિકાસ મંડળ, જમીન વિકાસ બેંક, સિદ્ધપુર, ગુજરાત વિદ્યુત બોર્ડ અમદાવાદ શાખા, કડી સર્વ વિદ્યાલય, ગણપત વિદ્યાનગર યુનિવર્સિટી ખેરવા, મહેસાણા લાયન્સ હૉસ્પિટલ, જિલ્લા પંચાયત અને માર્કેટીંગ બોર્ડ, ગાંધીનગરના સદસ્ય તરીકે પ્રશંસનીય કામગીરી કરેલ હતી.

સ્વર્ગસ્થશ્રી પટેલે સુજાણપુર ગ્રામ પંચાયતના સરપંચ તરીકે, ઉંઝા કન્યા કેળવણી મંડળના ઉપપ્રમુખ તરીકે તેમજ સિદ્ધપુર પાંજરાપોળના ટ્રસ્ટી તરીકે ઉત્તમ સેવાઓ આપેલ હતી.

સ્વર્ગસ્થશ્રી પટેલે ચોથી અને પાંચમી ગુજરાત વિધાનસભામાં સિદ્ધપુર મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવી લોકહિતના કાર્યો કર્યા હતા.

સ્વર્ગસ્થશ્રી પટેલ સહકારી પ્રવૃત્તિ, અસ્પૃશ્યતા નિવારણ, શિક્ષણ અને સમાજ સેવામાં રસ ધરાવતા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

## સભ્યશ્રી મગનભાઈ ગોકળભાઈ ઝાલાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી મગનભાઈ ગોકળભાઈ ઝાલાનું તા.૧૦મી મે ૨૦૧૧ના રોજ ૭૨ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી ઝાલાનો જન્મ ૧લી જુન ૧૯૩૮ના રોજ ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના છીંપડી મુકામે થયો હતો. તેઓશ્રીએ એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કર્યો હતો. તેઓશ્રી ખેતી અને સમાજસેવાના કામ સાથે સંકળાયેલા હતા. તેઓએ શિક્ષક તરીકે તેમની કારકીર્દિની શરૂઆત કરી હતી અને ગામડાઓના ઉત્કર્ષ માટે પ્રશંસનીય કામ કર્યું હતું. તેઓશ્રીએ કપડવંજ ખેત ઉત્પન્ન બજાર સમિતિના અધ્યક્ષ તરીકે અમૂલ્ય સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થશ્રી ઝાલાને વાંચન, પ્રવાસ તેમજ રમત ગમતનો શોખ હતો. સ્વર્ગસ્થશ્રી ઝાલાએ પાંચમી, છઠ્ઠી તથા સાતમી ગુજરાત વિધાનસભામાં કઠલાલ મત વિસ્તારમાંથી સતત ત્રણ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવી પ્રજા હિતના કામો કર્યા હતાં. તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉત્તમ સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

## સભ્ય શ્રીમતી કુસુમબેન હરિહરભાઈ ખંભોળજાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય શ્રીમતી કુસુમબેન હરિહરભાઈ ખંભોળજાનું તા.૧લી મે ૨૦૧૧ના રોજ ૭૫ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થ શ્રીમતી કુસુમબેનનો જન્મ ૧૭મી જાન્યુઆરી ૧૯૩૬ના રોજ ખેડા જિલ્લાના મહેમદાવાદ મુકામે થયો હતો. શ્રીમતી કુસુમબેને બી.એ. સુધીનો અભ્યાસ કરેલ હતો અને સામાજીક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ હતા. તેઓશ્રી ભગિની સમાજ અને રોટરી ઈનર વ્હીલ કલબના પ્રમુખ તરીકે અમૂલ્ય યોગદાન આપ્યું હતું. તેઓશ્રીએ પીપલ્સ કોઓપરેટિવ બેંક, ઉમરેઠ, ગુજરાત સ્ટેટ સિવિલ સપ્લાય એડવાઈઝરી કમિટિ, જયોતિ મહિલા મંડળ તથા સૌરભ સ્ત્રી સમાજ, ગાંધીનગર અને ગુજરાત હરનાથ સમાજ, ભરૂચના સભ્ય તરીકે સેવાઓ આપેલ હતી. તેઓશ્રીએ આણંદ ગ્રામીણ વિકાસ સંસ્થા તથા ઉમરેઠ વિભાગીય બાળ વિકાસ મંડળના ટ્રસ્ટી તરીકે પ્રસંશનીય કામગીરી કરેલ હતી. તેઓશ્રીને રોટરી ઈનર વ્હીલ કલબની સુંદર સેવા બદલ તેમને એવોર્ડ આપવામાં આવેલ હતો.

સ્વર્ગસ્થ શ્રીમતી કુસુમબેને સાતમી ગુજરાત વિધાનસભામાં ઉમરેઠ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને સક્રિય ધારાસભ્ય તરીકે લોકહિતના કામો કરી પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી. તેઓશ્રી ભારતીય સંગીત, હોમ સાયન્સ, પ્રવાસ તથા સ્ત્રીઓ અને બાળકોના શિક્ષણમાં રસ ધરાવતા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક સામાજીક કાર્યકર ગુમાવ્યા છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

## સભ્ય શ્રીમતી સંતોકબેન સરમણભાઈ જાડેજાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય શ્રીમતી સંતોકબેન સરમણભાઈ જાડેજાનું તા.૩૧મી માર્ચ ૨૦૧૧ના રોજ ૫૬ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થ શ્રીમતી જાડેજાનો જન્મ ૨૧મી એપ્રિલ, ૧૯૫૪ના રોજ જુનાગઢ જિલ્લાના કસાબાદ મુકામે થયો હતો. તેઓશ્રી ખેતીવાડી, વેપાર અને પરિવહનના વ્યવસાય સાથે સંકળાયેલ હતા. તેઓશ્રીએ પોરબંદર તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે ૧૯૮૭થી ૧૯૯૦ દરમ્યાન સુંદર કામગીરી કરેલ હતી. તેઓશ્રીએ જુદી જુદી સંસ્થાઓના સભ્ય તેમજ પ્રમુખ તરીકે પણ સેવાઓ આપી હતી. તેઓશ્રી વાંચનનો રસ ધરાવતા હતા. તેઓશ્રીએ આઠમી ગુજરાત વિધાનસભામાં કુતિયાણા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને એક મહિલા ધારાસભ્ય તરીકે પોતાના વિસ્તારના લોકહિતનાં કામો કરી પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ આ સભાગૃહ સમક્ષ લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.શ્રી શાંતિલાલ પુરુષોત્તમદાસ પટેલ સાથે મને નજીકથી કામ કરવાનો મોકો મળ્યો હતો. તેઓ એક સાચા જન પ્રતિનિધિ તરીકે કામ કરતા રહ્યા. આ વિધાનસભાગૃહમાં ત્રણ ટર્મ સુધી અને લોકસભામાં ચાર ટર્મ સુધી એમણે પ્રજાનું પ્રતિનિધિત્વ કર્યું. જન જાગૃતિ માટે પંચમહાલ પત્રિકા નામના પાક્ષિક દ્વારા એમણે જન સેવા અને જન જાગૃતિનું કામ કર્યું હતું. એમના જવાથી સાચા જન સેવક વિદાય થયા છે. હું એમને આપણા સૌવતી શોકાંજલિ અર્પણ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પૂર્વ મંત્રી સ્વ.શ્રી નલિનભાઈ કે.પટેલ મંત્રી તરીકે હતા ત્યારથી મારે એમની સાથે નજીકનો નાતો રહ્યો છે. તેઓ એકદમ સરળ, સેવાભાવી અને કોઈપણ વ્યકિત ગમે ત્યાંથી આવે તેનો પ્રશ્ન સમજી અને પ્રશ્ન ઉકેલવાની દિશામાં અતિ વિવેકથી કામ કરતા હતા. એક રાજપુરુષ તરીકેની એમની કામની પ્રતિતિનો અહેસાસ લોકોને થતો રહ્યો છે. એમના જવાથી એક સારા જન સેવકની વિદાય થઈ છે. ચેમ્બર ઓફ કોમર્સ કે ક્રિકેટ એસોસિએશન હોય એમની સેવાઓ એમને મળતી હતી. આપ સૌના વતી એમને શોકાંજલિ અર્પણ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.શ્રી યાસીનમીયાં યુસુફમીયાં મલેક આ વિધાનસભાગૃહના સભ્ય તરીકે હતા. તેઓશ્રીએ બી.એ.એલએલ.બી. સુધીનો અભ્યાસ કરીને એક સારા વકીલ તરીકેનું અને જન સેવક તરીકેનું મોટું યોગદાન રહ્યું છે. વિસ્તારના લોકોમાં એમના કામની યાદી ચીરંજીવી રહેશે. અને હું આપણા સૌના વતી શોકાંજલિ અર્પણ કરુ છું. માનનીય અધ્યક્ષશ્રી, માજી મંત્રીશ્રી સ્વ. હરીદાસ જીવણદાસ લાલ સાથે આ વિધાનસભા ગૃહમાં અને મંત્રીમંડળમાં સાથે કામ કરવાનો મોકો મને મળ્યો હતો. નાના સાથે નાના અને મોટા સાથે મોટા બનીને કામ કરવાની એમના સ્વભાવની એક ખાસીયત હતી. હંમેશા હસતા રહેવાનું અને કોઈપણ વસ્તુ કયારેય કોઈ આક્રોશ કે ઉગ્રતાથી કહે તો પણ એમને કયારેય મેં નારાજ થતા, ખોટું લગાડતા કે ગુસ્સે થતા જોયા નથી. સરળ સ્વભાવના એક સાચા અર્થમાં જનસેવક કહીએ એ રીતે હંમેશા કામ કરતા રહેતા. એવા સ્વ. હરીદાસના જવાથી જાહેર જીવનમાં ખોટ પડી છે. હું આપણા સૌના વતી એમને શ્રદ્ધાંજલિ અર્પણ કરુ છું. સ્વ. વિઠ્ઠલભાઈ અમીન દહેગામ વિસ્તારમાંથી ચૂંટાઈને એમણે જનસેવા આ ગૃહમાં રહી ને તો કરી પરંતુ વિવિધ ક્ષેત્રોમાં પછી એ અર્બન કો-ઓપરેટીવ બૅન્ક હોય કે ગુજરાત ખનીજ વિકાસ નિગમ હોય કે મીનરલ ડૅવલપમેન્ટ કૉર્પોરેશન હોય જુદા જુદા હોદ્દા ઉપર રહીને એમણે જનસેવા કરી હતી હું આપણા સૌના વતી એમને સ્મરણાંજલિ પાઠવું છું.

સ્વ. મનહરલાલ તુળજાશંકર શુકલ, એ ગાંધીજીની વિચારધારા સાથે જોડાઈને કામદારોના હીત માટે જજૂમતા રહેલું વ્યકિતત્વ એમના સાથે અનેક વખત કામ પડયું હતું અને જયારે પણ વાત લઈને આવે ત્યારે એમની વાતની સ્પષ્ટતા હોય અને ખાસ કરીને કામદારોના પ્રશ્નો માટે એ સ્પષ્ટતા સાથે કામ થાય એના હઠાગ્રહી પણ રહેતા. કામદારો માટે જે એમણે કામ કર્યુ છે એ ચીરંજીવી રહેશે. ગ્રામીણ બેકારી હટાવવા માટે ઓછામાં ઓછા ૧૦૦ દિવસ કામ મળી શકે એ માટેની રોજગારી બાંહેધરી યોજના બનાવવાની માંગ ૨૫ વર્ષ પહેલા કરનાર એ સ્વ. મનહરભાઈ શુકલ હતા. હું આપણા સૌના વતી એમને શોકાંજલી અર્પણ કરું છું. આ વિધાનસભા ગૃહના પૂર્વ સભ્ય ર્ડા. સ્વ. મનહરભાઈ ચંદુભાઈ શાહના કામને એ વિસ્તારના લોકો હંમેશા યાદ રાખશે. સાંસ્કૃતિક વિકાસમાં પણ સ્વ. મનહરભાઈ ચંદુભાઈ શાહનું જે યોગદાન એ પછી બીજા અન્ય લાયન્સ ક્લબ જેવા કે વિવિધ સંસ્થાઓ હોય એમાં પણ એમની સેવાઓ ચીરંજીવી રહેશે. આર્યુર્વેદ અખિલ ભારતીય ભીષકની પદવી મેળવીને તબીબી અને સમાજ સેવાના વ્યવસાય સાથે તેઓ સતત પ્રવૃત્ત રહ્યા હતા એમના જવાથી સમાજને એક મોટી ખોટ પડી છે. સ્વ. ગુલાબસિંહજી વાઘેલા સાથે નજીકનો નાતો રહ્યો હતો. ખુબજ ઓછું બોલે પરંતુ અસરકારક બોલે, વાતને કહેવાની એમની એક અનેરી છટા હતી. એમના અવસાનના થોડા સમય પહેલા જ ખૂબ લંબાણથી વાતો કરવા પણ બેસવાનો મોકો મળ્યો હતો. સમાજ જીવનમાં એમના જવાથી મોટી ખોડ પડી છે. હું એમને દિલસોજી પાઠવું છું. સ્વ. વિઠ્ઠલભાઈ ડોસાભાઈ પટેલ આ ગૃહના સભ્ય રહ્યા એ ઉપરાંત જીલ્લા બોર્ડ, તાલુકા બોર્ડ કડી સર્વ વિદ્યાલય માર્કેટીંગ યાર્ડ, જમીન વિકાસ બૅન્ક આવા વિવિધ ક્ષેત્રોમાં એમણે સમાજ સેવાની ખૂબ જ સુંદર કામગીરી કરી હતી અને એમનું કામ ચીરંજીવી રહેશે. હું આપણા સૌના વતી શોકાંજલિ અર્પણ કરુ છું.

સ્વ. મગનભાઈ ઝાલા સાથે અવારનવાર મળવાનું થતું હતું. ખૂબ જ સરળ સ્વભાવના, સાચા જનસેવક કહેવાય એ પ્રકારના એક સરળ વ્યકિત આ ગૃહના પણ સભ્ય રહ્યા અને એમના જવાથી એ વિસ્તારના એક સાચા સેવકની ખોટ પડી છે. હું આપણા સૌ વતી એમને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ કુસુમબેન હરિહરભાઈ ખંભોળજા, એમની સાથે વર્ષોથી એક નજીકનો નાતો રહ્યો. સ્વ. હરિહરભાઈના કારણે પણ રહ્યો. એક આદર્શ ગૃહિણી કહી શકાય એ પ્રકારનું એમનું ઘરમાં વર્તન અને સમાજના પ્રશ્નો માટે પણ એટલા જ જાગૃત. અનેક ક્ષેત્રોમાં પછી એ પીપલ્સ કો-ઓપરેટિવ બેન્ક હોય, ગુજરાત સ્ટેટ સિવિલ સપ્લાય એડવાઈઝરી કમિટી હોય, જ્યોતિ મહિલા મંડળ હોય, સૌરભ સ્ત્રી સમાજ, ગાંધીનગર હોય કે ગુજરાત હરનાથ સમાજ હોય એ દરેક વિવિધ સંગઠનોમાં સમાજ ઉપયોગી કામોમાં એમનું યોગદાન ચિરંજીવી રહેશે. હું આપણા સૌ વતીથી એમને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ સંતોકબેન જાડેજા સાથે આ વિધાનસભા ગૃહમાં સભ્ય તરીકે રહ્યો હતો અને એ રીતે આ ગૃહના સભ્ય રહી ચૂકેલા સ્વ. સંતોકબેન જાડેજાના અવસાન નિમિત્તે પણ હું આપણા સૌ વતી એમને

શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું અને એ તમામ સ્વર્ગસ્થોના પરિવારજનોને એમના પર આવી પડેલ દુ:ખને સહન કરવાની ઈશ્વર શક્તિ અર્પે એવી પ્રાર્થના સાથે વિરમુ છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઈને આવ્યા છે અને અમારા માનનીય નેતાશ્રીએ જેને સમર્થન આપેલ છે એવા આ ગૃહમાં વર્ષો સુધી બેસતા અને જેમનું ખૂબ લાંબુ જાહેર જીવન હતું એવા સ્વર્ગસ્થ શાંતિલાલ પટેલનું ૭૩ વર્ષની ઉમરે અવસાન થયું છે. શાંતિલાલભાઈનું જીવન એ ખૂબ જ સુશ્રુત વ્યક્તિત્વવાળું હતું. ત્રણ વખત વિધાનસભામાં અને ત્રણ વખત લોકસભામાં ચૂંટાયા અને મંત્રી પણ રહ્યા. એનાથી વિશેષ સમાજ સાથેની એમની કનેક્ટિવિટી હતી એ ઉમદા હતી. પછાત વિસ્તાર અને એમાં પંચાયત, સહકારી ક્ષેત્ર, શૈક્ષણિક સંસ્થાઓ, રચનાત્મક પ્રવૃત્તિઓ આ બધા સાથે જીવનભર જોડાયેલા રહ્યા. ચૂંટાયા નહીં પછી પણ એ નિવૃત્ત રહેવાના બદલે અત્યંત પ્રવૃત્ત રહ્યા અને દરેક ક્ષેત્રમાં એમનું માર્ગદર્શન મળતું રહ્યું. અમને બધાને પણ એમનું માર્ગદર્શન વર્ષો સુધી મળ્યું છે એવા સ્વર્ગસ્થ શાંતિલાલભાઈને હું શ્રદ્ધાંજલિ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. નલિનભાઈ પટેલ કાયમ હસતા અને એકદમ જીવંત વ્યક્તિત્વ. વેપાર, ઉદ્યોગ, રમત-ગમત અને સામાજિક પ્રવૃત્તિઓ દરેકમાં જીવંત રસ લેનારા રાજનીતિમાં પણ એટલા જ જીવંત રહ્યા છે અને સામાજિક સેવાઓમાં પણ એમણે એટલો જ રસ લીધો હતો.

માનનીય સ્વર્ગસ્થ યાસીનમીયાં યુસુફમીયાં મલેક ઠાસરાના એક નાનકડા ગામડામાં જન્મ અને આ ગૃહમાં ચૂંટાયા અને મંત્રી બન્યા. અનેક શૈક્ષણિક અને સામાજિક પ્રવૃત્તિઓ સાથે જીવનભર સંકળાયેલા રહ્યા. અમારા જામનગર જિલ્લાના હરિદાસ લાલ બાબુકાકાના નામથી બધા એમને ઓળખે અને નાના સાથે નાના અને મોટાની સાથે મોટા એવી રીતે એ સમગ્ર જીવન એમણે પસાર કર્યું. નાનકડા ગામમાં જન્મ અને એ મહાજન પરંપરા એમણે જીવનભર નિભાવી. મોડપર ગામના સરપંચથી શરૂ કરી તાલુકા પંચાયત અને મંત્રી પણ બન્યા અને જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી સમાજ સેવા સાથે સંકળાયેલા રહ્યા અને ૮૯ વર્ષની જૈફ વયે આપણા વચ્ચેથી વિદાય લીધી. સ્વ. વિઠ્ઠલભાઈ, એમનું નામ આવે એટલે સહકારી પ્રવૃત્તિ યાદ આવે. સહકારી પ્રવૃત્તિઓ ઉપરાંત વેપાર, ઉદ્યોગ અને સમાજ સેવા સાથે સંકળાયેલા વિઠ્ઠલભાઈએ ૮૯ વર્ષની વયે આપણા વચ્ચેથી વિદાય લીધી. સ્વ.શ્રી મનહરભાઈ શુક્લ સૌરાષ્ટ્રના વઢવાણમાં જન્મ્યા પરંતુ અમદાવાદમાં ખાસ કરીને જે મજૂર મહાજનની પ્રવૃત્તિ છે એમાં એમણે ઉમદા પ્રદાન કર્યું. મજૂર પ્રવૃત્તિઓ અત્યારે ભુલાયેલી છે. પરંતુ જ્યારે ચરમસીમાએ હતી ત્યારે એ ગાંધીવાદી વિચારધારાથી મજૂર પ્રવૃત્તિ ચલાવનારાઓનો આ છેલ્લો દીપક હતો એ આપણા વચ્ચેથી બુજાઈ ગયો છે. એમણે માત્ર મજૂર પ્રવૃત્તિઓ નહિ. પરંતુ બીજી સામાજિક પ્રવૃત્તિઓ કોરપોરેશનથી માંડીને બીજી જગ્યાએ પણ ચૂંટાયેલા હતા. સ્વ. મનહરલાલ શાહ પ્રાંતિજ તાલુકાના નાનકડા ગામમાં જન્મ્યાં. આર્યુવેદિક તબીબનો વ્યવસાય અને સમાજ સેવા દ્વારા એ લાકો સાથે છેલ્લે સુધી જોડાયેલા રહ્યાં. સ્વ. ગુલાબસિંહજી વાઘેલા દિયોદરમાં જન્મ્યાં. આ ગૃહના સભ્ય બન્યાં અને જ્યારે રાજનીતિમાં નહોતા અને ઓછા સક્રિય હતા ત્યારે પણ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં એમનું ખૂબ મોટું પ્રદાન રહ્યું. દિયોદર જેવા પછાત વિસ્તારોની અંદર માધ્યમિક શાળા-કોલેજ, રમત-ગમત, પંચાયત અને એમના દ્વારા લોકો સાથે જોડાયેલા રહ્યાં. સ્વ. વિઠ્ઠલભાઈ પટેલ સહકારી અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા રહ્યાં. શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપી. સરપંચથી શરૂ કરીને ધારાસભ્ય સુધીની સફળ કામગીરી બજાવી.

સ્વ. મગનભાઈ ઝાલા પછાત વિસ્તારના સમાજમાંથી આવીને પંચાયત અને ગ્રામ વિકાસના ક્ષેત્રમાં એમણે ઉમદા કામગીરી કરી. કુસુમબેન હરિહર ખંભોળજા આ એક હરિભાઈ અને કુસુમબેન એવું દંપતિ હતું કે યુવાન વયથી જ સમાજ સેવાને વરેલા લોકો હતા. બંને જણા રાજનીતિમાં સક્રિય હોવા છતાં સમજણથી રાજ્યની સેવા કરવામાં અને એમના વિસ્તારની સેવા કરવામાં એમણે ઉમદા પ્રદાન કર્યુ.

શ્રીમતી સંતોકબેન જાડેજા કુતિયાણામાંથી ચૂંટાયા. ભલે આપણે એમને ગોડમધરના એક પાત્ર તરીકે વધારે મળ્યાં હોય પણ વ્યકિતગત જીવનની અંદર ખૂબ સરળ હતા. ખૂબ નાની ઉંમરે એમનું અવસાન થયું. આ બધા જ પરિવારના પરિવારજનોને હું આપના મારફત દિલસોજીનો સંદેશો મળે અને જે સ્વર્ગસ્થ થયા છે એમને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ આપે એવી પ્રાર્થના કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના નેતા સદ્‌ગત આત્માઓ જે સભાગૃહના સભ્ય રહી ચૂકેલા છે એમનો શોક આપતો જે પ્રસ્તાવ લાવ્યા છે અને માનનીય વિરોધપક્ષના નેતાએ જેને ટેકો આપ્યો છે એમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં શાંતિલાલ પુરુષોતમભાઈ પટેલ સાથે રહેવાનો મોકો મળ્યો એ રીતે લોકસભામાં પણ એમની સાથે બેસવાનો મોકો મળેલો. ખૂબ સરળ સ્વભાવના અને ખૂબ જાગૃત પ્રતિનિધિ તરીકે એમની છાપ ઉપસેલી હતી. કેન્દ્રીય મંત્રી તરીકે પણ એમની કામગીરી ખૂબ સારી રહી હતી. નલીનભાઈ પટેલ સાથે ગૃહમાં રહેવાનું નહિ પણ વેપારી મંડળના પ્રમુખ તરીકે અને રાજ્યના મહાજન તરીકે એમનું પ્રદાન પણ હંમેશા યાદ રહેશે.

યાસીનમીયાં મલેક સાથે આ ગૃહમાં છઠ્ઠી વિધાનસભામાં રહેવાનો મોકો મળેલો. કાયદાના નિષ્ણાંત અને ખાસ કરીને ક્રિમિનલ કેસની અંદર એમની ખેડા જિલ્લાની અંદર ખૂબ સારી નામના હતી. હરિદાસ લાલ હમણાં જ

કહ્યું એ પ્રમાણે એ ખૂબ મોજીલા સ્વભાવના એમની સાથે રહેવાનો મોકો મળેલો અને હાલારના નવાનગર ચેમ્બર્સ ઓફ કોમર્સની સાથે એ સંકળાયેલા વેપારી હતા. એજ રીતે મનહરભાઈ શુકલ જૂની પેઢીના ગાંધીવાદી આગેવાન અને મજૂર મહાજન સાથેના એમનો જે ઘરોબો હતો. મજૂરોના, શ્રમજીવીઓના હિત રક્ષક હતા. સતત કાર્યશીલ એવા મનહરભાઈ શુકલ ગાંધીવાદી આગેવાનો પૈકીના અવશેષો જે બચેલા છે એ પૈકીના અને અમારા જેવાને ખૂબ માર્ગદર્શક બનેલા એ વાતને યાદ કરું છું.

ડો.મનહરભાઈ શાહ એ ૧૯૬૭ની અંદર ધારાસભ્ય તરીકે અમારા લાકડિયા ઠાકોર સાહેબ ભુપેન્દ્રસિંહજી સાથે હતા એટલે પરિચિત છે. એ પછી આ ગૃહની અંદર હું આવ્યો ત્યારે પણ મારા માર્ગદર્શક રહ્યા હતા. ખાસ કરીને જે વ્યાખ્યાન-માળા લાયન્સ પ્રવૃત્તિ આ બધાની અંદર જીવનના છેલ્લા શ્વાસ સુધી તેઓ કાર્યશીલ રહ્યા હતા. એ રીતે ગુલાબસિંહ વિરમસિંહ વાઘેલા, ભવાનસિંહજી આ ગૃહના સર્વે અધ્યક્ષશ્રીજીના નાનાભાઈ જોડિયાબંધું પણ દિયોદર જેવા વિસ્તારની અંદર એમની અને કચ્છની પડોશમાં એટલે કચ્છ સાથે પણ સંબંધો એ નાતે પણ હું યાદ કરું છું.

મગનભાઈ ગોકળભાઈ ઝાલા કઠલાલ વિસ્તારમાંથી ધારાસભ્ય એમની સાથે પણ આ ગૃહમાં રહેવાનો મોકો મળેલો. કુસુમબેન હરિહર ખંભોળજા, હરિહરભાઈ ખંભોળજા સાથેનો ખૂબ નજીકનો ઘરોબો અને એક અચ્છા ગૃહિણી તરીકે, સામાજિક કાર્યકર તરીકે અને જાગૃત ધારાસભ્ય તરીકેના અનુભવો એ અવારનવાર ઘરે બેઠા હોય ત્યારે હરિહરભાઈના અનુભવની સાથે થાય. સ્વ. શ્રીમતી સંતોકબેન પણ પોરબંદરમાંથી ધારાસભ્ય અને આ ગૃહમાં રહેવાનો મોકો મળેલો, આ તમામ પ્રજાકીય પ્રતિનિધિઓ અને આગેવાનો, એમના માટે એટલું જ કહીએ કે, " જાનાર તો જાતા રહ્યા, સદ્ગુણ એના સાંભરે " એટલા જ શબ્દો કહી અને સદ્ગતના પરિવારજનોને સાંત્વના મળે એ માટે એમને શ્રદ્ધાંજલિ આપી અને મારું સ્થાન લઉં છું.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, જે શોક ઠરાવ લઈ અને માનનીય મુખ્ય મંત્રીશ્રી અને વિરોધપક્ષના નેતાશ્રી આવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારના એક વખતના ધારાસભ્ય એવા શ્રીમતી કુસુમબેન હરિહર ખંભોળજાના થયેલ દુ:ખદ અવસાન અંગે પ્રભુ એમના આત્માને શાંતિ આપે એ માટે પ્રાર્થના કરું છું. શ્રીમતી કુસુમબેન ખંભોળજા એ આજ ગૃહના સભ્ય અને મિનિસ્ટર રહેલા હરિહર ખંભોળજાના ધર્મપત્ની હતા અને હરિહર ખંભોળજાના રાજકીય જીવનની અંદર એમની સફળતાની અંદર એમના પડછાયા તરીકે રહી અને એમણે જે સેવાઓ આપી છે એને હરિહર ખંભોળજાએ એમના પોતાના જાહેર વકતવ્યોમાં પણ વણી લઈને વાત કરેલી છે. કુસુમબેન ખંભોળજાના જીવનની અંદર, ભરૂચના કુસુમ હરનાથ આશ્રમના હરનાથ ભગવાન તરીકે ઓળખાતા સંત, પૂજ્ય ડોંગરેજી મહારાજ અને અમારા થામણા ગામના સર્વોદય કાર્યકર બબલભાઈ મહેતા એમના જીવન અને એમના કાર્યશૈલીની એમના પર ખૂબ જ ઊંડી અસર હતી. બબલભાઈના સત્સંગના કારણે તેઓ સમાજની અંદર સામાજીક પ્રવૃત્તિઓમાં રસ લેતા હતા અને કુસુમ હરનાથ અને ડોંગરેજી મહારાજના સંપર્કમાં આવવાના કારણે ભકિતભાવ તરફ જીવન વાળવાનો પણ એમનો સતત પ્રયત્ન રહેતો હતો. એક ધારાસભ્ય તરીકે સાતમી વિધાનસભામાં જે સો ટકા હાજરી આપનારા સભ્યો હતા એમાં પણ કુસુમબેન ખંભોળજાનો ખૂબ જ હિસ્સો રહેતો, આવા એક ઉમદા મહિલા ધારાસભ્ય તરીકે અમારા ઉમરેઠ વિભાગનું જ્યારે એમણે પ્રતિનિધિત્વ કર્યુ હતું ત્યારે આપના માધ્યમથી એમના કુટુંબને દિલસોજીનો સંદેશો પાઠવવામાં આવે અને ભગવાન એમને શાંતિ આપે એજ પ્રાર્થના.

**શ્રી જયનારાયણ વ્યાસ(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા માનનીય મુખ્ય મંત્રીશ્રી, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રીઓ અને પૂર્વ કેન્દ્રીય નાયબ મંત્રીશ્રીના દુ:ખદ અવસાન બાબતે જે શોક સંદેશો લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમાંથી કેટલાક મહાનુભાવો સાથે આજ સન્નમાનીય સભાગૃહમાં મને કામ કરવાનો મોકો મળ્યો છે પણ મારા જાહેર જીવનના પ્રવેશથી લઈને આજ દિવસ સુધી જે કેટલાક વિશિષ્ઠ મહાનુભાવોને મારે નજદીકથી પરિચયમાં આવવાનું થયું એમાં અમારા પૂર્વ ધારાસભ્ય માનનીય મુરબ્બી વિઠ્ઠલકાકા, એ સતત મારા હિતેચ્છુ, માર્ગદર્શક અને જે દિવસે એમનું અવસાન થયું તે દિવસે પણ છેલ્લા મુલાકાતી તરીકે એમની સાથે વાત કરવાનું મને સદ્ભાગ્ય મળ્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, સંપૂર્ણ સ્વસ્થ અને કયાંય બહુ જ ટૂંક સમયમાં એ આ દુનિયા છોડી જવાના છે એવો જરાય અંદેશો નહીં એવા માનનીય વિઠ્ઠલકાકાની બે-ત્રણ બાબતોનો મારે વિશેષ ઉલ્લેખ કરવો છે. માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા મંત્રી અને નર્મદા નિગમના અધ્યક્ષ તરીકેના મારા કાર્ય કાળ દરમિયાન નર્મદા યોજના એક અત્યંત કટોકટીભર્યા તબક્કેથી પસાર થઈ રહી હતી તેવે સમયે સ્વ.શ્રી કેશુભાઈ અને માનનીય વિઠ્ઠલભાઈએ નર્મદા ઘટીમાં મધ્યપ્રદેશમાં આપણા પાટીદાર કુટુંબો વસે છે એમાં ઉમિયા માતા સંસ્થાનના આગેવાનો સાથે ખૂબ જહેમતપૂર્વક ૨ થી ૩ વર્ષ કામ કરી પુન:વસનની કામગીરીમાં અવરોધ ઊભા થતા હતા, એમાં ખૂબ મોટી મદદ પૂરી કરવાનું કામ આ બંને મહાનુભાવોએ કર્યુ હતું અને આ તબક્કે આ ગૃહમાં માનનીય અધ્યક્ષશ્રી હું વિશેષ ઉલ્લેખ કરવાનું ઉચિત સમજુ છું. માનનીય વિઠ્ઠલભાઈ દીર્ઘકાલીન સેવા સિદ્ધપુર ખેતબજાર ઉત્પન્ન સમિતિના પ્રમુખ

તરીકે અને દૂધ સાગર ડેરીના વાઇસ ચેરમેન તરીકે એમની સાદગી, નિખાલસતા પારદર્શકતા અને પ્રમાણિકતા અનુકરણીય રહ્યા છે. હંમેશા યાદ રહેશે. તેજ રીતે સ્વ. નલીનભાઈ પટેલ સાથે ચેમ્બરના પ્રમુખશ્રી તરીકે તેમજ મારા સેવાકાળ દરમ્યાન મંત્રીશ્રી તરીકે નજીકથી કામ કરવાનો મને મોકો મળ્યો હતો. અત્યંત સ્વજન્યશીલ અને મૃદુભાષી નલીનભાઈનું વ્યક્તિત્વ પણ હંમેશા આપણને યાદ રહેશે. સ્વ. અરવિંદભાઈ બૂચના નિકટમ પરિચયના કારણે તેમજ મજૂર પ્રવૃત્તિના કારણે મનહરભાઈ શુક્લ સાથે નજીકથી કામ કરવાનો મને મોકો મળ્યો હતો. એમને શ્રદ્ધાંજલિ આપવાની તક લઉ છું. તે જ રીતે સ્વ. વિઠ્ઠલભાઈ અમીન સાથે પણ ચેમ્બર્સ તેમજ સહકારી સંસ્થામાં અને સ્વ.ડો. મનહરભાઈ શાહ સાથે એક્સ એમ.એલ.એ. કાઉન્સિલના સિનિયર વાઇસ ચેરમેન તરીકે ખૂબ નજીકથી કામ કરવાનો મને મોકો મળ્યો હતો. આ બંને મહાનુભાવો પણ હું મારી શ્રદ્ધાંજલિ આપું છું. આપના થકી આપણે એમના કુટુંબીજનોને શોકાંજલિ પાઠવીએ અને પ્રભુ એમને આ આઘાત સહન કરવાની શકિત આપે તેવી પ્રાર્થના કરીએ.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ(ભા.જ.પ.)** : માનનીય અધયક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક દર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે. ત્યારે એક વાત મારા ધ્યાનમાં આવી છે. દુ:ખ થાય છે કે આ ગૃહમાં જેઓ આપણી વચ્ચે કામ કરતા હતા તેવા મિત્રો આપણી વચ્ચે નથી. એમને શોકાંજલિ ઉલ્લેખ લઈને આવ્યો છું. એમાં સૌથી વધારે એક ડઝન જેટલા આ મહાનુભાવો આ વખતે આવ્યા છે. એમને આપણે શોકાંજલિ અર્પીએ છીએ. આમાં પણ આપણે જોઈએ તો આઝાદીકાળમાં જે લોકોએ વધારે કામ કર્યુ હતું. એવા મિત્રોની સંખ્યા લગભગ છે અને આ બધા આઝાદી વખતમાં કામ કરવા ટેવાયેલ હતા. આમ તો મોટાભાગના સાથે પરિચય ન હોય, પણ બે-પાંચ મિત્રો સાથે સંબંધ કેટલાકને વધારે હોય. મારે આમાં અંગત સંબંધ જે વિઠ્ઠલભાઈ ડોસાભાઈ પટેલ છે. તેઓ ઉત્તર ગુજરાતના વતની છે અને આપણા મંત્રી મહોદય સાહેબે વાત કરી એમની વાત લઈને આવ્યો છું. વિઠ્ઠલભાઈ પટેલ એ આપણી વચ્ચેથી ૯૦-૯૫ વર્ષની ઉમરે વિદાય થયા છે. મંત્રી મહોદયે વાત કરી તે પ્રમાણે છેલ્લે સમયે વાત કરવાનો મોકો મળ્યો. એમના મિત્ર હતા. છેલ્લે સમયે મળ્યા એ આપણને જાણવા મળ્યું. આ વિઠ્ઠલભાઈ પટેલ ખરેખર એમના જીવનમાં એમણે સુંદર કામગીરી કરી. એક સામાન્ય ખેડૂતના દીકરા હોવા છતાં પણ એમને એ વિસ્તારની બે વખત ચૂંટાઈને સેવા કરી હતી.

સાથે સાથે વિઠ્ઠલભાઈ અમારા વિસ્તારમાં સારામાં સારી જે કામગીરી કહેવાય તેમાં એક તો અમારી જિલ્લા સંઘ છે દૂધ માટેનો, તે દૂધસાગર ડેરીમાં રહીને સુંદર કામ કર્યુ છે. તેના વિકાસ માટે સારુ કામ કર્યુ હતું અને છેલ્લે છેલ્લે તે ડેરીની અંદર કામ કરતા કરતા તે આપણી વચ્ચેથી વિદાય થયા છે. તેમણે કામ કર્યુ ત્યારે તે ડેરીના ઉપપ્રમુખ તરીકે સારી કામગીરી કરી હતી. સાથે સાથે તે આપણા પ્રમુખ અને ઉપપ્રમુખ તરીકે ત્યાં રહ્યા હતા. આવી સુંદર કામગીરી વિઠ્ઠલભાઈ ડોસાભાઈએ કરી છે અને અહીં વિધાનસભામાં આવતા ત્યારે તેમની કામગીરી સુંદર હતી અને તે કામગીરી આજે પણ બધાને દેખાઈ આવે છે.આપના મારફતે તેમના કુટુંબીજનોને આ શોકદર્શક સંદશો મોકલી આપવામાં આવે તે વાત સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી આર.સી. ફળદુ(કાલાવડ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને સન્માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઈને આવ્યા છે તેમાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ પણ પોતાનો સૂર પુરાવ્યો છે. હું પણ મારી લાગણી વ્યકત કરવા માટે આપની અનુમતિથી ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના લગભગ ૧૨ જેટલા પૂર્વ સદસ્યો જે આજે આપણી વચ્ચે રહયા નથી તેમના શોકદર્શક ઉલ્લેખોમાં અમારા જામનગર જિલ્લાના બાબુભાઈ લાલ તેમનો પણ ઉલ્લેખ થયો છે. બાબુભાઈ લાલ લાલપુર તાલુકાના મોડપર ગામના ગ્રામ પંચાયતથી તેમની સંસદીય કાર્યવાહી શરૂ કરી, બાબુભાઈ લાલને લોકો આમ પ્રેમભાવથી કાકા કહેતા, બાબુકાકા કહેતા. નાનાથી લઈને મોટા લોકોની વચ્ચે ખૂબ હસતાં હસતાં તે વાતો કરતા. તેમણે મંત્રી સુધી કારકીર્દિ પહોંચાડી પરંતુ ત્યારે તેમનો અહંકાર તેમનામાં આવ્યો ન હતો. અમારે અવાર નવાર મળવાનું થતું હતું, તેમના પુત્રો મારફતે કયારેક બાબુકાકાના ખબર અંતર પૂછતા હતા. ખૂબ સ્વભાવે સરળ સૌને ગમે તે પ્રકારનો તેમનો સ્વભાવ હતો. રાજનીતિમાં લોકો ખૂબ કામ કરતા હોય છે. વ્યકિત કેટલું જીવ્યો તે અગત્યનું નથી પરંતુ કેવું જીવ્યો તે અગત્યનું હોય છે અને તેના કારણે લોકોને તેમાંથી પ્રેરણા પ્રાપ્ત થતી હોય છે. બાબુકાકાના સ્વભાવમાં એવું હતું કે સૌને તેમનામાંથી કંઈક પ્રેરણા પ્રાપ્ત થાય તે પ્રકારનું ઉજજવળ જીવન તે જીવી ગયા. તેમના જીવાત્માને પ્રભુ મોક્ષગતિ આપે તેમ અન્ય દિવંગત્ મહાનુભાવોને પ્રભુ મોક્ષગતિ આપે અને તે પરિવારો ઉપર આવી પડેલી આઘાતની વેળાએ ઈશ્વર તેમને શકિત બક્ષે તેવી પ્રાર્થના.

**અધ્યક્ષશ્રી** : આ ગૃહના નેતા, માનનીય મુખ્યમંત્રીશ્રી આ સભાગૃહના પૂર્વ સભ્યો અને પૂર્વ કેન્દ્રીય મંત્રી સ્વ.શાંતિલાલભાઈ પટેલ, રાજયના પૂર્વ મંત્રી સ્વ.શ્રી નલિનભાઈ પટેલ, સ્વ.શ્રી યાસીનમીયાં મલેક, સ્વ.શ્રી હરિદાસ લાલ, તથા આ ગૃહના પૂર્વ સભ્ય સ્વ.શ્રી વિઠ્ઠલભાઈ અમીન, સ્વ.શ્રી મનહરલાલ શુકલ, સ્વ.શ્રી ડો.મનહરભાઈ શાહ, સ્વ.શ્રી ગુલાબસિંહ વાઘેલા, સ્વ.શ્રી વિઠ્ઠલભાઈ પટેલ, સ્વ.શ્રી મગનભાઈ ઝાલા, સ્વ.શ્રીમતી કુસુમબેન ખંભોળજા અને સ્વ.શ્રી સંતોકબેન જાડેજાના અકાળે થયેલ અવસાન અંગે જે શોક પ્રસ્તાવ લાવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું.

સ્વ.શાંતિભાઈ પટેલ સતત ત્રણ ટર્મ સુધી આ ગૃહના સભ્ય તરીકે પ્રજાના પ્રશ્નોને વાચા આપી છે. એક સહકારી આગેવાન તરીકે ખાસ કરીને આદિવાસી સમાજના ઉત્કર્ષ માટે તેઓએ અમૂલ્ય સેવાઓ આપી હતી. આદિવાસી પ્રજાના સામાજિક અને શૈક્ષણિક ઉત્થાનમાં પણ તેમનું યોગદાન ખૂબ જ ઉત્કૃષ્ઠ રહયું હતું, ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિ અને જાહેર સાહસો માટેની સમિતિ જેવી ખૂબ જ મહત્વની સમિતિઓના ચેરમેન તરીકે અમૂલ્ય સેવા આપી હતી. કટોકટીના સમય દરમિયાન જેલવાસ પણ તેમણે ભોગવ્યો હતો. તેઓના અવસાનથી રાજયે એક સંનિષ્ઠ અને સેવાભાવી સમાજસેવક ગુમાવ્યા છે.

તે જ રીતે પૂર્વ મંત્રીશ્રીઓ સ્વ. શ્રી નલીનભાઈ પટેલ, સ્વ. શ્રી યાસીનમીયાં મલેક, સ્વ. શ્રી હરિદાસ લાલ તેમજ પૂર્વ સભ્યશ્રીઓએ આ ગૃહના સભ્ય તરીકે રહીને પ્રજાના જીવનને સ્પર્શતા અનેક પ્રશ્નોને વાચા આપી છે, તેઓના અવસાનથી આ રાજયએ સંનિષ્ઠ અને નિષ્ઠાવાન સમાજ સેવકો ગુમાવ્યા છે, પ્રભુ, સદ્‌ગતોના આત્માને શાશ્વત શાંતિ અર્પે અને તેઓશ્રીઓના કુટુંબીજનોને દુઃખ સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શકિત આપે એવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને દિલસોજીનો સંદેશો પાઠવીએ. આપણે સૌ સ્થાન ઉપર ઉભા રહી સદ્‌ગતોને અંજલિ આપીશું.

**( બે મિનિટ મૌન બાદ)**

**અધ્યક્ષશ્રી :** ઓમ્ શાંતિ, શાંતિ, સૌ સભ્યશ્રીઓ પોતપોતાનું સ્થાન લે. હવે, મારે એક જાહેરાત કરવાની છે, ( અંતરાય) પ્લીઝ, આપ બેસી જાઓ.

## અધ્યક્ષશ્રીની જાહેરાત
## પુષ્પાંજલી અંગે

**અધ્યક્ષશ્રી** : આવતી કાલે મંગળવાર, તા. ૨૭-૯-૨૦૧૧ના રોજ સ્વ. શ્રી વિઠ્ઠલભાઈ પટેલની ૧૩૮મી જન્મતિથિ હોવાથી તે નિમિત્તે પુષ્પાંજલિ કાર્યક્રમ સવારના ૯-૩૦ કલાકના બદલે સવારના ૧૦-૩૦ કલાકે ગૃહની બેઠકના વિરામ સમય દરમિયાન યોજવામાં આવશે. આ કાર્યક્રમમાં સર્વે માનનીય મંત્રીશ્રીઓ અને સભ્યશ્રીઓએ ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે. નેક્સ્ટ. (અંતરાય)

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો
### ગુજરાત રાજય બાંધકામ નિગમ લિમિટેડના હિસાબો અને અહેવાલ

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય બાંધકામ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો અને ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું. (અંતરાય)

**અહેવાલો, હિસાબો, ટિપ્પણ, સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

### ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ લિમિટેડના અહેવાલ અને હિસાબો

**શ્રી દિલીપ સંઘાણી ( સહકાર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું. (અંતરાય)

**અહેવાલો, હિસાબો, ટિપ્પણ, સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

### ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડના અહેવાલ અને હિસાબો

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( જળસંપતિમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોર અને ઓડિટર જનરલની ટિપ્પણી તથા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**અધ્યક્ષશ્રી :** માનનીય શકિતસિંહજી, આપ પ્લીઝ બેસી જાવ. (અંતરાય)

( આ તબક્કે માનનીય સભ્યશ્રી ભગવાનભાઈ બારડ વેલમાં ઘસી આવ્યા)

સાર્જન્ટ, માનનીય ભગવાનભાઈને વિવેકપૂર્વક ગૃહની બહાર લઈ જાવ. આપ એમને આદરપૂર્વક સભાગૃહની બહાર લઈ જાવ. માનનીય શ્રી ભગવાનજીભાઈ બારડને આજના દિવસની આ ગાળાની સભાગૃહની કામગીરીમાંથી નિયમ- ૫૧ હેઠળ દૂર કરવામાં આવે છે. નેક્સ્ટ.

**ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનો સન ૨૦૧૦-૨૦૧૧નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષક્ષશ્રી, હું ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડના સન ૨૦૦૫-૨૦૦૬ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**ગુજરાત રાજય વેરહાઉસીંગ કોરપોરેશનનો વાર્ષિક અહેવાલ**

**શ્રી દિલીપ સંઘાણી ( કૃષિ અને સહકારમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય વેરહાઉસીંગ કોરપોરેશનનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી મંગુભાઈ છ. પટેલ ( વન અને પર્યાવરણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૧૦-૨૦૧૧નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**નાણા વિભાગની અધિસૂચનાઓ**

**શ્રી વજુભાઈ વાળા ( નાણા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું આજના દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલ બાબત ક્રમાંક૩ની પેટા બાબત ૮માં દર્શાવેલ નાણા વિભાગની સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ અન્વયેની

(૧) તા. ૧-૪-૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૦૫)વીએટી-૨૦૧૧-એસસીએચ-૨(૪૫)૧૯-ઠ.
(૨) તા. ૧-૪-૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૦૬)વીએટી-૨૦૧૧-એસ-૫(૨)(૩૦)-ઠ.
(૩) તા. ૧૧-૪-૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૦૮)વીએટી-૨૦૧૧-એસ-૫(૨)(૩૧)-ઠ.
(૪) તા. ૨૬-૪-૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૦૯)વીએટી-૨૦૧૧-એસ-૫(૨)(૩૨)-ઠ.
(૫) તા. ૨૭-૪-૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૧૧)વીએટી-૨૦૧૧-એસસીએચ-૨(૪૨એ)-(૨૦)-ઠ.
(૬) તા. ૧૧-૫-૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૧૪)વીએટી-૨૦૧૧-એસ-૫(૨)(૩૩)-ઠ.
(૭) તા. ૧૬-૬-૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૧૮)વીએઆર-૨૦૧૧-(૩૧)-ઠ.

અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી**

**વન અને પર્યાવરણ વિભાગની અધિસૂચના**

**શ્રી મંગુભાઈ છ. પટેલ ( વન અને પર્યાવરણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું આજના દિવસના કામકાજ યાદીની બાબત ક્રમાંક ૩ની પેટા બાબત ૯માં દર્શાવેલ વન અને પર્યાવરણ વિભાગની સન ૨૦૦૨ના ગુજરાત જૈવિક વિવિધતા અધિનિયમ અન્વયેની તા. ૧૮-૨-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-ડબલ્યુએલપી-૨૦૦૩-૧૭૭૭-૨૦૦૯(૪૫)-ડબલ્યુ (પાર્ટ-૨) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની અધિસૂચના**

**શ્રી સૌરભભાઈ પટેલ ( રાજય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું આજના દિવસના કામકાજ યાદીની બાબત ક્રમાંક ૩ની પેટા બાબત ૧૦માં દર્શાવેલ સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ હેઠળ જનતા માટે વિદ્યુત ઉત્પાદન, પરિવહન અને વિતરણ ઉપરાંત ટ્રેડીંગ ઓફ ઈલેકિટ્રકલ પાવર એન્ડ કો-ઓર્ડિનેશન એકિટવિટી કરતા નિર્દિષ્ટ ઉદ્યોગોમાંના તમામ રોજગારોને આવશ્યક સેવા જાહેર કરતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની તા. ૨-૯-૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૨૦૧૧(૧૧૬)-જીયુવી-૧૧૨૦૧૧-૨૮૬૧-ક સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી**

**ઉદ્યોગ અને ખાણ વિભાગની અધિસૂચનાઓ**

**શ્રી સૌરભભાઈ પટેલ ( રાજય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું આજના દિવસના કામકાજ યાદીની બાબત ક્રમાંક ૩ની પેટા બાબત ૧૧માં દર્શાવેલ ઉદ્યોગ અને ખાણ વિભાગની

(અ) સન ૧૯૬૨ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ અન્વયેની

(૧) તા. ૨૦-૧-૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક-જીએચયુ-૧૦૨૦૧૧-(૦૨)-જીઆઈડી-૧૦૨૦૦૯-૨૫૧૩-ગ

(૨) તા. ૧૪-૩-૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક-જીએચયુ-૧૦૨૦૧૧-(૦૬)-જીઆઈડી-૧૦૨૦૦૯-૯૫૮(પા.ફા.૪)-ગ

(૩) તા. ૧૯-૫-૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક-જીએચયુ-૧૦૨૦૧૧-(૦૮)-જીઆઈડી-૧૦૨૦૦૯-૯૬૧-ગ

(૪) તા. ૨૭-૫-૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક-જીએચયુ-૧૦૨૦૧૧-(૧૦)-જીઆઈડી-૧૦૨૦૦૯-૯૬૦-ગ

(૫) તા. ૧૪-૭-૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક-જીએચયુ-૧૫-૧૦૨૦૧૧-જીઆઈડી-૧૦૨૦૧૦-૩૦૬૦-(પા.ફા.૧)-ગ

(૬) તા. ૨૪-૮-૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક-જીએચયુ-૧૦૨૦૧૧-(૧૬)-જીઆઈડી-૧૦૨૦૧૦-૩૦૬૦(પા.ફા.૧)-ગ

**(બ)** સન ૧૯૬૩ના ગુજરાત નગરપાલિકા અધિનિયમ અન્વયેની-

(૧) તા. ૨૧-૫-૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક-જીએચયુ-૧૦૨૦૧૧-(૦૯)-જીઆઈડી-૧૦૨૦૦૯-૯૫૮(પા.ફા.૩)-ગ

(૨) તા. ૮-૭-૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક-જીએચયુ-૧૦૨૦૧૧-(૧૩)-જીઆઈડી-૧૦૨૦૦૯-૯૫૮(પા.ફા.૪)-ગ

(૩) તા. ૮-૭-૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક-જીએચયુ-૧૦૨૦૧૧-(૧૪)-જીઆઈડી-૧૦૨૦૦૮-૩૦૬૦-ગ

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી**

**અનુમતિ મળેલા વિધેયકો**

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી**

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલાં અનુમતિ મળેલા**

**સચિવશ્રી :** માનનીય અધ્યક્ષશ્રી, હું બારમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૭ તથા રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક- ૧, ૩, ૫, ૬, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૮, ૩૦, ૩૧, અને ૩૨ને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલાં વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**અધ્યક્ષશ્રી** : શક્તિસિંહભાઈ, શક્તિસિંહભાઈ પ્લીઝ, આપ આપના સભ્યશ્રીને સમજાવો, આપણે ત્યાં ઝીરો અવર્સની કોઈ પ્રથા નથી, માનનીય મંત્રીશ્રી જ્યાંસુધી જવાબ આપવા માટે તૈયાર ના હોય ત્યાંસુધી ઝીરો અવર્સ દાખલ કરી શકાતો નથી. પ્લીઝ આપ મારી ઓફિસમાં આવીને મળજો, આપ જે કંઈ કહેશો તે હું સાંભળીશ, પ્લીઝ મારી કચેરીમાં આપ આવજો હું સાંભળીશ, અહીંયા નિયમાનુસાર નોટિસ આપવામાં આવે, માનનીય મંત્રીશ્રી જવાબ આપવા માટે તૈયાર હોય તો ઝીરો અવર્સ દાખલ કરી શકાય છે, આ આપણી પરંપરાઓ છે પ્લીઝ, નેક્સ્ટ.

( આ તબક્કે સુત્રોચ્ચારો ચાલુ રહ્યા. )

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક - ૨, સન ૨૦૧૧નું મુંબઈનું ( કચ્છ ક્ષેત્રમાંના) ઈનામો નાબૂદ કરવા બાબતનું (૨દ કરવા બાબત)

વિધેયક પર પુનઃ વિચારણા કરવા બાબતમાં નામદાર રાજયપાલશ્રીના સંદેશા અંગે

**અધ્યક્ષશ્રી** : આપ પ્લીઝ બેસી જાઓ, આપ મારી ચેમ્બરમાં આવીને જે ચર્ચા કરવી હોય તે કરી શકો છે. આપણી પરંપરાઓ પ્રમાણે આપણે અહીંયા ઝીરો અવર્સ દાખલ કરતાં નથી, (અંતરાય)

બારમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રના સભાગૃહે પહેલી માર્ચ, ૨૦૧૧ના રોજ સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક - ૨, સન ૨૦૧૧નું મુંબઈનું ( કચ્છ ક્ષેત્રમાંના) ઈનામો નાબૂદ કરવા બાબતનું ( ૨દ કરવા બાબત ) વિધેયક પસાર કર્યુ હતું, આ વિધેયકને નામદાર રાજ્યપાલશ્રીની અનુમતિ માટે રજૂ કરવામાં આવતા રાજ્યપાલશ્રીએ આ વિધેયકની જોગવાઈઓ ઉપર વિચારણા કરીને ભારતના બંધારણની કલમ-૨ના પ્રથમ પરંતુક અનુસાર નિર્દેશ આપી, સદરહુ વિધેયક ઉપર તેઓનો અભિપ્રાય અને ભલામણો સાથે પુનઃ વિચારણા કરવાના તારીખ બીજી જુલાઈ, ૨૦૧૧ના સંદેશા સાથે વિધેયક ગુજરાત વિધાનસભાને પરત મોકલાવેલ છે. નામદાર રાજ્યપાલશ્રીએ મોકલેલ સંદેશ નીચે મુજબ છે:-

રાજય સરકારે, **વૈધાનિક અને સંસદિય બાબતોના વિભાગના તારીખ ૪થી માર્ચ, ૨૦૧૧ના તેનાપત્ર ક્રમાંક: જીયુજે-બીઆઈએલએલ./૨/૨૦૧૧/૧૧૧૦/૭૨/સી-થી મુંબઈનું (કચ્છ ક્ષેત્રમાંના) ઈનામો નાબૂદ કરવા બાબતનું (૨દ કરવા બાબત ) વિધેયક, સન ૨૦૧૧ ( સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨)** મારી વિચારણા અને સંમતિ અર્થે રજૂ કર્યુ છે.

મેં સૂચિત વિધેયકની વિવિધ જોગવાઈઓ પર કાળજીપૂર્વક વિચારણા કરી છે, આ સંબંધમાં રાજભવન, સચિવાલયને મળેલી કેટલીક રજૂઆતો પર પણ મેં વિચારણા કરી છે, મારી સમક્ષ રજૂ કરવામાં આવેલી તમામ

સંબંધિત બાબતો પર કાળજીપૂર્વક વિચારણા કરતાં, હું આ વિધેયક અંગે નીચે જણાવ્યા પ્રમાણેના કેટલાક અભિપ્રાયો ધરાવું છું.

**સન ૧૯૫૮નો મુંબઈનો (કચ્છ ક્ષેત્રમાંના) ઈનામો નાબૂદ કરવા બાબતનો અધિનિયમ**, મૂળભૂત રીતે, રાજ્યના કચ્છ વિસ્તારમાંના કેટલાક ઈનામો નાબૂદ કરવા માટે ઘડવામાં આવ્યો હતો, તદ્અનુસાર લગભગ ચાલીસ હજારથી પચાસ હજાર ઈનામદાર, કુટુંબોએ પોતાની ખેતીલાયક જમીન, વન્ય જમીન, ગૌચર જમીન, ઢોર-વાડા, ખાણકામ વિસ્તારો, વિગેરેને લગતા પોતાના હક્ક ગુમાવ્યા હતા, તેમની આજીવિકાનું સાધન તેમની પાસેથી એકઝાટકે ઝુંટવી લેવામાં આવ્યાં હતાં અને તેમણે અભૂતપૂર્વ આર્થિક કટોકટીનો સામનો કર્યો હતો અને તેમાંના ઘણાં ભૂખમરાની પરિસ્થિતિમાં ધકેલાઈ ગયા હતા.

મોટી સંખ્યામાં ભૂતપૂર્વ ઈનામદારો નિરક્ષર અને અભણ હતા. તેઓ અધિનિયમની વિવિધ જોગવાઈઓ અનુસાર જિલ્લા વહીવટી તંત્રને અરજી કરીને રજૂઆત કરી શક્યા ન હતા. સરકારે વખતોવખત આ અંગેની સમયમર્યાદા વધારાનું ચાલુ રાયું હતું, તેમ છતાં, વહીવટી તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા ન હોવાથી, સરકારની સામે ખૂબ રોષ અને દ્વેષની લાગણી પ્રવર્તતી હતી. પરિણામે, સન ૧૯૬૪માં સચિવાલય ખાતે ઉચ્ચ કક્ષાની બેઠક મળી હતી અને સરકાર અને ભૂતપૂર્વ ઈનામદારોના પ્રતિનિધિઓ વચ્ચે સમાધાન થયું હતું. ત્યારબાદ પણ, રાજય સરકારે અરજી કરવા વિગેરે માટેની સમય મર્યાદા સન ૧૯૬૪થી આગળ વધારી હતી. તેમ છતાં, સન ૧૯૯૪માં ૧૧૫૩ કેસ હજી આખરી પતાવટ માટે અનિર્ણિત હતા. મારા ધ્યાન પર લાવવામાં આવ્યું છે કે, આજસુધી સરકાર દ્વારા કરવામાં આવેલા સમાધાનનો સંપૂર્ણ અમલ થયો નથી.

સરકારે, **સન ૧૯૫૮નો મુંબઈનો (કચ્છ ક્ષેત્રમાંના) ઈનામો નાબૂદ કરવા બાબતનો અધિનિયમ** રદ કરવા માટે **ગુજરાત રાજય કાયદા પંચ**ના ત્રીજા અહેવાલનો ભલામણો પર આધાર રાખ્યો હોવા છતાં, સરકારે, કચ્છના મુખ્યત્વે મધ્યમવર્ગના ભૂતપૂર્વ ઈનામદારોને થઈ રહેલ અનુગામી અસરો અથવા પ્રતિકૂળ પરિણામોને ધ્યાન પર લીધા નથી. પ્રથમ દ્રષ્ટિએ, મને એવું જણાય છે કે, પ્રસ્તુત **વિધેયક રાજય વિધાનસભા**માં કોઈ અર્થપૂર્ણ ચર્ચા કર્યા સિવાય જોખમી રીતે અને ઉતાવળથી પસાર કરવામાં આવ્યું છે. વિદ્યમાન કાયદો જૂનો અને અપ્રચલિત હોવાના કારણમાત્રથી જ, તેના ઉદ્દેશો સંપૂર્ણ પાર પાડવામાં આવે તે સિવાય અને ત્યાંસુધી, તેને રદ કરવો એ વ્યવહારુ ગણાશે નહિ.

મારા અભિપ્રાય મુજબ, કેસના ગુણદોષ તપાસીને કોઈ સર્વસંમતિ સાધી શકાય તે માટે સંદર્ભ હેઠળનું **વિધેયક પસંદગી સમિતિને** અથવા **ઉચ્ચાધિકાર સમિતિ**ને મોકલવામાં આવ્યું હોત, તો તે વધુ ઉચિત ગણાત. સન ૧૯૯૪ પછી આજસુધી, કચ્છ જિલ્લાના ભૂતપૂર્વ ઈનામદારોની ફરિયાદોનું નિવારણ કરવા માટે કોઈ પ્રમાણિક પ્રયત્ન કરવામાં આવ્યા છે એવું દર્શાવતો કોઈ રેકર્ડ નથી. સૂચિત **વિધેયક** સાથે જોડવામાં આવેલા **ઉદ્દેશો અને કારણો**માં આ અંગે કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

ઉપર્યુકત બાબત ધ્યાને લતાં, મને એવું જણાય છે કે, મુંબઈ સામાન્ય કલમ અધિનિયમ, ૧૯૦૪ની કલમ-૭ની જોગવાઈઓ મુજબ આ વિધેયક રદ કરવાથી અસરગ્રસ્ત વ્યક્તિઓના કોઈ હક્ક અથવા જવાબદારીઓને અથવા કેટલીક કોર્ટમાં અનિર્ણિત રહેલી કાનૂની કાર્યવાહીને પ્રતિકૂળ અસર થશે નહિ તે બાબતનો વિધેયકમાં ઉલ્લેખ કર્યો હોવા છતાં, કચ્છના ભૂતપૂર્વ ઈનામદારોની ફરિયાદો પર સહાનભૂતિપૂર્વક વિચારણા કરવી એ તમામ રીતે વધુ ઉચિત ગણાશે. સમગ્ર બાબતનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરવા માટે સરકાર દ્વારા ઉચ્ચાધિકાર સમિતિની રચના કરવામાં આવે તે વધુ ઈચ્છનીય ગણાશે, સમિતિને ચોક્કસ સમય મર્યાદામાં પોતાનો રિપોર્ટ રજૂ કરવાનું જણાવી શકાય અને ત્યારબાદ, કચ્છના ભૂતપૂર્વક ઈનામદારોના હિતને ધ્યાને લઈને તેમને ન્યાય આપી શકાય તે માટે વહીવટી તંત્રને તમામ અનિર્ણિત કેસની પતાવટ માટે ૨ થી ૩ વર્ષની ચોક્કસ મુદત આપવી જોઈએ.

જુદા-જુદા દ્રષ્ટિકોણથી સમગ્ર બાબત પર કાળજીપૂર્વક વિચારણા કર્યા પછી, હું ડો. શ્રીમતી કમલા, ગુજરાતના રાજયપાલ, એવો મત ધરાવું છું કે, સૂચિત **વિધેયક**માં ઉપર્યુકત મુદ્દે વિચારણા કરવી જરૂરી છે. તદ્નુસાર, હું આથી, આવું રદ કરતું **વિધેયક** દાખલ કરતાં પહેલાં, ઉપર જણાવેલા વાંધા પર યોગ્ય રીતે વિચારણા કરવાની અને પહેલાં સૂચિત કરવામાં આવેલા ઉપાયાત્મક પગલાં સરકાર દ્વારા લેવાની ભલામણ કરતાં મારા **સંદેશા** સાથે **મુંબઈનું (કચ્છ ક્ષેત્રમાંના) ઈનામો નાબૂદ કરવા બાબતનું (રદ કરવા બાબત ) વિધેયક, સન ૨૦૧૧ ( સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨**) પરત કરું છું.

... વિરોધ પક્ષ તરફથી સતત સૂત્રોચ્ચાર ચાલુ (ક્રમશઃ) ..

**અધ્યક્ષશ્રી** : બારમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં સભાગૃહે તા. ૨૮મી માર્ચ, ૨૦૧૧ના રોજ સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૨૭ સન ૨૦૧૧નું ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયક પસાર કર્યુ હતું. આ વિધેયકને નામદાર રાજ્યપાલશ્રીની અનુમતિ માટે રજૂ કરવામાં આવતા નામદાર રાજ્યપાલશ્રીએ આ વિધેયકની જોગવાઈઓ ઉપર વિચારણા કરીને ભારતના બંધારણની કલમ-૨૦૦ના પ્રથમ પરંતુકના અનુસરણમાં નિર્દેશ આપીને સદરહુ વિધેયક ઉપર તેઓના અભિપ્રાયો અને ભલામણો સાથે પુનઃ

વિચારણા કરવાના તારીખ : ૨૩મી જૂન, ૨૦૧૧ના સંદેશા સાથે આ વિધેયક ગુજરાત વિધાનસભાને પરત મોકલાવેલ છે. નામદાર રાજ્યપાલશ્રીએ મોકલાવેલ સંદેશ નીચે મુજબ છે:-

**ગુજરાતના રાજયપાલશ્રીએ, ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયક, ૨૦૧૧ની વિચારણા કર્યા પછી, તારીખ ૨૩મી જૂન, ૨૦૧૧ના તેમના નીચેના સંદેશા સાથે ગુજરાત વિધાનસભાને તે પરત કર્યુ છે.**

**સંદેશો**

રાજય સરકારે, મારી વિચારણા તથા અનુમતિ માટે વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગના તારીખ ૩૧-૩-૨૦૧૧ના તેના પત્રથી ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયક, ૨૦૧૧ ( સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક ૨૭) રજૂ કર્યુ છે.

મેં સૂચિત વિધેયકની જુદી જુદી જોગવાઈઓ અંગે કાળજી પૂર્વક વિચારણા કરી છે. મેં આ સંબંધમાં રાજભવન સચિવાલયમાં મળેલી કેટલીક રજુઆતો અંગે પણ કાળજીપૂર્વક વિચારણા કરી છે. મારી સમક્ષ રજૂ કરેલી તમામ સંબંધિત મહત્વની બાબતોને કાળજીપૂર્વક વિચારણા લેતાં હું નીચે જણાવ્યા પ્રમાણેના ચોક્કસ તારણો પર આવી છું :-

ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયક, ૨૦૦૧(સન ૨૦૦૧નું ગુજરાત વિધેયક ક્રમાંક ૧૭) અગાઉ ગુજરાત વિધાનસભાએ તેની ૩૦-૦૮-૨૦૦૧ની બેઠકમાં પસાર કરેલું અને તેને પરિણામે રાજયપાલશ્રીએ જ્યારે તેને ૧-૦૯-૨૦૦૧ના રોજ અનુમતિ આપેલી ત્યારે તે અધિનિયમ બન્યો હતો. ત્યાર પછી ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત અધિનિયમ ૨૦૦૧, સન ૨૦૦૨ તેમજ સન ૨૦૦૩માં સુધારેલો અને ઉપર્યુક્ત અધિનિયમ ઠરાવેલી સમય મર્યાદા એટલે કે ૩જી સપ્ટેમ્બર, ૨૦૦૩ પછી તદ્દન નિષ્ક્રિય અથવા અર્થહીન બનેલો. આ વિવાદી અધિનિયમ સંવિધાનની સત્તા બહારનો કે ગેરકાયદેસર કે અમાન્ય નહોતો. તે સમગ્ર લોકહિતમાં અને લોકહિત સારુ અને હજારો અસરગ્રસ્તોને ખાસ કરીને મધ્યમ વર્ગના લોકો મદદરૂપ થવાની હિતની નીતિ અનુસાર, અંશકાલિન ઉપાય તરીકે બાંધકામોને નિયમિત કરવા કાયદો કરવાની સંવૈધાનિક, વૈધાનિક હકુમતની રૂએ કડવી વાસ્તવિકતા સ્વીકારતા કાયદાનું ઉદાહરણરૂપ હતો. એ આશ્ચર્યજનક બાબત છે કે સરકાર પુનઃ ૨૦૧૧માં, એક નવું વિધેયક ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયક, ૨૦૧૧ ( સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક:૨૭) લાવી છે.

વિધેયકની કેટલીક જોગવાઈ અંગે કાળજીપૂર્વક વિચારણા પછી, મને હાલના વિધેયકમાં કેટલીક ત્રુટીઓ જણાઈ છે જે નીચે દર્શાવેલી છે.

૧. <u>આવું વિધેયક દાખલ કરતાં પહેલાં લોકો તરફથી વાંધા મંગાવવામાં આવ્યા હોત તો તે વધુ ઈચ્છનીય હોત.</u>

આવું મોટી સંખ્યામાં લોકોના કલ્યાણને અસર કરતું વિધેયક રાજય વિધાનસભામાં દાખલ કરતા પહેલાં, સરકારે વિધાનસભામાં દાખલ કરવાના તેના ઈરાદાનો બહોળો પ્રચાર કર્યો હોત તો તે વધુ સારું ગણાત. મારા મતે સરકારે લોકો, શિક્ષણવિદો, નગર આયોજનના નિષ્ણાતો, સ્થાપત્યકારો અને બીજા મંતવ્યકારો તરફથી વાંધા/સૂચનો મંગાવવા જોઈતા હતા જેથી કરીને લોકોની ફરિયાદોને ન્યાય આપી શકાયો હતો.

૨. <u>ઈમ્પેકટ ફીની ચુકવણી :</u>

સૂચિત વિધેયકની કલમ ૨ એવું દર્શાવે છે કે નક્કી કરવામાં આવે તેટલી ઈમ્પેકટ ફી ભોગવટેદારો/માલિકો/પટે લેનારાઓએ ચૂકવવી જોઈશે. તેમ છતાં જે વ્યકિતઓએ, અનધિકૃત બાંધકામ કર્યુ છે અથવા બાંધકામની પરવાનગી મેળવી છે તેવી વ્યકિતઓના સંબંધમાં કોઈ ઉલ્લેખ નથી. અનધિકૃત બાંધકામ કરનારા ખરા ગુનેગારો વિરુદ્ધ શિક્ષાત્મક પગલાં લેવા માટેની કોઈ જોગવાઈઓ વિધેયકમાં નથી. હકીકતમાં, દ ારોના હાલના ભોગવટેદારો કે જેઓ મોટા ભાગે ખરીદનારાઓ છે, અને જેઓએ વિકાસકારો કે બાંધકામ કોન્ટ્રાકટરો પાસેથી મિલકત ખરીદી છે તેઓ નિર્દોષ છે તેઓએ કોઈ ગુનો કર્યો નથી કે કોઈ કાયદાનો ભંગ કર્યો નથી. હકીકતમાં તેઓએ બિલ્ડરો પાસેથી બજાર કિંમતે મકાનો ખરીદ્યા છે તેથી તેઓને ઈમ્પેકટ ફીની ચૂકવણી માટે જવાબદાર ગણવા જોઈએ નહિ. હકીકતમાં ભૂલ કરનારા બિલ્ડરો અથવા જમીન વિકાસકારો પાસેથી ઈમ્પેકટ ફી વસૂલ કરવાની જોગવાઈઓ હોવી જોઈએ.

૩. <u>વિધેયકમાં કોઈ પણ વ્યકિતની જવાબદારી નક્કી કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો નથી :</u>

મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ ડિપાર્ટમેન્ટના કર્મચારીઓને નગરરચના અધિનિયમ અને મુંબઈ પ્રોવિન્શિયલ કોર્પોરેશન અધિનિયમના અમલીકરણની જવાબદારી સોંપવામાં આવી છે. તેઓ અનધિકૃત બાંધકામોને અટકાવવા માટે મૂળભૂળ રીતે જવાબદાર છે. તેઓ પોતાની ફરજ પ્રત્યે સતર્ક અને નિષ્ઠાવાન રહ્યા હોત, તો આટલી મોટી સંખ્યામાં અનધિકૃત બાંધકામો અસ્તિત્વમાં આવ્યા ન હોત. કોઈ પણ કાયદા અથવા નિયમો/વિનિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરવામાં આવે ત્યારે જ કોઈ પણ પ્રકારની અનિયમિતતા અસ્તિત્વમાં આવે છે. આ લોકોએ કરવામાં આવી રહેલા અનિયમિત બાંધકામોની ઈરાદાપૂર્વક અવગણના કરી છે. વિધેયકના હાલના સ્વરૂપમાં, બેશક એ હકીકત પુરવાર થાય છે કે મ્યુનિસિપલ કોર્પોરેશન અને સ્થાનિક સંસ્થામાં સેવા

બજાવતા રાજય સેવકોએ પોતાની ફરજ બજાવતી વખતે ગુનાહિત બેદરકારીથી કાર્ય કરેલ છે, હકીકતમાં આટલા બહોળા પ્રમાણમાં અનધિકૃત બાંધકામો, સ્ટ્રકચરલ એન્જિનિયર (સંરચના ઈજનેર), આર્કિટેકટ અને સ્થળ સુપરવાઈઝર જેવા વ્યવસાયીઓના સહયોગ વિના કયારેય અસ્તિત્વમાં આવી શક્યા જ ન હોત.

મારા ધ્યાન પર આવ્યું છે કે ભૂલ કરના બિલ્ડર અથવા ડેવલપર્સ અથવા શહેરી અથવા ગ્રામીણ સંસ્થાના સંબંધિત કર્મચારીઓને તેમની ફરજની ઉપેક્ષા કરવા બદલ સજા કરવામાં આવી હોય તેવા ભાગ્યે જ કોઈ બનાવ બન્યા છે.

સૂચિત **વિધેયકમાં,** મંજૂર કરેલા પ્લાન સિવાયના મોટી સંખ્યામાં ગેરકાયદે મકાનોના બાંધકામ કરવાની પરવાનગી આપવામાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સામેલ થવા માટે, આવા તત્વોની સામે સંબંધિત દીવાની અથવા ફોજદારી બને કાયદા હેઠળ શિક્ષાત્મક પગલાં લેવા માટેની જોગવાઈઓ હોવી જોઈએ.

**૪. <u>અનિર્ણીત કોર્ટ કેસ વ્યર્થ ગણાવા( રદ થવા ) બાબત :</u>**

સૂચિત વિધેયકની કલમ ૧૧માં જણાવ્યું છે કે અધિનિયમ થયા બાદ વિધેયક અમલમાં આવે તો કાયદાની અદાલતમાં અનિર્ણીત હોય તેવી તમામ કાર્યવાહીઓ વ્યર્થ હોવાનું ગણાશે ( રદ થયેલી ગણાશે ) આવી જોગવાઈ રાજયની અદાલતોના અસ્તિત્વ સામે મોટો પ્રશ્નાર્થ ઉભો કરે છે, કારણ કે સરકાર અનિયમિતતાઓને નિયમિત કરવા માટેનો કાયદો લાવે છે, ત્યારે કાયદાની અદાલતોની જરૂરિયાત રહેતી નથી. મારા ધ્યાન પર લાવવામાં આવ્યું છે કે ગેરકાયદે બાંધકામને લગતા મોટી સંખ્યામાં કેસ વિવિધ અદાલતોમાં અનિર્ણીત છે. આવી પરિસ્થિતિમાં પ્રસ્તુત વિધેયકને કાયદો ઘડવાની આપણી અદાલતોનું મહત્વ ઘટી જશે.

**૫. <u>ખામીરોધક( fault proof ) બાંધકામ સુનિશ્ચિત કરવા માટેની કોઈ જોગવાઈ નથી.</u>**

પ્રસ્તુત **વિધેયકથી,** અનધિકૃત બાંધકામોને ઈમ્પેકટ ફીની ચૂકવણી દ્વારા નિયમિત કરવા ધાર્યુ છે. ઈમ્પેકટ ફીની ચૂકવણી કરીને, સરળતાથી, આવી રીતે બાંધેલા મકાનોને નિયમિત કરવામાં આવશે, પરંતુ તેનાથી તે (મકાનો) આપોઆપ ધરતીકંપ જેવી કુદરતી આફતો સામે ટકી રહેવા માટે ખામીરોધક( fault proof ) અને મજબૂત બની શકશે નહીં. વિધેયકમાં નબળા બાંધકામને કારણે જિંદગી ગુમાવવાના કિસ્સામાં બિલ્ડરની જવાબદારી નક્કી કરવા માટેની જોગવાઈ કરવામાં આવી નથી.

**૬. (વિધેયકના) ઉદ્દેશો અને કારણોમાં નિષ્ણાત સમિતિના તારણો અંગેનો કોઈ ઉલ્લેખ નથી :**

વિધેયકની સાથે જોડેલા ઉદ્દેશો અને કારણોમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી કે ઉચ્ચતમ ન્યાયાલયે રચેલી કેટલીક નિષ્ણાત સમિતિઓના તારણો અથવા ભલામણોને વિચારણામાં લેવામાં આવ્યા છે.

**૭. <u>વર્તમાન વિધેયકથી અનિયમિત બાંધકામોને પ્રોત્સાહન મળશે :</u>**

૨૦૦૧માં પણ આવો જ અધિનિયમ રાજય વિધાનસભા દ્વારા ઘડાયો હતો તેનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો હતો કે આવા અનધિકૃત બાંધકામો ભવિષ્યમાં ન થાય તેમ છતાં, અગાઉનો અધિનિયમ તેના હેતુઓ પાર પાડવામાં નિષ્ફળ રહ્યો છે અને મોટી સંખ્યામાં ગેરકાયદેસર બાંધકામો થયા છે. સૂચિત વિધેયકને મંજૂરી અપાયેથી લોકોને મોટા પાયે એવા ખોટા સંકેતો મળી શકે કે તેમણે આવા કૃત્યો અંગે કયારેય ચિંતિત થવાની જરૂર નથી કારણ કે અનધિકૃત બાંધકામો વહેલા અથવા મોડા નિયમિત થવાની સંભાવના રહેલી છે.

**૮. <u>અધિકારીઓના હાથમાં અનિયંત્રિત સત્તાઓ :-</u>**

આ વિધેયકનો કાયદો ઘડવાથી, મ્યુનિસિપલ અધિકારીઓને અનિયંત્રિત સત્તા મળશે. જેનાથી ભારતના સંવિધાનની કલમ ૧૪, ૧૯ અને ૩૦૦(ક)ની જોગવાઈઓનો પ્રત્યક્ષ ભંગ થશે.

**૯. <u>નવા અનધિકૃત બાંધકામો જે ચોકકસ કટ ઓફ તારીખ પછી થવાની શક્યતા હોય તેમને બાકાત રાખતી કોઈ જોગવાઈ સૂચિત વિધેયકમાં ન હોવા બાબત :</u>**

સૂચિત વિધેયક, રાજયમાં અનધિકૃત બાંધકામો થયેલા હોય તેને નિયમિત કરવાનો ઈરાદો ધરાવે છે. વિધેયકની કલમ ૫થી એવી જોગવાઈ કરી છે કે અનધિકૃત બાંધકામો, આ અધિનિયમના આરંભની છ મહિનાની મુદતની અંદર અથવા રાજય સરકારે લેખિતમાં હુકમ કરીને વધારે તેટલી મુદતની અંદરની મુકરર સત્તાધિકારીને અરજીઓ કરીને, નિયમિત કરી શકશે. એવા મહત્વના વિધેયકમાં આવી ખુલ્લી-સમાપ્તિવાળી જોગવાઈ એવી છે કે સમગ્ર રાજયમાં તેના ગંભીર દૂરગામી પરિણામો આવશે અને તેથી તેનો સ્વીકાર કરવાનું અથવા તેની પ્રશંસા કરવાનું મુશ્કેલ છે. તેને બદલે વિધેયકમાં નિશ્ચિત રીતે એવી જોગવાઈ કરવી જોઈએ કે નિશ્ચિત કટ -ઓફ તારીખ પછી થતાં કોઈ નવા અનધિકૃત/ગેરકાયદેસર બાંધકામોને કોઈપણ સંજોગોમાં નિયમિત કરાશે નહિ. રાજયના શહેરી, અર્ધ-શહેરી અથવા ગ્રામ્ય વિસ્તારોના તંદુરસ્ત આયોજિત વિકાસના હિતમાં એ ખૂબ જ જરૂરી છે કે એવી સુ-વ્યાખ્યાયિત, સુસ્પષ્ટ જોગવાઈ હોય.

**૧૦. <u>સૂચિત વિધેયકમાં જાગૃતિ ઉભી કરવા માટેની કોઈ જોગવાઈ ધ્યાનમાં ન લીધી હોવા બાબત :</u>**

અનધિકૃત બાંધકામને નિયમિત કરવું તે બાબતે બાંધકામ નિયમિતીકરણ પદ્ધતિ માટે ઠેકડી સમાન છે. જાહેર જનતાના મજબૂત અભિપ્રાયનું વાતાવરણ ઉભું કરવાના પ્રયત્નો કરવા જોઈએ, જેનાથી જાહેર જનતા અનધિકૃત બાંધકામના સામયિક નિયમિતિકરણ અપેક્ષા ન રાખે. આ માટે સરકારમાં ખૂબ ઉચ્ચ કક્ષાએ દ્રઢ માન્યતા

જરૂરી છે. અનધિકૃત બાંધકામને માફ કરવાની માનસિકતા એ તંદુરસ્ત નિશાની નથી. સામાન્ય વ્યકિતને શહેરી, અર્ધ-શહેરી અથવા ગ્રામ્ય વિસ્તારોના આયોજિત વિકાસના લાભથી વંચિત રાખવાને ધ્યાને લેતા, ગેરકાયદે અથવા અનધિકૃત બાંધકામો જાહેર જનતાને ખૂબ મોટું ગંભીર નુકસાન પહોંચાડશે. એવા ગેરકાયદેસર બાંધકામ, કાયદાનું શાસન એ ખ્યાલને હાનિ પહોંચાડશે અને તે માત્ર કાયદો તોડનારાઓને અને કાયદો તેમના હાથમાં લેનારને પ્રોત્સાહન આપશે. હકીકતમાં, શહેરી વિકાસ વિભાગમાં રાજય સરકારની વિવિધ વિકાસ યોજનાઓનું ઉલ્લંઘન કરીને કરેલા કોઈપણ બાંધકામને નિયમિત કરવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકતા મુદ્દા અંગે ગંભીરતાથી વિચારણા કરવાનો સરકાર માટે આ મહત્વનો સમય છે.

સૂચિત વિધેયકના ઉપર્યુકત નબળા પાસાઓને ધ્યાનમાં લેતાં રાજયના શહેરી અને અર્ધ-શહેરી વિસ્તારોમાં લોક કલ્યાણના સમગ્ર હિતમાં ગૃહ દ્વારા મારી ઉપરની દલીલો ઉપર ગંભીર ચર્ચા-વિચારણા થાય તે તમામ બાબતો વધારે યોગ્ય અને ન્યાયી રહેશે એમ મને જણાય છે.

ઉપર્યુકત બાબતે તમામ પરિસ્થિતિ ઉપર કાળજીપૂર્વક વિચારણા કર્યા પછી, મારો એવો મત છે કે સૂચિત વિધેયકમાં ઉપર્યુકત મુદ્દે પુન:વિચારણા કરવી જરૂરી છે. તદનુસાર હું આથી ઉપર જણાવેલા વાંધા પર યોગ્ય રીતે પુન:વિચારણા કરવાની અને જ્યાં ઉચિત જણાય ત્યાં યોગ્ય સુધારા કરવાની ભલામણ કરતાં મારા સંદેશા સાથે ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયક, ૨૦૧૧ (સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક ૨૭) પરત કરું છું.

**અધ્યક્ષશ્રી** : બારમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં સભાગૃહે તા. ૨૮મી માર્ચ, ૨૦૧૧ના રોજ સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૯ સન ૨૦૧૧નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી(સુધારા) વિધેયક પસાર કર્યુ હતું. આ વિધેયકને નામદાર રાજ્યપાલશ્રીની અનુમતિ માટે રજૂ કરવામાં આવતા નામદાર રાજ્યપાલશ્રીએ આ વિધેયકની જોગવાઈઓ ઉપર વિચારણા કરીને ભારતના બંધારણની કલમ-૨૦૦ના પ્રથમ પરંતુકના અનુસરણમાં નિર્દેશ આપીને સદરહુ વિધેયક ઉપર તેઓના અભિપ્રાયો અને ભલામણો સાથે પુન: વિચારણા કરવાના તારીખ :૩૦મી મે, ૨૦૧૧ ના સંદેશા સાથે આ વિધેયક ગુજરાત વિધાનસભાને પરત મોકલાવેલ છે. નામદાર રાજ્યપાલશ્રીએ મોકલાવેલ સંદેશ નીચે મુજબ છે:-

**ગુજરાતના રાજ્યપાલશ્રીએ, ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૧ ઉપર વિચારણા કરીને, તેઓના તારીખ ૩૦મી મે, ૨૦૧૧ના નીચેના સંદેશા સાથે વિધેયક ગુજરાત વિધાનસભાને પરત કરેલું છે.**

**સંદેશો**

મેં, **ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૧ ( સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૯)** ની જોગવાઈ પર વિચારણા કરી છે. સૂચિત વિધેયક ગુજરાત વિધાનસભા દ્વારા સન ૨૦૧૧ના માર્ચ મહિનાની ૨૮મી તારીખે યોજાયેલી તેની બેઠકમાં પસાર કરવામાં આવ્યું છે.

પીઆરબી આર્ટ્સ અને પીજીઆર કોમર્સ કોલેજ, બારડોલી, પાટીદાર જિન સાયન્સ કોલેજ, બારડોલી અને ડો. દયારામ પટેલ ફાર્મસી કોલેજ, બારડોલી હાલમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સાથે સંલગ્ન છે. આ કોલેજો સહાયિત અનુદાન કોલેજો છે. સંદર્ભ હેઠળના વિધેયકથી ઉપર્યુકત કોલેજોને ખાનગી યુનિવર્સિટીનો દરજ્જો આપવાનું સૂચિત કર્યુ છે. જો આમ કરવામાં આવે, તો આદિજાતિ વિસ્તારમાંની આ કોલેજોના સહાયિત અનુદાનના દરજ્જાને અસર થશે. ઉપરાંત, આ સહાયિત અનુદાન કોલેજોના દરજ્જામાં એક વખત ફેરફાર થશે તો સરકારી અનુદાનમાંથી નોંધપાત્ર (મોટા પ્રમાણમાં) ફંડ વાપરીને તૈયાર કરેલા મકાન અને બીજી આધારરૂપ વ્યવસ્થાઓ (સુવિધાઓ) ખાનગી મિલકત બની જશે. આ કોલેજોના શૈક્ષણિક સ્ટાફ અને બીજા કર્મચારીઓની સેવાની શરતોમાં ફેરફાર થવાથી તેઓને પ્રતિકૂળ અસર થશે. તદુપરાંત, મોટાભાગે આદિજાતિ કુટુંબોમાંથી આવતા લગભગ ૩૦૦૦ વિદ્યાર્થીઓને પ્રતિકૂળ અસર થશે. હાલમાં પણ, ઠરાવેલા દરે તેમની નજીવી ફી ચૂકવવામાં પણ તેઓ મુશ્કેલી અનુભવે છે. આ કોલેજોને ખાનગી યુનિવર્સિટીનો દરજ્જો મળી જશે, તો તેઓ વધારે પડતી ફી ચૂકવવાની અપેક્ષા રાખશે, જેનાથી આ વિદ્યાર્થીઓ માટે વાજબી દરે ઉચ્ચ શિક્ષણ મેળવવાનું અશક્ય બનશે, પરિણામે, ગરીબ વર્ગના વિદ્યાર્થીઓને ઘણું સહન કરવું પડશે.

ઉપર્યુકત બાબતે વિચારણા કરતાં મને એવું તમામ રીતે ઉચિત અને વાજબી જણાય છે કે મારી ઉપર્યુકત દલીલ પર ગૃહ દ્વારા વિચારવિમર્શ કરવામાં આવે, તો બારડોલીની સહાયિત અનુદાન કોલેજોને પ્રતિકૂળ રીતે સહન કરવું ન પડે.

તમામ પરિસ્થિતિ પર કાળજીપૂર્વક વિચારણા કર્યા પછી, મારો એવો મત છે કે સૂચિત વિધેયકમાં ઉપર્યુકત મુદ્દે પુન: વિચારણા કરવી જરૂરી છે. તદ્નુસાર, હું આથી, ઉપર જણાવેલા વાંધા પર યોગ્ય રીતે પુન: વિચારણા કરવાની અને જ્યાં યોગ્ય જણાય ત્યાં ઉચિત સુધારા કરવાની ભલામણ કરતાં મારા સંદેશા સાથે ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૧ (સન ૨૦૧૧ ગુજરાતનું વિધેયક ક્રમાંક : ૯ ) પરત કરું છું.

**અધ્યક્ષશ્રી** : રાજયપાલશ્રીના સંદેશાઓ મેં સરકયુલેટ કર્યા છે તેથી તેને વાંચી લીધેલાં ગણવામાં આવે. હું વિરામ સુધી ગૃહને મુલતવી રાખું છું. ( બપોરના ૨-૦૬ )

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરનાર ૩-૧૫ વાગ્યે ફરી મળી**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી** : માનનીય વિપક્ષના ધારાસભ્યશ્રીઓ દ્વારા જે ઝીરો અવરની માગણી કરવામાં આવી હતી, આ બાબતે મારી ઓફિસમાં બોલાવી વિપક્ષના નેતા તથા તેમના ધારાસભ્યો સાથે ખૂબ ગંભીરતાથી ચર્ચાઓ કરી છે અને ગૃહ વિભાગ, આરોગ્ય વિભાગના મંત્રીશ્રીઓ સાથે પણ વાત થયા પ્રમાણે આ વિષયને ગંભીરતાથી લઈને તેમની ચેમ્બરમાં વિપક્ષના સંબંધિત ધારાસભ્યશ્રીઓ સાથે તેઓ બેઠક યોજશે અને તેમના પ્રશ્નનો ઉકેલ થાય એ દિશામાં આગળ વધવા માટે પણ મેં સૂચના આપી છે.

**વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત**

**કામકાજ સલાહકાર સમિતિના ૧૬મા અહેવાલની રજૂઆત.**

**અધ્યક્ષશ્રી** : હું કામકાજ સલાહકાર સમિતિનો ૧૬મો અહેવાલ રજૂ કરું છું.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ હું કામકાજ સલાહકાર સમિતિનો સોળમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક શુક્રવાર, તા. ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ મળી હતી. સમિતિએ નીચે મુજબની ભલામણો કરી છે.

૧. **સોમવાર, તા. ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ** નીચે દર્શાવ્યા મુજબના સરકારી વિધેયકો ક્રમાનુસાર હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૨૭-સન ૨૦૧૧નું ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયક

(૨) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૯-સન ૨૦૧૧નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૩૯-સન ૨૦૧૧નું ગુજરાત પ્રાથમિક શિક્ષણ (સુધારા) વિધેયક.

૨. **મંગળવાર, તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ** નીચે દર્શાવ્યા મુજબના સરકારી વિધેયકો ક્રમાનુસાર હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૪૦, સન ૨૦૧૧નું ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) વિધેયક

(૨) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૧૧નું મુંબઈનું (કચ્છ ક્ષેત્રમાંના) ઈનામો નાબૂદ કરવા બાબતનું (રદ કરવા બાબત) વિધેયક.

નેક્સ્ટ.

**જાહેર સાહસો માટેની સમિતિના પંદરમાં અને સોળમાં અહેવાલની રજૂઆત.**

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા (સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાહેર સાહસો માટેની સમિતિનો પંદરમો અને સોળમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યા.**

**અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના નવમા અહેવાલની રજૂઆત.**

**શ્રી કાન્તિલાલ રા. લકુમ (સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો નવમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીનો પ્રસ્તાવ**

**શ્રી દિલીપ સંઘાણી ( વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના સોળમાં અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સરકારી વિધેયકો**

**સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક:૨૭**

**ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયક,૨૦૧૧**

**રાજયમાં વિકાસ વિસ્તારોમાં અનધિકૃત વિકાસ અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષાંગિક બાબતોને નિયમિત કરવા બાબત વિધેયક**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક ૨૭- સન ૨૦૧૧નું ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયકની પુન:વિચારણા કરવામાં આવે અને તેનું પહેલુ વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભામાં અંદાજપત્ર સત્ર દરમિયાન તારીખ ૨૮-૩-૨૦૧૧ના રોજ ખૂબ વ્યાપક ચર્ચા વિચારણાના અંતે આ સન્માનનીય ગૃહે ગુજરાતના લાખો મધ્યમવર્ગના નાગરિકો, લાખો ગરીબ વર્ગના નાગરિકો અને પોતાના વ્યવસાય રહેઠાણના જુદા જુદા કારણોસર નિયમિત કરવા ઇચ્છતા લાખો નાગરિકો કે જેણે ખૂબ જ અપેક્ષા રાખી હતી એવું ગુજરાત માટે વરસોથી દાયકાઓથી નાના મોટા મકાનોમાં ફેરફાર કર્યા હોય કોઈ પ્રકારની પરવાનગી લેવામાં ચૂક થઈ હોય, મહેસૂલ વિભાગની કાર્યવાહી કરવામાં નાગરિક કોઈ ચૂક કરી હોય, એવા પ્રકારની નાની મોટી ટેકનિકલ કાયદાકીય મંજૂરી નહિ લઈ શકવાના કારણે અથવા પોતાની માલિકીની જમીન હોય પોતાની માલિકીનું મકાન હોય*© (xxxx) અને પોતાના પરિવાર માટે પોતાના પરિવારના કોઈ વ્યકિત નાનો મોટો ધંધામાં ઉપયોગ કરી શકે એ માટે અને પોતે શાંતિથી પોતાનું જીવન પસાર કરી શકે અને પોતાની રોજી રોટી સારી રીતે કમાઈ શકે તેવા હેતુસર લાખો નાગરિકો વરસોથી ગુજરાતમાં જે કાયદાની અપેક્ષા રાખી રહ્યા હતા તેવા અનધિકૃત મકાનોને અધિકૃત કરવા માટેનો કાયદો આપણે બધાએ અહીંયા આ સભાગૃહમાં સર્વાનુમતે મંજૂર કરેલો અને એને કાયદાનું સ્વરૂપ આપીને મંજૂરી મેળવવાની બંધારણીય પ્રક્રિયા પૂર્ણ કરવા માટે માનનીય રાજયપાલશ્રીને વિધાનસભા સચિવાલય તરફથી આ કાયદો મોકલી આપવામાં આવેલ પરંતુ કમનસીબે કેટલાક એવા બનાવો બન્યા, કેટલીક એવી * (xxxx) કે વિધાનસભામાં જે કાયદાને બધા જ સભ્યશ્રીઓએ ચર્ચા વિચારણા કરીને અનુમોદન આપ્યું હોય બધાજ પક્ષો સરકાર અને વિપક્ષની હાજરીમાં જે કાયદો મંજૂર કર્યો હોય એવા કાયદાને વિધાનસભાએ બધાની હાજરીમાં સર્વાનુમતે મંજૂર કર્યા પછી એવા કેટલાક કામો કરવામાં આવ્યા એવી કેટલીક પ્રક્રિયા થઈ.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી(xxxx) આ શબ્દ અસંસદીય લાગે છે એટલે આપ એને પાછો ખેંચો અથવા હું કાર્યવાહીમાંથી દૂર કરુ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દ અસંસદીય હશે, છે કે નહિ એવું લાગે છે.

**અધ્યક્ષશ્રી** : આ શબ્દ પ્રયોગ યોગ્ય નથી.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આ શબ્દો પાછા ખેંચી લઉં છું. પરંતુ ગુજરાતની પ્રજા છેલ્લા છ મહિનાથી સમગ્ર રીતે જોઈ રહી છે કે ગુજરાતમાં જે રીતની આ નરેન્દ્રભાઈ મોદીની લોકપ્રિય સરકારના લાખો લોકોને મદદરૂપ થાય તેવા અનેક કાયદાને ગુજરાતની જરૂરિયાતને લોકોને માટેની અનેક પ્રક્રિયાને ગુજરાતનો વિકાસ થાય ગુજરાતની પ્રગતિ થાય,એ માટેના અનેક કાર્યક્રમોને રોકવા માટે *(xxxx) એની પ્રતિતિ ગુજરાતની વિધાનસભા અને ગુજરાતની પ્રજાને સારી રીતે થઈ રહી છે અને એ બધું જોઈ રહી છે. આખું ગુજરાત જાણે છે કે, માનનીય નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ગુજરાતનો જે વિકાસ થઈ રહ્યો છે, સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે એની સાથે સાથે આમ જનતાને પ્રજાના સામાન્ય વર્ગના લોકોને વર્ષોથી મૂંઝવતા પ્રશ્નો હતા, એમની વર્ષોથી અપેક્ષા હતી, ભૂતકાળની સરકારોની નિષ્ફળતાના કારણે જેને પરિપૂર્ણ નહોતા કરી શક્યા, ભૂતકાળની સરકારોની નીતિઓના કારણે સામાન્ય વર્ગના લોકોને, શહેરી નાગરીકોને મદદરૂપ નહોતા થઈ શક્યા એવું કામ, પ્રજાકીય મદદનું કામ, આ પ્રજાની સંવેદનાને જાણી શકે એવા પ્રકારના મુખ્યમંત્રીશ્રી આવા કાયદા કરી શકે. પહેલાં તો સરકારનું કામ સરકાર કરે. બાકી પ્રજાની સંવેદના કોઈ જોતું નહોતું. પ્રજાની સંવેદના, પ્રજાની જરૂરિયાત અને જયારે કોર્ટ કચેરીનો ચૂકાદો આવતો હોય, સામાન્ય માણસો એના પ્રશ્નો, એની પોતાના પરસેવાની કમાણીને, રાત-દિવસની મહેનતથી કમાઈને, આવક મેળવીને પોતાના ઘરમાં નાની મોટી જરૂરિયાત પૂર્ણ કરી હોય, ધંધા માટે દૂકાન બનાવી હોય કે ખરીદી હોય એના ઉપર જયારે જેસીબી ફેરવવાની વાત આવે અને ન્યાયતંત્ર દ્વારા કેટલાક લોકો, હું ચોખ્ખું કહેવા માગું છું કે, લોકો છે એ લોકો કાયદાનો આધાર લઈ ગરીબ લોકો માટે મદદરૂપ થવા માટે રાજય સરકારે કાયદો કર્યો હોય એને નડતરરૂપ થવા માટે, એને બાધારૂપ થવા માટે, એને અંતરાયરૂપ થવા માટે એ કાયદો અમલમાં ન આવે એના માટે કેટલાક લોકો પ્રયત્નો કરતા હતા. અહીંયાં સભાગૃહમાં માનનીય વિપક્ષના નેતા નથી બેઠા. અહીંયાં બોલીને ઉત્સાહથી વાતો કરી કે તમે ગમે ત્યારે જરૂર હોય ત્યારે અમારી પાસે આવજો. કેન્દ્ર સરકાર અમારા પક્ષની છે. તમને સાથે લઈ જઈને તમારા પ્રશ્નોનું નિરાકરણ કરી આપીશું. ગુજરાતની પ્રજા જાણે છે, આખો દેશ જાણે છે કે, તમે લોકો અહીંયાં શું બોલો છે અને અહીંથી બહાર નીકળ્યા પછી તમારું બોલેલું કેટલું પાળો છો એ આખું ગુજરાત જાણે છે અને આખા દેશની પ્રજા જાણે છે. અહીંયાં વાત કરવામાં આવે કે, નર્મદા યોજના માટે તમને મદદરૂપ થઈશું. આદિવાસી વિસ્તારોમાં સિંચાઈ યોજનાની મંજૂરી માટે વન અને પર્યાવરણ મંત્રાલયની મંજૂરીમાં અમે મદદ કરીશું અને પછી ... (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રી બિલ ઉપર આવો. બીજી વાત ન કરો.

---

*© (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા હોવાથી અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા હોવાથી અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું બિલ ઉપર જ છું. હમણાં જયારે ચર્ચા થઈ, (અંતરાય) શ્રી નટવરસિંહ તમારું કામ નથી. ટોપી પહેરી એટલે જતું રહ્યું. આ બિલ ઉપર ગઈ વખતે જે પ્રવચનો થયા, એમાં છેલ્લે જયારે બધી જ પ્રક્રિયા પૂરી થઈ ત્યારે કોંગ્રેસ પક્ષના પ્રમુખ અને આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાના શબ્દો હતા એ આ વિધાનસભાગૃહનું રેકર્ડ જોઈને હું બોલું છું. શ્રી અર્જુનભાઈ બોલેલા કે, માનનીય અધ્યક્ષશ્રી, ભવિષ્યમાં આવા મકાનો ગેરકાયદેસર ન બને એના માટેની પૂરતી કાળજી રાખવા માટેની ખાતરી જયારે માનનીય મંત્રીશ્રીએ આ સભાગૃહમાં આપી છે ત્યારે આ બિલને વિના વિરોધે પસાર કરાય તેવી હું વિનંતી કરું છું. આ શ્રી અર્જુનભાઈ મોઢવાડીયાના શબ્દો રેકર્ડ ઉપર છે અને પછી શું થયું? એ આખા ગુજરાતની જનતા જાણે છે. *(xxxx) (xxxx) (xxxx) ગુજરાતની પ્રજા કેવી રીતે તકલીફમાં મૂકાય? ગુજરાતની પ્રજાને કેવી રીતે અવરોધરુપ થાય આ પ્રકારના જે કામો ચાલી રહ્યા છે, કારણ કે હું (xxxx) શબ્દ વાપરીશ તો કદાચ અસંસદીય હશે એટલે નહીં વાપરું પણ જે પ્રક્રિયા ચાલી રહી છે, હું ખાતરી પૂર્વક બિલકુલ જવાબદારીપૂર્વક આ ગૃહમાં માનનીય સભ્યશ્રીઓને કહેવા માગુ છું કે માનનીય ગવર્નરશ્રીએ આ બિલ જે પરત મોકલ્યું એની પાછળ કઈ કઈ વ્યકિતઓ છે એમના દ્વારા શું સલાહ-સૂચન પરામર્શ માર્ગદર્શન આપવામાં આવ્યું એ અમે બધું જ સારી રીતે જાણીએ છીએ, બધું જ અમારી માહિતીમાં છે, બધું જ અમારી જાણકારીમાં છે. પણ બંધારણીય (અંતરાય)કોણ કેટલીવાર ગયું, કોણ કેટલીવાર કયાં ગયું, કોણે હા પાડી, આ બિલ મંજૂર કરવા માટે કોણે પરામર્શ કરીને હા પાડી અને આ બિલ મંજૂર ના કરવા માટે કોણે ના પાડી એની પણ નામજોગ મારી પાસે , મારી પાસે ના પાડનારની પણ પૂરેપૂરી માહિતી છે પણ બંધારણીય અને વિધાનસભાની મર્યાદાના કારણે હું એ વ્યકિતનું નામ અહીંયા જાહેર કરી શકતો નથી.

## પોઈન્ટ ઓફ ઓર્ડર
## મહામહીમ ગવર્નર સાહેબ વિશે થયેલ ઉચ્ચારણ અંગે

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જ્યારે વિધેયક...

**અધ્યક્ષશ્રી** : કઈ બાબતમાં પૉઈન્ટ ઑફ ઑર્ડર છે?

**શ્રી ઈકબાલ પટેલ** : પોઈન્ટ ઓફ ઓર્ડર એ બાબતનો છે કે આદરણીય મહામહીમ ગવર્નર સાહેબ બાબતમાં એ કયા લોકોને દોરવાઈ રહેલા છે એવી જાતનો જે શબ્દપ્રયોગ થયેલ છે એ ના થઈ શકે.

**અધ્યક્ષશ્રી** : રાજયપાલશ્રી પર કોઈ આક્ષેપ નથી.

**શ્રી ઈકબાલ પટેલ** : સાહેબ, તમે રેકોર્ડ વાંચો સાહેબ, સ્પીચ મંગાવીને વાંચો

**અધ્યક્ષશ્રી** : હું રેકોર્ડ જોઈશ. આપ બેસી જાવ પ્લીઝ

**શ્રી દિલીપ સંઘાણી** :પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવે પણ મારી વિનંતી છે કે વિધાનસભાના નિયમોના કયા નિયમ હેઠળ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવે છે એ ધ્યાન સાથે ઉઠાવાય તો સરળતાથી હાઉસ ચાલી શકશે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આ સન્માનનીય સભાગૃહને ચોક્કસ એટલું કહીશ કે અહીંયા સારી સારી મીઠી મીઠી પ્રજાકીય વાતો કરવાની અને અહીંયાથી બહાર જઈ ગુજરાતની પ્રજાને તકલીફ થાય એવું કામ કરનાર અને આ બિલ પરત મોકલાવવામાં જે વ્યકિતનો મોટામાં મોટો ગુજરાતની કુસેવા કરવાનો જેનો હિસ્સો છે એ વ્યકિત આ સભાગૃહમાં અત્યારે હાજર છે પણ મર્યાદાના કારણે એ વ્યકિતનું નામ હું અત્યારે દઈ શકતો નથી. મારી મર્યાદા છે. હું એક સરકારનો જવાબદાર મંત્રી છું, આ સન્માનનીય વિધાનગૃહમાં જ્યારે મારે બોલવાનું હોય ત્યારે હું મારી પરંપરા પ્રમાણે ચાલવા માગુ છું પણ વાતો પ્રજાની સેવાની કરવાની, વાતો ગુજરાતના વિકાસની કરવાની, વાતો એટલા માટે કરવાની કે ખબર છે ગુજરાતની પ્રજા આખી અહીંયા બેઠેલી બધી કાર્યવાહી છાપાઓ મારફતે, ટી.વી. મારફતે, પ્રચાર માધ્યમો મારફતે, પ્રસાર માધ્યમો મારફતે એ સતત જોવે છે અને ઝીણવટભરી નજરે જોવે છે એટલે કદાચ અહીંયા વિરોધ કરીએ અને ગુજરાતની પ્રજા ૨૦ વર્ષથી લપડાકો ઉપર લપડાક મારે છે, કદાચ એક મોટી લપડાક મારી દે નહીં એટલા માટે રાજકીય રીતે ડરી અહીંયા વિધાનસભામાં આ બિલને સમર્થન આપવું, આ બિલને વિનાવિરોધે પસાર કરાવડાવવું અને પછી જઈ જ્યાં જે કરવાનું છે એ કરાવડાવી અને ગુજરાતની પ્રજાની આ જે કહેવાયને (xxxx) (xxxx) કેટલાક લોકો કરી રહ્યા છે એ ગુજરાતની પ્રજા સારી રીતે જાણે છે. ત્યારે માનનીય રાજયપાલશ્રીએ જે બિલ પરત મોકલ્યું છે એનો સંદેશો આપે વાંચ્યો છે. એનો સંદેશામાં જે કારણો માનનીય રાજયપાલશ્રીએ રજૂ કર્યા છે, *(xxxx) (xxxx) (xxxx) (xxxx) (xxxx) (xxxx)

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ વાકયો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

ગુજરાતની પ્રજાની કુસેવા કરવાનું કામ કોણે કર્યું છે એ ગુજરાતની પ્રજા સમજે છે. અમારો તો એ વિચાર હતો કે ૧૫ લાખ મકાનો એટલે એક મકાનમાં પાંચ વ્યક્તિ ગણીએ તો ૭૫ લાખ લોકો અને કોમર્શિયલ દુકાન માલિકો હોય, કામ કરનારા નોકરો, કારીગરો, હિસાબનીશો હોય, એની સાથે સંકળાયેલા લાખો લોકો મળીને ગુજરાતના દોઢથી બે કરોડ લોકોની રહેવા, ધંધા અને આજીવિકા માટે જે વ્યવસ્થા અમે પૂરી પાડી રહ્યા છીએ, ગરીબ અને મધ્યમવર્ગના લોકોના પરસેવાની કમાણીથી બનાવેલા મકાનો તુટી ન થાય એટલા માટે કાયદો અમે અમલમાં લાવી રહ્યા છીએ ત્યારે એને પાછો મોકલવાનું કામ થાય. પણ મારે અભિનંદન આપવા છે ભારતીય જનતા પાર્ટીના સંગઠનને, અહીં બેઠેલા સૌ ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યશ્રીઓને, સંસદસભ્યશ્રીઓને, મેયરશ્રીઓને, નગરપાલિકાઓના પ્રમુખશ્રીઓને. એમણે શું કર્યું? લોકશાહીમાં પ્રજાનો એક અવાજ હોય છે. કદાચ કોઈને ખબર નહીં હોય તો જાણકારી માટે કહું કે માનનીય ગવર્નરશ્રીએ આ બિલ પાછું મોકલ્યું એ પછી ગુજરાતની ૧૫૯ નગરપાલિકાઓમાંથી મોટાભાગની ૯૦ ટકા નગરપાલિકાઓએ પોતાને ત્યાં ઠરાવ કરી, જનરલ બોડીમાં, સાધારણ સભામાં ઠરાવ કર્યો કે અમારા શહેરના ગરીબ અને મધ્યમવર્ગની પ્રજાના ઉપયોગ માટે આ કાયદો જરૂરી છે. લોકોને લાભ આપવા માટે નરેન્દ્રભાઈ મોદીની ભારતીય જનતા પાર્ટીની સરકારે આ કાયદો મંજૂર કર્યો છે, *(xxxx) (xxxx) હું માનું છું કે ગુજરાતના ઈતિહાસમાં ૧૫૯ નગરપાલિકાઓ, ૮ મહાનગરપાલિકાઓ અને અનેક સંસ્થાઓએ બહુ ઓછી વખત જે કામ કર્યું છે એવા ઠરાવો મંજૂર કરી કાયદેસર રીતે સર્વાનુમતે જનરલ બોડીમાં ઠરાવ કરી ગવર્નરશ્રીને મોકલી આપ્યા. આ કામ પ્રજાની સેવા માટે ભા.જ.પ.ની નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓ, મેયરો, કોરપોરેટરો અને અમારા મિત્રોએ કર્યું છે. તમે એ વખતે વાંધો લીધો નહીં. મને ખબર છે કે વિપક્ષના લોકો જે મહાનગરપાલિકામાં કે નગરપાલિકામાં કામ કરે છે એમણે વાંધો લીધો. મારે પૂછવું છે, તમારા નેતા દ્વારા પૂછવું છે કે કાયદો પાછો મોકલ્યો એ બરાબર છે? વિધાનસભામાં ઓન ફ્લોર, જાહેર રીતે, કાયદેસર રીતે રેકર્ડની રીતે જે કાયદાને કોંગ્રેસ પક્ષે, એના પ્રમુખશ્રી હોય, વિપક્ષના નેતાશ્રી હોય, સિદ્ધાર્થભાઈ જેવા સિનિયર નેતા હોય, બીજા સન્માનનીય કોંગ્રેસ પક્ષના ધારાસભ્યશ્રીઓએ અહીંયા સમર્થન આપ્યું. હવે પડદા પાછળની વાત ખુલ્લી થઈ ગઈ. અહીંયા સમર્થન આપ્યું પણ એમના જ પક્ષના, કોંગ્રેસના જ કોરપોરેટરોએ, કોંગ્રેસના નગરપાલિકાના સભ્યોએ ત્યાં વિરોધ કર્યો. તમે અહીંયા ટેકો કરો છો તો તમારા સભ્યોને કોંગ્રેસ પક્ષના પ્રમુખશ્રીએ કેમ આદેશ ન આપ્યો કે અમે વિધાનસભામાં કોંગ્રેસ પક્ષે આ કાયદાને મંજૂર કર્યો છે અને સમર્થન આપ્યું છે, ટેકો આપ્યો છે તો તમે નગરપાલિકા, મહાનગરપાલિકામાં એનો વિરોધ ન કરતા એવો આદેશ કોંગ્રેસ પક્ષના અહીંયા બેઠેલા માનનીય પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ આપ્યો નથી. અમારા પક્ષે કોઈ આદેશ આપ્યો હોય તો અમલ કરીએ, તમારા પક્ષે કેમ આદેશ ન આપ્યો? પ્રજાકીય રીતે પણ મૂલવીએ તો ભારતીય જનતા પક્ષ દ્વારા દરેક શહેરમાં રેલીઓ કાઢવામાં આવી, પ્રજાકીય સમર્થન ઊભું કરવામાં આવ્યું, રાજકોટ, ભાવનગર, સુરત, પૂર્વ અમદાવાદ ખાતે હજારો હજારો લોકોની જન મેદનીમાં અમારા પક્ષના નેતાઓએ પ્રજાને સાચી માહિતી આપી કે અમે તમારા માટે મદદરૂપ થવા આ કાયદાને પસાર કરીએ છીએ. તમે કોંગ્રેસ પક્ષ ઉપર દબાણ કરાવો કે આ કાયદો મંજૂર કરાવે. માનનીય અધ્યક્ષશ્રી, એની પરાકાષ્ઠા એ ગઈ કાલે હતી. ગઈકાલે ભારતીય જનતા પક્ષ દ્વારા અમારા સંગઠન દ્વારા ગુજરાતને જે અન્યાય થાય છે, ગુજરાતને જે રીતે નૂકસાન કરવાની પ્રવૃત્તિ ચાલે છે એના વિરોધમાં કેટલા લોકો આવ્યા? પાંચ લાખ લોકો આવ્યા. તમે આવ્યા હોત તો તમને ખબર પડત. પાંચ લાખ લોકો. હજુ એના ફોટોગ્રાફ, એની સી.ડી., એનું બધું જ સાહિત્ય (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર.. પ્લીઝ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : સાહેબ, મને કહ્યું કોઈએ રાત્રે ટી.વી.માં અને બધે સમાચાર આવ્યા કે પાંચ લાખ લોકોની મેદની હતી અને આજે અહીં બેઠેલા કેટલાક લોકો સવારે મોડા આવ્યા. કારણ કે, રાત્રે ઊંઘ જ નહોતી આવી. પાંચ લાખ લોકોની મેદની. હવે અમારું શું થશે? બધાને પરસેવો છૂટી ગયેલો અને આ પરસેવો લુછવા માટે આ ટોપીએ લાવ્યા લાગે છે.

**અધ્યક્ષશ્રી** : નીતિનભાઈ, પ્લીઝ, રાજ્યપાલશ્રીએ જે મુદ્દા લઈને આપણને બિલ પરત કર્યુ છે એ મુદ્દા ઉપર જ આપ ચર્ચા કરો એવી મારી આપને વિનંતી છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : આ કાયદામાં જે સ્પષ્ટતાઓ, માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહને હું કહેવા માગુ છું. નિરંજનભાઈ પેટલાદમાં તમારી દુકાનનું કાંઈક છે એવું નગરપાલિકાવાળા કહેતા હતા એટલે તમારે આ કાયદો મંજૂર થયા પછી ફોર્મ ભરવું પડશે. મેં ગંભીર પ્રયત્નો કર્યા છે. મંત્રી તરીકે પ્રજાને મદદરૂપ થવાની મારી જવાબદારી છે. મેં માનનીય ગવર્નર સાહેબને બે વખત રિકવેસ્ટ કરી કે આ કાયદા અંગે તમારા મનમાં કોઈ વિચારણા માટે વધુ વિગતો જોઈતી હોય તો તમે અમને સમય આપો. હું તમારી પાસે આવીને સ્પષ્ટતાઓ કરીશ. આપને પૂરક માહિતી આપીશ. આપને ૧૦૦% સંતોષ થાય એવો અમારો પ્રયત્ન છે. માનનીય ગવર્નર સાહેબે ટાઈમ આપ્યો. એ પ્રમાણે હું, અમારા વિભાગના અધિક મુખ્ય સચિવ અને અમારા અધિકારીઓ ગર્વનર સાહેબ પાસે ગયા. પહેલી વખતે એમણે કેટલીક સ્પષ્ટતાઓ માગી. એમણે એમ કહ્યું કે કેટલા રાજ્યોમાં કાયદો લાગું પડે

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

છે? શા માટે આપણે એકલા કાયદો લાવીએ છીએ? અમે કહ્યું કે, સાહેબ, આઠ રાજ્યોની અંદર કાયદો છે. દિલ્હી જેવું આ દેશનું પાટનગર છે. બધા લોકોએ ભૂતકાળમાં ટી.વી.માં જોયેલું છે. નામદાર સુપ્રીમ કોર્ટે જે દબાણો દૂર કરવાની સૂચના આપી હતી. દિલ્હીની કેન્દ્રની સરકારે અને દિલ્હી રાજ્યની તમારા જ પક્ષની સરકારે એ વખતે ઈમ્પેકટ ફીનો કાયદો પસાર કરીને સુપ્રીમ કોર્ટના આદેશ સામે આ સુધારો કર્યો ત્યારે અમે તો ગુજરાતની પ્રજાને મદદરૂપ થવા માગીએ છીએ. અમે આઠ રાજ્યોમાંથી ઘણાં રાજ્યો કોંગ્રેસ શાસિત રાજ્યો છે, જ્યાં આગળ અનિયમિત મકાનોને નિયમિત કરવા માટેનો કાયદો પસાર થઈ ચૂકયો છે. દિલ્હીમાં તો છેલ્લા ૧૫ વર્ષથી સતત આ કાયદાની મુદત કેન્દ્ર સરકાર લંબાવે જાય છે. આ બધીજ અમે માનનીય ગવર્નર સાહેબને વિગતો આપી, રેકોર્ડ આપ્યું. એ પછી પણ થોડો ટાઈમ થયો ફરી અમે પૂછયું ત્યારે હાઈકોર્ટમાં મુદત ચાલતી હતી. હાઈકોર્ટમાં મુદત ચાલ્યા પછી અમે ફરી નામદાર ગવર્નરશ્રીને અમે મળ્યા અને આ કાયદાને જ્યારે વિધાનસભાએ મંજૂર કર્યો છે ત્યારે ગુજરાત હાઈકોર્ટના મુખ્ય જજશ્રી, મુખ્ય ન્યાયમૂર્તિશ્રીએ પણ ઓન બોર્ડ એવું કહ્યું કે જ્યારે ગુજરાત વિધાનસભાએ સર્વાનુમતે આ કાયદો પસાર કર્યો છે, મંજૂર કર્યો છે ત્યારે હું પણ આ કાયદાને અમલમાં આવશે એમ સમજીને તમને મુદત આપું છું. માનનીય મુખ્ય ન્યાયમૂર્તિએ પણ લાંબા સમય સુધીની મુદત આપી. પછી અમે ગવર્નરશ્રીને ફરી મળવા ગયા કે સાહેબ હવે હાઈકોર્ટમાં મુદત છે. હાઈકોર્ટ પણ સરકારના મુખ્ય વકીલને પૂછપરછ કરે છે કે ગવર્નરશ્રીને ત્યાં કેમ હજુ મંજૂરી મળી નથી? ફરી ગયા. ફરી એમને બધી વિગતો આપી. એમણે કહ્યું કે, અચ્છા લગભગ હો જાયેગા. પણ ગમે તે કારણસર માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા હું નહિ કહું, કહેવાનો સમય આવશે ત્યારે ગુજરાતની ૬ કરોડની પ્રજા વચ્ચે ડંકાની ચોટ ઉપર અમે બધું કહેવાના છીએ. અહીંયા તમે કદાચ કાયદાની મર્યાદામાં છટકી જશો. છટકી જશો, બચી જશો, નહીં બોલવા દો. પણ ત્યાં આગળ તમે નહીં રોકી શકો અમને ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગવર્નરશ્રીએ બે બાબત ઉપર જે સ્પષ્ટતાઓ માગી હતી કે, આ કાયદો ક્યારથી અમલમાં લાવશો તો અમે એની કટ ઑફ ડેટ એમણે નક્કી કરવાની મર્યાદા માગી હતી. માનનીય અધ્યક્ષશ્રી, અમે જે સુધારો કરી રહ્યા છીએ એ સુધારા અમારા મુખ્ય દંડક માનનીય પંકજભાઈ મારા પ્રવચન પછી એ રજૂ કરવાના છે પણ અમે જે બે બાબતના મુખ્ય સુધારા અને ત્રણ બાબતના જનરલ સુધારા લાવ્યા છીએ. એક તો મુંબઈ મ્યુનિસિપલ કોરપોરેશન એકટ હતું એના બદલે હવે આપણે ગુજરાત કોરપોરેશન એકટ. સરકારે, મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈએ ગુજરાતની સ્થાપનાના પચાસ વર્ષ પછી જે થોડી આપણે મૂંઝવણ હતી કે, ગુજરાત બન્યું પચાસ વર્ષ થયા પણ બધા જ કાયદાઓ મુંબઈ રાજયના, મુંબઈ રાજયના નામે ચાલતા હતા એમાં જે સુધારો કર્યો એ પ્રમાણે આપણે સુધારો, ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન અધિનિયમ એ આ કાયદામાં નામ સુધારર્યુ છે. બીજું આ કાયદો અમલમાં ૨૮મી માર્ચ, ૨૦૧૧ની આવશે એટલે તમને વિગતવાર આની થોડી સમજ આપું કે આ તારીખ પછી અત્યારે પણ કોઈ ગેરકાયદેસર બાંધકામ કરતું હશે તો એ વ્યકિત આ કાયદાનો લાભ લઈ પોતાની મિલકત, મકાન કે બાંધકામ કોઈ પણ પ્રકારની અનિયમિતતા હશે તો એ કાયદેસર નહીં કરી શકે. ૨૮ તારીખ પહેલાનું જ એ બાંધકામ હતું એવું અરજદારે સાબિત કરવું પડશે તો જ એને આ કાયદાનો લાભ મળશે. એ પ્રમાણે કટ ઑફ ડેટ આપણે ૨૮મી માર્ચ, ૨૦૧૧ આ કાયદાની નક્કી કરી છે.

એવી જ રીતે બીજું જે રેવન્યુનો કાયદો આની સાથે જોડ્યો છે એટલે આને જે કાયદાનું નામ મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન વિદર્ભ અને કચ્છ ક્ષેત્ર અધિનિયમ એ શબ્દોના બદલે ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ અને ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન ( વિદર્ભ પ્રદેશ, કચ્છ ક્ષેત્ર) અધિનિયમ એ બે શબ્દો કાયદાકીય રીતે ટૅક્નીકલ પ્રકારના મૂક્યા છે.

બીજું ઘણા લોકો ચિંતા કરતા હતા કે, આ કાયદો અમલમાં આવે પછી કોઈ દબાણો થાય તો એનું એવું કરનારા ઉપર તમે શું પગલા લેશો? તો મેં રૂલ્સમાં પણ જોગવાઈ કરેલી, માનનીય ગવર્નર સાહેબને મેં રૂબરૂ પણ સમજાવેલું કે મૅડમ અમે કાયદાની જોગવાઈઓ રૂલ્સમાં કરીએ, મોટાભાગનો કાયદો એ રૂલ્સમાં જ એની વ્યવસ્થાઓ થઈ શકતી હોય છે. એની વહિવટી પ્રક્રિયા એ રૂલ્સ ધ્વારા થતી હોય છે. પણ ગવર્નરશ્રીએ જો આગ્રહ કર્યો કે, તમે આની કાયદામાં જોગવાઈ કરો એટલા માટે અમે કલમ-૧૬માં પણ સુધારો ક્યો છે. અમે કલમ-૧૬ પેટા કલમ-૨ પછી નીચે પ્રમાણેના શબ્દો ઉમેરવાનું નક્કી કર્યુ છે. " મુંબઈ અધિનિયમ અથવા ગુજરાત અધિનિયમના ગમે તે મજકૂર હોય તે છતાં રાજય સરકાર વખતો વખત અનઅધિકૃત વિકાસને અટકાવવા માટે કોરપોરેશનો માટે કમિશ્નર અને સમુચિત સત્તા મંડળના અધિકારીને પોતે યોગ્ય લાગે તેવા આદેશો આપી શકશે."

એટલે આ કાયદો પસાર થયા પછી કોઈના જયુરીડિકશનમાં દા.ત. નાનું શહેર હોય તો ચીફ ઑફિસર હોઈ શકે, બાંધકામ અધિકારી હોઈ શકે, મોટું શહેર હોય તો ડૅપ્યુટી કમિશ્નર અથવા તો એના એસ્ટેટ ઑફિસર, કોરપોરેશનને યોગ્ય લાગે કમિશ્નરને એ સત્તા અધિકારીની ઓફિસીયલ કાયદા મુજબ નિમણૂક કરવામાં આવશે અને એમને જવાબદારી આપવામાં આવશે કે, તમારા કાર્યક્ષેત્રમાં હવે જો કોઈ બાંધકામ થશે તો એના માટે તમારી જવાબદારી ગણાશે. આમાં આપણે એવી પણ જોગવાઈ કરવાના છીએ કે કોઈ પણ વ્યકિત, કોઈ પણ પ્રકારનું અનઅધિકૃત બાંધકામ આ કાયદાની સમય મર્યાદા પૂર્ણ થયા પછી કરશે તો એ મકાન, બાંધકામ દૂર કરવામાં આવશે. એવું બાંધકામ કરનાર કોઈ વ્યકિત હોય, સંસ્થા હોય, કંપની હોય, ટ્રસ્ટ હોય, સોસાયટી હોય કે બિલ્ડર હોય કે ડેવલપર હોય કોઈ પણ હોય એના ઉપર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, ઉદ્યોગપતિ હોય તો પણ

કાર્યવાહી કરવામાં આવશે. કોઈ બાકાત નથી. કાયદામાં તમારા વખતમાં ઘણું બાકાત રાખ્યું છે.આ સરકાર ૬ કરોડની સરકાર છે. બધાને માટેની સરકાર છે. બધાના વિકાસ માટેની સરકાર છે. ત્યારે આ કાયદો ફરીથી આ સન્માનનીય ગૃહ વિના વિરોધે સર્વાનુમતે પસાર કરે તેવી મારી વિનંતી છે. કાળિયાબીડનો પ્રશ્ન આવ્યો. ભાવનગરનો ૩૦ ટકા વિસ્તાર ભૂતકાળમાં ભાજપ સિવાયની સરકારો વખતે અને લગભગ ૧૫ થી ૨૦ હજાર મિલકતો ત્યાં હશે અને આપણા નેતા અમારા વિપક્ષના શ્રી શક્તિસિંહજીનો તો એમનો મત વિસ્તાર છે. એમને મત આપનારા નાગરિકો ત્યાં છે. વિરોધ કરનારા નાગરિકો ત્યાં છે. એમના વિસ્તારમાં કહેનારા નાગરિકો ત્યાં છે, એવા ૨૦ હજાર, ૩૦ હજાર લોકોનો એ કાળિયાબીડનો વિસ્તાર હોય, પૂર્વ અમદાવાદનો હોય, સુરતનો હોય કે રાજકોટની સૂચિત સોસાયટીઓનો મોટા જથ્થાનો વિસ્તાર હોય લાખો લોકોને મદદરૂપ થવા માટે ખાસ કરીને ગરીબ અને મધ્યમ વર્ગના મકાનો અને દુકાનોના માલિકોએ એમની આવક એમની રોજીરોટી ન ગુમાવવી પડે. રોટી કપડા અને મકાન. એમાં રોટી અને મકાન જોડાયેલ છે તે સલામત બનાવી શકે. ઘણા પૂછે છે કે, ઘણા લોકોએ એવું કહ્યું તમે ના તોડો તો શું વાંધો? વાંધો એ અલગ વાત છે. મકાન જ્યાં સુધી કાયદેસર ન હોય એના ઉપર લોન લેવી હોય, કોઈ જગ્યાએ બીજો ઉપયોગ કરવો હોય તો તે કરી શકતો નથી, એટલે મકાનને અધિકૃત બનાવવા માટે આ કાયદો મંજૂર કરવો એ પ્રજાના હિતમાં છે. ૧૫ લાખ પરિવારોના હિતમાં છે. માટે ફરીથી બધા જ સભ્યશ્રીઓને હું નમ્ર વિનંતી કરું છું કે આ કાયદો જેમ ગઈ વખતે આપણે સર્વાનુમતિથી મંજૂર કર્યો એમ સર્વાનુમતિથી મંજૂર કરીએ, પણ મહેરબાની કરીને શુદ્ધ ભાવના સાથે મંજૂર કરીએ તેવી વિનંતી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે. એમાં મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય મંત્રીશ્રી પ્રવચન કરતા હતા, ત્યારે મને એવું લાગ્યું કે ગઈ કાલે એમને કદાચ મોકો નહિ મળ્યો હોય, એટલે એમને ખ્યાલ ન રહ્યો કે આ ગૃહ છે કે સભા છે? અને અમસ્તુ મને એમ હતું કે થોડી હળવી વાત કરશે, પણ ગંભીર વાતના જોક્સ ઘણા બધા દેખાયા. વાત હતી કે ૫ લાખ લોકો ગઈકાલે આવ્યા એમ કહ્યું. અમે મોટી સભાઓ કરી. એસ.ટી. બસો કેટલી ગઈ એનો હિસાબ આપ્યો હોત તો મને આનંદ થાત. ગુજરાતની અંદર કેટલી બસો ગઈકાલે બંધ રહી. સરકારી મશીનરીનો કેટલો ઉપયોગ થયો એની માહિતી થોડી ક આપી હોત તો.

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાઈ, મારી સામે જોઈને બિલ ઉપર બોલો તો સારું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : બોલ્યા એનો જવાબ આપું છું.

**અધ્યક્ષશ્રી** : મેં એમને અટકાવ્યા છે. આપ મારી સામે જોઈને બિલ ઉપર બોલો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : વાત એ હતી કે એમના અધિકારો છે. સભાઓ કરે, મીટિંગો કરે. સવા વર્ષનો સમય છે. જેટલી કરવી હોય એટલી કરી લે. બીજું, કરવું હોય કરી લે. છેલ્લા દિવસો ચાલે છે. આપને બધાને પાછો આવો મોકો ફરી પાછો આવવાનો નથી. આના જેવો મોકો નથી આવવાનો.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કરી લઉં. અમે ગમે તેવું પૉલિટીકલ ભાષણ શાંતિથી સાંભળ્યું હતું. એક શબ્દ બોલ્યા નહોતા. મારી વાત એ હતી કે ગેરકાનુની રીતે જે કરવું હોય તે કરે

**અધ્યક્ષશ્રી** : બાવકુભાઈ આપના પક્ષના સભ્ય બોલે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે કાયદો છે તે કાયદો કાયદા પ્રમાણે હોવો જોઈએ. માનનીય નીતિનભાઈ પાસે માહિતી ન હોય તો કહું કે આ બીલ આપે જયારે માનનીય રાજયપાલશ્રી પાસે મૂકયું અને ફરી પાછું પરત આવ્યું તે દરમ્યાન સૌથી પહેલો ઠરાવ કોર્પોરેશનમાં કોંગ્રેસ પક્ષે મૂકાવ્યો હતો. માહિતી ન હોય તો સરકયુલર સાથે તેના એજન્ડા સાથે બતાવવાની તૈયારી છે. અમારી વાત એ હતી કે તમે જે કાળીયાબીડની વાત કરી, સૂચિત સોસાયટીઓની વાત કરી તો તમારે રેગ્યુલરાઈઝ કરવા જ હતા તો ૨૦૦૦ની સાલની અંદર આપના પક્ષની સરકાર આ પ્રકારનું આ જ બીલ લઈ આવી હતી ત્યારે તમે શું કરવા ન કરી શકયા? આ બીલ તમે શેના માટે લઈ આવ્યા હતા. તમારી ખરેખર નિષ્ઠા હતી તો તે બીલની અંદર કરી લેવું જોઈતું હતું. આ બીલની અંદર ઘણીબધી ચર્ચાઓ થઈ હતી. મારી છેલ્લી લીટી વાંચી કે અમે ટેકો આપ્યો છે. આજે પણ આ બીલને ટેકો આપ્યો છે. ત્યારે અમારું રિઝર્વેશન એ હતું કે આ બીલ આ કાયદો તે અત્યાર સુધીના બાંધકામોને રેગ્યુલરાઈઝ કરવા માટેનો હોવો જોઈએ. કટ ઓફ ડેઈટ તમે લઈ આવો કે આજ દિવસ સુધીના કરવા છે. તમે તો કહયું હતું કે આજથી છ મહિના પછી અથવા રાજય સરકાર જયારે ડેટ નોટીફાઈડ કરે ત્યાં સુધી આ બીલને તમે લંબાવી શકો. મતલબ શું થયો? તેનો મતલબ એ થયો કે આજે એક બિલ્ડરને કહેવામાં આવે કે જાઓ તમે બાંધકામ જેટલું ગેરકાયદેસર કરવું હોય તેટલા કરી નાંખો આ બીલની મુદત હું બે વર્ષ, પાંચ વર્ષ, છ વર્ષ વધારી દેવાનો છું. જેને કરવું હોય તે કરો. અમારો વાંધો તેની સામે હતો. બીજો વાંધો હતો કે આજ દિવસ સુધીના રેગ્યુલરાઈઝના પૈસા લીધા વગર કરી આપો. તમે તો ઈમ્પેકટ ફીની વાત કરો છો તો અમે તો કહીએ છીએ કે ઈમ્પેકટ ફી લેવી હોય તો માત્ર બિલ્ડરો પાસેથી લો. જે લોકો ઉપયોગ કરનાર છે તેની પાસેથી નહીં. તમે તો એની પાસેથી લેવાનું કરો છો કે જે લોકો કાયદામાં અજ્ઞાનને કારણે તેમણે કોઈક પાસેથી કયાંક ભોંયરું લીધું છે, કયાંક પાર્કિંગની જગ્યા લીધી છે, કયાંક એકાદ બે ફલોર વધારે લેવાઈ ગયા છે. તો હવે ખરીદનાર ઉપર શું કરવા બોજો નાંખો છો. બિલ્ડર તો બાંધી કમાણી કરી, તેના હાથ ભીના કરવાના હતા તે કરાવી, ખિસ્સા ભરાવી, ખિસ્સા ભરી અને

રવાના થઈ ગયો અને હવે લેનારને તમે સજા કરો છો. તમારે તો એની દયા ખાવી હતી કે જે પૈસા લઈને નીકળી ગયો છે. ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને દુકાન, મકાન પધરાવી ગયો છે. અમારી ચિંતા એ હતી કે આ કાયમી કાયદો નહીં બનવો જોઈએ. એક વખત જયારે કર્યો ત્યારે જે તે સમય માટે હતો અને આજે પણ જે તે સમય માટે હોવો જોઈએ. માનનીય મંત્રીશ્રી એમ કહે કે ત્યાં જે.સી.બી. પહોંચી જાય અને બુલડોઝર પહોંચી જાય, ઝૂંપડાંઓમાં અને આપણે ત્યાં રીવર ફ્રન્ટની અંદર આપણું બુલડોઝર પહોંચે છે પણ આપણા મુખ્યમંત્રી જે કલબમાં વારંવાર જાય છે ત્યાં પણ ગેરકાયદેસર બાંધકામ છે અને કોર્ટે હુકમ પણ કરેલા છે. ત્યાં તમારું બુલડોઝર કેમ જતું નથી? મોટા મોટા બંગલા બાંધેલા છે ત્યાં તમારું બુલડોઝર કેમ અટકી જાય છે? ત્યાં કોણ રોકવા આવે છે. બીજી પણ વાત થોડી કરું કે આ બીલ અટકાવવામાં કોણે કોણે શું કર્યુ હતું? રાજયપાલને કોણ મળવા ગયું હતું અને કોણ નહોતું ગયું? રાજયપાલના દરવાજા ૨૪ કલાક જેને મળવું હોય તેના માટે ખુલ્લા છે. આ રાજયના પદાધિકારી છે, એ રાજયના પદાધિકારી છે, ગમે તે નાગરિક એ એપોઇન્ટમેંટ લઈ મળી શકે છે, એવું નથી કે મળવા માટે નીરા રાડિયાની જરૂર પડે છે, એમાં એની જરૂર નથી પડતી, અને ત્યાં કોઈ ટાટા, બિરલા કે અદાણી નથી જતા, સામાન્ય નાગરિકો જાય છે, અને જવાના છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર, માનનીય અર્જુનભાઈ, આપ મારા તરફ ધ્યાન આપો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મળવાની વાત કરી, સંવેદનાની વાત કરી, ભાઈ, તમારી સંવેદના માત્ર ટાટા, અદાણી અને નીરા રાડિયામાં કેમ ઊભરાય છે? ગરીબ માણસોમાં શું કરવા નથી ઊભરાતી? તમારી સંવેદના એક જગ્યાએ શું કામ ઊભરાય છે?

**અધ્યક્ષશ્રી** :માનનીય મોઢવાડિયા, આ બિલને સ્પર્શતી વાત હોય એ વાત આપ કહો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું બિલ ઉપર જ વાત કરું છું. વાત એ આવે છે કે, અમારા વિકાસને રોકવાનું કામ કરે છે, ગુજરાતના વિકાસને રોકવાની કોઈની તાકાત નથી. આજે નહીં પણ બબ્બે સેન્ચુરીથી ગુજરાત ગુજરાત અને ગુજરાતીઓ દુનિયાની અંદર એની સાહસિકતા માટે આજેય પણ દુનિયાના ઈતિહાસમાં નામો લખેલા છે. માનનીય અધ્યક્ષશ્રી, મારા ગામનો એક સામાન્ય માણસ, ગામડાની અંદર રહેતો નાનજી કાલીદાસ મહેતા અને માધવાણી આફ્રિકા ગયા અને આખું આફ્રિકા બનાવ્યું, એકસો વર્ષ પહેલાં, અને જેના નામે તમે વાત કરો છોને, એનો તો તે દિવસે જનમ પણ નહોતો થયો. જે વિકાસની તમે વાત કરો છોને એ વિકાસના પાયા વર્ષો પહેલાં ગુજરાતીઓને નાખ્યા હતા. આ ધીરુભાઈ અંબાણીએ જામનગરની અંદર રિફાઈનળી બનાવી વિશ્વના બીજા નંબરની રિફાઈનળી, ત્યારે કોની સરકાર હતી? કોઈએ ફોટા નહોતા પડાવ્યા કે આ વિકાસ મારા કારણે થયો છે.

**અધ્યક્ષશ્રી** :માનનીય અર્જુનભાઈ, આ બિલમાં આવો કોઈ મુદ્દો આવતો નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આજે બોલ્યા હતા એનો જવાબ હું આપું છું, સાહેબ.

**અધ્યક્ષશ્રી** :માનનીય અર્જુનભાઈ, એમને પણ અટકાવ્યા હતા અને આપને પણ એટલા માટે અટકાવું છું, માનનીય નીતિનભાઈને પણ બે વાર અટકાવ્યા હતા. વાત બિલ પૂરતી છે, માનનીય રાજયપાલશ્રીના સૂચનો છે એટલા પૂરતી આપ વાત કરો, પ્લીઝ. માનનીય અર્જુનભાઈ, આ બિલમાં આવો કોઈ મુદ્દો આવતો નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું એના ઉપર આવું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, હવે આવી જાઓ પણ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હા, માનનીય અધ્યક્ષશ્રી, મારી જે વાત છે, એ વાત એ છે કે, વિકાસ થતો રહેવાનો છે, થતો રહ્યો છે અને થતો રહેશે પણ માત્ર કોઈક ઉપર કયાંક ગુનામાં સંડોવાય, અને કોઈક એમ કહે કે તમે ગુનામાં સંડોવાયેલા છો, તો આખું ગુજરાત ગુનામાં સંડોવાયેલું એવું કેમ માની લીધું? હા, એટલું ખરું, આવા લોકોને કારણે ગુજરાતીઓને સાંભળવું પડે છે.

**અધ્યક્ષશ્રી** :માનનીય અર્જુનભાઈ, પ્લીઝ, આપ બિલ ઉપર આવી જાઓ, માનનીય રાજયપાલશ્રીએ જે સૂચનો કરીને મોકલાવેલાં છે એમાં કયાંય આ મુદ્દો નથી, પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મુદ્દા ઉપર આવું છું.

**અધ્યક્ષશ્રી** :મેં માનનીય નીતિનભાઈને પણ બે વાર અટકાવ્યા છે, અર્જુનભાઈ, આ બિલ ઉપર આવી જાઓ. પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું બિલની વાત કરું છું, આ તો જે મને વાત કરી હતીને એનો અછડતો ઉલ્લેખ કર્યો. અને એમાં આટલા બધા સંવેદનશીલ, આપે આટલી બધી સંવેદના નહીં દાખવવી જોઈએ, આપે થોડીક સાંભળવાની તૈયારી રાખવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ ઉપરનું બિલ છે, અનધિકૃત બાંધકામો શહેરી વિસ્તારમાં શેના માટે થાય છે? રાજય સરકારની શહેરી વિકાસની નીતિ કેવી છે? આ રાજયની અંદર ટૂંકા સમયની અંદર ચાલીશ ટકા લોકો શહેરી વિસ્તારમાં રહેતા હશે, અને જ્યારે શહેરી વિસ્તારમાં આટલા બધા લોકો રહેતા હોય ત્યારે શહેરી

નીતિ આપણી બહુ સ્પષ્ટ હોવી જોઈએ. પરંતુ કમનસીબે શહેરી નીતિ છે, જે આપણી અર્બન પોલિસી છે એ એડહોક ધોરણે ચાલે છે અને એટલા માટે જ * (xxxx) (xxxx) (અંતરાય)

**પોઈન્ટ ઓફ ઓર્ડર**

**રેકર્ડ ઉપરથી શબ્દો દૂર કરવા અંગે**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અર્જુનભાઈ જે વસ્તુ હું બોલ્યો નથી, જે શબ્દો હું બોલ્યો નથી એ મારા નામે રેકર્ડ ઉપર લે છે. મેં ક્યાંય એવું નથી કહ્યું. રેકર્ડ તપાસવાની એમને પણ છૂટ છે. જે મકાનો હતા એ થઈ ગયેલા કાયદો આવે છે કોને એનો લાભ લેવો એ તો નાગરિકનો અધિકાર છે. અમે કોઈ એમ નથી કહેતા કે બધાએ એનો લાભ લઈ લેવાનો. એમ ભૂતકાળમાં ૨૦૦૧ના કાયદામાં કેટલાક લોકોએ લાભ લીધો કેટલાક લોકોએ ના લીધો એવા કોઈ શબ્દો હું બોલ્યો નથી. આ નવા કાયદા અંગે પણ હું બોલતો નથી. એટલે એ શબ્દો મારા નામે ખોટા રેકર્ડ ઉપર મૂકે તો એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર થવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : હું રેકર્ડ જોઈ લઈશ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય નીતિનભાઈ, આપ સાંભળ્યા નથી. મેં એમ કહ્યું કે ૨૦૦૦ની અંદર જે કાનૂન આવ્યો એની અંદર ત્યાં સુધીના તો બધા જ રેગ્યુલરાઈઝ થઈ ગયેલા હતા. એના પછી મારા મોઢે કહું છું કે આપે જે ફિગર આપ્યો વિધાનસભાની અંદર એમાં એમ કહ્યું છે કે, ૧૫ લાખ કરતા વધારે મકાનો ગુજરાતની અંદર અનિયમિત છે. એમ આપે કહ્યું છે. આપના કહેવા પ્રમાણે. આપના કહેવા પ્રમાણે આટલા છે. હવે જે વાત આવે છે એ એ છે કે આપણી અર્બન પોલિસી કેવી છે કે આટલા ટૂંકા સમયમાં આટલા બાંધકામો થઈ જાય? અને આજે પણ આ અનિયમિત બાંધકામો તમે રોકી શકવા માટે તમારું પોલિટીકલ વ્હીલ છે ખરું? (અંતરાય) કાયદો, કાયદેસર બનાવવા માટેનો આવ્યો છે. તમારી વાત બહુ સાચી છે. (અંતરાય) નારણભાઈ મારા વડીલ મિત્ર છે એટલે એ તરફ ધ્યાન આપવું પડે છે. માનનીય અધ્યક્ષશ્રી, હું વાત એ કરતો હતો કે અર્બન પોલિસી આપણી એવી હોવી જોઈએ કે જે પોલિસીમાં અનિયમિત બાંધકામ કરવાની કોઈની વૃત્તિ ન થાય, વૃત્તિ થાય તો રોકવા માટેનો બરાબર કાયદો હોય એની સાથે સાથે જેને પોતાનું ઘરનું ઘર જોઈએ છે એ મધ્યમ વર્ગના લોકોને ઘ ારનું ઘર પણ મળી રહે. અને એના માટે શહેરી વિસ્તાર માટેની જમીન નીતિ છે એ ખૂબ આવશ્યક રીતે છેવાડાના માણસને નજરમાં રાખીને એ નીતિ બનાવવી જોઈએ. પરંતુ કમનસીબી એ છે કે, રાજયની અંદર જે શહેરી નીતિ, અર્બન પોલિસી બનાવવામાં આવી એમાં મધ્યમ વર્ગની જે વ્યકિતઓ છે એ અને ગરીબ લોકોનું સંપૂર્ણપણે નામો-નિશાન કાઢી નાંખવાની કોશીશ કરી છે. એક સમય એવો હતો કે મધ્યમ અને ગરીબ વર્ગના લોકો માટે અનેક પ્રકારની યોજનાઓ રાજય સરકારની હતી, તે દિવસે તો કેન્દ્ર સરકાર મદદ પણ નહોતી કરતી. હાઉસીંગ બોર્ડની યોજનાઓ, અનેક લાખો ચોરસ મીટર જમીન આપણે મેળવી અને ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે HIG, MIG, LIG બનાવી અને એને મદદરૂપ થવાનો પ્રયાસ કર્યો ભૂતકાળમાં. આપણે હાઉસીંગ બોર્ડની યોજના જ નહીં હાઉસીંગ બોર્ડ પોતાને જ બંધ કરી દીધું. જે લોકો ગંદા વસવાટોમાં રહેતા હતા એના માટે સ્લમ કલીયરન્સ બોર્ડ બનાવ્યું અને એ ત્યાં રહેતા હતા એ લોકો માટે આયોજન કર્યું. અત્યારે જે શહેરી વિસ્તારમાં કોઈ મકાનો બને છે છૂટાછવાયા એ બધા જ જવાહરલાલ નહેરુ અર્બન રીન્યુલ મિશન સિવાય એક પણ યોજનામાં આ રાજય સરકારે મકાનો આપ્યા નથી. અહીંયા આજે જ માહિતી અપાય છે અમને કે એક કંપનીને કેટલી જમીન આપી તો કહે ૧૧૦૦ એકર જમીન અપાય. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આપને મેં વારંવાર વિનંતી કરી છે કે, રાજયપાલશ્રીએ જે બિલ પરત મોકલ્યું છે એમાં ૧ થી ૧૦ મુદ્દા એમણે આપણને ચર્ચા માટે મોકલ્યા છે.એના બહારની આપ ચર્ચા કરી રહ્યા છો, પ્લીઝ, આપ ૧ થી ૧૦ મુદ્દા જોઈ જાઓ,

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : બિલ ઉપરની ચર્ચા છે આ,

**અધ્યક્ષશ્રી:** હું એની જ વાત કરું છું, રાજયપાલશ્રીએ જે દસ મુદ્દા ઉપરના સૂચનો આપણને મોકલાવ્યા છે એના ઉપર આપ ચર્ચા કરો પ્લીઝ, બાકી અગાઉનું આપનું આખું પ્રવચન મેં જોયું છે, એમાં આ મુદ્દાઓ આવી ગયા છે, હવે ફક્ત રાજયપાલશ્રીએ જે સૂચનો મોકલાવ્યા છે તે સૂચનો ઉપર આપ વાત કરો પ્લીઝ,

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : બિલ મૂકાયેલું છે એના પર હું ચર્ચા કરી શકું છું,

અધ્યક્ષશ્રી: અગાઉ જે ચર્ચા થઈ ગઈ છે એને આપણે રિપિટ ના કરીએ,

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મને બિલ પર બોલવાનો અધિકાર છે,

અધ્યક્ષશ્રી: રાજ્યપાલશ્રીએ જે આપણને મુદ્દા મોકલ્યા છે એના ઉપર આપ ચર્ચા કરો પ્લીઝ,

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મને બિલ પર ચર્ચા કરવાનો અધિકાર છે, હું આગળ બોલ્યો હોઉં અને એ ન બોલી શકું એવું બને નહિ.

અધ્યક્ષશ્રી: રાજ્યપાલશ્રીએ જે આપણને મુદ્દા મોકલ્યા છે એના ઉપર આપ ચર્ચા કરો પ્લીઝ,

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

**શ્રી દિલીપ સંઘાણી ( વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આપના તરફથી સ્પષ્ટ નિર્દેશ આપવામાં આવ્યો વિપક્ષના - કોંગ્રેસના પ્રમુખશ્રી માનનીય અર્જુનભાઈને કે આપ બિલના સુધારાઓ ઉપરના બે જ મુદ્દાઓ ઉપર ચર્ચા કરી શકો અને માનનીય રાજયપાલશ્રી તરફથી આવેલા સંદેશાના ઉપર જ ચર્ચા કરો અને ત્યારે આપને એમ કહેવું કે, આપ મને વિનંતી કરી શકો, મારો અધિકાર છે, આ આપનું અવમાન છે, એમને ઠપકો આપવો જોઈએ, આ રીતનો માનનીય અધ્યક્ષશ્રી સાથે વર્તાવ કરવો, એ કોઈપણ સંજોગોમાં વાજબી નથી,

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ગયા વખતે જે ચર્ચાઓ થઈ હતી ત્યારે પણ માનનીય મંત્રીશ્રીનું અમે ધ્યાન દોર્યુ હતું,

**અધ્યક્ષશ્રી:** બન્ને પક્ષના સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે, આજના કામકાજમાં આપણે ત્રણ બિલો સમય મર્યાદામાં પસાર કરવાના છે, પ્લીઝ આપ ગૃહ ચલાવવામાં મદદરૂપ થાઓ. અર્જુનભાઈ પ્લીઝ,

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરતો હતો કે આપણી ૧૫૯ નગરપાલિકાઓ અને ૮ કોરપોરેશન, આ વિસ્તારોની અંદર જે લોકો રહે છે, એના માટે ઘરનું ઘર મળી રહે, ગેરકાનૂની બાંધકામ ના થાય ફ્યુચરમાં, એના માટે સૌએ ચિંતા કરવાની જરૂર છે, આમાં રાજનીતિક અવલોકનો ઘ ણા બધા કરી શકાય, આપણે એમ કહીએ છીએ કે આ વિભાગમાં બહુ ભ્રષ્ટાચાર થાય છે, આમાં થાય છે, તેમાં થાય છે, પણ સૌથી વધારે ભ્રષ્ટાચાર કોઈ જગ્યાએ થતો હોય તો એ શહેરી વિકાસ વિભાગની અંદર થાય છે, અને એને અટકાવવા માટેની આપણી પાસે રાજકીય ઈચ્છાશક્તિ હોવી જોઈએ. આ શેના માટે આ બધું થઈ રહ્યું છે, એક ઝોન સરકારે બનાવ્યો કે આ ઝોન છે એમાં આટલી જ હાઈટના મકાનો બની શકશે એનાથી વધારે મકાન ના બની શકે, પણ પાંચ લોકો ભેગા થઈને આવે કે આ આખો ઝોન છે એ અમને બદલી આપો તો અમે આટલા રૂપિયા આપીશું અને એને કારણે આખેઆખા ઝોન બદલાઈ જાય અને એમાં બીજા લોકોને એમ લાલચ થાય કે, આ ઝોન બદલી દીધો તો હવે અમારો ઝોન પણ બદલી દેશે, આપણે ગેરકાયદેસર બાંધકામ કરી નાંખીએ, એટલા માટે કહું છું કે, આ જ્યાંસુધી પોલિસી કલીયરકટ ના થાય અને એ પોલિસી ના આવે ત્યાંસુધી કાયદાઓમાં છીંડા રાખીને અને એનો જે લાભ લેવાની મનોવૃત્તિ હતી એ સૌથી ખરાબ મનોવૃત્તિ હતી, ફરી પાછી સદ્ભાવના જાગી કે શું જાગી તે મને ખબર નથી કારણ કે આ દંડકશ્રી આજે સુધારો લઈને આવ્યા છે તે સુધારો જો ગયા વખતે લઈ આવ્યા હોત અમે ઠરાવ દરેક કોર્પોરેશનમાં, નીતિનભાઈ આપ મંગાવી લેજો. દરેક કોર્પોરેશનમાં આ ઠરાવો સાથેનું બિલ પસાર કરવાની નગરપાલિકાઓમાં અમે બધી જગ્યાએ વિનંતી કરેલી છે. એક એક જગ્યાએ વિનંતી કરેલી છે કે આજની તારીખ સુધીના તમામ બાંધકામો રેગ્યુલરાઈઝ કરી દેવાના ફયુચરની અંદર કોઈ બાંધકામ.. અંતરાય.. ભવિષ્યના જે કોઈ પણ બાંધકામો છે તેને આ કાનુનનો લાભ ના મળે અને ઈમ્પેકટ ફી છે તે જે બાંધનાર વ્યકિત છે તેની પાસેથી વસૂલ કરવાની. અમારી બે માગણી તો આપે આજે સ્વીકારી. આપ એમ કહો છો કે રાજભવનમાંથી જે બિલ આવેલું છે તે બરાબર નથી આવેલું તો તમે આ સુધારા લઈને આવ્યા શું કામ ? શું કામ તમારે આ સુધારા કરવા પડ્યા ? એટલા માટે કે પેલુ ક્ષતિવાળુ બિલ હતું એ આજે તમારે સુધારવું પડ્યું. તમારે તેની અંદર છીંડા રાખી અને તેનો લાભ માનીતા બિલ્ડરોને આપવાનો હતો તે હવે આપના પછી નહીં આપી શકાય. .. અંતરાય.. એક તો સાબરમતીમાં જઈ આવ્યાં હવે જવાની તૈયારી છે. ત્યાં ગયા તેની ચિંતા નથી કરતાં તમે અહીંયાની ચિંતા કરો છો. અમારે તો જે જવા પાત્ર હતા તે ગયા અને તમે જેની ચિંતા કરો છો તે જવાના છે.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, આપણે સમયનું મહત્ત્વ સમજીએ અને આપ મારા તરફ ધ્યાન આપીને બોલો પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ, તેમને બેઠા બેઠા બોલવાની મનાઈ કરો, હું નહીં જવાબ આપું.

**અધ્યક્ષશ્રી** : હું મનાઈ કરું છું પણ આપ તેમના તરફ ધ્યાન ના આપો પ્લીઝ. આપ મારા તરફ ધ્યાન આપો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હજુ પણ આપના મારફત માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે શહેરોની અંદર જે લોકો રહે છે તેને કેવોશ ના થવા દેવો હોય અને આખી સિસ્ટમ કલેશ ના થવા દેવી હોય તો ફયુચરની અંદર કોઈ પણ પ્રકારના ગેરકાનુની બાંધકામ ના થાય મોટા શહેરોમાં નહીં, મોટા શહેરોમાં તો હજુ થોડીક વ્યવસ્થા એડમિનિસ્ટ્રેટીવ સેટ અપ પ્રમાણમાં સારું છે. પણ જે નાની નગરપાલિકાઓ છે ત્યાં સૌથી વધારે આ ગેરકાનુની બાંધકામની બદી પ્રસરે છે. આ બધાની અંદર ફૂલ પ્રૂફ વ્યવસ્થા કોઈક જગ્યાએ કરવી પડશે. અને એટલા માટે એ વ્યવસ્થા થાય અને કાયદેસર બાંધકામ કરવા માટે બધા પ્રોત્સાહિત થાય એ પ્રકારની નીતિ, એ પ્રકારનો કાનુન ફયુચરમાં આપ લઈ આવો અને એમાં આ કાયદો પ્રતિષ્ઠાનો કોઈ સવાલ નહીં હોવો જોઈએ. શહેરમાં જે ૪૦ ટકા લોકો રહે છે તે પોતાના ઘરથી બહાર નીકળે ત્યારે ટ્રાફિકની સમસ્યા તેને ના નડે, પર્યાવરણની સમસ્યા તેને ના નડે, તેને જે કાર્બન મોનોકસાઈડ શહેરમાં વધી રહ્યો છે તે ના વધે અહીંયા તેને તેના ઘરની નજીક સ્કૂલો, દવાખાનાની વ્યવસ્થા આજુબાજુમાં હોય, બગીચાની વ્યવસ્થા આજુબાજુમાં મળી રહે આ પ્રકારની જે શહેરની કલ્પના હતી એ શહેરની કલ્પના આપણે ભૂતકાળમાં જે શહેરો હતા તેના કરતાં ખૂબ ગંદા,

કન્જેસ્ટેડ શહેરો બનાવી દીધા છે તેમાંથી મુકિત લઈ આવવા માટેનું બિલ લઈ આવે અને આવું બિલ ફરી પાછું ના લઈ આવવું પડે તેના માટેનું પણ કોઈક એક બિલ પાછું લઈ આવે બીજી વખતે કે હવે આવા બિલ નથી લઈ આવવાં આપણે. (અંતરાય)

૨૦૧૪માં તો સાબરમતી જેલે પણ ઘણાં માટેની તૈયારી રાખી છે એટલે ૨૦૧૪ની કયાં ચિંતા કરો છો સાબરમતી તેની પહેલાં આવી જશે તેની ચિંતા કરોમાં. (અંતરાય) તમારી પોલીસ કરી દેશે વજુભાઈ, અમારી જરૂર નહીં પડે, તમારી પોલીસ કરી આવશે. ચિંતા ના કરો. ફાંસીએ નહીં ઘણાં જેલમાં જતાં રહ્યાં. અને એવી હિંમત હોય તો લોકાયુકતને આવવા દો.

**શ્રી વજુભાઈ વાળા** : (સતત અંતરાય) તમતમારે ફાંસીએ ચડાવી દેજો ને.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એવી હિંમત હોય તો લોકાયુકતને આવવા દો. (સતત અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : અમે બીતા નથી. આ ભાષા બંધ કરો હવે. હવે બસ. (સતત અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : (સતત અંતરાય) ૨૦૧૪ને વાર છે. ૨૦૧૨ ડિસેમ્બર આવવા દો. નીકળજો મેદાનમાં. સમજયા? (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર. પ્લીઝ. અર્જુનભાઈ આપ બોલો. (અંતરાય) માનનીય બાવકુભાઈ, આપ બેસો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારા સાથેનું જે બિલ છે, એને આવકારું છું અને આ બિલને અમારો ટેકો આપું છું.

**શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ(ભરૂચ)** : માનનીય અધ્યક્ષશ્રી, અનધિકૃત બાંધકામ નિયમિત કરવા માટે આ વિધાનસભામાં પુન: વિચારણા માટે જે વિધેયક લાવવામાં આવ્યું છે, તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે ભરૂચથી અહીંયા ગાંધીનગર આવતો હતો, ત્યારે રસ્તામાં એવા બોર્ડ મને જોવા મળ્યા. " આમ જનતાનો છે પોકાર, ઈમ્પેકટ ફી બિલ કરો પસાર." પછી બીજું એક બોર્ડ વાંચ્યું. " વિકાસ વિરોધી, ગુજરાત વિરોધી." ત્રીજું પણ બોર્ડ હતું. " અન્યાય હટાવો, ગુજરાત બચાવો." જયાં સુધી બધાને સમજ પડે છે, ત્યાં સુધી માનનીય રાજયપાલશ્રીએ કેટલાક વાંધા સાથે બિલ પરત કર્યુ હતું. અને પ્રત્યેક વાંધાને રાજય સરકારે સ્વયંસ્પષ્ટ મંતવ્ય જાહેર જનતા સામે મંજૂર કર્યુ હતું. જે માનનીય રાજયપાલશ્રીએ જે વિધેયક પરત કર્યુ અને જે ૧૦ કારણો આપ્યા હતા તે કાયદાકીય, બંધારણીય અને વૈધાનિક નહોતા, પણ સૂચનાત્મક પ્રકારના કારણો હતા અને માનનીય શહેરી વિકાસના મંત્રીશ્રી, આખો વિભાગ અને તમામ જે બિલ પરત મોકલાવ્યું હતું અને જે વિગતો મંગાવી હતી એની સ્પષ્ટતા કરી હતી. અને સ્પષ્ટતા કર્યા બાદ ભવિષ્યમાં અનધિકૃત બાંધકામ ન થાય તે માટે રાજય સરકાર પૂરેપૂરી તકેદારી રાખશે અને આવા બાંધકામો થશે તો આવી વ્યકિત, સંસ્થાઓ સામે કાયદેસર કાયદાકીય, બંધારણીય કાર્યવાહી હાથ ધરશે એવો ખુલાસો પણ કર્યો છે. મને સન્માનનીય ગૃહને અહીંયા જણાવવું છે કે આ ઈમ્પેકટ ફીનો કાયદો કોના માટે છે? જે નાની નાની દુકાનો બનાવી હોય, જેણે પોતાના મકાનમાં નિર્દોષ ભાવે, કોઈને નુકસાન ન થાય, પોતાની જ જમીનમાં થોડા ફેરફારો કર્યા હોય, પાર્લર બનાવ્યું હોય, નાની દુકાન, ઓફિસ બનાવી હોય, કોમ્પ્યુટર લેબ બનાવી હોય, કોઈએ પોતાની ઓફિસ બનાવી હોય એવા ૧૫ લાખ જેટલા કુટુંબોએ જેમણે આ બાંધકામ કર્યુ છે, એના માટેનું આ બિલ રેગ્યુલરાઈઝ કરવા જઈ રહ્યાં છીએ ત્યારે મારે એટલું જ કહેવું છે કે બીજા અન્ય ૬ રાજયોમાં પણ આવું બિલ છે અને મારે સન્માનનીય ગૃહને જણાવવું છે કે કેરાલામાં જયાં કોંગ્રેસની સરકાર છે, ત્યાં રેગ્યુલેશન ઓફ અનઓથોરાઈઝડ કન્સ્ટ્રકશન એન્ડ લેન્ડ ડેવલપમેન્ટ રૂલ ૧૯૯૯નો કાનુન લાગુ પડે છે.

મહારાષ્ટ્રમાં ૨૦૦૧ અને ત્યારપછી ૨૦૦૬માં Maharashtra Regulisation of Unauthorised Development, Upgration and Control કાયદો લાગુ પડે છે. આંધ્ર પ્રદેશમાં ૨૦૦૭માં આંધ્ર Andhra Pradesh Regularisation and Penalisation of Unauthorised construction of Building કાયદો પસાર થયેલો છે. એ જ રીતે દિલ્હીમાં Modification in Masterplan of Delhi ૨૦૦૫-૨૦૦૭, ૨૦૦૭-૨૦૦૯ અને ૨૦૧૦ અને છેલ્લે ૨૦૧૧માં ચોથો કાયદો આ નીતિ પર નિયમિત કરવામાં આવ્યો છે તો આ અન્યાય ગુજરાત માટે શા માટે ? માનનીય નીતિનભાઈએ આ બિલ રજૂ કરતાં વાત મૂકી છે તેથી વધારે ચર્ચાનો વિષય રહેતો નથી. મારે સન્માનીય ગૃહના ધ્યાને મૂકવું છે કે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે, આ રાજયમાં વધારાનું બાંધકામ કરનાર લાખો નાગરિકોને મદદરૂપ થવા તથા તેમની મિલકતને કાયદેસરતા બક્ષવા કાયદાકીય મુશ્કેલીમાંથી બહાર લાવવા આ સરકાર કટિબદ્ધ છે. છેલ્લે આ બિલને સર્વાનુમતે પસાર કરવામાં આવે તેવી મારી આ સભાગૃહને વિનંતી છે.

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા(રખિયાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ અનધિકૃત બાંધકામ નિયમિત કરવા અંગે બિલ લઈને આવેલ છે તેને હું ખૂબ જ આવકારું છું તથા મારી બે વાત કહેવા માગું છું.

અનધિકૃત બાંધકામને નિયમિત કરતું વિધેયક વિધાનસભાએ સન ૨૦૧૧ના બજૅટ સત્ર દરમિયાન પસાર કરેલ. લોકોને પડતી હાડમારી નિવારવા માટે સરકારે કાયદો લાવીને લોકોને મુશ્કેલી દૂર કરવા સાચો પ્રયાસ કરેલો અને તે વખતે ગુજરાતના મોટા સમુદાયે એને આવકારેલ હતું. આ બિલ પસાર કર્યા બાદ મહામહિમ

રાજયપાલશ્રીની મંજૂરી માટે રાજય સરકાર તરફથી રજૂ કરવામાં આવેલ. મહામહિમ રાજયપાલશ્રી દ્વારા બિલમાં કેટલાક સુધારા સૂચવેલ એ તમામ આ સરકારે ખૂલ્લુ મન રાખીને મહામહિમના સૂચનો ઉપર ગંભીર વિચારણા કરીને આ બિલ ફરી વિધાનસભા ગૃહમાં રજૂ કરેલ છે. આ બિલને ટેકો આપવા માટે ગઈ કાલે અમદાવાદમાં ધોમધખતા તાપમાં પાંચ લાખ લોકો મહારેલીમાં આવેલા અને આ બિલ વિધાનસભામાં ફરીથી પસાર કરવામાં આવે તેવી માગણી કરેલ એને હું આવકારુ છું. તથા આ બિલને ગૃહમાં વિના વિરોધે પસાર કરવામાં આવે તેવું હદયપૂર્વક અનુરોધ કરુ છું.

આ અનધિકૃત બાંધકામો કેમ થયા અને લોકોને આવા બાંધકામ કરવા માટે કેમ ફરજ પડી જેને માટે હું મારી બે વાત કહેવા માગું છું. ગુજરાતમાં ઉદ્યોગોનો ખૂબ જ વિકાસ થયેલો છે અને ઉદ્યોગો મોટા પ્રમાણમાં શહેરોમાં થયેલા જેથી લોકો રોજગારી મેળવવા માટે મોટી સંખ્યામાં ગામડામાંથી શહેરોમાં સ્થળાંતર થયેલા. એમાં સુરત હોય કે અમદાવાદ હોય કે અન્ય શહેરોમાં અનુકૂળ ઉદ્યોગોમાં લોકો જોડાયેલા. જે તે વખતે અમદાવાદ કાપડ ઉદ્યોગનું માન્ચેસ્ટર કહેવાતું અને અંદાજે ૭૦ જેટલી મિલો ચાલતી અને ૧૯૭૦ થી હીરા ઉદ્યોગ પણ વિકસ્યો તેમાં લાખો લોકો રોજગારી મેળવવા માટે ગુજરાત બહારથી પણ આવેલા, એમાં રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર અને દક્ષિણના રાજયોમાંથી મોટા પ્રમાણમાં લોકો આવીને વસેલા અને પોતાનું ગુજરાન ચલાવવા માટે મજૂરી કામે લાગેલા. શહેરોમાં એકબાજુ વસતિ વધતી જતી હતી એ વખતે રહેણાંકની માંગ વધી એ વખતની સરકારે ગુજરાત શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬માં સિલિંગ એકટનો કાયદો લાવેલ જેમાં એક હજાર મીટરથી વધારે કોઈ રાખી શકે નહિ. જેની કલમ-૨૦, ૨૧ અને ૨૬ની મંજૂરી લઈને બાંધકામ કાયદેસર કરી શકાતું. એ વખતે કલમ-૨૦, ૨૧ અને ૨૬ની મંજૂરી લેવી એટલે સાત કોઠા યુદ્ધના જીતવા બરાબર ગણાતા. તે જમીનની મંજૂરી લઈ આવે તો રૂ.૫૦૦/-ના રૂ.૫૦૦૦/- ભાવ થતા અને આવી જે લોકો મંજૂરીઓ લાવ્યા એ વખતની સરકારમાં એના માટે થઈને મોટા મોટા ભૂમાફિયા ઉભા થયેલ. અમદાવાદ શહેરની પૂર્વમાં હજારો એકર જમીન ઉદ્યોગકારોની અને ખેડૂતોની હતી. તે વખતની સરકારે રોડ, રસ્તા કે ટી.પી. જેવું કોઈપણ પ્રકારનું ડેવલપમેન્ટ ન કરવાથી જમીન માલિકોએ પોતાની જમીનમાં પ્લોટ કરેલ અને લોકોને વેચેલ અને વસ્તી ખૂબ જ હોવાથી લોકોએ જમીન કે પ્લોટ ખરીદીને પાકા મકાનો જાતે બનાવેલ છે. આજે નારોલથી નરોડા વિસ્તારમાં લાખોની સંખ્યામાં મકાનો ઉભા છે. મારા વિસ્તારમાં પોતાની માલિકીની જમીનમાં દૂકાનો, મકાનો, ફેકટરીઓ માટે પાકા કાયદેસર જેવું બાંધકામ કરેલ છે. તેમાં હાલ એક લાખથી વધારે હીરા ઉદ્યોગ, ટેક્ષટાઈલ ઉદ્યોગ અને એમ્બ્રોયડરી જેવા ઉદ્યોગમાં લોકો રોજગારી મેળવે છે. અમુક લોકોને નહીં ગમતું હોવાથી, અમુક તત્વો મ્યુનિસિપલ કોર્પોરેશન તથા કોર્ટમાં અરજી કરતા હોય છે અને નાના માણસોનું આર્થિક શોષણ કરતા હોય છે. આવી અરજીઓના હિસાબે મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓએ દૂકાનો, ફેકટરીઓને સીલ મારેલ. જેનાથી હીરા ઉદ્યોગ તથા ટેક્ષટાઈલ ઉદ્યોગના કામદારો બેરોજગાર થયેલ. આ બાંધકામ અનધિકૃત હોવાથી પાણી, ગટર, રોડ, રસ્તા કાયદેસર મળતા નથી અને મકાન ઉપર લોન પણ મળતી નથી. આ બિલથી નાના અને મધ્યમવર્ગના લાખો લોકોના મકાન કાયદેસર થશે અને રાજય સરકારને સ્ટેમ્પ ડયૂટી અને ઈમ્પેકટ ફીની લાખો રૂપિયાની આવક થશે અને ગુજરાતના વિકાસમાં વપરાશે. નાના લોકો તરફ સહાનુભૂતિ રાખીને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેજા નીચે અમારા પાણીદાર મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ આ બિલ લઈને આવ્યા છે એ સમયસરનું પગલું છે એને હું આવકારું છું અને અભિનંદન આપું છું અને મારી વાત પૂરી કરું છું.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ(ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ ગુજરાતના અનધિકૃત વિકાસને નિયમીત કરવા માટેનું વિધેયક બીજી વખત આ સભાગૃહ સમક્ષ લઈને આવ્યા છે. એ બિલની જયારે પૂર્વ ભૂમિકા બાંધતા હતા ત્યારે હું માનનીય નીતિનભાઈને બરાબર સાંભળતો હતો. તેઓ બિલ ઉપર તો ઓછું બોલ્યા પણ રાજકીય અવલોકનો વધારે કર્યા. એ રાજકીય અવલોકનો કરતાં કરતાં પણ એમણે કયાંક જુદી જુદી વસ્તુનો આશરો લેવો પડયો અને છેલ્લે એ નિષ્ફળ ગયેલ સદ્દભાવના અનશન પછી રાખવામાં આવેલ મિટિંગનો પણ આશરો લેવો પડયો. (અંતરાય) ૫૦૦૦૦ની સંખ્યાને ૫૦૦૦૦૦ની ગણવી પડી એવી સ્થિતિ આપણી આવી ગઈ છે એનો વિચાર કરો અને શ્રી દુષ્યંતભાઈ બોલતા હતા એમને પણ હું ધ્યાનથી સાંભળતો હતો. રોડ ઉપર ચાલતા ચાલતા એમણે ઘણા બધા હોર્ડિંગ્સ વાંચ્યા. અમણે એમને જે અનુકૂળ આવ્યા એટલા હોર્ડિંગ્સનો ઉલ્લેખ કર્યો અને જેટલા અનુકૂળ ન આવ્યા એનો ઉલ્લેખ કરવાનું ટાળ્યું. કયા હોર્ડિંગ્સનો ઉલ્લેખ ન કર્યો, એ ઉલ્લેખ કરતાં ચૂકી ગયા. કે ગુજરાતમાં ગોટાળા હી ગોટાળા હૈ એનો ઉલ્લેખ કરતા ભૂલી ગયા, ગુજરાતમાં •(xxxx) (xxxx)

**શબ્દો પાછા ખેંચવા અંગે**

**અધ્યક્ષશ્રી** : •(xxxx)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હોલ્ડીંગ લાગેલું છે.

---

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લીધા હોવાથી અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : છતાં પણ (અંતરાય) સિધ્ધાર્થભાઈ આ શબ્દો આ ગૃહ માટે યોગ્ય નથી આપ પાછા ખેંચી લો પ્લીઝ

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પાછા ખેંચું છું. રાજકીય અવલોકનોની વચ્ચે આ એક ગંભીર પ્રકારનું બિલ અને એ ગંભીર પ્રકારના બિલમાં માનનીય નીતિનભાઈ જ્યારે પરિસ્થિતિનું નિરૂપણ કરતા હતા ત્યારે એ નિરૂપણ કરવામાં ક્યાંક રાજકીય બાબતો વધારે આવી ગઈ. એમણે કહ્યું કે અમે ગયા વખતે આ બિલ આવ્યું ત્યારે જે બોલ્યા હતા, એટલે એક એક શબ્દ એમણે વાંચ્યો છે, કોમા અને ફુલસ્ટોપ સાથે એમણે વાંચ્યો છે. એટલે હું અભ્યાસ કરતો હતો કે ગયા વખતે આ બિલ ઉપર હું જ્યારે બોલ્યો ત્યારે મેં કયા મુદ્દા નીતિનભાઈ આપની સમક્ષ મૂક્યા હતા એનો અભ્યાસ કરતો હતો અને મુખ્ય ચાર મુદ્દાઓ જે અમારી વાત હતી એ મુદ્દા હું આજે ફરી તમારી પાસે મૂકવા માગુ છું. એનો એક હાર્દ એવો હતો કે એક સામાન્ય માણસે જો અજાણતામાં જો કોઈ ભૂલ કરી દીધી હોય, કાયદાની નિરક્ષરતાના કારણે કોઈ ભૂલ થઈ ગઈ હોય તો એને આપણે સજા નથી કરવી અને આવા ૧૫ લાખથી વધારે કુટુંબો ગુજરાતમાં છે અને આપણે એમને રાહત આપવી છે એટલા માટે આ બિલ લાવ્યો છું. બીજો એનો આશય એ હતો કે અનઅધિકૃત બાંધકામ કરનારા કે એમાં સાથ આપનારા લોકો ભવિષ્યમાં આવી હિંમત ન કરી શકે એની આપણે કાળજી રાખીને આગળ ચાલવા માગીએ છીએ અને એટલા માટે આ બિલ લાવીએ છીએ. ત્રીજી વાત એ હતી કે આવું બિલ તો ૨૦૦૧માં પણ આપણે લાવ્યા હતા, ૨૦૧૧માં ફરી લાવવું પડ્યું છે અને ૨૦૧૫માં કે ૨૦૧૭માં કે ૨૦૨૧માં ફરી ન લાવવું પડે એની આપણે પૂરી કાળજી રાખીને ચાલીશું એ આપણી ચિંતા હતી. અને આપણી ચોથી ચિંતા એ હતી કે ઈમ્પેકટ ફી તો વસૂલ કરીએ પણ ઈમ્પેકટ ફીનું ભારણ એટલું ન થાય કે. જેને સામાન્ય માણસ સહન ન કરી શકે, એ સામાન્ય માણસને મદદરૂપ થવાની માનસિકતા રાખીને આપણે બિલ લાવીએ આ ચાર બાબતો કમસેકમ મારા પ્રવચનની અંદર તો આ ચાર બાબતને મહત્ત્વ આપીને ચાલ્યા હતા. આજે શું પરિસ્થિતિ થઈ? બિલ મંજૂર થયું , ગવર્નરસાહેબ પાસે ગયું, સન્માનનીય ગવર્નરસાહેબે આ સંદર્ભમાં કેટલાક ઓબ્ઝર્વેશન કર્યા અને મારી પાસે જે યાદી છે એ પ્રમાણે ૧૦ જૂદાજૂદા પ્રકારના ઓબ્ઝર્વેશન કરી અને ગવર્નરસાહેબે આ બિલ આ સભાગૃહ પાસે ફરી પાછું મોકલ્યું છે કે આની પુખ્તતાપૂર્વક પુનઃવિચારણા આ સભાગૃહ કરે. માનનીય સરકાર દ્વારા ૨-૩ નાના સુધારા ચોક્કસ રજૂ કરવામાં આવ્યા છે આ બિલમાં પણ એમ છતાંય કેટલીક બાબતો હજી પણ આમાં વણઉકેલાયેલી રહે છે. જે સુધારાઓ સૂચવાયા અને અહીંયા મંત્રીશ્રી સુધારા લઈને આવ્યા એ એક જ બાબત પૂરવાર નથી કરતી કે અગાઉ જે બિલ આપણે મોકલ્યું અને જે બિલ પાસ કરવાનો આપણે આગ્રહ રાખ્યો જે બિલના માટે બંધારણીય વડાના માટે પણ કદાચ જાહેરમાં ન બોલાય એવા શબ્દો બોલાયા અને હજી આજેય એમણે કહેલા સુધારામાંથી કેટલાક તો આપણે સ્વીકારવા પડયા છે. એ જ બતાવે છે કે ક્યાંક તે વખતે જ્યારે બિલ પસાર થયું ત્યારે એના ઉપર જે પુખ્તતાપૂર્વક ચર્ચા થવી જોઈએ એ પુખ્તતાપૂર્વક ચર્ચા કરવાનો અવકાશ નથી અપાયો?

માનનીય અધ્યક્ષશ્રી, બે મુખ્ય સુધારા માનનીય મંત્રીશ્રીએ કર્યા છે. એક એમણે કહ્યું કે અમે કટ ઑફ ડેટ મૂકીએ છીએ અને બીજું એમણે કહ્યું કે ભવિષ્યમાં આવું ન બને એટલા માટે સરકાર સંલગ્ન અધિકારીઓને આદેશ આપી શકશે. હજી બીજી વાત છે એ વેગ રહે છે. આદેશ સરકારના અધિકારીને આદેશ આપવાની તો તમે કાયદામાં જોગવાઈ સ્પષ્ટ ભાષામાં કરો કે ન કરો, તમારો અબાધિત અધિકાર છે. એ સૂચનાઓ આપી શકાય છે. પણ હજી જે સ્પષ્ટતા થવી જોઈએ, જે પારદર્શિતા આ બિલમાં આવવી જોઈએ એ પારદર્શિતાની કચાશ હજુ પણ આ બિલમાં ક્યાંક દેખાય છે. માનનીય નીતિનભાઈએ કહ્યું કે ગવર્નર સાહેબે જે સૂચનો કર્યા છે કે આને અંગે લોક જાગૃતિ ઊભી થવી જોઈએ અને લોક જાગૃતિ ઊભી કરવા માટે કેટલાક સંમેલનો, કેટલાક શહેરોમાં કરવામાં આવ્યા એનો ઉલ્લેખ પણ માનનીય નીતિનભાઈએ કર્યો. આ સંમેલનોમાં થયું શું? આ સંમેલનો શું ખરેખર લોક જાગૃતિ ઊભી કરવા માટેના સંમેલનો હતા? આ બિલની જોગવાઈઓની ચર્ચા કરી અને લોકોને જાગૃત કરવા માટેના આ સંમેલનો હતા? કે પછી આ સંમેલનો આ રાજ્યના બંધારણીય વડાએ પોતાની સત્તાના અધિકારની રૂએ કેટલા સૂચનો કરીને આ બિલ પાછું મોકલ્યું તો આ બિલ શા માટે પાછું મોકલવામાં આવ્યું એની ચર્ચા આ જાહેર સંમેલનોમાં આપણે કરી. આ રાજ્યના બંધારણીય વડાએ કરેલ ટિપ્પણીઓના સંદર્ભમાં એ ટિપ્પણીઓનો અમલ કરવાની જો કોઈની સૌથી વધારે નૈતિક જવાબદારી હોય તો તે સત્તાધારી પક્ષની છે. એ જવાબદારી સત્તાધારી પક્ષની હોવા છતાં એનો અમલ કરવાના બદલે આપણે શેરીઓમાં નીકળી ગયા, આપણે જાહેર સભાઓનું આયોજન કર્યું અને પોતાના જ રાજ્યના બંધારણીય વડા સામે એક વાતાવરણ ઊભું કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. કઈ દિશામાં ગુજરાતને લઈ જવાનો પ્રયત્ન થઈ રહ્યો છે? ખૂબ ગંભીરતાથી વિચારવાનો વખત આવ્યો છે. માનનીય નીતિનભાઈ, આ કાયદાની કલમ ૧૪(૧) ઉપર હું હજી તમારું ધ્યાન દોરવા માગું છું. આ કાયદાની કલમ ૧૪(૧)માં હજુ આજે પણ જે જોગવાઈ છે એમાં હું આપને વાંચી સંભળાવું કે, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઈપણ નિયમો અનુસાર શુદ્ધ બુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલ કોઈપણ કૃત્ય માટે કોઈપણ અધિકારી અથવા સત્તામંડળ સામે કોઈ દાવા, ફરિયાદ અથવા કાનૂની કાર્યવાહી થઈ શકશે નહીં. અધિકારી અથવા સત્તામંડળ સામે કોઈ કાર્યવાહી થઈ શકશે નહીં. હજુ ક્યાંક આપણે જવાબદારોને છાવરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ એમ તમને નથી લાગતું? ૧૦ વર્ષ પછી આજે ફરી બિલ લાવવું પડ્યું છે. ૧૫ લાખ લોકોને એનાથી અસર થાય છે.

લોકો આજે એ સ્થિતિમાં જીવન ગાળી રહ્યા છે કે કાલે કે પરમ દિવસે મારું ઘર તૂટશે, એનો એક આધાર એના હાથમાંથી ચાલી જાય એવી સ્થિતિ ઊભી થઈ છે અને એ સંજોગોમાં પણ એમને મદદ ચોક્કસ કરીએ પણ એ સ્થિતિ પેદા કરવા માટે જે જવાબદાર લોકો હતા એની સામે સરકારે ક્યાંક કડક આંખ કરવાની માનસિકતા અને એટલી હિંમત બતાવવી પડશે અને એ જો ન બતાવીએ તો કદાચ આજે જે બિલ લાવ્યા છીએ, ૫-૧૦ વર્ષ પછી ફરી આવું બિલ લાવવાનો વખત આવે અને એ જ અમારી ચિંતા છે. કોંગ્રેસ પક્ષે અનધિકૃત બાંધકામને રેગ્યુલરાઈઝ કરવાના બિલનો ક્યારેય વિરોધ કર્યો નથી. અમે આ રાજ્યના ૧૫ લાખ લોકોને માનસિક શાંતિ મળે એના પક્ષમાં છીએ. માત્ર અમારી વાત એટલી છે કે આ અનધિકૃત બાંધકામ તમે આજે તો રેગ્યુલર કરો પણ આવતીકાલે એવા બાંધકામ ફરી ના થાય એની કાળજી પણ આ સરકારે રાખવી પડશે અને એ અમારી ચિંતા છે અને એ ચિંતાને અનુરૂપ જરૂરી પ્રાવધાન આપ આ બિલમાં કરો એવી અમારી લાગણી છે. બિલની મૂળ વિચારધારા સાથે સંપૂર્ણ સંમત થઈ અને જે છટકબારીઓ એમાં રહી ગઈ છે એ છટકબારીઓ બંધ કરવા માટેની અહીંયા આ સભાગૃહ દ્વારા તમને વિનંતી કરું છું.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ(રાજકોટ-૧)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ જે અનધિકૃત બાંધકામ અંગેનું ફેર વિચારણાનું જે બિલ લઈને આવ્યા છે એના વિશે મારા સાથીમિત્રો ભાઈશ્રી વલ્લભભાઈ અને દુષ્યંતભાઈ એ પોતાના વિચારો વ્યકત કર્યા છે અને આ અંગેની કેટલીક વાતો માનનીય વિપક્ષના સભ્ક્શ્રી અર્જુનભાઈ અને સિધ્ધાર્થભાઈએ પણ વાત કરી છે. આ અંગેની જે કેટલીક વાતો જે નથી થઈ એ અંગે આ સભાગૃહનું ધ્યાન દોરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, અનધિકૃત બાંધકામ અને અનોરસ સંતાન. બાળક માતાની કૂખે જ જન્મે છે કોઈ ઝાડ ઉપરથી ટપકતું નથી. એનો કોઈ બાપ હોય છે, એની કોઈ મા હોય છે. આવા અનોરસ બાળકને જ્યારે કોઈ મા મજબૂર બનીને સમાજની બીકે, કાયદાની બીકે એ બાળકને જ્યારે જાહેરમાં તરછોડે છે, કોઈ ફૂટપાથ ઉપર મૂકી દે છે ત્યારે એ બાળકને ઉછેરવાની જવાબદારી સામાજિક સંસ્થાઓ પોતાના શિરે લઈને આવા બાળકને પોતાની જવાબદારી સમજીને ઉછેરતા હોય છે. એ બાળકને ગળું ટૂંપી દેતા નથી. આ અનધિકૃત બાંધકામો થયા એની પાછળના કેટલાક કારણો છે એ કારણની અંદર કોઈ ગયા નથી. આપના મિત્રો રાજકોટમાં એમ કહે છે કે આ બધી સૂચિત સોસાયટીઓ ભાજપની છે. હું એને આવકારું છું. સૂચિત સોસાયટીઓ ભાજપની હોય તો કોંગ્રેસી મિત્રોએ એ સોસાયટીમાં જવાની જરૂર નથી. આવા અનધિકૃત બાંધકામો થયા એની પાછળના કારણોમાં ૧૯૭૬માં અર્બન લેન્ડ શિલિંગ એકટનો કાયદો આવ્યો. એનું અમલીકરણ ૧૯૭૫થી થયું અને ૧૯૭૫માં અમલીકરણ થયા પછી ૧૯૮૦ પછી જે ફલો ગ્રામ્ય વિસ્તારમાંથી શહેરી વિસ્તારમાં રોજી-રોટી રળવા માટે લોકો આવ્યા અને એ લોકો આવ્યા એને વસવાટ માટેની જગ્યાઓ જોઈતી હતી. મકાન ભાડે મળતા નહોતા, સ્વમાની લોકો હતા કોઈને ઝૂંપડપટ્ટીમાં, સરકારી જમીનમાં મકાન ગેરકાયદેસર બનાવીને રહેવું નહોતું. આવી વ્યકિતઓએ, આવા સમૂહોએ એક રસ્તો શોધ્યો. ખેતીની જમીન ખેડૂત પાસેથી ખરીદીને સીધે સીધા પ્લોટિંગ કર્યા. બિનખેતી અને લે-આઉટ મંજૂર થયા નહિ. એના કારણે પ્લાન પણ મ્યુનિસિપલ કોરપોરેશનમાં મંજૂર ના થાય અને એના કારણે આવા હજારોની સંખ્યામાં અનધિકૃત બાંધકામ જુદા જુદા શહેરોમાં આકાર લીધા. રાજકોટ શહેરમાં ઓછામાં ઓછી આવી ૩૦૦ જેટલી અનધિકૃત બંધાયેલી સોસાયટીઓ છે. જે ખેતીની જમીનમાં છે, સરકારી જમીનમાં નથી. પૈસા આપીને ખેડૂત પાસેથી ખરીદીને એની અંદર પ્લોટ પાડીને માત્ર ગેરકાયદેસર એટલી છે કે લે-આઉટ અને બિનખેતી મંજૂર નથી થયા. પ્લાન મંજૂર નથી થયા અને એને અનધિકૃત શબ્દ આપી દેવામાં આવ્યો. કારણ જ્યાં સુધી ટાઈટલ ના મળે ત્યાં સુધી એ મકાનની કોઈ કિંમત નથી. આવા હજારોની સંખ્યામાં બનેલા મકાનોને કાયદેસરતા આપવાનું કામ, આ મકાનો બન્યાં ૧૯૮૦ થી માંડીને ૧૯૯૯ સુધીમાં એમાં ૧૫ વર્ષ તો આ મારા સાથીમિત્રો બેઠા છે એમનું શાસન હતું. એમના શાસન વખતે આ મકાનો બન્યા છે. ત્યારે એમને આ મકાનો રેગ્યુલર કરવાનું કયારેય સૂઝયું નહતું. આવા અનૌરસ બાળકને એક દત્તક તરીકે, એક વાલી તરીકે એને કાયદેસરનો હક્કો આપવા માટે જ્યારે સરકાર આ પ્રકારનો ખરડો જ્યારે વિધાનસભામાં મૂકે અને એની પાછળના કાવાદાવાઓ કરીને આ બીલ પરત આવે માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની જનતા આ પ્રકારની વસાહતોમાં રહેનારી જનતા આજે જાણી ગઈ છે કે, આ બીલ શા માટે નામંજૂર થયું, શા માટે ફરીવાર વિધાનસભામાં મૂકવામાં આવ્યું. હમણાં કેટલાક સ્વપ્નોની પણ વાત થઈ. માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ હંમેશા એમ કહે છે કે, સ્વપ્નો હંમેશા ઊંચા જુઓ અને સ્વપ્નો સાકાર કરવા માટેના પ્રયત્નો કરો. હમણાં અર્જુનભાઈને સ્વપ્નું આવ્યું કે, ૨૦૧૨ સુધી તમે તમારે જે કરવું હોય એ કરો પછી તો અમે છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આ લોકો વીસ વર્ષથી સ્વપ્નાઓ જુએ છે, પણ મુંગેરી લાલના હસીન સપના ગુજરાતની જનતાએ બતાવીને આપ્યા છે. વીસ-વીસ વર્ષથી તમને આ બૅન્ચ ઉપર પહોંચવા દીધા નથી. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની જનતા એ શાણી જનતા છે અને આજે સૌ ટોપી પહેરીને આવ્યા છે, મને તો આનંદ થયો કે મહાત્મા ગાંધીને જે ભૂલી ગયા હતા એ આજે યાદ કર્યા. પણ મહાત્મા ગાંધીને યાદ નથી કર્યા પણ આતો અન્નાજીએ ટોપી પહેરાવી છે. આ ટોપી અન્નાએ પહેરાવી છે. માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે આ પ્રકારના નાટક અને ખેલ કરવામાં આવે એ ગુજરાતની જનતા એની પારાશીશી છે અને એનો ગઈ કાલે જડબાતોડ જવાબ અમદાવાદની ધરતી ઉપર આખા ગુજરાતની જનતાએ આપ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, લાખ્ખોની સંખ્યામાં લોકો

આવે હમણાં માનનીય સિધ્ધાર્થભાઈ કહેતા હતા કે, સંમેલનો કર્યા આ સંમેલનોનું પરિણામ શું ? માનનીય અધ્યક્ષશ્રી, આ સંમેલનોમાં હજારો લોકોએ ભાગ લીધો અને હજારો લોકોની વચ્ચે અમે કીધું છે કે, તમારે દરેક માણસનું એક સ્વપ્ન છે એક સ્વપ્ન હોય છે કે, મારું ઘરનું ઘર બને, મારા ઘરનો આશરો છીનવાય નહીં, મારા ઝૂંપડા ઉપરનું છત્ર છીનવાય નહીં. એની દરેક માણસને ચિંતા છે. માનનીય અધ્યક્ષશ્રી, અને ચિંતા જ્યારે દરેક વ્યકિતને પોતાનું છત્ર છીનવાય નહીં, ઘરેણા, દાગીના વેચીને પ્લૉટ લીધા મકાન બનાવ્યા અને એ મકાન અનધિકૃત કરીને જો પાડી નાખવામાં આવે તો એ કુટુંબની હાલત શું થાય એની ચિંતા આ માનનીય નરેન્દ્રભાઈ મોદીની રાજય સરકાર કરે છે એટલા માટે આ બીલ લઈને ફરીવાર અમે આવ્યા છે. આ પ્રકારના ગુજરાતની અંદર હજારોની સંખ્યામાં જે અનધિકૃત સોસાયટીઓના મકાનો બન્યા છે, જેની બીન ખેતી નથી થઈ જેના લે આઉટ પ્લાન મંજૂર નથી થયા આવા તમામ મકાનોને આ કાયદાની નીચે આવરીને એનો વિકાસ દર લઈને એ સરકારની ટ્રેઝરીમાં આવે એની સાથે સાથે બીજી એક વાત પણ છે કે, આવા જે અનધિકૃત મકાનો થયા છે એ જમીનો આજે ખેડૂતોના નામે બોલે છે, એનો માલિક આજે પણ ખેડૂત છે વીસ-વીસ વર્ષથી એ સોસાયટીની અંદર એ મકાનો ઊભા છે, વીસ-વીસ વર્ષથી એ લોકો રહે છે અને આવી સોસાયટીઓમાં કેટલીક જગ્યાઓ ખાલી પડી હોય છે તો એ ખેડૂત પાસેથી કેટલાક *(xxxx) આ જમીનો લઈને એજ સોસાયટીની અંદર આવીને દબાવે છે કે, આ જમીન મેં લઈ લીધેલ છે, મકાનો ખાલી કરો. આવતા દિવસોમાં ક્રિમીનલના ગુનાઓ ના બને એના માટે પણ આ બીલ જરૂરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બીલ એ ગુજરાતની આવતી કાલની એક શાંતિ માટે, અને જે માણસો રહે છે મકાનોની અંદર એ મકાનોની કાયમી છત્રછાયા નીચે રહે, સુખ ચેનથી રહે, અને જ્યારે એને સનદ મળે ત્યારે એ સનદ લઈને કોઈ પણ બૅન્કમાં જાય તો એને લોન મળે એવી કાયદેસરતા મળે એવા આશય સાથેનું આં બીલ છે તે બીલને આપ સૌ સર્વાનુમતે મંજૂર કરો એવી મારી વાત સાથે મારી વાત પૂરી કરું છું.

**અધ્યક્ષશ્રી** : * (xxxx) એવો જે શબ્દપ્રયોગ થયો છે એ સભાગૃહ માટે યોગ્ય નથી એને રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ :** મારા શબ્દો જે કોઈ આ પ્રકારના હોય તો પાછા ખેંચું છું.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષ શ્રી, ગુજરાત અનધિકૃત બાંધકામને નિયમિત કરવા બાબતનું વિધેયક પુન: જે લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય મંત્રીશ્રીએ આજથી ૬ મહિના પહેલા જ્યારે આ વિધેયક લઈને આવ્યા હતા, ત્યારે એમણે એવું કહેલ કે ૨૫ લાખ લોકોને રહેણાંક અને દુકાનનો સવાલ છે, એટલે આપણે એને અનધિકૃત વિકાસને નિયમિત કરવું જોઈએ. અમે પણ ઇચ્છીએ છીએ કે જ્યારે આટલી જનતાનો સવાલ હોય ત્યારે કાયદો એ માણસ માટે હોય છે. કાયદામાં જરૂરી સુધારા કરવા જોઈએ. આજે ૨૫ લાખના બદલે ૭૫ લાખ ઉપર આવ્યા છે. પરંતુ મારે કહેવું છે કે આ શહેરી વિસ્તારો માટે કાયદો છે, જેથી શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ અને ડૅવલપમૅન્ટ માટે ગુજરાત અર્બન ડૅવલપમૅન્ટ ઓથોરિટી શહેરી વિસ્તારોમાં મકાન અને દુકાનોના ડૅવલપમૅન્ટ માટે કામ કરતા હોય છે. મારે જાણવું છે કે ભલે બિલ સાથે સંમત થઈએ, પરંતુ જે બાંધકામ થઈ ગયું છે. કેવી રીતે બાંધકામ થયું? અત્યાર સુધી બાંધકામ થયું એમાં શહેરી વિકાસના અધિકારીઓ કે અર્બન ડૅવલપમૅન્ટના અધિકારીઓ ચેક કરે છે કે કેમ? કોઈ અધિકારી સામે એકશન લેવામાં આવ્યા છે કે કેમ? આ એમને એમ થઈ જતું નથી. એની પહેલા મોટી બદબુ આવતી હોય છે. મારે એમ કહેવું છે કે બિલ લાવવું જ હતું તો છેલ્લા બે-ત્રણ વર્ષથી જે અમદાવાદમાં જે ઝૂંપડપટ્ટીઓને તોડી નાખવામાં આવી અને હજારો માણસો બેઘર થઈ ગયા અને તેની જગ્યાએ રીવરફ્રન્ટ બનાવવામાં આવી. શા માટે બેઘર કરવામાં આવ્યા? શા માટે આવા બાંધકામોને રેગ્યુરલાઈઝ કરવામાં ન આવ્યા? આ અનધિકૃત બાંધકામ યોગ્ય ન હતા? ગુજરાતની તમામ નગરપાલિકા, મહાનગરો અને રાજકોટમાં દુકાનો, મકાનો તોડી નાખ્યા. મારા હિમતનગરમાં પણ ચોમાસુ સામે હતું, તો પણ મકાનો તોડી નાખ્યા. ઘણાને છોકરા-છોકરીઓને પરણાવવાનો સમય હતો, ત્યારે કૃત્ય કર્યુ. મને લાગે છે કે સરકારનો ઇરાદો સાચો હતો અનધિકૃત બાંધકામને રેગ્યુરલાઈઝ કરવાના હતા તો શા માટે આ મકાનો, દુકાનો તોડી નાખવામાં આવી. ત્યાંથી આગળ વધીને કહેવું છે કે અમદાવાદ નહિ, ગાંધીનગર શહેરમાં પણ આસ્થા સાથે જોડાયેલ મંદિરો એવા ૩૦૦ મંદિરો અનધિકૃત લાગતા હતા તો શા માટે તોડી નાખવામાં આવ્યા. શા માટે લાગણી દુભાવી. લોકો સાથે મનફાવે ત્યારે કાયદો બદલવાનો અને કામગીરી કરવાની. મને લાગે છે કે સરકારની કામગીરી હોય તેવું લાગી રહ્યું છે. આજે પરિસ્થિતિ એવી છે કે શહેરમાં તો ઓછું જવું પડે છે, પણ શાકભાજી માટે જ્યારે જવું પડે છે. ત્યારે ટુ વ્હીલર લઈને જાય છે. પાછો ખરીદીને આવે છે ત્યારે ટોઈંગ વાળા લઈને જતા રહે છે. પરિસ્થિતિ એ થઈ ગઈ છે કે પાર્કિંગની વ્યવસ્થા નથી. ફૂટપાથ ઉપર ફરવા માટે જગ્યા રહી નથી. આનો વિચાર કરવો પડશે. આપણે જરૂર બાંધકામ રેગ્યુરલાઈઝ કરીએ. મિડલ વર્ગના માણસનો પણ એટલો અધિકાર છે કે તેઓ પોતાની રીતે હરીફરી શકે. મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે એમાં સહયોગ જરૂર આપીશું. સાથે સાથે આવા કાયદાઓ ગુજરાતની તમામ જનતાના હિતમાં હોવા જોઈએ, એટલા માટે તમામ ગુજરાતમાં ૫૦ લાખ ખેડૂતોની જે લાગુ જમીન, પડતર

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

જમીન છે એમના હક્કોની જમીન છે એના માટેનો કાયદો કરીને રેગ્યુરલાઈઝ કરવી જોઈએ. શહેરી વિસ્તાર માટે કાયદો કરવામાં આવતો હોય તો ખેડૂતો માટે પણ કાયદો કરીને જમીન રેગ્યુરલાઈઝ કરવી જોઈએ, એટલી વાત સાથે મારી વાત પૂરી કરું છું.

**સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

**શ્રી પંકજકુમાર વી. દેસાઈ(દંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજની કામકાજની યાદીમાં બાબત ક્રમાંક-૮(૧), ૮(૨) અને ૮ (૩) પરની ચર્ચા પૂરી થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

**શ્રી ઈકબાલ પટેલ (વિરોધ પક્ષના દંડકશ્રી)** : સંમત છીએ.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહ સંમત છે? (થોડી વાર બાદ ) સભાગૃહનું કામકાજ આજની કામકાજની યાદીમાં બાબત ક્રમાંક-૮(૧), ૮(૨) અને ૮ (૩) પૂરા થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (શહેરી વિકાસ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા, હું તમારા જેટલો સિનિયર નથી એટલે કદાચ રહી જાય. માનનીય અધ્યક્ષશ્રી, આ બીલ ઉપર બીજીવાર આપણે પુખ્ત ચર્ચા વિચારણા કરી છે. અગાઉ પણ ખૂબ ગંભીરતાપૂર્વક લાંબા સમય સુધી સૌ માનનીય સભ્યશ્રીઓએ પોતાના મંતવ્યો અને વિચારો રજુ કર્યા હતા. આજે માનનીય અર્જુનભાઈએ જે વાત કરી છે કે કાયદાની જે લેખીત સમય મર્યાદા નકકી કરવી જોઈએ. મારા પ્રવચનમાં મેં અગાઉ કહયું હતું, ફરી પણ કહું કે અમે કાયદાની અંદર નિશ્ચિત સમય મર્યાદા નકકી કરી હતી, તેમાં અમે એવું નકકી કર્યુ હતું કે આ કાયદો મંજૂર થાય પછી સરકાર જે નોટીફીકેશન બહાર પડે તે નોટીફીકેશન બહાર પડયાની તારીખથી નિશ્ચિત સમય મર્યાદામાં જે લોકો અરજી કરશે તે લોકો જ આમાં લાભાર્થી થઈ શકશે. એપ્લીકેબલ થશે. સમય મર્યાદા પછી અરજીઓ કરે તેને લાભ મળવાનો નથી. તે અત્યારે પણ છે. પણ તારીખ નકકી કરવાનો માનનીય ગવર્નરશ્રીનો આગ્રહ હતો એટલે આપણે તારીખ ફીકસ કરી દીધી છે. મેં અગાઉ જેમ પહેલાં વાચન વખતે પ્રવચનમાં કહયું તેમ આપણે માર્ચ મહિનાની તારીખ નકકી કરી છે. તે તારીખથી આ કાયદો અમલમાં આવશે. તેની પાછલી તારીખથી આ કાયદો અમલમાં ગણાશે. તે પછીની તારીખ પછી કરેલું દબાણ નિયમિત નહીં થઈ શકે. બીજું એમ કહેવામાં આવ્યું કે ખરીદનાર ઉપર વર્ષો પછી ઘણા લોકોને પૈસા ભરવાના આવે, મૂળ બનાવનાર જતો રહયો આ વાત સાચી છે. હું એમ કહું કે આ ૫૦ વર્ષથી ચાલતી આવતી નાની મોટી અનિયમિતતાઓ છે. કોઈએ ૧૯૫૦માં કર્યુ, ૧૦૬૦માં કર્યુ તો કોઈએ ૧૯૮૦માં કર્યુ જયારે કર્યુ ત્યારે. તે પછી મકાનો વારંવાર વેચાતા હોય છે. એકનું મકાન બીજાએ લીધું, બીજાનું ત્રીજાએ લીધું, એક દુકાનના બદલે બીજાએ લીધી. બનાવનાર બિલ્ડર વર્ગ, આ જે મકાનો આપણે કરવાના છે નિયમિત તેમાં ૯૦ ટકા પોતે બનાવેલા મકાનો, પોતાની માલિકીના મકાનો છે એવા લોકો છે. બિલ્ડરો જે સ્કીમ બનાવે, જે ફલેટ બનાવે તેવા લોકો જુજ હોય છે તેમાં. તેમણે મકાન વેચી માર્યુ અને તે પછી કોઈનો ફલેટ કોઈએ લીધો અને તેમાં સુધારા વધારા કર્યા, તેમાં એક રૂમ વધાર્યો, કોઈનું મકાન ભૂતકાળમાં કોઈએ લીધું અને તેના પછી બે રૂમ ઉમેર્યા. તો લેનાર ઉપર આ વ્યવસ્થા એટલા માટે કરી છે. આ લાખો રૂપિયાનું મકાન ખરીદવાનું છે. આ કોઈ ટોપી કે ખિસ્સાનો રૂમાલ નથી ખરીદવાનો કે હોલસેલમાં જયારે ઓર્ડર કરીએ કે ૫૦ ટોપી મોકલી આપજો, દસ વાગે કહીએ અને અગિયાર વાગે આવી જાય. તેમ આ ટોપીઓ ખરીદવા જેવું કે ખિસ્સાનો રૂમાલ ખરીદવા જેવું સહેલું કામ નથી. આ કામ થઈ જાય. આ ટોપીઓ જેવું નથી આ. ટોપીઓ જેવું નથી કે સવારે કરો અને બાર વાગે આવી જાય. એટલે આપણે એમાં કંઈ લાખો રૂપિયાના મકાનો લોકોને ખરીદવાના તે લાંબા ગાળાની પ્રક્રિયા છે. કોઈએ લોન લઈને ખરીદયા હોય, કોઈએ દેવું કરીને ખરીદયા હોય તેમને આપણે મદદ કરવાની છે. આને આપણે ટોપીઓ જોડે ન સરખાવીએ. ટોપીઓ તો અલગ વિષય છે. ટોપીઓ તો આજે હોય અને કાલે ન પણ હોય. કદાચ કાલે નહીં પણ હોય ટોપીઓ. *(xxxx) (xxxx)

માનનીય અધ્યક્ષશ્રી, બીજું માનનીય દુષ્યંતભાઈએ વાત કરીને બીલને ટેકો આપ્યો છે અને કેટલાક સૂચનો કર્યા છે તે અમે નોંધ્યા છે. માનનીય વલ્લભભાઈએ પણ પૂર્વ અમદાવાદમાં લાખો લોકો સૌરાષ્ટ્રથી આવીને વસ્યા છે. ધંધા રોજગાર માટે વર્ષોથી હરદાસ બાપુનગર,કેટલાય વર્ષોથી વસેલું છે. આવા બધા લોકો વર્ષોથી ધંધા રોજગાર માટે જે લોકો આવ્યા, પોતાને ત્યાં દુષ્કાળ પડતો હતો, રોજગારી નહોતી મળતી તેવા લોકો અમદાવાદમાં આવ્યા, સુરતમાં ગયા, રાજકોટમાં ગયા અને ભાવનગરમાં ગયા તેવા લોકોને પણ મદદરૂપ થવાનો આ કાયદામાં પૂરેપૂરો પ્રયત્ન કર્યો છે. માનનીય સિદ્ધાર્થભાઈએ કલમ.૧૪ની વાત કરી. કલમ.૧૪માં અધિકારીઓ પર કોઈ પગલાં લેવાની વાત નથી. આ કાયદો બનાવવામાં અમે જે કામગીરી કરીએ છીએ તેમાં કોઈ બાધ ન લે. દા.ત. કોઈનું

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

નિયમિત કરતા હોય તો તે વાંધા અરજી કરે અને તે કાયદામાં બાધ ન આવે તેવા સેન્સમાં અને અર્થમાં અમે આ કલમની જોગવાઈ કરી છે. એક વ્યક્તિનું કાયદેસર થતું હોય તો બીજો બિનકાયદેસર રીતે તેનામાં વાંધો વચકો ન પાડે તે માટે કર્યુ છે. એ માટે આ કાયદામાં કોઈ બીજુ સ્ટેટ કે વગેરેની કોઈ ન થાય એ માટે કર્યુ છે, કોઈ કર્મચારી, અધિકારી, બિલ્ડર, વાપરનાર- બનાવનાર કોઈ પણ ખોટું કરશે તો એ ચોક્કસ એ કાયદેસરના પગલાંને લેવાને પાત્ર બનશે. માનનીય જોષીયારાજીએ સાબરમતી રિવરફ્રંટ અને હિંમતનગરની વાત કરી, માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે, આ કાયદાની અંદર પણ, હજુ પણ આપણી એવી જોગવાઈ છે કે સરકારી જમીન, બોર્ડ-નિગમની જમીન, નગરપાલિકા કે મહાનગરપાલિકાની જમીન, તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયતની જમીન, સૅમી ગવર્નમૅન્ટની કોઈપણ જમીન માલિકીની હશે, ટીપીમાં ગરીબો માટેની કે પીવાના પાણી માટે કામગીરી કરવાનો કે રોડ માટે છોડેલો પ્લૉટ હશે, ટીપીમાં રસ્તા બનાવેલા હશે, આવી જગ્યાએ હજુ પણ કોઈ દબાણ કરશે તો આ કાયદા નીચે એમને રક્ષણ મળવાનું નથી. જો આ કાયદા નીચે રક્ષણ આપીએ તો સરકારી જમીન પર રાતોરાત માથાભારે તત્ત્વો દબાણ કરી દે, અને સરકારને અબજો અબજો રૂપિયાનું નુકસાન થાય, કોઈ જગ્યાએ સરકારી જમીન ગમે એણે બાંધકામ કર્યુ હશે, ભૂતકાળનું હશે કે નવું હશે એને આ કાયદા નીચે કોઈપણ રક્ષણ મળવાનું નથી. એવું દબાણ હશે તો હજુ પણ તોડવાને પાત્ર થશે, એ નિયમિત થવાનું નથી, બીજું, માનનીય અધ્યક્ષશ્રી, એમણે સાબરમતી રિવરફ્રંટની વાત કરી, માનનીય અધ્યક્ષશ્રી, સાબરમતી રિવરફ્રંટમાં તો જે ગરીબ લોકો હતા એ બધા જ લોકોને લગભગ સાડા ચાર હજાર ગરીબ લોકોને હમણાં જ અમે, અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન તરફથી એમને મકાનો આપ્યાં, ત્રણ- ચાર લાખ રૂપિયામાં બજારમાં ન મળે પાંચ લાખ રૂપિયામાં એવાં મકાનો આપ્યાં. માનનીય આનંદીબેન, મ્યુનિસિપલ કમિશનરશ્રી, સચિવશ્રી, કોરપોરેટર બધા જ હતા, ૪૫૦૦ મકાનો આપ્યાં છે, માનનીય જોષીયારાજી, (અંતરાય) મારી વાત સાંભળો, અમદાવાદમાં અને બીજા મહાનગરપાલિકાઓમાં આખા ભારત દેશની અંદર ગુજરાતની અમારી ભાજપની મહાનગરપાલિકાઓએ એક લાખ કરતાં વધુ ગરીબોના મકાનો બનાવ્યાં છે અને અમે રહેવા આપી દીધાં છે. કદાચ અહીં રહેતા હોય એવા લોકોને મકાન ન હોય, એવાં સુંદર, સ્વચ્છ મકાન એક લાખ મકાન અમે ગરીબોને આપ્યાં છે. તમે એવું ન કહેશો કે તમે ગરીબોના શુભેચ્છક છો, તમે વાતો કરો છો, તમે ભાષણો કરો છો, પણ અમે તો કામ કર્યુ છે, અને એમના શુભેચ્છક બન્યા છીએ. એટલે એ વાત આપની વાજબી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એટલે આ રીતે અમારી સ્પષ્ટતાઓ છે, કયાંય સરકારી જમીન હોય, બોર્ડ - નિગમની જમીન, નગરપાલિકાની જમીન કે મહાનગરપાલિકાની જમીન ઉપર દબાણ રાખવાના નથી. માનનીય જોષીયારાજીએ પોતે જ કહ્યું કે ચાલવા માટે જગ્યા નથી, વાહનો મૂકવા માટે, પાર્કિંગ માટે જગ્યા નથી, દેશની અને રાજયની વસતિ વધતી જાય છે, શહેરોની વસતિ વધતી જાય છે તો આવનારી પ્રજાને અને આવનારા સમયને સારી વ્યવસ્થા મળે એ માટે આપણે કાયદા પણ કર્યા છે, ગરીબોને રાહત મળે, અને ભવિષ્યમાં આવા ગેરકાયદે મકાનો ન થાય અને જો થાય તો એના ઉપર કડકમાં કડક બનાવનાર અને લાભ લેનાર બંને ઉપર કડક કાર્યવાહી થાય એવી અમે આમાં જોગવાઈ કરી છે માટે ફરીથી બધા જ માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે આ કાયદાને મંજૂરી આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વસંમતિથી મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૨૭નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વસંમતિથી મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : કલમ-૨ સભાગૃહ સમક્ષ છે. હવે માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઈ દેસાઈ પોતાનો સુધારો રજૂ કરશે.

**શ્રી પંકજભાઈ દેસાઈ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે પ્રમાણે કલમ ૨ પરનો મારો સુધારો રજૂ કરું છું.

In clause ૨, in sub-clause (૧), in paragraph (b) for the words "Bombay Provincial Municipal Corporations Act", substitute the words "Gujarat Provincial Municipal Corporations Act".

**અધ્યક્ષશ્રી** : સુધારો રજૂ થાય છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સુધારાનો અમે સ્વીકાર કરીએ છીએ.

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને સર્વસંમતિથી મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ-૨ મત માટે મૂકવામાં આવી અને વિધેયકનો ભાગ બની.**

**કલમ ૩ અને ૪ મત માટે મૂકવામાં આવી અને વિધેયકનો ભાગ બની.**

**અધ્યક્ષશ્રી** : કલમ-૫ સભાગૃહ સમક્ષ છે. હવે માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઈ દેસાઈ પોતાનો સુધારો રજૂ કરશે.

**શ્રી પંકજભાઈ દેસાઈ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે પ્રમાણે કલમ ૫ પરનો મારો સુધારો રજૂ કરું છું.

In clause ૫, in sub-clause (૧), for the words "At any time before the commencement of this Act", substitute the words and figures "At any time prior to the ૨૮th March, ૨૦૧૧".

**અધ્યક્ષશ્રી** : સુધારો રજૂ થાય છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સુધારાનો અમે સ્વીકાર કરીએ છીએ.

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને સર્વસંમતિથી મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ-૫ મત માટે મૂકવામાં આવી અને વિધેયકનો ભાગ બની.**

**કલમ-૬ અને ૭ મત માટે મૂકવામાં આવી અને વિધેયકનો ભાગ બની.**

**અધ્યક્ષશ્રી** : કલમ-૮ સભાગૃહ સમક્ષ છે. હવે માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઈ દેસાઈ પોતાનો સુધારો રજૂ કરશે.

**શ્રી પંકજભાઈ દેસાઈ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે પ્રમાણે કલમ ૮ પરનો મારો સુધારો રજૂ કરું છું.

In clause ૮, after sub-clause (૩), add the following sub-clause -

"(૪) Any unauthorised development carried out or an order issued or decision taken for the matters specified in sub-section (૨) of section ૫, on or after the ૨૮th March, ૨૦૧૧ shall not be regularized."

**અધ્યક્ષશ્રી** : સુધારો રજૂ થાય છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સુધારાનો અમે સ્વીકાર કરીએ છીએ.

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને સર્વસંમતિથી મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ-૮ મત માટે મૂકવામાં આવી અને વિધેયકનો ભાગ બની.**

**અધ્યક્ષશ્રી** : કલમ-૯ સભાગૃહ સમક્ષ છે. હવે માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઈ દેસાઈ પોતાનો સુધારો રજૂ કરશે.

**શ્રી પંકજભાઈ દેસાઈ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે પ્રમાણે કલમ ૯ પરનો મારો સુધારો રજૂ કરું છું.

In clause ૯, for the words "Bombay Tenancy and Agricultural Lands Act," and Bombay Tenancy and Agricultural Lands (Vidarbha Region and Kutch Area) Act", respectively, substitute the words "Gujarat Tenancy and Agricultural Lands (Vidarbha Region and Kutch Area) Act".

**અધ્યક્ષશ્રી** : સુધારો રજૂ થાય છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સુધારાનો અમે સ્વીકાર કરીએ છીએ.

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને સર્વસંમતિથી મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ-૯ મત માટે મૂકવામાં આવી અને વિધેયકનો ભાગ બની.**

**કલમ-૧૦ થી ૧૫ મત માટે મૂકવામાં આવી અને વિધેયકનો ભાગ બની.**

**અધ્યક્ષશ્રી** : કલમ-૧૬ સભાગૃહ સમક્ષ છે. હવે માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઈ દેસાઈ પોતાનો સુધારો રજૂ કરશે.

**શ્રી પંકજભાઈ દેસાઈ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે પ્રમાણે કલમ ૧૬ પરનો મારો સુધારો રજૂ કરું છું.

In clause ૧૬, after sub-clause (૨), add the following sub-clause :

"(૩) Notwithstanding anything contained in the Bombay Act or the Gujarat Act, the State Government may from time to time issue such directions as it may deem fit, to the Commissioner or the appropriate authority with a view to prevent the unauthorised development."

**અધ્યક્ષશ્રી** : સુધારો રજૂ થાય છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સુધારાનો અમે સ્વીકાર કરીએ છીએ.

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને સર્વસંમતિથી મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ-૧૬ મત માટે મૂકવામાં આવી અને વિધેયકનો ભાગ બની.**

**કલમ-૧૭ થી ૧૯, કલમ-૧, પ્રસ્તાવના, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકિંટગ ફોર્મ્યુલા મત માટે મૂકવામાં આવી.**

**કલમ-૧૭ થી ૧૯, કલમ-૧, પ્રસ્તાવના, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકિંટગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧ના સુધારેલા વિધેયક ક્રમાંક: ૨૭, સન ૨૦૧૧નું ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતના વિધેયકની પુન: વિચારણા અંગેના વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૧૧નું સુધારેલા વિધેયક ક્રમાંક: ૨૭, સન ૨૦૧૧નું ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમીત કરવા બાબતના વિધેયકની પુન: વિચારણા કરવા અંગેના સુધારેલા સ્વરૂપના વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક : ૯
## ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક ૨૦૧૧
## રાજયમાં ખાનગી યુનિવર્સિટી સ્થાપવા બાબત વિધેયક

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક : ૯, સન ૨૦૧૧નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી સ્થાપવા બાબત વિધેયકની પુન: વિચારણા કરવામાં આવે અને તેનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક સન ૨૦૧૧માં આ સભાગૃહમાં પસાર કરવામાં આવ્યું હતું. અને તે વખતે રાજયની ચાર યુનિવર્સિટીઓનો ખાનગી યુનિવર્સિટી તરીકે આપણે સ્વીકાર કર્યો હતો. આ ૨૦૦૯ના સુધારા વિધેયક પછી ૨૦૧૧માં બીજી ચાર ખાનગી યુનિવર્સિટીઓને આપણે વિધાનસભા ગૃહમાં રજૂ કરવામાં આવી હતી. આ ચાર યુનિવર્સિટીઓ પૈકીની એક યુનિવર્સિટી ઉકા તરસાડીયા યુનિવર્સિટીમાં યુનિવર્સિટીની પાસે ત્રણ ગ્રાન્ટ ઈન એઈડ કોલેજો હતી. અને આ ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોને ખાનગી યુનિવર્સિટીમાં સમાવેશ કરવામાં આવે તો વિદ્યાર્થીઓએ ઉંચી ફી ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય અને આ અંગેનો સુધારો અને તેની સ્પષ્ટતા કરવા માટે નામદાર રાજયપાલશ્રીએ આપણને સૂચન કરેલું છે.

**સભાપતિ શ્રી મહેન્દ્રભાઈ મશરૂ અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર તો ગ્રાન્ટ ઈન એઈડ અંગેનો જે આ મુદ્દો ઉપસ્થિત કરવામાં આવ્યો છે તે મુદ્દો રહેતો નથી. કારણ કે ખાનગી યુનિવર્સિટી બન્યા પછી ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોની સ્થિતિ યથાવત રહે છે અને તે કોલેજો વીર નર્મદ યુનિવર્સિટી ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન રહે છે. આ સંદર્ભે શિક્ષણ વિભાગ દ્વારા ૨-૪-૨૦૧૧ના પત્રથી નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રીને સ્પષ્ટતા કરવામાં આવેલ છે. પરંતુ નામદાર રાજયપાલશ્રી તરફથી આગ્રહ રાખવામાં આવેલો છે કે આ અંગેની સ્પષ્ટતા થવી જોઈએ. અને એટલા માટે એ સ્પષ્ટતા કરવા માટે આ સુધારાના બિલની અંદર હું ગૃહ સમક્ષ લઈને આવ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, મારી સર્વેને વિનંતી છે કે આ બિલને સર્વાનુમતેથી મંજૂર કરે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઈને આવ્યાં છે તે સદંર્ભમાં અગાઉ બીજી ખાનગી યુનિવર્સિટીની સ્થાપનાના વખતે પણ ઘણી લંબાણથી આ વિધાનસભા ગૃહે ચર્ચા કરી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એ પણ ખુલાસો કર્યો છે અને સત્તાધારી પક્ષના દંડકશ્રીનો જે સુધારો આવેલો છે તે સુધારો પણ જેમને ખાનામાં પ્રાપ્ત થયો છે તે જોતાં મને લાગે છે સ્પષ્ટતા જે જરૂરી હતી તે જરૂરી સ્પષ્ટતા આ સુધારાથી થવાની, આ એમેન્ડમેન્ટથી થવાની. "In clause ૨, for paragraph (a), substitute the following :-

"(a) for the words 'The constituent colleges and institutions of the Sponsoring Body affiliated to and enjoying the privileges of any university immediately before the commencement of this Act', substitute the words 'The constituent colleges and institutions of the Sponsoring Body, except the grant-in-aid colleges and institutions,'

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે કાયદો બનતો હોય છે ત્યારે તેની અસરો ચિરંજીવી રહેતી હોય છે. કદાચ તેની ગંભીરતા આપણને તે વખતે ના દેખાય પરંતુ જે કાયદો બન્યા પછી વર્ષો સુધી જે તેની અસરો રહેવાની છે તેમાં અને તેમાં પણ જ્યારે ખાસ કરીને કોઈ લિટીગેશન્સ ઉભાં થતાં હોય છે ત્યારે કાયદો ઘડાયો ત્યારે શું પરિસ્થિતિ હતી એનું જ મહત્ત્વ રહેતું હોય છે આપણાં પત્ર-વ્યવહારોનું મહત્ત્વ નથી. What was before the Legislators? ધારો ઘડનારાની પાસે શું હતું અને ધારો ઘડનારાએ શું ઘડ્યું છે તેને જ માત્ર narrow sphereમાં વાંચવાનું રહે છે. ફાઈલો ઉપરના directions પત્ર-વ્યવહારો, લાગણીઓ આ બધું હોઈ શકે. પરંતુ જ્યારે એ

કાયદાને લગતો કોઈ વિવાદ ન્યાયાલય પાસે પહોંચે તે સમયે તેમાંનું કશું જ કામ નથી લાગતું. એ સમયે તો એ જ કામ લાગે કે વિધાનસભા કે સંસદ જેણે જે કાયદો બનાવ્યો તે સમયે મુવર ઓફ ધ બિલ પ્રભારી જે છે બિલના તેમના શું શબ્દો હતા What were the objects and Reasons? એમના ઉદ્દેશ્ય અને કારણો શું હતા.એ વખતે કલમોની જોગવાઈ શું હતી? અને એ કલમો મુજબ કાયદો પસાર થયો ત્યારે એની અસરો શું હતી? અગાઉ પણ મેં ચિંતા વ્યકત કરી હતી. આ વિધાનસભાગૃહના સભ્યશ્રીઓએ પણ ચિંતા વ્યકત કરી હતી. માનનીય મંત્રીશ્રીએ પણ આજે એ વાત કરી એ વાજબી છે. ગ્રાન્ટ ઈન એઈડ કોલેજીસ કે સંસ્થાઓ વર્ષોથી જે ગ્રાન્ટ મેળવે છે એ એક વર્ગ છે. એ સંસ્થાઓ, એ કોલેજો છે. માનનીય અધ્યક્ષશ્રી, એક નવો અભિગમ ચાલુ થયો. મિનિસ્ટ્રી ઓફ હ્યુમન રીસોર્સીસ ડેવલપમેન્ટે પણ કહ્યું કે ખાનગી યુનિવર્સિટીઓ સ્થપાય, નવા અભ્યાસક્રમો આવે અને એ યુનિવર્સિટીઓ દ્વારા એક નવું યુવાધન તૈયાર થાય. આવકારદાયક છે. અને આ મિનિસ્ટ્રી, HRD ના કહેવા પ્રમાણે આપણે અહીંયા કેટલાક જરૂરી સુધારા કર્યા. જે ચિંતાનો વિષય આ કે ગ્રાન્ટ ઈન એઈડ વાળી કોલેજીસ જૂની ભૂમિકા મુજબ, એટલે કે સરકાર બધું જ આપે. લગભગ મફત શિક્ષણ જેવું હાયર એજયુકેશન પણ. અને આ સંસ્થાઓએ સરકારના પૈસા લઈ લઈને અસ્કયામતો ઉભી કરી છે. એમને નવું ઈન્ફ્રાસ્ટ્રકચર બનાવવાનું નથી. એમની પાસે છે જ. અને આ તૈયાર ઈન્ફ્રાસ્ટ્રકચરમાં ભણવા આવતા વિદ્યાર્થીઓ, એ નજીવી ફી સાથે અભ્યાસ કરે અને એનું ફીનું ધોરણ કોણ નકકી કરે? એનું કામ કોણ નકકી કરે? કે સરકારી યુનિવર્સિટીઓ નકકી કરે. એટલે કે જે પ્રજાના પ્રતિનિધિઓની બનેલી સરકાર છે, એનો એના ઉપર કંટ્રોલ રહેવાનો. ખાનગી યુનિવર્સિટીની આખી ભૂમિકા બદલાઈ જવાની. અને ખાનગી યુનિવર્સિટીની બદલાયેલી ભૂમિકામાં એમને કેટલીક છૂટ મળી છે. અને એ છૂટ પૈકી, કારણ કે છૂટ પણ વાજબી છે. કારણ કે એમને સરકારી સહાય નથી. એ ગ્રાન્ટ ઈન એઈડ નથી. એમને ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરવા માટે કેપિટેશન ફી પણ લેવાની. એ વધારાના પૈસા પણ લઈ શકશે. એના માટે આપણે કેટલીક છૂટછાટ રાખી છે. કારણ કે નવી યુનિવર્સિટીઓ આપણને જોઈએ છીએ. પણ જો આ કાયદો ઘડતી વખતે આ સ્પષ્ટતા આપણે ન કરીએ અને આવતીકાલે કદાચ આજે ન પણ કરે. ૬ મહિના, ૧૨ મહિના, ૨ વર્ષ, ૫ વર્ષ. કાયદો તો ચીરંજીવી છે. એ કાયમી છે. આપણે કાયમી નથી. આજે બેઠેલા બ્યુરોક્રેટસ, આજે બેઠેલા મિનિસ્ટર્સ કે આજના લેજીસ્લેટર્સ એ કાયમી નથી. આપણે જતા રહેવાના. આપણે ગયા પછી માત્ર વંચાશે આપણે ઘડેલો કાયદો. અને આપણા ઘડેલા કાયદામાં જો એ સ્વયં સ્પષ્ટ ન હોય તો કાલે ગ્રાન્ટ ઈન એઈડ લેતી સંસ્થાઓ એ એમ કહી દે કે મારે ગ્રાન્ટ ઈન એઈડમાં નથી રહેવું. સાથોસાથ સરકારી યુનિવર્સિટીમાં પણ નથી રહેવું. મારે પ્રાઈવેટ યુનિવર્સિટીમાં એફિલિએશન જોઈએ છે. આપણી જૂની પરિસ્થિતિ મુજબ કોઈપણ ન્યાયાલય પાસે જાય ત્યારે આપણા માટે મુશ્કેલ જ થાય એ એસ્ટાબ્લિશ કરવું, કે ના. આ ન જાય. અમારી સમજણ આવી હતી. કે ગ્રાન્ટ ઈન એઈડ ન જાય. સમજણ ન ચાલે. બ્લેક એન્ડ વ્હાઈટમાં કાયદો ચાલે. એટલા માટે માનનીય રાજયપાલશ્રીએ એમના બેસ્ટ વીઝડમથી આપણને સૂચન કર્યુ અને આપણે સૌ એક બંધારણ સાથે બંધાયેલા છીએ. આપણે એ બંધારણને વફાદાર રહેવાના સોગંદ ખાઈએ છીએ. કદાચ વિશ્વમાં ઉત્તમ બંધારણ ડો. બાબાસાહેબ આંબેડકરની અધ્યક્ષતામાં રચાયેલ બંધારણીય સમિતિએ ભારત દેશને આપ્યું છે. એવા ઉત્તમ બંધારણને વફાદાર રહેવાના સોગંદ આપણે ખાઈને આવીએ છીએ ત્યારે એ બંધારણ કહે છે કે માનનીય રાજયપાલશ્રીએ રાજયના બંધારણના વડા છે. આપણો અહંમ, આપણો સ્વાર્થ, આપણો ઈગો એ ગમે તે હોય લોકશાહીમાં એને સ્થાન નહિ, બંધારણની સર્વોપરિતા સ્વીકારવી પડે, બંધારણની સર્વોપરિતા સ્વીકારીને ચાલે તો લોકશાહી વ્યવસ્થાના લોકસેવક કહેવાઈએ નહિતર તો રાજાશાહી, સરમુખત્યારશાહી કે બાદશાહી આ બધું હોય. સર્વોત્તમ લોકશાહી એટલા માટે કહેવાય છે કે ત્યાં અહમ નથી, લોકોની વાત છે. For the peole , by the people, and of the people અને એટલા માટે બંધારણીય વડાનું સન્માન કરવાનું ચૂકનારો માણસ બંધારણના સોગંદને પણ વફાદાર નથી એમ કહી શકાય. અહીંયા આપણે બંધારણીય વડાની વાતને સ્વીકારીને સુધારો લઈને આવ્યા છીએ એ હિત આવતા દિવસોમાં આપણા સૌનું હિત છે એ બહુ આસાન હોય છે રાજકીય અવલોકનો કરીને નીકળી જવાનું પરંતુ ગુજરાતની એ પરંપરા રહી છે કે જ્યાં એક ઉત્તમ લોકશાહીનું દર્શન ભૂતકાળમાં રહ્યું છે. જે બંધારણીય વડાએ ટકોર પણ કરી હશે ભૂતકાળની સરકારોએ એને બરાબર સ્વીકારી છે રાજકીય સમીકરણોથી પર ઊઠીને આજે આપણે ડહાપણભર્યુ સૂચન સ્વીકાર્યુ છે ત્યારે એક સરળતાથી કાયદો જે કાયદામાં સ્પષ્ટતા છે આટીઘૂટી નથી, આપણે હોઈએ કે ન હોઈએ વિવાદને સ્થાન નહિ રહે કારણ કે આજે કેટલીક મેટરો થાય છે એમાં મુશ્કેલી છે કે કાયદો ઘ ડતી વખતે હું એ પણ સરકારને વિનંતી કરું કે એકાદ પ્રશ્નનો જવાબ આમ તેમ હશે એની અસર ક્ષણિક હશે પરંતુ કાયદામાં થોડુક આમતેમ થાય તો એની અસર બહુ લાંબી હોય છે. Sharp edged effects એ સમસ્યાઓ સર્જે નહિ એ જોવાની જવાબદારી we have limitations. સભ્યોની ઘણી મર્યાદા છે. સરકાર પાસે તંત્ર છે, કાયદા વિભાગ છે, પોતાનો વિભાગ છે, અધિકારીઓ છે, Application of mind વિધેયકોમાં થાય એ આવકારદાયક છે. આપણી સમિતિઓએ પણ વારંવાર આ વાત તરફ અંગુલી નિર્દેશ કરેલો છે ત્યારે આ બિલમાં આજે સુધારો આવ્યો એ માનનીય રાજયપાલશ્રીએ બિલ પરત મોકલવાનું જે સૂચન કર્યુ છે એ સૂચન સ્વીકારીને એને અનુરૂપ સુધારો આવ્યો છે એને હું આવકારુ છું. આ પહેલા જે દ્વિધાભરી પરિસ્થિતિ હતી માનનીય મંત્રીશ્રી પાસે પણ રજૂઆતો થયેલી હતી અને અમારી પાસે પણ રજૂઆતો થઈ હતી. આખરે સત્તાધારી

પક્ષ કે વિરોધપક્ષ બંને પાસે રજૂઆતો થતી હોય છે, આપણે સ્વીકારીએ ન સ્વીકારીએ એ જુદી બાબત છે એ સંજોગોમાં વ્દીધાપૂર્ણ પરિસ્થિતિ નહોતી એમ ન કહી શકાય, એ પરિસ્થિતિ હતી એ પરિસ્થિતિમાંથી બહાર નીકળી શક્યા છીએ. આ સુધારા સાથે આ બિલને હું આવકારુ છું અને સુધારા સાથેના આ વિધેયકને સમર્થન આપીને વિરમું છું.

**શ્રી કિશોર વાંકાવાલા(સુરત શહેર (પશ્ચિમ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વિધેયક ક્રમાંક- ૯ લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે મુખ્ય પ્રશ્ન ઉભો થયો હતો. ઓરો યુનિવર્સિટી એ મારા નજીકના વિસ્તારમાં મારા જિલ્લામાં આવેલ છે. એમાં ઘણા વિદ્યાર્થીઓએ એજયુકેશન લીધું હતું. એને ખાનગી યુનિવર્સિટી તરીકે મંજૂરી આપવામાં આવી હતી. પરંતુ કાયદાકીય આંટીઘૂંટીમાં આ બિલ મંજૂર ન થયું અને પરત મોકલવામાં આવ્યું. હું માનું છું કે, આજે જયારે સર્વ સંમતિથી આ બિલ પસાર થશે ત્યારે આ યુનિવર્સિટી સાથે સંલગ્ન તમામ વિદ્યાર્થીઓ ફટાકડા ફોડી ઉજવણી કરશે. આપણે સૌ જાણીએ છીએ કે, હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્ષ ઉપર આરોગ્ય અને શિક્ષણનું વધારે મહત્વ આપવામાં આવ્યું છે અને ખાનગી યુનિવર્સિટીઓનો પણ તેમાં સમાવેશ થયો છે. ખાનગી યુનિવર્સિટીનું બિલ લાવ્યા હતા એમાં ચાર યુનિવર્સિટીઓ જઈ છે અને બીજી ચાર યુનિવર્સિટીઓ એમાં જઈ રહી છે. વ્યકિતગત રીતે હું માનું છું કે, ચાર યુનિવર્સિટીઓ જોડાઈ રહી છે તેમાં એક ઓરો ઈન્ટરનેશનલ સ્કૂલ ઓફ હોસ્પિટાલીટી મેનેજમેન્ટ છે. આપણે ત્યાં મોટી મોટી હોસ્પિટલો બની રહી છે. ગુજરાતનો અને દેશનો વિકાસ થઈ રહ્યો છે. તેમાં હોટલો પણ બનવાની છે. કસ્ટમર કેર, આસિસ્ટન્ટથી માંડીને મેનેજરોની પોસ્ટ ઉભી થશે. આ તમામ સંસ્થાઓમાં જે પ્રકારની જગ્યાઓ હોવી જોઈએ તે નથી. એટલું જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય ખ્યાતી ધરાવતી હોટલો સાથે તેનું કોલોબરેશન કરવાનું થશે. ૨૦૧૯-૨૦ સુધીમાં ૫૫૦૦૦ જગ્યાઓ હોટલોમાં ઉભી થશે એવી પરિસ્થિતિ ઉભી થઈ રહી છે. ૧:૧૬ના હિસાબે એક ઓરડો હોય તેમાં ચાર બેડ હોય એટલે લગભગ ૮૮૦૦૦ લોકોને રોજગારી મળે તેવી પરિસ્થિતિનું નિર્માણ થશે. હું માનું છું કે, ખાનગી યુનિવર્સિટીમાં અહીંના જે વિદ્યાર્થીઓ ભણે છે એ અમેરીકા જઈ શકશે. એ ત્રણ વર્ષનો કોર્ષ કરે કે બે વર્ષનો કોર્ષ કરે અને તે ગ્રેજયુએટ થશે. જો એ બે વર્ષનો કોર્ષ કરે તો એક વર્ષ અમેરીકા થઈને કરી શકશે. આપણે જે રીતે આગળ વધી રહ્યા છીએ તે જોતાં હું માનું છું કે, ઘણી વખત ઘણી ચર્ચાઓ થતી હોય છે. કાયદો માણસ માટે છે, માણસ કાયદા માટે નથી. કારણ કે, જયારે પણ કાયદો બનાવતા હોઈએ છીએ ત્યારે મનુષ્યને લક્ષમાં રાખતા હોઈએ છીએ. કાયદામાં ફેરફાર થઈ શકે. કાયદાને પકડીને માણસને ગોળગોળ ફેરવશો તે કદી થવાનું નથી. એના માટે ઘણી દ્વિધા ઉભી થશે. જુના કાયદામાં ફેરફાર કરીને આપણે કયાં આવી ગયા છીએ. કાયદાને લક્ષમાં રાખીને સમયને અનુરૂપ તેમાં ફેરફાર કરવો એ સમયનો તકાજો, માંગ અને સ્વીકાર્ય પણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે વિરોધપક્ષના નેતાશ્રીએ એમની સંમતિ આપી છે ત્યારે આ બિલ ઉપર વધારે ન બોલતાં સર્વસંમતિથી આ બિલ પસાર થાય એટલી વિનંતી કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે સુધારા વિધેયક લઈને આવ્યા છે એને હું આવકારું છું અને એની જરૂરિયાત શું હતી એની ઘણી વિગત અમારા નેતાશ્રી શક્તિસિંહે આપી છે એટલે વધારે નથી કહેતો. પરંતુ જે ખાનગી યુનિવર્સિટીનું વિધેયક જે વખતે લઈ આવવામાં આવેલું અને ખાસ કરીને અમદાવાદ યુનિવર્સિટીના બિલની ચર્ચા વખતે માનનીય વિરોધપક્ષના નેતાએ જ એ વખતે એક રાઈટ ટુ કવેશ્ચન હેઠળ માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછયો હતો કે આ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં એમની એકઝીસ્ટીંગ કોલેજો છે, અત્યારની ગ્રાન્ટ-ઈન-એઈડ એનો સમાવેશ થશે કે કેમ, તો મને ચોકકસપણે યાદ છે કે માનનીય મંત્રીશ્રીએ ફ્લોર ઉપર હાઉસના એવી ખાતરી આપેલી કે ચોક્કસપણે જે ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજો છે એ કોલેજોનો સમાવેશ આ યુનિવર્સિટીના માળખાની અંદર થવાનો નથી. અને હું માનું છું કે એના પછી આ મુદ્દા પૂરતી વધારે સ્પષ્ટતાની અમને જરૂર પણ જણાઈ નહોતી. પરંતુ એના પછી પણ જ્યારે અમદાવાદ યુનિવર્સિટી એકટ અસ્તિત્વમાં આવ્યો એના પછી જે અસરકારક પ્રોફેસર્સ, અને સ્ટાફ છે એ માનનીય મંત્રીશ્રીને મળવા ગયો, એમને એ વખતે પણ મને યાદ છે ત્યાં સુધી, કદાચ મારી વાત ખોટી હોય તો સ્પષ્ટતા કરે, એ વખતે પણ માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ના, અમે બહુ કલીયર છીએ કે આ તમારી સંસ્થાઓ છે જે ગ્રાન્ટ-ઇન- એઈડ સંસ્થાઓ છે એનો નવી યુનિવર્સિટીમાં સમાવેશ થશે નહીં. પરંતુ એના પછી કાયદાની અંદર શું સ્થિતિ હશે એના કારણે કે ગમે તેમ પણ જે સંસ્થાના સંચાલકો છે એ એટલા મક્કમ બન્યા કે ના અમારે ગ્રાન્ટ-ઈન-એઈડ જે સંસ્થાઓ છે એ અમારામાં લઈ આવવી છે, તમને સરપ્લસ કરવાના છે અને અમે આની ફી અમારી રીતે નકકી કરીશું. અને વિદ્યાર્થીઓને અને બીજાને એની સામે બીજા કોઈ પગલા ન લેવાય આક્રમક એટલા માટે એમ કહેવામાં આવ્યું કે જે વિદ્યાર્થીઓ છે એને અમે સ્કોલરશીપ અમારામાંથી આપીશું પણ અમે ગ્રાન્ટ લેવાના નથી. એના પછી માનનીય મંત્રીશ્રી પાસે ફરી પાછા આવ્યા ત્યારે માનનીય મંત્રીશ્રી એમને એ પ્રકારની ખાતરી આપી શકયા નહોતા. હવે આ સ્થિતિ બધી જ જગ્યાએ જે ગ્રાન્ટ-ઈન-એઈડ ચલાવતી જે સંસ્થાઓ છે એને આ રીતે એક તરફ એને સેલ્ફ ફાઈનાન્સ કૉલેજો શરુ કરવાની પણ ગ્રાન્ટ ઇન એઈડ સંસ્થાઓ જેમાં ગરીબ મધ્યમવર્ગના આપણા બાળકો ભણતા હતા એ બંધ થઈ જાય અને સરવાળે રાજયને નુકસાન જાય એ પ્રકારે આ જે બિલ હતું એ બિલની અંદર થોડીક કચાશ રહી ગઈ

હતી. હું આભાર માનીશ કે મંત્રીશ્રી એ સુધારા સાથે લઈ આવ્યા છે. બિલ પરત શું કરવા આવ્યું એ બાબત બહાર ગમે તે કહેવાતું હોય પરંતુ બિલ વ્યાજબી રીતે પરત આવ્યું હતું અને એનો વ્યાજબી રીતે સરકારે પ્રતિસાદ પણ આપ્યો છે. અને હવે એ અમદાવાદ યુનિવર્સિટી હોય, કે જે બિલ પરત આવેલ હતું એ યુનિવર્સિટી હોય કે બીજી કોઈ પણ નવી યુનિવર્સિટી હોય એની ગ્રાન્ટ ઈન એઈડ કોલેજો છે એ એની સાથે સમાવેશ કરી એની જે ભૂતકાળની અંદર જે દ્રષ્ટિથી આ પ્રકારની કોલેજો અસ્તિત્વમાં આવેલી ઓ એના માટે ગરીબ અને મધ્યમવર્ગના દીકરા દીકરીઓ ભણશે એમ માની અને કેટલાય લોકોએ જમીન દાનમાં આપેલી, કેટલાય લોકોએ મકાન બંધાવવા માટે થઈ અને એમાં ડોનેશનો આપેલા, અને સરકારે એને કરોડો રૂપિયાની ગ્રાન્ટ પણ આપી હતી અને આજે પણ ચાલુ છે, એ બંધ કરવા માટેની જે લોકોને આવી પ્રકારની ઇચ્છા હતી એ ઇચ્છા આ કાયદો આવ્યા પછી એના ઉપર પાણી ફરી વળશે, આપણા સૌ માટે એ આનંદની વાત છે. અહીંયા અમદાવાદ યુનિવર્સિટી હોય કે આજે જેનું બિલ આપણે પાસ કરવાના છીએ એ યુનિવર્સિટી હોય, અત્યાર સુધી આપણે એવું બન્યું છે કે મોટા ભાગે આ પ્રકારની સંસ્થાઓને પ્રોત્સાહન આપવાનું હાઉસે વલણ રાખ્યું છે. આજે પણ અમારું વલણ એ જ રહેવાનું છે, આ હાઉસનું વલણ પણ એ જ છે અને એના કારણે ભલે નવી સંસ્થાઓ આવે. પણ જૂની ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓ કે જે લોકો ૫૦ હજાર કે લાખ રૂપિયા આપીને ભણી શકે એમ નથી એના માટે સારામાં સારી ઈન્સ્ટિટયૂટો, સંસ્થાઓ બંધ થતી હતી એ આના પછી બંધ થતી બંધ થશે અને નવી સંસ્થાઓ પોતાના માટે ડોનેશન લઈ આવીને કે પૈસા રોકીને નવી બનતી હોય તો એને પણ પ્રોત્સાહન મળશે. એટલે આ સુધારા વિધયેકને અને બિલ મૂક્યું છે એને હું આવકારું છું.

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા આ બિલ ઉપર ત્રણ માનનીય સભ્યશ્રીઓએ પોતાના સૂચનો આપ્યા છે. મારે આ તબક્કે એક વાત સ્પષ્ટતાપૂર્વક કહેવી છે કે રાજ્ય સરકારે જ્યારે ૨૦૦૯માં ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક રજૂ કર્યું હતું એ વખતે પણ રાજ્ય સરકારની સ્પષ્ટ નીતિ હતી. રાજ્ય સરકારે એ વખતે જે કહ્યું હતું અને અહીંયા જે ઉલ્લેખ થયો છે એની વાત પણ મારે કરવી છે. મિત્રો, એ વખતે વિરોધ પક્ષના નેતાશ્રીએ બિલની અગાઉ જે આપણે ચર્ચા કરી પછી બધી ચર્ચા કર્યા પછી પ્રશ્નોત્તરી વખતે મને પ્રશ્ન કર્યો હતો. " માનનીય અધ્યક્ષશ્રી, મારો સવાલ માત્ર એવો જ છે કે યુ.જી.સી.ની ગ્રાન્ટ મેળવીને આજ સુધી જે ચાલતી હતી તેની બિલ્ડીંગો ઊભી થઈ છે, તેવી ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી છે. યુ.જી.સી.ની ગ્રાન્ટ લેતી હતી, વિગતે હું આ સંસ્થાઓમાં પડતો નથી પરંતુ આ પ્રકારની કોઈ સંસ્થા ખાનગી યુનિવર્સિટીમાં ટ્રાન્સફર નહીં થાય એટલી જ ખાતરી હોય તો જે અમારી દહેશત છે તે જતી રહે." આ માનનીય શક્તિસિંહનો મને પૂછેલ પ્રશ્ન હતો. એ વખતે મેં જવાબ આપ્યો હતો કે આવું બિલકુલ નહીં થાય. એમણે મારો આભાર વ્યક્ત કર્યો હતો કે તમારો આભાર કે તમે આ વાત અમને કરી. આ ચાર યુનિવર્સિટીઓનું બિલ મંજૂર થયા પછી ૨૦૧૧માં ફરીથી નવી ચાર યુનિવર્સિટીઓને આ વિધાનસભા ગૃહમાં રજૂ કરવામાં આવી. આદરણીય અર્જુનભાઈએ જે વાત કરી હતી એ જ વાત અર્જુનભાઈએ એ વખતે પણ કરી હતી. એમણે કહ્યું હતું, એમની સ્પીચ હતી કે," અમદાવાદ એજ્યુકેશન યુનિવર્સિટી જ્યારે યુનિવર્સિટીનો દરજ્જો આપવાની વાત થઈ છે ત્યારે માનનીય મંત્રીશ્રીએ ગૃહમાં ખાતરી આપેલ હતી કે અમે જે હયાત કોલેજો છે એમાં એમનો સમાવેશ કરવાના નથી. પરંતુ જ્યારે યુનિવર્સિટીનું બિલ પાસ થઈ ગયું અને પછી યુનિવર્સિટીના સત્તાવાળાઓએ પ્રયાસ કર્યો કે કોઈપણ હિસાબે ગ્રાન્ટેબલ વિભાગ બંધ થાય અને એની જગ્યાએ કમાણી કરતો સેલ્ફ ફાયનાન્સ વિભાગ શરૂ થાય ત્યારે વિદ્યાર્થીઓએ આંદોલનો કર્યા અને મારે જરૂર એટલું કહેવું પડશે કે અત્યાર સુધી મંત્રીશ્રીએ એમને દાદ આપી નથી." એમ એમણે મારી વાતને સમર્થન આપેલું. મારું એટલું કહેવાનું છે કે ૨૦૦૯માં જ્યારે રાજ્ય સરકારે બિલ રજૂ કર્યું ત્યારે પણ નીતિ સ્પષ્ટ હતી, અમુક યુનિવર્સિટીઓના પ્રશ્નો આવ્યા ત્યારે પણ રાજ્ય સરકારની નીતિ સ્પષ્ટ હતી. એ પછી આદરણીય મહામહિમ રાજ્યપાલશ્રીએ જ્યારે અમને સંદેશ મોકલાવ્યો ત્યારે એ વખતે પણ અમારા શિક્ષણ વિભાગના અગ્રસચિવશ્રીએ ૬/૨૦૧૧ના પત્રથી રાજ્યપાલશ્રીને સ્પષ્ટતા કરતો વિગતવાર પત્ર લખ્યો છે. એમનો મેસેજ આવ્યા પછી અમે વિનંતી કરી કે મારે એમની સાથે ચર્ચા કરવી છે. મારા અધિકારીઓ સાથે બેઠક થઈ. આ કોઈ રાજકીય ટીકા-ટિપ્પણ નથી. એ વખતની સ્થિતિ એવી ઊભી થઈ કે મેસેજ તો હવે પહોંચી ગયો છે. એક સૂચન એવું થયું કે તમે વટહુકમ લાવો તો મંજૂર કરીશું. મેં કહ્યું કે તમે આદેશ કરશો તો વટહુકમ લાવીશું અને આદેશ નહીં કરો તો તમારો સુધારો છે એ અમે વિધાનસભામાં લાવીશું. જ્યાં સુધી શિક્ષણ વિભાગનો સવાલ છે ત્યાં સુધી આ રાજ્ય સરકારનો સવાલ છે ત્યાં સુધી કોઈ અહંનો સવાલ નથી અને સ્વાર્થનો સવાલ નથી કે લાગણી અને ભાવનાઓનો સવાલ પણ નથી. બંધારણના આમુખમાં જે લોકો જે સત્તાસ્થાને બેઠક છે એમનો આદર આ સરકાર કરતી રહી છે, કરવાની છે. અને એના આદરના ભાગ સ્વરૂપે એમની જે મુશ્કેલી છે અથવા એમને કાંઈક લાગે છે. રાજ્ય સરકારના મંત્રી તરીકે મેં બે બે વખત આ વિધાન સભાગૃહમાં ખાતરી આપી છે. પરંતુ મે અગાઉ કહ્યું એ પ્રમાણે એમની સાથે વાદવિવાદ ના હોઈ શકે સંવાદ હોઈ શકે અને સંવાદના ભાગ સ્વરૂપે એમણે જે હમણાં કહ્યું એ પ્રમાણેનો સુધારો લઈને જ્યાર આ વિધાન સભાગૃહમાં આવ્યો છું ત્યારે હવે આ અંગેની કોઈ પણ વિટંબણા મને લાગે છે કે રહેતી નથી અને એટલા માટે આ વિધાન સભાગૃહના તમામ સભ્યોને વિનંતી કરું છું કે સર્વાનુમતે આ મારું બિલ મંજૂર કરે.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧ નું વિધેયક ક્રમાંક-૯ સન ૨૦૧૧ નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક્નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**સભાપતિશ્રી** : કલમ-૨ સભાગૃહ સમક્ષ છે. હવે માનનીય મુખ્ય દંડકશ્રી પંકજ દેસાઈ તેમનો સુધારો રજૂ કરે.

**શ્રી પંકજકુમાર વી. દેસાઈ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે પ્રમાણે સુધારો રજૂ કરું છું.

In clause ૨, for paragraph (a), substitute the following :-

"(a) for the words, "The constituent colleges and institutions of the Sponsoring Body affiliated to and enjoying the privileges of any university immediately before the commencement of this Act", substitute the words "The constituent colleges and institutions of the Sponsoring Body, except the grant-in-aid colleges and institutions, affiliated to and enjoying the privileges of any university immediately before the establishment of the University under sub-section (૧)".

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ-૨ વિધેયકનો ભાગ બની.**

**કલમ ૩-૪, કલમ-૧ પ્રસ્તાવ દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧ નું વિધેયક ક્રમાંક-૯ સન ૨૦૧૧ નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સભાપતિશ્રી** : સન ૨૦૧૧ નું વિધેયક ક્રમાંક-૯ સન ૨૦૧૧ નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક:૩૯
## ગુજરાત પ્રાથમિક શિક્ષણ (સુધારા) વિધેયક, ૨૦૧૧
## ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭ વધુ સુધારવા બાબત વિધેયક.

**શ્રી રમણલાલ વોરા ( ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૧ નું વિધેયક ક્રમાંક:૩૯ -સન ૨૦૧૧નું ગુજરાત પ્રાથમિક શિક્ષણ સુધારા વિધેયક આપની અનુમતિથી દાખલ કરું છું.

**સભાપતિશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧ નું વિધેયક ક્રમાંક-૩૯ - સન ૨૦૧૧ નું ગુજરાત પ્રાથમિક શિક્ષણ (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર અને વિશેષ કરીને પ્રાથમિક શિક્ષણમાં જ્યારે અનેકવિધ સુધારાઓ આવી રહ્યા છે ત્યારે આજે આ બીલમાં મુખ્ય શિક્ષકની જગ્યા અત્યાર સુધીમાં પ્રાથમિક શિક્ષણ વિભાગના આ એકટમાં નહતી. હવેની જરૂરિયાત એવી ઊભી થઈ છે, જેમ જેમ શિક્ષણનો વ્યાપ વધતો જાય છે, વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થાય છે, ભૌતિક સુવિધાઓ વધતી જાય છે તેવા સંજોગોની અંદર આ સ્કૂલની અંદર મુખ્ય શિક્ષક હોવો પણ એક જરૂરી છે. આજના સેટ અપ પ્રમાણે જે શિક્ષક સિનિયર હોય એને મુખ્ય શિક્ષક બનાવવામાં આવે છે. એ શિક્ષકે પોતાનો ક્લાસ પણ ચલાવવાનો હોય છે એ સાથે અન્ય મિટીંગો અથવા અન્ય કામ પણ એણે કરવાનું હોય છે અને એના કારણે એ પોતાના વ્યવસાયને પૂરતો ન્યાય આપી શકતો નથી અને ન્યાય આપી નહીં શકવાના કારણે મુખ્ય શિક્ષકની નવી કેડર આ એકટ ધ્વારા અમે એમાં ઊભી કરવા માગીએ છીએ. આ પ્રથમ વર્ષે પાંચ હજાર આચાર્યોની ભરતી અમે કરવા માગીએ છીએ અને આ પાંચ હજાર આચાર્યોની ભરતી આ પહેલી વખત ગુજરાતમાં થઈ રહી છે. પચાસ ટકા શિક્ષકોની ભરતી સીધી ભરતીથી કરવામાં આવશે, પચાસ ટકા આચાર્યોની ભરતી એ પ્રમોશનથી કરવામાં આવશે. એમાં પહેલા તબક્કે પાંચ હજાર આચાર્યોની નવી જગ્યાઓ ભરવા માટે અત્યાર સુધીમાં આચાર્યની કેડર નહીં હોવાના કારણે એકટમાં આચાર્યની

---

* વિધેયક તા.૧૯મી સપ્ટેમ્બર ૨૦૧૧ ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું.

કૅડર ઉમેરવા માટેનું આ સુધારા વિધેયક છે. આ સુધારા વિધેયકને આ સન્નમાનીય સભાગૃહ સર્વાનુમતે મંજૂર રાખે એવી હું વિનંતી કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : પ્રવચન બીલ ઉપર શરૂ કરું એ પહેલાં માનનીય મંત્રીશ્રી પાસેથી એક સ્પષ્ટતા જેથી અમે એ લાઈન ઉપર કહી શકીએ. આપ પચાસ ટકા જે સીધી ભરતી અને પચાસ ટકા જે છે એ બાય સિનિયોરીટી કરવા માગો છો. જે સીધી ભરતી આપણે કરવાના છીએ એ જે વ્યવસાયે શિક્ષક કામ કરે છે એજ કે ફ્રેશને લઈને ભરવા માગીએ છીએ ? એટલા પૂરતી જ જરા દ્વિધા છે.

**શ્રી રમણલાલ વોરા** : એન.ટી.સી.ની જોગવાઈ પ્રમાણે કોઈ પણ શિક્ષકે જ્યારે હવે વિદ્યા સહાયક તરીકે અથવા માધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિક તરીકે જ્યારે એને રહેવું હોય ત્યારે એણે ટેટની અને ટાટની પરીક્ષા આપવી એ ફરજીયાત છે. અમે જે આચાર્યની ભરતી કરવાના છીએ એમાં જેણે આ પરીક્ષા પાસ કરેલી હશે એ કોઈ પણ ઉમેદવાર સીધી ભરતીથી આવી શકશે, કોઈ પણ ઉમેદવાર એની સાથે સાથે અત્યારે જે પચાસ ટકા, અત્યારે હાલ જે લોકો નોકરીમાં છે એ લોકો પોતાની રીતે જ્યારે આવશે ત્યારે એમાંના ઘણા લોકો સિનિયર પણ હશે, જ્યારે પ્રમોશન આપવાનું હોય ત્યારે ઉંમરનો બાધ પણ ન આવતો હોય બાકીની સામાન્ય વહીવટ વિભાગની જે ગાઈડ લાઈન છે જે આપણે બધા જાણીએ છીએ એ પ્રમાણે પચાસ ટકા ભરવાનો રાજય સરકારનો નિર્ધાર છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઈને આવ્યા છે એમાં પ્રાથમિકમાં આચાર્યની એટલે કે સિનિયર શિક્ષકની એક નવી કૅડર ઊભી કરવાની આ વિધેયકથી જોગવાઈ લઈને આવ્યા છે. વાત સાચી છે કે, અત્યારે આચાર્યની કોઈ કૅડર જ નથી પરિણામે પરિસ્થિતિ એ થાય કે જે સિનિયર મોસ્ટ શિક્ષક હોય એને આચાર્યની જવાબદારી સોંપવામાં આવે છે. એને જ્યારે જવાબદારી આપીએ છીએ ત્યારે એને સામે કોઈ વિશેષ વળતર આપી શકાતા નથી અને વહિવટી કામનો બોજો એના ઉપર વધતો હોય છે. ભારત સરકારે પણ નવા સુધારણાના ભાગરૂપે આચાર્યની નવી કૅડર કરવાની વાત કરી છે અને આચાર્યની નવી કૅડર બને એ આવકારદાયક પણ છે, પરંતુ અમારું જે મુખ્ય સૂચન છે આ બીલ સાથે આપ જે ભરતી કરો છો એમાં ફ્રેશને આપ શિક્ષક તરીકે જરૂર લઈ જાવ પરંતુ આચાર્ય તરીકે જો પચાસ ટકા ફ્રેશને આપ લાવવા માગશો તો પરિસ્થિતિ એ નિમાર્ણ થશે કે આપને ત્યાં જ શિક્ષક તરીકે કામ કરનારો વ્યકિત કેટલાક સમયથી સેવા આપે છે. એની સામે એક સીધી ભરતીથી એના બોસ તરીકે આવીને એપોઈન્ટ થાય છે અને આ કારણે એ કૅડરનો જે આપણે ત્યાં શિક્ષક કૅડરમાં કામ કરતી વ્યકિત છે એને કઈકને કઈક અસંતોષનો અહેસાસ થશે. એકઝામના પણ અમે વિરોધી નથી. હું એવું નથી કહેતો કે બ્લાઈન્ડલી આપ માત્ર પ્રમોશનથી જગ્યા ભરો. કદાચ આપને બે વિભાગ કરવા હોય તો કરો અમને વાંધો નથી. બાય પ્રમોશન ૫૦ ટકા અને ૫૦ ટકા બાય ઈન્ટર્વ્યૂ. ઈન્ટર્વ્યૂ કોણ આપી શકે. જે આપને ત્યાં પ્રાથમિક શિક્ષક તરીકે નોકરી કરતો હોય એ જ. ફ્રેશ કોઈ આવે અને ઈન્ટર્વ્યૂ ફેસ કરે. સીધો આચાર્ય કૅડરમાં નિમણૂક પામે એ મારી દ્રષ્ટિએ શિક્ષકના સમૂહની અંદર અસંતોષ પેદા કરશે, એટલા માટે આ મુદા પૂરતી સરકાર પુનઃવિચારણા કરે અને સાથે સાથે આપણે જ્યારે આ કૅડર ઊભી કરીએ છીએ ત્યારે એ કૅડરને પેલા શિક્ષક કરતા કઈક વિશેષ સવલતો. આર્થિક અને અન્ય. એ પણ વ્યવસ્થિત આપવાનું નહિ વિચારીએ તો જે પરિસ્થિતિ આજે થાય છે. આજે આપણે ત્યાં પ્રાથમિક શાળામાં સિનિયર શિક્ષક આચાર્ય થવા માટે સામેથી તેને કહેવામાં આવે છે, પરંતુ આચાર્ય થવા માગતો નથી. હું શિક્ષક તરીકે કામ કરીશ. આચાર્યની જવાબદારી નથી જોઈતી. આચાર્ય થવામાં એના ઉપર વહીવટી કાર્યબોજ આવે છે, પણ સામે વળતર કશું નથી, એટલા માટે એવી ઘણી શાળાઓ છે. જ્યાં સિનિયર શિક્ષક ના પાડે છે. મારે આચાર્ય રહેવું નથી. આચાર્યનો ચાર્જ જોઈતો નથી. ત્યારે એ સંજોગોમાં કોઈક એવા ઈન્સેન્ટિવ જેથી શિક્ષકને બદલે આચાર્ય થવા માટે એને પ્રેરણા મળે. આ મુદા સાથે આટલા સૂચન સાથે બહુ જ મર્યાદિત બિલ છે. જે ભરતી કરવા માટેની જેની ક્ષમતાઓ છે એની કમિટી. આચાર્ય કૅડરની વધારે ભરતી કરવા માટેનું મર્યાદિત ક્ષેત્રવાળું વિધેયક છે, એટલા માટે બિલના સ્કોપની બહાર સૂચનો જો શિક્ષણ ક્ષેત્રમાં કરવા બેસીએ તો ઘણાં બધાં છે, પણ હું એમાં પડતો નથી. માત્ર સકારાત્મક આ સૂચનને ગંભીરતાથી માનનીય મંત્રીશ્રી વિચારણામાં લે તેવું આપના માધ્યમથી વિનંતી કરીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી આત્મારામ મ. પરમાર (ગઢડા)** : માનનીય અધયક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે પ્રાથમિક શિક્ષણ સુધારા વિધેયક લઈને ગૃહમાં આવ્યા છે. એ બિલના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

પહેલા તો હું આ હાઉસ વતી માનનીય શિક્ષણ મંત્રીશ્રીનો જોગાનુજોગ આજે જન્મ દિવસ છે, એટલે એમને પણ શુભેચ્છા પાઠવું છું. આજે સવારે હાઉસની શરૂઆત થઈ. ગુજરાત વિધાનસભાની એક આગવી પરંપરા છે. આગવી ઓળખ છે. કોંગ્રસના મારા સદસ્યો ટોપી પહેરીને હાઉસમાં આવ્યા.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આત્મારામ પ્લીઝ...

**શ્રી આત્મારામ મ. પરમાર** : *(xxxx) માનનીય અધ્યક્ષ શ્રી મારે જે વાત કહેવી છે. બિલના સમર્થનમાં મારે વાત કરવી છે. ગુજરાતમાં આ બિલ..

---

* (xxxx) માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લીધેલા હોવાથી અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**સભાપતિશ્રી:** માનનીય આત્મારામજી આપણે બહુ સારી રીતે ગૃહનું સંચાલન ચાલે છે. સારી રીતે આપણે કાર્યવાહી ચલાવીએ છીએ. આપે ન કહેવા જેવી વાતો જે કહી તેમાં આપણા શબ્દો પાછા ખેંચો પ્લીઝ. આપ શબ્દો પાછા ખેંચી લો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારા શબ્દો હું પાછા ખેંચી લઉં છું. ટોપીનો ઉલ્લેખ નથી કરતો. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ શાસનમાં સિદ્ધિના અનેક સોપાનો સર કર્યા છે અને આ જે બીલ છે તે આચાર્યની કેડર ઉભી કરવાનું બીલ છે તે આ દિશામાં એક પ્રસંશનીય પગલું છે, સરાહનીય પગલું છે અને અભિનંદનને પાત્ર છે. આ નેતૃત્વની નીચે ગુજરાત આગામી દિવસોમાં ખૂબ નવી ઉંચાઈએ લઈ જવાના દીર્ઘદૃષ્ટા સમાન આ સફળ નેતૃત્વને આપણે સલામ કરીએ છીએ. મારે જે વાત કરવી છે કે ગુજરાતમાં જયારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે ત્યારથી શિક્ષણ વિષયક અનેક સુધારાઓ થયા છે. માનનીય આનંદીબેન જયારે શિક્ષણ મંત્રી હતા ત્યારથી શરૂ કરીને અત્યાર સુધીનો જે આખો સમયગાળો છે તેમાં આપણે જોઈએ તો નિશાળના વર્ગોથી માંડીને, વિદ્યાસહાયકોથી માંડીને, નવી શાળાઓ શરૂ કરવાથી માંડીને અને ધોરણ-૮ના માટે ઈંગ્લીશ, ગણિત અને વિજ્ઞાનના બી.એડ, થયેલા સ્નાતકોને શિક્ષકો તરીકેની નિમણૂક કરીને આ શિક્ષણનું સ્તર ઉંચુ આવે તેવા પ્રયત્નો ગુજરાતમાં થયા છે. આટલી વાત કર્યા પછી આપણે જોયું કે કેન્દ્ર સરકારે ૨૦૦૯માં ફરજિયાત શિક્ષણનો કાયદો પસાર કર્યો તો હું એમ માનું છું કે ગુજરાતમાં જે શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ શરૂ કર્યો, કન્યા કેળવણીનો કાર્યક્રમ શરૂ થયો, ભણવાલાયક જેમની ઉંમર હોય તેવા તમામ બાળકો શાળામાં દાખલ થાય તેની કાળજી સૌથી પહેલાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ રાખી છે અને ફરજિયાત શિક્ષણની એક પરંપરા છે. મારે બીજી વાત કરવી છે કે આ દેશમાં શિક્ષણને વિકાસની કરોડરજ્જુ મનાય છે. શિક્ષણ દ્વારા સ્વકલ્યાણ થાય છે, સમાજનું કલ્યાણ થાય છે.

**સભાપતિશ્રી:** આપ બીલ ઉપર આવી જાઓ. આપ બીલ ઉપર આવી જાઓ.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે કહું છું કે રાષ્ટ્રના કલ્યાણમાં

**સભાપતિશ્રી: પોઈન્ટ ઓફ ઓર્ડર છે.**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આત્મારામભાઈ શિક્ષણ ઉપર પ્રવચન આપે છે. જો તેમાં મને વાંધો નથી. પછી અમે તેનો જવાબ જે બોલ્યા છે તેનો આપીશું. તો તેની સાંભળવાની તૈયારી રાખે, બીજું કશું કહેવાનું નથી મારે. જે બોલવું હોય તે બોલે પણ જવાબ સાંભળવાની તૈયારી રાખે, પછી આપ અમને રોકતા નહીં.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ભાઈ મોઢવાડિયાજી, મુખ્ય શિક્ષકની જ વાત કરું છુ.

**સભાપતિશ્રી:** માનનીય આત્મારામભાઈ આ સુધારા વિધેયક છે. તેની ચર્ચા મર્યાદિત હોય છે. આ સુધારા વિધેયક ઉપર બોલો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ બીલના આધારે જે આચાર્યની મુખ્ય શિક્ષક તરીકે નિમણૂક થવાની છે. તેનાથી સ્વતંત્ર કામગીરી થશે. અત્યાર સુધી જે પરિસ્થિતિ હતી તેમાં એક શિક્ષકે શિક્ષક તરીકેની જવાબદારી લેવાની અને શાળાનો વહીવટ પણ સંભાળવાનો. એટલે એક જ વ્યકિતએ ડબલરોલમાં કામ કરવું પડતું હતું. આ બીલને લીધે જે મુખ્ય શિક્ષક થશે તેને આમાંથી મુકિત પણ મળશે અને શાળાના વિકાસમાં અને ગુણવત્તા સુધારણાનો સરકારનો જે કાર્યક્રમ છે તે કાર્યક્રમમાં પણ તે સરકારને મદદરૂપ આ બીલના માધ્યમથી થવાનો છે તે આપણે જોઈ શકીએ છીએ. એટલે આ બીલને સમર્થન આપીને મારા વિચારોને વિરામ આપું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) માનનીય વજુભાઈ, માનનીય આત્મારામભાઈ તમારું નથી માનતા, એ મારું કયાંથી માને? માનનીય આત્મારામભાઈને એવું છે કે, કંઈકને કંઈક આવું બોલીએને કયાંક કોઈની નજરમાં વસી જઈએ, આજ દિવસ સુધી તો એ વસ્યા નથી. ટોપી તો ત્યાં પણ છાપામાં આવી ગઈ હતી, આત્મારામભાઈ, અહીંયાં તો આજે પહેરી છે અને પહેરી રાખવાના છીએ, તમારે ઝપાઝપી થાય છે, ટોપી માટે તો તમારા ત્યાં ઝપાઝપી થાય છે,

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે આચાર્ય અને એની કૅડર નવી ઊભી કરવા માટે જે બિલ લઈને આવ્યા છે, સ્વાભાવિક છે કે, રાઈટ ટુ એજ્યુકેશન અમલમાં આવ્યા પછી જે પ્રકારે એના ગુણવત્તા સુધારવાનું પણ કામ છે એમાં આચાર્ય છે એ ખૂબ મોટી ભૂમિકા ભજવતા હોય છે. એક સમય એવો હતો કે, આચાર્યની અલગ કૅડર હતી પણ ખરી, એના પછી જે સિનિયર શિક્ષક છે એને ચાર્જ આપવાની વાત આવી, એટલે આચાર્યની કૅડર રહી નહીં, અને ફરી પાછી આ આચાર્યની કૅડર બનાવવાનું બિલ રાજય સરકાર લઈને આવી છે એ આવકાર્ય છે એમાં કંઈ કહેવાનું નથી પરંતુ વિરોધપક્ષના નેતાશ્રી શકિતભાઈએ જે સૂચન કરેલું છે, અથવા તો ધ્યાન દોરેલું છે, આખા દેશની અંદર કોઈ શિક્ષણ વ્યવસ્થા એવી નથી કે જેમાં આચાર્યની સીધી ભરતી થતી હોય, કૉલેજોની અંદર

પણ મીનીમમ કવોલીફીકેશન દશ વર્ષનું છે, માધ્યમિક શાળાઓની અંદર પણ હું માનું છું ત્યાં સુધી પાંચ વર્ષનું મીનીમમ કવોલીફીકેશન, પાંચ વર્ષનો અનુભવ જોઈએ એમ આમાં પણ મિનિમમ અનુભવની જોગવાઈ હોવી જોઈએ કારણકે સીધા આચાર્ય તરીકે આપણે નિમણૂક આપીશું તો એને જે ભણાવવાનો અનુભવ છે એ પૂરતો નહીં હોય, તો એટલે એવી રીતનો જો જોગવાઈ થાય, ખાતરી અપાય તો હું માનું છું કે, આ બિલની સાથે બીજું કંઈ ખાસ કહેવા પૂરતું નથી અને આપણા ત્યાં ચિંતાનો વિષય એ છે કે, આપણી જે પ્રાથમિક શાળાઓ છે, એમાં હંમેશાં ગરીબ અને મધ્યમવર્ગના બાળકો ભણતા હોય છે અને એમાં છેલ્લે રાજય સરકારે એવું નક્કી કર્યું સો કરતાં ઓછાં બાળકો હોય એવી શાળાઓ બંધ કરવી. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત રાજય સરકારને અને માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, જે શાળાઓમાં સંખ્યા ઓછી છે, એ હંમેશાં છેવાડાના વિસ્તાર હશે કે ગરીબ વિસ્તાર હશે. મારી તો આપને વિનંતી છે કે, આમાં સારા મુખ્ય શિક્ષક મૂકીને એની સંખ્યા વધારાય એવા પ્રયાસો આપણા તરફથી થવા જોઈએ

માનનીય અધ્યક્ષશ્રી, હું એક જ દાખલો આપીશ કે જો શિક્ષકો અને વાલીઓ સાથે મળી અને મહેનત કરે તો કેવું પરિણામ આવી શકે છે, મારા મત વિસ્તારની અંદર એક કાંટેલા ગામ છે, એ શાળાની અંદર ૬૭ બાળકો ભણતાં હતાં, એક ઉત્સાહી એંજિનિયર આવ્યા, ઈન્ફાસ્ટ્રક્ચર એ સરકારની મદદ લઈને બનાવતા હતા એની સાથે હું ચર્ચા કરતો હતો ત્યારે એ ગામના એક માજી સરપંચ, વીસ વર્ષ પહેલાં સરપંચ રહેલા, પછી એ વિદેશ ગયા, અને પંદર વર્ષ પછી પાછા આવ્યા, પાછા આવીને એ કંઈ પ્રવૃત્તિ નહોતા કરતા, ઉત્સાહી હતા, મેં એમને કહ્યું કે તમારા ગામમાં આ સ્કૂલ ખંડેર જેવી છે આ એંજિનિયર છે એમની સાથે મળીને સારી સ્કૂલ બનાવી દો, ગામના બધા લોકોએ સાથે મળીને સ્કૂલ બનાવી, એ કાંટેલા ગામની સ્કૂલમાં જમીન ઘટતી હતી એ જમીન બાજુમાં વેચાતી લીધી અને એ સ્કૂલ એવી બની કે આજે એ ૬૭ વિદ્યાર્થીઓની જગ્યાએ ૪૦૦ વિદ્યાર્થીઓ ત્યાં ભણે છે. આખા ભારતમાંથી સરકાર પાસે જે લોકો આવતા હશે કે અહીંયા સારી સ્કૂલો કઈ તો લગભગ ભારતના તમામ રાજયના મહાનુભાવો એ આ સ્કૂલની વિઝિટ લઈ ગયા છે. જે નબળી સ્કૂલો છે અથવા ઓછી સંખ્યાવાળી સ્કૂલો છે એ સ્કૂલોમાં આ પાંચ હજારમાંથી સારા શિક્ષકોને મુખ્ય શિક્ષક તરીકે મૂકી એને ટાર્ગેટ આપી, એને પ્રોત્સાહન આપી અને એની સંખ્યા વાધારાય તો આજે જે ખાનગી પ્રાથમિક શાળાઓમાં બાળકોનું વાલીઓનું જે આર્થિક શોષણ થાય છે એ ન થાય અને આપણે જે ગુજરાત સરકાર અને ભારત સરકાર આટલા પૈસા વાપરે છે આ બધા જ પૈસાનું રીટર્ન આપણા બાળકોના શિક્ષણમાં મળે અને એ આવનારી પેઢી છે આપણી એ મજબૂત જ્ઞાનથી અને બીજી બધી રીતે બને એવા મારા સૂચન સાથે આ બિલમાં જો આટલી સ્પષ્ટતા કરશે તો હું માનુ છું કે અમારા જે નેતા છે એમણે જે ચિંતા વ્યકત કરી છે એનો પણ ખુલાસો થઈ જશે અને આપનું આ બિલ સરળતાથી વિના-વિરોધે પસાર થઈ જશે.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ(બારડોલી)** : માનનીય અધ્યક્ષશ્રી, જે સરકારી વિધેયક ક્રમાંકઃ૩૯ માનનીય શિક્ષણ મંત્રીશ્રી લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શાળાની અંદર સૌ પ્રથમ પહેલી વખત આચાર્યની પોસ્ટીંગની ભરતી કરવા માટેની વિચારણા કરવા માટેનું બિલ લઈને આવ્યા છીએ ત્યારે આચાર્ય એ શાળાનો વહીવટ અને સંચાલન કરવાનું છે. આ અંગેનું બિલ આ સરકાર લઈને આવી છે ત્યારે આ સરકારને આ માટે હું સૂચન પણ કરું છું અને સૂચનની સાથે આ બિલ આવે એવું મારા અનુભવના આધારે કહું છું કે, આચાર્યએ શિક્ષકનો વહીવટ કરવાનો છે અને એણે

શિક્ષકની જવાબદારી પણ નિભાવવાની છે. આચાર્યએ માત્ર એને શાળાનું સંચાલન નથી કરવાનું પણ સાથે શિક્ષણના કાર્યનું પણ ધ્યાન રાખવાનું છે. આચાર્યની પોસ્ટીંગ અંગે માનનીય મંત્રીશ્રી હમણા એમ કહતા હતા કે એણે તાલુકા કક્ષાએ જવાનું, પ્રાથમિક શાળાની જવાબદારી સંભાળવાની આ બધી જે વાત છે એ મને લાગે છે ત્યાં સુધી પ્રાથમિક શાળામાં જે આચાર્યની ભરતી થશે એ ભરતી આચાર્યએ માત્ર ટપાલી અને પટાવાળાની કામગીરી કરવાની છે? કલાર્કની કામગીરી કરવા માટે જ આચાર્યની ભરતી કરવાની હોય એવું મને લાગે છે. ખરેખર તો આચાર્યની સાથે આપણે પ્રાથમિક શાળામાં ધોરણ-૮ કર્યું એટલે એને માટે પટાવાળાની ભરતી કરવી જોઈએ, પ્રાથમિક શાળામાં્ કલાર્કની ભરતી થવી જોઈએ. માત્ર આચાર્યની ભરતીથી શિક્ષણની ગુણવત્તા આપણે સુધારી શકવાના નથી. એટલે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આચાર્યની ભરતી સાથે પટાવાળાની ભરતી થાય, આચાર્યની સાથે કલાર્કની ભરતી થાય તો જ શિક્ષણની ગુણવત્તા સુધરશે અને શિક્ષણમાં પારદર્શકતા આવશે એમાં કોઈ શંકાને સ્થાન નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માત્રને માત્ર ૫૦ ટકા આચાર્યની સીધી ભરતીની વાત આવી છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે જે પ્રાથમિક શાળામાં ખાનગી પ્રાથમિક શાળામાં જે શિક્ષક છે એ શિક્ષકને આમાં આપણે અનુભવના આધારે લેવા માગીએ છીએ કે કેમ? જો અનુભવના આધારે એ શિક્ષકને આપણે લેવા માગતા હોઈએ તો આચાર્યનો પગાર ગ્રેડ શું હોઈ શકે? કાં તો પછી આપણે એને શિક્ષક સહાયકનો ગ્રેડ આપવા માગીએ છીએ? કે સ્પેશિયલ કોઈ પે ગ્રેડ છે એ ગ્રેડથી ભરતી કરવા માગીએ છીએ એનો પણ ઉલ્લેખ થવો જોઈએ. નહીં તો માત્ર એવું થશે કે પ્રાથમિક શાળાનો શિક્ષક ખાનગી શાળામાં નોકરી કરતો હોય એ સરકારી શાળામાં આવે એને અગાઉ ત્યાં ૧૧૦૦૦ પગાર મળતો હોય એને આપણી સરકારી શાળામાં ૪૦૦૦ હજારમાં નોકરી કરવી પડે એવી પરિસ્થિતિ ન થાય એનું આપણે ધ્યાન રાખવું પડશે.

બીજું, આચાર્યની ભરતીની જે વાત છે એ આચાર્યને સીધી ભરતીમાં સરકારી અનુભવના આધારે ભરતી કરવા માગીએ છીએ એમાં હાલમાં પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૭ સુધીનું શિક્ષણ હતું અને હવે ધોરણ ૮ પણ પ્રાથમિક શાળામાં ગયું છે. તો આઠમું ધોરણ દાખલ થવાના કારણે પી.ટી.સી. થયેલા શિક્ષકો આપણી પાસે છે એમાંથી આચાર્ય તરીકે લેવા માગીએ છીએ કે ધોરણ આઠ માટે હાલ જે સીધી ભરતી કરી છે તેમાંથી આપણે આચાર્ય તરીકે ભરતી કરવા માગીએ છીએ, અનુભવના આધારે આચાર્ય બનાવવા જોઈએ, નહિ કે પી.ટી.સી. થયેલો શિક્ષક એ આઠમા ધોરણ સાથે આચાર્ય તરીકે ભરતી ન કરીએ, એના ધારાધોરણ મુજબ ભરતી થાય એ મુજબનું આયોજન હોવું જોઈએ અને બીજું સરકારી કર્મચારીઓ એટલે કે પ્રાથમિક શાળાના શિક્ષકને આપણે સરકારના કાર્યક્રમમાં જોતરી દઈએ છીએ તેના માટેની ભરતી હોય તો આવી ભરતી ન થવી જોઈએ તેનું પણ હું તમને ધ્યાન દોરું છું.

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા બિલ ઉપર ચાર જેટલા માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યકત કર્યા છે. સૌથી પહેલા કુંવરજીભાઈનો જવાબ આપી દઉં. મિત્રો આપણે અહીંયા આ સભાગૃહમાં બેઠેલા છીએ બધા આપણે જે વખતે પ્રાથમિક શાળામાં ભણતા હતા એ વખતનો માહોલ અને આજના માહોલમાં તમને અને મને ફરક લાગે છે, કુંવરજીભાઈ એમ કહે કે શિક્ષકને તમે પટાવાળો એ મને લાગે છે કે આપણા આ સભાગૃહ માટે શિક્ષક માટે આવો શબ્દપ્રયોગ વાપરવો એ ઠીક નથી, મારી એક મિત્રભાવે એમને વિનંતી છે કે, આવો શબ્દપ્રયોગ શિક્ષક માટે નહિ વાપરવો જોઈએ, આપણે બધા જાણીએ છીએ તેમ પહેલી વખતે આચાર્ય કેડરની પાંચ હજારની જગ્યાઓ ભરી રહ્યા છીએ, ધોરણ ૮ ને પ્રાથમિક શાળામાં આપણે લઈ ગયા,

એના માટેનો પણ સમયગાળો આપ્યો છે કે ૧, ૨, ૩ આપણે તબક્કાવાર લઈ જવા માગીએ છીએ અને જેના કારણે જ્યાં જ્યાં ધોરણ- ૭મું ચાલે છે ત્યાંસુધી આપણે આઠમું ધોરણ સમગ્ર રાજયમાં કરવા માગીએ છીએ અને એ કરવાના ભાગ સ્વરૂપે આગળ કહ્યું એ પ્રમાણે કે શિક્ષકનું કામ એ માત્ર ટપાલીનું કામ એ પહેલાં પણ નહોતું અને આજે પણ નથી, શિક્ષક એટલે શિક્ષક તરીકે જ કામ કરશે, માત્ર ફેર એટલો જ છે કે, અત્યારસુધીમાં ક્યાંકને ક્યાંક.. મિત્રો મારે એ પણ કહેવું છે કે, રાજય સરકારનો સ્પષ્ટ જી.આર. છે અને એમાં રાજય સરકારે એવું નક્કી કર્યુ છે કે, કોઈપણ પ્રાથમિક શિક્ષકને વસતિ ગણતરીનો કોઈ કાર્યક્રમ હશે તો અથવા ચુંટણીલક્ષી કામગીરી, જે કેન્દ્ર સરકાર આધારિત કામગીરી જે સૂચવવામાં આવે છે એ સિવાયની કોઈપણ કામગીરી  અમારો શિક્ષક કરશે નહિ આનો સ્પષ્ટ જી.આર. થયેલો છે, માનનીય શક્તિસિંહભાઈ અને માનનીય અર્જુનભાઈએ જે વાત કરી એમની વાત સાથે હું સહમત છું કે એમને એક કોઈ શિક્ષક આવશે તો એમાં વિસંવાદિતા થશે જ અને આ વાત ગંભીરતાપૂર્વક રાજય સરકાર લઈને ચાલે છે અને એટલા માટે આજે અમારી પ્રાથમિક શાળાનો જે પણ શિક્ષક હશે એ શિક્ષકનો પાંચ વર્ષનો અનુભવ નહિ હોય, એણે ટેટની પરીક્ષા નહિ આપી હોય તો એ આચાર્ય બની શકશે નહિ, જેના કારણે માનનીય અર્જુનભાઈની અને શકિતસિંહની જે ચિંતા છે એ રાજય સરકાર સમજીને ચાલે છે સ્વીકારીને ચાલે છે.

અને જ્યારે રાજય સરકાર આ વાત સ્વીકારીને ચાલતી હોય ત્યારે મને લાગે છે ત્યાં સુધી એક સુપાસાથી એક શરૂઆત કરી છે. પાંચ હજાર આચાર્યોથી શરૂઆત કરી છે, તબક્કાવાર આપણે આગળ વધવા માગીએ છીએ ત્યારે આ કેડરને રાજય સરકાર ભરવા માટેનું જે બિલ લઈને આવી છે તેમાં આપ બધાજ મને સર્વાનુમતે મંજૂરી આપો એટલી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક :૩૯નું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક :૩૯નું ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક: ૩૯નું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે સર્વસંમતિથી પસાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૬-૨૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૧**
**આશ્વિન ૫, ૧૯૩૩ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવા અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### વ્યારાના સરકારી ગોડાઉનમાંથી અનાજ અને અન્ય ચીજવસ્તુઓ સગેવગે થવા બાબત

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ(બારડોલી)** : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) તાપી જિલ્લામાં તા.૩૧-૮-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વ્યારા ખાતે આવેલ સરકારી ગોડાઉનમાંથી અનાજ તથા અન્ય ચીજવસ્તુઓ બારોબાર સગેવગે કરવાનું કૌભાંડ પકડાયું છે તે હકીકત સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો જવાબદારો સામે સરકારે શાં પગલાં લીધા?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી:**

(૧) આવી કોઈ બાબત ધ્યાને આવેલ નથી, પરંતુ તા. ૧૦-૧૧-૨૦૧૧ના રોજ અરિહંત ટ્રેડર્સ રામપુરા નજીક ગામે ગોડાઉનમાંથી ઘઉંનો જથ્થો મળેલ છે જે સરકારી ઘઉં છે કે કેમ, તે તપાસ ચાલુ છે.

(૨) જથ્થો સીઝ કરેલ છે. બાબત સુનાવણી પર છે.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે પહેલા એવું હતું કે અનાજ ગોડાઉનમાંથી ઊંદરો લઈ જતા હતા, હવે મને લાગે છે કે બે પગવાળા લઈ જાય છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, આપ સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : કેટલો કુલ જથ્થો ઘઉંનો પકડાયો હતો અને ઘઉંનો જથ્થો પકડાયો હતો એ કયા માર્કાવાળો હતો, આ જથ્થો પકડાયો છે ત્યારે સાક્ષી કોને બનાવવામાં આવ્યા છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રશ્ન પૂછ્યો છે એમાં જવાબ વિસ્તારપૂર્વક આપવામાં આવેલો છે. એમનો એક પ્રશ્ન હતો કે આ માલ સરકારી ગોડાઉનમાંથી સગેવગે થયો છે કે કેમ એવો એમનો આરોપ હતો. એમને બીજો પ્રશ્ન એમ કર્યો કે આ જથ્થો કોનો છે, અમે આ જથ્થાની તપાસ કરાવી હતી, ૧૧-૮-૨૦૧૧ના રોજ આ જે જથ્થો છે એ સરકારી ગોડાઉનમાંથી ત્યાં કોઈ જગ્યાએ ગયો નથી. આ કોનો જથ્થો છે તો આ જથ્થો સરકારનો નથી. એ પહેલા મેં પ્રશ્નના જવાબમાં સ્પષ્ટતા કરી દીધી છે. આ જે ફરિયાદ મળી હતી એ ફોન દ્વારા કલેકટરશ્રીને ૧૧મી તારીખે કરવામાં આવેલ હતી એમાં કહેવામાં આવ્યું હતું કે વ્યારાનું ગોડાઉન છે એ ગોડાઉનમાં સુરેશચંદ્ર ઉત્તમચંદ્ર શાહના ગોડાઉનમાં આ જથ્થો પડ્યો છે. બિન પરવાનેદાર જથ્થો ત્યાં હતો. કલેકટરશ્રીની સૂચનાને આધારે ત્યાં દરોડો પાડવામાં આવ્યો હતો અને એના આધારે અમારા વિભાગે એ માલ સીઝ કર્યો. સીઝ કરેલ જથ્થો ચેક કરીને એ જથ્થો સરકારી ગોડાઉનનો માલ નથી એનું વેરિફિકેશન લાંબા સમય સુધી કર્યુ અને સરકારના ગોડાઉનમાંથી કોઈ જથ્થો ત્યાં ગયો નથી. એમણે બીજો પ્રશ્ન કર્યો કે કયા માર્કાનો હતો. તો ગવર્નમેન્ટ ઑફ પંજાબના માર્કાનું બારદાન એના ઉપર હતું. આ બારદાન ગુજરાતમાં જ નહિ બધી જગ્યાએ વેચાય છે. એનો જે જથ્થો હતો એ સરકારી ગોડાઉનમાંથી આવેલ નથી એનું વેરિફિકેશન પૂર્ણ કરેલ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવા માગું છું કે સોર્સ કયાંથી આવેલો અને માનનીય ધારાસભ્યશ્રીની માહિતી છે એ પ્રમાણે ગરીબ લોકોને આપવા માટેનું અનાજ બની શકે સરકારી ગોડાઉનમાંથી કે સસ્તા અનાજની દુકાનમાંથી ગયું હોય. આપણા સૌની જવાબદારી છે એ અનાજ કયાંય આમતેમ ન થતું હોવું જોઈએ. આ અનાજ એમને ત્યાં હતું એના ઉપર ફૂડ કોરપોરેશન ઑફ ઈન્ડિયાના માર્કાવાળુ બારદાન હતું, ખાલી બારદાન વપરાયું હતું તો પણ એમાંનો માલ કયાંથી આવ્યો એની તપાસ કરવામાં આવી છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : એની પાછળ એક મહિનાથી તપાસ કરવામાં આવી છે. સરકારી ગોડાઉનમાંથી નથી ગયું એનો જવાબ મેં આપી દીધો છે. એનું પગેરુ અમે કાઢ્યું છે આ બિન પરવાનેદાર જે જથ્થો ગોડાઉનમાં હતો એમાં ૪૨૫ કિવન્ટલ ઘઉનો જથ્થો હતો. મગફળી ૨૦૮ કિવન્ટલ હતી. અને સીંગદાણા ૫૩ કિવન્ટલ હતા. આ જથ્થો બિલ નંબર ૭૨ દ્વારા પાંજરાપોળ માર્કેટ કેશોદથી મેળવવામાં આવ્યો હતો. અને એનું બિલ નં.૭૨ રજૂ કર્યું છે એનો કલેકટરે સ્વીકાર કર્યો હતો. બિલ નં.૭૪ દ્વારા ઘઉં ટેસ્ટી બ્રાન્ડ કટ્ટા ૧૨૦ નંગ એટલે કે ૬૦૦૦ કિલો બીજો જથ્થો પણ કેશોદથી આવેલ. સાવરીયા ટ્રેડીંગ કંપની ગ્રેડ મર્ચન્ટ, ઉજ્જૈનથી મેળવેલ છે. લગભગ ૩૩૫૦ ક્વિન્ટલ જથ્થો ત્યાં લાવવામાં આવેલ છે. આ પ્રમાણે ૨૭૨ ક્વિન્ટલનો હિસાબ તેઓ આપી શક્યા નથી. બિલ બતાવ્યા પણ ડુપ્લીકેટ બિલનો વિભાગે સ્વીકાર કર્યો નથી અને એ બિલના ઓરીજીનલ બિલ સબમીટ કરવા માટેની સૂચના આપી છે અને આજે તપાસ ચાલુ છે એનું હિયરીંગ આપેલ છે અને આવતી તારીખોમાં આનો નિકાલ કરવામાં આવશે.

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને પુરવઠા મંત્રીશ્રીને હું અભિનંદન આપવા માગું છું કે, કાળાબજારીયાઓને જેર કર્યા છે અને કેટલાય લોકોને છેલ્લા બે વર્ષમાં જેલ ભેગા કર્યા છે. તાપી જિલ્લામાં વ્યારા સરકારી ગોડાઉનમાંથી કોઈ જથ્થો સગેવગે થયો નથી. તેમ છતાં આપના માધ્યમથી જાણવા માગું છું કે, સરકારશ્રી દ્વારા આ ગોડાઉનની કેટલી વાર તપાસ કરવામાં આવેલ છે અને તેના શું પરિણામ આવ્યા છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે બાબતે સરકારી ગોડાઉન ઉપર આરોપ કર્યો હતો એ સરકારી ગોડાઉનમાંથી કોઈ માલ સગેવગે થયેલ નથી. પરંતુ માનનીય સભ્યશ્રીએ પૂછયું છે કે આ ગોડાઉન ઉપર સરકારે કોઈ ચેકીંગ કર્યું છે કે નહીં? તો મારા વિભાગે તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ આ ગોડાઉનનું ૪૫ વખત ચેકીંગ કર્યું છે. જેમાં જિલ્લા પુરવઠા મામલતદારે ૧૯ વખત, નાયબ મેનેજરે ૫ વખત, જિલ્લા ગોડાઉન નિરીક્ષકે ૧૪ વખત, નાયબ મેનેજરે ૨ વર્ષમાં એક વખત, આસિસ્ટન્ટ સુપરવાઈઝરે ૧ વખત, મામલતદારે ૨ વખત, આસિસ્ટન્ટ મેનેજરે ૧ વખત અને મેનેજર ક્વોલીટી કેટ્રોલે ૧ વખત અને આસિસ્ટન્ટ મેનેજર વિઝિલન્સે ૨ વખત એમ ૨ વર્ષમાં ૪૫ વખત આ ગોડાઉનનું ચેકીંગ થયું છે. એમાં એક વખત પણ ગેરરીતિ જણાઈ આવેલ નથી.

## ગાંધીનગર શહેરને વૃક્ષોના ઓળખ માટેનું આયોજન

***૨૩૦૩૮ શ્રી સુરેશકુમાર ચ. પટેલ(કલોલ)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ ગાંધીનગર શહેરના દરેક સેકટરોને વૃક્ષોથી ઓળખ માટેનું આયોજન કયારે કરવામાં આવ્યું,

(૨) તે અન્વયે વૃક્ષ ઉછેરવા બદલ રૂ.૫૧,૦૦૦/- સુધીના ઈનામો આપવાની જાહેરાત સામે તા. ૩૧-૭-૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી વ્યકિતઓને કેટલી રકમના ઈનામો કયારે આપવામાં આવ્યા અને

(૩) દરેક સેકટરોને તે અન્વયે કયા કયા વૃક્ષોના નામે ઓળખ આપવામાં આવી?

**વન મંત્રીશ્રી :**

(૧) જુન-૨૦૦૭માં ગાંધીનગર શહેરના દરેક સેકટરોની ઓળખ ખાસ વૃક્ષોથી થાય તેના માટે સૂચવવામાં આવેલ હતું.

(૨) ઉપરોકત સૂચનોમાં ગાંધીનગરમાં સેકટરોની ઓળખ માટેના ખાસ વૃક્ષનો ઉછેર માટે ઈનામ સૂચવવામાં આવેલ નથી.

(૩) સામેલ પત્રક મુજબ.

**પત્રક**

| સેકટર નંબર | સૂચિત વૃક્ષોની જાત | સેકટર નંબર | સૂચિત વૃક્ષોની જાત |
|---|---|---|---|
| ૧ | લેગરસ્ટોમીયા | ૧૬ | રેઈનટ્રી |
| ૨ | મીલેટીયા | ૧૭ | આંબા |
| ૩ | લીમડા | ૧૮ | પુત્રંજીવા |
| ૪ | કાસીદ | ૧૯ | પેલ્ટોફાર્મ |
| ૫ | આમળા | ૨૦ | પેથોડીયા |
| ૬ | જાંબુ | ૨૧ | સપ્તપર્ણી |
| ૭ | બદામ | ૨૨ | પોંગારો |
| ૮ | ટુબોનીયા | ૨૩ | કાયજેલીયા |
| ૯ | પીન્કેશીયા | ૨૪ | કણજા (કરંજ) |
| ૧૦ | બોરસલ્લી | ૨૫ | અરીઠા |
| ૧૧ | બોહનીયા | ૨૬ | સીરસ |
| ૧૨ | સીસું | ૨૭ | ગરમાળો |
| ૧૩ | ખાખરો | ૨૮ | ગુલમહોર |
| ૧૪ | અરડુસો | ૨૯ | રગતરોયડો |
| ૧૫ | આસોપાલવ | ૩૦ | સેવન |

**શ્રી સુરેશકુમાર ચ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સેકટરોના નામ વૃક્ષો પ્રમાણે આપ્યા છે એ કયા આધારે આપ્યા છે? (અંતરાય)

**(સભ્યશ્રી કુંવરજીભાઈ હળપતિ દ્વારા સતત સૂત્રોચ્ચાર )**

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્ન ઉપર આઠ મિનિટ ચર્ચા થઈ છે, પાંચ મિનિટની મર્યાદા હોય છે. માનનીય મંગુભાઈ આપ જવાબ આપો.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નનો જવાબ સેકટરવાઈઝ પત્રક સ્વરૂપે આપેલ છે. વૃક્ષો અમે વાવ્યા છે. ખરેખર આ યોજના માર્ગ અને મકાન વિભાગની હતી. પરંતુ આ યોજનાને આખરીરુપ નહીં અપાતાં એનો અમલ અમારા વન વિભાગે કર્યો છે. જે તે સેકટરમાં આ પ્રમાણેના વૃક્ષો વાવીને તે પ્રમાણે સેકટરની ઓળખ થાય અને ગાંધીનગર શહેર હરીયાળું બને એ માટે આખી યોજના વન વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલી છે. **શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો મંત્રીશ્રીને સીધો સવાલ છે કે આ નામાભીકરણ જે તમે આપ્યું એ કયા આધારે આપવામાં આવ્યું? અને દરેક સેકટર દીઠ જે નામો આપ્યા છે એમાં મોટા પ્રમાણમાં જે વૃક્ષો હોય એના આધારે આપવામાં આવ્યું છે કે કયા ઇરાદે આપવામાં આવ્યું છે એ અમે જાણવા માગીએ છીએ.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ તો વન વિભાગે જે તે સેકટરમાં ફરીને કયાં કયા ઝાડ વધારે સારી રીતે ઉગી શકે છે એ રીતે નકકી કર્યુ છે અને એ પ્રમાણે વાવેતર કરેલ છે.

**શ્રી શંભુજી ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે ગાંધીનગર શહેરમાં પ્રોજેકટ મુજબ છેલ્લા ૩ વર્ષમાં સેકટરવાર ખાસ વૃક્ષોની કેટલી જાતના રોપા વાવવામાં આવેલા છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સેકટર-૨માં મીલેટીયા-૭૮૨, સેકટર-૩માં લીમડા ૧૦૫૯, સેકટર-૪માં કાસીદ ૮૬૫, સેકટર-૬માં જાંબુ ૬૧૨, સેકટર-૭માં બદામ ૩૨૬, સેકટર-૧૭માં આંબા ૧૦૦ સેકટર-૧૯માં પેલ્ટોફાર્મ-૧૦૦, સેકટર-૨૦માં પેજથોડીયા ૭૭૬૧, સેકટર-૨૧માં સપ્તપર્ણી ૨૮૫, સેકટર-૨૩માં કાયજેલીયા ૧૧૨૨, સેકટર-૨૪માં કણજી ૧૮૭૫, સેકટર-૨૫માં અરીઠા ૫૭૬, સેકટર-૨૮માં ગુલમહોર ૬૨૯૯, સેકટર-૨૯માં રગતરોયડો ૨૮૧, સેકટર-૩૦માં સેવન ૨૩૮૬ આમ ૨૪૪૨૬ જેટલા વૃક્ષો વાવેલા છે.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી જાણવું છે કે ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં રાજીવ ગાંધી વન કયા સેકટરમાં આવેલું છે અને આ રાજીવ ગાંધી વનમાં કેટલા વૃક્ષો રોપવામાં આવ્યા છે અને હાલ કેટલા વૃક્ષો તૈયાર છે અને કેટલા કાપી નાખવામાં આવ્યા છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અલગ નોટીસ આપવી પડશે.

**શ્રી કલ્યાણસિંહ દેહરસિંહ ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં કઈ કઈ જાતના વૃક્ષો જોવા મળે છે અને કેટલી સંખ્યામાં છે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગરમાં મુખ્યત્વે લીમડા, આંબા, ગુલમહોર, પ્લેટોફાર્મ, દેશી બાવળ, રાયણ, અરડુસો, આસોપાલવ, બોરડી ગરમાળા, મીલેટીયા વગેરે મોટા પ્રમાણમાં જોવા મળે છે.

## કેન્દ્રના વન અને પર્યાવરણ વિભાગે મુંદ્રામાં પર્યાવરણ ખાતાની મંજૂરી વગર ગેરકાયદેસર બાંધકામનો માંગેલ અહેવાલ

*** ૨૩૪૮૦ શ્રીઈશ્વરભાઈ ન. વહીઆ(મહુવા)** : તા:૧-૩-૧૧ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા પ્ર.ક્ર. ૧૮૬૫૬ (અગ્રતા ક્રમ -૨૨) ના અનુસંધાને : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

૧. કેન્દ્રના વન અને પર્યાવરણ વિભાગે મુન્દ્રામાં પર્યાવરણ વિભાગની મંજૂરી વગર બાંધકામ કરેલ છે તે અન્વયે તા: ૩૧-૭-૧૧ની સ્થિતિએ આખરી અહેવાલ રાજય સરકારે ક્યારે મોકલ્યો, અને
૨. આ અહેવાલની મુખ્ય વિગતો કઈ કઈ છે?

**વન મંત્રીશ્રી :**

૧. તા:૨૫-૭-૨૦૧૧ તેમજ તા: ૨૭-૭-૨૦૧૧ના રોજ.
૨. "સ્ટર્લીંગ હોસ્પિટલ" અને સમુદ્ર ટાઉનશીપ" કે જે ગેરકાયદેસર રીતે બંધાયેલા હોવાની રજૂઆત થયેલ હતી. તે ક્રીકથી ૧૦૦ મીટરથી વધારે અંતરે આવેલ છે. જે સેન્ટર ફોર અર્થ સાયન્સ સ્ટડીઝ, તિરુવન્થપુરમ દ્વારા બનાવવામાં આવેલ સી.આર.ઝેડના નકશા ઉપર ઉપરોકત બાંધકામોને સુપર ઈમ્પોઝીશન કર્યા બાદ માલૂમ પડેલ છે અને તેથી સી.આર.ઝેડ નોટીફીકેશનનો ભંગ થતો નથી. વધુમાં મુંદ્રા પોર્ટ દ્વારા રજૂ કરેલ નીચે મુજબના દસ્તાવેજો ભારત સરકારને મોકલાવેલ છે.

(અ) મુંદ્રા પોર્ટ અને સેઝ લિમિટેડે ડેવલોપમેન્ટ માટે મેળવેલ તમામ જગ્યાના મહેસુલી રેકર્ડ અને મંજૂરીના હુકમો.

(બ) સેન્ટર ફોર અર્થ સાયન્સ સ્ટડીઝ દ્વારા બનાવેલ નકશા ઉપર મુંદ્રા પોર્ટ દ્વારા તેમની વિવિધ પ્રવૃત્તિઓનું કરેલ સુપર ઈમ્પોઝીશન

(ક) મેંન્ગ્રુઝના વાવેતર અંગેની વિગતો.

(ધ) મુંદ્રા પોર્ટ દ્વારા મેળવેલ એન્વાર્યમેન્ટ કલીયરન્સ/સીઆરઝેડ કલીયન્સના હુકમોની નકલ.

(ચ) મુંદ્રા પોર્ટ દ્વારા છેલ્લા દસ વર્ષ દરમ્યાન લેવામાં આવેલ સેટેલાઈટ ઈમેજની નકલો.

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ જે મને આપ્યો છે એની અંદર ફકત તરફેણનો જવાબ છે. મૂળ હકીકત એવી છે કે મુંદ્રામાં જે ઉદ્યોગો અને યુનિટોને કેટલી જમીન આપી છે એ આપણે જાણવું

છે, અને એ જમીન આપ્યા પછી જે ડેવલપમેંટ કરવામાં આવે છે તે વખતે પર્યાવરણને ધ્યાનમાં રાખીને મંજૂરી આપી છે કે કેમ? , બીજો પ્રશ્ન મારો એ છે કે એના કારણે ત્યાં જે ઝાડનો નાશ થતા ચીંગારા, જરુખ, મોર એવા પશુઓ અદ્દશ્ય થયા છે અને એના કારણે પશૂઓ પર ખૂબ જ મોટી પર્યાવરણની અસર થઈ છે તો સરકારની જવાબદારી છે કે કેમ?

**શ્રીમંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં મંજૂરી કેન્દ્ર સરકારે આપવાની હોય છે, ગુજરાત સરકારે ભલામણ કરવાની હોય છે અને બધું જ ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે ત્યાં કેન્દ્ર સરકારને ભલામણ કરી છે અને કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, આ મુંદ્રા જેવામાં આવી હોસ્પિટલ થઈ એના માટેય આટલી બળતરા થઈ, અહીંયા અભિનંદન આપે છે મુખ્યમંત્રીને? આખા રાજયએ અને આખા દેશે અભિનંદન આપ્યા, એમાં આટલી બળતરા થાય છે, પ્રશ્ન તો પૂછવા દો, માનનીય અધ્યક્ષશ્રી, આ બધી બળતરાઓનો આ એક નમૂનો છે. સાહેબ. મારે એ જાણવું છે સાહેબ કે જે વિકાસ થઈ રહ્યો છે કચ્છનો એમાં આવા નાના ઇશ્યુ કાઢીને જે રીતે હેરાન કરવામાં આવે છે અને એમાં પણ કચ્છનો વિકાસ કરવો હોય તો કોસ્ટલ ડૅવલપમેન્ટ કરવું જ પડે તો મારે એ જાણવું છે કે આ કોસ્ટલ ઝોન મેનેજમેંટ ઓથોરીટી, ભારત સરકારે આ ઓથોરીટીને શું સૂચના આપી છે, કેટલા બધા લિસ્ટ, કેટલી બધી માહિતી મોકલાવી છે એક નાનકડી એવી હૉસ્પિટલની પરમીશન માટે.હું જાણવા માગું છું કે ભારત સરકારે કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટીને શું શું સૂચનાઓ આપી છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારે ગુજરાત કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટીને સૂચના આપી છે કે સમુદ્ર ટાઉનશીપ અને સ્ટર્લિંગ હૉસ્પિટલના બાંધકામથી સી.આર.ઝેડ નોટિફિકેશનના ભંગ બાબતે તપાસ કરી તેનો અહેવાલ આપવો અને મુંદ્રા પોર્ટ એસ.ઈ.ઝેડના સ્થળ બાબતે પુનઃ સી.આર.ઝેડ વિસ્તાર નક્કી કરી કંપની દ્વારા કરાયેલ સૂચિત પ્રવૃત્તિને નકશામાં અંકિત કરી એમાં જો સી.આર.ઝેડ નોટિફિકેશનનો ભંગ થયો હોત તો તેની તપાસ કરવાનું કહ્યું છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી એમ કહેતા હતા કે આપ જે માહિતી મોકલો અને ભલામણ કરો એની અંદર પર્યાવરણની મંજૂરી તો ભારત સરકાર આપે છે. પછી એ સી.આર.ઝેડમાં ડિસ્ટન્સ ટાઈડ લેવલથી કેટલું છે એ આપે બતાવવાનું હોય છે. ભારત-પાકિસ્તાન બોર્ડરથી કેટલું દૂર છે એ આપે બતાવવાનું હોય છે અને આપે શું બતાવેલ છે એ આપને જ ખબર હશે. નીમાબેને વાત કરી કે હૉસ્પિટલ આપી દીધી. હૉસ્પિટલ બાંધવાનું કોઈને કહ્યું હોય તો ઠીક છે, સરકારી હૉસ્પિટલ આપી દીધી એમાં મુખ્યમંત્રીને અભિનંદન નહીં આપીએ. તમે આપજો (અંતરાય) તમારે અભિનંદન જોઈતા હોય તો હું લાચાર છું, નહીં આપું. (અંતરાય) એમને વાંધો પડે છે. (અંતરાય) કાલે અમારી પાસે એવું માંગશો કે સાબરમતી જેલ અમારાથી ભરાઈ ગઈ છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ પ્રશ્ન ઉપર આવો, પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : દરેક બાબતમાં અભિનંદન અમારી પાસેથી ન લઈ શકો. એમની મજબૂરીઓ હશે, અમારે મજબૂરી નથી. (અંતરાય) ત્યાં રોકવા હતાને? (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : કોઈ સભ્ય બોલે એનો જવાબ આપવાની જરૂર ન હોય.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : નીમાબેને કહ્યું કે હોસ્ટિપલમાં તમે વાંધો લો છો.

**શ્રી વજુભાઈ વાળા** : કોઈ સભ્ય બોલે એનો જવાબ આપવાની જરૂર ન હોય. મંત્રી કાંઈ બોલ્યા હોય તો ચોક્કસ એના ઉપર ટિપ્પણી થઈ શકે.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, આપ સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પ્રશ્ન ઉપર આવું છું. આ તો ધરાર મારી પાસેથી અભિનંદન માગે છે. મારી લાચારી છે. હું નહીં આપી શકું. મારો પ્રશ્ન બહુ ટૂંકો છે. આ મંજૂરી આપ્યા પછી મોનિટરીંગની જવાબદારી રાજ્ય સરકારની છે અને આજે પણ જે બ્રેકીસ લેન્ડ છે ત્યાં જે મેન્ગ્રોઝ આવેલ છે એ મેન્ગ્રોઝ ઉપર પૂરણ કરીને એનો નાશ થઈ રહ્યો છે એવા ફોટા સાથેના અહેવાલ કેટલાય દિવસોથી આવે છે એને રોકવા માટેની કાર્યવાહી રાજ્ય સરકાર કરવા માગે છે કે કેમ? અને ત્યાં કોઈ આ પ્રકારે ટીમ મોકલી અને ઈન્સ્પેકશન કરાવવા માગે છે કે નહીં એની માહિતી માનનીય મંત્રીશ્રી આપે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : આ બાબતમાં ભારત સરકારના વન અને પર્યાવરણ મંત્રાલયના અધિક નિયામક ડૉ. સેન્થીવીલે પોતે મુલાકાત લીધી છે અને એમણે જે કેટલાક સૂચનો કરેલા એનો કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટીએ જવાબ આપ્યો છે અને એમણે મેન્ગ્રોઝની વાત કરી છે એ અત્યારે કેસ હાઈકોર્ટમાં સબ જ્યુડિશ છે એટલે એનો જવાબ હું આપી શકું નહીં.

**શ્રી રમેશ વ. મહેશ્વરી** : પ્રશ્ન ક્રમાંકઃ ૩ ના પૂરક પ્રશ્નમાં હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ આ બંદરોના વિકાસ થકી ગુજરાતનો વિકાસ કર્યો છે અને આ બંદરો ઉપર વધારેમાં વધારે કેન્દ્રના મંત્રીશ્રીઓ આંટા મારે છે. ભારત સરકારે તા. ૧૫-૧૨-૨૦૧૦ના રોજ ગુજરાત સરકારને એક નોટિસ આપી છે. આ નોટિસ અન્વયે રાજ્ય સરકારે શું શું પગલા લીધા છે એ હું જાણવા માગું છું.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તા.૧૫-૧૨-૨૦૦૦ની નોટિસ અન્વયે ભારત સરકારની તા. ૧૫-૧૨-૨૦૧૦ની નોટિસ અન્વયે ગુજરાત કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટીના સભ્યો, જેમાં વન અને પર્યાવરણ વિભાગના અધિકારી, એમ. એસ. યુનિવર્સિટીના અધિકારી, ઝિયોલોજિસ્ટ વિભાગના અધિકારી, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ નિયંત્રણ બોર્ડ તથા અગ્રમુખ્ય વનસંરક્ષક દ્વારા તા. ૬ અને ૭ જાન્યુઆરી ૨૦૧૧નાં રોજ સ્થળ તપાસ કરવામાં આવેલ હતી. આ સભ્યોના પ્રાથમિક તારણ મુજબ સ્ટર્લિંટ હૉસ્પિટલ અને સમુદ્ર ટાઉનશીપ ભૂખી નદીના કિનારાથી આશરે ૧૦૦ મીટરના અંતર બાદ બનાવેલ છે. આ બાબતે વધુ ચોક્કસ માપણી અને સ્થળના જી.ટી.એસ. લોકેશનને લઈ નકશા ઉપર અંકિત કરવા માટે મુંદ્રા પોર્ટ અને સેઝે જણાવેલ છે તથા આ મુજબનો વચગાળાનો અહેવાલ ભારત સરકારશ્રીએ તા.૧૭-૧-૨૦૧૧ નાં રોજ ઈ-મેઈલ દ્વારા મોકલી આપવામાં આવેલ છે.

**લુણાવાડા તાલુકાના દલવાઈ સાવલી ગામની વાજબી ભાવની દુકાનનું લાયસન્સ રદ થવા બાબત**

***૨૩૪૧૭ શ્રી હીરાભાઈ હ. પટેલ(લુણાવાડા)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના લુણાવાડા તાલુકાના દલવાઈ સાવલી ગામે સરકાર માન્ય વાજબી ભાવની દુકાનનું લાયસન્સ ક્યારે રદ કર્યુ,

(૨) આ ગામે વાજબી ભાવની દુકાન ફરીથી શરૂ થાય તે માટે સરકારે શી કાર્યવાહી કરી, અને

(૩) કેટલા સમયમાં વાજબી ભાવી દુકાન કાર્યરત કરવામાં આવશે?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**

(૧) તા.૬–૯–૯૪ થી લાયસન્સ રદ કરવાનો હુકમ થયેલ, પરંતુ ન્યાયિક પ્રક્રિયાને કારણે લાયસન્સ તા.૧૧–૧૨–૨૦૦૭થી રદ થયેલ છે.

(૨) આ ગામે વાજબી ભાવની દુકાન ચાલુ કરવા માટે તા.૧૭-૩-૨૦૧૧થી જાહેરનામું બહાર પાડવામાં આવેલ, જે અન્વયે જિલ્લા પુરવઠા સલાહકાર સમિતિની તા.૩-૬-૨૦૧૧નાં રોજ યોજાયેલ બેઠકમાં ઉમેદવારની પસંદગી કરી તા.૧૪-૯-૨૦૧૧થી દુકાન મંજૂર કરવામાં આવેલ છે.

(૩) મંજૂર થયેલ વાજબી ભાવની દુકાન સત્વરે કાર્યરત કરવામાં આવશે.

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે લુણાવાડા તાલુકાના દલવાઈ સાવલી ગામમાં તા.૬-૯-૯૪થી સસ્તા અનાજની દુકાનનું લાયસન્સ રદ થયું ત્યાર પછી તા.૧૧-૧૨-૨૦૦૭નાં રોજ ચુકાદો આવ્યો. ન્યાયિક પ્રક્રિયાના કારણે એ ચુકાદો આવ્યા પછી તા.૧૭-૩-૨૦૧૧થી એટલે લગભગ ૪ વર્ષ પછી નવું લાયસન્સ ઈશ્યું કરવા માટે આ કામ કરતી સરકારે જાહેરનામું બહાર પાડ્યું. ૧૭ વર્ષે અમે પ્રશ્ન પૂછ્યો એના કારણે લાયસન્સ નવી વ્યકિતને ઈશ્યુ કરવામાં આવ્યું. આ પ્રક્રિયાને ૧૭ વર્ષ લાગ્યા. મારો પ્રશ્ન સરકારને એ છે કે આ કામ કરતી સરકાર આ પ્રક્રિયામાં આ વિલંબિત પ્રક્રિયાને ઘટાડી શકાય એવી કોઈ પદ્ધતિ સરકાર અપનાવવા માગે છે કે કેમ? અને કયા હિતોના કારણે ૧૭ વર્ષ સુધી આ પ્રશ્નનો ઉકેલ લાવવામાં ના આવ્યો? અને કોનું હિત એમાં સમાયેલું હતું એ પણ જાણવા માગુ છું.

**શ્રી જીતેન્દ્ર સુખડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ મૂળ દુકાનદાર આર.એન.ચૌહાણ હતા. હવે તેમણે કુલમુખત્યારનામું નીમીને એમના ભાઈને ચલાવવા આપેલી. કાયદેસર રીતે આ કામ કરી શકે નહિ અને પોતાના નામે મંજૂર થયેલ દુકાન બીજા કોઈને પણ હંગામી કે કાયમી ધોરણે દુકાન ચલાવવા માટે આપી શકાય નહિ તેથી એમનું લાયસન્સ રદ કરવામાં આવેલ. જિલ્લા પુરવઠા અધિકારીએ તા.૬-૯-૯૪ ના રોજ તેમનું લાયસન્સ રદ કરેલ. એની સામે આ ભાઈએ જિલ્લા કલેકટરશ્રીને અપીલ કરેલ હતી. કલેકટરશ્રીએ તા.૨૫-૧૦-૯૪થી એમની અરજી નામંજૂર કરેલ છે. ત્યારપછી સરકારશ્રીમાં તેમણે રિવિઝન અરજી કરી. આ કેમ વિલંબ થયો તેની વાત તમને કરું છું. તા.૨૨-૨-૯૬ના હુકમથી રિવિઝન અરજી પણ રદ કરવામાં આવી અને તેની સામે આ દુકાનદારે ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશ્યલ સી. એ. દાખલ કરી. મેટર સબજ્યુડિશ બની પણ મીનવાઈલ અમે બીજા દુકાનદારને આ કાર્ડ વહેંચી દેવામાં આવેલ હતા અને વિતરણની કામગીરી ચાલુ હતી એટલે એમાં કોઈ વિલંબ થયેલ નથી. તા.૧૧-૧૨-૨૦૦૭ના રોજ હાઈકોર્ટે તેમની રીટ કાઢી નાંખી. એટલે જાન્યુઆરી ૨૦૦૮થી સપ્ટેમ્બર ૨૦૧૧ સુધી અન્ય દુકાનદારો દ્વારા આ કામકાજ ચલાવવામાં આવેલ. તા.૧૪-૯-૨૦૧૧નાં રોજથી ભરતકુમાર ગોવિંદલાલ પરમારને આ દુકાન ફાળવવામાં આવી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો એમાં સમજી શકાય કે ન્યાયાધીન બાબત હતી અને એ કારણે આપ કહી શકો કે ૧૧-૧૨-૨૦૦૭ સુધી આપ નહીં કરી શક્યા. આપે બીજાને કાર્ડ ફાળવી આપ્યા પણ એ કાર્ડ, એક રૅશનિંગના આપણા ધારાધોરણો કરતાં આવી પરિસ્થિતિમાં આપ્યા હોય ત્યારે એની કેટલી તકલીફો કાર્ડ ધારકોને પડતી હોય છે. કારણ કે, એ એરિયામાં નથી હોતું, એ દુકાન બીજે હોય છે એટલે એનું જે અંતર છે એ પણ વધી જતું હોય, ૨૦૦૭થી માનનીય સભ્યશ્રીએ વિસ્તારની મુશ્કેલીઓને ધ્યાને લઈને પ્રશ્ન પૂછ્યો નહીં ત્યાં સુધી એટલે કે, ૨૦૦૭ થી ૨૦૧૧ સુધી જે પ્રક્રિયામાં સમય ગયો એને કોઈ

સ્ટ્રીમ લાઈન કરીને આવી બાબતોમાં સરકાર કોઈ ધારા ધોરણ નક્કી કરવા માગે છે કે આટલા સમયમાં અમે પ્રક્રિયા પૂરી કરીશું, પંદર દિવસ, એક મહિનો, બે મહિના કે ત્રણ મહિના? જ્યાં દુકાન ખાલી પડી હોય એમાં ગાઈડ લાઈન જ એવી બને કે, ત્રણ મહિના કે ચોક્કસ સમયમાં એ પ્રક્રિયા પૂર્ણ થાય અને નવો દુકાનદાર ત્યાં આવી જાય અને જ્યારે ન્યાયાધીન બાબત થઈ હોય ત્યારે જેટલી ડિપાર્ટમૅન્ટની ત્વરિતતા હોય એટલો નિકાલ પણ થાય. જ્યારે આપે ઑન ફેઈસ ઑફ ઈટ કહો છો કે, મુખત્યાર પાસે દુકાન ચલાવી નહીં શકાય એવી બાબત હતી તો એમાં ૧૯૯૪ થી ૨૦૦૭ સુધીનો સમય ગયો તો એનું કારણ આપણે ત્યાંથી પણ પરશ્યું નહીં થયું હોય તો એ માટે કોઈ વિભાગને સૂચના આપીને કોઈ વ્યવસ્થા એવી ઊભી કરવા માગીએ છીએ કે ચોક્કસ સમય મર્યાદામાં નવો દુકાનદાર ત્યાં આવી જાય ?

**શ્રી જીતેન્દ્ર સુખડીયા** : જે ડિપાર્ટમેન્ટલ પ્રક્રિયા અમારી થઈ એ તો નિશ્ચિત સમયમાં અમે પૂરી કરી હતી પરંતુ હાઈ-કોર્ટમાં ગયા પછી એ અમારા હાથની વાત રહેતી નથી. હું ૨૦૦૭ પછી જ વાત કરું છું (અંતરાય) અને આપનું સૂચન એ બાબતમાં વિચારી લેવાશે. આ સૂચન છે એના ઉપર વિચારી લઈશું.

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે, આ દુકાનનું લાયસન્સ કયા કારણોસર રદ કરવામાં આવ્યું હતું અને મારી જાણ મુજબ ભેળસેળને કારણે, અનાજ સગેવગે કરવાના કારણે અને બોગસ કાર્ડોના કારણે ? તો આ કયા કારણોસર આ લાયસન્સ રદ કરવામાં આવ્યું હતું ? અને આ રૅશન કાર્ડ બોગસ કાઢવામાં આવ્યા છે એમાં માનનીય મુખ્ય મંત્રીશ્રીના ભાઈ, પ્રહલાદભાઈએ હાઈ કોર્ટમાં આઈ.પી.એલ. કરી છે કે કેમ ?

**શ્રી જીતેન્દ્ર સુખડીયા** : સ્થિતિ ખૂબ સ્પષ્ટ છે. જેને દુકાન ફાળવવામાં આવેલી મિસ્ટર આર.એન.ચૌહાણને, તેણે આ દુકાન એના ભાઈના નામ ઉપર તબદીલ કરી અને મુખત્યારનામું રજૂ કરીને તે ગેરકાયદેસરનું કૃત્ય હતું એટલે અમે રદ કરેલું.

## કૃષિ મહોત્સવમાં થયેલ કામગીરી.

***૨૩૬૦૭ શ્રી કાળુભાઈ ચ. રાઠોડ(ઉના)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) વર્ષ ૨૦૧૧-૧૨માં રાજયમાં કૃષિ મહોત્સવમાં કઈ કઈ કામગીરી કરવામાં આવી, અને

(૨) તેનાથી કેટલા ખેડૂતોને/પશુપાલકોને તેનો લાભ મળ્યો ?

**કૃષિ મંત્રીશ્રી :**

(૧) ખેતી ખાતા મારફત કરવામાં આવેલ કામગીરી :

કૃષિ કીટ્સ તથા સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ, જમીન ચકાસણી, ખેડૂતોને માર્ગદર્શન, ખેત ઓજાર નિદર્શન, ગામવાર પાક આયોજન, ભીંત સૂત્રો લખવા, કલાકારો મારફત ડાયરા, ભવાઈ તથા લોકગીતો.

**બાગાયત ખાતા મારફત કરવામાં આવેલ કામગીરી :**

વિના મૂલ્યે બાગાયતી પાકોના ઈનપુટસનું વિતરણ, હાઈટૅક હોર્ટિકલ્ચરના નિદર્શનો ઉપર ખેડૂતોને માર્ગદર્શન, ગ્રામ્ય કક્ષાએ મહિલાઓ માટે ફળ-શાકભાજી પરીક્ષણ તાલીમ વર્ગો, ખેડૂત શિબિરો, વિના મૂલ્યે સાહિત્ય તથા બાગાયતી પ્રવૃત્તિના વિકાસનું માર્ગદર્શન.

**પશુપાલન ખાતા મારફત કરવામાં આવેલ કામગીરી:**

પશુપાલન ઈનપુટ કીટનું વિતરણ, પશુ રસી કરણ, કૃત્રિમ બીજ દાન, પશુ આરોગ્ય કૅમ્પ, તથા જાતિય સારવાર, શિબિરો, પશુ પ્રદર્શન, પુસ્તિકાઓના વિતરણ.

**મત્સ્યોદ્યોગ ખાતા મારફત કરવામાં આવેલ કામગીરી :**

૩ સ્વર્ણિમ શિબિરો, ૧ જિલ્લા કક્ષાની શિબિર, ૨૧ તાલુકા કક્ષાની શિબિરો, ૩ દિવસીય રંગીન માછલીનું પ્રદર્શન, લાભાર્થીઓને કીટનું વિતરણ, લાભાર્થીઓને કૌશલ્ય વર્ધક તાલીમ, માછીમાર બોટ ધારકોને ડીસ્ટ્રેસ એલર્ટ ટ્રાન્સમીટરનું વિતરણ.

(૨) ખેતી માટે ૩૨,૩૧,૨૧૭ ખેડૂતોને લાભ મળેલ છે. બાગાયત માટે ૫,૧૦,૧૮૨ ખેડૂતોને લાભ મળેલ છે. પશુપાલન માટે ૧૪,૫૩,૫૨૬ પશુપાલકોને લાભ મળેલ છે. મત્સ્યોદ્યોગ સંબંધિત ૧,૦૬૧ લાભાર્થીઓને લાભ મળેલ છે.

**શ્રી કાળુભાઈ ચ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના ધ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, કૃષિ મહોત્સવથી પ્રાપ્ત થયેલા પરિણામો અને ફાયદાઓની વિગતો શું છે ?

**શ્રી દિલીપ સંઘાણી :** માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મહોત્સવના કારણે કેવા પરિણામો આવ્યા છે એ માનનીય સભ્યશ્રીએ જાણવા માટેનો પ્રયત્ન કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં વર્લ્ડ બૅન્કે ગુજરાતના કૃષિ મહોત્સવની સરાહના કરીને સમગ્ર એશિયાને ગુજરાતના કૃષિ મહોત્સવના આધારે કૃષિ ક્ષેત્રમાં કેવી પ્રગતિ થઈ શકે એના માટે ગુજરાતને અનુસરવાની ભલામણ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારે, આયોજન પંચ દિલ્હી ધ્વારા સમગ્ર દેશમાં પ્રથમ વખત ખેતી સોઈલ હેલ્થ કાર્ડના આધારે કૃષિ ક્ષેત્રમાં કેવી ક્રાંતિ લાવી શકાય એ સ્વયં સમગ્ર દેશમાં પ્રથમ ગુજરાત સરકારે આ કૃષિ ક્ષેત્રની ક્રાંતિ માટે સોઈલ હેલ્થ કાર્ડ આપીને કૃષિ ક્ષેત્રમાં જે ક્રાંતિ લાવ્યા છે એની

પણ સરાહના અને આ પ્રમાણે દેશના અન્ય રાજયો જે સોઈલ હેલ્થ કાર્ડ આપે તો આયોજન પંચ પણ એમને સબસીડી આપશે એવો નિર્ણય કર્યો છે. કૃષિક્ષેત્રે ટપક પદ્ધતિથી માંડીને ફુવારા પદ્ધતિ વગેરેમાં જે પાણી હતું એ પાણીનો વધુમાં વધુ ઉપયોગ કરીને આપણે સૌ જાણીએ છીએ કે સમગ્ર દેશમાં કૃષિ વિકાસ દર હજુ ચાર ટકાએ પહોંચવા માટે પણ છેલ્લા દસ વર્ષથી પ્રયત્ન કરે છે. છતાં પહોંચી શકયા નથી ત્યારે ગુજરાત કૃષિ વિકાસ દરમાં ૧૧ ટકા જેટલો હાંસલ કરીને સમગ્ર દેશમાં વિશ્વનું ધ્યાન કૃષિ ક્ષેત્રે દોરાયું છે. એમાં મહત્વનું યોગદાન જે કેટલાક પાસાઓનું છે એ કૃષિ મહોત્સવનું છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશની અંદર ખાસ કરીને આંધ્ર જેવા રાજયની અંદર ખેડૂતોને પોષણક્ષમ ભાવ અને ખેતીવાડીને નુકસાન થવાને કારણે આત્મહત્યા કરવી પડે એવી સ્થિતિ છે ત્યારે ગુજરાત સરકાર સુગઠીત માર્કેટીંગ માળખું તૈયાર કરી તેમજ પ્રકૃતિના પણ સરકાર અને પ્રજા ઉપર, ખેડૂતો ઉપર આશીર્વાદ હોવાને કારણે અને ત્રીજું કે જે જ્ઞાન લેબની અંદર રહેતુ હતું યુનિવર્સિટીમાં એને લેન્ડ સુધી લાવવા માટેના જે પ્રયત્નો કર્યા એને કારણે આવું સરસ પરિણામ મળ્યું છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે જે સતત કૃષિ રથનો કાર્યક્રમ ચાલ્યો એમાં કેટલા અધિકારીઓ અને કર્મચારીઓએ ભાગ લીધો? કેટલા પ્રજાજનોએ ભાગ લીધો અને કુલ કેટલા ગામોની અંદર આ કૃષિ રથ પહોંચ્યો એ માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં અખાત્રીજ એ ખેડૂતોની દિવાળી કહેવાય. એ કૃષિ ક્ષેત્રમાં પ્રગતિ માટે અખાત્રીજે ખેડૂતો પોતાના સાધનો સજજ કરીને કામગીરીનો પ્રારંભ કરતા હોય છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ કૃષિ મહોત્સવ અખાત્રીજથી જ શરૂ કરવો એવો નિર્ણય કરીને ધોમધખતા તાપમાં ૩૦ દિવસ સુધી સતત કૃષિ મહોત્સવને આ રાજયના લગભગ ૧૮૦૦૦ ગામોમાં ફેરવીને સ્થાનિક ખેડૂતોને એની યોગ્ય માહિતી આપીને પ્રોત્સાહન આપ્યું. ૨૪૫ જેટલા રથ બનાવવામાં આવેલા જે સમગ્ર રાજયના ગામડાંઓમાં ફરીને માર્ગદર્શન આપતા હતા. લગભગ રાજયના એક લાખ જેટલા ઉચ્ચ કક્ષાના અધિકારીઓ, પદાધિકારીઓ, કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો અને ગુજરાતનું હિત જેમના હૈયે છે એવા ધારાસભ્યશ્રીઓ, પોલીટીકલ પાર્ટીના આગેવાનો, પદાધિકારીઓ અને મંત્રીમંડળના તમામ સભ્યોએ આ કૃષિ મહોત્સવમાં ભાગ લઈને ગુજરાતની પ્રગતિમાં હરિયાળી ક્રાંતિ સર્જવામાં ખૂબ મહેનત કરી છે અને સતત જે ગુજરાતની પ્રગતિ થઈ રહી છે એમાં આ રાજયના એક લાખ જેટલા ઉચ્ચકક્ષાના અધિકારીઓ, પદાધિકારીઓએ ભાગ લીધો હતો.

**શ્રી બાબુભાઈ જે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે સને ૨૦૧૦-૧૧ની અંદર પશુઓને કયા કયા રોગની સારવાર કરવામાં આવે છે, સમગ્ર રાજયની અંદર પશુઓના કેટલા મેળા કરવામાં આવે છે અને મેળા દ્વારા કેટલા ટકા દુધ ઉત્પાદન થયું છે?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મહોત્સવ એ માત્ર ગામડાંઓમાં જઈને ગરીબ જરૂરિયાત મંદ ખેડૂતોને કીટ આપીને કે માર્ગદર્શન આપીને અટકી જવાનો કાર્યક્રમ નથી. રાજયના લગભગ તમામ ગામોમાં કૃષિ મહોત્સવની સાથોસાથ એ ગામના પશુઓને વેકસીન પણ આપવામાં આવે છે. જેથી કરીને ચોમાસા દરમ્યાન એ રોગથી મુક્તિ મેળવી શકે અને રાજયમાં આજ દિવસ સુધી લગભગ ૧૦૬ જેટલા વિવિધ પશુઓમાં રોગ પશુઓ જેવા કે ઘેંટા, બકરા, ઊંટ, ગાય, ભેંસ આવા અનેક વિસ્તારો અલગ અલગ ઉત્તર ગુજરાત હોય કે કચ્છ હોય, દક્ષિણ ગુજરાત હોય કે સૌરાષ્ટ્ર હોય અલગ અલગ પશુઓમાં અલગ અલગ વિસ્તારોમાં અલગ અલગ પ્રકારના લગભગ ૧૦૬ જેટલા રોગો જોવા મળતા હતા. આ વૅક્સિનના કારણે વર્ષવાર લગભગ ૨૭૦૦ થી ૩,૦૦૦ જેટલા પશુ આરોગ્ય મેળાઓ કરીને વિનામૂલ્યે પશુપાલક, ખેડૂતોના પશુઓને સારવાર આપીને આ રાજ્યમાંથી લગભગ ૬૦ કરતા વધારે રોગો નષ્ટ કરવામાં આવ્યા છે અને આજે માત્ર ૪૦ જેટલા રોગો છે. આવતા દિવસોમાં આ પશુઓને રોગમુક્ત કરવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ મહોત્સવની વાત કરતા હતા. મહોત્સવમાંથી ઉત્પાદન થઈ જતું હોય તેવો એમનો દાવો પણ હતો. માનનીય મંત્રીશ્રી અમારા મિત્ર છે. ખાલી બે થી ત્રણ પ્રશ્ન છે.

**અધ્યક્ષશ્રી** : સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મિત્રતાનો દાવો કરી શકું ને. મારે એટલું પૂછવું છે કે ૧૦ વર્ષમાં કૃષિ ઉત્પાદન વધ્યું જાણે એ પહેલા એક નેતા આવીને કહી ગયેલા કે ગુજરાતમાં કશું થતું જ નથી, બહારથી આવીને. તમે બધાએ સાંભળી પણ લીધું. એની વાત કરવાની છે. (અંતરાય) એની વાત કરવાની છે ખાતરની એ પછી કરીશું. તમારો આભાર માનીશ કે ખાતરનો ઇસ્યુ લઈ આવ્યા તમે. પણ ખેડૂતને જે જરૂર છે એ બાકી રહી ગયું છે મહોત્સવમાં. આપ મહોત્સવ દ્વારા વિકાસની વાતો બહુ કરો છો, *(xxxx) (xxxx) (અંતરાય)

*(xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ આ પ્રશ્ન આમાંથી ઉદ્‌ભવતો નથી. પ્લીઝ (અંતરાય) એટલે આપને આ પૂછવાની મંજૂરી આપતો નથી અને રેકર્ડ ઉપરથી દૂર કરું છું. આપ સીધો પ્રશ્ન પૂછો. (અંતરાય) પ્લીઝ. મેં રેકર્ડ ઉપરથી દૂર કર્યો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : વર્લ્ડ બૅન્કનો ઉલ્લેખ છે. અને ગુજરાતની અંદર જે ઘટના બનેલ છે. રેકર્ડ ઉપર કહેવા માગું છું.(અંતરાય) એમાં આપ દૂર કરાવો. મારો બીજો પ્રશ્ન આ રાજ્ય સરકાર કૃષિ મહોત્સવ કરીને છેલ્લા ૧૦ વર્ષથી ૪ લાખ ખેડૂતો વીજ કનૅક્શન વગરના બેઠા છે, તેને કનૅક્શન આપવા માગો છો?

**અધ્યક્ષશ્રી** : આ ઊર્જા વિભાગનો પ્રશ્ન છે. આમાં આવી શકે નહિ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ૫૭૦૦ તાલુકા ડાર્ક ઝોનમાં આવેલા છે.

**અધ્યક્ષશ્રી** : આપ ઊર્જાનો પ્રશ્ન પૂછો છો. વિભાગ બદલાય છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : કૃષિ મહોત્સવ કરવા માગો છો?

**અધ્યક્ષશ્રી** : આપ અલગ નોટિસ આપશો. અર્જુનભાઈ પ્લીઝ..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ડાર્ક ઝોનમાં તમે લઈ આવ્યા. (અંતરાય) ડાર્ક ઝોન અને ત્રાસઝોન તમે લઈ આવ્યા. ૨૦૦૩ પછી એક પણ કનેશન ડાર્ક ઝોનમાં નથી આપ્યા.

**શ્રી વજુભાઈ વાળા** : તમારી પાસે પાવર જ નહોતો.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હું નેકસ્ટ પ્રશ્ન ઉપર આવીશ.

**શ્રી વજુભાઈ વાળા** : આ સવાલ સાથે લાગતું વળગતું નથી(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર... ઑર્ડર.. પ્લીઝ.

આ તબકકે કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓ દ્વારા ખેડૂતોને વીજળી આપો, ખેડૂતોને ન્યાય આપો જેવા સુત્રોચ્ચાર (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ આપ બેસી જાઓ. પ્રશ્ન નં.૫ માંથી ઉદ્‌ભવતો પેટા પ્રશ્ન જ પૂછો. પ્લીઝ ઓર્ડર ઓર્ડર.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મહોત્સવમાંથી જે બાકી રહી જાય છે એટલે મારા બે પ્રશ્નો છે. એક કૃષિ મહોત્વસમાં જે ખેડૂતોને વીજળીના કનેકશન નથી અપાયા...

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્ન આમાંથી આવતો નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ડાર્કઝોન દૂર કરવા માગો છો કે કેમ?

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંકઃ ૬ માનનીય ઈકબાલભાઈ.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આનો જવાબ આપું છું.

**અધ્યક્ષશ્રી** : જવાબ આપવાની જરૂર નથી. પ્લીઝ.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, બે સવાલના જવાબ આપું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રીને જવાબ આપવા દો. પ્લીઝ. વજુભાઈ, શકિતસિંહભાઈ બેસો. દિલીપભાઈ આપ જવાબ આપો. પ્લીઝ શકિતસિંહભાઈ, વજુભાઈ પ્લીઝ આપ બેસી જાઓ. દિલીપભાઈ આપ જવાબ આપો. (અંતરાય)

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ ગુજરાતમાં ખેડૂતોનો આપઘાત અંગેનો પ્રશ્ન છે તેમાં સ્પષ્ટતા મને લાગે છે કરવી જરૂરી છે જેથી કરીને ગુજરાત અને ગુજરાત બહાર ગુજરાતના કેટલા વિરોધીઓની માનસિકતા છે, માત્ર ગુજરાતના ખેડૂતો આપઘાત કરે છે એવું નહીં, નર્મદા યોજના પૂરી ન થાય તેના માટે બહારથી પ્રયત્ન કરીને ગુજરાતમાં આવે છે તે સ્થિતિનું નિર્માણ કેટલા લાંબા સમયથી કરી રહયા છે. માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ સ્ટેશનમાં જયારે કોઈ એફ.આઈ.આર. નોંધાવવા કોઈ જાય, જાણવા જોગ હોય કે ભાગ.૧ કે ૨ હોય ત્યારે જયારે આપઘાતનો પ્રસંગ આવે ત્યારે કોલમ હોય છે કે શું બિઝનેશ છે? તો ખેડૂત ખેતી કરતો હોય, ઘ ારનો કંકાસ હોય, આર્થિક કંકાસ હોય, અન્ય કોઈ પરિસ્થિતિ હોય તો પણ ખેડૂત લખાય છે. આવી રીતે કર્મચારી, નોકરીયા, વેપારીને અલગ રીતે તારવવામાં આવે છે. તેવી સંખ્યા હોય છે. આ જવાબ એલાઉ કરે કે ન કરે એટલા માટે ગુજરાતને બદનામ કરવા માટે ખેડૂતો અને કૃષિક્ષેત્રે જે રીતે પ્રગતિ થઈ રહી છે આ પ્રગતિ ધોળા દિએ પણ જેમ સુર્યમાં કેટલાક જીવો એવા છે જોઈ શકે નહીં આ સ્થિતિમાં (xxxx) (xxxx) (xxxx)તેના કારણે ગુજરાતનો વિકાસ જોઈ શકતા નથી. બીજો સવાલ આવે વિદ્યુતનો તો આ કૃષિ મહોત્સવ અંગેનો સવાલ છે. વિદ્યુત એ અલગ વિભાગ છે તેની અલગ નોટીસ આપવી પડે.

### સાબરમતી સેન્ટ્રલ જેલમાં કેદીઓની સંખ્યા

***૨૩૪૯૨ શ્રીઈકબાલ પટેલ(વાગરા)** : માનનીય જેલમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,

(૧) તા.૩૧/૭/૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરમતી સેન્ટ્રલ જેલમાં વર્ષવાર કેદીઓની સંખ્યા કેટલી છે, અને

(૨) આ કેદીઓ પૈકી રાજયના આઈપીએસ તથા ઉચ્ચ અધિકારીઓની સંખ્યા કેટલી?

**જેલમંત્રીશ્રી :**

(૧) તા.૩૧/૭/૨૦૧૦ની સ્થિતિએ કેદીઓની સંખ્યા ૩૫૭૪
તા. ૩૧/૭/૨૦૧૧ની સ્થિતિએ કેદીઓની સંખ્યા: ૩૪૧૬.

(૨) ૦૨(બે)

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નમાં છેલ્લા બે વર્ષમાં સાબરમતી સેન્ટ્રલ જેલમાં વર્ષવાર કેદીઓની સંખ્યા કેટલી છે?

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર, પ્લીઝ. માનનીય ફતેસિંહભાઈ પ્લીઝ.

**શ્રી ઈકબાલ પટેલ** : (અંતરાય) સાહેબ, મને પ્રશ્ન પૂછવા દે તો પૂછુંને, આપ રક્ષણ આપો.

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર, પ્લીઝ.

**શ્રી ઈકબાલ પટેલ** : અને સાહેબ છેને, આ લોકોને સાબરમતી જેલ બહુ યાદ આવે છે.

**અધ્યક્ષશ્રી** : આપ પ્રશ્ન પૂછો.

**શ્રી ઈકબાલ પટેલ** : આ કેદીઓ પૈકી રાજયના..(અંતરાય)..

**અધ્યક્ષશ્રી** : માનનીય ભરતભાઈ પ્લીઝ, માનનીય ઈકબાલભાઈ આપ પ્રશ્ન પૂછો.

**શ્રી ઈકબાલ પટેલ** : સાહેબ, મને ડિસ્ટર્બ કરે છે,

**અધ્યક્ષશ્રી** : મારા સામે જોઈને પ્રશ્ન પૂછો,

**શ્રી ઈકબાલ પટેલ** : સાહેબ, હાઉસને ઓર્ડરમાં રાખવું જોઈએ અને સાહેબ, સાબરમતી જેલ એમને વારંવાર યાદ આવે છે. આ કેદીઓ પૈકી રાજયના આઈપીએસ તથા ઉચ્ચ અધિકારીઓની સંખ્યા કેટલી અને એમાં (અંતરાય) માનનીય નીતિનભાઈ એવું છે કે, સાબરમતી જેલમાં આપના જ મંત્રીશ્રી હતા. એટલે બહુ ગૌરવ લેવા જેવી વાત નથી અને કરાવનારા બહાર છે અને કરનારા અંદર છે. એમાં બે આઈપીએસ અધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓ છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** :માનનીય ફતેસિંહભાઈ, પ્લીઝ.

**શ્રી ઈકબાલ પટેલ** : (અંતરાય) તમે જેલમાં જઈ આવ્યા છો, બેસી જાઓ, તમારી સામે જ એફઆઈઆર છે. (અંતરાય) આ તો સાબરમતીની વાત છે. (અંતરાય) માનનીય નીતિનભાઈ, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જ્યારે હું પ્રશ્ન પૂછું ત્યારે માનનીય નીતિનભાઈ જે રીતે હાઉસને બાનમાં લે છે એ..

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય બંને પક્ષના સભ્યશ્રીઓ માટે ખૂબ જ મહત્ત્વનો હોય છે, પ્લીઝ, અન્ય સભ્યશ્રીઓના પણ પ્રશ્નો પાછળ આવે છે.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારો એક જ સવાલ છે કે આઈપીએસ અને ઉચ્ચ અધિકારીઓ કયા ગુના હેઠળ જેલમાં છે અને મારો બીજો પ્રશ્ન એ છે કે, બે આઈપીએસ અધિકારીઓ અથવા ઉચ્ચ અધિકારીઓને ગુજરાત પોલીસે પકડેલા છે કે સીબીઆઈએ પકડેલા છે, આ ટૂંકો સવાલ મારો છે, અને એ કયા ગુના હેઠળ છે?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, જેલમાં કેટલા અધિકારીઓ આઈપીએસ છે એવો એમણે પ્રશ્ન પૂછ્યો છે એનો મેં જવાબ આપ્યો છે, અને બીજો પ્રશ્ન એમણે કર્યો કે, કયા ગુનામાં કોને પકડ્યા, એ ગૃહ વિભાગને લગતો પ્રશ્ન છે, અને આ જે તારાંકિત પ્રશ્ન છે એ જેલનો છે, માટે એમણે અલગ નોટિસ આપવી પડે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબતો જાણવી છે, સાબરમતી સેન્ટ્રલ જેલની અંદર કેદીઓને કેવા પ્રકારની સુવિધા આપવામાં આવે છે અને તેમને દૈનિક ખોરાકમાં શું આપવામાં આવે છે, અને બીજું મારે એ જાણવું છે કે, તિહાર જેલમાં હમણાં વેઇટીંગ વધતું જાય છે તો ત્યાં પણ કેવા પ્રકારની સુવિધા આપવામાં આવે છે?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછ્યું કે જેલમાં કેવા પ્રકારની સુવિધા આપવામાં આવે છે તો જેલમાં આતંકકેદીઓ, પાકા કામના કેદીઓ, મહિલાઓ સરળતાથી ઓળખાઈ જાય એટલે એમના માથે અલગ અલગ પ્રકારની ટોપીઓ પણ પહેરાવવામાં આવે છે, સફેદ, પીળી, (અંતરાય) અને જેલના કેદીઓને આરોગ્ય જાળવવા માટે એની ટોપી સુવ્યવસ્થિત થાય અને આરોગ્ય જળવાય એ માટે રોજ એને ધોઈ નાંખવામાં આવે છે. ટોપી બદલાવવાની કે કેમ એ મારા મિત્રોને પૂછવું નથી. અને સવારમાં ચા-નાસ્તો, નાસ્તામાં રોટલી, કચૂંબર, બપોરના ચા, સાંજે ખીચડી જે એમના આરોગ્યને તંદૂરસ્ત રાખે અને સરળતાથી જીવી શકાય એવી રીતે જેલ મેન્યુઅલમાં જે જોગવાઈઓ છે એ પ્રમાણે ચા-નાસ્તો અને ખોરાક આપવામાં આવે છે.

## દાહોદ જિલ્લામાં વિલેજ ગ્રેઈન બેન્ક

***૨૩૪૯૨ શ્રી બચુભાઈ ના. કિશોરી(લીમડી)** : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,

(૧) ગરીબી રેખા હેઠળ જીવતા લોકો માટે અનાજ વિતરણ માટે વિલેજ ગ્રેઈન બેન્ક ઉભી કરવાની યોજના અન્વયે દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી વિલેજ ગ્રેઈન બેન્ક છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૭-૨૦૧૧ સુધીમાં કાર્યરત કરવામાં આવી,

(૨) તે અન્વયે ઉપરોકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ગરીબોને કેટલી રકમનું અનાજ વિતરણ કરવામાં આવ્યું, અને

(૩) તેમાં કેટલો ખર્ચ થયો?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૭-૨૦૧૧ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કોઈ વિલેજ ગ્રેઈન બેન્ક ઉભી કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કોઈ પણ વિલેજ ગ્રેઈન બેન્ક ઉભી કરવામાં આવેલ નથી તો મારો પ્રશ્ન એ છે કે આવી વિલેજ ગ્રેઈન બેન્ક કેટલા સમયમાં ઉભી કરવા માગો છો? મારો બીજો પ્રશ્ન એ છે કે, હાલમાં નવી જે બારકોડેડ પદ્ધતિથી વિતરણ વ્યવસ્થાની જે વાત કરી છે એમાં પહેલા તો દસ કે પંદર લોકોનું જે કુટુંબ હોય એમાંથી ત્રણ વ્યકિતનું ફિંગરપ્રિન્ટ લેવાની હોય છે ત્યાર બાદ એ ફિંગરપ્રિન્ટ લીધા પછી પંચાયત ઘર જવાનું હોય છે અને પંચાયત ઘરમાંથી આખા મહિનાનું બિલ લેવાનું ત્યાર બાદ ફરી પાછું એને જે તે દુકાને જવાનું અને આ પદ્ધતિથી કેટલાય કુટુંબો આજે અનાજ વગર રખડી પડે એવી પરિસ્થિતિ આજે આમારા દાહોદ જિલ્લામાં ઉભી થઈ છે ત્યારે આ પદ્ધતિમાં કોઈ નવો ફેરફાર કરવા માગો છો કે કેમ?

**શ્રી જીતુભાઈ સુખડિયા:** : માનનીય અધ્યક્ષશ્રી, વિલેજ ગ્રેઈન બેન્ક BPL અને અંત્યોદય કુટુંબો માટેની યોજના છે. કુદરતી આફતોના અસરગ્રસ્તો, અછત વિસ્તાર અને આદિજાતિ વિસ્તાર, પહાડી વિસ્તાર તેમજ પુરગ્રસ્ત વિસ્તારના કુટુંબોને લાભ આપવા માટેની યોજના છે. આ યોજનામાં BPL અને અંત્યોદય કેટેગરીના કુલ ૪૦ કુટુંબો એક બેન્ક દીઠ રાખવાના છે અને આ કુટુંબ તરફથી માંગણી થયેથી કુટુંબ દીઠ એક ક્વીન્ટલ અનાજ આપવાનું રહે છે. આમ આ યોજનાથી લાભાર્થી કુટુંબોને સરળતાથી અનાજ મળે તે એનો આશય છે. વિલેજ ગ્રેઈન બેન્કનું સંચાલન સ્વસહાય જૂથ, પંચાયત અને એન.જી.ઓ. કરશે અને લાભાર્થીઓને અપાતો અનાજનો જથ્થો હિસાબ લાભાર્થી દીઠ લેજર ખાતામાં રાખવામાં આવે છે. તમે દાહોદ જિલ્લાની વાત કરો છો. તો દાહોદ જિલ્લામાં ૨૦૦૯-૧૦ના વર્ષમાં વિલેજ ગ્રેઈન બેન્ક શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી હતી જેની મૂળ દરખાસ્ત આણંદની સંસ્થા દેવગઢ બારિયા દ્વારા કરવામાં આવેલ હતી. જેથી તેની દરખાસ્ત મંજૂરીની જાણ કરતા તેઓએ મહિલા સ્વસહાય જૂથોની રચના કરી દરખાસ્ત રજૂ કરેલ હતી. સ્વસહાય જૂથો દ્વારા જે લાભાર્થીઓ નક્કી કરવામાં આવ્યા હતા તેમાં અંત્યોદય, BPL ઉપરાંત APL લાભાર્થીઓનો પણ સમાવેશ કરેલ હતો જે શક્ય નથી. સરકારશ્રીના ઠરાવ અનુસાર વિલેજ ગ્રેઈન બેન્ક દ્વારા BPL, અંત્યોદય કુટુંબો અને આદિજાતિ વિસ્તારના કુટુંબોને લાભ આપવાનું જણાવેલ હોય તેના બદલે APL લાભાર્થીઓનો સમાવેશ કરેલ હોય તેમને વહીવટી ખર્ચની ગ્રાન્ટ આપેલ નથી. સંસ્થાને APL લાભાર્થીઓને દૂર કરી અંત્યોદય અને BPL લાભાર્થીઓનો સમાવેશ કરી દરખાસ્ત સુધારણાની જાણ કરવામાં આવેલ પરંતુ તેમણે ફરીથી સુધારેલી દરખાસ્ત રજૂ કરેલ નથી. દાહોદ જિલ્લામાં આમેય ૩૦ મંજૂર કરેલ વિલેજ ગ્રેઈન બેન્ક સાથે વહીવટી ગ્રાન્ટની રકમ અમે ફાળવી દીધેલી છે અને મામલતદારના હસ્તક રાખવામાં આવેલ છે. પરંતુ આ સ્વસહાય જૂથોએ તેમને જે દરખાસ્તમાં APLની જગ્યાએ અંત્યોદય અને BPLની જે યાદી આપવાની હોય તે આપી નથી તેને કારણે થઈને આ યોજનાનો લાભ મળતો નથી.

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે આવી વિલેજ ગ્રેઈન બેન્ક કેટલા સમયમાં શરૂ કરવા માગો છો? અને હમણાની જે પદ્ધતિ છે એનાથી કેટલાય કુટુંબો રખડી જવાના છે કોઈને અનાજ નથી મળે એવા સંજોગો ઉભા થયા છે કેમ કે, ત્રણ રૂપિયા લઈને બિલ લેવાનું આખા મહિનાનું બિલ આપે અને એની પાસે એક જ વસ્તુ લેવાની ક્ષમતા છે ત્યારે એ બિલ તો જે તે દુકાનદાર લઈ લેવાનો એટલે એમાં ભ્રષ્ટાચારની શક્યતા વધે છે. સાથે ત્રણ વ્યકિતના ફિંગરપ્રિન્ટ લેવાના છે જે તે કુટુંબના એ ત્રણે જણા મજૂરીએ જતા રહ્યા હોય ત્યારે એ સંજોગોમાં એ કુટુંબનું શું? આવા અનેક વિસંગતતા ઉભી થઈ છે અને એને લીધે આખી આ યોજનામાં ગરીબોને અનાજ ન મળે એવા સંજોગો ઉભા થયા છે તો આ યોજના માટે આપ શું કરવા માગો છો એ મારો પ્રશ્ન છે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ :** આ જે ગ્રેઈન બેન્કનો કન્સેપ્ટ છે એ કેન્દ્ર સરકારમાંથી નિશ્ચિત કરવામાં આવેલ છે. એની કઈ પદ્ધતિ અપનાવવી, કેવી રીતે વિતરણ કરવું, કેવી રીતે અનાજ આપવું, એ બધી પદ્ધતિઓ ૨૨૮ ગ્રેઈન બેન્કો અમે ખોલી એમાં અમે અનુભવી લીધેલું છે, આ એસ.એસ.ટી. ક્રોપ, એના વિતરણની પદ્ધતિમાં પંચાયત અગર તો ત્યાં જે એન.જી.ઓ. હોય એના દ્વારા એકઝીક્યુટીવ કમિટિ બનાવી એનું વિતરણ કરવાની એક ફિક્સ પદ્ધતિ ત્યાંથી મોકલવામાં આવી છે. એ પ્રમાણે ભારતીય ખાદ્ય નિગમમાંથી આ અનાજ આપવામાં આવે છે. આ બધું અનાજ એક વ્યકિતને ૧૦૦ કિલો સુધીનું આપવામાં આવે છે, પરંતુ મારે આપ સૌ સભ્યોના ધ્યાન પર મારે એક વાત મૂકવી છે કે, ૨૨૮ બેન્કો આપણે ખોલી અને એનું જે વિતરણ કર્યુ એમાંથી ૧૧૮ બેન્કોમાં અનાજ

પરત આવતું જ નથી, પરિણામે ધારોકે ૧૦૦ કિલો અનાજ આપણે આપ્યું હોય તો એ અનાજ આપણને રિટર્ન થતું જ નથી અને એને કારણે પછી બીજું આપી શકાતું નથી, એટલે આ યોજના ખૂબ ઠંડી પડી ગઈ છે એટલા માટે કેન્દ્ર સરકારે આના નિયમો બદલીને આપણને આપવા જોઈએ.

## રાજયમાં યુરિયા અને ડી.એ.પી. ખાતર પર વેટનો દર

***૨૩૫૩૭ શ્રીધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) :** માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-
તારીખ ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ રાજયમાં યુરિયા અને ડી.એ.પી. ખાતર ઉપર વેટનો દર શો છે?

**નાણામંત્રીશ્રી:**

૪ ટકા વેરો + ૧ ટકા વધારાનો વેરો

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ :** માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, યુરિયા ખાતર અને ડી.એ.પી. ખાતરનો વેટ જે છે એમાં વેરો પહેલાં ૪ ટકા હતો અને એમાં એક ટકો પાછો વધાર્યો તો આ કૃષિ મહોત્સવના ખર્ચના કારણે એક ટકો વધાર્યો છે કે કેમ? જો ખેડૂતોની આટલી બધી ચિંતા કરતા હોય તો આ વેટ દ ટાડવા માગો છો કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા:** માનનીય અધ્યક્ષશ્રી, જે એક ટકો વધાર્યો છે એમાં પહેલાં ચાર ટકા ખાતર પરનો ટેક્સ એ આખા ભારતમાં એની જે હિંદુસ્તાનની કમિટિ હતી એનો કોમન એકટ થયો, કેન્દ્ર સરકારે જેને એપ્રુવલ આપી એ મુજબ આખા હિંદુસ્તાનમાં ૪ ટકા ટેક્સ હતો અને આ જ વિધાનસભામાં જેનો ૪ ટકા ટેકસ હતો એ તમામ આઈટેમ ઉપર આપે ૧ ટકો વધાર્યો, જેનો ૧૨.૫ ટકા ટેક્સ હતો એના ઉપર આપણે ૨.૫ ટકા વધાર્યો અને એ આ હાઉસમાં જ વધાર્યો છે એટલે કોઈ બીજા જી.આર.થી વધાર્યો નથી. બીજું આખા હિંદુસ્તાનમાં આ રીતે જ છે. આપણે એક ટકો વધારાનો ટેક્સ લઈએ છીએ બીજા રાજ્યોમાં તો પાંચ ટકા કર્યો છે. અમે અહીંયા ૪ ના ૫ ટકા કર્યા છે અને દિલ્હીમાં તમારી સરકાર છે ત્યાં ખેડૂતો પાસેથી ૧૨.૫ ટકા ટેક્સ લેવાય છે. અત્યારે આસામ, છત્તીસગઢ, ગોવા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, જમ્મુ કાશ્મીર, રાજસ્થાન, કર્ણાટક આ બધી જ જગ્યાએ પાંચ ટકા ટેક્સ છે. આ જે ટેક્સ નક્કી કર્યો છે એ ઓલ ઓવર ઈન્ડિયામાં એકજ સરખું માળખું રાખવા માટે થઈને કર્યો છે. પણ આખા દેશની વાત કરીએ તો બીજી જગ્યાએ અનાજ અને કઠોળ ઉપર ટેક્સ લેવામાં આવે છે પરંતુ ગુજરાત રાજ્યમાં અનાજ અને કઠોળ ઉપર ટેકસ માફ કરવામાં આવ્યો છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :** માનનીય અધ્યક્ષશ્રી, પંજાબમાં ઝીરો, હરિયાણામાં ઝીરો, હિમાચલ પ્રદેશમાં ઝીરો, મિઝોરમમાં ઝીરો, નાગાલેન્ડમાં ઝીરો, મણીપુરમાં ઝીરો, પોંડિચેરીમાં ઝીરો, તામિલનાડુમાં ઝીરો, આંદામાન નિકોબારમાં નહિ, નંબર ઓફ સ્ટેટસ, જેમણે (અંતરાય) ખાતર ઉપર ટેક્સ રાખેલો નથી. એક વસ્તુ અને બીજું આપ જે કહો છોને કોંગ્રેસ શાસિત રાજ્યો માત્ર કે જ્યાં ખેતી નથી તે દિલ્હી, બાકીના રાજ્યોમાં ખેડૂતો પર જે (અંતરાય) તો તમે બોલો, આ સિસ્ટમ સાહેબ જોઈ નથી, મિનિસ્ટર થઈને ગમે તેમ કોમેન્ટ કરવાની,

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર ઓર્ડર પ્લીઝ,

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :** તો આનંદીબેન બધાના જવાબો આપે, ફિફ્ટી ફિફ્ટી હમણાં કોઈએ કહ્યું છે તો આમાં પણ ફિફ્ટી ફિફ્ટી બીજું શું સાહેબ. પ્રશ્નોત્તરી માટે અમારા રક્ષણ માટેની કોઈક વ્યવસ્થા તો હોવી જોઈએ સર.

**અધ્યક્ષશ્રી** : શક્તિસિંહભાઈ આપ પ્રશ્ન પુછો પ્લીઝ,

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :** માનનીય અધ્યક્ષશ્રી,

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ,

**પાંચમી અતારાંકિત પ્રશ્નોની યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

## અતારાંકિત પ્રશ્નો

## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### જૂનાગઢ જિલ્લામાં આદિવાસીઓને દાખલા આપવા બાબત

૨૩૧૮૨ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તાલાલા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧/૭/૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આદિવાસીઓના દાખલા આપવા સબંધી કેટલી અરજીઓ તાલુકાવાર મળી, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | તા.૩૧/૭/ ૨૦૦૯ ની સ્થિતિએ | તા.૩૧/૭/ ૨૦૧૦ ની સ્થિતિએ | તા. ૩૧/૭/ ૨૦૧૧ ની સ્થિતિએ |
|---|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૩૩૮ | ૩૫૪ | ૨૨૫ |
| ૨ | વંથલી | ૨૪૬ | ૧૦૬ | ૦૧૦ |
| ૩ | ભેંસાણ | ૦ | ૦ | ૦ |
| ૪ | માણાવદર | ૫૬૦ | ૧૩૮ | ૬૦ |
| ૫ | વિસાવદર | ૧૫૨ | ૩૪ | ૪૩ |

| ક્રમ | તાલુકાનું નામ | તા.૩૧/૭/ ૨૦૦૯ ની સ્થિતિએ | તા.૩૧/૭/ ૨૦૧૦ ની સ્થિતિએ | તા. ૩૧/૭/ ૨૦૧૧ ની સ્થિતિએ |
|---|---|---|---|---|
| ૬ | કેશોદ | ૫૩૭ | ૩૨૪ | ૧૪૧ |
| ૭ | માંગરોળ | ૩૫૭ | ૨૨૩ | ૨૭૯ |
| ૮ | માળીયા | ૧૧૫ | ૪૨ | ૨૫૦ |
| ૯ | મેંદરડા | ૧૪૧ | ૩૩ | ૭ |
| ૧૦ | વેરાવળ | ૭ | ૨ | ૩ |
| ૧૧ | તાલાલા | ૧૦૩૨ | ૩૬૩ | ૭૩૬ |
| ૧૨ | સુત્રાપાડા | ૦ | ૨ | ૨ |
| ૧૩ | કોડીનાર | ૧ | ૦ | ૭ |
| ૧૪ | ઉના | ૧૫૩ | ૧૩૧ | ૫૫ |

(૨) તાલુકાવાર કેટલા આદિવાસીઓને દાખલા આપવામાં આવ્યા ?

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર અરજીઓ |
|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૩૦૯ |
| ૨ | વંથલી | ૧૩૭ |
| ૩ | ભેંસાણ | ૦૦ |
| ૪ | માણાવદર | ૪૦૦ |
| ૫ | વિસાવદર | ૨૯૪ |
| ૬ | કેશોદ | ૩૮૧ |
| ૭ | માંગરોળ | ૨૧૩ |
| ૮ | માળીયા | ૧૦૧ |
| ૯ | મેંદરડા | ૦૦ |
| ૧૦ | વેરાવળ | ૧૦ |
| ૧૧ | તાલાલા | ૩૪૪ |
| ૧૨ | સુત્રાપાડા | ૦૦ |
| ૧૩ | કોડીનાર | ૫૬ |
| ૧૪ | ઉના | ૧૩૦ |

## મહેસાણા જિલ્લા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વિસનગરને સહાય

૨૩૫૫૪ **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૧-૧૨ દરમ્યાન તા. ૩૧-૮-૨૦૧૧ સુધીમાં મહેસાણા જિલ્લાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વિસનગરને કુલ કેટલી સહાય મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) રૂા. ૨૬.૭૬ લાખ.

(૨) રૂા. ૨૬.૭૬ લાખ.

--------

## બીટી કોટન બિયારણનો ભાવ વધારા બાબત

૨૩૦૪૧ **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સને ૨૦૧૦-૧૧ ના વર્ષમાં કપાસનું વાવેતર કરનાર ખેડૂતોને બીટી કોટન બિયારણમાં એક કીલો દીઠ કેટલી રકમનો ભાવ વધારો તા. ૩૧-૭-૧૧ ની સ્થિતિએ કઈ કંપનીની માંગણી અન્વયે ગ્રાહય રખાયો,

(૨) કઈ કઈ કંપનીઓએ આ ભાવ વધારાની દરખાસ્ત સરકારને છેલ્લા એક વર્ષમાં કરી હતી, અને

(૩) જે કંપનીનો ભાવ વધારો મંજૂર કરેલ છે તે કંપની કેટલું વાર્ષિક બિયારણ ખેડૂતોને પૂરું પાડે છે?

**જવાબ**

(૧) રાજ્યમાં સને ૨૦૧૦-૧૧ ના વર્ષમાં કપાસનું વાવેતર કરનાર ખેડૂતોને બીટી કોટન બિયારણમાં કોઈ ભાવ વધારો ગ્રા?ા રાખવામાં આવ્યો નથી.

(૨) એક પણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ખાલી જ્ગ્યા

૨૩૫૮૭ **શ્રી દિલિપસિંહ વ. પરમાર (મોડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૨૦૧૧ સુધીમાં સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં તાલુકાવાર કેટલા શિક્ષકોની જ્ગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લાનું કુલ મંજૂર
મહેકમ : ૧૧૯૬૭
તે પૈકી ભરાયેલ જ્ગ્યાઓ : ૧૧૭૫૪

ખાલી જ્ગ્યાઓ : ૨૧૩

| ક્રમ | તાલુકો | ખાલી જ્ગ્યા |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૦ |
| ૨ | ઈડર | ૪૦ |
| ૩ | વડાલી | ૧૪ |
| ૪ | પ્રાંતિજ | ૦૦ |
| ૫ | મોડાસા | ૦૯ |
| ૬ | માલપુર | ૦૦ |
| ૭ | બાયડ | ૦૦ |
| ૮ | ધનસુરા | ૩૧ |
| ૯ | તલોદ | ૦૭ |
| ૧૦ | ખેડબ્રહ્મા | ૧૩૭ |
| ૧૧ | વિજયનગર | ૧૮ |
| ૧૨ | મેઘરજ | ૦૦ |
| ૧૩ | ભિલોડા | ૦૦ |
| | કુલ : | ૨૬૬ |

કુલ ૨૬૬ જ્ગ્યા પૈકી પ્રાંતિજમાં : ૨૬, બાયડમાં : ૧૮ મેઘરજમાં : ૦૫ અને ભિલોડામાં : ૦૪. આમ કુલ : ૫૩ જ્ગ્યાઓ વધુ ભરાયેલ છે જે સરભર કરતાં ૨૧૩ જ્ગ્યાઓ ખાલી છે.

(૨) આ ખાલી જ્ગ્યાઓ ભરવા માટે સરકારે શી વ્યવસ્થા કરી છે ?

(૨) ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જ્ગ્યાઓ જેમ બને તેમ જલ્દીથી ભરવામાં આવશે.

--------

**રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ હેઠળ વિદ્યાર્થીના રેશિયામાં સુધારાઓ**

૨૩૫૮૮ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ હેઠળ રાજ્ય સરકારે શિક્ષક-વિદ્યાર્થી રેશીયામાં કોઈ સુધારો કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ સુધારા પહેલા ક્યા ધોરણો હતા, અને

(૩) તેમાં શો ફેરફાર કરેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પત્રક : ક મુજબ.

(૩) પત્રક : ખ મુજબ.

**પત્રક : ક**

| ધોરણ | વિદ્યાર્થી સંખ્યા | શિક્ષક સંખ્યા |
|---|---|---|
| ધોરણ-૧-૨ (બંને ધોરણના વિદ્યાર્થીઓની સંખ્યાનો સરવાળો ગણતરીમાં લેવાનો છે.) | ૫૦ સુધી<br>૬૦ થી ૧૦૦<br>૧૦૧ થી ૧૫૦<br>૧૫૧ વિદ્યાર્થી અને તે મુજબ દર ૫૦ વિદ્યાર્થીએ એક શિક્ષક મળવા પાત્ર થશે. | ૧<br>૨<br>૩<br>૪ |
| ધોરણ-૩-૪ (બંને ધોરણના વિદ્યાર્થીઓની સંખ્યાનો સરવાળો ગણતરીમાં લેવાનો છે.) | ૧૫ થી ૪૦ સુધી<br>૫૧ થી ૧૦૦ સુધી<br>૧૦૧ થી ૧૫૦ સુધી અને તે મુજબ દર ૫૦ વિદ્યાર્થીએ એક શિક્ષક મળવા પાત્ર થશે. | ૧<br>૨<br>૩ |
| ધોરણ-૫, ૬ અને ૭ પ્રત્યેક વર્ગદીઠ | ૧૫ થી ૪૦ સુધી<br>૫૧ થી ૧૦૦ સુધી<br>અને તે મુજબ ૫૦ વિદ્યાર્થીએ એક શિક્ષક મળવા પાત્ર થશે. | ૧<br>૨ |
| વિદ્યાર્થી સંખ્યા ધ્યાને લેવા સિવાય ધોરણ-૩ અને ૪ શાળા દીઠ બીજો શિક્ષક વિદ્યાર્થી સંખ્યા ૫૧ ત્યારે મળવા પાત્ર થશે. | | |
| ૨૦૦ અથવા તે ઉપરાંત પ્રવેશ સંખ્યા ધરાવતી શાળાઓ માટે (વધુમાં વધુ ત્રણ શિક્ષક) | ૨૦૦ થી ૫૦૦ સુધી<br>૫૦૧ થી ૧૦૦૦ સુધી<br>૧૦૦૦ વધારે | ૧<br>૨<br>૩ |

**પત્રક : ખ**

શિક્ષણ વિભાગના તા. ૩-૬-૨૦૧૦ ના ઠરાવ મુજબ નીચે પ્રમાણે વિદ્યાર્થી શિક્ષકના પ્રમાણમાં ફેરફાર કરવામાં આવેલ છે.

(અ) ધોરણ-૧ થી ૫ના વર્ગો

૧. ૬૦ વિદ્યાર્થીઓ સુધી ૨ શિક્ષક

૨. ૬૧ થી ૯૦ વિદ્યાર્થીઓ સુધી ૩ શિક્ષક

૩. ૯૧ થી ૧૨૦ વિદ્યાર્થીઓ સુધી ૪ શિક્ષક

૪. ૧૨૦ થી ૨૦૦ વિદ્યાર્થીઓ સુધી ૫ શિક્ષક
૫. ૨૦૦ થી ઉપર વિદ્યાર્થીઓ સુધી-શિક્ષક રેશિઓ ૪૦થી વધવો જોઈએ નહીં.
(બ) ધોરણ-૬ થી ૮ ના વર્ગો
૧. ઓછામાં ઓછા ત્રણ શિક્ષકો-વિજ્ઞાન અને ગણિત માટે ૧. ભાષા માટે ૧. અને સામાજીક વિજ્ઞાન માટે ૧. શિક્ષક
૨. દરેક ૩૫ વિદ્યાર્થીઓ દીઠ ઓછામાં ઓછા ૧ શિક્ષક

------------

## કૃષિ મહોત્સવ માટે ફાળવેલ રકમ

૨૩૧૨૬ **શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા.૩૧-૭-૧૧ની સ્થિતિએ રાજ્યમાં કૃષિ મહોત્સવ માટે કેટલા કૃષિ રથના આયોજન માટે કેટલી રકમ ક્યારે ફાળવવામાં આવી, અને

(૨) તે અન્વયે એક કૃષિ રથ તૈયાર કરવાનો અંદાજિત ખર્ચ કેટલો થાય છે?

**જવાબ**

(૧) રાજ્યમાં કૃષિ મહોત્સવ માટે ૨૪૫ કૃષિ રથના આયોજન માટે કુલ રૂા. ૧૧૩૦.૦૫ લાખની રકમ નીચેની વિગતે ફાળવવામાં આવી.

| ફાળવેલ રકમની તારીખ | ફાળવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૧૭-૦૩-૨૦૧૧ | ૨૬૦.૦૦ |
| ૩૦-૦૩-૨૦૧૧ | ૩૯.૦૫ |
| ૧૦-૦૫-૨૦૧૧ | ૩૨૫.૦૦ |
| ૪-૦૬-૨૦૧૧ | ૫૦૬.૦૦ |
| **કુલ :** | **૧૧૩૦.૦૫** |

(૨) એક કૃષિ રથ તૈયાર કરવાનો અંદાજિત ખર્ચ રૂ. ૧,૮૩,૦૦૦ થાય છે.

--------

## ભાવનગર જિલ્લામાં તબીબી સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૩૪૦૬ **શ્રીમતી ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧માં ભાવનગર જિલ્લામાં મફત તબીબી સહાય યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઈસમોને લાભ આપવા માટે કેટલી અરજી મળી, | (૧) ૪૯૯ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી. | (૨) ૪૯૯ |
| એચબી-૪૪૬-૩ l સહાય ચૂકવવામાં આવી, અને | (૩) ` ૧૩.૮૮ લાખ. |
| (૪) લાભાર્થીઓની અરજીઓ નામંજૂર કરેલ હોય તો તેનાં સામાન્ય કારણો શાં છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

## દાહોદ જિલ્લામાં આદિવાસીઓનું સ્થળાંતર રોકવા સ્થાનિક કક્ષાએ રોજગારી આપવા બાબત

૨૩૧૭૯ **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દાહોદ જિલ્લામાં આદિવાસીઓને સ્થાનિક કક્ષાએ રોજગારી મળી રહે અને બીજા રાજ્યોમાં રોજગારી માટે ન જવું પડે તે માટે સરકારે ક્યા ક્યા પગલાંઓ લીધા અને,

**જવાબ**

(૧) આદિવાસીઓને કાયમી ધોરણે સ્થાનિક કક્ષાએથી રોજગાર મળી રહે તે માટે સરકારે એમ.જી. એન.આર. ઈ.જી.એ. યોજના અંતર્ગત નાણાંકીય વર્ષમાં કુટુંબ દીઠ ૧૦૦ દિવસની રોજગારી આપવાનું લાંબાગાળાનું આયોજન અમલમાં છે. આ યોજના અંતર્ગત તા. ૧-૮-૨૦૦૮ થી તા. ૩૧-૭-૨૦૦૯ સુધીમાં ૮૬,૫૩૪ કુટુંબને, તા. ૧-૮-૨૦૦૯ થી ૩૧-૭-૨૦૧૦ સુધીમાં ૧,૩૨,૯૭૯ કુટુંબને અને તા. ૧-૮-૨૦૧૦ થી તા. ૩૧-૭-૨૦૧૧ સુધીમાં ૯૧,૫૪૪ કુટુંબને રોજગારી આપવામાં આવેલ છે. જે પૈકી અનુસૂચિત જનજાતિના કુટુંબોને છેલ્લા ત્રણ વર્ષમાં આપેલ રોજગારીની વિગત નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ દાહોદ | ૧-૮-૨૦૦૮ થી ૩૧-૭-૦૯ | ૧-૮-૨૦૦૯ થી ૩૧-૭-૧૦ | ૧-૮-૨૦૧૦ થી ૩૧-૭-૧૧ |
|---|---|---|---|
| અનુસૂચિત જનજાતિના કુટુંબોને આપેલ રોજગારી | ૭૭,૮૮૧ | ૧,૧૯,૬૮૨ | ૮૨,૩૯૦ |

(૨) આ સ્થળાંતર કાયમી ધોરણે અટકે તે માટે સરકારે લાંબા ગાળાનું આયોજન કરેલ છે કે કેમ, તેની વિગતો કઈ છે ?

(૨) આદિજાતિના લોકોને કાયમી ધોરણે સ્થાનિક કક્ષાએથી રોજગારી મળી રહે તે માટે સરકારે એમ.જી.એન.આર.ઈ.જી. એ. યોજના અંતર્ગત નાણાકીય વર્ષમાં કુટુંબ દીઠ ૧૦૦ દિવસની રોજગારી આપવાનું લાંબાગાળાનું આયોજન અમલમાં છે. દાહોદ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૧-૨૦૧૨ રૂ. ૧૨૫.૭૬ ક્રોડનું લેબર બજેટનું આયોજન કરેલ છે. તેમજ ૧,૩૮,૪૯૭ કુટુંબોને રોજગારી પુરી પાડવાનો અને ૬૦.૯૭ લાખ માનવદિન ઉત્પન્ન કરવાનો અંદાજ છે. હાલમાં ૪૬૨૮ કામો હાથ ધરેલ છે.

--------

## અમદાવાદ જિલ્લામાં કૃષિ માર્ગદર્શન શિબિરો

૨૩૬૦૦ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૮-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલી કૃષિ માર્ગદર્શન શિબિરો યોજવામાં આવી,

(૨) તે પ્રત્યેક શિબિરોનો લાભ કેટલા ખેડૂતોએ લીધો, અને

(૩) ખેડૂતોને તેનાથી શો ફાયદો થયો ?

**જવાબ**

(૧) કુલ-૩૫ કૃષિ માર્ગદર્શન શિબિરો.

(૨) ૧૧૬ ખેડૂતો.

(૩) ખેડૂતો વૈજ્ઞાનિક પધ્ધતિથી ખેતી કરતા થયા. તેથી ખેતી ખર્ચમાં ઘટાડો અને ઉત્પાદનમાં વધારો થયો.

## પ્રાથમિક શાળામાં શિક્ષકોની ખાલી જ્યા

૨૩૫૮૫ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૫-૯-૨૦૧૧ની સ્થિતિએ ખેડા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં તાલુકાવાર કેટલા શિક્ષકોની જ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જ્યાઓ ભરવા માટે સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) ખેડા જિલ્લાનું કુલ મંજુર મહેકમ-૯૨૯૬
તે પેકી ભરાયેલ જ્યાઓ -૯૦૪૨
તે પેકી ખાલી જ્યાઓ - ૨૫૪

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જ્યા |
|---|---|---|
| ૧ | મહુધા | ૧૨ |
| ૨ | નડિયાદ | ૩૯ |
| ૩ | કઠલાલ | ૫૪ |
| ૪ | કપડવંજ | ૦૬ |
| ૫ | માતર | ૧૩ |
| ૬ | મહેમદાવાદ | ૨૭ |
| ૭ | ખેડા | ૦૫ |
| ૮ | ઠાસરા | ૨૪ |
| ૯ | વિરપુર | ૪૨ |
| ૧૦ | બાલાસિનોર | ૩૨ |
| | કુલ : | ૨૫૪ |

(૨) ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જ્યાઓ જેમ બને તેમ જલ્દીથી ભરવામાં આવશે.

## એર ટર્બાઈન ફ્યુઅલ (એ.ટી.એફ.) ઉપર વેટનો દર

૨૩૦૩૫ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં એર ટર્બાઈન ફ્યુઅલ (એ.ટી.એફ.) ઉપર સને ૨૦૧૦-૨૦૧૧ના વર્ષમાં વેટનો દર શો હતો, અને

**જવાબ**

(૧)

(૧) એ.ટી.એફ. (ડ્યુટીપેઈડ) : 30%

| | | | |
|---|---|---|---|
| (૨) | ટર્બો પ્રોપ એરક્રાફ્ટ તેમજ વધુમાં વધુ ૪૦ હજાર ક્લિોગ્રામ સુધીનો ટેક્ઓફ માસ ધરાવતાં એરક્રાફ્ટ કે જે શીડ્યુલ એરલાઈન્સ ધ્વારા ચલાવવામાં આવે છે. | | ૪% |
| (૩) | ભારત દેશ સિવાયના અન્ય દેશમાં નોંધાયેલ એરક્રાફ્ટની ટાંકીમાં ભરી આપવામાં આવતાં એવીએશન ટર્બાઈન ફ્યુઅલના વેચાણો | : | શરતોને આધિન વેરા માફી |

(૨) આ વેટ ના દરમાં તા. ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ ક્યારે કેટલી રકમનો ઘટાડો કરવામાં આવ્યો અને તેના કારણો શાં છે ?

(૨) રાજ્યમાં ઝડપી વાહનવ્યવહાર માટે એરક્રાફ્ટ સેવાઓને પ્રોત્સાહન પ્રાપ્ત થાય તથા રાજ્યના પ્રવાસન ઉદ્યોગને વેગ મળે તે હેતુથી, વધુમાં વધુ ૪૦ હજાર ક્લિોગ્રામ સુધીનો ટેક્ઓફ માસ ધરાવતાં એરક્રાફ્ટને ફક્ત રાજ્યાંતર્ગત ઉડ્ડયન સેવાઓ માટે આપવામાં આવતાં એવીએશન ટર્બાઈન ફ્યુઅલ ના વેચાણો ઉપર તારીખ ૨૬-૪-૨૦૧૧ની અધિસૂચના થી વેરાનો દર શરતોને આધિન ૫% છે, જ્યારે અન્ય તમામ ઉડ્ડયન સેવાઓ માટે વેરાના દરમાં કોઈ ઘટાડો કરવામાં આવેલ નથી.

## ગીર અભ્યારણની હદમાં ફેરફાર કરવા બાબતનો સર્વે

૨૩૧૧૨ **શ્રી ધીરસિંહ ક.બારડ (કોડીનાર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૭-૨૦૧૧ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના ગીર અભ્યારણના વિસ્તારની હદમાં ફેરફાર કરવા માટે ક્યારે સર્વે કરવામાં આવ્યો, અને

(૨) આ સર્વેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૭-૧૧ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના ગીર અભ્યારણના વિસ્તારની હદમાં ફેરફાર કરવા માટે સર્વે કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## ગરીબ કુટુંબો માટે પામોલીન તેલનો રાખેલ અનામત જથ્થો

૨૩૩૫૯ **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૧-૧૨માં તા.૩૧-૮-૨૦૧૧ સ્થિતિએ આર.બી.ડી. પામોલીન તેલ ગરીબ કુટુંબોને તહેવારોમાં મળી રહે તે માટે રાજ્ય સરકારે કેટલો જથ્થો અનામત રાખેલ છે.

(૨) કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે, અને

(૩) અનામત જથ્થા માટે સબસીડીની જોગવાઈ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૧-૧૨માં રાજ્ય સરકાર દ્વારા ૧૨,૦૦૦ મે.ટન આર.બી.ડી. પામોલીન તેલનો બફર સ્ટોક કરવાનો નિર્ણય થયેલ જે પૈકી તા. ૩૧-૮-૧૧ની સ્થિતિએ ૯૨૩૭ મે.ટન જથ્થો ગરીબ કુટુંબોને તહેવારોમાં મળી રહે તે માટે અનામત રાખેલ છે.

(૨) માહે ઓગસ્ટ-૧૧ દરમ્યાન ૨૭૬૩ મે.ટન (૩૦,૩૬,૩૧૨ પાઉચ) જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૩) વર્ષ ૨૦૧૧-૧૨માં સબસીડી માટે રૂા. ૩૧/- કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

--------

**પેન્શનના પડતર કેસોનો નિકાલ**

૨૩૪૨૩ **શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીઓમાં પેન્શનને લગતા કેટલા કેસો પડતર હતા, | (૧) ૮૪૧ કેસ. |
| (૨) ઉક્ત પડતર કેસો પૈકી તા. ૩૧-૮-૧૧ સુધીમાં કેટલા કેસોનો નિકાલ થયો, અને | (૨) ૭૬૬ કેસ. |
| (૩) પેન્શન કેસો પડતર રહેવાના સામાન્ય કારણો શાં છે ? | (૩) ચકાસણીની પ્રક્રિયામાં હતા. |

**દાહોદ જિલ્લામાં આદિવાસીઓને સ્થાનિક કક્ષાએ રોજી માટેનું આયોજન**

૨૩૧૮૦ **શ્રી દિતાભાઈ ભી.મછાર (ઝાલોદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૭-૧૧ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં આદિવાસીઓને રોજી રોટી સ્થાનિક કક્ષાએથી જ મળી રહે તે માટે સરકારે છેલ્લા બે વર્ષમાં ક્યા પ્રકારનું આયોજન કરેલ છે,

(૨) કેટલા લોકોને સ્થાનિક કક્ષાએ રોજગારી અપાય છે, અને

(૩) રોજીરોટી માટે સ્થળાંતર કરતા આવા આદિજાતિના લોકો માટે કાયમી ધોરણે સ્થાનિક કક્ષાએથી રોજગારી મળી રહે તે માટે સરકારે લાંબા ગાળાનું ક્યા પ્રકારનું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) આદિવાસીઓને રોજીરોટી સ્થાનિક કક્ષાએથી મળી રહે તે માટે સરકારે એમ.જી. એન.આર.ઈ.જી.એ. યોજના અંતર્ગત નાણાકીય વર્ષમાં કુટુંબ દીઠ ૧૦૦ દિવસની રોજગારી આપવાનું આયોજન કરેલ છે. તે માટે ગ્રામ્ય કક્ષાએ માંગ આધારિત સર્વે કરાવીને લેબર બજેટ તૈયાર કરવામાં આવે છે.

(૨) ઉક્ત યોજના અંતર્ગત દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સ્થાનિક કક્ષાએ કુટુંબોને રોજગારી અપાયેલ છે તેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | રોજગારી અપાયેલ કુટુંબોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૧-૮-૨૦૦૯ થી ૩૧-૭-૨૦૧૦ | ૧,૩૨,૯૭૯/- |
| ૨ | ૧-૮-૨૦૧૦ થી ૩૧-૭-૨૦૧૧ | ૯૧,૫૪૪/- |

(૩) આદિજાતિના લોકોને કાયમી ધોરણે સ્થાનિક કક્ષાએથી રોજગારી મળી રહે તે માટે સરકારે એમ.જી. એન.આર.ઈ.જી.એ. યોજના અંતર્ગત નાણાકીય વર્ષમાં કુટુંબદીઠ ૧૦૦ દિવસની રોજગારી આપવાનું લાંબા ગાળાનું આયોજન અમલમાં છે. દાહોદ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨ રૂા. ૧૨૫.૭૬ કરોડનું લેબર બજેટનું આયોજન કરેલ છે તેમ જ ૧,૩૮,૪૯૭ કુટુંબોને રોજગારી પુરી પાડવાનો અને ૬૦.૯૭ લાખ માનવદિન ઉત્પન્ન કરવાનો અંદાજ છે.

**જસદણ તાલુકામાં સામાજિક વનીકરણ યોજના નીચે થયેલ વાવેતર**

૨૩૪૫૧ **ડો. ભરતભાઈ બોઘરા(જસદણ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧માં રાજકોટ જિલ્લાના જસદણ તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) સામાજિક વનીકરણ યોજના એટલે કે સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧માં રાજકોટ જિલ્લાના જસદણ તાલુકામાં ૩૨ હેક્ટર વિસ્તારમાં ૦.૩૮ લાખ રોપાનું વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) તે પાછળ કુલ રૂા. ૯.૭૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

**ગાંધીનગર જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારોને ફેર પ્રાઈસ શોપ તરીકે જાહેર કરવા અંગે**

૨૩૩૬૫ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો પૈકી કેટલા ભંડારોને મોડેલ ફેર પ્રાઈસ શોપ તરીકે જાહેર કરવામાં આવ્યા, અને | (૧) ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારને મોડેલ ફેર પ્રાઈસ શોપ તરીકે જાહેર કરવામાં આવેલ નથી. તા. ૧-૪-૨૦૧૦ પહેલા કુલ ૨૮૦ ભંડારોને મોડેલ ફેર પ્રાઈસ શોપ તરીકે જાહેર કરવામાં આવેલ હતા. |
| (૨) બાકી ગ્રાહક ભંડારોને ક્યાં સુધીમાં મોડેલ ફેર પ્રાઈસ શોપ તરીકે જાહેર કરવામાં આવશે ? | (૨) બાકી રહેલ ૭૩ ભંડારોના પરવાનેદારોની નાણાંકીય સધ્ધરતા તથા તત્પરતા બાદ જાહેર કરી શકાશે. |

--------

**રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ હેઠળ પ્રાથમિક શાળાના માળખામાં ફેરફાર**

૨૩૫૮૯ **શ્રીમતી જશોદાબેન પરમાર(જોટાણા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ સંદર્ભમાં રાજ્ય સરકારે તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ પ્રાથમિક શાળાના માળખામાં કોઇ ફેરફાર કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો શો ફેરફાર કરેલ છે ? | (૨) ધોરણ-૧ થી ૫ પ્રાથમિક શાળા અને ધોરણ-૬થી ૮ ઉચ્ચ પ્રાથમિક શાળા એમ બે વિભાગ કરવામાં આવેલ છે. |

---------

**દિયોદર તાલુકામાં સામાજિક વનીકરણ યોજના**

૨૩૪૪૯ **શ્રી અનિલકુમાર માળી (દિયોદર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧માં બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકામાં ૩૧ હેક્ટર વિસ્તારમાં ૦.૩૭ લાખ રોપાનું વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) તે પાછળ રૂ. ૯,૩૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

**ડાંગ જિલ્લામાં સરકારી માધ્યમિક શાળાઓ**

૨૩૫૯૨ **શ્રી વિજયભાઈ ૨.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૮/૨૦૧૧ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં કુલ કેટલી સરકારી માધ્યમિક શાળાઓ આવેલ છે. | (૧) ૨૦ (વીસ) |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી., અને | (૨) |

| વર્ષ | શાળાની સંખ્યા |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૦૯ |
| ૨૦૧૦-૧૧ | ૦૧ |
| કુલ : | ૧૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) તે ક્યા ક્યા સ્થળે શરૂ કરવામાં આવેલ છે ? | (૩) |

| ક્રમ | ગામ | તાલુકો |
|---|---|---|
| ૧ | ચીખલી (શામગહાન) | આહવા |
| ૨ | પીપલાઈદેવી | આહવા |
| ૩ | બરડીપાડા | આહવા |

| | | |
|---|---|---|
| ૪ | બોરખલ | આહવા |
| ૫ | ચીકાર (જાવડા) | આહવા |
| ૬ | મહાલપાડા | આહવા |
| ૭ | નડગચોંડ | આહવા |
| ૮ | માળગા | આહવા |
| ૯ | કાકશાળા | આહવા |
| ૧૦ | લહાનચર્યા | આહવા |

---------

## ઝડપી ન્યાય મળે તે માટે લેવાયેલા પગલાં

૨૩૫૬૧ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧): માનનીય ન્યાય તંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યના નાગરિકોને ઝડપી ન્યાય મળે તે માટે રાજ્ય સરકારે તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ક્યા પગલાં લીધા છે ?

**જવાબ**

(૧) રાજ્ય સરકારે નામ. વડીઅદાલતના પરામર્શમાં રહીને ઝડપી ન્યાય મળે તે માટે જુદા જુદા જિલ્લા/તાલુકા સ્તરે જુદા જુદા સંવર્ગને કુલ : ૯૩૨ નવી કોર્ટોની સ્થાપનાની મંજૂરી આપેલ છે.

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારે વડી અદાલતના પરામર્શમાં રહીને જુદા જુદા સંવર્ગના કુલ : ૨૫૦ ન્યાયીક અધિકારીઓની નિમણૂંક કરેલ છે. આ નિમણૂંક દ્વારા કોર્ટો કાર્યરત થાય છે. અને કેસોનો ઝડપી નિકાલ કરીને પ્રજાને ઝડપી ન્યાય મળી રહે છે.

(૩) સાંધ્ય કોર્ટોની સ્થાપના કારણે છેલ્લા ત્રણ વર્ષમાં તા.૩૧/૮/૨૦૧૧ની સ્થિતિએ ૪,૯૯,૨૮૧ કેસોનો નિકાલ થયેલ છે.

(૪) ગુજરાત કાનુની સેવા સત્તા મંડળ દ્વારા તા. ૩૧/૮/૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ : ૩૫૫૩૯ લોક અદાલતો યોજીને કુલ : ૧૬,૬૭,૬૮૯ કેસોની નિકાલ કરવામાં આવેલ છે. અને રૂા. ૨૯૬૦.૫૭ કરોડનું વળતર ચુકવવામાં આવેલ છે. અને કુલ : ૪૩૪૭૬ લીગલ લીટરસી શિબીરો યોજવામાં આવી છે.

(૫) જિલ્લા તાલુકાની કોર્ટોમાં કેસોના ભરાવાના નિકાલ માટે વડી અદાલત અસરકારક પગલાં લઈ રહી છે. અને જરૂર જણાય ત્યાં જરૂરી સુચનાઓ જારી કરે છે.

(૬) વડી અદાલત અને તાબાની કોર્ટોમાં છેલ્લા ત્રણ વર્ષમાં જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા કે ફરનીચર/લો બુક્સ/કોમ્પ્યુટર/ઝેરોક્ષ મશીન તેમજ અન્ય ઉપયોગી ચીજ વસ્તુઓની સુવિધાઓ માટે કુલ : ૨૬ કરોડની રકમ ફાળવી છે. જેથી નાગરિકોને ઝડપથી ન્યાય મળે તે દિશામાં સરકારે પગલાં લીધા છે.

(૭) રાજ્ય સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા કુલ : ૨૬ કોર્ટોના કામો અને કુલ : ૧૯ ન્યાયિક અધિકારીઓના મકાનોના કામો બાંધવામાં આવેલ છે. આમ

રાજ્ય સરકારે ન્યાયતંત્ર માટે અનેક સુવિધાઓ પૂરી પાડેલ છે.

(૮) તકરારોના નિવારણોના શાંતિ પૂર્વક ઉકેલ માટે ગુજરાત હાઈકોર્ટ ખાતે, અમદાવાદ સીટી સીવીલ કોર્ટ ખાતે ફેમીલી કોર્ટ અમદાવાદ ખાતે તથા જામનગર, રાજકોટ, સુરત, વડોદરા, નડીયાદ, પાટણ, નવસારી, અને આહવા ખાતે મેડીયેશન સેન્ટરોની સ્થાપના કરેલ છે. અને મીડીયેશન સેન્ટરો દ્વારા કુલ : ૨૪૨ એડવોકેટોને તાલીમ આપવામાં આવેલી છે. આમ રાજ્યના નાગરિકોને પડતર કેસોનો ઝડપી નિકાલ કરીને ન્યાય સત્વરે મળી રહે તે માટે જરૂરી પગલાં લીધા છે.

(૯) ન્યાયતંત્રમાં કોમ્પ્યુટરાઈઝેશન થવાના લીધે સામાન્ય માનવીને કેસની માહિતી માટે રૂબરૂ કોર્ટમાં જવું પડતું નથી. વધુમાં વીડીયો કોન્ફરન્સ દ્વારા કોર્ટ અને જેલ સાથેના પરામર્શ હેઠળ કેદીઓની વ્યક્તિગત હાજરી વિના ક્રિમીનલ કેસોની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. પોલીસ અધિકારીઓને વ્યક્તિગત હાજરી વગર કેદીઓને કોર્ટમાં લાવવા માટે મુક્તિ મળે છે. અને કેદીઓને ભાગી જવાનો અવકાશ મળતો નથી.

(૧૦) પડતર કેસોનો ઝડપી નિકાલ કરવા માટે સરકાર હંમેશા વડી અદાલત સાથે ઘનિષ્ઠ પરામર્શમાં છે.

---------

## જામનગર જિલ્લામાં પંચવટી યોજના

૨૩૩૮૦ **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં પંચવટી યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૧-૧૨માં તા. ૩૧/૮/૨૦૧૧ ની સ્થિતિએ કેટલી પંચવટી મંજૂર કરવામાં આવી, | (૧) ૫ (પાંચ) |
| (૨) તે પૈકી કેટલી પંચવટી બનાવવામાં આવી, | (૨) તમામની કામગીરી ચાલુ છે. |
| (૩) કેટલી પંચવટી બનાવવાની બાકી છે, અને | (૩) ૫ (પાંચ) |
| (૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૪) સત્વરે |

## રાજ્ય સરકાર દ્વારા લીધેલ ઓવરડ્રાફ્ટ

૨૩૪૨૪ **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧-૮-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી વાર ઓવરડ્રાફ્ટ લેવામાં આવ્યા, અને | (૧) શૂન્ય. |
| (૨) ઓવરડ્રાફ્ટ પેટે કેટલું વ્યાજ ચૂકવવામાં આવ્યું? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**જામનગર જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમ અંતર્ગત શોચાલયોની મંજૂરી**

૨૩૩૬૮ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧-૧૨માં તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ જામનગર જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ કેટલા બી.પી.એલ. શોચાલયો મંજૂર કરવામાં આવ્યા, | (૧) વર્ષ ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ જામનગર જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ ૯૩૬ બી.પી.એલ. શોચાલયો મંજૂર કરવામાં આવ્યા. |
| (૨) તે પૈકી કેટલા શોચાલયોનું કામ પૂર્ણ થયેલ છે, | (૨) તે પૈકી તમામ ૯૩૬ શોચાલયોનું કામ પૂર્ણ થયેલ છે. |
| (૩) કેટલા શોચાલયોનું કામ બાકી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**શિક્ષક તાલીમ વિશ્વ વિદ્યાલયની સ્થાપના**

૨૩૦૩૧ **શ્રી જોધાજી ઠાકોર(વાગડોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૭-૧૧ની સ્થિતિએ રાજ્યમાં શિક્ષક તાલીમ વિશ્વ વિદ્યાલય (ટીચર્સ ટ્રેનીંગ યુનિવર્સિટી) સ્થાપવાનો નિર્ણય ક્યારે લેવામાં આવ્યો, | (૧) તા. ૧-૪-૨૦૧૦ના અધિનિયમ મુજબ. |
| (૨) તે અન્વયે કેટલી રકમ ક્યારે ફાળવવામાં આવી, અને | (૨) નીચે મુજબ રકમ ફાળવેલ છે :-<br>(૧) તા. ૨૬/૨/૨૦૧૦ રૂા. ૧૦૦ લાખ<br>(૨) તા. ૨૩/૩/૨૦૧૦ રૂા. ૫૯૫ લાખ<br>કુલ : રૂા. ૬૯૫ લાખ |
| (૩) હાલમાં આ યુનિવર્સિટી ક્યા સ્થળે કાર્યરત છે ? | (૩) સરકારી વિજ્ઞાન અને વિનયન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગરના કેમ્પસમાં આવેલ સરકારી કોમર્સ કોલેજના ભવનમાં હાલમાં આ યુનિવર્સિટી કાર્યરત છે. |

--------

**રાજ્યની જેલોમાં સલામતીની યોજના**

૨૩૬૧૩ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ(શહેરા) : માનનીય જેલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની જેલોની સલામતી વધે તે માટે સરકારે કોઈ યોજના કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૦૮-૨૦૧૧ની સ્થિતિએ બે વર્ષમાં શાં પગલાં લીધા ? | (૨) રાજ્યની જેલોની સલામતી વધે તે માટે તા. ૩૧-૦૮-૨૦૧૧ની સ્થિતિએ બે વર્ષમાં રાજ્યની મધ્યસ્થ જેલ, જિલ્લા જેલ, સબ/ખાસ જેલમાં સલામતીની દ્રષ્ટિએ તકેદારી રૂપે જુદા જુદા પગલા લીધેલા છે. તેમાં હાઈ વોલ્ટેજ ડી.સી. લાઈવ વાયર સિસ્ટમ, હાઈમાસ્ટ પોલ, એક્સ-રે સ્કેનીંગ મશીન, સેલફોન જામર સિસ્ટમ, મોબાઈલ ફોન ડીટેક્ટર, નાર્કોટીક્સ એક્સ્પ્લોઝીવ ડીટેક્ટર, હેવી ડ્યુટી જનરેટર સેટ, ડોરફ્રેમ મેટલ ડીટેક્ટર, વિડિયો સર્વેલન્સ સિસ્ટમ જેવી અલગ અલગ પ્રકારની સુવિધાઓ જુદી જુદી જેલો ખાતે ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. |

--------

**ભરૂચ જિલ્લાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ આમોદને સહાય**

૨૩૫૬૩ **શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાની આમોદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિને આધુનિક સવલતો પૂરી પાડવાની યોજના હેઠળ તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક | (૧) રૂા. ૪૭.૦૧ લાખ |

વર્ષમાં કેટલી રકમ મંજુર કરવામાં આવી, અને

(૨) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) રૂા. ૪૭.૦૧ લાખ

--------

**અમરેલી જિલ્લામાં કૃષિ માર્ગદર્શન શિબિરો**

૨૩૬૦૧ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૮/૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં કેટલી કૃષિ માર્ગદર્શન શિબિરો યોજવામાં આવી, | (૧) કુલ-૪૮ કૃષિ માર્ગદર્શન શિબિરો. |
| (૨) તે પ્રત્યેક શિબિરોનો લાભ કેટલા ખેડૂતોએ લીધો, અને | (૨) ૯૮ ખેડૂતો. |
| (૩) ખેડૂતોને તેનાથી શો ફાયદો થયો ? | (૩) ખેડૂતો વૈજ્ઞાનિક પધ્ધતિથી ખેતી કરતા થયા. તેથી ખેતી ખર્ચમાં ઘટાડો અને ઉત્પાદનમાં વધારો થયો. |

--------

**પાલનપુર તાલુકામાં સામાજિક વનીકરણ યોજના**

૨૩૪૪૮ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માં બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) સામાજિક વનીકરણ યોજના એટલે કે સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકામાં ૬૦ હેક્ટર વિસ્તારમાં ૦.૭૭ લાખ રોપાનું વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) તે પાછળ રૂ. ૨૬.૪૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

--------

**એસ્સાર સ્ટીલ કંપની દ્વારા સુરત હજીરા ખાતે વન વિભાગની જમીનમાં ગેરકાયદેસર દબાણ**

૨૩૫૩૧ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ સુરત હજીરા ખાતેની વન વિભાગની જમીન જે એસ્સાર સ્ટીલ કંપનીએ ગેરકાયદેસર દબાણ કરેલ તેનો સરકાર ક્યારે કબજો પાછો લેવા માંગે છે, અને | (૧) મોજે. હજીરા (સુવાલી) ના સર્વે ૪૩૪-અ-૧-૧ ની ૨૦.૭૬ હેક્ટર વન જમીનમાં એસ્સાર સ્ટીલ કંપની દ્વારા કરેલ પેશકદમી સામે ભારતીય વન અધિનિયમ, ૧૯૨૭ હેઠળ ગુન્હાઓ નોંધવામાં આવેલ છે. કંપની દ્વારા આ જમીન તે કંપનીના કર્મચારીઓના રહેઠાણ તથા સંલગ્ન માળખાકીય સુવિધાઓના ઉપયોગ માટે વિનિયમિત કરવા અરજી કરેલ છે. રાજ્ય સરકાર દ્વારા શરતોને આધિન વિનિયમિત કરવા કેન્દ્ર સરકારને ભલામણ કરવામાં આવી છે. |
| (૨) ગેરકાયદેસર થયેલા દબાણો દૂર કરવા માંગો છો કે કેમ ? | (૨) ઉપર મુજબ. |

--------

**વિશ્વબેંક સહાયિત યોજના હેઠળ ટેકનિકલ શિક્ષણની ગુણવત્તા માટે પ્રોજેક્ટ**

૨૩૫૭૨ **શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિશ્વબેંક સહાયિત યોજના હેઠળ ટેકનિકલ શિક્ષણની ગુણવત્તા માટે વર્ષ ૨૦૧૧-૨૦૧૨ માં કોઈ પ્રોજેક્ટનું અમલીકરણ થનાર છે તે હકીકત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો આ યોજના અંતર્ગત તા. ૩૧/૮/૨૦૧૧ની સ્થિતિએ કેટલી શૈક્ષણિક | (૨) આ યોજના અંતર્ગત તા. ૩૧/૮/૨૦૧૧ની સ્થિતિએ ૮ (આઠ) સંસ્થાઓને સામેલ કરવામાં આવેલ |

સંસ્થાઓને સામેલ કરવામાં આવેલ છે ? — છે.

--------

**કપડવંજ તાલુકામાં પ્રાથમિક શાળાઓની કંપાઉન્ડ વોલ**

૨૩૫૧૦ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાં તા. ૩૧/૮/૨૦૧૧ ની સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળાઓને પૂરી કમ્પાઉન્ડ વોલ છે, | (૧) ૧૦૧ પ્રાથમિક શાળાઓમાં. |
| (૨) કેટલી પ્રાથમિક શાળાઓને અધૂરી કમ્પાઉન્ડ વોલ છે, | (૨) એક પણ નહીં. |
| એચબી-૪૪૬-૬ [illegible] ી પ્રાથમિક શાળાઓને કમ્પાઉન્ડ વોલ [illegible] બાકી છે, અને | (૩) ૧૭૫ પ્રાથમિક શાળાઓમાં. |
| (૪) બાકીની પ્રાથમિક શાળાઓની કમ્પાઉન્ડ વોલ બનાવવાનું શું આયોજન છે ? | (૪) જેમ બને તેમ જલ્દી. |

--------

**વડોદરા જિલ્લામાં કન્યા કેળવણી બોન્ડની ચૂકવણી**

૨૩૧૬૬ **શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના ક્વાંટ-છોટાઉદેપુર જેતપુર-પાવી, સંખેડા અને નસવાડી તાલુકામાં કન્યા કેળવણીના પ્રાધ્યાન્ય માટે સને ૨૦૦૩-૨૦૦૪ ના વર્ષમાં ધોરણ-૧ માં પ્રવેશ મેળવનાર કન્યાઓને બોન્ડની વ્યાજ સહિતની રકમ તા. ૩૧-૭-૨૦૧૧ સુધીમાં ચૂકવાઈ નથી તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શાં છે અને આ રકમ ક્યારે ચૂકવાશે ? | (૨) (૧) તા. ૩૧-૭-૨૦૧૦ના રોજ બોન્ડ ખરીદીને સાત (૭) વર્ષ પૂરા થયેલ ન હતા જેથી લાભાર્થીને વ્યાજની ખોટ જવાની સંભાવના હતી.<br>૨. આ બોન્ડની વ્યાજ સહિતની રકમ હવે ઓક્ટોબર-૨૦૧૧ દરમ્યાન અથવા વ્યાજની દ્રષ્ટિએ લાભપ્રદ મુદત/સમય હશે તે દરમ્યાન ચૂકવી આપવામાં આવશે. |

--------

**સુરત જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૩૪૧૦ **શ્રીમતી ભારતીબેન રાઠોડ (કામરેજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માં તા. ૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૫. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, | (૨) ૪. |
| (૩) કેટલી ના મંજૂર કરવામાં આવી, અને | (૩) ૧. |
| (૪) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૪) ` ૨૮-૦૦ લાખ (લોન). |

--------

**સરકારી ઈજનેરી કોલેજોમાં પ્રત્યક્ષ તાલીમ**

૨૩૫૭૪ **શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારી ઈજનેરી કોલેજોમાં વિદ્યાર્થીઓને | (૧) હા |

પ્રત્યક્ષ તાલીમ મળે તેવી કોઈ યોજના સરકાર તરફથી હાથ ધરાયેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

(૨) સરકારી ઈજનેરી કોલેજોમાં વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ તાલીમ મળે તે હેતુથી તેમજ જ્ઞાન અને અનુભવના આદાન-પ્રદાનના ઉદ્દેશ સાથે ગુજરાત સરકારે એક મહત્વાકાંક્ષી નિર્મળ ગુજરાત-ટેક્નોસેવા પ્રોગ્રામ તા. ૩૦ ઓગષ્ટ, ૨૦૦૮ના રોજ શરૂ કર્યો છે. જે અંતર્ગત નગરપાલિકાના ચાલુ તેમજ આયોજનમાં હોય તેવા કામોનું વર્ગીકરણ કરી તેમાં પસંદ કરેલ વિદ્યાથીઓની કાર્ય કરવા માટે ગોઠવણ કરવામાં આવી છે. આ પ્રોગ્રામના ઉદ્દેશો અનુસાર રાજ્યની ઈજનેરી સંસ્થાઓના સિવિલ ઈજનેરી તથા ઈલેક્ટ્રીકલ ઈજનેરી વિદ્યાશાખાની ડિપ્લોમા, સ્નાતક તેમજ અનુસ્નાતકના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તાલીમાર્થી તરીકે સાંકળવામાં આવ્યા છે.

--------

**અમરેલી જિલ્લાના હામાપુર ગામે ફોર્ટીફાઈડ લોટનો ગેરકાયદેસર જથ્થો પકડવા બાબત**

૨૩૧૬૧ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લાના હામાપુર ગામે તારીખ ૩૧-૭-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી રકમનો ફોર્ટીફાઈડ લોટનો ગેરકાયદેસર જથ્થો જપ્ત કરવામાં આવ્યો, અને

(૨) તે અન્વયે કોની કોની સામે ક્યા પ્રકારના પગલાંઓ લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) રૂા. ૧૨,૦૦,૪૮૦/-ની રકમનો ફોર્ટીફાઈડ લોટનો ગેરકાયદેસર જથ્થો જપ્ત કરવામાં આવ્યો.

(૨) અ. નીચેના ઈસમો સામે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ની કલમ-૩ અને ૭ હેઠળ પોલીસ ફરિયાદ દાખલ કરી આવશ્યક ચીજવસ્તુના કાળાબજાર થતા અટકાવવા અને તેનો પુરવઠો જાળવી રાખવા બાબતના અધિનિયમ ૧૯૮૦ની કલમ-૩(૨) હેઠળ અટકાયતના પગલાં લેવામાં આવેલ છે.

(૧) શ્રી ધીરૂભાઈ વલ્લભભાઈ થાવાણી રહે. હામાપુર
(૨) શ્રી દલસુખભાઈ વલ્લભભાઈ થાવાણી રહે. હામાપુર
(૩) શ્રી મહેશભાઈ ભનુભાઈ થાવાણી રહે. હામાપુર
(૪) શ્રી હરેશભાઈ છગનભાઈ મહેતા રહે. સુરત

બ. શ્રી યોગેશ જ્યંતિભાઈ ખંભોળીયા રહે. હામાપુર સામે આવશ્યક ચીજવસ્તુના કાળાબજાર થતા અટકાવવા અને તેનો પુરવઠો જાળવી રાખવા બાબતના અધિનિયમ ૧૯૮૦ ની કલમ ૩(૨) હેઠળ અટકાયતી હુકમ કરવામાં આવેલ છે.

**આણંદ જિલ્લામાં કૃષિ માર્ગદર્શન શિબિરો**

૨૩૬૦૩ **શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ(આણંદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલી કૃષિ માર્ગદર્શન શિબિરો યોજવામાં આવી,

(૨) તે પ્રત્યેક શિબિરોનો લાભ કેટલા ખેડૂતોએ

**જવાબ**

(૧) કુલ-૨૩ કૃષિ માર્ગદર્શન શિબિરો.

(૨) ૧૦૯ ખેડૂતો.

લીધો, અને

(૩) ખેડૂતોને તેનાથી શો ફાયદો થયો ?

(૩) ખેડૂતો વૈજ્ઞાનિક પધ્ધતિથી ખેતી કરતા થયા. તેથી ખેતી ખર્ચમાં ઘટાડો અને ઉત્પાદનમાં વધારો થયો.

--------

## પ્રાથમિક શાળાના વિજબીલની ચૂકવણી બાબત

૨૩૫૮૨ **શ્રી ભૂષણભાઈ ભટ્ (ખાડીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં પ્રાથમિક શાળાઓના વીજળી-બીલની રકમ ચૂકવવા માટે તા. ૩૧-૮-૨૦૧૧ ની સ્થિતિએ સરકારે શી વ્યવસ્થા કરેલ છે, અને | (૧) રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં થતા વિજવપરાશના બીલની પૂરેપૂરી રકમની ચૂકવણી રાજ્ય સરકારશ્રી દ્વારા કરવામાં આવે છે. આ બિલની રાજ્ય કક્ષાએથી ગુજરાત ઉર્જા વિકાસ નિગમ મારફતે સીધી ચૂકવણી કરવામાં આવે છે. |
| (૨) આ બીલમાં ખૂટતી રકમ લોકફાળાથી ભરવામાં આવે છે તે હકીક્ત સાચી છે ? | (૨) ના. જી. |

---------

## વડોદરા આર.ટી.ઓ. કચેરીને થયેલ આવક

૨૩૩૯૦ **શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા(વડોદરા શહેર ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વડોદરા આર.ટી.ઓ. કચેરીની તા. ૧-૧-૨૦૧૧ થી તા. ૩૦-૬-૨૦૧૧ના સમયગાળાની કુલ કેટલી આવક થઇ, | (૧) રૂા. ૮૭.૮૬ ક્રોડ. |
| (૨) તા. ૧-૭-૨૦૧૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૦ ના છ માસિક સમયગાળાની આવકના સંદર્ભમાં આવકમાં વધારો થયો કે ઘટાડો, | (૨) વધારો થયેલ છે. |
| (૩) જો આવકમાં વધારો થયો હોય તો કેટલો વધારો થયો, અને | (૩) રૂ. ૧૮.૧૫ ક્રોડનો વધારો થયો છે. |
| (૪) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## રાજ્યની સરકારી ઇજનેરી કોલેજોમાં પ્રત્યક્ષ તાલીમ

૨૩૫૭૩ **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સરકારી ઇજનેરી કોલેજોમાં વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ તાલીમ મળે તેવી કોઇ યોજના સરકાર તરફથી હાથ ધરાયેલ છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) સરકારી ઇજનેરી કોલેજોમાં વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ તાલીમ મળે તે હેતુથી તેમજ જ્ઞાન અને અનુભવના આદાન-પ્રદાનના ઉદ્દેશ સાથે ગુજરાત સરકારે એક મહત્વાકાંક્ષી નિર્મળ ગુજરાત-ટેક્નોસેવા પ્રોગ્રામ તા. ૩૦ ઓગષ્ટ, ૨૦૦૮ના રોજ શરૂ કર્યો છે. જે અંતર્ગત નગરપાલિકાના ચાલુ તેમજ આયોજનમાં હોય તેવા કામોનું વર્ગીકરણ કરી તેમાં પસંદ કરેલ વિદ્યાર્થીઓની કાર્ય કરવા માટે ગોઠવણ કરવામાં આવી છે. આ પ્રોગ્રામના ઉદ્દેશો અનુસાર રાજ્યની ઇજનેરી સંસ્થાઓના સિવિલ ઇજનેરી તથા ઇલેક્ટ્રીકલ ઇજનેરી વિદ્યાશાખાની ડિપ્લોમા, સ્નાતક તેમજ અનુસ્નાતકના |

અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તાલીમાર્થી તરીકે સાંકળવામાં આવ્યા છે.

---------

## ડેરી ઉદ્યોગ વિકાસ માટે મંડળીઓની રચના

૨૩૫૯૦ **શ્રી રાજસીભાઈ જોટવા(સોમનાથ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| જૂનાગઢ જિલ્લામાં ડેરી ઉદ્યોગના વિકાસ માટે ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૮-૨૦૧૧ સુધીમાં કેટલી નવી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની રચના કરવામાં આવી ? | ૧૧ (અગિયાર). |

---------

## નવસારી જિલ્લામાં ઇકો ટુરીઝમ યોજનાની કામગીરી

૨૩૪૫૪ **શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ઇકો ટુરીઝમ યોજના હેઠળ નવસારી જિલ્લામાં તા. ૩૧-૦૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કામગીરી થઇ છે, અને | (૧) નીચે મુજબની કામગીરી થયેલ છે. વાંસદા તાલુકા મોજે કિલાદ ખાતે ટવીન હટસ, સોલાર લાઇટ તથા લેન્ડ સ્કેપીંગની કામગીરી માલ સામાન ખરીદી, ધોવાણ અટકાવવા માટે પથ્થર પુરાણ, લોન બનાવવાની કામગીરી, હટ/ઝૂંપડીમાં સંડાસ બાથરૂમ રીપેરીંગ તેમજ કેમ્પ સાઇટમાં સાફ સફાઇની કામગીરી. |
| (૨) તે કામગીરી પાછળ વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) રૂપિયા ૧.૫૦ લાખ. |

---------

## અમદાવાદ જિલ્લામાં બી.પી.એલ. યાદીમાં પરિવારોનો સમાવેશ

૨૩૪૯૨ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૮-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર બી.પી.એલ. યાદીમાં કેટલા પરિવારોનો સમાવેશ કરવામાં આવ્યો,

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરેલ બી.પી.એલ. પરિવારોની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **૦ થી ૨૦ (ગુણાંક)** |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૦ |
| ૨ | બરવાળા | ૩ |
| ૩ | બાવળા | ૩૩ |
| ૪ | દસક્રોઈ | ૨૨૬ |
| ૫ | દેત્રોજ | ૧ |
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **૦ થી ૨૦ (ગુણાંક)** |
| ૬ | ધંધુકા | ૦ |
| ૭ | ધોળકા | ૯ |
| ૮ | માંડલ | ૧૦૪ |
| ૯ | રાણપુર | ૦ |
| ૧૦ | સાણંદ | ૭૬૩ |
| ૧૧ | વિરમગામ | ૫૬ |
| | **કુલ :** | **૧૧૯૫** |

**પ્રશ્ન**

(૨) યાદીમાં રહી જવા પામ્યા હોય અને અન્યાય થયો હોય તે અંગેની તાલુકાવાર કેટલી ફરિયાદો મળી,

**જવાબ**

(૨) તાલુકાવાર મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓની** |
|---|---|---|
| ૧ | બરવાળા | ૩૪૧ |
| ૨ | બાવળા | ૧૩૭૧ |

| | | |
|---|---|---|
| ૨ | બાવળા | ૧૩૭૧ |
| ૩ | દસક્રોઈ | ૮૬૦ |
| ૪ | દેત્રોજ | ૩૯૬ |
| ૫ | ધંધુકા | ૨૫૨ |
| ૬ | ધોળકા | ૧૧૪ |
| ૭ | માંડલ | ૯૦૮ |
| ૮ | રાણપુર | ૫૧૬ |
| ૯ | સાણંદ | ૧૧૮૩ |
| ૧૦ | વિરમગામ | ૪૧૭ |
| | **કુલ :** | **૬૩૫૮** |

(૩) આ ફરિયાદોના અનુસંધાને કેટલા પરિવારોનો સમાવેશ બી.પી.એલ. યાદીમાં કરવામાં આવ્યો, અને

(૩) મળેલ કુલ ૬૩૫૮ અરજીઓ પૈકી ૧૧૯૫ કુટુંબોને બી.પી.એલ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **૦ થી ૨૦ (ગુણાંક)** |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૦ |
| ૨ | બરવાળા | ૩ |
| ૩ | બાવળા | ૩૩ |
| ૪ | દસક્રોઈ | ૨૨૬ |
| ૫ | દેત્રોજ | ૧ |
| ૬ | ધંધુકા | ૦ |
| ૭ | ધોળકા | ૯ |
| ૮ | માંડલ | ૧૦૪ |
| ૯ | રાણપુર | ૦ |
| ૧૦ | સાણંદ | ૭૬૩ |
| ૧૧ | વિરમગામ | ૫૬ |
| | **કુલ :** | **૧૧૯૫** |

(૪) બાકી રહેતા પરિવારોનો સમાવેશ કેટલા સમયમાં કરવામાં આવશે ?

(૪) બાકી રહેતા પરિવારોની ચકાસણી કરી પાત્રતાના આધારે સત્વરે યોગ્ય નિર્ણય કરવામાં આવશે.

--------

## અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને વિદેશ જવા માટે લોન

૨૩૪૩૧ **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૦-૬-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે લોન અંગેની કુલ કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૫૦. |
| (૨) તે પૈકી કેટલી લોન અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૫૦. |
| (૩) મંજૂર થયેલ અરજીઓ પાછળ કુલ કેટલી લોન સહાયનો ખર્ચ થયેલ છે ? | (૩) રૂા. ૪૯૦.૧૪ લાખ. |

--------

## સ્નાતક/અનુસ્નાતક અભ્યાસક્રમ બાદ નોકરી માટે આયોજન

૨૩૫૯૫ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સ્નાતક/અનુસ્નાતકના અભ્યાસક્રમો પૂરા કર્યા બાદ વિદ્યાર્થીઓને નોકરીની તકો પ્રાપ્ત થાય તે અંગે રાજ્ય સરકાર તરફથી તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) સ્નાતક/અનુસ્નાતકનો અભ્યાસક્રમ પૂરો કર્યા |

બાદ નોકરીની તકો પ્રાપ્ત થાય તે માટે સરકારના તમામ વિભાગો ધ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિકની શૈક્ષણિક સંસ્થાઓમાં ટેટ ધ્વારા ભરતીનું આયોજન છે. જ્યારે ઉચ્ચ શિક્ષણ કચેરી ધ્વારા ઉદીશા ક્લબની સ્થાપના કરી પ્રિ-પ્લેશમેન્ટનું તથા ઈજનેરી કોલેજોમાં કેમ્પસ ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે.

--------

**કચ્છ જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૩૪૦૮ **ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૦૩ |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, | (૨) ૦૩ |
| (૩) કેટલી નામંજૂર કરવામાં આવી, અને | (૩) શૂન્ય |
| (૪) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૪) ` ૧૫.૦૦ લાખ (લોન) |

--------

**સુરેન્દ્રનગર જિલ્લાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ચોટીલા અને લીંબડીને સહાય**

૨૩૫૬૨ **શ્રી ભરતભાઈ વ. ખોરાણી(ચોટીલા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાની ચોટીલા અને લીંબડી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિને આધુનિક સવલતો પૂરી પાડવા હેઠળ તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી રકમ મંજુર કરવામાં આવી, અને | (૧) ૧. ચોટીલા રૂા. ૧૧.૬૫<br>૨. લીંબડી રૂા. ૨૪.૪૦ |
| (૨) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) રૂા. ૩૬.૦૫ |

--------

**પાટણ જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો**

૨૩૩૬૬ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલા પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો હતા, | (૧) ૪૯૪. |
| (૨) સરકારની યોજના પ્રમાણે કેટલા નવા ભંડારો ખોલવાના બાકી છે, અને | (૨) નવા ભંડારો ખોલવાના બાકી નથી. |
| (૩) તે ક્યાં સુધીમાં ખોલવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**પશુધનની સુધારણાના પગલાં**

૨૩૬૦૯ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ (રાજગઢ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં પશુધનની સુધારણા માટે રાજ્ય સરકારે તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ક્યા પગલાં લીધાં છે? | રાજ્ય સરકારે તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં નીચે મુજબના પગલાં લીધાં<br>* કૃત્રિમ બીજદાન ફીના ` ૩૦/- માં ઘટાડો કરી ` ૧૦/- કરવામાં આવ્યા.<br>* ૧૫૪ ઉપકેન્દ્રો સાથે ૪ ઘનિષ્ઠ પશુ સુધારણા એકમ |

શરૂ કરવામાં આવ્યા.
* ૨૮ લાખ ઉપરાંત કૃત્રિમ બીજદાન, ૭૫૦૦થી વધુ જાતિય આરોગ્ય મેળા કરવામાં આવ્યા.
* પાટણ ખાતે અદ્યતન ફ્રોઝન સીમેન સ્ટેશન શરૂ કરવામાં આવ્યું.
* ૩૦૦ ઉપરાંત ઉચ્ચ આનુવંશિક ગુણો ધરાવતાં સાંઢ જરૂરીયાતમંદ સંસ્થાઓને પૂરા પાડવામાં આવ્યાં.

--------

## સીંગતેલમાં થયેલો ભાવ વધારો

૨૩૪૭૩ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં રાજ્યમાં સીંગતેલમાં થયેલા જબરજસ્ત ભાવ વધારાને રોક્વા સરકારે તારીખ ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શાં પગલાં લીધા છે, અને

**જવાબ**

(૧) ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓના વેપારીઓનું (નિયમન કરવા બાબત) હુકમ-૧૯૭૭ તથા ખાદ્યતેલ પેકિંગ (નિયમન) હુકમ-૧૯૯૮ હેઠળ સતત મોનીટરીંગ રાખી સીંગતેલ ઉત્પાદકો/વિક્રેતાઓની અવારનવાર તપાસો કરવામાં આવે છે.
(અ) તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખાદ્યતેલમાં નીચે મુજબના દરોડા પાડી ગેરરીતિ આચરનાર સામે પગલાં લેવામાં આવેલ છે.
(૧) ૮૬૧ દરોડા પાડવામાં આવ્યા.
(૨) રૂા. ૨.૧૭ કરોડની કિંમતનો જથ્થો કબજે કરવામાં આવ્યો.
(૩) રૂા. ૩૬.૫૪ લાખની કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો
(બ) તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સીંગતેલ સીંગદાણા, મગફળીમાં નીચે મુજબના દરોડા પાડી ગેરરીતિ આચરનાર સામે પગલાં લેવામાં આવેલ છે.
(પત્રક-૧માં જણાવ્યા મુજબ)

(૨) સરકારી ગોડાઉનોમાં રાખેલ બફર સ્ટોક છૂટો કરવા શું આયોજન કરેલ છે?

(૨) સરકારી ગોડાઉનોમાં રાખેલ આર.બી.ડી. પામોલીન તેલનો બફર સ્ટોક ઓગસ્ટ-૧૦ થી નવેમ્બર-૧૦ દરમ્યાન પ્રતિમાસ, પ્રતિકાર્ડ, પ્રતિપાઉચ રૂા. ૩૨/- ના દરે બી.પી.એલ. અને અંત્યોદય કાર્ડધારકોને એક લીટર પાઉચના ધોરણે ૧૧૯૫૦ મે.ટન જથ્થાનું વિતરણ કરવામાં આવેલ તેમજ ૧૨૦૦૦ મે.ટન બફર સ્ટોક કરી ઓગષ્ટ-૧૧ થી નવેમ્બર-૧૧ દરમ્યાન પ્રતિકાર્ડ, પ્રતિમાસ, પ્રતિપાઉચ રૂા. ૪૦/- ના દરે એક લીટર પાઉચ બી.પી.એલ. અને અંત્યોદય કાર્ડધારકોને વિતરણ ચાલુ કરેલ છે.

**પત્રક-૧**

**(૧) ૨૧૮ દરોડા પાડવામાં આવ્યા.**

| | સીંગતેલ | સીંગદાણા | મગફળી | કુલ |
|---|---|---|---|---|
| (૨) જથ્થો કબજે કરવામાં આવ્યો. (કિંમત લાખમાં) | ૫૪.૧૩ | ૧૯.૨૧ | ૫૬.૩૬ | ૧૨૯.૭૦ |
| (૨) જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો. (કિંમત લાખમાં) | ૩.૭૦ | ૧.૪૬ | ૨.૨૩ | ૭.૩૯ |

--------

**અમદાવાદ જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ શાળાઓમાં શોચાલયોને મંજૂરી**

૨૩૩૬૯ **શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧-૧૨માં અમદાવાદ જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ કેટલી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે શોચાલયો મંજૂર કરવામાં આવ્યા, | (૧) વર્ષ ૨૦૧૧-૧૨માં હાલના તબક્કે કોઈ શાળામાં શોચાલય બાકી રહેલ નથી. આ સંજોગોમાં અમદાવાદ જિલ્લામાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૧-૧૨માં શોચાલયો મંજૂર કરવાનો કે પૂર્ણ કરવાનો પ્રશ્ન રહેતો નથી. |
| (૨) તે પૈકી તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ કેટલા શોચાલયોનું કામ પૂર્ણ થયેલ છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા શોચાલયોનું કામ બાકી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શાળામાં ધોરણ-૮ના નવા વર્ગો**

૨૩૫૮૬ **શ્રી કલ્યાણસિંહ ચૌહાણ(દહેગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૦-૨૦૧૧ અને ૨૦૧૧-૨૦૧૨ માં તા. ૩૧-૮-૨૦૧૧ સુધીમાં ગાંધીનગર જિલ્લાની કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ના વર્ગો શરૂ કરવામાં આવેલ છે, અને | (૧) ૧૭૩ પ્રાથમિક શાળાઓમાં. |
| (૨) હજી કેટલી પ્રાથમિક શાળાઓમાં વર્ગો શરૂ કરવાના બાકી છે? | (૨) ૧૯૪ પ્રાથમિક શાળાઓમાં. |

--------

**નવસારી જિલ્લામાં ઘરથાળના પ્લોટ મેળવવાની અરજીઓ**

૨૩૧૩૧ **શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં તા. ૩૧-૭-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ઘરથાળના પ્લોટ મેળવવા અન્વયે કેટલી અરજીઓ વર્ષવાર મળી,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૯-૧૦ | વર્ષ ૨૦૧૦-૧૧ | મળેલ અરજીની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | નવસારી | ૦ | ૦ | ૦ |
| ૨ | જલાલપોર | ૦ | ૦ | ૦ |
| ૩ | ગણદેવી | ૯૪ | ૦ | ૯૪ |
| ૪ | ચીખલી | ૦ | ૦ | ૦ |
| ૫ | વાંસદા | ૦ | ૦ | ૦ |
| | કુલ : | ૯૪ | ૦ | ૯૪ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે અન્વયે વર્ષવાર કેટલા લોકોને ઘરથાળના પ્લોટ ફાળવવામાં આવ્યા, અને | (૨) વર્ષ ૨૦૦૯-૧૦ ૯૪<br>વર્ષ ૨૦૧૦-૧૧ ૦<br>કુલ ૯૪ |
| (૩) કેટલા લોકોને ઘરથાળના પ્લોટ આપવાના બાકી છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**ચાણસ્મા તાલુકામાં સામાજિક વનીકરણ યોજના**

૨૩૪૫૨ **શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકામાં ૬૬ હેક્ટર વિસ્તારમાં ૦.૮૨ લાખ રોપાનું વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) તે પાછળ કુલ રૂા. ૨૭.૮૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

---------

**રાજ્યની જેલોમાં કેદી કલ્યાણની કામગીરી**

૨૩૬૧૨ **શ્રી કિશોરભાઈ વાંકાવાળા (સુરત શહેર પશ્ચિમ) : માનનીય જેલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની જેલોમાં કેદીઓના કલ્યાણ માટે કોઈ કામગીરી થાય છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૦૮-૨૦૧૧ સુધીમાં તે સંબંધમાં શી કામગીરી કરવામાં આવી છે? | (૨) રાજ્યની જેલોમાં કેદીઓના ક્લાયણ માટે નીચે મુજબની જુદી જુદી કામગીરી કરવામાં આવે છે.<br>-**સાક્ષરતા અભિયાન** હેઠળ ૬૨૧૬ કેદીઓને સાક્ષર કરવામાં આવેલ છે.<br>-**"વાંચે ગુજરાત" કાર્યક્રમ** હેઠળ જેલોમાં લાઈબ્રેરીમાં કુલ ૬૩૧૪૮ પુસ્તકો તથા ૭૪૧૫ મેગેઝીનો ઉપલબ્ધ કરવામાં આવેલ છે.<br>-**કોમ્પ્યુટરનું શિક્ષણ** આપવામાં આવે છે.<br>-**ઉદ્યોગલક્ષી કાર્યક્રમોમાં** રોજગારલક્ષી તાલીમ આપવા માટે તાલીમ સહ ઉત્પાદનના ધોરણે વણાંટ, બેકરી, દરજી, ન્ટીંગ, ચર્મ ઉદ્યોગ ચલાવવામાં આવે છે. આ ઉપરાંત ગુજરાત વિદ્યાપીઠ દ્વારા અમદાવાદ ઓપન જેલના ૬૦ કેદીઓને કે જેને પ્રમાણપત્ર સહીતની પશુપાલન અને ડેરી સાયન્સ તેમજ સજીવ ખેતીની તાલીમ આપવામાં આવેલ છે.<br>-**રોજગારલક્ષી કાર્યક્રમોમાં** ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય માન્ય સંસ્થા બ્યૂરો ઓફ સ્કીલ એસેસમેન્ટ દ્વારા આઈટીઆઈ સમકક્ષ ૬૧૪ પ્રમાણપત્રો કેદીઓને એનાયત કરવામાં આવેલ છે. તથા અમદાવાદ મધ્યસ્થ જેલના ૪૮ કેદીઓને **"સંબોધન કાર્યક્રમ અને રેડીયો જોકી"** ની તાલીમ આપવામાં આવેલ છે.<br>**આ ઉપરાંત આધ્યાત્મિક ઉત્થાન, બંધારણીય અને કાયદાકીય હકોની જાણકારી તથા સ્વાસ્થ્ય જાગૃતિ** માટે વિવિધ પગલા લેવામાં આવેલ છે. |

**રાજ્યની સરકારી ઈજનેરી કોલેજોની પ્રયોગશાળાનું આધુનિકરણ**

૨૩૫૭૬ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારી ઈજનેરી કોલેજો અને પોલીટેક્નીકોની પ્રયોગશાળાઓના આધુનિકરણ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ આયોજન કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો તા. ૩૦-૬-૨૦૧૧ની સ્થિતિએ તે માટે કુલ કેટલું બજેટ ફાળવવામાં આવેલ છે? | (૨) વર્ષ ૨૦૧૧-૧૨માં આ હેતુસર આયોજન સદરે રૂા. ૮.૨૯ કરોડ અને વિશ્વબેંક સહાય યોજના હેઠળ રૂા. ૪.૭૫ કરોડની જોગવાઈ બજેટમાં થયેલ છે. |

**અમરેલી જિલ્લાના બગસરાના હામાપુર ગામે ગેરકાયદેસર ફોર્ટીફાઈડ લોટનો જથ્થો પકડવા બાબત**

૨૩૦૨૬ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના બગસરાના હામાપુર ગામે કેટલી રકમનો ગેરકાયદેસર ફોર્ટીફાઈડ લોટનો જથ્થો તા. ૩૧-૭-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દરોડાઓ પાડી પકડવામાં આવ્યો, | (૧) રૂા. ૧૨,૦૦,૪૮૦/-ની રકમનો ગેરકાયદેસર ફોર્ટીફાઈડ લોટનો જથ્થો પકડવામાં આવ્યો, |

(૨) તે અન્વયે કેટલી ફોર્ટીફાઈડ આટાની બોરીઓ પકડવામાં આવી, અને

(૩) તે અન્વયે ક્યા ક્યા ઈસમો સામે કઈ કઈ કલમો લગાવી ગુન્હાઓ નોંધવામાં આવ્યા?

(૨) હામાપુર ગામે ફોર્ટીફાઈડ આટાની ૫૮૦૫-બોરીઓ (બેગો) પકડવામાં આવી.

(૩) અ. નીચેના ઈસમો સામે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ની કલમ-૩ અને ૭ હેઠળ પોલીસ ફરીયાદ દાખલ કરી આવશ્યક ચીજવસ્તુના કાળાબજાર થતા અટકાવવા અને તેનો પુરવઠો જાળવી રાખવા બાબતના અધિનિયમ ૧૯૮૦ની કલમ ૩(૨) હેઠળ અટકાયતના પગલાં લેવામાં આવેલ છે.

(૧) શ્રી ધીરૂભાઈ વલ્લભભાઈ થાવાણી રહે. હામાપુર
(૨) શ્રી દલસુખભાઈ વલ્લભભાઈ થાવાણી રહે. હામાપુર
(૩) શ્રી મહેશભાઈ વલ્લભભાઈ થાવાણી રહે. હામાપુર
(૪) શ્રી હરેશભાઈ છગનભાઈ મહેતા રહે. સુરત

બ. શ્રી યોગેશ જયંતીભાઈ ખંભોળીયા રહે. હામાપુર સામે આવશ્યક ચીજવસ્તુના કાળાબજાર થતા અટકાવવા અને તેનો પુરવઠો જાળવી રાખવા બાબતના અધિનિયમ ૧૯૮૦ની કલમ ૩(૨) હેઠળ અટકાયતી હુકમ કરવામાં આવેલ છે.

---------

## વનબંધુ કલ્યાણ યોજનાના અમલીકરણ માટે ડી-સેગની નાણાકીય જોગવાઈ

૨૩૪૮૩ **શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વનબંધુ કલ્યાણ યોજનાના અમલીકરણ માટે રાજ્યમાં ઊભા કરવામાં આવેલ ડી-સેગ ની નાણાંકીય જોગવાઈ અન્વયે કુલ કેટલી રકમની તા.૩૧/૭/૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જોગવાઈ કરવામાં આવે છે.

(૨) નાણાંકીય જોગવાઈ મુજબ ડી-સેગને મળતા વ્યાજની આવકમાંથી મહેકમ પાછળ ખર્ચ કરવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૩) જો હા, તો નાણાંકીય જોગવાઈ અન્વયે છેલ્લા ત્રણ વર્ષમાં વ્યાજની રકમ વર્ષવાર કેટલી થઈ ?

**જવાબ**

(૧) ડી-સેગ માટે બજેટમાં અલગ નાણાંકીય જોગવાઈ કરવામાં આવતી નથી. પણ કેન્દ્ર સરકારની ૨ ટકા પ્રોજેક્ટ મેનેજમેન્ટ ગ્રાન્ટમાંથી તથા જુદા જુદા પ્રોજેક્ટો માટે ભારતના બંધારણની કલમ ૨૭૫(૧), ખાસ કેન્દ્રિય સહાયમાંથી તેમજ ગુજરાત પેટર્નની જોગવાઈમાંથી નાણાંકીય ફાળવણી કરવામાં આવે છે. તદ્અનુસાર

| | |
|---|---|
| વર્ષ-૨૦૦૯-૧૦ માં | રૂ. ૭૨૧૯.૨૭ લાખ |
| વર્ષ-૨૦૧૦-૧૧ માં | રૂ. ૮૬૮૭.૦૦ લાખ |
| વર્ષ-૨૦૧૧-૧૨ માં | રૂ. ૩૫૯૪.૮૪ લાખ |

ફાળવવામાં આવેલ છે.
(તા. ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ)

(૨) ""હા જી""

(૩) છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબની વ્યાજની આવક થયેલ છે.

| | |
|---|---|
| વર્ષ-૨૦૦૯-૧૦ માં | રૂ. ૮૧.૨૮ લાખ |
| વર્ષ-૨૦૧૦-૧૧ માં | રૂ. ૨૫૨.૨૪ લાખ |
| વર્ષ-૨૦૧૧-૧૨ માં | રૂ. ૩૮.૪૦ લાખ |

(તા. ૩૧/૭/૨૦૧૧ની સ્થિતિએ)

---------

## કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ સહાય

૨૩૫૫૭ **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવગનર જિલ્લામાં કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ વર્ષ ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ કઈ કઈ બજાર સમિતિઓને કેટલી સહાયની રકમ મંજૂર કરવામાં આવી, અને

(૨) કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૧. ભાવનગર રૂા.. ૭૪.૮૬ લાખ
૨. પાલીતાણા રૂા. ૦૨.૦૩ લાખ
૩. મહુવા રૂા. ૫૧.૯૯ લાખ
૪. ઉમરાળા રૂા. ૩૩.૧૩ લાખ

(૨) રૂા. ૧૬૨. ૦૧ લાખ

---------

## રાજકોટ જિલ્લાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ જેતપુરને સહાય

૨૩૫૬૫ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૧-૧૨ દરમ્યાન તા. ૩૧-૮-૨૦૧૧ સુધીમાં રાજકોટ જિલ્લાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ જેતપુરને કુલ કેટલી સહાય મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) રૂા. ૩૭.૨૬ લાખ.

(૨) રૂા. ૩૭.૨૬ લાખ.

---------

## કેન્દ્ર સમક્ષ ખાતરની માંગણી

૨૩૫૯૯ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૧-૧૨માં તા. ૩૧/૮/૧૧ની સ્થિતિએ રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ ખાતરની કેટલી વખત માગણી કરી,

(૨) કેન્દ્ર સરકારે આ માંગણી સામે કેટલું ખાતર મંજૂર કર્યું, અને

(૩) કેન્દ્ર સરકારે મંજૂર કરેલ ખાતરની સામે તા. ૩૧/૮/૨૦૧૧ સુધીમાં ખરેખર કેટલું ખાતર ફાળવ્યું

**જવાબ**

(૧) દશ વખત

(૨) અને (૩) (જથ્થો મે. ટનમાં)

| ખાતરનો પ્રકાર | રાજ્યની માંગણી | કેન્દ્રએ મંજૂર કરેલ જથ્થો | કેન્દ્રએ ખરેખર ફાળવેલ જથ્થો |
|---|---|---|---|
| યુરીયા | ૧૨.૫૦ | ૯.૧૦ | ૮.૩૪ |
| ડીએપી | ૫.૦૦ | ૪.૧૦ | ૩.૧૨ |
| એનપીકે | ૧.૧૫ | ૨.૨૦ | ૨.૪૫ |
| એમઓપ | ૨.૭૭ | ૦.૯૦ | ૦.૫૧ |

---------

## અમદાવાદ શહેરમાં બારકોડેડ રેશનકાર્ડ બાબત

૨૩૧૪૪ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય નાગરીક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૭/૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં બારકોડ રેશનકાર્ડ કેટલા કાર્ડધારકોને આપવામાં આવ્યા,

(૨) જો આવા બારકોડ રેશનકાર્ડ હજુ સુધી ન અપાયા હોય તો તેના કારણો શા છે, અને

(૩) તમામ કાર્ડધારકોને કેટલા સમયમાં આવા કાર્ડ આપવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧/૭/૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં ૭૨૩૧ બારકોડ રેશનકાર્ડ કાર્ડધારકોને આપવામાં આવ્યા.

(૨) ડેટાએન્ટ્રીની કામગીરી ચાલુ છે.

(૩) તદ્દન નવા રેશનકાર્ડ માટે અરજી કરનારાને પ્રાથમિક્તા આપી ડેટાએન્ટ્રી તેમજ બાયોમેટ્રીક અંગેની કામગીરી પૂર્ણ થયેથી.

---------

## રાજકોટ જિલ્લામાં ગામોને તીર્થગામ જાહેર કરવા બાબત

૨૩૩૭૭ **શ્રી કાંતિભાઈ અમૃતિયા (મોરબી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૮-૧૧ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં કેટલા ગામોને તીર્થગામ જાહેર કરવામાં આવ્યા,

(૨) તીર્થગામ તરીકે જાહેર કરેલ કેટલા ગામોને અનુદાનની રકમ આપવામાં આવી, અને

(૩) કેટલા ગામોને અનુદાનની રકમ આપવાની બાકી છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | જાહેર કરેલ તીર્થગામ |
|---|---|
| ૨૦૧૦-૧૧ | ૯ (નવ) |
| ૨૦૧૧-૧૨ | ૦ (શૂન્ય) |

(૨)

| વર્ષ | અનુદાન આપેલ ગામો |
|---|---|
| ૨૦૧૦-૧૧ | ૯ (નવ) |
| ૨૦૧૧-૧૨ | ૦ (શૂન્ય) |

(૩) બાકી નથી.

--------

## ટી.વી. થી ટ્યુશન આપવાનું ટેલીકાસ્ટ કરવાનું આયોજન

૨૩૦૨૮ **શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સને ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના વર્ષમાં રાજ્યની પોલીટેક્નીક કોલેજોમાં ટી.વી.થી ટ્યુશન આપવા માટે કુલ કેટલીવાર પ્રસારણનું આયોજન હતું,

(૨) તેની સામે તા. ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ વર્ષવાર ખરેખર કેટલું પ્રસારણ કરવામાં આવ્યું, અને

(૩) વર્ષવાર કેટકેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) રાજ્યની સંસ્થા ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટ્યુટ ફોર સ્પેસ એપ્લીકેશન એન્ડ જીઓ ઈન્ફોર્મેટીક્સ (બાયસેગ-BISAG), ગાંધીનગર ધ્વારા પોલીટેક્નીક કોલેજો માટે પ્રસારણનું કોઈ આયોજન કરવામાં આવેલ ન હતું.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## વલસાડ જિલ્લામાં ઘરથાળના પ્લોટ મેળવવાની અરજીઓ

૨૩૫૪૦ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૭-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર ઘરથાળના પ્લોટ મેળવવા માટે કેટલી અરજીઓ સરકારને મળી, અને

(૨) મળેલ અરજીઓ અન્વયે વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૧/૮/૦૯ થી ૩૧/૭/૧૦ | તા. ૧/૮/૧૦ થી ૩૧/૭/૧૧ | મળેલ અરજીની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | પારડી | ૧૫૧ | ૨૦૯ | ૩૬૦ |
| ૨ | વલસાડ | ૦ | ૦ | ૦ |
| ૩ | ધરમપુર | ૦ | ૦ | ૦ |
| ૪ | કપરાડા | ૦ | ૦ | ૦ |
| ૫ | ઉમરગામ | ૦ | ૦ | ૦ |
| | | ૧૫૧ | ૨૦૯ | ૩૬૦ |

(૨) તા. ૧/૮/૦૯ થી ૩૧/૭/૧૦ ૧૫૦
તા. ૧/૮/૧૦ થી ૩૧/૭/૧૧
<u>૦</u>
કુલ ૧૫૦

## ટી.વી.થી શાળા કોલેજોમાં ટ્યુશન આપવાની જાહેરાત

૨૩૦૨૯ **શ્રી રાજેન્દ્રસિંહ ઘી. પરમાર (ભાદરણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે શાળા કોલેજોમાં તા. ૩૧/૭/૨૦૧૧ની સ્થિતિએ ટી.વી.થી ટ્યુશન આપવાની જાહેરાત ક્યારે કરી,

(૨) તે અન્વયે છેલ્લાં બે વર્ષમાં તા. ૩૧/૭/૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલા પ્રસારણનું વર્ષવાર આયોજન હતું અને ખરેખર કેટલી વખત તેનું પ્રસારણ કરવામાં આવ્યું,

**જવાબ**

(૧) ૨૦૦૫ના વર્ષથી બાઈસેગના માધ્યમથી શાળા કોલેજોમાં દૂરવર્તી શિક્ષણ આપવાનું કામ ચાલે છે.

(૨)

| સમયગાળો | | | પ્રસારણનું આયોજન | ખરેખર કેટલી વખત પ્રસારણ કરવા આવ્યુ |
|---|---|---|---|---|
| તા. | ૧/૮/૦૯ | થી | ૧૪૦૪ | ૧૮૨૩ (૧૩૦() |

અને

| | | |
|---|---|---|
| ૩૧/૭/૧૦ | | |
| તા. ૧/૮/૧૦ થી ૩૧/૭/૧૧ | ૧૯૨૩ | ૨૩૨૬ (૧૨૧() |

(૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) રૂા. ૩૩.૮૪ લાખ

--------

## કૃષિ યાંત્રિકરણ યોજના અન્વયે ખર્ચ

૨૩૪૩૪ **શ્રી વસંતભાઈ ભટોળ (દાંતા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના ખેડૂતો માટે કૃષિ યાંત્રિકરણની યોજના સરકારે અમલમાં મૂકી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આદિજાતિ વિસ્તારના અનુસૂચિત જન જાતિના ખેડૂતો માટે નીચે દર્શાવેલ યાંત્રિકરણની યોજનાઓ અમલમાં મુકી છે.

(૧) રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત વિવિધ કૃષિ કાર્યોમાં કૃષિ યાંત્રિકરણથી આદિજાતિ વિસ્તારના ખેડૂતોની કાર્યક્ષમતા કસ્ટમ હાયરીંગથી સુધારવા અંગેની રૂા. ૧૨૪૦.૦૦ લાખની ખાસ યોજના અમલમાં છે.

(૨) રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ વિવિધ કૃષિ કાર્યોમાં કૃષિ યાંત્રિકરણથી ખેડુતોની કાર્યક્ષમતા સુધારવા અંગે રાજ્યના દરેક ખેડૂતો માટે રૂા. ૬૬૨૨.૭૭ લાખની યોજના છે.

(૩) એજીઆર-૫૦ યોજના હેઠળ રાજ્યના દરેક ખેડૂતોને ટ્રેક્ટર ખરીદી માટે સહાય આપવા રૂા. ૫૫૦૦.૦૦ લાખની યોજના છે.

--------

## આણંદ જિલ્લાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખંભાતને સહાય

૨૩૫૬૪ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લાની ખંભાત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિને આધુનિક સવલતો પૂરી પાડવાની યોજના હેઠળ તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને

(૨) કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) રૂા. ૫૫.૮૮ લાખ

(૨) રૂા. ૫૫.૮૮ લાખ

--------

## સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં વિલેજ ગ્રેઈન બેંક

૨૩૪૮૮ **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગરીબી રેખા હેઠળ જીવતા લોકો માટે અનાજ વિતરણ માટે તાત્કાલિક અનાજ આપવા વિલેજ ગ્રેઈન બેંક ઊભી કરવા અન્વયે સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૭-૨૦૧૧ સુધીમાં કેટલી વિલેજ ગ્રેઈન બેંક ઊભી કરી કાર્યરત કરવામાં આવી,

(૨) તે અન્વયે ઉપરોક્ત સ્થિતિએ છેલ્લા બે

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૭-૨૦૧૧ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિલેજ ગ્રેઈન બેંક ઊભી કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

વર્ષમાં કેટલા ગરીબોને કેટલી કિંમતનું અનાજ વિતરણ વર્ષવાર કરવામાં આવ્યું, અને

(૩) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

(૩) પ્રશ્ન રહેતો નથી.

--------

**સરકારી આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજોમાં ખાલી જગ્યાઓ**

૨૩૫૩૮ **શ્રી પુનાભાઈ ઢે. ગામીત(વ્યારા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં આવેલ સરકારી આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજોમાં મંજૂર થયેલ સંવર્ગ મહેકમ કેટલું છે, અને

(૨) તેની સામે સંવર્ગવાર મહેકમ કેટલું ખાલી છે ?

**જવાબ**

(૧) વર્ગ-૧, વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ ના સંવર્ગની કુલ ૧૮૯૨ જગ્યાઓનું મહેકમ મંજૂર થયેલ છે.

(૨)

| | વિગત | સંવર્ગ | ખાલી મહેકમ |
|---|---|---|---|
| | આચાર્ય | વર્ગ-૧ | ૩૪ |
| | વ્યાખ્યાતા | વર્ગ-૨ | ૩૬૪ |
| | પી.ટી.આઈ. | વર્ગ-૩ | ૩૪ |
| | લેબ. આસી. | વર્ગ-૩ | ૬૦ |
| | ગ્રંથપાલ | વર્ગ-૩ | ૨૬ |
| | ગેસ. મિકે. | વર્ગ-૩ | ૧૪ |
| | રજિસ્ટ્રાર | વર્ગ-૩ | ૦૫ |
| | મુખ્ય કારકુન | વર્ગ-૩ | ૦૩ |
| | સિનિ. કારકુન | વર્ગ-૩ | ૧૮ |
| | જુનિ. કારકુન | વર્ગ-૩ | ૭૫ |
| | પટાવાળા | વર્ગ-૪ | ૧૦૨ |

--------

**ભિલોડા, મેઘરજ, ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકામાં બી.પી.એલ. કુટુંબોને બટાકા, મકાઈ અને આદુની કિટનું વિતરણ**

૨૩૫૦૭ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા, મેઘરજ, ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકાના બી.પી.એલ. આદિવાસી કુટુંબોને બટાકા મકાઈ અને આદુની કિટના વિતરણનું કામ કઈ કઈ એજન્સીઓ દ્વારા કરવામાં આવ્યું,

(૨) કેટલા લાભાર્થીઓને તાલુકાવાર લાભ આપવામાં આવ્યો છે, અને

(૩) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) (૨) અને (૩) નો જવાબ **પત્રક -૧** મુજબ સામેલ છે.

**પત્રક -૧**

| ક્રમ | વર્ષ | તાલુકાનું નામ | અમલીકરણ એજન્સી | લાભાર્થી | | ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| | | | | મકાઈ કીટસ | બટાટા કીટસ | |
| ૧ | ૨૦૧૦-૧૧ | મેઘરજ | માનવ કલ્યાણ ટ્રસ્ટ, ખેડબ્રહ્મા | ૨૨૦૦ | ૩૨૭ | ૪૩૭૬૮૦૨ |
| | | ખેડબ્રહ્મા | માનવ કલ્યાણ ટ્રસ્ટ, ખેડબ્રહ્મા | ૧૩૦૦૦ | ૩૭૩ | |
| | | ભિલોડા | સુપથ ગ્રામોદ્યોગ સંસ્થા (હિંમતનગર) | ૬૪૦૦ | ૪૦૦ | ૩૨૪૮૩૩૬ |
| | | વિજયનગર | સુપથ ગ્રામોદ્યોગ સંસ્થા (હિંમતનગર) | ૩૫૦૦ | ૩૦૦ | |
| | | | **કુલ :** | **૨૫૧૦૦** | **૧૪૦૦** | **૭૬૨૫૧૩૮** |
| ૨ | ૨૦૧૧-૧૨ | મેઘરજ | માનવ કલ્યાણ ટ્રસ્ટ, ખેડબ્રહ્મા | ૬૭૫૮ | - | - |
| | | ખેડબ્રહ્મા | માનવ કલ્યાણ ટ્રસ્ટ, ખેડબ્રહ્મા | ૧૮૧૪૮ | - | - |
| | | ભિલોડા | સુપથ ગ્રામોદ્યોગ સંસ્થા (હિંમતનગર) | ૯૬૨૯ | - | - |
| | | વિજયનગર | સુપથ ગ્રામોદ્યોગ સંસ્થા (હિંમતનગર) | ૬૧૦૦ | - | - |
| | | | **કુલ :** | **૪૦૬૩૫** | - | - |
| | | | **એકંદર કુલ :** | **૬૫૭૩૫** | **૧૪૦૦** | - |

| ક્રમ | વર્ષ | તાલુકાનું નામ | અમલીકરણ એજન્સી | આદુ કીટસ | ખર્ચની રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૦-૧૧ | મેઘરજ | પ્રોજેક્ટ મેનેજરશ્રી | ૩૬૮ | ૬૮.૩૯ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | ભિલોડા | ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ | ૪૯૦ | ૯૧.૧૪ |
| | | વિજયનગર | નિગમ અમદાવાદ | ૨૬૦ | ૪૬.૯૨ |
| | | | **કુલ :** | **૧૧૧૮** | **૨૦૬.૪૫** |

--------

**પ્રો. વેદ્યનાથન સમિતિની ભલામણનો ફાયદો**

૨૩૫૫૮ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પ્રો. વેદ્યનાથન સમિતિની ભલામણોને કારણે રાજ્યની સહકારી ધિરાણ માળખાની સંસ્થાઓને ફાયદો થયો છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના કારણે રાજ્યમાં આવેલી કેટલી નબળી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો આવી સહાયના પરિણામે નબળી બેંકમાંથી બહાર આવે તેમ છે ? | (૨) નાબાર્ડના ઈન્સ્પેક્શનના રિપોર્ટને આધિન |

**કૃષિ વિષયક સેવા સહકારી મંડળીઓને પ્રોત્સાહન**

૨૩૫૫૯ **શ્રી હીરાભાઈ સોલંકી(રાજુલા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પ્રાથમિક કૃષિ વિષયક સેવા સહકારી મંડળીઓને પ્રોત્સાહન આપવા માટે તા. ૩૧-૮-૨૦૧૧ ની સ્થિતિએ કોઇ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ અંગે રાજ્ય સરકાર દ્વારા સને ૨૦૦૯-૧૦ તથા ૨૦૧૦-૧૧માં કેટલી નાણાકીય જોગવાઇ કરવામાં આવી ? | (૨) સને ૨૦૦૯-૧૦ના વર્ષમાં રૂા. ૫૯.૦૦ લાખ અને ૨૦૧૦-૧૧ના વર્ષમાં રૂા. ૩૫૮.૦૦ લાખ. |

---------

**વડોદરા જિલ્લા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વાઘોડિયાને સહાય**

૨૩૫૫૨ **શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તા. ૩૧-૩-૧૧ અંતિત વડોદરા જિલ્લાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વાઘોડિયાને કુલ કેટલી સહાય મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૨.૮૦ લાખની સહાય મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) રૂ. ૨.૮૦ લાખની સહાય ચૂકવવામાં આવેલ છે. |

**પોરબંદર જિલ્લામાં વૃક્ષોનું વાવેતર**

૨૩૩૯૬ **શ્રી કરશનભાઈ ઓડેદરા (કુતિયાણા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોરબંદર જિલ્લામાં વન વિભાગ દ્વારા સને ૨૦૧૧-૧૨માં તાલુકાવાર કુલ કેટલા વૃક્ષો વાવવાનું આયોજન કરેલ છે, અને

**જવાબ**

(૧) પોરબંદર જિલ્લામાં વન વિભાગ દ્વારા સને ૨૦૧૧-૧૨માં તાલુકાવાર નીચે મુજબ વૃક્ષો વાવવાનું આયોજન કરેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | વૃક્ષોની સંખ્યા |
|---|---|---|
| ૧ | પોરબંદર | ૧૬૭૭૪૬ |
| ૨ | રાણાવાવ | ૧૧૯૦૦૨ |
| ૩ | કુતિયાણા | ૧૦૪૬૮૭ |
| | કુલ : | ૩૯૧૪૩૫ |

**પ્રશ્ન**

(૨) આ આયોજન અન્વયે ચાલુ ચોમાસાની સીઝનમાં કેટલા વૃક્ષોનું ત્રણેય તાલુકાવાર વાવેતર થયેલ છે ?

**જવાબ**

(૨) આ આયોજન અન્વયે ચાલુ ચોમાસાની સીઝનમાં નીચે મુજબ વૃક્ષોનું તાલુકાવાર વાવેતર થયેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | વાવેલા વૃક્ષોની સંખ્યા |
|---|---|---|
| ૧ | પોરબંદર | ૧૬૭૭૪૬ |

| | | |
|---|---|---|
| ૨ | રાણાવાવ | ૧૧૯૦૦૨ |
| ૩ | કુતિયાણા | ૧૦૪૬૮૭ |
| | કુલ : | ૩૯૧૪૩૫ |

## તોશાખાનામાં મળેલ ભેટ-સોગાદો

૨૩૪૨૭ **શ્રી કનુભાઈ ડાભી (કઠલાલ) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તોશાખાનામાં કેટલી કિંમતની ભેટ-સોગાદો મળી. | (૧) અંદાજીત રૂપિયા ૩૯,૦૫,૬૫૦/-ની (અંકે રૂપિયા ઓગણ ચાલીસ લાખ, પાંચ હજાર, છસો પચાસ પુરા). |
| (૨) આવી ભેટ સોગાદોનો કેવી રીતે નિકાલ કરવામાં આવ્યો, અને | (૨) આવી ભેટ-સોગાદોનો નિકાલ નિયમોનુસાર જાહેર હરાજીથી કરવામાં આવે છે, જે હજુ બાકી છે. |
| (૩) તેની કેટલી આવક થઇ ? | (૩) જાહેર હરાજી હજુ બાકી હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## રાજકોટ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ના નવા વર્ગો

૨૩૫૯૦ **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૦-૨૦૧૧ અને ૨૦૧૧-૨૦૧૨માં તા.૩૧-૮-૨૦૧૧ સુધીમાં રાજકોટ જિલ્લાની કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ના વર્ગો શરૂ કરવામાં આવેલ છે, અને | (૧) વર્ષ : ૨૦૧૦-૧૧ માં : ૨૯૮<br>વર્ષ : ૨૦૧૧-૧૨ માં : ૨૪૩<br>કુલ : ૫૪૧ પ્રાથમિક શાળાઓમાં |
| (૨) હજી કેટલી પ્રાથમિક શાળાઓમાં વર્ગો શરૂ કરવાના બાકી છે ? | (૨) ૭૫૨ |

## વાણિજ્યિકવેરાના કાયદાના અમલ માટે ખાતાના અધિકારીઓ અને કર્મચારીઓને તાલીમ

૨૩૪૪૨ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ વાણિજ્યિક વેરાના કાયદાના અમલ માટે ખાતાના અધિકારીઓ અને કર્મચારીઓને તાલીમ આપવામાં આવે છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો જાન્યુઆરી-૨૦૧૧ થી જુન-૨૦૧૧ સુધીમાં કેટલા અધિકારીઓ/કર્મચારીઓને તાલીમ આપવામાં આવી, અને | (૨) જાન્યુઆરી-૨૦૧૧ થી તા. ૩૦-૦૬-૨૦૧૧ સુધીમાં ૧૩૧ અધિકારીઓ/કર્મચારીઓને ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા કાયદા અંગેની અને ૨૨ અધિકારીઓ/ કર્મચારીઓને કોમ્પ્યુટર મોડ્યુલ્સ અંગેની વિભિન્ન તબક્કે તાલીમ આપવામાં આવેલ છે. |
| (૩) ક્યા ક્યા પ્રકારની તાલીમ આપવામાં આવી? | (૩) ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા કાયદામાંની જોગવાઈઓ અને તેને લગતા નિયમો તેમજ કોમ્પ્યુટર મોડ્યુલ્સ અંગેની તાલીમ આપવામાં આવેલ છે. |

## દૂધ મંડળી/સંઘોમાં ડૂબત લ્હેણા અંગે હુકમ

૨૩૧૪૦ **શ્રી રામસિંહ પ્ર. પરમાર (ઠાસરા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૫-૮-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યના દૂધ મંડળીઓ/સંઘોમાં ડૂબત લ્હેણા કાઢવા માટે રાજ્ય સરકારે ક્યારે હુકમ કે પરિપત્ર કરેલ છે. અને | (૧) ના, જી. |
| (૨) આ હુકમ રદ કરવા સરકારે કોઈ વિચારણા કરી છે કે કેમ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## ક્સિાન કલ્પવૃક્ષ યોજના હેઠળ સરકારે લીધેલાં પગલાં

૨૩૫૬૬ **શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા(દસાડા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ક્સિાન કલ્પવૃક્ષ યોજના હેઠળ ખેડૂતોને આધુનિક પાક બજાર વ્યવસ્થા પૂરી પાડવા માટે કોઈ વ્યવસ્થા છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે સબંધમાં તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારે શી કાર્યવાહી હાથ ધરેલ છે? | (૨) ક્સિાન કલ્પવૃક્ષ યોજના હેઠળ ખેડૂતોને ગત નાણાકીય વર્ષમાં રૂા. ૧૬૦૬.૧૫ લાખ મંજૂર કરવામાં આવેલ, તે પૈકી રૂા.૬૭૦.૫૦ લાખની સહાય ચુકવવામાં આવેલ છે. તેમજ ચાલુ નાણાકીય વર્ષમાં રૂા. ૬૭૪.૫૦ લાખની સહાય ચુકવવામાં આવેલ છે તથા બાકી રહેલ રૂા. ૨૬૧.૬૫ લાખની સહાય આગામી નાણાંકીય વર્ષમાં ચૂકવવામાં આવનાર છે. |

## સુરત જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં આવાસોને મંજૂરી

૨૩૩૭૧ **શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ ઈન્દિરા આવાસ યોજના હેઠળ કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા, | (૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ ઈન્દિરા આવાસ યોજના હેઠળ ૧૨૭૬ આવાસો મંજૂર કરવામાં આવ્યા. |
| (૨) તે પૈકી કેટલા આવાસોનું બાંધકામ કરવામાં આવ્યું અને કેટલા આવાસોનું બાંધકામ બાકી છે, અને | (૨) તે પૈકી ૧૨૭૬ આવાસોનું બાંધકામ ચાલુ કરવામાં આવ્યું અને તમામ આવાસોની બાંધકામની કાર્યવાહી હાલમાં ચાલુમાં છે. |
| (૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) ભારત સરકારની ઈન્દિરા આવાસ યોજનાની માર્ગદર્શિકા મુજબ લાભાર્થી જાતે જ આવાસ બાંધતા હોવાથી ઉક્ત સ્થિતિએ બાકી રહેલ આવાસો સત્વરે પૂર્ણ કરાવવામાં આવશે. |

## બનાસકાંઠા જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૩૪૦૦ **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં તા.૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૨૦૩૨ |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૦૩૨ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) ` ૫૨૪.૪૯ લાખ |

--------

## ગણદેવી તાલુકામાં સામાજિક વનીકરણ યોજના

૨૩૪૫૫ **શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં ૪૬ હેક્ટર વિસ્તારમાં ૦.૬૨ લાખ રોપાનું વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) તે પાછળ કુલ રૂા. ૧૫.૯૮ લાખ ખર્ચ કરવામાં આવેલ છે. |

### ભાવનગર ખાતે સરકારી પાઠ્ય પુસ્તકો પસ્તી ગોડાઉનમાંથી પકડાવવા બાબત

૨૩૦૪૦ **શ્રી ચંદુભાઈ ડાભી(કરજણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૭-૨૦૧૧ની સ્થિતિએ સને ૨૦૧૧-૧૨ના વર્ષમાં રાજ્યમાં ભાવનગર ખાતે કરોડો રૂપિયાના ધોરણ-૧ થી ધોરણ-૧૨ના સરકારી પાઠ્યપુસ્તકો પસ્તીના ગોડાઉનમાંથી પકડવામાં આવ્યા તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા તો આ કૌભાંડ પછી કેટલી રકમના પુસ્તકોનો જથ્થો જપ્ત કરી કોની કોની સામે ક્યા પ્રકારના શિક્ષાત્મક પગલાંઓ લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) રૂા. ૮,૬૮,૩૯૦/- ની કિંમતના પુસ્તકો જપ્ત કરવામાં આવ્યા છે.

(૨) રૂા. ૮,૬૮,૩૯૦/-
પોલીસ ફરિયાદ કરવામાં આવી, તેમજ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના સિનિયર ક્લાર્ક શ્રી જે.સી.વાઘેલા, માધ્યમિક શાળા, વાળુકટ તા. ઘોઘાના આચાર્ય અને પટાવાળાને ફરજ મોકુફી હેઠળ ઉતારવામાં આવેલ છે. તત્કાલિન જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જે.એમ.ખરાડી ભાવનગરને પણ ફરજ મોકુફી હેઠળ ઉતારેલ છે.

--------

### કાંકરેજ તાલુકામાં સામાજિક વનીકરણ યોજના

૨૩૪૫૦ **શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકામાં ૨૧ હેકટર વિસ્તારમાં ૦.૨૧ લાખ રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) તે પાછળ કુલ રૂા. ૬.૨૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

### અનુસ્નાતક અભ્યાસક્રમની બેઠકોમાં વધારો

૨૩૫૯૭ **શ્રી ભગવાનભાઈજી લા.કરગટીયા (માંગરોળ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં સરકારી ઈજનેરી કોલેજોમાં અનુસ્નાતક અભ્યાસક્રમોમાં રાજ્યમાં કેટલી બેઠકો મંજૂર થયેલ હતી,

(૨) તેમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨માં તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ આ બેઠકોમાં કોઈ વધારો કરાયેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો કેટલી બેઠકોનો વધારો કરાયેલ છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં સરકારી ઈજનેરી કોલેજોમાં અનુસ્નાતક અભ્યાસક્રમોમાં રાજ્યમાં કુલ ૬૨૩ મંજૂર થયેલ હતી.

(૨) હા.

(૩) વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ ૨૦૧૦-૧૧ની સરખામણીમાં ૭૨ બેઠકોનો વધારો થયેલ છે.

### વનાધિકાર કાયદા નીચે ખેડબ્રહ્મા, વિજયનગર, મેઘરજ અને ભિલોડા તાલુકામાં મળેલ અરજીઓ

૨૩૫૪૭ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વન અધિકાર કાયદા હેઠળ જંગલની જમીન માટે આવેલ અરજીઓ પેકી તા. ૩૧-૮-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડબ્રહ્મા, વિજયનગર, મેઘરજ અને ભિલોડા તાલુકામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી અને તે પૈકી કેટલી નામંજૂર કરવામાં આવી અને કેટલી પડતર છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૮-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર કુલ ૧૯,૬૨૫ અરજીઓ મળી તે પૈકી ૧૨,૭૨૯ અરજીઓ નામંજૂર કરવામાં આવી અને ૩,૪૩૯ અરજીઓ પડતર છે.

| તાલુકો | મળેલ અરજી | મંજૂર દાવા | નામંજૂર દાવા | પડતર દાવા |
|---|---|---|---|---|
| ખેડબ્રહ્મા | ૬૨૦૫ | ૩૯૪ | ૪૨૫૪ | ૧૫૫૭ |

| | | | | |
|---|---|---|---|---|
| વિજ્યનગર | ૫૭૨૩ | ૫૫૬ | ૪૭૪૨ | ૪૨૫ |
| ભિલોડા | ૪૮૦૭ | ૧૩૦૭ | ૨૧૧૬ | ૧૩૮૪ |
| મેઘરજ | ૨૮૯૦ | ૧૨૦૦ | ૧૬૧૭ | ૭૩ |
| કુલ | ૧૯૬૨૫ | ૩૪૫૭ | ૧૨૭૨૯ | ૩૪૩૯ |

(૨) અરજીઓ નામંજૂર કરવાના શાં કારણો છે,

(૨) કાયદો-૨૦૦૬ની જોગવાઈ મુજબ (૧) દાવેદારની લાયકાત (૨) કલમ ૪ (૩) અને (૬) મુજબ વન જમીનનો કબજો, (૩) વન વિસ્તાર સિવાયની જમીન પરના દાવા, (૪) ફોરેસ્ટ સેટલમેંટ રિપોર્ટ, વન ગુના તપાસ કે અન્ય રેકર્ડ આધારિત પુરાવા, (૫) સેટેલાઈટ ઈમેજના નકશાનો આધાર વગેરે જેવા નિયમો-૨૦૦૮ના નિયમ-૧૩માં દર્શાવેલ પુરાવાના અભાવે અરજીઓ નામંજૂર કરવામાં આવે છે.

(૩) નામંજૂર પેકીની કેટલી અરજીમાં કલેકટરશ્રીને અપીલ કરવામાં આવી,

(૩) નામંજૂર પેકી ૧૭૨૩ અરજીઓની કલેકટરશ્રીને અપીલ કરવામાં આવી

(૪) કેટલી અપીલ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો અને કેટલી અરજીઓ પડતર છે,

(૪) ઉપર જણાવેલ તમામ અપીલ પડતર છે.

(૫) નિકાલ કરેલ પેકી કેટલી અપીલો મંજૂર રાખી અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૫) અપીલનો નિકાલ કરેલ ન હોઈ મંજૂર નામંજૂરનો પ્રશ્ન રહેતો નથી.

(૬) અપીલો પડતર રહેવાના શાં કારણો છે અને તે કેટલા સમયથી પડતર છે?

(૬) (૧) જિલ્લા સ્તરીય સમિતિમાં ચર્ચા થયા અનુસાર તમામ દાવા અરજીઓનો નિકાલ થયા બાદ અપીલની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## જામનગર જિલ્લામાં ખરીફ-૨૦૧૧માં ખાતરની તંગી

૨૩૧૫૮ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં ખરીફ-૨૦૧૧માં રાસાયણિક ખાતર ડીએપી તથા યુરિયાની તંગી ઉભી થઈ છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૧) હા, જી.

ભારત સરકાર દ્વારા માંગણી સામે ઓછી ફાળવણી થતાં, ડીએપી અને યુરીયા ખાતરની તંગી ઉભી થયેલ છે.

(૨) આ સમસ્યાના ઉકેલ માટે સરકારે શાં પગલા લીધા છે?

(૨) ખાતર ફાળવણી ભારત સરકાર દ્વારા કરવામાં આવે છે. ભારત સરકાર તરફથી ખરીફ સીઝનમાં યુરીયા અને ડીએપી ખાતરની ઓછી ફાળવણી કરવામાં આવેલ હોવાથી માંગણી મુજબનું ખાતર ફાળવવા માન. કૃષિ મંત્રીશ્રી દ્વારા તા. ૬-૫-૨૦૧૧ અને તા. ૨૧-૫-૨૦૧૧ના રોજ અને ખેતી નિયામકશ્રી દ્વારા તા.૪-૫-૨૦૧૧, તા.૧૨-૫-૨૦૧૧ તા.૨૦-૬-૧૧ તા.૧૪-૭-૨૦૧૧, તા. ૪-૮-૨૦૧૧, તા. ૯-૮-૨૦૧૧, તા. ૨૩-૮-૨૦૧૧ના પત્રથી ગુજરાત રાજ્ય માટે વધુ ખાતર ફાળવણી કરવા ભારત સરકારને સતત રજૂઆતો કરેલ હતી.

આ ઉપરાંત દર શુક્રવારે ભારત સરકાર દ્વારા યોજાતી વિડીયો કોન્ફરન્સમાં પણ વધુ ખાતર ફાળવવા માંગણી કરેલ છે.

## પાટણ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો

૨૩૩૮૨ **શ્રી ભાવસિંહભાઈ રાઠોડ (સમી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં તા. ૩૦-૬-૧૧ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતો સમરસ જાહેર થઈ,

(૧) ચૂંટણી ન હોવાથી સમરસનો પ્રશ્ન થતો નથી.

(૨) આ સમરસ ગ્રામ પંચાયતોને સરકારે નિયત કરેલ અનુદાનની રકમ ચુકવાઈ છે, ખરી,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) જો હા, તો કેટલી રકમ ચૂકવવામાં આવી છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) કેટલી બાકી છે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**મંત્રીશ્રીઓને મળેલ ભેટ-સોગાદો તોશાખાનામાં જમા કરાવવા અંગ**

૨૩૦૩૨ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ ત્રણ વર્ષમાં રાજ્યના મુખ્ય મંત્રી સિવાયના ક્યા ક્યા મંત્રીશ્રીઓએ તેમને મળેલ ભેટ-સોગાદો તોશાખાનામાં ક્યારે જમા કરાવી, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ ત્રણ વર્ષમાં નીચે મુજબ વર્ષવાર મંત્રીશ્રીઓએ તેમને મળેલ ભેટ-સોગાદો જમા કરાવી છે.

| સમયગાળો | મંત્રીશ્રીનું નામ | તોશાખાનામાં ભેટ સોગાદ જમા કરાવ્યા તારીખ |
|---|---|---|
| તા. ૧-૮-૦૮ થી તા. ૩૧-૭-૦૯ | શ્રી વજુભાઈ વાળા મંત્રીશ્રી નાણાં શ્રમ રોજગાર<br><br>શ્રી દિલીપભાઈ સંઘાણી ૧૦-૭-૦૮ | તા. ૨૩-૭-૦૮<br>તા. ૨૨-૭-૦૮<br>તા. ૩-૧૦-૦૮<br>તા. ૩-૩-૦૯<br>તા. ૨૩-૩-૦૯<br>તા. ૨૯-૬-૦૯ |
| તા. ૧-૮-૦૯ થી તા. ૩૧-૭-૧૦ | શ્રી વજુભાઈ વાળા | તા. ૧૭-૮-૦૯<br>તા. ૨૦-૮-૦૯<br>તા. ૨૯-૮-૦૯<br>તા. ૮-૧૦-૦૯<br>તા. ૧૩-૧૦-૦૯<br>તા. ૧૪-૧૦-૦૯<br>તા. ૨૮-૧-૧૦<br>તા. ૨-૨-૧૦<br>તા. ૧૩-૪-૧૦ |
| તા. ૧-૮-૧૦ થી તા. ૩૧-૭-૧૧ | શ્રી વજુભાઈ વાળા | તા. ૧૧-૧-૧૧<br>તા. ૧૯-૧-૧૧<br>તા. ૨૧-૨-૧૧<br>તા. ૨૫-૪-૧૧<br>તા. ૨૦-૫-૧૧<br>તા. ૨૩-૫-૧૧<br>તા. ૩૦-૫-૧૧ |

(૨) આ મળેલ ભેટ-સોગાદોની અંદાજિત કિંમત કેટલી?

(૨) આ મળેલ ભેટ-સોગાદોની અંદાજિત કિંમત રૂા. ૫૧,૮૬૪/-છે.

---------

**રાજ્યનું કુલ દેવું**

૨૩૪૯૮ **શ્રી જવાહરભાઈ પે.ચાવડા(માણાવદર) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યનું કુલ દેવું કેટલું હતું, અને

**જવાબ**

(૧) ` ૧૧૦૮૭૩ કરોડ

(૨) તે અન્વયે તા. ૩૧-૮-૨૦૧૧ સુધીમાં આ દેવામાં કેટલી રકમનો વધારો થયો?

(૨) ` ૩૦૬૬ કરોડ

**અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં નવી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ`**

૨૩૫૯૩ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ મંજૂર કરવામાં આવી, અને

**જવાબ**

(૧)

| તાલુકો | વિભાગ | સરકારી | ગ્રાન્ટેડ | નોન ગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|---|---|
| અબડાસા | માધ્યમિક | ૦૩ | -- | -- | ૦૩ |
| | ઉ. માધ્યમિક | ૦૨ | -- | ૦૧ | ૦૩ |
| લખપત | માધ્યમિક | ૦૪ | -- | ૦૧ | ૦૫ |
| | ઉ. માધ્યમિક | ૦૨ | -- | -- | ૦૨ |
| નખત્રાણા | માધ્યમિક | ૦૨ | -- | ૦૨ | ૦૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | -- | -- | -- | -- |

(૨) તે પૈકી કેટલી શાળાઓ ઉક્ત સ્થિતિએ કાર્યરત છે?

(૨) ઉક્ત તમામ શાળાઓ ઉક્ત સ્થિતિએ કાર્યરત છે.

---------

**વિજાપુર તાલુકામાં સામાજિક વનીકરણ યોજના**

૨૩૪૫૩ **શ્રી કાંતિલાલ ૨ા.પટેલ (વિજાપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકામાં ૫૨ હેક્ટર વિસ્તારમાં ૦.૬૩ લાખ રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) તે પાછળ રૂ. ૧૬.૧૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

--------

**આણંદ જિલ્લામાં બાગાયત પાકો માટે સબસીડી વાળી લોન**

૨૩૧૭૩ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦-૮-૨૦૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર બાગાયતી પાકો માટે કુલ કેટલા ખેડુતોને કેટલા રૂપિયાની સબસીડીવાળી લોન આપવામાં આવી ?

(૨) બોગસ લોન આપવામાં આવી હોય તેવી કેટલી ફરિયાદો વર્ષવાર અને તાલુકાવાર આવી, અને

(૩) આવેલ ફરિયાદો સામે કેટલા ઈસમો સામે વર્ષવાર અને તાલુકાવાર પગલાં ભરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા. ૩૦-૮-૨૦૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર બાગાયતી પાકો માટે સબસીડીવાળી કોઈ લોન બાગાયત ખાતા તરફથી આપવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

૩૩૦/page> **સાબરકાંઠા જિલ્લામાં આવેલ સરકારી માધ્યમિક શાળાઓ**

૨૩૫૯૮ **શ્રી ઉદેસિંહ ઝાલા(બાયડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કેટલી સરકારી માધ્યમિક શાળાઓ આવેલી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી, અને

(૩) તે ક્યા સ્થળે શરૂ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૧૪ (ચોદ)

(૨) ૧૪ (ચોદ)

(૩)

| ક્રમ | ગામ | તાલુકો |
|---|---|---|
| ૧ | ખારીબેડી | વિજ્યનગર |
| ૨ | સરસવ | વિજ્યનગર |
| ૩ | દંત્રાલ | ખેડબ્રહ્મા |
| ૪ | મામા પીપલા | ખેડબ્રહ્મા |
| ૫ | સેમ્બલીયા | ખેડબ્રહ્મા |
| ૬ | અજાવાસ | ખેડબ્રહ્મા |
| ૭ | ગણવા | ખેડબ્રહ્મા |
| ૮ | મોવતપુરા | ખેડબ્રહ્મા |
| ૯ | મતરવાડા | ખેડબ્રહ્મા |
| ૧૦ | ધરોઈ | ખેડબ્રહ્મા |
| ૧૧ | વાત્રકગઢ | બાયડ |
| ૧૨ | મહોર | વડાલી |
| ૧૩ | મનોરપુર | હિંમતનગર |
| ૧૪ | કો | મોડાસા |

--------

## સુરેન્દ્રનગર જિલ્લામાં સખીમંડળ યોજનામાં મહિલા જૂથોની રચના

૨૩૩૬૭ **શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે સખીમંડળ યોજનામાં વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ કેટલા મહિલા જૂથોની રચના થઈ, | (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે સખીમંડળ યોજનામાં વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ ૫ મહિલા જૂથોની રચના થયેલ છે. |
| (૨) તે પૈકી કેટલા મહિલા જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે, અને | (૨) શૂન્ય |
| (૩) કેટલા જૂથોને ફંડ ચૂકવવાનું બાકી છે, અને | (૩) ૫ જૂથોને ફંડ ચૂકવવાનું બાકી છે. |
| (૪) આ બાકી ફંડ ક્યાં સુધીમાં ચૂકવી આપવામાં આવશે ? | (૪) આ મહિલા જુથોને રચનાના ૬ માસ પૂર્ણ થયે અને ત્યારબાદ ગ્રેડીંગ થયા બાદ રીવોલ્વીંગ ફંડ ચૂકવી આપવામાં આવશે. |

--------

## સાબરકાંઠા, દાહોદ અને પંચમહાલ જિલ્લામાં રાઈટ ટુ ફોરેસ્ટ એક્ટ નીચે જમીનની સનદની અરજીઓ

૨૩૪૯૫ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા, દાહોદ અને પંચમહાલ જિલ્લામાં રાઈટ ટુ ફોરેસ્ટ એક્ટ હેઠળ જમીનની સનદ મેળવવા માટે જિલ્લાવાર કેટલી જમીન માટે કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) જિલ્લાવાર મળેલ અરજીની વિગત નીચે મુજબ છે. આ દાવા અરજીઓમાં દાવાની જમીનના વિસ્તારનો ઉલ્લેખ નથી.

| જિલ્લો | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ | કુલ |
|---|---|---|---|---|
| સાબરકાંઠા | ૧૭૦૨૧ | ૨૬૦૪ | ૦૦ | ૧૯૬૨૫ |
| દાહોદ | ૧૫૫૯૦ | ૪૫૬૦ | ૦૦ | ૨૦૧૫૦ |
| પંચમહાલ | ૧૬૧૧૪ | ૭૫૫૨ | ૦૦ | ૨૩૬૬૬ |

(૨) આ પૈકી વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૨) જિલ્લાવાર વર્ષવાર નીચે મુજબ અરજીઓ મંજૂર કરવામાં આવી.

| જિલ્લો | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ | કુલ |
|---|---|---|---|---|
| સાબરકાંઠા | ૭૫૩ | ૧૮૫૬ | ૬૭૨ | ૩૨૮૧ |
| દાહોદ | ૦૬ | ૨૪૧ | ૪૦ | ૨૮૭ |
| પંચમહાલ | ૦૦ | ૭૭૬ | ૧૦૪ | ૮૮૦ |

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી,

(૩) સાબરકાંઠા જિલ્લામાં-૧૨,૨૯૫, દાહોદ જિલ્લામાં-૧૧,૦૩૬ અને પંચમહાલ જિલ્લામાં ૧૮,૦૧૯ અરજીઓ ના મંજૂર કરવામાં આવી.

(૪) કેટલી અરજીઓ વિચારણા હેઠળ છે, અને

(૪) સાબરકાંઠા જિલ્લામાં-૪,૦૪૯, દાહોદ જિલ્લામાં-૮,૮૨૭ અને પંચમહાલ જિલ્લામાં ૪,૭૬૭ અરજીઓ વિચારણા હેઠળ છે, અને

(૫) નામંજૂર કરવામાં આવી હોઈ તેવી અરજીઓના કારણો શાં છે ?

(૫) કાયદો-૨૦૦૬ની જોગવાઈ મુજબ (૧) દાવેદારની લાયકાત, (૨) કલમ ૪(૩) અને (૬) મુજબ વન જમીનનો કબજો, (૩) વન વિસ્તાર સિવાયની જમીન પરના દાવા, (૪) ફોરેસ્ટ સેટલમેંટ રિપોર્ટ, વન ગુના તપાસ કે અન્ય રેકર્ડ આધારિત પુરાવા, (૫) સેટેલાઈટ ઈમેજના નકશાનો આધાર વગેરે જેવા નિયમો-૨૦૦૮ના નિયમ-૧૩માં દર્શાવેલ પુરાવાના અભાવે અરજીઓ નામંજૂર કરવામાં આવે છે.

## ઉમરગામ તાલુકાના પૂનાટ, ઘોડીપાડા અને ક્યીગામ ગ્રામ પંચાયતોના મકાન તૂટી જવા બાબત

૨૩૩૫૨ **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઉમરગામ તાલુકાના પૂનાટ, ઘોડીપાડા અને ક્યીગામ ગ્રામ પંચાયતની કચેરીના મકાનો તૂટી પડેલ છે, તે સરકાર જાણે છે,

(૨) જો નવા બનાવવા સરકારમાં કેટલીવાર દરખાસ્ત કરવામાં આવેલ છે, અને ?

(૩) આ પંચાયતના મકાનો ક્યારે મંજૂર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ગ્રામ પંચાયત કચેરીના મકાનો તૂટી પડેલ નથી પરંતુ જર્જરિત હાલતમાં છે.

(૨) એકપણ વાર નહિ પરંતુ ગ્રામ પંચાયત દ્વારા દરખાસ્ત તૈયાર કરાવી તાલુકા કક્ષાએથી દરખાસ્ત મેળવવાની કામગીરી ચાલુ છે.

(૩) સત્વરે.

--------

## સુરત આર.ટી.ઓ. કચેરીને થયેલ આવક

૨૩૩૮૯ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત આર ટી ઓ કચેરીની તા. ૧-૧-૨૦૧૧થી તા. ૩૦-૬-૨૦૧૧ના સમયગાળાની કુલ કેટલી આવક થઈ,

(૨) તા. ૧-૭-૨૦૧૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૦ ના છ માસિક સમયગાળાની આવકના સંદર્ભમાં આવકમાં વધારો થયો કે ઘટાડો,

(૩) જો આવકમાં વધારો થયો હોય તો કેટલો વધારો થયો, અને

(૪) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) રૂા. ૧૧૯.૦૦ કરોડ.

(૨) વધારો થયેલ છે.

(૩) રૂા. ૨૮.૨૧ કરોડનો વધારો થયો છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## આદિજાતિ વિસ્તારોમાં શિક્ષકોની ભરતી માટે એન.ઓ.સી. આપવા બાબત

૨૩૧૧૮ **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આદિજાતિ વિસ્તારની માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી માટે કેટલી એન.ઓ.સી. આપવામાં આવી, અને

(૨) બાકીની એન.ઓ.સી. સરકાર ક્યારે આપવા માંગે છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | વર્ષ | આપેલ એન.ઓ.સી. ની વિગત | | |
|---|---|---|---|---|
| | | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક | કુલ |
| ૧ | ૧-૮-૨૦૦૯ થી ૩૧-૭-૨૦૧૦ | ૧૨૩ | ૫૨ | ૧૭૫ |
| ૨ | ૧-૮-૨૦૧૦ થી ૩૧-૭-૨૦૧૧ | ૦૦૦ | ૦૦ | ૦૦૦ |
| | **કુલ :** | **૧૨૩** | **૫૨** | **૧૭૫** |

(૨) સરકારશ્રીના તા. ૧૧-૨-૨૦૧૧ના જાહેરનામા પ્રમાણે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા TAT ની પરીક્ષા લઈ જેમ બને તેમ વહેલા રાજ્ય કક્ષાની પસંદગી સમિતિ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ પાસેથી આવેલ ખાલી જગ્યાની વિગતોના આધારે શિક્ષકોની ભરતી કરવામાં આવશે.

--------

## રાજ્યમાં નવી ડિગ્રી અને ડિપ્લોમા કોલેજો

૨૩૫૮૦ **શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૧-૨૦૧૨ માં તા. ૩૧-૮-૨૦૧૧ ની સ્થિતિએ સ્વનિર્ભર ધોરણે કેટલી નવી ડિગ્રી અને ડિપ્લોમા ઈજનેરી કોલેજો શરૂ થયેલ છે, અને

(૨) આ નવી કોલેજો શરૂ થવાને કારણે આ વર્ષે

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં તા. ૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ AICTE દ્વારા મળેલ મંજૂરી મુજબ સ્વનિર્ભર ધોરણે નવી ૧૧ ડિગ્રી ઈજનેરી અને ૦૬ ડિપ્લોમા ઈજનેરી કોલેજો શરૂ થયેલ છે.

(૨) આ નવી કોલેજો શરૂ થવાને કારણે ડિગ્રી

સ્નાતક અને ડિપ્લોમા ઈજનેરીની બેઠકોમાં કેટલો વધારો થયેલ છે ?

ઈજનેરીમાં ૩૨૪૦ અને ડિપ્લોમા ઈજનેરીમાં ૧૭૪૦ બેઠકોમાં વધારો થવા પામેલ છે.

--------

**ઓદ્યોગિક એકમોમાં સ્થાનિક ઉમેદવારોને રોજગારી**

૨૩૩૯૫ **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યના ઓદ્યોગિક એકમોમાં સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ. લાભાર્થીઓની નોંધણીમાં થયેલ અનિયમિતતા અંગે રાજ્ય સરકારને જુલાઈ-૨૦૧૧ની સ્થિતિએ કોઈ ફરિયાદો મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## પાટણ જિલ્લાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સમી-હારીજને સહાય

૨૩૫૫૫ **શ્રી ભાવસિંહભાઈ રાઠોડ (સમી) : માનનીય સહકારમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૧-૧૨માં તા.૩૧-૮-૨૦૧૧ સુધીમાં પાટણ જિલ્લાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સમી અને હારીજને કુલ કેટલી સહાય મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) (૧)ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સમી રૂા. ૬૨.૮૮ લાખ<br>(૨)ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ હારીજ રૂા. ૫૫.૯૫ લાખ |
| (૨) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) (૧)ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સમી રૂા. ૬૨.૮૮ લાખ<br>(૨)ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ હારીજ રૂા. ૫૫.૯૫ લાખ |

--------

## એર ટર્બાઈન ફ્યુઅલ (એ.ટી.એફ.) ઉપર વેટનો દર

૨૩૦૩૩ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં એર ટર્બાઈન ફ્યુઅલ (એ.ટી.એફ.) ઉપર સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં વેટનો દર કેટલો હતો, અને | (૧) (૧) એ.ટી.એફ. (ડ્યુટીપેઈડ) : ૩૦ %<br>એ.ટી.એફ. (બોન્ડેડ) : ૩૮ %<br>(૨) ટર્બો પ્રોપ એરક્રાફ્ટ તેમજ વધુમાં વધુ ૪૦ હજાર કિલોગ્રામ સુધીનો ટેક ઓફ માસ ધરાવતા એરક્રાફ્ટ કે જે શીડયુલ એરલાઈન્સ દ્વારા ચલાવવામાં આવે છે : ૪ %<br>(૩) ભારત દેશ સિવાયના અન્ય દેશોમાં નોંધાયેલ એરક્રાફ્ટની ટાંકીમાં ભરી આપવામાં આવતાં એવીએશન ટર્બાઇન ફ્યુઅલના વેચાણો : શરતોને આધિન વેરા માફી |
| (૨) તે અન્વયે આ વેટના દરમાં તા. ૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ કેટલી રકમનો ઘટાડો કરવામાં આવ્યો? | (૨) વધુમાં વધુ ૪૦ હજાર કિલોગ્રામ સુધીનો ટેકઓફ માસ ધરાવતાં એરક્રાફ્ટને ફક્ત રાજ્યાંતર્ગત ઉડ્ડયન સેવાઓ માટે આપવામાં આવતાં એવીએશન ટર્બાઈન ફ્યુઅલ ના વેચાણો ઉપર તારીખ ૨૬-૪-૨૦૧૧ની અધિસૂચનાથી વેરાનો દર શરતોને આધિન ૫% છે, જ્યારે અન્ય તમામ ઉડ્ડયન સેવાઓ માટે વેરાના દરમાં કોઈ ઘટાડો કરવામાં આવેલ નથી. |

--------

## રાજ્યમાં વેટ પેટે બાકી વસુલાત

૨૩૪૯૯ **શ્રી જવાહરભાઈ પે.ચાવડા(માણાવદર) :** તા. ૨૨-૩-૨૦૧૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તા.પ્ર.ક્ર.૨૧૧૫૧ (અગ્રતા-૭૨)ના અનુસંધાને **: માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં વેચાણવેરાની રૂ. ૧૧૦૭૨.૯૧ કરોડની રકમ લેવાની બાકી હતી તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૭-૨૦૧૧ સુધીમાં તે અન્વયે કેટલી રકમ વસુલ કરવામાં આવી? | (૨) ` ૨૧૫.૦૪ કરોડ |

## મહેસાણા જિલ્લાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વિજાપુરને સહાય

૨૩૫૫૩ **શ્રી કાંતિલાલ રા.પટેલ (વિજાપુર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૧-૧૨ દરમ્યાન તા.૩૧-૮-૧૧ સુધીમાં મહેસાણા જિલ્લાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વિજાપુરને કુલ કેટલી સહાય મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) રૂા.૨૮.૩૮ લાખ

(૨) રૂા.૨૮.૩૮ લાખ

## આણંદ જિલ્લામાં રોપાના વાવેતર

૨૩૧૭૪ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૦-૮-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા રોપા રોપવામાં આવ્યા,

(૨) રોપેલા રોપાઓમાંથી ઉક્ત સ્થિતિએ કેટલા રોપા તાલુકાવાર જિવિત છે,

(૩) વર્ષવાર રોપા રોપવાના અને ઉછેરવા માટે તાલુકાવાર કેટલા ખર્ચનું આયોજન હતું, અને

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૦-૮-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર રોપેલ રોપાની વિગત નીચે મુજબ છે.

| રોપેલ રોપાની સંખ્યા (લાખમાં) | | |
|---|---|---|
| **તાલુકો** | **૨૦૧૦-૧૧** | **૨૦૧૧-૧૨** |
| આણંદ | ૦.૭૫ | ૧.૫૩ |
| ઉમરેઠ | ૦.૩૧ | ૧.૩૨ |
| બોરસદ | ૦.૯૪ | ૦.૯૧ |
| આંકલાવ | ૦.૪૪ | ૦.૬૧ |
| પેટલાદ | ૦.૫૯ | ૧.૧૦ |
| સોજીત્રા | ૦.૦૪ | ૦.૨૧ |
| ખંભાત | ૮.૦૫ | ૦.૯૫ |
| તારાપુર | ૦.૩૩ | ૦.૭૯ |
| **કુલ :** | **૧૧.૪૫** | **૭.૪૨** |

(૨) રોપેલા રોપાઓમાંથી ઉક્ત સ્થિતિએ નીચે પ્રમાણે રોપા તાલુકાવાર જીવીત છે.

| જીવીત રોપાની સંખ્યા (લાખમાં) | | |
|---|---|---|
| **તાલુકો** | **૨૦૧૦-૧૧** | **૨૦૧૧-૧૨** |
| આણંદ | ૦.૫૮ | ૧.૫૩ |
| ઉમરેઠ | ૦.૨૫ | ૧.૩૨ |
| બોરસદ | ૦.૭૦ | ૦.૯૧ |
| આંકલાવ | ૦.૩૪ | ૦.૬૧ |
| પેટલાદ | ૦.૪૪ | ૧.૦૯ |
| સોજીત્રા | ૦.૦૩ | ૦.૨૧ |
| ખંભાત | ૫.૨૨ | ૦.૯૫ |
| તારાપુર | ૦.૨૪ | ૦.૮૦ |
| **કુલ :** | **૭.૮૦** | **૭.૪૨** |

(૩) વર્ષવાર રોપા રોપવાના અને ઉછેરવા માટેનું તાલુકાવાર નીચે પ્રમાણે ખર્ચનું આયોજન હતું.

| ખર્ચનું આયોજન (રૂા. લાખમાં) | | |
|---|---|---|
| **તાલુકો** | **૨૦૧૦-૧૧** | **૨૦૧૧-૧૨** |
| આણંદ | ૧૨.૬૧ | ૨૩.૨૬ |
| ઉમરેઠ | ૧૦.૨૩ | ૧૧.૨૧ |
| બોરસદ | ૧૧.૪૮ | ૧૮.૪૩ |
| આંકલાવ | ૫.૧૮ | ૨૧.૮૩ |
| પેટલાદ | ૬.૫૩ | ૯.૪૫ |
| સોજીત્રા | ૦.૫૬ | ૪.૯૫ |
| ખંભાત | ૫.૪૦ | ૧૩.૦૦ |
| તારાપુર | ૬.૩૦ | ૧૫.૫૮ |
| **કુલ :** | **૫૮.૨૯** | **૧૧૭.૭૧** |

(૪) આ આયોજન સામે વર્ષવાર તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૪) આ આયોજન સામે વર્ષવાર તાલુકાવાર ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ખર્ચની વિગત (રૂા. લાખમાં) | | |
|---|---|---|
| તાલુકો | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ |
| આણંદ | ૧૧.૪૬ | ૨૧.૧૫ |
| ઉમરેઠ | ૯.૩૧ | ૧૦.૧૯ |
| બોરસદ | ૧૦.૪૪ | ૧૬.૭૫ |
| આંકલાવ | ૪.૭૧ | ૧૯.૮૪ |
| પેટલાદ | ૫.૯૩ | ૮.૫૯ |
| સોજીત્રા | ૦.૫૦ | ૪.૫૦ |
| ખંભાત | ૪.૯૧ | ૧૧.૮૨ |
| તારાપુર | ૫.૭૩ | ૧૪.૧૭ |
| **કુલ :** | **૫૨.૯૯** | **૧૦૭.૦૧** |

--------

**સાબરકાંઠા જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૩૪૧૨ **શ્રી ઉદેસિંહ ઝાલા(બાયડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઇસમોને લાભ આપવા માટે કેટલી સંસ્થાઓની અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી, અને

(૪) લાભાર્થીઓની અરજીઓ નામંજૂર કરેલ હોય તો તેનાં સામાન્ય કારણો શાં છે ?

**જવાબ**

(૧) ૬ સંસ્થાઓની કુલ ૯૭ અરજીઓ

(૨) ૯૩-અરજીઓ

(૩) ` ૪.૬૫ લાખ

(૪) ૪ અરજીઓ વધુ આવકના કારણે.

--------

**એસ્સાર કંપની દ્વારા હજીરા, સુરત ખાતે સીઆરઝેડ/જંગલની જમીનમાં દબાણ**

૨૩૪૯૬ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) એસ્સાર કંપની ધ્વારા હજીરા, સુરત ખાતે સીઆરઝેડ/જંગલની જમીનમાં દબાણ કરવામાં આવ્યું છે તે હકિકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ આ દબાણ દૂર કરવા માટે સરકાર ધ્વારા શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) હા જી.

(૨) મોજે. હજીરા (સુવાલી) ના સર્વે નં.૪૩૪-અ-૧-૧ની ૨૦.૭૬ હેક્ટર વન જમીનમાં એસ્સાર સ્ટીલ કંપની ધ્વારા કરેલ પેશકદમી સામે ભારતીય વન અધિનિયમ, ૧૯૨૭ હેઠળ ગુન્હાઓ નોંધવામાં આવેલ છે. કંપની ધ્વારા આ જમીન તે કંપનીના કર્મચારીઓના રહેઠાણ તથા સંલગ્ન માળખાકીય સુવિધાઓના ઉપયોગ માટે વિનિયમિત કરવા અરજી કરેલ છે. રાજ્ય સરકાર ધ્વારા શરતોને આધિન વિનિયમિત કરવા કેન્દ્ર સરકારને ભલામણ કરવામાં આવી છે.

--------

**ઉમરગામ તાલુકામાં સાયન્સ, ઇજનેરી અને ફાર્મસી કોલેજ શરૂ કરવા બાબત**

૨૩૩૫૫ **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ઉમરગામ તાલુકામાં આવેલી સરકારી આર્ટસ, કોમર્સ કોલેજોમાં સાયન્સ કોલેજ, ઇજનેરી કોલેજ અને ફાર્મસી કોલેજ ચાલુ કરવાનું કોઇ આયોજન છે કે કેમ ?

**જવાબ**

ના, જી.

--------

**ક્લીન મિલ્ક ટેક્નોલોજીના વિકાસ માટે સહાય**

૨૩૬૦૮ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ક્લીન મિલ્ક ટેક્નોલોજીના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા શા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે,

(૨) તે માટે વર્ષ ૨૦૧૦-૧૧ અને વર્ષ ૨૦૧૧-૧૨ માં તા.૩૧-૮-૨૦૧૧ સુધી કોઈ નાણાકીય સહાય આપવામાં આવી છે કે કેમ, અને

(૩) જો હા, તો કોને અને કેટલી સહાય આપવામાં આવી ?

**જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને સંબંધિત જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘો મારફતે બલ્ક મિલ્ક કૂલર તથા ઓટોમેટીક મિલ્ક કલેકશન સિસ્ટીમ જેવી માળખાકીય સુવિધા માટે સહાય આપવામાં આવે છે.

(૨) હા,જી.

(૩)

| વર્ષ | જિલ્લા સહકારી દૂધ ઉત્પાદન સંઘોની સંખ્યા | ચૂકવેલ રકમ ` લાખમાં |
|---|---|---|
| ૨૦૧૦-૧૧ | ૧૦ | ૨૬૯૧.૨૪ |
| ૨૦૧૧-૧૨, માં તા.૩૧-૮-૧૧સુધી | ૭ | ૧૯૩૬.૭૬ |

**મહેસાણા જિલ્લામાં કૃષિ માર્ગદર્શન શિબિરો**

૨૩૬૦૨ **શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલી કૃષિ માર્ગદર્શન શિબિરો યોજવામાં આવી,

(૨) તે પ્રત્યેક શિબિરોનો લાભ કેટલા ખેડૂતોએ લીધો, અને

(૩) ખેડૂતોને તેનાથી શો ફાયદો થયો ?

**જવાબ**

(૧) કુલ-૨૩ કૃષિ માર્ગદર્શન શિબિરો.

(૨) ૧૨૨ ખેડૂતો.

(૩) ખેડૂતો વેજ્ઞાનિક પદ્ધતિથી ખેતી કરતા થયા, તેથી ખેતી ખર્ચમાં ઘટાડો અને ઉત્પાદનમાં વધારો થયો.

--------

**કચ્છ જિલ્લામાં ઓદ્યોગિક એકમોના શ્રમજીવીઓને કેન્દ્રીય આરોગ્ય વીમા યોજના અન્વયે આવરવા અંગે**

૨૩૫૩૫ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૦-૬-૨૦૧૧ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં વધતા જતા ઓદ્યોગિક એકમોના શ્રમજીવીઓને કેન્દ્રીય આરોગ્ય વીમા યોજના અન્વયે આવરી લેવામાં આવ્યા નથી તે હકીકત સાચી છે, અને

(૨) એમ્પલોવમેન્ટ ઈન્સ્યુરન્સ સ્કીમ અન્વયે કચ્છ જિલ્લાને આવરી લેવા માટે તા.૩૦-૬-૨૦૧૧ ની સ્થિતિએ ગત ત્રણ વર્ષમાં કઈ કઈ કામગીરી ભલામણ કે

**જવાબ**

(૧) ના, જી. ઓદ્યોગિક એકમોના શ્રમજીવીઓને કેન્દ્રીય આરોગ્ય વીમા યોજના લાગુ પડતી નથી. પરંતુ આવા શ્રમજીવીઓને કામદાર રાજ્ય વીમા યોજનાનો લાભ મળવાપાત્ર છે.

(૨) કા.રા.વિ. યોજનાના અમલીકરણ અંતર્ગત વર્ષ ૨૦૦૭-૦૮ ના રીવાઈઝડ ફેઝ કાર્યક્રમમાં કચ્છ જિલ્લાના ગાંધીધામ અને કંડલા વિસ્તારો તેમજ વર્ષ

અન્ય સ્વરૂપે કેન્દ્ર સરકારને કરવામાં આવી ?

૨૦૧૧-૧૨ ના રીવાઈઝડ કાર્યક્રમમાં પુનઃ ગાંધીધામનો સમાવેશ થયેલ છે. કર્મચારી રાજ્ય વીમા નિગમે એપ્રિલ-૨૦૧૧ માં આ યોજનાના બીન અમલીકરણ વિસ્તારો (Non implemnted Areas) તરીકે જાહેર કરેલ વિસ્તારોમાં ઉક્ત બે વિસ્તારોને દર્શાવેલ છે. પરંતુ, નિગમની વડી કચેરીએ નક્કી કરેલ નોર્મ્સ મુજબ શ્રમજીવીઓની નિયત સંખ્યાની સામે ઉક્ત વિસ્તારના શ્રમજીવીઓની સંખ્યા ઓછી હોવાથી એમ્પ્લોઈઝ ઈન્સ્યુરન્સ સ્કીમમાં કચ્છ જિલ્લાના વિસ્તારોને આવરી લેવા માટે તા.૩૦-૬-૨૦૧૧ ની સ્થિતિએ ગત ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકારને કોઈ ભલામણ કે દરખાસ્ત કરી શકાયેલ નથી.

--------

## રાજ્ય સરકારની કંપનીઓમાં ખાતરનું ઉત્પાદન

૨૩૫૬૮ **શ્રી આર.સી. પટેલ (જલાલપોર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારની કંપનીઓ દ્વારા કેટલા ખાતરનું ઉત્પાદન કરવામાં આવ્યું, અને

(૨) આ ઉત્પાદિત થયેલ ખાતર પેકી ગુજરાત રાજ્યને કેટલા ખાતરની ફાળવણી કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારની કંપનીઓ દ્વારા થયેલ ખાતરનું ઉત્પાદનની વિગત.

| ખાતરનું નામ | થયેલ ઉત્પાદન |
|---|---|
| યુરિયા | ૧૭.૩૫ લાખ મે.ટન |
| ડીએપી | ૧૪.૭૦ લાખ મે.ટન |
| એનપીકે | ૮.૯૮ લાખ મે.ટન |

(૨) કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત રાજ્યને ફાળવેલ ખાતરની વિગત.

| ખાતરનું નામ | ફાળવેલ ખાતરની વિગત |
|---|---|
| યુરિયા | ૧૦.૬૭ લાખ મે.ટન |
| ડીએપી | ૮.૭૨ લાખ મે.ટન |
| એનપીકે | ૪.૦૭ લાખ મે.ટન |

--------

## સોનગઢ તાલુકાના વર્ગ-૩ ના કર્મચારીઓના ઉચ્ચતર પગાર ધોરણના પડતર કેસો

૨૩૩૪૯ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૮-૧૧ની સ્થિતિએ તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના વર્ગ-૩ ના કર્મચારીઓના ઉચ્ચતર પગાર ધોરણના કેટલા કેસો પડતર છે,

(૨) આ તમામ પડતર પગાર ધોરણના કેસોની ક્યારે દરખાસ્ત કરવામાં આવી, અને

**જવાબ**

(૧) ૨૨.

(૨)

| દરખાસ્ત મળવાની વિગત | કેસોની સંખ્યા |
|---|---|
| ૧. જુલાઈ-૨૦૦૯ | ૨ |
| ૨. ઓગષ્ટ-૨૦૦૯ | ૧ |
| ૩. નવેમ્બર-૨૦૦૯ | ૫ |
| ૪. ડીસેમ્બર-૨૦૦૯ | ૨ |
| ૫. જાન્યુઆરી-૨૦૧૦ | ૧ |
| ૬. જુલાઈ-૨૦૧૦ | ૧ |
| ૭. નવેમ્બર-૨૦૧૦ | ૨ |
| ૮. ડીસેમ્બર-૨૦૧૦ | ૫ |
| ૯. એપ્રિલ-૨૦૧૧ | ૩ |

| | |
|---|---|
| (૩) આ દરખાસ્ત ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવશે ? | (૩) સત્વરે. |

--------

**જૂનાગઢ જિલ્લામાં હિંસક પ્રાણીઓ ધ્વારા માનવી અને પશુઓ ઉપર હુમલાના બનાવો**

૨૩૧૮૪ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તાલાલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા.૧૫-૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા આઠ માસમાં હિંસક પ્રાણીઓ ધ્વારા માનવી અને પશુઓ ઉપરના કેટલા હુમલાના બનાવો નોંધાયા, | (૧) માનવીઓ ઉપર ૨૦<br>પશુઓ ઉપર ૧૨૯૩ |
| (૨) તે અન્વયે કેટલા માનવી અને પશુઓના મૃત્યુ થયા અને કેટલાને ગંભીર ઈજાઓ થઈ, અને | (૨) માનવીઓના મૃત્યુ ૪<br>પશુઓના મૃત્યુ ૧૪૭૪<br>ગંભીર ઈજાના બનાવો શૂન્ય |
| (૩) મૃત્યુ પામેલા ઈસમો અને પશુઓના માલીકોને તે અન્વયે કેટલી રકમનું વળતર ચૂકવવામાં આવ્યું? | (૩) મૃત્યુ પામેલ ઈસમોના વારસોને રૂપિયા ૫,૦૦,૦૦૦/- અને મૃત્યુ પામેલ પશુઓના માલીકોને રૂપિયા ૨૭,૧૩,૩૧૦/- રૂપિયાનું વળતર ચૂકવવામાં આવ્યું. |

--------

**સાબરકાંઠા જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનામાં કામો ચાલુ કરવા બાબત**

૨૩૩૭૪ **શ્રી દિલિપસિંહજી વ. પરમાર (મોડાસા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાઠાં જિલ્લામાં તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨માં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંતર્ગત કેટલા કામો ચાલુ કરવામાં આવ્યા, | (૧) સાબરકાઠાં જિલ્લામાં તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨માં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંતર્ગત કુલ ૪૩૪૯ કામો ચાલુ કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૨) તે પૈકી ૨૭૦૬ કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને |
| (૩) બાકી કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩) બાકી કામો બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે. |

--------

**પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા અટકાવવા માટે કેન્દ્ર સરકાર તરફથી રાજ્યને મળેલ સહાય**

૨૩૧૩૦ **શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેન્દ્ર સરકાર તરફથી પ્રાણીઓ પ્રત્યે આચરવામાં આવતી ક્રુરતા અટકાવવા માટેના મંડળ માટે સને ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને ફાળવી, અને | (૧) શૂન્ય. |
| (૨) આ ફાળવેલ રકમ અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ થયો અને કેટલી રકમ વણ વપરાયેલ રહી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**ખેડા જિલ્લામાં કૃષિ માર્ગદર્શન શિબિરો**

૨૩૬૦૪ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક | (૧) કુલ-૧૨ કૃષિ માર્ગદર્શન શિબિરો. |

વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલી કૃષિ માર્ગદર્શન શિબિરો યોજવામાં આવી,

(૨) તે પ્રત્યેક શિબિરોનો લાભ કેટલા ખેડૂતોએ લીધો, અને

(૨) ૧૬૦ ખેડૂતો.

(૩) ખેડૂતોને તેનાથી શો ફાયદો થયો?

(૩) ખેડૂતો વેજ્ઞાનિક પદ્ધતિથી ખેતી કરતા થયા. તેથી ખેતી ખર્ચમાં ઘટાડો અને ઉત્પાદનમાં વધારો થયો.

--------

**રાજ્યમાં ખેલમહાકુંભ અન્વયે પુરસ્કાર આપવા બાબત**

૨૩૦૩૭ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સને ૨૦૧૦ના વર્ષમાં યોજવામાં આવેલ ખેલમહાકુંભ અન્વયે તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ ખેલાડીઓને અને તેમના કોચને પુરસ્કાર આપવાની જાહેરાત અન્વયે કેટલા ખેલાડીઓ અને તેમના કોચને-મેનેજરને કેટલી રકમના પુરસ્કાર આપવાના બાકી છે અને

(૨) આવા પુરસ્કારો સમયસર નહીં ચૂકવવાના કારણો શા છે?

**જવાબ**

(૧) ૨૧૯ ખેલાડીઓને રૂા. ૪,૦૮,૫૦૦/-ના અને ૫૨૮ કોચ/ મેનેજરને રૂા. ૨૧,૭૦,૦૦૦/-ના પુરસ્કાર આપવાના બાકી છે.

(૨) ખેલાડીઓના ઘરના સરનામા તેમજ કોન્ટેકટ નંબર બદલાઈ જવાના કારણે તેમજ જેતે સ્થળના આચાર્યશ્રી/વ્યાયામ શિક્ષકને જાણ કરવા છતા ખેલાડીઓ ચેક લઈ ગયેલ ન હોવાથી તેમજ વિજેતા ટીમના કોચ/મેનેજરને રોકડ પુરસ્કાર આપવા બાબતે ટેક્નીકલ વિસંગતતાની સ્પષ્ટતા કરવી જરૂરી હોઇ પુરસ્કાર આપવાનું સ્થગિત કરવામાં આવેલ હતું.

**કોડીનાર તાલુકામાં ઈન્દિરા આવાસ અને સુધારણા આવાસમાં નિયમ બહાર સહાય**

૨૩૧૧૪ **શ્રી ધીરસિંહ ક.બારડ (કોડીનાર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ માં ઈન્દિરા-આવાસના લાભાર્થીઓ તેમજ સુધારણા આવાસમાં નિયમ બહાર કેટલાને સહાય આપવામાં આવી, અને

(૨) આવી નિયમ બહાર સહાય આપવા બદલ જવાબદારો સામે સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ માં નવા ઈન્દિરા આવાસમાં ૧૭૭ તેમજ સુધારણા આવાસમાં ૮૭ લાભાર્થીઓને નિયમ બહાર સહાય આપેલ હોવાનું પ્રાથમિક તપાસના અંતે જણાયેલ છે.

(૨) પ્રાથમિક દ્રષ્ટિએ જવાબદાર જણાયેલ અધિકારી/કર્મચારીઓને ચાર્જશીટ આપી ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવેલ છે. જેનો અહેવાલ આવ્યા બાદ નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

--------

**નર્મદા અને ભરૂચ જિલ્લામાં નવી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ વિજ્ઞાન પ્રવાહની શાળાઓ**

૨૩૫૯૪ **શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૦-૬-૨૦૧૧ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લામાં ધોરણ-૧૧ અને ૧૨ ની સરકારી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ વિજ્ઞાન પ્રવાહની શાળાઓ કેટલી છે, અને

(૨) ઉક્ત જિલ્લાઓમાં ધોરણ-૧૧ અને ૧૨ ની છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી શાળાઓ ખોલવામાં આવી ?

**જવાબ**

(૧) વિજ્ઞાન પ્રવાહની ધોરણ-૧૧ અને ૧૨ ની શાળાઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | સરકારી | ગ્રાન્ટેડ | નોનગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | નર્મદા | ૦૪ | ૦૨ | ૦૫ | ૧૧ |
| ૨ | ભરૂચ | ૦૩ | ૦૯ | ૨૭ | ૩૯ |
| | **કુલ :-** | **૦૭** | **૧૧** | **૩૨** | **૫૦** |

(૨) છેલ્લા બે વર્ષમાં નવી સરકારી શાળાઓ નીચે મુજબ ખોલવામાં આવી.

| ક્રમ | જિલ્લો | સરકારી | કુલ |
|---|---|---|---|
| ૧ | નર્મદા | ૦૦ | ૦૦ |
| ૨ | ભરૂચ | ૦૨ | ૦૨ |
| | **કુલ :-** | **૦૨** | **૦૨** |

## વડોદરા જિલ્લામાં નરેગા યોજના હેઠળ ઓઈલ એન્જીન ખરીદવામાં ગેરરીતિ

૨૩૪૮૨ **શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ગ્રામ વિકાસ નરેગા યોજના હેઠળ કેટલા ઓઈલ એન્જીન ખરીદવામાં આવેલ છે,

(૨) સદર ખરીદીમાં થયેલ ગેરરીતિ બાબતે સ્પે. ઓડીટ ક્યારે થયું,

(૩) કેવા પ્રકારની ગેરરીતિ પકડાઈ, અને

(૪) જવાબદારો સામે કેવી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ગ્રામ વિકાસ નરેગા યોજના હેઠળ ઓઈલ એન્જીન ખરીદવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## અમદાવાદ જિલ્લા રોજગાર કચેરીમાં નોંધાયેલ બેરોજગારો

૨૩૪૬૯ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૮-૨૦૧૧ ની સ્થિતિએ તાલુકાવાર કેટલા બેરોજગારોની નોંધણી જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ક્યા તાલુકાના કેટલા બેરોજગારોના નામો રોજગારી માટે મોકલવામાં આવ્યા, અને

(૩) તે પૈકી કેટલા બેરોજગારોને રોજગારી પૂરી પાડવામાં આવી ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલ બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | દસક્રોઈ | ૧૬૬૪૭ |
| ૨ | ધોળકા | ૨૮૭૯ |
| ૩ | બાવળા | ૧૨૨૯ |
| ૪ | ધંધુકા | ૧૮૪૦ |
| ૫ | રાણપુર | ૩૫૯ |
| ૬ | બરવાળા | ૪૩૫ |
| ૭ | સાણંદ | ૫૨૬૯ |
| ૮ | વિરમગામ | ૨૧૩૯ |
| ૯ | માંડલ | ૧૦૬૩ |
| ૧૦ | દેત્રોજ | ૮૮૪ |
| ૧૧ | અમદાવાદ (સીટી) | ૭૬૮૭૫ |
| | **કુલ સરવાળો :** | **૧૦૯૬૧૯** |

(૨)

| ક્રમ | તાલુકો | છેલ્લા ત્રણ વર્ષમાં (તા.૧-૯-૨૦૦૮ થી તા.૩૧-૮-૨૦૧૧ સુધી) રોજગારી માટે મોકલવામાં આવેલ બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | દસક્રોઈ | ૧૦૦૮૯ |
| ૨ | ધોળકા | ૩૩૪૬ |
| ૩ | બાવળા | ૧૦૮૬ |
| ૪ | ધંધુકા | ૪૩૪૩ |
| ૫ | રાણપુર | ૪૫૫ |
| ૬ | બરવાળા | ૫૨૧ |
| ક્રમ | તાલુકો | છેલ્લા ત્રણ વર્ષમાં (તા.૧-૯-૨૦૦૮ થી તા.૩૧-૮-૨૦૧૧ સુધી) રોજગારી માટે મોકલવામાં આવેલ બેરોજગારોની સંખ્યા |
| ૭ | સાણંદ | ૫૧૧૦ |
| ૮ | વિરમગામ | ૨૭૩૪ |
| ૯ | માંડલ | ૬૯૨ |
| ૧૦ | દેત્રોજ | ૬૯૩ |
| ૧૧ | અમદાવાદ(સીટી) | ૧૨૫૪૩૧ |
| | **કુલ સરવાળો :** | **૧૫૪૫૦૦** |

(૩)

| ક્રમ | તાલુકો | ઉક્ત ક્રમ (૨) પૈકી છેલ્લા ત્રણ વર્ષમાં (તા.૧-૯-૨૦૦૮ થી તા.૩૧-૮-૨૦૧૧ સુધી) રોજગારી પૂરી પાડવામાં આવેલ બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | દસક્રોઈ | ૯૩૩ |
| ૨ | ધોળકા | ૫૬૨ |
| ૩ | બાવળા | ૨૩૯ |
| ૪ | ધંધુકા | ૫૬૮ |
| ૫ | રાણપુર | ૫૮ |
| ૬ | બરવાળા | ૧૩૫ |
| ૭ | સાણંદ | ૧૫૯૪ |
| ૮ | વિરમગામ | ૪૩૨ |
| ૯ | માંડલ | ૫૨ |
| ૧૦ | દેત્રોજ | ૪૦ |

| | | |
|---|---|---|
| ૧૧ | અમદાવાદ(સીટી) | ૭૪૦૫૩ |
| | કુલ સરવાળો : | ૭૮૬૬૬ |

--------

**અમદાવાદ શહેર અને જિલ્લામાં પ્રાથમિક ઉર્દૂ શિક્ષકોની ખાલી જગ્યા**

૨૩૪૭૫ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ અમદાવાદ શહેર તથા જિલ્લામાં ઉર્દૂ પ્રાથમિક શિક્ષકોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં કુલ ૦૩
અમદાવાદ શહેરમાં કુલ ૧૨૦
**કુલ. ૧૨૩**
ઉર્દૂ શિક્ષકોની જગ્યા ખાલી છે.

(૨) જેમ બને તેમ જલ્દીથી.

--------

**ગાંધીનગર જિલ્લામાં ઈ-ગ્રામ યોજનામાં વીજળી બીલ લેવા બાબત**

૨૩૩૭૮ **શ્રી કલ્યાણસિંહ ચૌહાણ(દહેગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ વર્ષ ૨૦૧૧-૧૨માં કેટલી ગ્રામ પંચાયતોમાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ કેન્દ્રો ધ્વારા વીજળીબીલ ક્લેક્શન કરવામાં આવે છે,

(૨) કેટલી ગ્રામ પંચાયતોમાં વીજળી બીલ ક્લેક્શન કરવામાં આવતું નથી, અને

(૩) બાકી કેન્દ્રોમાં વીજળીબીલ ક્લેક્શનની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨) અને (૩)
ગાંધીનગર જિલ્લાની તમામ ૨૮૬ ગ્રામ પંચાયતોમાં વીજબીલ ક્લેક્શનની કામગીરી માટેના સોફ્ટવેરનું ઈન્સ્ટોલેશન કરી જરૂરી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

--------

**ભાવનગરમાં સરકારી પાઠ્ય પુસ્તકો ગોડાઉનમાંથી પકડાવવા બાબત**

૨૩૧૩૩ **શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૧-૧૨ના વર્ષમાં તા. ૩૧-૭-૨૦૧૧ સુધીમાં ભાવનગરમાં ધોરણ-૧ થી ધોરણ-૧૨ના કેટલી રકમના સરકારી પાઠ્ય પુસ્તકો પસ્તીમાં ગોડાઉનમાંથી પકડવામાં આવ્યા, અને

(૨) આ અંગે જવાબદારો સામે સરકારે શાં પગલાં લીધા?

**જવાબ**

(૧) રૂા. ૮,૬૮,૩૯૦ ની રકમના પાઠ્ય પુસ્તકો પસ્તીના ગોડાઉનમાંથી પકડવામાં આવ્યા.

(૨) આ પ્રકરણે તત્કાલિન જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા શિક્ષણાધિકારીની ક્ચેરીના સિનિયર ક્લાર્ક, માધ્યમિક શાળા વાળકુટના આચાર્ય અને પટાવાળાને ફરજ મોકુફી હેઠળ મુક્વામાં આવેલ છે, આ ઉપરાંત પોલીસ ફરિયાદ કરવામાં આવેલ છે.

-------

**રાજ્ય સરકારનું કુલ દેવું**

૨૩૧૪૬ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યનું કુલ દેવું કેટલું છે?

**જવાબ**

` ૧૧૨૩૨૨ કરોડ (અંદાજીત)

**ડી-સેગ અંતર્ગત ક્ન્સલ્ટન્ટની કરાર આધારિત જગ્યાઓ**

૨૩૧૮૧ **શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૭-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં (Development Support Agency) ડી-સેગ અંતર્ગત ક્ન્સલ્ટન્ટની કેટલી જગ્યાઓ કરાર આધારિત

**જવાબ**

(૧) ૭૨

ઊભી કરવામાં આવી.

(૨) તે અન્વયે કેટલી જગ્યાઓ ઉપર ગુજરાતી યુવાનો અને કેટલી જગ્યાઓ ઉપર બિન ગુજરાતીઓની ભરતી કરવામાં આવી, અને

(૨) ગુજરાતીઓ ૪૧
બિન ગુજરાતી ૩૧

(૩) આ પસંદગી વ્યાપક ગેરરીતિ અન્વયે સરકાર તપાસ કરવા માગે છે કે કેમ?

(૩) કોઈ ગેરરીતિની ફરિયાદ નથી એટલે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**આણંદ જિલ્લામાં પ્રાથમિક ધોરણ-૮ના વર્ગો શરૂ કરવા બાબત**

૨૩૫૮૪ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૧-૧૨માં તા.૩૧-૮-૨૦૧૧ સુધીમાં આણંદ જિલ્લાની કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ના વર્ગો શરૂ કરવામાં આવેલ છે, અને

(૨) ધોરણ-૮ના વર્ગો માટે તા. ૫-૯-૨૦૧૧ની સ્થિતિએ કેટલા વિદ્યાસહાયકોની નિમણૂંક કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ૮૧

(૨) ૨૭૧

--------

**ખેડબ્રહ્મા, વિજયનગર, મેઘરજ અને ભિલોડાની પ્રાથમિક શાળામાં પીવાના પાણીની સગવડ**

૨૩૫૪૮ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, વિજયનગર, મેઘરજ અને ભિલોડા તાલુકાની કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની તાલુકાવાર સગવડ નથી, અને

(૨) બાકીની શાળાઓમાં ક્યાં સુધીમાં પીવાના પાણીની સુવિધા પૂરી પાડવામાં આવશે ?

**જવાબ**

(૧) તમામ પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુચારૂ વ્યવસ્થા છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**ઉચ્ચ શિક્ષણ માટે લંબાતી કેન્દ્રીય પ્રવેશ પ્રક્રિયા**

૨૩૧૬૦ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા ઉચ્ચ શિક્ષણ કેન્દ્રીય પ્રવેશ સમિતિની રચના કરી મેડીકલ, એન્જીનીયરીંગ વગેરે ડીગ્રી અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવાની પ્રક્રિયા એપ્રિલ થી ઓગસ્ટ-૨૦૧૧ સુધી હાલમાં ચાલુ છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો માર્ચ-૨૦૧૧ માં એચ.એસ.સી. પરિણામ આવ્યા બાદ આશરે પાંચ માસથી ચાલતી પ્રવેશ પ્રક્રિયા લંબાવવાના શા કારણો છે, અને

**જવાબ**

(૧) ""હા"".

(૨) ૧. ધોરણ-૧૨ પરિક્ષાનું વિજ્ઞાન પ્રવાહનું પરિણામ પ્રસિદ્ધ થયા બાદ જ પ્રવેશ પ્રક્રિયા શરૂ થવાને કારણે.

૨. તારીખ ૩૦ જૂન અને તે પછી પણ AICTE (અખીલ ભારતીય ટેકનીકલ શિક્ષણ પરિષદ), મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા (MCI) અને ડેન્ટલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા (DCI) દ્વારા અપાતી જૂની તેમજ નવી સંસ્થાઓની મંજૂરી તેમજ તેમાં થતી બેઠકોના વધઘટના કારણે.

૩. વિદ્યાર્થીઓને રજીસ્ટ્રેશન માટે પુરતો સમય આપવો જરૂરી હોવાના કારણે.

૪. મેરીટ લીસ્ટ પ્રસિદ્ધ થયા પછી પસંદગીની સંખ્યા માટે પુરતો સમય અને તક સ્થળ ફાળવણી માટે

મળે તે માટે બે મોક રાઉન્ડ હાથ ધરવાને કારણે.

૫. એકથી વધુ સંસ્થા દ્વારા લેવામાં આવતી પરિક્ષાઓ જેવી કે AIEEE, JEE, GUJCET વિગેરેમાં વિદ્યાર્થીઓ પ્રવેશ માટેની પરીક્ષા આપ્યા બાદ તેના પરિણામો આધારીત જુદી જુદી સંસ્થામાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓને પસંદગીની તક આપવાના કારણોસર.

(૩) આ પ્રવેશ પ્રક્રિયા જૂન માસમાં પૂર્ણ થાય તે માટે સરકારશ્રી કોઈ સુધારા કરવા માંગે છે કે કેમ, અને તેની વિગતો શી છે ?

(૩) ઉપર જણાવ્યા અનુસાર વિવિધ કારણોસર પ્રવેશ પ્રક્રિયા ઓગષ્ટ સુધી ચાલુ રહે છે. જો AICTE (અખીલ ભારતીય ટેક્નીકલ શિક્ષણ પરિષદ), મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા (MCI) અને ડેન્ટલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા (DCI) દ્વારા મંજૂર થયેલ બેઠકોની પરિસ્થિતિ એપ્રિલના અંત સુધી આખરી કરી દેવામાં આવે તો સદર પ્રક્રિયાને જૂન સુધીમાં પૂર્ણ થઈ શકે.

--------

## વર્લ્ડકપ ક્રિકેટમાં ભારતને ગૌરવ અપાવનાર ખેલાડીઓને એવોર્ડ

૨૩૦૩૪ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં તેમજ તા.૩૧-૭-૧૧ની સ્થિતિએ વર્લ્ડકપ ક્રિકેટમાં ભારતને ગૌરવ અપાવનાર રાજ્યના ક્યા ક્યા ખેલાડીઓને રાજ્ય સરકાર દ્વારા કેટલી રકમના એવોર્ડ ક્યારે આપવામાં આવ્યા ?

**જવાબ**

રાજ્યના (૧) શ્રી યુસુફ પઠાણ અને શ્રી મુનાફ પટેલને રૂ.૧/- લાખનો એકલવ્ય એવોર્ડ આપવાનો સૈધ્ધાંતિક નિર્ણય રાજ્ય સરકારે કરેલ છે જે અન્ય રમતોના આંતરરાષ્ટ્રીય કક્ષાના વિજેતા ખેલાડીઓની સાથે આપવામાં આવશે.

--------

## કમોસમી વરસાદને કારણે પાકને નુકસાન

૨૩૫૦૦ **શ્રી જવાહરભાઈ પે.ચાવડા(માણાવદર) :** તા.૧૭-૩-૨૦૧૧ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૨૦૦૭૮ (અગ્રતા-૧૩૮) ના અનુસંધાને : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સને ૨૦૧૦ માં પડેલ કમોસમી વરસાદના કારણે કૃષિ પાકને નુકસાન થયેલ છે તે અન્વયે તા.૨૦-૮-૧૧ સુધીમાં આપત્તિ રાહત ભંડોળમાંથી કેટલી રકમ ક્યારે ચૂકવવામાં આવી,

(૨) તે અન્વયે કેટલી રકમ ચૂકવવાની બાકી છે, અને

(૩) આ બાકી રકમ ક્યારે ચૂકવાશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : રાજ્યમાં સને ૨૦૧૦ માં પડેલ કમોસમી વરસાદના કારણે ખેતીમાં થયેલ નુકસાન પેટે સહાય આપવા ભારત સરકારને ખાસ પેકેજ મંજૂર કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. ભારત સરકાર દ્વારા ખાસ પેકેજ મંજૂર કરવામાં આવેલ નથી. પણ રાજ્ય આપત્તિ રાહત ભંડોળમાંથી રૂ.૨૩૩.૧૬ કરોડ મંજૂર કરવામાં આવેલ હતા. રાજ્ય આપત્તિ રાહત ભંડોળના ધારા ધોરણો મુજબ ૫૦% થી વધુ નુકસાન થયેલ ન હોઈ, ચૂકવણાનો પ્રશ્ન રહેતો નથી.

--------

## આણંદ અને ખેડા જિલ્લામાં શિક્ષકોની નિમણૂક

૨૩૧૭૫ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૦-૮-૨૦૧૧ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા નવા શિક્ષકો ધોરણ-૮ ના અભ્યાસ માટે નિમણૂક આપવાનું સરકારનું આયોજન હતું, અને

**જવાબ**

(૧)

| આણંદ | | | ખેડા | | |
|---|---|---|---|---|---|
| અ.નં. | તાલુકો | આયોજન | અ.નં. | તાલુકો | આયોજન |
| ૧ | આણંદ | ૫૪ | ૧ | નડિયાદ | ૫૫ |
| ૨ | ઉમરેઠ | ૩૬ | ૨ | મહુધા | ૨૧ |
| ૩ | બોરસદ | ૪૦ | ૩ | કઠલાલ | ૬૧ |
| ૪ | આંકલાવ | ૨૭ | ૪ | કપડવંજ | ૧૦૫ |
| ૫ | પેટલાદ | ૨૯ | ૫ | વિરપૂર | ૩૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫ | પેટલાદ | ૨૯ | ૫ | વિરપુર | ૩૦ |
| ૬ | સોજીત્રા | ૨૪ | ૬ | બાલાસિનોર | ૫૬ |
| **આણંદ** | | | **ખેડા** | | |
| **અ.નં.** | **તાલુકો** | **આયોજન** | **અ.નં.** | **તાલુકો** | **આયોજન** |
| ૮ | તારાપુર | ૧૪ | ૮ | ખેડા | ૩૬ |
| ૯ | - | - | ૯ | માતર | ૨૬ |
| ૧૦ | - | - | ૧૦ | મહેમદાવાદ | ૩૬ |
| | **કુલ :** | **૨૮૪** | | **કુલ :** | **૫૩૮** |

(૨) કેટલા શિક્ષકો આયોજન સામે નિમણૂક કરી મૂક્વામાં આવ્યા ?

(૨)

| **આણંદ** | | | **ખેડા** | | |
|---|---|---|---|---|---|
| **અ.નં.** | **તાલુકો** | **નિમણૂક** | **અ.નં.** | **તાલુકો** | **નિમણૂક** |
| ૧ | આણંદ | ૫૩ | ૧ | નડિયાદ | ૫૫ |
| ૨ | ઉમરેઠ | ૩૬ | ૨ | મહુધા | ૨૧ |
| ૩ | બોરસદ | ૩૭ | ૩ | કઠલાલ | ૬૧ |
| ૪ | આંકલાવ | ૨૭ | ૪ | કપડવંજ | ૯૬ |
| ૫ | પેટલાદ | ૨૯ | ૫ | વિરપુર | ૧૧ |
| ૬ | સોજીત્રા | ૨૩ | ૬ | બાલાસિનોર | ૩૫ |
| ૭ | ખંભાત | ૫૫ | ૭ | ઠાસરા | ૧૦૨ |
| ૮ | તારાપુર | ૧૧ | ૮ | ખેડા | ૩૬ |
| ૯ | - | - | ૯ | માતર | ૨૬ |
| ૧૦ | - | - | ૧૦ | મહેમદાવાદ | ૩૬ |
| | **કુલ :** | ૨૭૧ | | **કુલ :** | ૪૭૯ |

## સાબરકાંઠા જિલ્લામાં ગ્રાહક તક્રાર નિવારણ ફોરમમાં પ્રમુખ તથા સભ્યોની મંજૂર જ્ગ્યાઓ બાબત

૨૩૩૬૧ **શ્રી ઉદેસિંહ ઝાલા(બાયડ) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં ગ્રાહક તક્રાર નિવારણ ફોરમમાં તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ પ્રમુખ તથા સભ્યોની કેટલી જ્ગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) કેટલી જ્ગ્યાઓ ભરવામાં આવેલ છે,

(૩) કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને

(૪) તે ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લા ગ્રાહક તક્રાર નિવારણ ફોરમમાં તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ પ્રમુખની-૧ (એક) જ્ગ્યા મંજૂર થયેલ છે તથા સભ્યોની-૨ (બે) જ્ગ્યા મંજૂર થયેલ છે.

(૨) સાબરકાંઠા જિલ્લા ગ્રાહક તક્રાર નિવારણ ફોરમમાં તા.૩૧-૮-૨૦૧૧ની સ્થિતિએ પ્રમુખની-૧ (એક) જ્ગ્યા ભરવામાં આવેલ છે તથા સભ્યોની-૨(બે) જ્ગ્યા ભરવામાં આવેલ છે.

(૩) શૂન્ય.

(૪) તમામ જ્ગ્યા ભરાયેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## વલસાડ જિલ્લામાં ઈ-ગ્રામ યોજનામાં વીજળી બીલ લેવા બાબત

૨૩૩૮૧ **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં તા.૩૧-૮-૨૦૧૧ ની સ્થિતિએ વર્ષ ૨૦૧૧-૨૦૧૨ માં કેટલી ગ્રામ પંચાયતોમાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ કેન્દ્રો દ્વારા વીજળીબીલ ક્લેક્શન કરવામાં આવે છે,

(૨) કેટલી ગ્રામ પંચાયતોમાં વીજળી બીલ ક્લેક્શન કરવામાં આવતું નથી, અને

**જવાબ**

(૧), (૨) અને (૩) : વલસાડ જિલ્લાની તમામ ૩૩૯ ગ્રામ પંચાયતોમાં વીજળીબીલ ક્લેક્શનની કામગીરી માટેના સોફટવેરનું ઈન્સ્ટોલેશન કરી જરૂરી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

(૩) બાકી કેન્દ્રોમાં વીજળીબીલ ક્લેક્શનની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

--------

## પાંચમી અતારાંકિત યાદી

### વાંકાનેર તાલુકામાં તળાવો ઉંડા કરવા બાબત

અતારાંકિત : ૪૪૮૮ (૦૨/૦૭/૨૦૧૧) **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર ) :** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજકોટ જિલ્લાના વાંકાનેર તાલુકાના કુલ કેટલા તળાવો ઉંડા કરવા માટે મંજૂરી આપવામાં આવી અને તેનું આયોજન કેટલા રૂપિયાનું હતું,

(૨) તે પૈકી કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા અને તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) બાકી નામંજૂર થયેલ તળાવો ઉંડા ન કરવાના કારણો શાં છે?

કૃષિ મંત્રીશ્રી (૦૭/૦૯/૨૦૧૧) :

(૧) કુલ ૩૭ તળાવો ઉંડા કરવા માટે મંજૂરી આપવામાં આવી, રૂા. ૩૪૮.૨૫ લાખનું આયોજન હતું.

(૨) કુલ ૨૯ તળાવો રૂા. ૧૩૯.૧૬ લાખના ખર્ચે ઉંડા કરવામાં આવ્યા.

(૩) બાકીના મંજૂર થયેલ સાત (૭) તળાવોનો નિયમોનુસાર ૧૦% લોકફાળો જમા ન થતા કામો થઈ શકેલ નથી.જ્યારે એક તળાવનું કામ સમયના અભાવે હાથ ધરેલ નથી.

------------

### રાજકોટ જિલ્લામાં દૂધાળા ઢોર ખરીદવાની અરજીઓ

અતારાંકિત : ૪૪૮૯ (૦૨/૦૭/૨૦૧૧) **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર ) :** માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૧ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી વ્યકિતઓની દૂધાળા ઢોર ખરીદવાની અરજીઓ આવી,

(૨) આ પૈકી વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી સહાય ચૂકવવામાં આવી, અને

(૩) કઈ કઈ બેંક પાસે કેટલી અરજીઓ પડતર છે અને કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે?

પશુપાલન મંત્રીશ્રી (૦૭/૦૯/૨૦૧૧) :

(૧) રાજકોટ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં મળેલ દૂધાળા ઢોર ખરીદવાની અરજીની વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | તા. ૧-૬-૨૦૦૮ થી તા. ૩૧-૫-૨૦૧૧ સુધીના છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં તાલુકાવાર મળેલ અરજીની વિગતો |
|---|---|
| કોટડા સાંગાણી | ૪ |
| લોધીકા | ૫ |
| ઉપલેટા | ૩ |
| જસદણ | ૫ |
| મોરબી | ૩ |
| ધોરાજી | ૧ |
| માળીયા મીયાંણા | ૧ |
| ટંકારા | ૯ |

| | |
|---|---|
| રાજકોટ | ૬ |
| વાંકાનેર | ૧૪ |
| જેતપુર | ૧૭ |
| ગોંડલ | ૧૨ |
| પડધરી | ૧ |

(૨) કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી સહાય ચૂકવવામાં આવી, જેની વિગતો નીચે છે.

| વર્ષ ૨૦૦૮-૦૯ | | વર્ષ ૨૦૦૯-૧૦ | | વર્ષ ૨૦૧૦-૧૧ | | વર્ષ ૨૦૧૧-૧૨ (૩૧-૫-૧૧ સુધી) | |
|---|---|---|---|---|---|---|---|
| મંજૂર થયેલ અરજીઓ | સહાયની રકમ | મંજૂર થયેલ અરજીઓ | સહાયની રકમ | મંજૂર થયેલ અરજીઓ | સહાયની રકમ | મંજૂર થયેલ અરજીઓ | સહાયની રકમ |
| ૧૦ | ૫૧૭૮૬/- (અગાઉના વર્ષના કેસ તથા ચાલુ વર્ષના કેસોને સહાય ચૂકવવામાં આવેલ છે.) | ૩ | ૩૨૫૭૬/- (અગાઉના વર્ષના કેસ તથા ચાલુ વર્ષના કેસોને સહાય ચૂકવવામાં આવેલ છે.) | ૨ | ૪૮૬૨૧/- (અગાઉના વર્ષના કેસ તથા ચાલુ વર્ષના કેસોને સહાય ચૂકવવામાં આવેલ છે.) | | |

(૩) તા. ૧-૬-૨૦૦૮ થી તા. ૩૧-૫-૨૦૧૧ સુધીના સમયગાળા માટે બેંક વાર પડતર અરજીઓની સંખ્યા નીચે મુજબ છે. જેનો નિકાલ બેંક દ્વારા કાર્યવાહી પૂર્ણ થયેથી બનતી ત્વરાએ કરવામાં આવશે.

| તા. ૧-૬-૨૦૦૮ થી તા. ૩૧-૫-૨૦૧૧ સુધી | |
|---|---|
| બેન્કનું નામ | પડતર અરજીઓની સંખ્યા |
| યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, વિરપુર | ૧ |
| સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, મોરબી | ૨ |
| યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, જેતપુર | ૧ |
| સેન્ટ્રલ બેંક, વિરનગર | ૧ |
| સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, જેતપુર | ૧ |
| દેના બેંક, સરવદડ | ૧ |
| યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, દેરડી | ૧ |
| સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, રાજકોટ | ૧ |
| બેંક ઓફ બરોડા, લાંઠ | ૧ |
| બેંક ઓફ બરોડા, કુવાડવા | ૧ |
| બેંક ઓફ બરોડા, ત્રબા | ૧ |
| સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, ખીરસરા | ૧ |

-------------

## રાજકોટ જિલ્લામાં ખેડૂતોના અકસ્માતે મૃત્યુ થવા બાબત

અતારાંકિત : ૪૪૯૦ (૦૨/૦૭/૨૦૧૧) **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર) :** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૧ ની સ્થિતિએ તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોના અકસ્માતના કારણે મોત થયા,

(૨) તે પૈકી કેટલા ખેડૂતોને અકસ્માત વિમા યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો,

(૩) કઈ કઈ વિમા કંપની તરફથી કેટલી ચૂકવણી કરવામાં આવી અને હજુ કેટલા કિસ્સામાં રકમ ચૂકવવાની બાકી છે, અને

(૪) બાકી હોય તો તેના કારણો શા છે, અને ક્યાં સુધીમાં રકમ ચૂકવવામાં આવશે?

કૃષિ મંત્રીશ્રી (૦૫/૦૯/૨૦૧૧) :

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૧ ની સ્થિતિએ તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં રાજકોટ જિલ્લામાં ૩૮૯ ખેડૂતોના અકસ્માતના કારણે મોત થયા.

| અ.નં. | તાલુકાનું નામ | તારીખ ૦૧-૦૬-૨૦૦૮થી તારીખ ૩૧-૦૫-૨૦૦૯ | તારીખ ૦૧-૦૬-૨૦૦૯થી તારીખ ૩૧-૦૫-૨૦૧૦ | તારીખ ૦૧-૦૬-૨૦૧૦થી તારીખ ૩૧-૦૫-૨૦૧૧ |
|---|---|---|---|---|
| ૧ | રાજકોટ | ૧૩ | ૧૮ | ૧૬ |
| ૨ | પડધરી | ૭ | ૫ | ૪ |
| ૩ | મોરબી | ૧૨ | ૬ | ૬ |
| ૪ | માળીયા મીયાંણા | ૬ | ૧૨ | ૨ |
| ૫ | ટંકારા | ૪ | ૧૦ | ૧૦ |
| ૬ | વાંકાનેર | ૬ | ૭ | ૭ |
| ૭ | જસદણ | ૧૫ | ૨૨ | ૧૬ |
| ૮ | લોધીકા | ૩ | ૪ | ૨ |
| ૯ | કોટડા સાંગાણી | ૬ | ૩ | ૯ |
| ૧૦ | ગોંડલ | ૨૪ | ૧૭ | ૧૮ |
| ૧૧ | જેતપુર | ૧૪ | ૧૪ | ૧૨ |
| ૧૨ | જામકંડોરણા | ૧૧ | ૪ | ૫ |
| ૧૩ | ધોરાજી | ૬ | ૫ | ૫ |
| ૧૪ | ઉપલેટા | ૯ | ૭ | ૭ |
| | કુલ | ૧૩૬ | ૧૩૪ | ૧૧૯ |

(૨) ૨૩૭ ખેડૂતોને.

(૩) વીમા નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફથી ૨૩૭ દાવાઓની રૂા. ૨૩૭,૦૦,૦૦૦/-ની ચૂકવણી કરવામાં આવી, અને ૧૨૦ કિસ્સામાં રકમ ચૂકવવાની બાકી છે.

(૪) બાકી રહેલ અરજીઓની વીમા નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કક્ષાએથી ચકાસણી ચાલુ હોઈ, જે કામગીરી નિયમાનુસાર પૂર્ણ થયેથી મંજૂર દાવાઓની વેળાસર ચૂકવણી કરવામાં આવશે.

------------

## સુરત જિલ્લામાં ધાન્ય પાકોનું ઉત્પાદન વધારવા બાબત

અતારાંકિત : ૪૫૨૧ (૦૨/૦૭/૨૦૧૧) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) :** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરત જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૦૫-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ધાન્ય પાકોનું ઉત્પાદન વધારવા માટે કેટલા ગામોના ખેડૂતોને શું શું પ્રોત્સાહન આપવામાં આવ્યા,

(૨) તેમાં કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ધાન્ય પાકોના ઉત્પાદનોમાં કેટલો વધારો થયો?

કૃષિ મંત્રીશ્રી (૦૭/૦૯/૨૦૧૧) :

(૧) અને (૨) : સુરત જિલ્લામાં તાલુકાવાર ધાન્ય પાકોનું ઉત્પાદન વધારવા માટે છેલ્લા ત્રણ વર્ષમાં ખેડૂતોને આપવામાં આવેલ પ્રોત્સાહનની વિગતો તથા તે અંગે થયેલ ખર્ચની વિગતો અનુક્રમે પત્રક-૧ (તા. ૧-૦૬-૦૮ થી તા. ૩૧-૦૫-૦૯), પત્રક-૨ (તા. ૧-૦૬-૦૯ થી તા. ૩૧-૦૫-૧૦) તથા પત્રક-૩ (તા. ૧-૦૬-૧૦ થી તા. ૩૧-૦૫-૧૧) માં દર્શાવ્યા મુજબ છે.

(૨) ધાન્ય પાકોના ઉત્પાદનમાં થયેલ વધારાની વિગતો પત્રક-૪માં દર્શાવ્યા મુજબ છે.

પત્રક-૧

ધાન્ય પાકના ઉત્પાદનમાં વધારો કરવામાં આવેલ પ્રોત્સાહનની વિગત તા. ૧-૬-૨૦૦૮ થી ૩૧-૫-૨૦૦૯ સુધી

| તાલુકાનું નામ | ખેડૂતોને આપેલ પ્રોત્સાહનની વિગત | ગામની સંખ્યા | લાભાર્થીની સંખ્યા | કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો (રૂા.) |
|---|---|---|---|---|
| ચોર્યાસી | સુધારેલ ખેત ઓજાર | ૯ | ૯ | ૫૮૫૦ |
| | એફ એફ એસ ડાંગર | ૧ | ૧ | ૪૪૪૦ |
| | પાવરટીલર | ૫ | ૫ | ૨૨૫૦૦૦ |
| | પાક સંરક્ષણ | ૬ | ૧૩ | ૬૯૮૧ |
| | રોટાવેટર | ૧ | ૧ | ૨૦૦૦૦ |
| ચોર્યાસી | ઓઈલ એન્જીન | ૧ | ૧ | ૧૦૦૦૦ |
| | શે. નિદર્શન | ૧ | ૧ | ૭૫૦૦ |
| કુલ | | ૨૪ | ૩૧ | ૨૭૯૭૭૧ |
| ઓલપાડ | એફ એફ એસ ડાંગર | ૨ | ૨ | ૮૦૯૦ |

| તાલુકાનું નામ | ખેડૂતોને આપેલ પ્રોત્સાહનની વિગત | ગામની સંખ્યા | લાભાર્થીની સંખ્યા | કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો (રૂા.) |
|---|---|---|---|---|
| | પાવરટીલર | ૧૬ | ૨૮ | ૧૨૬૦૦૦૦ |
| | પાક સંરક્ષણ | ૧ | ૧ | ૧૪૩૭ |
| | ટ્રેકટર | ૨ | ૨ | ૯૦૦૦૦ |
| | રોટાવેટર | ૮ | ૧૧ | ૨૨૦૦૦૦ |
| | ઓઈલ એન્જીન | ૧ | ૧ | ૧૦૦૦૦ |
| | શે. નિદર્શન | ૨ | ૨ | ૧૫૦૦૦ |
| કુલ | | ૩૨ | ૪૭ | ૧૬૦૪૫૨૭ |
| માંગરોળ | ઘઉં બીજ વિતરણ | ૧૧ | ૨૭ | ૭૪૦૦ |
| | પાવરટીલર | ૧ | ૨ | ૯૦૦૦૦ |
| | રોટાવેટર | ૧ | ૧ | ૨૦૦૦૦ |
| | એફ એફ એસ જુવાર | ૨ | ૬૦ | ૧૮૪૩૦ |
| કુલ | | ૧૫ | ૯૦ | ૧૩૫૮૩૦ |
| ઉમરપાડા | પાવરટીલર | ૪ | ૫ | ૨૨૫૦૦૦ |
| | નર્મદા થ્રેસર | ૧ | ૧ | ૧૨૦૦ |
| | એફ એફ એસ જુવાર | ૨ | ૬૦ | ૧૮૫૭૨ |
| કુલ | | ૭ | ૬૬ | ૨૪૪૭૭૨ |
| માંડવી | પાવરટીલર | ૨ | ૨ | ૯૦૦૦૦ |
| | એફ એફ એસ જુવાર | ૧ | ૩૦ | ૮૨૮૫ |
| કુલ | | ૩ | ૩૨ | ૯૮૨૮૫ |
| બારડોલી | ટ્રેકટર | ૨ | ૨ | ૯૦૦૦૦ |
| | રોટાવેટર | ૫ | ૭ | ૮૦૦૦૦ |
| | એફ એફ એસ ડાંગર | ૧ | ૩૦ | ૪૬૧૭ |
| કુલ | | ૮ | ૩૯ | ૧૭૪૬૧૭ |
| કામરેજ | ટ્રેકટર | ૩ | ૩ | ૧૩૫૦૦૦ |
| | રોટાવેટર | ૬ | ૮ | ૧૬૦૦૦૦ |
| | એફ એફ એસ જુવાર | ૧ | ૩૦ | ૯૪૮૫ |
| કુલ | | ૧૦ | ૪૧ | ૩૦૪૪૮૫ |
| પલસાણા | એલન ૨૪ ઊંચ | ૩ | ૩ | ૧૯૫૦ |
| | કરબ ૨૪ ઊંચ | ૨ | ૨ | ૧૧૭૫ |
| | ટ્રેકટર | ૧ | ૧ | ૪૫૦૦૦ |
| | પા.સં.સાધન | ૪ | ૫ | ૨૩૧૨ |
| | પાવર ટીલર | ૩ | ૩ | ૧૩૫૦૦૦ |
| | રોટાવેટર | ૫ | ૫ | ૫૦૦૦૦ |
| કુલ | | ૧૮ | ૧૯ | ૨૩૫૪૩૭ |

## પત્રક-૨

## ધાન્ય પાકના ઉત્પાદનમાં વધારો કરવામાં આવેલ પ્રોત્સાહનની વિગત તા. ૧-૬-૨૦૦૯ થી ૩૧-૫-૨૦૧૦ સુધી

| તાલુકાનું નામ | ખેડૂતોને આપેલ પ્રોત્સાહનની વિગત | ગામની સંખ્યા | લાભાર્થીની સંખ્યા | કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો (રૂ.) |
|---|---|---|---|---|
| ચોર્યાસી | ડાંગર ડેમોસ્ટ્રેશન | ૨ | ૨ | ૫૦૦૦ |
| | પાવરટીલર | ૧૧ | ૧૧ | ૪૯૫૦૦૦ |
| | પાક સંરક્ષણસાધન | ૧૦ | ૧૦ | ૪૬૨૦ |
| | ટ્રેકટર | ૫ | ૫ | ૨૨૫૦૦૦ |
| | કલ્ટીવેટર | ૧૨ | ૧૨ | ૭૫૦૦૦ |
| કુલ | | ૪૦ | ૪૦ | ૮૦૪૬૨૦ |
| ઓલપાડ | સુધારેલ ખેત ઓજાર | ૩૦ | ૩૦ | ૧૯૫૦૦ |
| | ડાંગર ડેમોસ્ટ્રેશન | ૨ | ૨ | ૫૦૦૦ |
| | ડાંગર | ૧ | ૧ | ૩૦૦૦ |
| | પાવરટીલર | ૨૦ | ૬૫ | ૨૯૨૫૦૦૦ |
| | ટ્રેકટર | ૨૨ | ૨૭ | ૧૨૧૫૦૦૦ |
| | કલ્ટીવેટર | ૪ | ૪ | ૨૫૦૦૦ |
| કુલ | | ૭૯ | ૧૨૯ | ૪૧૯૨૫૦૦ |
| માંગરોળ | પાક સંરક્ષણ દવા | ૫ | ૧૫ | ૨૩૦૦ |
| | પાવર થ્રેસર | ૧ | ૧ | ૧૨૦૦૦ |
| | ડેમોન્ટ્રેશન ડાંગર | ૨ | ૨ | ૫૦૦૦ |
| | ટ્રેકટર | ૩ | ૩ | ૧૩૫૦૦૦ |
| | રોટાવેટર | ૩ | ૩ | ૬૦૦૦૦ |
| | કલ્ટીવેટર | ૨ | ૬ | ૪૯૫૦૦ |
| કુલ | | ૧૬ | ૩૦ | ૨૬૩૮૦૦ |
| ઉમરપાડા | ટ્રેકટર | ૧ | ૧ | ૪૫૦૦૦ |
| કુલ | | ૧ | ૧ | ૪૫૦૦૦ |
| માંડવી | ટ્રેકટર | ૪ | ૪ | ૧૮૦૦૦૦ |
| | રોટાવેટર | ૧ | ૧ | ૨૦૦૦૦ |
| | કલ્ટીવેટર | ૨ | ૨ | ૧૨૫૦૦ |
| કુલ | | ૭ | ૭ | ૨૧૨૫૦૦ |
| બારડોલી | પાવરટીલર | ૫ | ૫ | ૨૨૫૦૦૦ |
| | પાકસંરક્ષણ | ૫ | ૫ | ૨૩૧૦ |
| | કલ્ટીવેટર | ૧૩ | ૧૭ | ૧૦૬૨૫૦ |
| | એફ એફ એસ | ૧ | ૧ | ૯૬૦૦ |
| | રોટાવેટર | ૬ | ૭ | ૧૪૦૦૦૦ |

| તાલુકાનું નામ | ખેડૂતોને આપેલ પ્રોત્સાહનની વિગત | ગામની સંખ્યા | લાભાર્થીની સંખ્યા | કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો (રૂ.) |
|---|---|---|---|---|
| | ટ્રેક્ટર | ૧૦ | ૧૦ | ૪૫૦૦૦૦ |
| કુલ | | ૪૦ | ૪૫ | ૯૩૩૧૬૦ |
| કામરેજ | ડેમોસ્ટ્રેશન ડાંગર | ૧ | ૧ | ૨૫૦૦ |
| | ડેમોસ્ટ્રેશન ઘઉં | ૧ | ૧ | ૨૦૦૦ |
| | સુધારેલ ખેત ઓજાર | ૧૦ | ૧૯ | ૬૫૦૦ |
| કામરેજ | પાવરટીલર | ૧૩ | ૨૧ | ૯૪૫૦૦૦ |
| | પાકસંરક્ષણ | ૨ | ૨ | ૨૦૦૦ |
| | કલ્ટીવેટર | ૧૩ | ૨૧ | ૧૪૪૦૦૦ |
| | ટ્રેક્ટર | ૧૫ | ૨૦ | ૯૦૦૦૦૦ |
| | એફ એફ એસ | ૧ | ૧ | ૮૮૦૦ |
| | રોટાવેટર | ૧૨ | ૧૬ | ૩૨૦૦૦૦ |
| | પાવર પા.સં.સા. | ૧ | ૧ | ૧૫૦૮ |
| કુલ | | ૬૯ | ૧૦૩ | ૨૩૩૨૩૦૮ |
| પલસાણા | કલ્ટીવેટર | ૭ | ૮ | ૫૦૦૦૦ |
| | ટ્રેક્ટર ૪૦ એચ.પી. | ૬ | ૭ | ૩૧૫૦૦૦ |
| | પાવરટીલર | ૩ | ૩ | ૧૩૫૦૦૦ |
| | રોટાવેટર | ૬ | ૭ | ૧૪૦૦૦૦ |
| કુલ | | ૨૨ | ૨૫ | ૬૪૦૦૦૦ |

## પત્રક-૩

## ધાન્ય પાકના ઉત્પાદનમાં વધારો કરવામાં આવેલ પ્રોત્સાહનની વિગત તા. ૧-૬-૨૦૧૦ થી ૩૧-૫-૨૦૧૧ સુધી

| તાલુકાનું નામ | ખેડૂતોને આપેલ પ્રોત્સાહનની વિગત | ગામની સંખ્યા | લાભાર્થીની સંખ્યા | કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો (રૂ.) |
|---|---|---|---|---|
| ચોર્યાસી | સુધારેલ ખેત ઓજાર | ૧૦ | ૧૦ | ૭૫૦૦ |
| | પાવરટીલર | ૩ | ૩ | ૧૩૫૦૦૦ |
| | કલ્ટીવેટર | ૨ | ૨ | ૧૫૦૦૦ |
| કુલ | | ૧૫ | ૧૫ | ૧૫૭૫૦૦ |
| ઓલપાડ | પાક સંરક્ષણ સાધન | ૩ | ૩ | ૧૩૮૬ |
| | મોટુ ટ્રેક્ટર | ૪ | ૪ | ૧૮૦૦૦૦ |
| કુલ | | ૭ | ૭ | ૧૮૧૩૮૬ |
| માંગરોળ | ડાંગર નિદર્શન | ૧ | ૨ | ૫૦૦૦ |
| | પાવરટીલર | ૨ | ૨ | ૯૦૦૦૦ |
| | ટ્રેક્ટર | ૪ | ૫ | ૨૨૫૦૦૦ |
| | કલ્ટીવેટર | ૨ | ૨ | ૧૫૦૦૦ |
| | રોટાવેટર | ૨ | ૨ | ૪૦૦૦૦ |
| કુલ | | ૧૮ | ૨૦ | ૫૫૬૩૮૬ |
| ઉમરપાડા | | | | |
| કુલ | | ૦ | ૦ | ૦ |
| માંડવી | ડાંગર નિદર્શન | ૧ | ૧ | ૨૫૦૦ |
| | ટ્રેક્ટર | ૩ | ૩ | ૧૩૫૦૦૦ |
| | રોટાવેટર | ૧ | ૧ | ૨૦૦૦૦ |
| | કલ્ટીવેટર | ૩ | ૩ | ૨૨૫૦૦ |
| કુલ | | ૮ | ૮ | ૧૮૦૦૦૦ |
| બારડોલી | પાવરટીલર | ૪ | ૪ | ૧૮૦૦૦૦ |
| | ટ્રેક્ટર | ૧૦ | ૧૦ | ૪૫૦૦૦૦ |
| | કલ્ટીવેટર | ૧ | ૧ | ૭૫૦૦ |
| | એફ એફ એસ ડાંગર | ૧ | ૧ | ૧૦૬૯૦ |
| | રોટાવેટર | ૪ | ૬ | ૧૨૦૦૦૦ |
| કુલ | | ૨૦ | ૨૨ | ૭૬૮૧૯૦ |
| કામરેજ | ડાંગર નિદર્શન | ૧ | ૧ | ૨૫૦૦ |
| | ઘઉં નિદર્શન | ૨ | ૨ | ૪૦૦૦૦ |
| | પાવરટીલર | ૫ | ૯ | ૪૦૫૦૦૦ |
| | ટ્રેક્ટર | ૪ | ૪ | ૧૮૦૦૦૦ |
| | મીની ટ્રેક્ટર | ૯ | ૧૦ | ૪૫૦૦૦૦ |
| | કલ્ટીવેટર | ૫ | ૫ | ૩૭૫૦૦ |
| | એફ એફ એસ ડાંગર | ૧ | ૧ | ૧૦૧૨૨ |
| | શ્રી નિદર્શન ડાંગર | ૧ | ૧ | ૩૦૦૦૦ |
| કુલ | | ૨૮ | ૩૩ | ૧૧૫૫૧૨૨ |
| પલસાણા | કલ્ટીવેટર | ૩ | ૩ | ૨૨૫૦૦ |
| | ટ્રેક્ટર ૧૮ એચ.પી. | ૨ | ૨ | ૯૦૦૦૦ |
| | ટ્રેક્ટર ૪૦ એચ.પી. | ૪ | ૪ | ૧૮૦૦૦૦ |
| | રોટાવેટર | ૧ | ૧ | ૨૦૦૦૦ |
| | પાવરટીલર | ૫ | ૫ | ૨૨૫૦૦૦ |
| કુલ | | ૧૫ | ૧૫ | ૫૩૭૫૦૦ |

| જિલ્લો | કુલ ગામની સંખ્યા | કુલ લાભાર્થીની સંખ્યા | કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો |
|---|---|---|---|
| સુરત જિલ્લાનું કુલ | ૪૨૦ | ૧૨૮૦ | ૧૨૮૬૪૭૨૫ |

પત્રક-૪

ધાન્ય પાકોના ઉત્પાદનમાં કેટલો વધારો થયો

| ઉત્પાદન મે. ટન અ.નં. | પાકનું નામ | સામાન્ય ઉત્પાદન | વર્ષ ૨૦૦૮-૦૯ | વર્ષ ૨૦૦૯-૧૦ | વર્ષ ૨૦૧૦-૧૧ |
|---|---|---|---|---|---|
| ૧ | ડાંગર | ૮૧૦૦૦ | ૮૫૦૫૦ | ૮૭૧૭૬ | ૮૯૭૯૨ |
| ૨ | જુવાર | ૨૯૭૦ | ૩૧૧૯ | ૩૧૯૬ | ૩૨૯૨ |
| ૩ | મકાઈ | ૩૦૪૦ | ૩૧૯૨ | ૩૨૭૨ | ૩૩૭૦ |
| ૪ | ઘઉ | ૩૨૩૪૦ | ૩૩૯૫૭ | ૩૪૮૦૬ | ૩૫૮૫૦ |
| એવરેજ | | ૨૯૮૩૮ | ૩૧૩૨૯ | ૩૨૧૧૩ | ૩૩૦૭૬ |
| %માં વધારો | | | ૫ | ૮ | ૧૧ |

---------

નાણા વિભાગ અને તાબાની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ

અતારાંકિત : ૪૭૩૭ (૨૫-૭-૧૧) **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) :** માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૧૫/૭/૨૦૧૧ ની સ્થિતિએ નાણાં વિભાગ અને તાબાની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલું મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જ્ગ્યાઓ ભરાયેલ છે. અને કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને

(૩) ખાલી જ્ગ્યાઓ કયાં સુધી ભરવામાં આવશે ?

નાણા મંત્રીશ્રી : ૭/૯/૨૦૧૧

(૧) અને (૨) *પત્રક-અ મુજબ

(૩) ખાલી રહેલ જ્ગ્યાઓ જેમ બને તેમ જલ્દીથી ભરવામાં આવશે.

પત્રક-અ

| અ.નં. | કચેરીનું નામ | સંવર્ગનું નામ | મંજુર થયેલ મહેકમ | ભરાયેલ જ્ગ્યા | ખાલી જ્ગ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | નાણા વિભાગ (પ્રોપર) | અધિક મુખ્ય સચિવશ્રી (નાણા) | ૧ | ૧ | ૦ |
| | | સચિવશ્રી (ખર્ચ) | ૧ | ૧ | ૦ |
| | | સચિવશ્રી (આ. બા.) | ૧ | ૧ | ૦ |
| | | સચિવશ્રી (જા.સા.બ્યુરો) | ૧ | ૧ | ૦ |
| | | અધિક સચિવશ્રી/સંયુક્ત સચિવશ્રી/ નાયબ સચિવશ્રી/ નાણાંકીય સલાહકાર | ૧૩ | ૧૨ | ૧ |
| | | નિયામકશ્રી (સંસ્થાગતવિત્ત) અને હોદ્દાની રુએ અધિક સચિવ | ૧ | ૧ | ૦ |
| | | નાણાં સલાહકાર અને હોદ્દાની રુએ અધિક સચિવ | ૧ | ૧ | ૦ |
| | | ખાસ ફરજ પરના અધિકારી (જા.સા.બ્યુરો) | ૧ | ૧ | ૦ |
| | | ખાસ ફરજ પરના અધિકારી અને નાયબ સચિવ (આ.બા.) | ૧ | ૧ | ૦ |
| | | ખાસ ફરજ પરના અધિકારી (બજેટ) | ૧ | ૧ | ૦ |
| | | ઉપ સચિવ | ૧૧ | ૮ | ૩ |
| | | કાયદા અધિકારી | ૧ | ૧ | ૦ |
| | | હિસાબી અધિકારી, વર્ગ-૧ | ૨ | ૨ | ૦ |
| | | ડીવીઝન એકાઉન્ટન્ટ, વર્ગ-૧ | ૧ | ૧ | ૦ |
| | | એકાઉન્ટન્ટ ઓફીસર, વર્ગ-૨ | ૧ | ૧ | ૦ |
| | | સેકશન અધિકારી | ૩૮ | ૩૮ | ૦ |
| | | નાયબ સેકશન અધિકારી | ૧૧૮ | ૭૪ | ૪૪ |
| | | સીની. સબઓડીટર | ૧ | ૧ | ૦ |
| | | કારકુન | ૩૪ | ૨૮ | ૬ |
| | | ગુજરાતી ટાઈપીસ્ટ | ૧૦ | ૩ | ૭ |
| | | અંગ્રેજી ટાઈપીસ્ટ | ૬ | ૫ | ૧ |
| | | ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૧ | ૪ | ૪ | ૦ |

| અ.નં. | કચેરીનું નામ | સંવર્ગનું નામ | મંજુર થયેલ મહેકમ | ભરાયેલ જ્ગ્યા | ખાલી જ્ગ્યા |
|---|---|---|---|---|---|
| | | ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૨ | ૮ | ૮ | ૦ |
| | | ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૩ | ૨ | ૧ | ૧ |
| | | અંગ્રેજી સ્ટેનો ગ્રેડ-૧ | ૩ | ૧ | ૨ |
| | | અંગ્રેજી સ્ટેનો ગ્રેડ-૨ | ૬ | ૨ | ૪ |
| | | ડ્રાઈવર | ૯ | ૬ | ૩ |
| | | હવાલદાર | ૩ | ૧ | ૨ |
| | | નાયક | ૬ | ૧ | ૫ |
| | | પટાવાળા | ૪૫ | ૨૩ | ૨૨ |
| | | હમાલ | ૫ | ૪ | ૧ |
| | | કુલ | ૩૩૬ | ૨૩૪ | ૧૦૨ |
| ૨ | વાણિજ્યિક વેરા કમિશનર કચેરી, ગુજરાત રાજ્ય, અમદાવાદ. | વાણિજ્યિક વેરા કમિશનર | ૧ | ૧ | ૦ |
| | | ખાસ વાણિજ્યિક વેરા કમિશનર | ૧ | ૧ | ૦ |
| | | અધિક વાણિજ્યિક વેરા કમિશનર (આઈ.એ.એસ) | ૨ | ૦ | ૨ |
| | | અધિક વાણિજ્યિક વેરા કમિશનર (જીએએસ) | ૩ | ૨ | ૧ |
| | | સંયુ□ત વાણિજ્યિક વેરા કમિશનર | ૧૪ | ૭ | ૭ |
| | | અગ્ર રહસ્ય સચિવ | ૧ | ૦ | ૧ |
| | | નાયબ વાણિજ્યિક વેરા કમિશનર | ૭૮ | ૩૨ | ૪૬ |
| | | નાયબ નિયામક હિસાબ/સંશોધન | ૨ | ૨ | ૦ |
| | | હિસાબી અધિકારી વર્ગ-૧ | ૧ | ૧ | ૦ |
| | | સહાયક વાણિજ્યિક વેરા કમિશનર | ૨૧૧ | ૧૦૪ | ૧૦૭ |
| | | વાણિજ્યિક વેરા અધિકારી વર્ગ-૨ | ૫૫૧ | ૨૮૮ | ૨૬૩ |
| | | આંકડા અધિકારી | ૧ | ૦ | ૧ |
| | | સંશોધન અધિકારી | ૧ | ૦ | ૧ |
| | | સ્ટેનોગ્રાફર વર્ગ-૧ | ૪ | ૨ | ૨ |
| | | વાણિજ્યિક વેરા નિરીક્ષક | ૧૫૭૫ | ૧૨૧૦ | ૩૬૫ |
| | | આંકડા મદદનીશ | ૩ | ૦ | ૩ |
| | | સંશોધન મદદનીશ | ૪ | ૨ | ૨ |
| | | હિસાબનીશ | ૨ | ૧ | ૧ |
| | | સ્ટેનોગ્રાફર વર્ગ-૨ | ૨૭ | ૨૦ | ૭ |
| | | સ્ટેનોગ્રાફર વર્ગ-૩ | ૧૪ | ૧ | ૧૩ |
| | | સીનીયર કારકુન | ૭૩૬ | ૫૬૪ | ૧૭૨ |
| | | ટાઈપીસ્ટ | ૭૨ | ૧૮ | ૫૪ |
| | | જુનીયર કારકુન | ૧૦૩૧ | ૮૧૯ | ૨૧૨ |
| | | □લાર્ક કમ ટાઈપીસ્ટ | ૧૪ | ૨ | ૧૨ |
| | | સુપરવાઈઝર | ૨ | ૦ | ૨ |
| | | પંચ ઓપરેટર | ૧૮ | ૧૦ | ૮ |
| | | ડ્રાઈવર | ૩૭ | ૨૧ | ૧૬ |
| | | રાત્રીરક્ષક | ૨૨ | ૧૭ | ૫ |
| | | હવાલદાર | ૧ | ૦ | ૧ |
| | | નાયક | ૭૩ | ૨૯ | ૪૪ |
| | | પટાવાળા | ૩૬૨ | ૨૯૬ | ૬૬ |
| | | નોટીસ સવર | ૯૧ | ૫૯ | ૩૨ |
| | | દફ્તર બંધ | ૩ | ૧ | ૨ |
| | | હમાલ | ૨ | ૧ | ૧ |
| | | પાણીવાળા | ૨ | ૦ | ૨ |
| | | માળી | ૧ | ૧ | ૦ |
| | | સફાઈ કામદાર | ૧ | ૦ | ૧ |
| | | કુલ | ૪૯૬૪ | ૩૫૧૨ | ૧૪૫૨ |
| ૩ | ગુજરાત વેલ્યુ એડેડ ટેક્ષ ટ્રીબ્યુનલ, અમદાવાદ | અધ્યક્ષ | ૧ | ૧ | ૦ |
| | | સભ્યશ્રી | ૩ | ૧ | ૨ |
| | | અંગ્રેજી સ્ટેનો ગ્રેડ-૧ | ૧ | ૧ | ૦ |
| | | રજીસ્ટ્રાર, વર્ગ-૨ | ૧ | ૧ | ૦ |
| | | હેડ□લાર્ક | ૧ | ૦ | ૧ |
| | | બેંચ કલાર્ક | ૨ | ૨ | ૦ |
| | | સીનીયર □લાર્ક | ૧ | ૧ | ૦ |
| | | □લાર્ક | ૨ | ૨ | ૦ |
| | | □લાર્ક કમ ટાઈપીસ્ટ (અંગ્રેજી) | ૧ | ૧ | ૦ |
| | | અંગ્રેજી ટાઈપીસ્ટ | ૨ | ૨ | ૦ |
| | | ગુજરાતી ટાઈપીસ્ટ | ૧ | ૧ | ૦ |
| | | અંગ્રેજી સ્ટેનોગ્રાફર-૨ | ૨ | ૨ | ૦ |
| | | ડ્રાઈવર | ૧ | ૧ | ૦ |
| | | નાયક | ૨ | ૨ | ૦ |
| | | પટાવાળા | ૪ | ૪ | ૦ |
| | | કુલ | ૨૬ | ૨૩ | ૩ |
| ૪ | હિસાબ અને તીજોરી નિયામક, ગાંધીનગર | | ૭ | ૨ | ૫ |
| | | સંયુ□ત નિયામક | ૧૭ | ૨ | ૧૫ |
| | | નાયબ નિયામક | ૪૩ | ૩૪ | ૯ |
| | | વર્ગ-૧, (જુ. ડ્યુટી) | ૧૭૦ | ૧૪૯ | ૨૧ |
| | | વર્ગ-૨ | ૩૮૬ | ૨૫૧ | ૧૩૫ |
| | | હિસાબનીશ | ૪૭૧ | ૩૫૩ | ૧૧૮ |

| અ.નં. | કચેરીનું નામ | સંવર્ગનું નામ | મંજુર થયેલ મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|
| | | નાયબ હિસાબનીશ | ૬૨૬ | ૫૧૪ | ૧૧૨ |
| | | પેટા હિસાબનીશ | ૧૧૮૨ | ૮૬૩ | ૩૧૯ |
| | | જુનીયર ક્લાર્ક | ૯૯૪ | ૭૪૩ | ૨૫૧ |
| | | વર્ગ-૪ | ૪૪૩ | ૩૭૫ | ૬૮ |
| | | કુલ - | ૪૩૩૯ | ૩૨૮૬ | ૧૦૫૩ |
| ૫ | વિમા નિયામક, ગાંધીનગર | વીમા નિયામક, વર્ગ-૧ | ૧ | ૦ | ૧ |
| | | નાયબ વીમા નિયામક વર્ગ-૧ | ૧ | ૧ | ૦ |
| | | વહીવટી અધિકારી, વર્ગ-૨ | ૧ | ૧ | ૦ |
| | | સહાયક વીમા નિયામક, વર્ગ-૨ | ૫ | ૫ | ૦ |
| | | અધિક્ષક, વર્ગ-૩ | ૧ | ૧ | ૦ |
| | | સ્ટેનોગ્રાફર, વર્ગ-૩ | ૧ | ૧ | ૦ |
| | | શ્રેયાન તાંત્રીક મદદનીશ, વર્ગ-૩ | ૮ | ૬ | ૨ |
| | | કન્યાન તાંત્રીક મદદનીશ વર્ગ-૩ | ૨૨ | ૧૧ | ૧૧ |
| | | શ્રેયાંન કારકુન વર્ગ-૩ | ૩ | ૨ | ૧ |
| | | કન્યાન કારકુન, વર્ગ-૩ | ૮ | ૫ | ૩ |
| | | ડ્રાઈવર, વર્ગ-૩ | ૨ | ૦ | ૨ |
| | | નાયક વર્ગ-૪ | ૧ | ૦ | ૧ |
| | | પટાવાળા વર્ગ-૪ | ૮ | ૪ | ૪ |
| | | કુલ | ૬૨ | ૩૭ | ૨૫ |

------------

સુરત જિલ્લામાં બાળસખા યોજનાનો લાભ

અતારાંકિત : ૪૫૪૨ (૨૭/૬/૨૦૧૧) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) આરોગ્ય વિભાગ દ્વારા બાળ સખા યોજના દ્વારા શું લાભ આપવામાં આવે છે,

(૨) સુરત જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧/૫/૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૩) આ અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

આરોગ્ય મંત્રીશ્રી (૬-૯-૨૦૧૧) :

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક એફપીડબલ્યુ/૧૦૨૦૦૮/૧૭૮૨/બ.૧ તા.૨૨-૧-૨૦૦૯ અનુસાર બાળસખા-૧ ચિરંજીવી યોજના સાથે સંલગ્ન તેમજ સામુહિક આરોગ્ય કેન્દ્ર કે જિલ્લા હોસ્પિટલ જ્યાં બાળરોગ નિષ્ણાત ઉપલબ્ધ નથી ત્યાં જન્મતા ગરીબી રેખા હેઠળ જીવતા તથા આદિજાતિ કુટુંબના ૧ માસ સુધીના બાળકોને તથા બાળસખા-૨ અંતર્ગત ગરીબી રેખા હેઠળ જીવતા તથા આદિજાતિ કુટુંબના ૧ માસ સુધીના બાળકોનો જન્મ ચિરંજીવી યોજના કે સરકારી હોસ્પિટલો-સામુહિક આરોગ્ય કેન્દ્ર, જિલ્લાની હોસ્પિટલો સિવાયના સ્થળે (જેવાકે ઘરે/પેટા કેન્દ્ર/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં) થયો હોય તેઓને આ યોજનામાં કરારબદધ બાળરોગ નિષ્ણાતો દ્વારા નિઃશુલ્ક સારવાર આપવામાં આવે છે. વધુમાં ટ્રાન્સપોર્ટેશન ચાર્જ પેટે રૂ. ૨૦૦/- તેમજ સાથે લાવનાર આશા/આરોગ્ય કાર્યકર/આંગણવાડી કાર્યકરને પ્રોત્સાહન પેટે બિમાર બાળકને બાળરોગ નિષ્ણાત તબીબને ત્યાં લઈ જવા માટે રૂ. ૫૦/- આપવામાં આવે છે.

(૨) આ યોજના વર્ષ-૨૦૦૯ થી અમલમાં આવેલ છે. સામેલ પત્રક-અ મુજબ

(૩) સામેલ પત્રક- બ મુજબ

પત્રક-અ

બાલસખા યોજના અંતર્ગત તા. ૩૧/૫/૨૦૧૧ સુધી છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે તેની વિગત દર્શાવતું પત્રક નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ (તા. ૩૧/૫/૧૧ અંતિત) | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | ચોર્યાસી | ૬૫ | ૪૫ | ૦ | નવા વર્ષનાં કરારની કાર્યવાહી ચાલુ છે. |
| ૨ | ઓલપાડ | ૯૫ | ૨૫૩ | ૦ | |
| ૩ | પલસાણા | ૫૬૪ | ૫૩૭ | ૦ | |
| ૪ | બારડોલી | ૧૮૭ | ૬૯૮ | ૨૮૧ | |
| ૫ | મહુવા | ૨૧૫ | ૧૩૫ | ૦ | નવા વર્ષનાં કરારની કાર્યવાહી ચાલુ છે. |
| ૬ | કામરેજ | ૦ | ૨૭૭ | ૦ | આ તાલુકાઓમાં આ યોજના અંતર્ગત ડૉક્ટર જોડાયેલ નથી. |
| ૭ | માંડવી | ૦ | ૦૫ | ૦ | |
| ૮ | માંગરોલ | ૦ | ૦ | ૦ | |
| | કુલ | ૧૧૨૬ | ૧૯૫૦ | ૨૮૧ | |

પત્રક- બ

બાલસખા યોજના અંતર્ગત તા. ૩૧/૫/૨૦૧૧ સુધી છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલો ખર્ચ થયેલ છે તેની વિગત દર્શાવતું પત્રક નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ (તા. ૩૧/૫/૧૧ અંતિત) |
|---|---|---|---|---|
| ૧ | ચોર્યાસી | રૂા. ૯૮,૮૦૦/- | રૂા. ૭૮,૪૦૦/- | ૦ |
| ૨ | ઓલપાડ | રૂા. ૧,૩૩,૯૦૦/- | રૂા. ૩,૪૫,૯૦૦/- | ૦ |
| ૩ | પલસાણા | રૂા. ૯,૬૪,૭૧૮/- | રૂા. ૧૦,૦૧,૦૦૦/- | ૦ |
| ૪ | બારડોલી | રૂા. ૨,૪૩,૧૦૦/- | રૂા. ૧૧,૪૩,૧૦૦/- | રૂા. ૪,૩૬,૮૦૦/- |
| ૫ | મહુવા | રૂા. ૩,૩૩,૮૨૯/- | રૂા. ૩,૯૯,૮૨૫/- | ૦ |
| ૬ | કામરેજ | ૦ | રૂા. ૨,૧૦,૬૦૦/- | ૦ |
| ૭ | માંડવી | ૦ | રૂા. ૩૦,૦૦૦/- | ૦ |
| ૮ | માંગરોલ | ૦ | ૦ | ૦ |
| | કુલ | રૂા. ૧૭,૭૪,૩૪૭/- | રૂા. ૩૨,૦૮,૮૨૫/- | રૂા. ૪,૩૬,૮૦૦/- |

-----------

અમરેલી જિલ્લામાં બાળસખા યોજનાનો લાભાર્થી

અતારાંકિત : ૪૫૬૩ (૨૭-૬-૧૧) **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) આરોગ્ય વિભાગ દ્વારા બાળ સખા યોજના દ્વારા શું લાભ આપવામાં આવે છે,

(૨) અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓને તા. ૩૧/૫/૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લાભ આપવામાં આવેલ છે, અને

(૩) આ અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

આરોગ્ય મંત્રીશ્રી (૬-૯-૨૦૧૧) :

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક એફપીડબલ્યુ/૧૦૨૦૦૮/૧૭૮૨/બ.૧ તા. ૨૨-૧-૨૦૦૯ અનુસાર બાળસખા-૧ ચિરંજીવી યોજના સાથે સંલગ્ન તેમજ સામુહિક આરોગ્ય કેન્દ્ર કે જિલ્લા હોસ્પિટલ જ્યાં બાળરોગ નિષ્ણાત ઉપલબ્ધ નથી ત્યાં જન્મતા ગરીબી રેખા હેઠળ જીવતા તથા આદિજાતિ કુટુંબના ૧ માસ સુધીના બાળકોને તથા બાળસખા-૨ અંતર્ગત ગરીબી રેખા હેઠળ જીવતા તથા આદિજાતિ કુટુંબના ૧ માસ સુધીના બાળકોનો જન્મ ચિરંજીવી યોજના કે સરકારી હોસ્પિટલો-સામુહિક આરોગ્ય કેન્દ્ર, જિલ્લાની હોસ્પિટલો સિવાયના સ્થળે (જેવાકે ઘરે/પેટા કેન્દ્ર/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં) થયો હોય તેઓને આ યોજનામાં કરારબદધ બાળરોગ નિષ્ણાતો દ્વારા નિઃશુલ્ક સારવાર આપવામાં આવે છે. વધુમાં ટ્રાન્સપોર્ટેશન ચાર્જ પેટે રૂ. ૨૦૦/- તેમજ સાથે લાવનાર આશા/આરોગ્ય કાર્યકર/આંગણવાડી કાર્યકરને પ્રોત્સાહન પેટે બિમાર બાળકને બાળરોગ નિષ્ણાત તબીબને ત્યાં લઈ જવા માટે રૂ. ૫૦/- આપવામાં આવે છે./

(૨) સામેલ પત્રક-અ મુજબ

(૩) સામેલ પત્રક- બ મુજબ

પત્રક-અ

બાલ સખા યોજના અંતર્ગત તા. ૩૧/૫/૨૦૧૧ સુધી છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં તાલુકાવાર જે લાભાર્થીઓએ લાભ લીધેલ છે તેની વિગત દર્શાવતું પત્રક નીચે મુજબ છે.

અધિકારીઓ એ જ રીતે જિલ્લા કક્ષાએ જિલ્લા પદાધિકારીઓ અને અધિકારીઓ માટે રૂલ્સમાં અલગ અલગ જોગવાઈ કરીને સરળતાથી, સહજતાથી પશુપાલકો અને ખેડૂતો પોતાના પશુઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવી શકે, એને વાહનમાં ફેરવી શકે એવી જોગવાઈ કરવામાં આવી છે. પરમિટનો અર્થ દાખલો ગણીને સ્થાનિક પશુપાલકો હેરાફેરી કરશે તો ફીમાંથી મુક્તિ આપીને જે કોમર્શિયલ રીતે બિઝનેશ કરતા હશે તે સિવાય પશુપાલકો અને ખેડૂતો માટે આ અંગે રૂલ્સમાં જોગવાઈ કરીને એમને કોઈ અગવડ ન થાય તેની રાજય સરકાર કાળજી લેશે. પશુપાલકો અને ખેડૂતો આની સાથે સંકળાયેલ છે. પરંતુ ગાય અને ગૌવંશ એ માત્ર આર્થિક, સામાજિક કે ધાર્મિક શ્રદ્ધાનું કેન્દ્ર નથી પણ તે રાજયની આર્થિક સમૃદ્ધિ અને લોકોના આરોગ્ય માટે આ જ ગૌમૂત્રમાંથી વિવિધ ઔષધી દ્વારા સમગ્ર સમાજના જટીલમાં જટીલ રોગમાંથી મુક્તિ આપવાનું કામ કર્યું છે. ગૌરક્ષા કરવી એ રાજય સરકારની કેટલીક પ્રાથમિકતાઓ છે એમાની એક પ્રાથમિકતા છે. એને ધ્યાનમાં લઈને આ સુધારો જયારે લાવ્યા છીએ ત્યારે વિવિધ રીતે જે પ્રશ્નો અહીંથી ઉપસ્થિત થશે અથવા તો જે કોઈ પોઝિટીવ સૂચનો આવશે તે અંગે હું મારા જવાબ વખતે એનો સમાવેશ કરીશ અને એનો ઉલ્લેખ પણ કરીશ. આપણે જાણીએ છીએ કે , આખા દેશમાં જે રીતે ગાયો અને ગાયોની સ્થિતિનું નિર્માણ થયું છે એમાં લગભગ દેશની દુનિયાના ૫૦ ટકા કરતાં વધારે ભેંસો આપણા દેશમાં આવેલી છે અને ભેંસોની કતલ મર્યાદાના કારણે ન થાય, તેની હેરાફેરી ન થાય એ પણ જોવાનું રહેશે. બાકીની બધી મર્યાદાઓ રૂલ્સમાં કરીશું. મારા સાથી મિત્રોને વિનંતી કરું છું કે, આ બિલને પોઝિટીવ લઈને આગામી દિવસોમાં આ રાજય મહાત્મા ગાંધીજીનું રાજય છે.આ રાજય સરદાર પટેલનું રાજય છે અને એવા એક અહિંસાની ભાવના અને પ્રગતિ અને વિકાસની આ ક્ષીતીજો પાર કરી રહ્યા છીએ ત્યારે ગાયનું અને ગાયના વંશનું ખૂબ જ મહત્ત્વ છે. આ મહત્ત્વને સમજીને વિનાવિરોધે આપણે સૌ આ બિલને પાસ કરીએ એ જ અપેક્ષા છે. કોઈ પ્રશ્ન હશે તો મારા જવાબ વખતે હું એનો ઉલ્લેખ કરીશ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત પશુ સંરક્ષણ સુધારા વિધેયક ૨૦૧૧ લઈને જે આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરુ છું. માનનીય મંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો, મહાત્મા ગાંધીજીના એ શબ્દો,

જ્યારે જ્યારે ગાયની કતલ થાય છે ત્યારે મને લાગે છે કે જાણે મારી જ હત્યા થઈ રહી છે. - મહાત્મા ગાંધી.

જ્યાં સુધી ગૌહત્યાનો ઉપાય આપણે શોધી નહીં શકીએ ત્યાં સુધી આપણને મળેલી આર્થિક આઝાદી નિરર્થક રહેશે.-મહાત્મા ગાંધી.

આ શબ્દો અને ભાવના મહાત્મા ગાંધીજીના હતા. માનનીય અધ્યક્ષશ્રી, ગાય માટેની આપણી ભાવના, હિન્દુસ્તાનમાં ધર્મને પણ બાજુએ મૂકીએ તો પણ એના માટેની ભાવના દરેકની રહેલી છે. ક્યારેક આપણે એના મૂળ સુધી જવાનો પ્રયત્ન કરવો જોઈએ. જૂની સંસ્કૃતિ આપણે જોઈએ તો હું તો એ પરિવારમાંથી આવ્યો છું. જ્યાં ગાયના રક્ષણ કરવા માટે ગાયને કોઈને લઈને જતા, એને બચાવતા, ગાયો બચી પણ ગાયોને બચાવવા જતા હનુભાદાદાએ અમારા શહીદ થયા અને આજે ગાયનું નામ પણ લીમડા હનુભાના તરીકે ઓળખાય, આજે એમનું ત્યાં મંદિર છે. જીવ લઈને પણ ગાયને બચાવવાની ભાવના, એ આપણી જ સંસ્કૃતિ છે. ચિંતા રાતોરાત બધાને ઉભી થઈ ગઈ છે. એવું નથી. વેર આર વી રોંગ? આ એ જ ગુજરાત છે. એ જ સમાજ છે. એ જ ધર્મના લોકો રહે છે. ગૌવંશની હત્યાઓ વધી કેમ? આપણે એની ચિંતા નહીં કરીએ? ગઈ કાલની પ્રશ્નોત્તરીમાં તાઃ૧-૧-૨૦૧૧થી ૩૦-૮-૨૦૧૧ એટલે લગભગ સાત-આઠ મહીનાનો સમય થયો, આટલા સમયમાં માત્ર અમદાવાદમાંથી ૨૬,૭૯૦ કિલોગ્રામ ગૌમાંસ પકડાયું, આ સમસ્યા છે. નહીં ભૂલવું જોઈએ કે કાયદો નહોતો કંઈ કડક ત્યારે પણ ગુજરાતમાં ગાયો આટલી કપાતી નહોતી. ગોવંશની હત્યાઓ ન થતી. ગાય મરતી નહી, એ વિચાર કર્યો છે આપણે શું કામ નહોતું થતું? માનનીય અધ્યક્ષશ્રી, આપણી વિચારશકિત, આપણો ભાવ, એની દિશા જૂદીજૂદી હોઈ શકે છે, મેં આ ટોપી પહેરી છે, સદ્દવિચારી માણસને વિચાર આવે કે મહાત્મા ગાંધીજી જ આ ટોપીની અંદર દેખાય કે જેમણે અંગ્રેજોની સામે લડયા હતા એની સામે, જેમણે એક સિમ્બોલ આપ્યો, જેમણે એક પ્રતિક આપ્યું, આજે પણ ગામડામાંથી લઈને શહેર સુધી કોઈને પૂછશો કે આ ટોપી કઈ? તો કહેશે કે ગાંધી ટોપી, ગાંધી ટોપી, જવાહર ટોપી, ગાંધીટોપી એમ કહેશે, પણ ગુજરાતનો કોઈપણ સંસ્કારી માણસ આ ટોપીને કેદીની ટોપી નહીં કહે એ તો જેની માનસિકતા એવી હોયને એને જ કેદીની ટોપી દેખાય, એ માનસિકતા છે એમની. સાથીઓ પણ કેદી હોય, ગુજરાત બહાર હોય, મુખ્ય માણસ કયારે જશે એની ચિંતા હોય એને કેદ સિવાય બીજું કાંઈ ન દેખાય. મારી વાત અવળા પાટે અન નેસેસરી વચ્ચે કોમેન્ટથી ચડાવી. હું કહેવા માગતો હતો કે સમસ્યા હોય એને કઈ રીતે આપણે જોઈએ છીએ. આ સમસ્યા પેદા થઈ. ગાયની કતલ કરનારો માણસ ગાયને પાળી ઉછેરીને મોટી કરતો નથી. ગૌવંશનો ઉછેર કરીને કાપનાર એ માણસ નથી. જેમ કે મરઘા ઉછેર કેન્દ્રમાં મરઘ ાને પેદા કરીને એના ઇંડા સેવડાવીને બચ્ચા થાય એ મોટા થાય અને વેચે એ મરઘા ઉછેર કેન્દ્ર થયું. ગાયમાં આવું નથી. ગાય પાળનારો, ગાય રાખનારો, ગાય ઉછેરનારો એ વર્ગ જુદો છે. આજ સુધી ક્યારેય ગુજરાતમાં આપણે એમને એ પરિસ્થિતિમાં નહોતા મૂક્યા અને મને પણ ગર્વ છે કે આ ગુજરાતનો વ્યક્તિ છેલ્લા શ્વાસ સુધી એ પ્રયત્ન કરવાનો કે જેને હું માં કહું છું, જેમાં મને ૩૩ કરોડ દેવતાઓ દેખાય છે એને હું પાછું જ્યારે એ મને કંઈક

આપવાનું બંધ કરે, હું એને વેચીશ, હું એના વાછરડાને આપીશ? મજબૂરી ઊભી થાય એવી પરિસ્થિતિનું આપણે નિર્માણ કર્યું છે એ વાત આપણે કેમ સ્વીકારતા નથી? આ એ જ સમાજનો માણસ છે જે ગાય મરે ત્યાં સુધી પોતાના આંગણામાં સાચવતો. હવે એને વેતર નહીં આવે, હવે એને વાછરડો કે વાછરડી પેદા નહીં થાય, ક્યારેય દૂધ નહિ આપે પરંતુ મારી માં છે એટલે એને હું સાચવીશ અને એ સાચવી શકતો હતો. રાજ્યમાં જે ખરાબાની જમીનો આપણે કહીએ છીએ, જે પડતર જમીનો આપણે કહીએ છીએ એમાં ઢોર મોઢું ભરી શકે એમ સૌરાષ્ટ્રમાં કહે, ત્યાં જઈને ખાઈ શકે અને ઘરમાંથી એકાદ વ્યક્તિ એ બધા જ ઢોરને લઈને, બધા જ પશુઓને લઈને ચરાવવા જાય. આ કૃષ્ણની વાર્તાની વાત આ હતી અને એક પણ રૂપિયો એણે દેવો નહીં પડે. ઘરનો એક વ્યક્તિ ચરાવવા જાય અને વૃદ્ધ થયેલ ઢોર હોય એ પણ, ઘરડી થયેલી ગાય પણ પેલો માણસ સરકારી ખરાબામાં, પડતર જમીનમાં, ગૌચરમાં શેઢે ક્યાંક જઈને એનો નિર્વાહ કરી શકતો. આપણે કઈ પરિસ્થિતિ ગુજરાતમાં પેદા કરી? આપણા માનીતાઓને જમીનો, માલામાલ કરવા માટેનો આપણો લોભ, વિકાસના નામે આપણી વ્યવસ્થા ઊભી કરવા માટેનો આપણો મોહ, પૈસા પેદા કરવા માટે ગાયના મોઢાનું તણખલું લઈને પેલા ખૂંટિયાને ધરી દેવાની આપણી નીતિમત્તા, એના કારણે કઈ પરિસ્થિતિ થઈ? (અંતરાય) બે પગવાળા ખૂંટિયા, બાવકુભાઈ. સામાજિક અને આર્થિક સમીક્ષા ૨૦૧૦-૧૧નું પુસ્તક જે આ વિધાનસભામાં મને આપ્યું છે એ મારા હાથમાં છે. આપણે ત્યાં અન્ય પડતર, આ ચોપડીનો આંકડો છે, મારો આંકડો નથી. ગુજરાત સરકારે તૈયાર કરેલ પુસ્તકનો આંકડો છે. મારી પાસે ૧૯૮૦-૮૧ના આંકડાઓ છે. ૩ લાખ ૩૨ હજાર ૨૦૦ હેકટર જગ્યા એ અન્ય પડતર તરીકે આપણી પાસે પડી હતી. આજે ગુજરાતમાં અન્ય પડતર કેટલી રહેવા દીધી? માત્ર ૧૯ હજાર ૨૦૦ (અંતરાય) મારા ભાઈ, વાવેતર કરવું હોય તો આ એ પડતર નથી જેમાં વાવેતર થઈ શકે. આ ઉદ્યોગપતિઓને અપાયેલી છે એમ પુસ્તક કહે છે. અન્ય પડતર ખેડવા લાયક પડતર અલગ છે. અને ખેડાણલાયક પડતર ખેડૂતે કયાંય ખેડ્યું એની વાત નથી. એના આંકડા અલગ છે. એ પણ આમાં આપ્યું છે. ખેડવાલાયક પડતર જે હતું ૧૯૮૫૬ ઉપર બે ઝીરો ઉમેરી દેવાના એટલા હેકટર અને આજે એ ઘટીને થઈ ગયું. ૧૧૬૩૨ આ ખેડવાલાયક પડતર. હું જેની વાત કરું છું એ ખેડવાલાયક પડતર નહિ. મારા અને તમારા જેવા ખેડૂતભાઈઓને અપાયું હોય એ નહિ. આ પેલા આવીને લઈ ગયા જે મફતના ભાવે આપણી જમીનો લે છે, માલામાલ થાય છે, કોઈ ના ઓળખતું હોય એના હવાઈ જહાજો થાય છે. આપણે ભાગીદાર પાપના છીએ એવું સમાજ કહે છે એવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે. એ લઈ જાય છે ત્યારે (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : બિલ ઉપર આવો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ બિલના હાર્દ સાથે જ છે.

**શ્રી વજુભાઈ વાળા** : આ બિલમાં સુધારો છે. ગો-સંવર્ધન..(અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, Let me read. હું બિલ ઉપર જ આવું છું.

**અધ્યક્ષશ્રી** : Please, Please.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, Let me read. કયાં, કોને અને કેમ ચચળે છે. અને વજુભાઈ કોના કહેવાથી ઊભા થયા એ હું સમજી શકું છું. હું સમજું છું કે મહેસૂલ મંત્રીશ્રીએ કહ્યાં પછી આપ ઊભા થયા મને વાંધો નથી. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, એક કલાકનો સમય છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહભાઈ આપ બિલ ઉપર વાત કરો. પ્લીઝ.

**શ્રી વજુભાઈ વાળા** : હાઉસમાં ઘણાં લોકો બોલવાના છે. ખાલી બિલની અંદર વાત કરે. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : બિલમાં You can not (અંતરાય) એ તો કામકાજ સલાહકાર સમિતિએ નક્કી કરેલું છે. અને જ્યારે એમના સભ્યો બિલના કેટલા સ્કોપ સુધી જાય છે. એ વખતે મંત્રીમંડળમાંથી કોઈકે ઊભું થઈ જવું જોઈએ. ના ભાઈ, આત્મારામભાઈ તમે સ્કોપ બહાર જાવ છો.

**શ્રી વજુભાઈ વાળા** : એમણે પણ કહ્યું છે. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : પણ બેસાડયા નહિ.

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહભાઈ સુધારા ઉપર બોલો. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સુધર્યા જ નહિ. માનનીય અધ્યક્ષશ્રી, Object and reason આપણા ઉદ્દેશ અને કારણો શું છેં? and I am totally within the scope of the Bill. હું એક લીટી મારા સ્કોપની બહાર નથી જતો. આપણી ચિંતા શું છે હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીશ કે ઉદ્દેશ અને કારણો એક વખત જોઈ લો. અને એ ઉદ્દેશ અને કારણોમાં ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમની પેટાકલમ ફેરવવાની આપની ઈચ્છા એટલા માટે છે કે પશુઓના વધના હેતુ માટે આપણે ચિંતા કરીએ છીએ અને એ આપની ચિંતા સકારણ હોય તો આપણે વાસ્તવિકતાનો સ્વીકાર કરવો પડે કે આ ગાય, આ વાછરડો કે વાછરડી કે આ બળદ માણસ વેચવા શા માટે મજબૂર થાય છે? કારણ કે એક પશુને જો એને ઘેર બેસીને ખવરાવવું હોય તો ૪૦ થી ૫૦ રૂપિયા minimum જોઈએ અને સામાન્ય વર્ગનો માણસ એ ૪૦ થી ૫૦ રૂપિયા minimum હું કહું છું per day જ્યારે આપી શકે તેમ નથી રહેતો, બહાર એના પાસે ચરાણ નથી એ સંજોગોમાં એ પશું વેચે છે. આપણે સુધારો

ક્યાં કરવાની જરૂર છે? સુધારો આપણે એ કરવાની જરૂર છે કે એ પશુ જે બિનફળાઉ થયું છે. આપ કાયદો કડક કરીને કઈ પરિસ્થિતિ નિર્માણ કરશો એ ક્યારેય આપણે વિચાર્યુ છે ખરું? સાહેબ, મારા મતવિસ્તારમાં અમુક મિત્રો ગાયોની અને પશુઓની ચિંતા કરી કોઈપણ અપેક્ષા વગર એની સારવારો આપે છે. મેં એની અનેકવાર મુલાકાતો મારી ફરજના ભાગરૂપે લીધી છે. એમની પણ એ ચિંતા છે, પરિસ્થિતિ આપણે જે પેલા એમના મોંઢામાંથી એના મોંઢા ભરવાની જગ્યા જ લઈ લીધી છે એટલે એ પશુ આ હેરાફેરી મુક્ત કર્યા પછી આપ કેમ બહાર નથી નીકળતા કે મારી સરકાર એવી પાંજરાપોળો ઊભી કરશે કે જ્યાં આવીને આપ પશુ મૂકી જાવ પશુની ચિંતા મારી સરકાર કરશે અને હું challenge મારીને કહું છું કે આ ગુજરાતનો એક પણ માણસ પશુ વેચશે નહિ.એક પણ માણસ પશુ વેચશે નહીં. એને વેચીને એના હજાર, બે હજાર રૂપિયા લેવામાં રસ નથી સાહેબ. એ એની નજર સામે ભૂખ્યું- તરફડતું પ્રાણી જોઈ શકતો નથી અને એટલે જેને વેચે છે એ લઈ જનારો માણસ શું કરે છે એની ચિંતા જાણવા છતાં આંખ બંધ કરીને મજબૂરીમાંથી એ માણસ કરે છે કે, હું મારા આંગણે તરફડી તરફડીને પ્રાણી ભૂખ્યું ભાંભરડા નાખતું હોય અને મૃત્યું પામે એ હું જોઈ શકતો નથી, માટે હું વેચું છું. શું એને એ હજાર, બે હજાર રૂપિયા જોઈએ છે ? નથી જોઈતા એને હજાર, બે હજાર રૂપિયા. આપ પાંજરાપોળ શું કામ નથી કહેતા ? આપણે મોટા હોસ્ટેલના બોર્ડ મારીએ છીએ, લાવો કરીએ કે મારી સરકાર દરેક તાલુકા મથક ઉપર એક એવો ઢોરવાડો કરશે. જ્યાં કોઈકને ન પોષાય તે પશુ મૂકી જશે, અને એ પશુની અમે કાળજી લઈશું. હું આપને ચેલેન્જ મારીને કહું છું કે, કાયદાની ક્યાંય જરૂર નથી. આખા ગુજરાતમાં એક પણ પશુ, એક પણ પશુ મને ગુજરાતી તરીકેનો ગર્વ છે, ચાહે હિન્દુ ધર્મ તો નહીં પણ બીજા ધર્મોમાં પણ પશુ પાલકો છે એમાંથી પણ કોઈ માણસ એને વેચવા નહીં જાય. એ આપના પાંજરાપોળમાં મૂકવા આવશે, એ આપના ઢોરવાડામાં મૂકવા આવશે કે જેનું મે દૂધ ખાધુ હતું એને કતલખાને હું નહીં લઈ જાઉં. આ રાજયમાં કાયદો હતો સાહેબ બહુ સમજણપૂર્વકનો કાયદો હતો કે જે ગૌચરની જમીન હોય ને એ ગૌચરની જમીન કોઈને ના આપી શકાય. આપ કહો છો ને એ સમયે, ભૂતકાળમાં બનાવેલી સરકારમાં આ કાયદો હતો કે ગૌચરની જમીન કદાચ વધારે હોય, ધારો કે વધારે છે, ગામમાં ઢોરોની સંખ્યા કરતાં ગૌચર વધારે છે અને કોઈ ઉદ્યોગપતિને ઉદ્યોગ માટે ત્યાં ગૌચરમાં જમીન જોઈએ છે. સરકાર ઈચ્છે છે કે, આ જમીન આપો, પણ સરકાર આપી શકતી નહીં. પહેલાં ગ્રામ પંચાયતનો ઠરાવ લેવો પડતો હતો કે ગ્રામ પંચાયત ઠરાવ કરે, ગ્રામ પંચાયત ઠરાવ આપે તો જ ગૌચરમાંથી એક ઇંચ પણ જગ્યા ઉદ્યોગપતિને આપી શકાય. અને મારે સાહેબ ગર્વ સાથે કહેવું છે કે, ઉચ્ચસ્થાન પર બેઠેલો માણસ એની નીતિમત્તા આમતેમ થઈ શકે પરંતુ આજે પણ ગામડામાં પેલો પ્રજાનો પ્રતિનિધિ ગ્રામ પંચાયતમાં બેઠો છે એ નીતિમત્તામાં આપણા કરતાં અનેકગણો ઉપર છે. સાહેબ એ આજે પણ માને છે કે, ઢોરના મોઢાનું, ગાયના મોઢાનું તણખલું ગમે તે કિંમત આવે મને ના ખપે, આ માન્યતાવાળા લોકો છે. અને એટલે જ્યારે પેલો ઉદ્યોગપતિ જે બધે જ મેનેજ કરી શકે છે, જે બીજા બધાનું આર્થિક વ્યવસ્થાથી સમું કરાવી શકે છે એ ગામડામાં પૈસાના થેલા લઈને જાયને, ગામડામાં પૈસાના થેલા લઈને જાય છે ત્યારે પેલો ગામડાનો સરપંચ વેચાતો નથી. અહીંયા વેચાઈ શકે છે ત્યાં પેલો વેચાતો નથી. અને એ માણસ કહે છે કે, નહીં ગૌચર માટેનો ઠરાવ હું નહીં કરું. કારણ કે, મારા ગૌ-ધન માટે ગૌચરની જગ્યા છે. એ ઠરાવો નહતા થતા. (અંતરાય) વાચ સાચી છે રાજેન્દ્રભાઈ, આપણે તો કોશિશ કરીએ, કોઈને ઊતરે-નહીં ઊતરે, સાંભળે નહીં સાંભળે, રહે જાય એ એમનો વિષય છે. હું એ કહેવા માગતો હતો કે, એ વ્યવસ્થાને આપણે બદલાવવાની મહેસૂલ વિભાગને કેમ આવશ્યકતા ઊભી થઈ ? (અંતરાય) એટલે માનનીય અધ્યક્ષશ્રી, હું કહેવા માગતો હતો કે, પેલો ગ્રામ પંચાયતનો ઠરાવ ગૌચરની જમીન આપતા પહેલાં જરૂરી હતો એને મહેસૂલ વિભાગને શા માટે બદલાવ્યો એનો જવાબ તો મને આપે કોઈ ?શું આપના માનીતાઓને ગૌચર પધરાવવાનું હતું એમાં પેલો નિતિમત્તાવાળો ગ્રામ પંચાયતનો સભ્ય કે સરપંચ આપને નડતો હતો? એ ભાગ માંગે પણ એ વેચાતો નહોતો, પૈસા લઈને પણ એ વેચાતો નહોતો નહીંતર તો આપને વાંધો નહોતો કારણકે એમાં પૈસા પણ એને આપી શકો પણ પૈસાથી પણ નહીં વેચાનારો આ ગુજરાતનો ગ્રામ પંચાયતનો સભ્ય અને ગ્રામ પંચાયતના સરપંચને આપણે સલામ કરવી જોઈએ કે ઉપરવાળો ગમે તેટલો વેચાય, હું વેચાતો નથી એવી ભાવના હતી અને પરિણામે પરિસ્થિતિ શું થઈ? પરિસ્થિતિ એ થઈ કે આપ ગાયો માટેના ગૌચરો આપી શકતા નહોતા અને એટલે આપે આખો એક ઠરાવ બદલી કાઢયો કે હવે ગ્રામ પંચાયતની જરૂર જ નહીં રાજય સરકાર ગૌચરની જમીન પધરાવી દેશે તમને પુછવા આવવાની જરૂર નથી અમે ડાયરેકટ આપીશું. પ્રશ્નો અમે પુછયા છે તારાંકિત અને અતારાંકિત બંને અને થોડીઘણી નહીં, અનેકગણી જમીનો ગૌચરની ઉદ્યોગપતિઓને આપી છે એ વિધાનસભાના ફલક પરના આંકડા બોલે છે. ગુજરાત બહારના હોય કે ગુજરાતના હોય, ગાયનું જાય કે પ્રજાનું જાય મારું તરભાણું ભરે એવી નીતિ વગર આવું ન થઈ શકે અને એટલા માટે હું કહેવા માગું છું કે આપણે ખરા અર્થમાં જો ચિંતિત હોઈએ, ગૌવંશની હત્યા અટકાવવા માટેની જો આપણી ખરા દિલની ભાવના હોય તો હું આપને કહું છું એકાદો કૃષિ મહોત્સવ નહીં કરો તો ચાલશે, એકાદી નવરાત્રીમાં બહારથી બોલાવીને નાચ નહીં કરાવો તો ચાલશે, એકાદી વખત રણમાં કલર કલર રંગબેરંગી નહીં કરીએ તો ચાલશે, એકાદ મહેફીલ નહીં કરીએ તો ચાલશે પણ એ પૈસા બચાવીને પાંજરાપોળોને પૈસા આપો, એમને સબસીડી આપો. ગુજરાતમાં ગૌવંશ હત્યા નહીં થાય. હું તો બંને પક્ષના મિત્રોને કહું છું કે આમાં આપણે રાજકારણથી પર ન ઉઠી શકીએ? કેમ આપણે એમ ન કહી શકીએ કે આટલા મોટા કરોડો રૂપિયાનું બજેટ

લાવનારી ગુજરાતની સરકાર, સરકારી ખરાબાઓ કે પડતર જો ગાયના મોઢાને યોગ્ય હશે, ત્યાંથી ઘાસ ખવાઈ શકતું હશે જો થોડુંઘણું પણ ત્યાંથી પ્રાપ્ત કરી શકતી હશે તો અમે અમારા ઉદ્યોગપતિઓના પ્રેમને નેવે મુકીશું અમે ગૌમાતાના પ્રેમને ઉપર રાખીશું અને આપણે એ જમીન નહીં આપીએ. શું આપણે એ નકકી ન કરી શકીએ કે કરોડો રૂપિયા જયારે બજેટમાં આપણે મંજુર કરીએ છીએ ત્યારે ચાલો જે પાંજરાપોળ ઢોર રાખશે. સાહેબ, આવો મારા જિલ્લામાં સમઢીયાળાની પાંજરાપોળ, બોટાદની પાંજરાપોળ અનેક પશુઓને સાચવે છે પણ એમની આંખમાં હું આંસુ જોઉં છું જયારે એ કહે છે કે સાહેબ અત્યાર સુધીની સરકારો અમને જે વીરીઓમાં, અમને જે ડુંગરાઓમાં અમારા ઢોરના ઘાસ માટે ચરવા માટે આપતા હતા, પ્રવર્તમાન સરકારે અમારી પ્રવેશબંધી ત્યાં કરી છે અને એ વાતનો એમનો જયારે આપણે રંજ જોઈએ છીએ શું ત્યારે આપણને ચિંતા ન થાય? આપણી ગૌવંશ માટેની ચિંતા ત્યાં પેદા થવી જોઈએ કે ના, નહીં થવા દઉં કયારેય આપણે જોઈએ છીએ ખરા કે એક જેને ગામડાંમાં રેઢીયાળ ઢોર કહે છે માણસ કયારે એને છુટું મુકી દે છે? એને દોરીને મુકી આવે છે એને મૂકવા જનાર વ્યકિત ગમે તે વર્ગની હશે એનું હૃદય રોતું હોય છે.

## ÍÛ½ÛÛ¸ÛÜ©ÛËÛà, ¾ÛÐéü¶®ù ¾ÛÉÛÄõ …µýÛ“ÛÍ¬ÛÛ¶Ûé

એ મજબુર છે એને મૂકવા માટે અને ગામડાંમાં એ રખડતા ઢોર ઉકરડામાં પેલી પડેલી પ્લાસ્ટીકની કોથળી ખાય અને ખવાયેલી પ્લાસ્ટીકની કોથળી એની હોજરીમાં એ ફસાઈ જાય એ એ તરફડી તરફડીને મરતા જયારે જુએ છે ત્યારે આ રાજયના નાગરિક એમ માને છે કે હું મારા આંગણે મારી નજર સામે તડપી તડપીને મરતા ઢોર જોઉં છું એની કરતાં આંખ બંધ કરીને વેચું તો કદાચ કસાઈને ત્યાં જશે તો એક જાટકે તો મરશે. હું આ દુ:ખી થયેલું તો ન જોઉં. કે શા માટે વેચે છે અને શું કાયદાથી, શું કાયદાથી જ માત્ર આપણે આ રોકવાનો પ્રયત્ન કરીએ, પણ એ કસાઈવાડાની જગ્યાએ જતા ઢોરો રોકીને આપણે બજારમાં એને રઝડતું રઝડતું મરવા માટે મજબૂર કરીએ છીએ. એનો આપણે વિચાર નહિ કરવાનો? આપણે એની ચિંતા નહિ કરવાની? આપણે એના માટેની વ્યવસ્થા નહિ વિચારવાની? અને એટલા માટે હું માનનીય મંત્રીશ્રીને અને સરકારને વિનંતી કરું છું કે આવો સાથે મળીને વિચારણા કરીએ. આ ગૃહના બંને પક્ષના સભ્યશ્રીઓની એક કમિટી બનાવો. એ સભ્યોની કમિટી આપને સૂચનો આપશે અને મને શ્રદ્ધા છે કે આ પક્ષનો સભ્ય કે આ પક્ષનો સભ્ય કમિટીમાં હશે, પણ કયાંય રાજકારણ નહિ આવે. ગૌવંશ હત્યા અટકાવવા માટેની ચિંતા અને એ સાચા દિલની ચિંતા હોવી જોઈએ. દેખાવ માટે ઘણુ ચાલે છે. જીવદયાના નામે કામ કરનારા સાચા લોકો પણ છે. એ જ જીવદયાના નામે કસાઈ પાસેથી કે પોલીસ પાસેથી વ્યવસ્થા કરીને હપ્તા ઉઘરાવનારા લોકો પણ છે અને એનો ભેદ આપણે સમજવો પડશે. વાત તો બંને જીવદયાની જ કરે છે, પણ એકની જીવદયા એના હપ્તા આવી જાય એટલે કસાઈ સુધી જવા દેવાનો અને હપ્તા ન આવે તો પકડીને પોલીસ સ્ટેશન સુધી લઈ જવાના. જીવ દયાના માણસ નથી. જીવદયાનો માણસ એ છે કે પૈસા આપીને કસાઈના ઘરેથી એ જનાવરને લઈ આવે છે અને પોતાના ખર્ચે લીલું ખવડાવીને પાંજરાપોળમાં રાખે છે. એ મારો જૈન ભાઈ હશે એ મારા સમાજનો ભાઈ હશે એ મારા સમાજનો શ્રેષ્ઠી હશે. એ સાચો જીવદયાનો માણસ છે. જેને કોઈ પબ્લિસિટી નથી જોઈતી. જ્યારે કોઈ એસ.એમ.એસ. માં પડતો નથી. છાપાની પ્રસિદ્ધિમાં પડતો નથી કે મેં આટલા ઢોરો બચાવ્યા. મેં આ કર્યુ. ના, મુક્તમને મૂંગા પશુઓની સેવા કરે છે. આપણે પણ માલધારીઓ ભાઈઓનો આક્રોશ ઊભો થયો છે. એ માલધારી ભાઈઓનો આક્રોશ હવે આપણે કરીએ કે કાયદો કડક કરીને ૭ વર્ષની સજા અને વાહન જપ્ત થઈ જશે. આમ થઈ જશે. તેમ થઈ જશે, પણ એ એનાથી શમશે ખરું. આપણે માલધારી ભાઈઓની વ્યથા સમજવાનો પ્રયત્ન કરવો પડશે. એ માલધારીભાઈને આંતરિક તોડવાની વાત નહિ કરવી પડે. એના અંતરાત્મા સુધી પહોંચવાનો પ્રયત્ન આપણે કરવો પડશે. એ કોઈ ભૂવા હશે, એ કોઈ સાધુ સંત હશે કે ઠાકર દ્વારા બેઠેલ વ્યકિત હશે. એની સાચી ચિંતાને સમજ્યા વગર થીગડાઓ મારવાથી પરિણામ નહિ આવે. આપણે જો સમજવું હોય તો આપીએ એને જમીનો. ઉદ્યોગપતિઓને જે રીતે જમીન આપીએ છીએ. આપો માલધારી ભાઈઓને જમીન કે તમને આટલી જમીન આપીએ છીએ. આ જમીનને નવસાધ્ય કરો. ઘાસ ઉગાડો અને પશુધનને કસાઈવાડે જતું અટકાવો. તમારા કોઈ કાયદાની જરૂર નથી. આ રાજ્યના માલધારી ભાઈઓ એકએક પશુને બચાવી શકે તેટલી ક્ષમતા ધરાવે છે. એની જમીન આપણે ખાઈ જઈએ. છે એ લઈ લઈએ અને નવું આપીએ નહિ. એ માલધારી ભાઈ કયા જવાનો? એટલા માટે કહેવા માગું છું કે આ વ્યવસ્થા આપે જે વિચારી છે. મને વાંધો નથી. એમ લાગતું હોય કે આનાથી ગૌ હત્યા અટકવાની છે એમ આપનું મન માનતું હોય તો આ બિલનો અમે વિરોધ નથી કરવાના. આ બિલને સમર્થન આપવામાં અમને વાંધો નથી. કારણ કે અમારી અંદર પણ અને મારે કહેવું જોઈએ કે આપણે ઘણી વખત રાજનીતિ કરતા હોઈએ છીએ. પક્ષની આંતરિક બાબત છે તો પણ કહેવું જોઈએ. મારે ત્યાં માઈનોરિટીના ચૂંટાયેલા ધારાસભ્ય શ્રીઓ છે, તેમણે આવીને કહ્યું છે કે આ બિલને સંપૂર્ણ ટેકો આપીને આ બાબતમાં અમારો પણ તમને સાથ છે. એમણે પણ કહ્યું, પણ સાથે સાથે મને અનેક જાગૃત માલધારીઓ, અનેક જાગૃત ખેડૂતોએ પણ કહ્યું. કે સાહેબ આ શું કરવા બેઠા છો તમે? જોડો જયાં ડંખતો હોય તેનો ઉકેલ કરવો જોઈએ પણ પગ આખો કાપી નાંખવનો ન હોય, આ તો તમે પગ આખો કાપવા નીકળ્યા છો તેના વિચાર તો કરજો. અમે કહયું સાહેબ અમે નાના ગામડામાં રહીએ છીએ. અમારા માલઢોરને લઈ જવા માટે, માંદુ

પડેલું ઢોર હશે, સારુ વરસ, ખરાબ વરસના સમયે સૌરાષ્ટ્રમાંથી અમે અમારા ઢોર ભરીને દક્ષિણ ગુજરાતમાં જઈએ છીએ. બે-પાંચ ઢોર ફેરવવાના હોય તો પરમીટ લેવા માટે કયાં જવું? અહીં તો અમે અંગૂઠાછાપ છીએ અમને ખબર ન હોય, અમારે અરજી કયાં કરવી અને તંત્ર આના અમારા કેટલા પૈસા પડાવશે તેનો જરાક તમે વિચાર કર્યો છે ખરો? તમે એનો વિચાર કર્યો છે ખરો કે કોઈપણ વાહનવાળો તેના વાહનમાં અમારું માંદુ ઢોર સારવાર માટે લઈ જવું હશે તે સાબીત અમારે કરવાનું કે તેને કસાઈવાડે નહોતા લઈ જતા. નિયમોથી અજાણ તે વ્યકિતની મુશ્કેલીનો પણ આપણે વિચાર કરવો પડશે. આપે તો કહી દીધું પરમીટ આપવાના છે ત્યાં અને એક સમયે આજે સત્તામાં બેઠેલી પાર્ટી વિરોધપક્ષમાં બેઠી હતી ત્યારે ઈન્સપેકટરરાજ અને પરમીટરાજ તે લૂંટવા માટેનું છે. પરમીટો અને ઈન્સપેકટરરાજ નાબૂદ કરવા જોઈએ. આપણે તો રોજબરોજ પરમીટો અને ઈન્સપેકટરો વધારતા જઈએ છીએ. દારૂની તો હવે સામૂહિક પરમીટો આપવાની થઈ ગઈ. તેને નામશેષ કરી દીધી છે. ત્યારે તે સંજોગોમાં ખૂબ જ ગંભીરતાથી માનનીય મંત્રીશ્રી કેટલીક મુશ્કેલી છે અને તે પણ ખેડૂત વર્ગમાંથી આવે છે, સૌરાષ્ટ્ર વર્ગમાંથી આવે છે, મેં પોલીટીકલ નહીં પણ બીલની લાગણી ઉપર વાત કરી છે અને તે સંદર્ભમાં આપ મુલવવાનો પ્રયત્ન કરજો કે શા માટે ગૌવંશના પાલકો છે તે કયારે અને કયા સંજોગોમાં વેચવા નીકળે છે? આપે જોયું હશે ભૂતકાળના સમયે કેટલી વીડીઓ, કેટલી વ્યવસ્થાઓ, કેટલી પાંજળાપોળો અને પાંજળાપોળોને ભૂતકાળની સરકારે સબસીડી કે રૂપિયા તો ઠીક પણ ડુંગરાઓ અને વીડીઓની સામૂહિક જગ્યાઓ આપી હતી. આપ નવી જગ્યાઓ ન આપી શકીએ. અમારા બાબુભાઈ જેવા મિત્રો તમને જીવદયા પ્રેમીઓના લોકો શોધીને આપશે. સરકાર સબસીડી અને થોડુંઘણું કરે બાકીનું તે ઉભું કરી આપશે પરંતુ ગુજરાતનું એકપણ બિનફળાઉ જનાવર છે તે કોઈ વેચવા નહીં જાય પણ ગુજરાતની પાંજળાપોળમાં મૂકવા જશે. એ દિશામાં વિચારીએ એ જ શબ્દો સાથે હું આ બિલ પર મારા વિચારો રજૂ કરીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિમંત્રીશ્રી જે સુધારા વિધેયક લઈને આવ્યા છે તેના સમર્થનની અંદર હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગાયને માત્ર મનુષ્યો એ જ નહીં પણ દેવતાઓએ પણ માતા કહી છે. ગૌ માતા સર્વ દેવાન, પંચ યજ્ઞસ્ય કારણમ, ત્વમ તીર્થ સર્વ તીર્થાન, નમસ્તે તુ સદાનાથ. હે માતા તમે સર્વ દેવતાઓની માતા છો, યજ્ઞની અધારભૂતા તમને વારંવાર નમસ્કાર.

માનનીય અધ્યક્ષશ્રી, સૃષ્ટિનું જે પ્રમાણેનું ચક્ર બનેલું છે આપણે દુનિયાની રીતે ભારતની કલ્પના કરીએ તો તે ન થઈ શકે. આ હિન્દુસ્તાનની અંદર ૩૯ હજાર કરતાં વધારે પેડ અને પોધા છે. ૮૫ હજારથી પણ વધુ જાતના પશુ અને પંખીઓ છે અને તે પણ દુનિયાની માત્ર બે ટકા જમીન ઉપર દુનિયાના ૧૬ ટકા કરતાં વધારે જીવજંતુઓ હિન્દુસ્તાનની ધરતી ઉપર છે. ગાયનું ગૌમુત્ર અને ગાયનું છાણ ધરતી ઉપર પડે છે તેના પોષણથી પેડ પોધા ઉત્પન્ન થાય, ગાયનું દૂધ મનુષ્ય જાતિ માટે અને પોતાના વાછરડા માટે અમૃત છે. એટલે ગૌ માતા, જન્મ આપવાવાળી માતા અને ધરતીમાતા આ ત્રણેનું ચક્ર જેના કારણે ભારતવર્ષ દુનિયાની અંદર પૂજનીય બન્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અંગ્રેજો આવ્યા એ વખતે આ દેશની અંદર ૮૦ કરોડ કરતાં વધારે સંખ્યામાં ગાયો હતી અને તેમના શાસનમાં છેલ્લા સમયમાં છેલ્લા ૮૦ વર્ષમાં જે તેમણે કત્લેઆમ ચલાવી તેના કારણે અંગ્રેજો ગયા ત્યારે ગાયોની સંખ્યા માત્ર ૩૫ કરોડ રહી હતી. પેલી ત્રીસ કરોડની જન સંખ્યા સાથે ૮૦ કરોડની સંખ્યા ગાયોની હતી એટલે એક વ્યકિતદીઠ ચાર ગાયોની સંખ્યા હતી. અંગ્રેજો ગયા ત્યારે વીસ કરોડની જન સંખ્યા આ દેશની અને ૩૫ કરોડ આજુબાજુની સંખ્યા ગાયોની રહી સંખ્યા એ પછી પણ દેશમાં ઘટવા લાગી, એનું કારણ શું? મહાત્મા ગાંધીજીનું સ્વપ્ન હતું કે દેશ આઝાદ થશે તો પહેલો કાયદો એ લાવીશું કે આ દેશની ધરતી ઉપર ગાયની કતલ નહીં થાય, આ મહાત્મા ગાંધીજીનું સ્વપ્ન હતું પરંતુ આ સ્વપ્ન પૂરું ન થયું. ગાંધીજીના વિચારોવાળી અમારી સરકાર છે એવું કહેવાવાળા લોકોએ દેશમાં ચાલીસ વર્ષ સુધી શાસન કર્યુ, પરંતુ દેશની અંદર ગૌવંશ પ્રતિબંધ માટેનો કાયદો લાવવો જોઈએ એ ન લાવ્યા. ગાય માતાને રાષ્ટ્રિય પ્રાણી જાહેર કરવાનો વિષય હતો, આ દેશની અંદર એ ન થયું, અને અત્યારે વાત ડાયરેકટલી મતબેંકની રાજનીતિ માટે કોઈને રાજી શકાય કે કોઈ નારાજ થઈ જશે તેના કારણે મૂળ વાત સુધી મૂળ સમસ્યા સુધી ન પહોંચવાની જગ્યાએ ઈનડાયરેકટલી શબ્દોનો શણગાર સજીને માત્ર ગોચર, ગોચર ઘટી ગયા અને ઘટી ગયેલા ગોચરને કારણે ગાયો અત્યારે કતલખાને જાય છે એ માટેનું વાતાવરણ ઊભું કરવા માટેનો માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જ્યારે પ્રયત્ન કર્યો છે ત્યારે હું કેટલાક પુરાવા સાથેની વિગતો માનનીય અધ્યક્ષશ્રી, આપની પાસે મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારો મતવિસ્તાર છે એ રાજસ્થાન અને પાકિસ્તાનની બૉર્ડર ઉપર છે કોઈ અઠવાડિયું કે કોઈ મહિનો એવો નથી થતો કે રાજસ્થાનમાંથી ટ્રકો ભરીભરીને ગાયોની અહીંયાં આગળ હેરાફેરી ન કરતા હોય અને પકડાતી ન હોય, રાજસ્થાનની અંદર કેટલું ગોચર છે? ત્યાં કેટલી પડતર જમીન છે ? ત્યાંથી શું કામ ગાયોને કતલખાને મૂકવા માટે લોકોને મજબૂર બનવું પડે છે ? કારણ શું છે? અને આટલા મોટા પ્રમાણની અંદર રાજસ્થાનમાંથી પશુધન રોજેરોજ ત્યાંથી આવતું હોય ત્યા કતલ થઈને અને ત્યાંનું માંસ, અને તેની હેરાફેરી થતી હોય અને એ ગુજરાત સરકાર પકડે, માનનીય અધ્યક્ષશ્રી, ત્યાંથી રાજસ્થાનમાંથી લઈને જતા પશુઓને અહીંથી લઈને નીકળતા હોય તેને ગુજરાત સરકાર પકડે અને આ સ્થિતિની અંદર મૂલ્યાંકન કરવા જેવો વિષય આ છે કે

રાજસ્થાનની અંદર આ બધા ગોચરો આપી દીધા કોને, ત્યાંની કોંગ્રેસની સરકારે, જેના કારણે પશુઓ ત્યાંથી જવા માંડયા? માનનીય અધ્યક્ષશ્રી, આ પકડાય છે એમાં કેટલા ટકા ગુજરાતના છે? કેટલા ટકા ગુજરાતની બહારથી લાવેલા પશુઓ છે? આ જોવા જેવું છે. મહાત્મા ગાંધીજીએ સ્વપ્ન એ જોયું હતું કે દેશમાં ગાયનું લોહી ધરતી ઉપર નહીં પડે એના માટે અમે કડકમાં કડક કાયદો લાવીશું, પણ દુર્ભાગ્ય દેશનું એ છે કે આ દેશની અંદર આ દેવી સંસ્કૃતિ કહેવાય તેવી ધરોહર એવું રાષ્ટ્ર એની અંદર દૂધના નિકાસ ઉપર સબસિડી મળતી નથી, પરંતુ માંસની નિકાસ ઉપર સબસિડી આ દેશની અંદર મળતી હોય ત્યારે મહાત્મા ગાંધીજીનો આત્મા જયાં હશે ત્યાં સ્વર્ગની અંદરથી પણ એ કકળી ઊઠ્યો હશે કે શું મેં આવા લોકોના હાથમાં ચાલીસ વર્ષ સુધી શાસન સોંપ્યું કે દેશની અંદર માંસની નિકાસ ઉપર સબસિડી આપે, માનનીય અધ્યક્ષશ્રી, એ આંકડા પણ હું આપવા માગું છું કે આ ગુજરાતની અંદર છેલ્લા કેટલાક વર્ષોની અંદર જે પ્રમાણે આ સરકારે કામ કર્યુ છે ગૌસંવર્ધનની બાબતમાં કામ કર્યુ હોય, પશુઓનો વિકાસ થાય, પશુઓની બિમારીઓ દૂર કરવા માટે અને પશુઓનું સંવર્ધન થાય એ માટે જે પ્રયત્નો કર્યા છે એના કારણે ૨૦૦૧ની અંદર આ ગુજરાતમાં દૂધનું ઉત્પાદન ૫૩.૧૭ લાખ મેટ્રિકટન હતું, માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૯-૧૦ના ગાળાની અંદર આ દૂધનું ઉત્પાદન ૮૮.૪૩ લાખ મેટ્રિકટન થયું છે.

**૨૭.૯.૨૦૧૧ykm/૧૧.૧૫Zઆ બન્ને ટર્ન બાકી છે.**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી: માનનીય શંકરભાઈ,**

**(અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)**

**અધ્યક્ષશ્રી** : માનનીય શંકરભાઈ,

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી,

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે..

**અધ્યક્ષશ્રી** : માનનીય શંકરભાઈનું પ્રવચન ચાલે છે, નહિ પણ શંકરભાઈનું પ્રવચન પૂરું નથી થયું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે નિયમ-૩૨ હેઠળ આપનું ધ્યાન દોરવું છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ એમનું પ્રવચન અધૂરું છું, ચાલુ છે, નહિ નહિ મારી વાત સાંભળો, એક મિનિટ પ્લીઝ,

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં આપને નોટિસ આપી છે.

**અધ્યક્ષશ્રી** : આપની નોટિસ મેં નામંજૂર કરી છે એટલે અહીંયા પ્રશ્ન ઉપસ્થિત કરવાનો રહેતો નથી. નહિ નહિ પ્લીઝ, (અંતરાય) કોઈ પ્રશ્ન ઉભો થતો નથી પ્લીઝ, જ્યારે આપની નોટિસ જ મેં મંજૂર નથી કરી આપ પ્રશ્ન ઉભો ના કરી શકો પ્લીઝ, અર્જુનભાઈ પ્લીઝ, નહિ નહિ, આપ અનુભવી સભ્ય છો, આપ વિધાનસભાના નિયમોથી પરિચિત છો, આપને મેં જવાબ મોકલી આપ્યો છે પ્લીઝ,

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપનો જવાબ મને મળ્યો નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય શંકરભાઈ આપ આપનું પ્રવચન ચાલુ કરો.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં ૧૯૮૮માં ગાયોની સંખ્યા ૬૨.૪૦ ટકા હતી, ૧૯૯૭માં ૬૭.૪૮ ટકા થઈ અને ૨૦૦૭માં ૭૯.૭૫ ટકા ગાયોની સંખ્યા ગુજરાત રાજ્યમાં થઈ. અત્યારે હાલ ચર્ચા જે ચાલી રહી છે તેની અંદર હું એ વાત આ સભાગૃહના ધ્યાન પર મૂકવા માગું છું કે, ગુજરાત રાજય ગાયો પ્રત્યે પહેલેથી જ સંવેદનશીલ રહ્યું છે, ગુજરાતનું જનજીવન એની સાથે જોડાયેલું રહ્યું છે. આ ગુજરાતમાં ફાઈવસ્ટાર હોટલોમાં નાના વાછરડાની કતલ કરીને એનું મીટ પીરસવામાં નથી આવતું. હું આજે પણ કહી શકું કે આ દેશના કેટલાય રાજ્યોની અંદર આ સ્થિતિ અત્યારે ચાલી રહી છે ત્યાં કોની સરકાર છે. જરા શરમથી માથું ઝુકી જાય એવી સ્થિતિ આપણા દેશની અંદર રહી છે. મારે એ વાત પણ ધ્યાન પર મૂકવી જોઈએ કે, આ વખતે પર્યુષણ પર્વમાં માત્ર ગૌવંશ જ નહિ પરંતુ મચ્છી, મટન કે કોઈપણ પ્રકારના માંસનું વેચાણ ન થાય કતલ ન થાય એ પ્રમાણેનો નિર્ણય આ ગુજરાતની સરકારે કર્યો છે અને એ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ કર્યો છે. ગુજરાત રાજયમાં ૧૯૯૪ના જાહેરનામાને હાઈકોર્ટે રદ કરેલ અને એ વખતે બધાને લાગતું હતું કે, હવે આ ગાયોની સલામતી અહીંયા નહિ રહી શકેને તે વખતે ઈનીશીએટીવ લઈને આ રાજયના જીવદયાપ્રેમી મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ સુપ્રીમ કોર્ટમાં આ વિષયને પડકાર્યો, અને ત્યાં સુપ્રીમ કોર્ટના સાત જજોની બનેલી બેચે તારીખ ૨૬-૧૦-૨૦૦૫ના રોજ એક ઐતિહાસિક ચૂકાદો આપ્યો જેના કારણે આ રાજ્યની અંદર પશુઓની કતલ થતી બચવામાં એક પાયાનો કહેવાય એવો આયામ જોડાયો. રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તારીખ ૧૦-૧૧-૨૦૦૫ના રોજ ભારતના પ્રધાનમંત્રી ડો. મનમોહનસિંઘજીને પત્ર લખીને જણાવ્યું કે સુપ્રીમ કોર્ટના આ ચૂકાદાના આધારે આખા હિંદુસ્તાનમાં આ બાબતની સ્વીકૃતિ કરવામાં આવે અને તે રીતે તે માટે એક મુખ્યમંત્રીશ્રીએ દેશના વડાપ્રધાનને દેશની અંદર, માત્ર ગુજરાત જ નહિ પરંતુ દેશના કોઈપણ ખૂણા ઉપર..

## અધ્યક્ષશ્રીની જાહેરાત
## વિરામ સમયમાં પુષ્પાંજલિ અંગે

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની છે. તમામ માનનીય સભ્યશ્રીઓને જણાવવાનું કે સ્વર્ગસ્થશ્રી વિઠ્ઠલભાઈ પટેલના પુષ્પાંજલિ કાર્યક્રમમાં હાજરી આપવા સૌને વિનંતી છે. સૌ પ્રથમ સચિવાલય કોમ્પ્લેક્ષમાં આવેલ સ્વર્ગસ્થશ્રી વિઠ્ઠલભાઈની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પવામાં આવશે. ત્યાર બાદ વિધાનસભા પોડિયમમાં આવેલ તેમના તૈલચિત્રને આપણે સૌ પુષ્પાંજલિ અર્પણ કરીશું. આ કાર્યક્રમમાં સૌ સભ્યશ્રીઓએ હાજરી આપવા વિનંતી છે.
વિરામનો સમય થયો છે સભાગૃહ ૧૧-૧૫ કલાકે મળશે. આપનું પ્રવચન ચાલુ રહે છે.

### વિરામ ૧૦-૩૧ થી ૧૧-૧૫ સુધી

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી:** ગાયનું લોહી આ ધરતી ઉપર ના પડે તે માટે પોતે જાગરૂકતા દાખવી અને ઈનિશીયેટીવ લીધું. અમે વૈચારિક રીતે પણ ગાયને બચાવવા, ગાયનું સંવર્ધન કરવા માટે અમારી વિચારધારાની અંદર રહેલું છે. પાર્ટીની વિચારધારા તરીકે અમે જોઈએ તો ભારતીય જનતા પાર્ટીએ ગૌવંશની હત્યા થતી હોય તેની સામે જે જે આંદોલનો થયા તેની અંદર સામે ચાલીને પોતે નેતૃત્વ લીધું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે યાદ કરવી છે ૧૯૬૭ની ઘટનાઓ. પરમ પૂજ્ય ગુરુજી અને શંકરાચાર્યજી તેમણે દેશની અંદર ગાયની હત્યા ના થાય, ગૌવંશ પ્રતિબંધ માટેનો કાયદો બને તે માટે ગાયને રાષ્ટ્રીય પ્રાણી ઘ ાોષિત કરવા માટે સંસદ ઉપર લાખોની સંખ્યામાં સાધુ સંતો દિલ્હીની ગયા. અને ત્યારે ગાયને બચાવવાના કાયદો બનાવવાની જરૂર હતી પરંતુ ત્યારે કાયદો બનાવવાનો વિચાર તો બાજુ ઉપર રહ્યો સાધુ સંતો ઉપર ગોળીબાર કર્યો હતો અને કેટલાકની ધરપકડ કરી હતી અને મોટા પ્રમાણની અંદર ઈજા થઈ હતી. આ ઇતિહાસ રહેલો છે, ઇતિહાસ સાક્ષી છે. દેવનારનું કતલખાનું કયા રાજયની અંદર છે ? કોની સરકાર છે ત્યાં ? રોજની ત્રીસ હજાર જેટલી ગાયોની કતલ એવરી ડે થઈ રહી છે. કોણે આપી આની મંજૂરી ? સ્વતંત્ર ભારતની અંદર આ ગાયોની હત્યા કરવા માટેની પરવાનગી કઈ સરકારે આપી ? માનનીય અધ્યક્ષશ્રી, મારે એ પણ વાત આ સભાગૃહના ધ્યાન ઉપર મૂકવી છે કે, આ કતલખાનાને આધુનિક બનાવવા માટે સબસીડી આપવાનું કામ કઈ સરકારે કર્યુ ? શેના માટે ? આ ભારત વર્ષની અંદર ગાય શા માટે કપાય ? ગાયને અમે માતા માનીએ છીએ પછી તે હિંદુ હોય, મુસલમાન હોય, શીખ હોય, પારસી હોય કોઈ પણ હોય દરેકની શ્રદ્ધા ગાય સાથે જોડાયેલી છે તે છતાં પણ ગાયની કતલ આ દેશની અંદર થાય. આજે દેશમાં એક દિશા આપવા માટેનું કામ જ્યારે રાજયની નરેન્દ્રભાઈ મોદીની સરકાર હિન્દુસ્તાનની અંદર કરી રહી હોય ત્યારે વિરોધપક્ષના નેતાશ્રીએ અભિનંદન આપવાની જરૂર હતી. ત્યારે કહેવાની જરૂર હતી કે આપણે એક એવુ મોટું પુણ્ય કાર્ય કરવા જઈ રહ્યા છીએ કે જેના કારણે આવતીકાલનો ઇતિહાસ સુવર્ણ અક્ષરે લખાશે અને ગાયને બચાવવા માટે આ સભાગૃહ પુણ્યનું સહભાગી બનશે. માત્ર મુખ્યમંત્રી ઉપર જ આ સંતોના આશીર્વાદ, અબોલ પશુ કે જેને બચાવવા માટેના આશીર્વાદ મળશે એટલા પૂરતું નહીં પણ સમગ્ર સભાગૃહના સભ્ય તરીકે આપણે પણ આ પુણ્યના સહભાગી બનીએ છીએ ત્યારે ઈનિશીયેટીવ લેવાની જરૂર હતી અને તેની જગ્યાએ ગોળ ગોળ કરી મત બેન્કની રાજનીતિ કયાંય છટકી ના જાય, કોઈને ખોટું લાગી ના જાય એ માટેના જે પ્રયાસો થયા તે દુર્ભાગ્યપૂર્ણ બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે રાજયમાં લૂલો એવો કાયદો હોવા છતાં પણ આ રાજય સરકારે કડકાઈથી અમલીકરણ કરીને છેલ્લાં દસ મહિનાની અંદર ૪૯૪ જેટલાં કેસો કર્યા, ૧૧૬૦ જેટલાં આરોપીઓની ધરપકડ કરી અને ૬૫ કરતાં વધારે આ કસાઈઓને પાસામાં આ ગુજરાતની ભાજપ સરકારે પૂર્યા છે. ૪૨૪ જેટલાં વ્હિકલને જપ્ત કર્યા છે. ત્યારે જોયું નથી કે આ ગુજરાતની ગાય હતી કે રાજસ્થાનની હતી, અહીંયા આગળ મહારાષ્ટ્રની ગાય હતી કે બીજા રાજયની હતી પણ કસાય ક્યાંયનો પણ હોય ગુજરાતની ધરતી ઉપર અહીંથી કદાચ રાજસ્થાનમાંથી ગાય કે ગાયનું માંસ લઈને મહારાષ્ટ્રની અંદર જતો હોય તો એને અટકાવવાનું કામ પણ રાજય સરકારે કર્યુ છે. ચાર જેટલી હાલતી ચાલતી પ્રયોગશાળા રાખી જેના કારણે રસ્તામાં જતો અહીંથી હાઈવે ઉપર પસાર થતી અને બહારના રાજયમાંથી કતલ થઈને માંસ જતું હોય તેને પણ અહીંયા આગળ પકડવાનો પણ આ રાજય સરકારે ખૂબ સારું પ્રશંસનીય કામ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેનાથી પણ આગળ હું વાત કરું તો પકડવા માટેનું ગાયોનું કતલ થાય અને પકડવા માટેનો નિર્ધાર રાજય સરકાર કરે તો જાણે કોઈ મોટો અપરાધ કર્યા હોય એ પ્રકારનું વાતાવરણ કરે છે. તેની જગ્યાએ પરિણામ શું આવ્યું ? વર્ષ ૧૯૮૮ની અંદર રાજયમાં ગાયોની સંખ્યા ૬૨.૪૦ લાખની હતી. ૧૯૯૭ની અંદર ગાયોની સંખ્યા ૬૭.૪૧ લાખની થઈ. ૨૦૦૭માં આ રાજયમાં ગાયોની સંખ્યા ૭૯.૭૫ લાખની થઈ. ૧૮.૧૮ ટકા જેટલી સંખ્યા ગાયોની વધી છે. હજુ પણ વધારે થાય. આ કામ કોઈ એક વ્યકિતનું નથી. આપણા પૂર્વજો આ કામમાં પહેલેથી જોતરાયેલા છે. પૂજય વિનોબા ભાવેજીનો આત્મા જયાં હશે ત્યાંથી આપણા પર એમના આશીર્વાદ ઉતારતો હશે. પૂજય ગુરૂજી અને પૂજય મહાત્મા ગાંધીજીનો આત્મા પણ આ સભાગૃહ ઉપર આશીર્વાદ ઉતારતો હશે કે અમે જોયેલું સ્વપ્ન, અમે આપેલી કલ્પના, અમે આપેલા વિચારો આજે ગુજરાતની ભારતીય જનતા પક્ષની સરકાર અને ગુજરાતનું વિધાનસભાગૃહ આજે એનો અમલ કરવા જઈ રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક દત્ત શરણાનંદજી મહારાજ, જે રાજસ્થાનની બોર્ડર ઉપર પથમેડા અને એની બાજુમાં દોઢ લાખ જેટલી ગાયો રાખીને વિશ્વમાં સૌથી મોટી ગૌશાળા ચલાવી રહ્યા છે, એમને પણ સંતોષ થશે. તેમના પણ આશીર્વાદ મળશે. પૂજય મોરારીબાપુ કે જેઓ દેવનારનું કતલખાનું અટકાવવા માટે પૂજય વિનોબાજીના અવસાન પછી પોતે ત્યાં જાય અને આ કતલખાનું અટકાવવું પડે તે પ્રકારની પ્રતિબદ્ધતા ત્યાં વ્યકત કરે અને પ્રજામાં જાગૃતિ લાવવા માટેના પ્રયત્નો કરે, એમને પણ આજે સંતોષ થશે કે અમે આટલા આંદોલનો કર્યા પછી કેન્દ્રની કોંગ્રેસની સરકાર, એમના કાને ગયેલી વાત અથડાઈ અને પાછી આવી. ત્યાં તો કતલખાના બંધ થયા નહીં, પરંતુ આ ગુજરાતની ધરતીમાં એક પ્રયત્ન થઈ રહ્યો છે, જે સરાહનીય છે, પ્રશંસનીય છે. અને એ પ્રશંસનીય કામના સહયોગી બનવા માટેનું સદ્‌ભાગ્ય આપણને મળ્યું છે એ પણ ગૌરવપુર્ણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગાય એક પરિવાર સાથે જોડાયેલી પ્રકૃતિક ઘટના છે. પરિવાર અને ગાય એ બન્ને પરસ્પર એકબીજાના પૂરક છે. કતલખાને ગાય જતી હોય. એના માટે આપણે વિચારીએ. એકબાજુ એમ વિચારીએ કે કાયદાને કડક કરીએ, કે જેના માધ્યમથી ગુનો કરવાવાળાને કાયદાનો ડર લાગે અને બીજી બાજુ ગાયોના સંવર્ધનનું કામ, તેના સંરક્ષણનું કામ પ્રજા તરીકે સ્વીકારવાનો અભિગમ ઉભો કરવો જોઈએ. માણસ પોતે આર્થિક સ્વાવલંબી બનતાની સાથે એવું વિચારવા માંડે છે કે હું છાણ શું કામ ઉપાડું? હું આ બધું કામ શું કામ કરું? એવા સંજોગોમાં અત્યારે દુનિયા જે રીતે આગળ વધી રહી છે તે પ્રમાણે શુદ્ધ હવા મળે, શુદ્ધ ખોરાક મળે, શુદ્ધ વાયુ મળે એ બધા માટે ગાય પૂરક બનતી હોય છે. ઘરના આંગણે ગાય હોય તો અનેક પ્રકારની બિમારી આવતી નથી. ગાય માત્ર ગૌશાળામાં જ રહે એ પૂરતું નથી. ગાયને પોતાના ઘરે રાખીએ અને પછી બહાર મૂકી દઈએ અને ગામની અંદર ચરીને સાંજે દૂધ આપવા માટે આવે એ પણ યોગ્ય નથી. માનનીય અધ્યક્ષશ્રી, ગોપાલક તરીકે આજે પણ ૨૫ ગાયો મારા ઘરે છે. મારા બાપુજી વર્ષોથી આંગણે ગાયના દર્શન ન થાય તો પોતે ભોજન લેતા નથી. એ પરિવારમાંથી હું આવું છું ત્યારે મને એ બાબતનું પણ ગૌરવ છે કે આપણા પૂર્વજોએ જે પરંપરા આપણા બધા માટે મૂકી હતી, એ પરંપરાને મજબૂત કરવા માટેનું કામ ગુજરાતનું આ સભાગૃહ કરી રહ્યું છે. ગાયને બચાવવા માટે આપણે ધારાસભ્ય તરીકે પણ એવો સંકલ્પ કરી શકીએ કે આપણે પોતે એક એક ગાય પોતાના ઘરમાં પાળીએ અને એનું સંવર્ધન કરીએ. હિન્દુ હોય કે મુસલમાન હોય. દરેક પોતે પોતાના ઘરમાં એક ગાયનું પાલન કરે, પોષણ કરે અને એની સેવા કરવા માટેનો મોકો પણ મળે. પુણ્ય કાર્ય પણ છે. સૃષ્ટિનું પણ કલ્યાણ છે. ગાયનું ગોબર હોય કે ૩૭ રામ એના શરીરના એક એક રોમમાં દેવતાનો વાસ છે. માનનીય અધ્યક્ષશ્રી, ૩૩ કરોડ દેવતાઓ ગાયના શરીરમાં, એના રોમેરોમમાં વસે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજના ઐતિહાસિક બિલમાં વિશેષ વાતો નહીં કરતા સામે પક્ષે અપેક્ષા શું રાખવી? આજના તબકકે શરૂઆતથી જ માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ પોઝિટિવ એટીટયૂટ સાથે આ બિલને સમર્થન આપ્યું હોત તો હું માનું છું કે બધાને આનંદ થાત. આની અંદર રાજનીતિ કરવા માટે કોઈ કારણ પણ નથી. તમે અને અમે અલગ અલગ નહિ પરંતુ આપણે બધાએ એક બનીને આ સત્કાર્ય રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી લઈને આવ્યા છે ત્યારે એ સત્કાર્યની અંદર સાથે રહીને આપણે પણ એમાં સહભાગી એ પ્રમાણેનો એટીટયુટ રાખ્યો હોત તો ગૌરવ થાત, આનંદ થાત અને ક્ષત્રિય તરીકે તો તમારો તો ધર્મ થાય છે ગાયને બચાવવા માટે. અમારે ત્યાં વશરાજ સોલંકી જેમણે ગાયોની રક્ષા માટે કરીને પોતાનું માથું આપી દીધું, આ પરંપરા રહેલી છે આપણી અને આપણા પૂર્વજોની અને એ સમયની અંદર ગાય માતાને દયાજનક સ્થિતિમાં ન મૂકતા ગાય એના ઉપર આપણે કોઈ ઉપકાર કરીએ છીએ એવું નહિ પરંતુ ગાય આપણા ઉપર ઉપકાર કરી રહી છે અને આપણને કુદરતે મોકો આપ્યો છે એ માટે કરીને આ કામ આપણે કરીએ. સાથે સાથે આજના તબક્કે વંદન કરું છું એ સૌ ગૌભકતોને કે જેમણે ગાયમાતાને બચાવવા માટે પોતાના પ્રાણની આહુતિ આપી હોય એવા સૌ ગૌભકતોને પોતાનું સંપૂર્ણ જીવન ગૌવંશ અને એના સંવર્ધન માટે આપી દીધું, હું વંદન કરુ છું ૧૯૬૬ના ભારતની સંસદની સામે ઘેરાવો કરીને સંસદને જાગૃત કરવા માટે દેશની અંદર ગૌહત્યા અટકે એના માટેના પ્રયત્નો માટે પોતાનું બલિદાન આપ્યું એવા સંતોને હું આજના તબક્કે વંદન કરુ છું. ગાયને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવા માટેની પ્રતિબદ્ધતા હતી હું માનું છું કે ગુજરાત વિધાનસભામાં આ બિલની ચર્ચા થઈ રહી છે એની ચર્ચા થાય એના કારણે * (xxxx) અને એના મનમાં વિચાર આવે કે ગુજરાત એ મહાત્મા ગાંધીની ધરતીએ બિલ પાસ કરવાનો નિર્ણય કર્યો છે ત્યારે આપણે પણ એની પાછળ પાછળ જઈએ.

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### અસંસદીય શબ્દ પ્રયોગ કરવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. માનનીય સભ્યશ્રીએ શરૂઆતમાં એક બે વખત કહ્યું ત્યારે મેં નજર અંદાજ કર્યો પરંતુ એમણે એ પરંપરા ચાલુ

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા હોવાથી અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

રાખીને એ અત્યારે બોલ્યા છે, આપશ્રીના પણ નિર્ણયો છે અને ભૂતકાળમાં એન.ડી.એ. ની સરકાર હતી ત્યારે ગુરુ ચેલા શું થયું એમાં અમે નથી પડતા. અત્યારે * (xxxx) આપણે નથી કરી શકતા....

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી (xxxx)
એ શબ્દ અસંસદીય હોય આપ પાછો ખેંચી લો.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : (xxxx)એ શબ્દ અસંસદીય હોય તો હું એ શબ્દ પાછો ખેંચી લઉં છું. આ અવાજ કેન્દ્ર સરકાર સુધી પહોંચે જેના કારણે આવતી કાલે હિન્દુસ્તાનની અંદર દરેક રાજયની અંદર ગૌ હત્યા ન થાય એના માટેનો કડકમાં કડક કાયદો લાવે એ માટેનો મારો ભાવ હતો. આ ભાવ સાથે વિરોધપક્ષના નેતાશ્રી પોતે સહમત હશે, કદાચ કોઈ મતબેંકની રાજનીતિને કારણે એમણે આ પ્રમાણેનું કહેવું પડતું હશે પરંતુ અંદરનો આત્મા તો એમનો તેવું જ કહેતો હશે કે ગાય ભેંસ બચવી જોઈએ અને કડક કાયદો જે ગુજરાતની સરકારે આજ વિધાનસભાની અંદર મૂક્યો છે. આવો ઐતિહાસિક કાયદો માત્ર ગુજરાત પૂરતો ન રહે પરંતુ સંસદની અંદર પણ પસાર થાય અને સમગ્ર દેશની અંદર આખા દેશમાં ગાયનું એક ટીપુ લોહી આ ધરતી ઉપર ન પડે એ માટેનો કાયદો બને અને ગાય એ રાષ્ટ્રીય પ્રાણી જાહેર થાય એ વાત આ વિચારોને નવું એક બળ મળશે. આજના તબક્કે માનનીય મંત્રીશ્રી આ બિલ લઈને આવ્યા છે જેમાં વાહન પકડાય તો પણ છ મહિના સુધી એને કોઈ છોડાવી ન શકે, તેમજ ગુનેગારોને જામીન પણ ન મળી શકે અને ગુનેગારને સાત વર્ષ સુધીની કડક સજા કરવાની પણ જે જોગવાઈ કરી છે એને ખૂબ ખૂબ આવકારું છું અભિનંદન આપું છું. આ ઐતિહાસિક બિલને હ્રદયપૂર્વક સમર્થન કરું છું.

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના પશુપાલન મંત્રીશ્રી જે ગુજરાત પશુ સુધારણા વિધેયક લઈને આવ્યા છે એને આવકારુ છું તથા મારા વિચારો વ્યક્ત કરુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ જયારે આવ્યું છે ત્યારે એક હકીકત ફલિત થાય છે અને સાબિત પણ થાય છે કે, આ સરકારને હૈયે પ્રાણીઓનું હિત સમાયેલું છે. એટલા માટે ખાસ કરીને ગાયમાતા અને ગૌવંશને સાચવવા માટે એની થતી હત્યાને રોકવા માટે તથા તેની હેરાફેરીની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ લોકોને સખતમાં સખત સજા કરવાના ધ્યેયથી આ સુધારા વિધેયક લઈને આવ્યા છે એ જોતાં એક વસ્તુ બહુ કલીયર છે. આ સરકારની નીતિ અને નિયત સાફ છે. મારે વાત કરવી છે કે, ગુજરાતમાં અત્યાર સુધીમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પશુ કલ્યાણના અનેક પગલાં લેવામાં આવ્યાં છે. એ પછી પશુ આરોગ્ય મેળા હોય, પશુ મેડિકલ ચેકઅપના કાર્યક્રમ હોય, અત્યાર સુધીમાં આપણે એટલું જ સાંભળ્યું છે કે, માણસો ઉપર તો આંખના મોતિયાના ઓપરેશન કરવામાં આવે છે અને એનું ચેકઅપ કરવામાં આવે છે. એ જ રીતે ગુજરાતમાં સમગ્ર દેશની અંદર પહેલી વખત પ્રાણીઓની પણ આંખોનું ચેકઅપ થાય એમના મોતિયાના ઓપરેશન થાય એવી આપણી સંસ્કૃતિ છે એ આપણે અપનાવી છે. ગુજરાતની સુગંધ અને સૌરભ સાહિત્યકારોની રચનામાં પણ ડોકાઈ આવે છે. આપણે નાના હતા ત્યારે પુસ્તકો અને પત્રિકાઓમાં આપણે કેટલીક કવિતાઓ વાંચતા હતા. એમાની બે-ચાર કવિતાઓ મને યાદ છે.

"કાળી-ધોળી- રાતી ગાય, સવાર પડેને ચરવા જાય."

બીજી વાત ગાય માતાની સાથે તો ખરું જ. ગાય માતાની સાથે બીજા પશુઓ છે, પ્રાણીઓ છે એ પશુઓને અને પ્રાણીઓને આપણે આપણી સંસ્કૃતિમાં, આપણા સાહિત્યમાં વણવાનો પ્રયત્ન કર્યો છે અને કહેવાયું છે કે,

" કાલુડી કૂતરીને આવ્યા ગલુડીયાં, ચાર કાબરા અને ચાર ધોળીયા હોં રે."

આ રીતે આપણી સંસ્કૃતિએ પશુઓની સતત ચિંતા કરી છે. એ જ આપણી સંસ્કૃતિ છે. કીડીના કીડીયારું ભરવાની આપણી સંસ્કૃતિ છે. આ એના સંસ્કારો છે અને એટલા માટે કીડીને કણને હાથીને મણ. આવી સંસ્કૃતિ સાથે આપણે સંકળાયેલ છીએ. એ સંસ્કૃતિ માટે જ ગૌમાતાને બચાવવાનો અને પશુ સંવર્ધનનો કાયદો આવ્યો છે એને આવકારીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે જે વાત કરવી છે એ છે કે, ઢોરવાડા અને પાંજરાપોળની વાત થઈ. અમે લોકો ભણતા હતા ત્યારે બે પ્રકારની હોસ્ટેલ હતી- બોયઝ હોસ્ટેલ અને ગર્લ્સ હોસ્ટેલ. દુનિયાની અંદર પહેલીવાર ગુજરાતની ભૂમિ પરથી ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ પશુઓ માટેની એનીમલ હોસ્ટેલ આપી છે. એ અમારો પશુઓ પ્રત્યેની સંવેદના અને લાગણી બતાવે છે. મારે બીજી વાત એ કરવી છે કે, અમે પશુ સંરક્ષણની વાત કરી છે, પ્રાણી સંરક્ષણની વાત કરી છે. ગૌ સેવા આયોગ દ્વારા ગાયોની રક્ષા કરવા માટે બે બનાવોના દાખલા મારી સામે છે. એક તો માંગરોળ તાલુકામાં ખાટકીઓએ ગૌસેવકની હત્યા કરી. ભરુચમાં પણ ગાયોને કતલખાને લઈ જવામાં આવતી હતી ત્યારે ગૌરક્ષક દ્વારા તેમને રોકવામાં આવતાં એને કચડી નાખવામાં આવ્યો. આવા બનાવો બન્યા પછી આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે ગૌ સુરક્ષા માટે, ગાયોના સંરક્ષણ ગૌ સંવર્ધન માટે જે કોઈ વ્યકિત પ્રયત્ન કરશે એને ગૌરક્ષા એવોર્ડ આપવામાં આવશે. ગુજરાતમાં આવા ત્રણ-ત્રણ એવોર્ડ આપવાની આ સરકારે જાહેરાત કરી છે. એને અમે આવકારીએ છીએ, આ છે અમારી પ્રતિબધ્ધતા. આ, છે અમારી પ્રાણીઓ પ્રત્યેની વફાદારી, આ છે અમારી પ્રાણીઓ પ્રત્યેની લાગણી અને આ છે અમારો પશુઓ પ્રત્યેનો પ્રેમ અને ત્યારે મારે એક વાત કરવી છે, કે આ સરકાર હજી પણ મદદ કરી રહી છે. ઢોરવાડા અને પાંજરાપોળને મદદ થાય, આ મદદ

થઈ રહી છે. આ દેશમાં બે એવા કમનસીબ બનાવો બન્યા છે. એ કમનસીબ બનાવો એ કે ગાયના મોઢાનો દ ાાસચારો ખાઈ જવાનો બનાવ આ દેશના ઈતિહાસમાં એક નોંધાયો હતો બિહારમાં, (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી. મને ખ્યાલ આવી ગયો, કે ગુજરાતની પ્રજા ભૂલી નથી, રફાળેશ્વરના ગાયના મોઢામાંથી જમી જનારા આ લોકો છે. અને ગુજરાતની પ્રજા એને કયારેય માફ નહીં કરે, ગુજરાતની પ્રજા કયારેય ભૂલશે નહીં, ગાય માતાનો ચારો જમી જનારાઓને ગુજરાતની પ્રજા કયારેય માફ કરવાની નથી અને આ વાત જયારે છે ત્યારે મારે વાત જે કરવી છે કે આ ગૌવંશના હત્યારાઓ માટે કે હત્યાની પ્રવૃત્તિઓ માટે સંકળાયેલા જે લોકો છે, જે હત્યાની પ્રવૃત્તિઓમાં સંકળાયેલા લોકો છે, આ બધાની યાદ શકિત બહુ ઓછી છે એમને એમ કે લોકો ભૂલી ગયા, લોકો કોઈ ભૂલતા નથી,• (xxxx)

**અધ્યક્ષશ્રી** : આત્મારામભાઈ આ શબ્દો આપ પાછા ખેંચી લો. પ્લીઝ

**શ્રી આત્મારામ મ. પરમાર** : પાછા ખેંચી લીધા. મારે માનનીય અધ્યક્ષશ્રી વાત એ કરવી છે કે અમે તો એમ ઈચ્છીએ કે વિરોધ પક્ષના લોકો જો સંમતી આપે અને સંમત થતા હોય તો આ ગૌવંશના હત્યારાઓ, ગૌમાતાના હત્યારાઓને આનાથી પણ વધારેમાં વધારે કડકમાં કડક સજા જાય અને એમાં સંમત હોય તો સુધારો પણ રજૂ કરવા પણ તૈયાર છીએ. મારે વાત એ કરવી છે, આ સાહેબ કથની અને કરણી એ બેમાં ફરક છે એ અહીંયા સાબીત થઈ ગયું છે. કથની અને કરણીમાં ફરક છે. બોલવું કંઈક અને કરવું કંઈ એવા અનેક દાખલાઓ છે. ગઈકાલે નીતિનભાઈએ ઈમ્પેકટ ફીમાં યાદ અપાવ્યું હતું ઈમ્પેકટ ફીમાં, અહીંયા કંઈ કહે અને બહાર જઈને વર્તે, આવા જ પ્રકારનું વર્તન ગુજરાતની પ્રજા વર્ષોથી જોઈ રહી છે અને એટલા માટે તમને તમારી યોગ્ય જગ્યાએ જ રાખ્યા છે. મારે બીજી વાત એ કરવી છે, જ્યારે ગૌશાળાઓની વાત ચાલે છે, શકિતસિંહજી ભાઈએ વાત કરી, કેટલાક મિત્રોએ પણ વાત કરી કે ગૌમાતાના રક્ષણના માટે અમારા પરિવારમાંથી કેટલાક લોકો શહીદ થઈ ગયા છે. ત્યાર પછી અત્યારે તો એવી પરિસ્થિતિ છે કે ગાય માતાના રક્ષણ માટે જેટલું કરી શકીએ એટલું યોગદાન આપણે સૌએ આપવું જોઈએ, એવી જ એક ગૌશાળા હું છેલ્લા ૨૦ વર્ષથી ચલાવું છું. સરકારની કોઈ મદદ લેતો નથી પણ ત્યાં જ્યારે સવારે રાજેન્દ્રસિંહ આપણે બેઠા હોઈએ અને નાના ભૂલકાઓ એની માતાની આંગળી પકડીને આવે અને ગાય માતાને જ્યારે સ્પર્શી અને પગે લાગે ત્યારે આપણને આ સંસ્કૃતિનું દર્શન અહીંથી થાય છે. એવા અનેક દાખલાઓ મેં જોયા છે કે જ્યાં ભારતીય સંસ્કૃતિની સાથે સાથે ગૌમાતાની સંસ્કૃતિના રક્ષણની વાતો થાય છે ત્યારે અમે એવું ઇચ્છીએ કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ પ્રત્યેક જીવાત્મા તરફ, માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત એ કરવી છે કે જે કેટલાક પગલાઓ લેવાયા છે સરકારશ્રી તરફથી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે કેટલીક યોજનાઓ કરી છે, પશુ આરોગ્ય મેળાની, પશુ કલ્યાણ કેન્દ્રની, મૅડિકલ ચૅકઅપની, માણસોનું મૅડિકલ ચૅકઅપ થાય અને એનું આખું પૅકૅજ હોય, ૭હજારમાં મૅડિકલ ચૅકઅપ, આ ગુજરાતમાં પહેલીવાર પશુઓનું મૅડિકલ ચૅકઅપ આપણે જોયું કે ગયા વર્ષે લાખોની સંખ્યામાં અલગ અલગ પ્રકારના રોગોને આપણે શોધી શક્યા અને ગૌમાતાની સાથેસાથે બીજા પણ પશુઓની પ્રાણીઓના જીવનની રક્ષા કરવાનું કામ જેના તરફથી શરુ થયું છે, હું એમ માનુ છું કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ સમગ્ર સમાજમાં શાંતિ, સલામતી અને સૌહાર્દતાની સાથે સદ્દભાવના સર્જાય એ માટેના ત્રણ દિવસના પ્રતિક ઉપવાસ પણ કર્યા હતા. મને એમ લાગે છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીનું સદભાવનાનું જે મિશન છે એમાં વધારો કરતું આ વિધેયક છે. મારી આપ સૌને વિનંતી છે કે આપણે સૌ આ વિધેયકને સર્વાનુમતિથી પાસ કરીએ અને ગુજરાતની પ્રજાને એક સંદેશો મોકલીએ કે ખબરદાર, ગુજરાતની ધરતી ઉપર ગૌમાતા કે ગૌવંશની કતલ કરનારાઓને કડકમાં કડક સજા કરવાનો કાયદો આ વિધાનસભાએ પસાર કર્યો છે. એના પડઘા આખા ગુજરાતમાં પડે એ પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ કરીએ. જય હિન્દ, જય ભારત.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આત્મારામભાઈ બોલતા હતા. બહુ પુણ્યશાલી માણસ છે કે ગાયની સેવા કરે છે. ખૂબ સારું બોલે છે અને મુખ્યમંત્રીશ્રીનું પણ ખૂબ સારું બોલે છે. પણ એમને કોઈનું પાપ નડે છે કે આ બેન્ચમાંથી અહીંયા નથી આવી શકતા. મારું કંઈ પુણ્ય હોય તો હું પણ એમને આપું કે ફરી પાછા આ બાજુએ બિરાજમાન થાય. મારા મિત્ર શંકરભાઈ બોલતા હતા. ખરેખર એ પણ ગોપાલક છે. ગાયની ચિંતા છે અને એમણે એવી વાત કરી કે મારો અવાજ કેન્દ્ર સરકાર સુધી પહોંચે અને કાનૂન થાય. કદાચ વાત સાચા દિલથી બોલતા હશે પણ ૧૯૯૯ થી ૨૦૦૪ સુધીમાં તમારો અવાજ એ વખતે ક્યાંક સાંભળ્યો હોત, * (xxxx)

અને તમે તો આંદોલનો કરીને આ સત્તા ઉપર આવ્યા છો. પણ એ વખતે તમારો અવાજ ત્યાં સંભળાયો નહીં, તમારી સરકાર હતી ત્યાં પણ ન સંભળાયો. જે રામ મંદિરના નામે તમે ચાલ્યા એ અવાજ પણ સંભળાયો નહીં અને હવે સંભળાવવા માટે આવ્યા છો? (અંતરાય)

---

• (xxxx)માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસારઆ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા હોવાથી અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : શેના માટે? મને ખબર છે. મારા શબ્દો પાછા ખેંચી લઉં મેં એવો એકેય શબ્દ વાપર્યો હોત તો હું સામેથી પ્રદિપસિંહભાઈ કહે અને ખરાબ લાગે એવું હોય તો પાછો ખેંચી લઉં. એમણે નિરાશ થવાનું કોઈ કારણ નથી.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર એ છે કે આ બિલ માનનીય દિલીપભાઈ સંઘાણી સાહેબ લઈને આવ્યા અને એમાં જુદી જુદી વ્યક્તિઓએ વાત કરી. પ્રવચનની શરૂઆતમાં જ માનનીય અર્જુનભાઈ મોઢવાડિયા દ્વારા જે બિલની કલમ ૬(૩) અને કલમ ૮ કે જેમાં ચાર કે પાંચ સુધારાઓ છે એ બિલનો સ્કોપ છે અને સ્કોપના સિવાય જે રીતે આખો વિષય મૂકવામાં આવે છે, આપના માધ્યમથી મારો આગ્રહ છે કે બિલના સ્કોપના સંદર્ભમાં વિસ્તૃત બોલે.

**અધ્યક્ષશ્રી** : આપ બિલ ઉપર જ બોલો એવી લાગણી છે. આપનું પ્રવચન આગળ વધારો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) નીતિનભાઈ, આ બધાને અમે શાંતિથી સાંભળ્યા છે એટલે મહેરબાની કરીને આપ તો શાંતિથી સાંભળો. બીજા સભ્યો બોલે તો ઠીક છે. વાત એ હતી કે આ દેશની સંસ્કૃતિ છે એ આંદોલનની સંસ્કૃતિ નથી. કૃષિ સંસ્કૃતિનો આ દેશ છે. ગાય બચાવવા માટે આંદોલનો નહીં પણ સંસ્કૃતિને પુનઃ સ્થાપિત કરાવવી જરૂરી છે. આંદોલનો તો ભૂતકાળમાં ગાયના નામે થયા છે. એવા લોકોએ કરેલા છે કે મરેલી ગાયના પૂંછડા કાપીને મહિનાઓ સુધી કરફ્યુ પણ ચલાવેલા છે. મત માટેની વાત નથી. અત્યાર સુધી ખૂબ ચાલ્યું. આ કાયદો ગુજરાતમાં લઈ આવનાર કોણ હતું? એ વખતે તમે તો હતા નહિ. એટલું જ નહિ તમારી સરકાર ભાગીદારીમાં ૧૯૭૭ માં આવી હતી એ વખતે પણ આ કાયદો નહોતો લઈ આવી શકી. ૧૯૯૪ની અંદર કોંગ્રેસની સરકાર આ કાયદો લઈ આવી. કોર્ટમાં જવાનો અધિકાર હતો. કોર્ટમાં ગયા અને કોર્ટમાં ગયા પછી સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો. એ ચુકાદો અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી લઈ આવ્યા. જો તમારા મુખ્યમંત્રી એવા ચુકાદાઓ લઈ આવતા હોય તો અત્યારે ઘણાંય ચુકાદાઓ વિરુદ્ધમાં આવે છે ત્યારે કેમ ફોટા છપાવતા નથી? સવાલ એ છે કે રાજકીય ઈચ્છાશકિત હોય તો કાયદાનો અમલ પણ બરોબર થઈ શકે. રાજકીય ઈચ્છાશકિતના અભાવે આજે ગાયો છે એના અસ્તિત્વ ઉપર જોખમ ઊભું થયું છે અને એટલા માટે આખો માલધારી સમાજ અને સાધુ-સંતો સાથે મળીને આંદોલન કરે અને એમાં જરા મહેન્દ્રસિંહભાઈ બાજુમાં દૂધરેજ છે ત્યાં જઈને ઘનીરામ બાપુને કહી આવજો (અંતરાય) કે આ લોકો કરાવે છે અથવા તો તમારા મુખ્યમંત્રીને કહેજો કે એમને કહે મિટિંગમાં બોલાવેને ત્યારે. આ એક સાધુએ નહિ ૨૪મી તારીખે ચાંપરડાની અંદર મુકતાનંદબાપુએ મુખ્યમંત્રીની હાજરીમાં કહ્યું કે કાયદો લઈ આવવાથી આ ગાયોની કતલ નહિ રોકાય. એના માટે તમારે ગાયોને ચરવા માટે અને ગાયોને ઊભા રહેવા માટેની જગ્યા રહેવા દેવી પડશે. એ તમારી સરકારે રહેવા દીધી નથી. આ વાત જાહેર મંચ ઉપરથી ચાંપરડાની અંદર મુકતાનંદજી બાપુએ મુખ્યમંત્રીને એના મોઢે કહ્યું હતું. (અંતરાય) આ વાત રાજકારણવાળા કરાવે છે તો હું માનત. પરંતુ એ હિંમત કોઈનામાં નથી અને જ્યારે સાચા દિલથી એ લોકોએ આંદોલન કર્યુ એ પછી આપ કાયદો લઈ આવ્યા. કાયદા લઈ આવવાથી આ ખરેખર કોઈ જગ્યાએ અટકશે ખરું? ગાયો, ગોવંશ ત્રણ રીતે મરે છે. એક કતલખાનાની અંદર, કાયદેસર કતલાખાના થતા હશે ત્યાં તો સરકાર દેખરેખ રાખતી હશે. બીજું, ગેરકાયદેસર રીતે જે કતલ થાય છે એ કાયદેસર કરતા વધારે ક્રૂર રીતે થાય છે અને ત્રીજી ભૂખે અને તરસે મરી જાય છે. જે તમે અને હું બધાજ ગામડાની અંદર જોઈએ છીએકે ગાય હરહરી જાય, ગાય બેસી જાય. આત્મારામભાઈ જતા રહયા છે નહિતર હું તેમને કહેત કોઈએ જોયુ હશે, આપણે બધાએ જોયું હશે. એ જીવતી ગાયની આંખ છે એ કાગડા ખાય જાય છે અને જીવતી ગાયની પૂંઠ એ કૂતરા ખાય જાય છે અને એ એરેરાટીભર્યુ દ્રશ્ય આપણામાંથી ઘણાંએ નજરો નજર જે લોકો ગામડામાં રહે છે એમણે જોયા હશે. એ સૌથી વધારે ક્રૂઅલ મોત આ છે અને એ મોત ત્રણેય પ્રકારે ના થાય એના માટેની ચિંતા બધાએ કરવી પડે. ઘણાંએ પેટન્ટ લખાવી લીધેલી છે. એટલા માટે લખાવી છે કે એના નામે રાજનીતિ કરવાનું બહુ શુલભ થઈ પડતું હતું. પોરબંદરમાં કનુભાઈ, આ પોરબંદરની વાત કરું છું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : કનુભાઈ પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : તમને શોભતું નથી મંત્રીશ્રી થઈને આવું કહેતા કે ગાયો ગમે ત્યાં મરી જાય.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : ગામડાની અંદર બધે ગાયો ચારો ખાય છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : કનુભાઈ પ્લીઝ. (અંતરાય) ઓર્ડર.. ઓર્ડર..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : તમારે આની ચિંતા કરવી જોઈએ. આને હળવાશથી ના લેવાય. તમને આ શોભતું નથી. તમારા રાજની અંદર આવું થાય તો તમારે તમારા મુખ્યમંત્રીને કહેવું જોઈએ. (અંતરાય) તમને ખેડૂતના દીકરા થઈને આ શોભે નહિ. (અંતરાય) કનુભાઈ, તમે ખેડૂતના દીકરા થઈને આવું બોલો નહીં, આ લોકોના ચઢાવ્યા ચઢી જાવ નહીં, તમે ખેડૂત છો. ( આ તકે શ્રી કનુભાઈ ભલાળા બેઠા બેઠા બોલતાં )

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી કનુભાઈ, પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અમારા પરિવારમાં તો ગાય માટે શહીદ થયા છે. મારા જ વડવા હાથીયા મોઢવાડીયા શહીદ થયા અને એના જ નામે હાથીયાણી ગામ વસેલું છે, એવી વાત ના કરો અને અહીંયા પણ એવા કેટલાય લોકો છે કે જેના વડવાઓ થયા હશે. એને હળવાશથી ના લો કે ગાયો તો મરે. આવી વાત કરવાનું કોઈને શોભે નહીં. મંત્રી મંડળના સભ્યોને તો શોભતું નથી કયાંય. માનનીય અધ્યક્ષશ્રી, આવી વાત વારંવાર અહીંયા થાય છે. અત્યાર સુધી આપને રાજનીતિ કરવાનું સૂઝતું હતું અને હવે એમ કહો છો કે, ગાયો તો મરે, પોરબંદરમાં પણ મરે અને બીજી જગ્યાએ પણ મરે. જીવતા રાખવાની જવાબદારી સરકારની સૌથી પહેલી છે. કારણ કે, તમે એના આંદોલન કરી, એના પૂંછડાના આંદોલન કરી તમે અહીંયા બેઠેલા છો. હવે જયારે આ બાબત તમારી સામે આવી છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : કનુભાઈ આપ. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ તમારી સરકારે જવાબ આપ્યો છે કે, આટલું માંસ, ગૌ-માંસ પકડાયું છે. તમારી સરકાર એમ કહે છે, તમારી સરકાર એમ કહે છે. અને તમારા મુખ્ય મંત્રીશ્રીએ આંદોલનકારીઓને એમ કહ્યું હતું કે, * (xxxx) (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : કનુભાઈ આપે બોલવું હોય તો પછી ઊભા થઈને પ્લીઝ આપ બેસી જાઓ. ફતેસિંહભાઈ આપ બેસી જાઓ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું રેકર્ડ ઉપર કહેવા માગુ છું એન.ડી.એ.ના શાસનની અંદર મટનની નિકાસ ઉપર એન.ડી.એ.ની સરકારે સબસિડી આપી હતી, એન.ડી.એ.ની સરકારે આપી હતી. આ સરકારે બંધ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) ( આ તબક્કે શ્રી નીતિનભાઈ પટેલ બેઠા બેઠા કાંઈક બોલતાં) (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર, પ્લીઝ ( આ તબક્કે વિરોધપક્ષના નેતા સહિતના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યો પોતાની જગ્યા ઉપર ઊભા થઈ જતાં)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મુખ્ય મંત્રીના રવાડે ના ચઢો. એણે એમ કીધું હતું સંતોને (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ગાયો કોંગ્રેસના રાજમાં કપાતી હતી.(અંતરાય) આવું ના બોલાય (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય નીતિનભાઈ (અંતરાય) આપ બેસી જાઓ પ્લીઝ. કોઈ પણ સભ્યને ચર્ચામાં ભાગ લેવો હોય તો ત્યારે આપ બોલી શકશો જે બોલવાનું હોય તે અને સામે પક્ષે બોલશે તો એને જવાબ પણ માનનીય મંત્રીશ્રી આપવાના છે. પ્લીઝ બંને પક્ષે કોઈ પણ સભ્યો અવાજ ના કરો. બેઠા બેઠા કોઈ કોમેન્ટ ના કરો પ્લીઝ. માનનીય અર્જુનભાઈ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી,

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. એન.ડી.એ.ની સરકારમાં સબસિડી આપવાનો નિર્ણય નથી થયો. જો રૅકૉર્ડ હોય તો અર્જુનભાઈ મૂકે. એન.ડી.એ.ના શાસન વખતે સબસિડી

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એન.ડી.એ.ના શાસન વખતે સબસિડી અપાતી હતી અને મોર્ડનાઈઝેશન

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : યુ.પી.એ.ની સરકારની અંદર આપેલી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી જવાબ આપશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મીટ એક્ષપોર્ટ પ્રમોશનનો કાર્યક્રમ એન.ડી.એ.ના શાસનમાં અમલમાં હતો. એન.ડી.એ.ના શાસનમાં અમલમાં હતો.(અંતરાય)

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અર્જુનભાઈ મોઢવાડીયાએ પોતાના પ્રવચનમાં એવું કહ્યું કે, કોંગ્રેસના રાજમાં ગાયો કપાતી હતી અને મુખ્ય મંત્રીશ્રીએ પણ આમ કહ્યું છે એમ કરીને આ સભાગૃહને ગેરમાર્ગે દોરવા માટેનો પ્રયાસ કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) ના, ના એ સમય પછી તરત જ માનનીય શંકરભાઈ ચૌધરીએ પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવ્યો હતો, માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રમાણેની ખોટી વાત કરીને, માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહને ગેરમાર્ગે ના દોરી શકાય. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી ક્યારે બોલ્યા હતા એ બાબતને એમણે મૂકવી જોઈએ. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી કયારેય બોલ્યા નથી.(અંતરાય) એ કાલ્પનિક વાતો કરીને આ સભાગૃહને ગેરમાર્ગે દોરવા માટેનો પ્રયાસ કરી રહ્યા છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આ કોઈ હિસાબે ના ચાલે. (અંતરાય) (અંતરાય) માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ પ્રમાણેના ઉદગારો કયારેય નથી કર્યા. છતાંપણ વિરોધ પક્ષના અર્જૂનભાઈ આ પ્રકારના ઉલ્લેખો કરે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** માનનીય મુખ્યમંત્રીશ્રીની વાતનો ઉલ્લેખ જો થયો હોય તો હું રેકોર્ડ જોઈ લઈશ. પ્લીઝ, રેકોર્ડ જોઈ લઈશ.

---

* (xxxx)માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, વાત એ કરતા હતા કે આપણે બધા દાવો કરતા હોઈએ કે (અંતરાય) સ્ત્રીના હત્યારાઓ અહીંયા બેઠા છે. જે બેઠાબેઠા કોમેન્ટ કરશે એનો જવાબ મળશે બધાને. એ કરતા ઉભા થઈને જેને જે કાંઈ વાંધો મારા પ્રવચનમાં લાગે એ ઉભા થઈને કરે બાકી જવાબ મળશે બધાને. આ સંસ્કૃતિને સાચવવાનું કામ દેશની તમામ પ્રજાએ કર્યું છે અને આ ગૌચરને નીમ કરવાનું કામ પણ ભલે અંગ્રેજો છે એ પોતાના સ્વાર્થ માટે અહીંયા આવ્યા હોય પણ આ સંસ્કૃતિએ એને મજબુર કર્યા હતા એટલે ગૌચરને નીમ કરવાનું કામ પણ એણે કર્યું કે આટલા ટકા ગૌચર આ ગામની અંદર સો પશુ દીઠ ૪૦ એકર ગૌચર હોવું જોઈએ એ કાનુન પણ એ વખતે આવ્યો અને જેના નામે અત્યારે તમને અનુકુળ નથી એટલે નહીં બોલો પરંતુ આ ગુજરાતની અંદર સૌથી મોટા માલધારી હોય તો એ અમારા જતભાઈઓ છે કચ્છના. એ આજે પણ પશુપાલનમાં સૌથી વધારે સંખ્યામાં પશુઓ રાખનાર જતભાઈઓ છે. મુસ્લીમ જતભાઈ એટલું જ નહીં આજે કેટલાય એવા ધર્મસ્થાનો હિન્દુ મુસ્લીમ એવા છે કે જેણે પ્રમોશન કરેલું છે. મોરારીબાપુની હાજરીની અંદર પાદરાની અંદર અને એકલબારાની અંદર બંને મુસ્લીમ જગ્યાઓ. એક લાખ આદિવાસીભાઈઓને ગાયો આપી અને એનું પશુપાલન ગાયોની રખેવાળી કરવાનું કામ અને એની વ્યવસ્થા એ વખતના મુસ્લીમ સંત અમારા કબીરભાઈ છે એમના વડવાઓએ કરી હતી. તમારે તો એ વખતે ઈન્ટરેસ્ટ એવો હતો કે ભાગ પડે હવે તમારે સદભાવના જોઈએ છે. સદભાવના નહીં, વોટ જોઈએ છે તમારે અને એટલા માટે ** (xxxx)

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, બીલ ઉપર આવી જાવ પ્લીઝ. આપ બીલ ઉપર ચર્ચા કરો પ્લીઝ. (અંતરાય)

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ (xxxx)અને બીલને કયાં લાગેવળગે છે? (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ બોલ્યા છે (xxxx).(અંતરાય) તમે તો (xxxx)નામ દેતા બીવો છો. તમારામાં હિંમત હોય તો અમને પણ (xxxx)પહેરાવી જજો.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, આપ બીલ ઉપર વાત કરો પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા :** તમારે પહેરાવવી હોય તો પહેરાવી જજો પણ તમારામાંથી બેચાર જણાને (xxxx)પહેરવાની આવશે જ. કોઈ બચાવી નહીં શકે. સાહેબ, એણે મને કીધું હતું.

**અધ્યક્ષશ્રી :** આ શબ્દો એકબીજા ઉપર અપણે દોષારોપણ કરીએ એ યોગ્ય નથી. બંને પક્ષે જે કાંઈ શબ્દો બોલાયા છે એ હું દૂર કરું છું. પ્લીઝ. આપ બીલ ઉપર વાત કરો. હજુ આપણી પાસે એક બીલ પુરું કરવાનું બાકી છે એટલે બંને પક્ષના સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે આપણે બીલ ઉપર જ વાત કરીએ પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા :** ૧૯૦૪ માં જે છપ્પનીયો દુષ્કાળ પડ્યો અને એ વખતે રાજા મહારાજાઓ પોતાની તિજોરી ખુલ્લી મૂકી હતી. પ્રજાને બચાવવા અને પશુધનને બચાવવા માટે, પરંતુ માત્ર રાજા મહારાજાઓ નહિ, પણ મુંબઈના જે તે વખતના ગવર્નર નોર્થફોર્ડ સાણંદની બાજુમાં નોર્થફોર્ડ ફાર્મ બનાવી અને એ વખતે પશુધન બચાવવા માટેનું કામ કર્યુ હતું. કમનસીબી એ છે કે આજે એ નોર્થફોર્ડ ફાર્મ છે તે ટાટાને અપાયું છે. વાત એટલી છે કે આ સંસ્કૃતિને બચાવવા દિલીપભાઈ તમે ખેડૂતપુત્ર છો તમારે એની ચિંતા કરવી જોઈએ. અમે તો કરેલી છે. અમે મત નથી લીધા. બહેન. અમે મત નથી લીધા એના નામે એની ચિંતા કરેલી છે. અને એટલા માટે અમારે આમથી તેમ બદલવું નથી પડતું. જે છે તે રહેવાનું છે.

**અધ્યક્ષશ્રી** : આત્મારામભાઈ આપ પોતાની જગ્યા ઉપર જાઓ. પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : કાંઈ વાંધો નથી. ફ્લોર ક્રોસ કરીને ગયા હોય તો અમને વાંધો નથી. ધ્યાન નથી દોરતા.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ આપણી પાસે ઘણાં બધાં કામકાજ બાકી છે. આપ બિલ ઉપર ફક્ત મારી સામે જોઈને વાત કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારે બોલવું છે. પણ મને એમ કે આત્મારામભાઈ પરમેનન્ટ આવ્યા તો ફ્લોર ક્રોસ કરીને પાછા જતા રહ્યા. અત્યારે જે બિલ આવ્યું છે. ગુજરાત પશુ સંરક્ષણ વિધેયક-૨૦૧૧ એમાં તો પશુઓની હેરફેરમાં ગેરકાનૂની રીતે હેરફેર થતી હોય તેમાં સજા વધારવાની જોગવાઈ સાથે આવ્યું છે. હેતુ એવું બતાવેલ છે કે આ પશુ છે, એને વધના ઈરાદાથી લઈ જતા હોય તો એના માટે સજા વધારવાની જોગવાઈ આમાં કરવામાં આવેલી છે. મારે બહુ વધારે ઉલ્લેખ નથી કરવા,પણ જ્યારે વાત કરી છે આત્મારામભાઈ અને શંકરભાઈ બંનેએ કે તમે આ કર્યુ હતું, તે કર્યુ હતું. મારે એટલું જ કરવાનું છે કે હમણા જ ૧૦ કરોડ રૂપિયાનો મીનરલ પાવડર પશુઓ માટે કૃષિ મહોત્સવમાં અપાયો અને કેટલાય ખવાયા અને ગુજરાત હાઈકોર્ટે આખું ટેન્ડર રદ કરવું પડ્યું. આ રેકૉર્ડ ઉપરની બાબત છે. અગાઉ કઈ થયું હોય અને ખોટું થયું હોય તો (xxxx)પહેરાવી દેવાની વાંધો નહિ, નહિતર (xxxx) પહેરવાની તૈયારી રાખવાની. આ પશુધનને શુ કરવા હેરફેર કરવા માટેનું બિલ લઈ આવવું પડ્યું એની પણ એના ઓબ્જેટકમાં બતાવેલ છે. અત્યારે સ્થિતિ શું થઈ છે? પહેલા એવું હતું કે ગાય આપણું

** (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસારઆ શબ્દો પાછા અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

પશુધન છે. શકિતસિંહભાઈએ કહ્યું તે પ્રમાણે સરકારી ખરાબો હોય એમાં પણ ઘાસ ઊગતું હોય એમાં પણ ચરિયાણ કરવા લઈ જાય. ગૌચર હોય તો એના માટેના અનામત હોય એ સિવાય સરકારી વીડીઓ હોય તો એ વીડીઓની અંદર પણ ઘાસ ચરાવવા માટે લઈ જાય. જંગલ ખાતાની અંદર હસ્તકની જેટલી વીડી અને જંગલ હતું એમાં પણ પશુધનને ચરાવવાની છૂટ અપાતી હતી. બધી જગ્યાએ. એટલે થોડા વર્ષોથી આ સરકારે જંગલની અંદર જે ઢોર ચરાવવાની છૂટ હતી અને માનનીય મંગુભાઈ તો પશુપ્રેમી છે પણ કેમ લેવાઈ ગઈ તેની ખબર નથી? જંગલો કોણે વેચ્યા આત્મારામભાઈ જરા મોટેથી કહો અહીં સાંભળે તેમ કહો.

**અધ્યક્ષશ્રી** : આત્મારામભાઈ પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એટલે પશુઓને જંગલમાં જવાની મનાઈ, માલધારીઓ જંગલમાં રહેતા હોય તો તેને પણ ચારણ કરવાનું ન મળે.સરકારી જમીન હતી તે બધી જ જે ખુલ્લી રહેતી હતી અને ચારણનો સમય હોય તે વખતે તેનો ઉપયોગ થતો હતો તે પણ બંધ થઈ ગયું. અમે નાના હતા ત્યારે સરકારી જમીનની અંદર વર્ષો સુધી ઢોર ચરાવવા ગયેલા છીએ. આજે તે બધી જ સરકારી જમીનો કોઈ જગ્યાએ ખુલ્લી રહી નથી. ગૌચર છે તે ગૌચર દિવસે દિવસે ઓછુ કરી અને સરકારી નિયમ તો એવો રાખ્યો છે કે ૧૦૦ પશુ હોય એટલે ૪૦ એકર જમીન અંગ્રેજોના વખતથી નિયમ છે કે ૪૦ એકર જમીન અનામત રાખવાની, પણ તેમાં ૨૦ ટકા ગૌચર આજે બચ્યું નથી. પશુને ચરવાની વાત તો રહેવા દો પણ પશુને ઉભા રહેવાની જગ્યા આજે પણ કયાંય રહેવા દીધી નથી. ઉભા રહી શકાય તેવી જગ્યા નથી. એટલા માટે આજે જે પશુધન ગામડાંની અંદર નભતું હતું તે પશુધન આજે એઠવાડ ખાવા માટે શહેરમાં આવે છે. શહેરમાં પ્લાસ્ટીકની અંદર રહેલો કચરો પ્લાસ્ટીક સહિત ખાય છે. દોજખની જિંદગી જીવતા મરેલા જેવી પશુની હાલત થઈ ગઈ છે. એટલા માટે જો એમાં માલધારી આગેવાનો, માલધારી સંતો, જૈન સાધુસંતો અને બીજા લોકો ચિંતા કરીને આંદોલન કરે તો આપ સૌને તેમાં રાજનીતિ દેખાય કે કોંગ્રેસ દેખાય તો તે વ્યાજબી વાત નથી. પગલાં શું કરવા નથી લેતા? ૧૯૦૪માં એક નોર્થફોર્ડ ફાર્મ બનાવી શકાતું હોય તો આજે બીજા ચાર બનાવવા જોઈએ. એવા ચાર બનાવવા જોઈએ. જેથી આ ઢોર છે તે બીજી જગ્યાએ કતલખાને જવાને બદલે આવા ફાર્મની અંદર રહી શકે. મને આમાંથી પ્રદિપસિંહભાઈ એટલા બધા મિત્રો છે અને એટલા મુદ્દા આપી જાય છે કે હું બોલી શકું. તમે પાંચ દિવસનું સત્ર બોલાવો એટલું બધુ આપી જાય છે. તો પણ ચિંતા કરવાની જરૂર નથી. અહીં તો બોલવું પડે બાકી મને બધા આપી જાય છે. પહેલાં આપ આપી જતા હતા. ૨૦૦૭માં પ્રદિપસિંહભાઈ પણ દેતા હતા. વાત એ હતી.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ તમે સામે જોવાનું બંધ કરો. અધ્યક્ષની સામે જુઓ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું આપની સામે જોઉં છું. ૧૯૦૪ની વાત પૂરી થઈ ગઈ. તે પછી ઘણા બધા મુદ્દા આપેલા છે. બોલીશ હું. કેન્દ્ર સરકારે એક સરકયુલર કર્યો છે.

**અધ્યક્ષશ્રી** : ભરતભાઈ પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પોપટ માટે કયાં જગ્યા રહેવા દીધીછે. બધા ઝાડ કપાઈ ગયા છે. કેટલા બધા ઝાડ કપાઈ ગયા ખબર છે અને મંગુભાઈને પ્રશ્ન પૂછીએ તો એમ કહે કે સબજયુડીસ છે. એટલે પ્રશ્ન પૂરો થઈ જાય. મેન્ગ્રોવ્ઝનો પ્રશ્ન આજે પૂછયો હતો મેં.

**અધ્યક્ષશ્રી** : બેઠા બેઠા પૂછે તેના પ્રશ્નનો જવાબ આપવાનો ન હોય.

**શ્રી વજુભાઈ વાળા** : બધાને સાહેબે ના પાડી છે. અધ્યક્ષશ્રીની સામે જોઈ બોલવાનું હોય.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબે ના પાડી છે સાહેબનું માનો આપ.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે બેઠા બેઠા કોમેન્ટ ન કરો પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પશુ ઉપર ક્રુઅલ્ટી ન થાય, આખરે એની હત્યા થાય, વધ થાય એમાં ક્રુઅલ્ટી, અથવા તો એની હત્યા ન થાય એટલા માટે કેન્દ્ર સરકારે એક સરકયુલર મોકલેલો, અને દરેક જિલ્લાની અંદર .સોસાયટી ફૉર પ્રિવેન્શન ઑફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ. એ નામની એક સંસ્થા કલેક્ટરના અધ્યક્ષપદ હેઠળ બનાવવાની હતી, એના માટે દરેક જિલ્લાને ગ્રાન્ટ પણ આપવાની હતી. ૨૦૧૦-૧૧ સુધીમાં સાડા દશ કરોડ રૂપિયાની ગ્રાન્ટ મળવાપાત્ર હતી પરંતુ પ્રાણીઓની ચિંતા કરવાની વાત કરતી આ સરકારે આ સોસાયટી આજ દિવસ સુધી બનાવી નહીં, અમારા સભ્યશ્રી માનનીય નિરંજનભાઈએ જ્યારે પ્રશ્ન પૂછ્યો ત્યારે ઓચિંતી કમિટીઓ બનાવવાની શરૂઆત થઈ, પરંતુ ત્યાં સુધીમાં આ પ્રાણીઓ ઉપરની જે ક્રુઅલ્ટી ઓછી કરવા માટે જે ગ્રાન્ટ મળવાપાત્ર હતી એ લેપ્સ ગઈ, માનનીય અધ્યક્ષશ્રી, ભાષણ કરવું અને ખરેખર પ્રાણીઓની ચિંતા કરવી એ બેમાં ખૂબ મોટો ફરક હોય છે અને એટલા માટે બિલને કાયદાઓ તો આ ગૃહે ઘણા પસાર કરેલા છે અને સરકારના હાથમાંય કાનૂન છે એ પછી દારૂબંધીનો કાનૂન હોય કે ગૌહત્યાબંધીનો કાનૂન હોય કે ગૌચરની સરંક્ષણ કરવા માટેનો કાયદો હોય આ બધા કાનૂન, કાયદા, નિયમો છે જ, પણ આ ખુલ્લી જમીનો છે એ હવે આ ચાર પગવાળા જે પ્રાણીઓ છે એના માટે થોડીઘણી રહેવા દઈએ, તો કતલખાને જતી ગાયો જરૂરથી અટકશે, કોઈ ખેડૂતને કે કોઈ માલધારીને પોતાની ગાય છે એ પાંખડી થઈ જાય અથવા તો બળદને આપણે એમ કહીએ કે એની ધાર પૂરી થઈ જાય, એના પછી છોડી દેવાની કોઈની ઇચ્છા હોતી નથી. મને યાદ છે કે આપણા ગૃહમાં બેઠા છે એ બધાને યાદ હશે કે બળદ એ જ્યારે એની ધાર આઠ ધાર કે નવ ધાર કે દશ ધાર પૂરી થઈ ગઈ હોય પછી

આપણે એને છોડતા નહીં, એ ઘરઆંગણે બાંધ્યો રહેતો અને ગાય પાંખડી થઈ ગઈ હોય, દૂધ દે નહીં ત્યારે પણ આપણે એને છોડતા નહીં, એ આપણા ઘરઆંગણે મરી જતી અને એ વખતે આપણે પશુ મરી જાય એની પાછળ બીજ રહેતા હતા બધા જ, બહેનો છે એ અગિયારસ રહે અને ભાઈઓ છે એ બીજ રહેતા હતા. અમે બધા બીજ રહેલા, અને એ પરંપરા આજે તૂટી શું કરવા ? સૌએ આત્મખોજ કરવાની જરૂર છે, રાજનૈતિક પ્રવચનો તો બધાયે કર્યા પરંતુ એ ઘરઆંગણેથી છૂટી નહીં, અને એ જે પ્રાણી ઘરનું હોય, એ પછી ગાય હોય કે ભેંસ હોય કે બળદ હોય એનું નામ લઈને કોઈ ઘરની બેન બોલાવે તો એની પાછળ પાછળ પાણીના હવાડા સુધી જાય અને એની પાછળ પાછળ આવે, એ બેઠી હોય ત્યાંથી નામ દે તો એ ઉભી થઈ જાય, બળદ એનું નામ દે તો ઉભો થઈ જાય આ પ્રકારનો નાતો હતો, એ નાતો છેલ્લા દશકાની અંદર જે પ્રકારે રાજય સરકારે નીતિ અપનાવી એની સાથે પ્રાણીઓ છે એની વાત બહુ સારી કરી હોય પરંતુ વાસ્તવિકતામાં એનો જે હક્ક હતો, પ્રાણીઓનો જે હક્ક હતો એ હક્ક તમે બધાયે છીનવી લીધો અને એના માટે તમને જ્યારે સ્યુટેબલ ત્યાં સુધી એ રાજનીતિ કોમવાદના નામે કરી પરંતુ વાસ્તવિક અમલ કરવાનો આવ્યો ત્યારે તમે ભૂતકાળની અંદર રામનું સુત્ર આપ્યું હતું એવું જ તમારું ગાયનું સુત્ર થઈ ગયું, હવે હું માનનીય દિલીપભાઈને વિનંતી કરીશ કે આ કાયદાનો સારી રીતે અમલ કરે, અમલ કરતી વખતે આમાં જે ચોર લોકો છે એ તો અત્યારે જે વ્યવહાર કરીને છૂટી જાય છે એમ છૂટી જતા હોય છે, અત્યારે પણ ગુજરાતની અંદર રાજસ્થાન અને પંજાબની ગેંગ આવીને આ બધું કામ કરે છે, માલધારીભાઈઓ અને બધાએ અમને વાત કરેલી છે, અને આ કાયદો લઈ આવશો તો પશુપાલકો છે અને અત્યાર સુધી જે પશુઓની હેરાફેરી એક જગ્યાએથી બીજી જગ્યાએ, અમારા ત્યાં આજેય દ્વારકાની અંદર, શ્રી પભુભાભાઈ બેઠા છે, ભોપાભાઈઓ છે એ દર સીઝનની અંદર પોતાનું પશુપાલન સાથે એ વાન કરવા નીકળી જાય છે અને સબસીઝન આવે ત્યારે પાછા આવી જાય છે, એવા કેટલાય લોકો છે એ સતત હેરાફેરી કરતા હોય છે, એમના ઉપર ત્રાસ ન થાય એની કાળજી ચોક્કસપણે લેવી જોઈશે નહીં તો ચોર લોકો તો પકડાતાં પકડાશે પરંતુ જેન્યુઈન પશુપાલકો છે, ખેડૂતો છે એ દંડાવાના છે એમની કાળજી બરાબર લેવાય એવી વિનંતી સાથે હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ(શહેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૪૦-સન ૨૦૧૧નું ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) વિધેયક લઈને આવ્યા છે એના સમર્થનમાં હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજેન્દ્રસિંહજીએ જે કોમેન્ટ કરી છે ત્યારે મારે કહેવું છે કે અમારો તો ધંધો છે ગાયો ચરાવવાનો અને ગાયો ચારવા માટેનો. વીર ભાથીજી મહારાજે જે કર્યું હતું તેમ એમનામાં જો જરા પણ ક્ષત્રિયપણું હોય તો જેમ વીર ભાથીજી મહારાજે ફાગવેલની અંદર લગ્નની ચોરીની અંદરથી છેડા કાપીને, વરમાળા તોડીને ગાયોનું રક્ષણ કરવા માટે ગયેલા. ત્યારે મારે કહેવું છે મારા સામેના મિત્રોને કે એમનામાં જો ખરેખર ક્ષત્રિયપણું હોય તો ગાયોની રક્ષા કરવાની ખાતરી આપે તો મને ખૂબ આનંદ થશે. (અંતરાય) અમારો તો ધંધો છે ગાયો ચરાવવાનો અને ગાયો લઈને ફરવાનો અને ભગવાન કૃષ્ણએ પણ ગાયો ચરાવવાનું કામ કર્યું હતું કારણ કે, ગાયની અંદર ૩૩ કરોડ દેવતાઓનો વાસ છે. અને ૩૩ કરોડ દેવતાનો વાસ ગાયમાં છે એટલા માટે આ સમાજને ઉદાહરણ પૂરું પાડવા માટે ભગવાન કૃષ્ણએ પણ ગાયો ચરાવી હતી અને આપણને, આપણા સમાજને એમણે ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે રાજેન્દ્રભાઈને કહેવું છે કે તમારામાં જરા પણ ક્ષત્રિયપણું હોય તો આ દેશની અંદર ગાયોની કતલ થતી હોય એવી એક પણ જગ્યા હોય અને એવું એક પણ કતલખાનું ચાલતું હોય ત્યાં જઈને એક પણ ગાય બચાવી હોત તો મને આનંદ થાત. માનનીય અધ્યક્ષશ્રી, સંત કબિરે એક પંક્તિ કહી છે. ' દુબળ કો ન સતાઈએ, જાકી મોટી સોય, મુલ ખાય સાંસ સે લોહ ભષ્મ હો જાય.' માનનીય અધ્યક્ષશ્રી, આ દેશમાં ૧૭૬૦માં એક પણ કતલખાનું ન હતું ત્યાર પછી અંગ્રેજોએ આવીને આ દેશની અંદર કતલખાનાની શરૂઆત કરી અને શરૂઆત કર્યા પછી એ પરંપરા જાળવી રાખવાનું સૌથી મોટું કોઈ પાપ કર્યું હોય તો કોંગ્રેસના નેતાઓએ કર્યું છે. મને કહેતા આનંદ થાય છે કે જ્યારે આ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઈ મોદીએ આજે ગૌહત્યા પ્રતિબંધના કડક કાયદાનો અમલ કરવાનું કામ કર્યું છે એવું કામ આ દેશની અંદર બીજી કોઈ પણ સરકારે કર્યું નથી. એટલે મારે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય કૃષિમંત્રીશ્રી દિલીપભાઈને લાખ લાખ અભિનંદન આપવા છે. કારણ આને માટે સંવેદના જોઈએ. કોંગ્રેસના મિત્રોમાં આ સંવેદના છે જ નહીં. કયારેય આવવાની નથી અને એનો તાજો દાખલો છે રામલીલાના મેદાન ઉપર પુજ્ય રામદેવજી બાબાએ જે આંદોલન કર્યું ભ્રષ્ટાચાર નાબૂદ કરવા માટે અને જ્યારે રામદેવજી બાબા ઉપવાસ ઉપર બેઠા હતા ત્યારે એની અંદર રાજબાને મારી નાંખવાનું કૃત્ય કોઈએ કર્યું હોય, સ્ત્રી હત્યાનું પાપ કોઈએ કર્યું હોય તો મારી સામે બેઠેલા કોંગ્રેસના મિત્રોએ કર્યું છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય જેઠાભાઈ, આપ બિલ ઉપર આવી જાવ.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, ઝાડ કાપવાના કૌભાંડની વાત કરી ત્યારે કોઈ બોલ્યું ન હતું પણ મારે કહેવું પડશે કે ઝાડ કાપવાનું કૌભાંડ એમના વખતમાં એમના મુખ્યમંત્રીશ્રીના વખતમાં જ થયું હતું અને જ્યારે તપાસ થઈ અને તપાસ પંચે રિપોર્ટ આપેલો કે આટલા બધા ઝાડની કતલ દક્ષિણ ગુજરાતમાં થઈ છે એની તપાસનો રિપોર્ટ ગુજરાત સરકાર પાસે પડ્યો છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય જેઠાભાઈ, આપ બિલ ઉપર જ વાત કરો.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું બિલ ઉપર જ બોલું છું. એમણે બોલેલા શબ્દો જ હું એમને પાછા આપુ છું. માનનીય અધ્યક્ષશ્રી, આજ દિન સુધી કોંગ્રેસના મિત્રોએ, કોંગ્રેસના નેતાઓએ ગોપાલકો સાથે જે અન્યાય કર્યો છે તેવો અન્યાય આ દેશની અંદર કોઈ પણ સરકારે કર્યો નથી. ગોપાલકો સાથે એટલો મોટો અન્યાય કર્યો છે કારણ કે એમણે કસાઈઓની ફેવર કરી છે, આ કોંગ્રેસની સરકારો કરી રહી છે. હવે તેમની જવાની તૈયારી થઈ રહી છે. ટૂંક સમયમાં આ દેશની પ્રજા, આ દેશના લોકો તેમને જવાબ આપવાની તૈયારીમાં છે. . . અંતરાય . . આ બિલ ઉપર જ બોલું છ

માનનીય અધ્યક્ષશ્રી, હું ટુજી, ત્રીજી અને ફોરજીની વાત કરતો જ નથી હું બિલ ઉપર જ બોલું છું. આ દેશની અંદર જેણે સ્ત્રી હત્યાનું પાપ કર્યુ છે તેમની તૈયારી છે પીળી ટોપી પહેરવાની. ચિંતા કરવાની જરૂર નથી. પરમ પૂજય મોરારીબાપુએ જે દેવનરનું કતલખાનું ચાલતું હતું તેમાં ૩૦ હજારથી ૬૦ હજાર ગાયો મહારાષ્ટ્રની અંદર કપાતી હતી ત્યારે આ કોંગ્રેસના મિત્રોને દેખાતું નહોતું, આજે પણ દેખાતું નથી કે જો આ કોંગ્રેસની સરકાર છે જો તેમને ગાય પ્રત્યે પ્રેમ છે, ગૌમાતા ઉપર પ્રેમ છે, લાગણી છે અને અમારા માલધારી સમાજના લોકોને ચડાવીને રાજનીતિ કરવા માટે ચાલુ કર્યુ છે તો મારે તેમને પૂછવું છે કે તમારી ત્યાં સરકાર છે તો તમે ગૌમાતા માટે શું પ્રયત્નો કર્યા છે ? કતલખાનું બંધ કરાવવા માટે કોઈ પ્રયત્નો થયા છે ખરાં ? માલધારી સમાજને ગુમરાહ કરવાનું કામ કરે છે, રાજકારણ ખેલવાનું કામ કરે છે ત્યારે મારે તેમને ચોક્કસ કહેવું છે કે માલધારી સમાજ તે ભોળો ભાળો સમાજ છે, ગરીબ સમાજ છે આ સમાજને ભોળવશો નહીં તમારે રાજકારણ કરવું હોય તો અમારી ૨૫ તારીખની રેલી આ ગુજરાતના મુખ્યમંત્રીએ સાબિત કરી આપ્યું છે " ના ભૂતો, ના ભવિષ્યતી " આવી મોટી રેલી કયારેય જોઈ નહીં હોય અને જોયા પછી તમે બધાય ટાઢા હેમ થઈ ગયા છો. તમારા મોઢાના ફેઈસ રીડીંગ કરીએ છીએ તો બધાના નૂર જતાં રહ્યાં છે. બધા મિત્રોના નૂર જતાં રહ્યાં છે. ટૂંક સમયમાં ૨૦૧૨માં આનો જવાબ તમને મળી ગયેલો છે એમ માંડીને આજથી તમે ચાલવા માંડો(અંતરાય) હવે એ રાજા ગયા, હવે બીજા રાજાનો વારો છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વની વંદનીય ભારતીય સંસ્કૃતિ આદર સમી ગૌમાતા વંશનું નિકંદન કરનારાઓને સમજી લેવાની જરૂર છે. કર્મના સિદ્ધાંત અનુસાર તેના ચામડામાંથી બનાવાતી ધમણ અગથ, અબોલ માનો એક નિસાસો લોહને ભસ્મ કરનારો છે તેમ તેમની કુદરત પાસે શું ઓકાત છે. ૩૩ કરોડ દેવતાઓનો જેમાં વાસ છે, ભારતીયો માટે વિશ્વ માતા તરીકે પૂજનીય છે તેના પર સમર્થન કરવા માટે સમગ્ર અર્થ અને સંસ્કૃતિનો આધાર છે. અને પૃથ્વી ઉપર જન્મ લઈને માનવ જીવન માટે એક કામધેનુ સ્વરૂપે સમગ્ર જીવન ખર્ચે છે તેના ઉપર થનાર દરેક જુલમ કોઈ પણ ધર્મ માફ નહીં કરી શકે. ભારતીય અર્થને મૂલાધાર ગૌવંશ છે. ગાય અને તેના વંશના કારણે દેશને હરિયાળી ક્રાંતિ અને શ્વેત ક્રાંતિ ચાલી રહી છે. સમગ્ર ભારતની અંદર ગ્રામ સ્વરાજ્યની પરિકલ્પના કરનાર સાકાર કરવા માટે દેશની આર્થિક પરિસ્થિતિ અને બીજ રોપવામાં ભારતીય સંસ્કૃતિ કેન્દ્ર સ્થાને રહેલી છે. ગૌમાતાને પ્રાચીનકાળથી કામધેનુ તરીકે આપણે સ્વીકારતા આવ્યા છીએ અને તેના પરોપકારના કારણે માનવીનું અસ્તિત્વ રહેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભાથીજી મહારાજે ગાયની હત્યા માટે તેમનું પોતાનું બલિદાન આપ્યું હતું તેમ ગુજરાતના મુખ્યમંત્રી માનનીય ભાથીજીના મંદિરથી ગૌરવ યાત્રા કાઢીને આ ગુજરાતનું ગૌરવ વધારવાનું કામ કર્યુ છે અને બીજુ એક ગૌરવ વધારવાનું કામ ગૌહત્યા અટકાવવા માટેનો જે પ્રયત્ન થઈ રહ્યો છે તે પ્રયત્નને હું બિરદાવું છું, અભિનંદન આપું છું, કોટી કોટી વંદન કરું છું અને આ બિલ લાવ્યા છે તે બિલને સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પશુ સંવર્ધન (સુધારા) બિલ જે લઈને આવ્યા છે, એના ઉપર મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય મંત્રીશ્રીએ શરૂઆતમાં સુધારા બિલની અંદર જે કાંઈ સુધારા મૂકયા, એ સુધારામાં ગાયોની હેરફેર થાય, પશુધનની કતલ થાય તો એના માટેના સુધારામાં ગાડીઓ ડીટેઈન કરવી, માણસોને સજા કરવી, દંડ કરવો એવી ભારે સજા કરવા માટેના સુધારા લઈને આવ્યા છે. ત્યારે માનનીય મંત્રીશ્રી બોલતા હતા કે સામેવાળા સહકાર આપે તો કડકમાં કડક સજા કરવાની અમારી તૈયારી છે. બિલ તમે લઈને આવ્યા છો. જે સુધારા લઈને આવ્યા છો, સુધારા કરવા હોય તો એ કરવાની છૂટ આપીએ, પણ કડકમાં કડક કાયદો બનાવો, પણ ગૃહમાં ખાતરી આપો કે આ કાયદા પછી એકપણ ગાયની કતલ નહીં થાય. એવી ખાતરી આપો તો પૂરેપૂરો સાથ અને સહકાર છે. ગૌશાળાની બાબતમાં વાત થઈ. ત્યારે નેતાશ્રીએ વાત કરી કે પશુધનને બચાવવું હોય તો ગૌશાળામાં વધારેમાં વધારે સવલત આપીને, સબસિડી આપીને મોકલી આપો તો પશુઓની કતલ નહીં થાય. મેં જોયું તે પ્રમાણે ઘણી જગ્યાએ ગૌશાળામાં ગાયો મરી રહી છે. પેપરોમાં ફોટા જોયા છે. ત્યારે સરકારની જવાબદારી થાય છે કે તેમને સબસિડી આપીને બચાવવા જોઈએ. વાતો કરવી સારી છે, પણ પશુધનને બચાવવાના પ્રયત્નો થતા નથી. કાયદો લઈને આવ્યા પણ રાત્રે રોડ ઉપરથી ગાયો ઉઠી જાય છે, કેમ્પમાંથી ઉઠાવી જાય છે. બીજી રીતે પણ ઉઠાવી જાય છે. તેમની કતલ કરીને મુંબઈ અને અમદાવાદ સુધી આવતી હોય ત્યારે એ ગાયોને કેવી રીતે ઉઠાવી જાય છે?

એને હેલિકોપ્ટરમાં નથી ઉઠાવાતી. એને ટ્રકમાં લઈને જયારે જતા હોય ત્યારે આ રાજયના કાયદા, આ રાજયની બેદરકારીને કારણે રોડ ઉપર ટ્રક જતી હોય ત્યારે પોલીસને ખબર પડતી નથી? ઓવરલોડની ટ્રક પકડી રોકી શકે અને એની પાસેથી પૈસા લઈ શકે, પણ ગૌમાંસ ભરેલી હોય ત્યારે નીકળી જતી હોય છે. પોલીસ ખાતાની બેદરકારીને કારણે એ જાય છે. રાત્રે કયાંથી ઉઠાવી જાય છે? માલધારીઓના કેમ્પમાંથી ઉઠાવી જાય છે. એકવાર આવી રીતે ઉઠાવતા પકડાયા પણ ખરા, મારામારી પણ થઈ પણ એમાં કોઈ કાર્યવાહી થઈ નથી. પશુધનની હેરફેર થતી હોય. હું અમૂલ લઈને બેઠો છું. અમારે પંજાબથી ગાયો લાવવી પડતી હોય છે. નાના ખેડૂતો પંજાબમાંથી અને બીજા રાજયમાંથી ગાય લાવતા હોય ત્યારે રસ્તામાં બી.જે.પી. કે કોઈપણ મિત્રો ટ્રકને રોકે અને એની તપાસ કર્યા વગર પોલીસ સ્ટેશને લઈ જાય છે અને ગૌશાળામાં મોકલી આપે છે અને પેલાને જેલમાં નાંખી દે છે. એના માટે કાયદો યાદ કરાવે છે કે તમારે મામલતદાર ઓફિસે ખાતા મારફતે જવાબદાર અધિકારી મારફતે પરમિટ લેવાની. આવો કાયદો તો વર્ષોથી છે જ. જે ગાય જયારે હેરફેર કરવાની હોય ત્યારે અધિકારી પાસે પરમિટ લઈ લે, પણ એક ગાય માટે ૨૦ રૂપિયા અમારે ભરવાના? એક ગાય માટે ૨૦ રૂપિયા રાખ્યા છે. પરમિટ લેવાની અમારી તૈયારી છે, પણ અત્યારે પણ છે, તો એ ૨૦ રૂપિયા કાઢી નાંખો. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, બીજું કે ઉનાળાની સીઝન આવે છે ત્યારે ગાયોને પાણી અને ઘાસની તકલીફ પડે છે ત્યારે સૌરાષ્ટ્ર અને બનાસકાંઠામાંથી માલધારીઓ ઘેટાં, બકરાં, ગાયો વગેરેનું સ્થળાંતર અમારી બાજુ થતું હોય છે. મોટી સંખ્યામાં સ્થળાંતર થતું હોય અને ગાયો બિમાર હોય અને પશુપાલનનો ધંધો હોય ત્યારે એને ટ્રક કે ટેમ્પામાં ટ્રાન્સફર કરે ત્યારે એમને પણ પરમિટ લેવા જવાનું? આ બાબતમાં ખુલાસો કરે તો વધારે એ થશે. કારણ કે મેં જોયું છે કે દર ઉનાળામાં અમારી બાજુ ટ્રાન્સફર થતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, પશુધન અને ગાયોની વાત કરતા હોઈએ અને કૃષ્ણ ભગવાનની વાત કરી હોય ત્યારે ગામડામાં જોયું છે કે પશુપાલનનો ધંધો વધારેમાં વધારે છે. ગાયો અને ભેંસો બન્ને રાખે છે. અત્યારના સંજોગોમાં અમૂલના મારફતે, મોટા મોટા મંડળો મારફતે અમે ગોચરની જમીન માગી કે અમે પાણીની સગવડ કરીએ, પશુપાલન માટે અને ગાયો માટે ઘાસ ઉગાડવાની અમારી તૈયારી છે. એકપણ જગ્યાએ અમને ગોચરની જમીન મળી નથી. કપડવંજમાં અમે ગોચર માટે ગયા તો અમને કહે કે અહીં હેલિપેડ બનાવવાનું છે માટે ગોચર ન મળે. માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે કાયદો તો બનાવો, કડક બનાવો, પણ એકપણ ગાયની કતલ ન થાય એવી જવાબદારી સાથે સ્પષ્ટતા કરશો. હું વધારે કંઈ કહેવા માગતો નથી, મેં અમૂલની સ્કીમની એક વાત કરી એમાં વિનંતી કરુ છું કે અમારા ખેડૂતભાઈઓ જ્યારે ગાયો ખરીદવા માટે જાય ત્યારે ખેડૂતોને હેરાનગતિ ન થાય એના માટે માનનીય મંત્રીશ્રી પોતાના પ્રવચનમાં ખુલાસો કરે જેથી ખેડૂતો કોઈપણ જાતની હેરાનગતિ વગર ગાયો લાવી શકે.

માનનીય જેઠાભાઈએ ભાથીજી મહારાજની વાત કરી. ભાથીજી મહારાજ ચોરીની અંદર લગ્ન વિધિમાં બેઠા હતા ત્યારે ખબર પડી કે ગાયોની કતલ થઈ રહી છે ત્યારે માથેથી ફેંટો હટાવીને તલવાર લઈને ગાયો બચાવવા માટે દોડી ગયા અને ફાગવેલની અંદર ગાયોને બચાવવા માટે પોતાનું મસ્તક આપી દીધું એ ભાથીજી મહારાજ અમારા વડીલ જેમણે આ કામગીરી કરી છે ત્યારે ખરેખર ધન્યવાદ તો એમને આપવાની જરૂર છે. અહીંયા ગાયો માટે બિલ લાવ્યા છે ત્યારે એને ધન્યવાદ આપો છો પરંતુ સાથે સાથે પોતાના જીવનું બલિદાન આપનાર ભાથીજી મહારાજને પણ ધન્યવાદ આપો એવી મારી વિનંતી છે.

છેલ્લે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે મેં જે સૂચન કર્યુ એનો ખુલાસો કરે તેવી મારી વિનંતી છે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૪૦-સન ૨૦૧૧નું ગુજરાત પશુ સંરક્ષણ સુધારા વિધેયક લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

ગાય, ગંગા અને ગાયત્રી એ હિન્દુ સમાજના અંગ છે, અને દયા ધર્મનું મૂળ છે એવી જે કંઈ સંસ્કૃતિ એ સંસ્કૃતિની અંદર દરેક જીવના ભલા માટે પ્રાર્થના કરવામાં આવતી હોય, દરેક જીવને માટે હું કંઈક કરુ, સમર્પણ કંઈક કરુ અને મારા જીવનમાં જે સુખ છે એ સુખ આપવા માટે એક કીડી પણ કંઈક કરે એના ઋણનો સ્વીકાર કરે છે તેવી સંસ્કૃતિ એ સંસ્કૃતિને જે રીતે આઘાત પહોંચાડવામાં આવ્યો છે એ આઘાતની અંદર અનેક લોકોએ બલિદાન આપીને એ ઉજ્જવળ પરંપરા ગાયમાતાના રક્ષણની સાચવી છે.

માનનીય શકિતસિંહભાઈએ ખૂબ સરસ વાત કરી, એમના પૂર્વજોએ ગોહિલ વંશના શૂરવીર લોકોએ ગાય માતાના રક્ષણ અને ભાથીજી મહારાજ તથા બીજા અનેક લોકોએ બલિદાનો આપ્યા છે એ પરંપરાને આધાર પછી પણ આપણી નજર સામે ગાયની હત્યા થાય એ જોવું પડે એનાથી વધારે પીડા શું હોઈ શકે? એ પીડાને રોકવા માટે જ્યારે સન્માનનીય ગૃહ સમક્ષ આપણા માનનીય મંત્રીશ્રી દિલીપભાઈ આ વિધેયક લઈને આવ્યા છે ત્યારે એને સમર્થન આપવું જ પડે.

માનનીય અધ્યક્ષશ્રી, મારો મત વિસ્તાર રાજસ્થાનને અડીને આવેલો છે. આદરણીય શંકરભાઈએ વાત કરી. દત્ત શરણદાસજી મહારાજ ૧ લાખ ૮૦ હજાર ગાયોને સાચવે છે એ જઈને જોઈએ તો આનંદ થાય. ૨૨૦૦ એકર જમીન એમણે પોતે રાખી છે અને એની અંદર એમણે વ્યવસ્થા કરી છે. કળીયુગના એ કૃષ્ણ સાચા

અર્થમાં ગાયની સેવા કરી રહ્યા છે. રાજનીતિના આટાપાટામાં વાત કરતાં કરતાં પછી માનનીય શકિતસિંહભાઈએ જે એનું સત્વ હતું એમનું જે હાર્દ હતું એ ગુમાવીને રાજકારણની વાત ઉપર ઊતરી ગયા. આપણે અહીંયા કવિ દલપતરામ એમણે જે બાવન પ્રકારના લોકો માટે.....૫૨ પ્રકારના લોકો માટે એક સરસ બોધ લખેલો છે. એમાં સૌથી પહેલાં એવું લખેલું છે કે,

" કરી ભરો સો કરમનો, કહે થશે થનાર આફત જે ઉદ્યોગને એ પણ એક ગમાર.

એની અંદર એમણે ૫૨ પ્રકારના લોકોને ગમાર કહ્યા છે.

**સભાગૃહનો સમય લંબાવવા બાબત.**

**શ્રી પંકજકુમાર વી. દેસાઈ (મુખ્ય દંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલ ૩, ૪ અને ૫ નંબરનું કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બધા સભ્યોની લાગણી એવી છે કે, એક દિવસ વધારી દઈએ તો બધાને બોલવામાં સારી તક મળે. માનનીય મંત્રીશ્રીએ કહ્યું તે રીતે એને મર્યાદામાં રાખીને જલદી પૂરું કરીએ તો સારું.

**અધ્યક્ષશ્રી** : આજના દિવસનું કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, એ જ વાત આગળ વધારતાં કવિ દલપતરામે એમ કહ્યું છે કે,

"છેતરવા જન જાતને હિકમત કરે હજાર,
નીતિની રીતિ તજે એ પણ એક ગમાર,
હસે ભસે લડવા ધસે ભરી સભા મોઝાર
માણસની મરજાદ નહિ, એ પણ એક ગમાર
સાચી વાત જાણે કરે ખોટો કકળાટ
ભલી વિચારે ન કોઈનું એ પણ એક ગમાર."

માનનીય અધ્યક્ષશ્રી, આપણી પાર્ટીના એજન્ડા હોઈ શકે. પરંતુ આ દેશની જે મુળ સંસ્કૃતિ છે. જેના કારણે લોકશાહીના અધિકારો આપણને પ્રાપ્ત થયા છે. જેના કારણે વાણી સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયું છે. જેના કારણે એક આઝાદ નાગરીક તરીકેની અભિવ્યકિત કરી શકીએ છીએ. એવી આપણા બંધારણે આપણને જે ભેટ આપી છે. આ માળખાનું જતન કરવા, એને જાળવવા, એને સુદૃઢ કરવું એ આપણી પોતાની ફરજ બને છે. *(xxxx) પણ ગૌમાતા? હું તમને તમે (xxxx)રાજનીતિ કરી શકો છો. મેં કાંઈ ખોટું કહ્યું નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ બિલ ઉપર જ વાત કરો. હું રેકર્ડ જોઈ લઈશ. પછી એને દૂર કરીશ.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : (xxxx)રાજનીતિ કરી શકો. પરંતુ માના નામે સંસ્કૃતિનું એક જે ઉંચું સ્થાન પ્રાપ્ત છે એવી ગૌ માતાના નામે રાજનીતિ ન કરો એવી વિનંતી કરું છું. એક વાત સન્માનનીય સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું કે " સત્તરહવી શતાબ્દી મેં ભારત આને વાલે વિદેશી યાત્રિયોં ને એસી અનેક ઘટનાઓં કા ઉલ્લેખ કર બતાયા હૈ કી ગૌ વધ કરને વાલો કો બાદશાહ ને પ્રાણ દંડ તક દીયે હૈ, જબ ભારત કા શાસન સૂત્ર તૈમૂર વંશીય શાસકોં કે હાથ આયા, બાબર બાદશાહ બના ઉસને અપને પુત્ર હુમાયુ કે નામ પત્ર લિખા જો આજ ભી ભોપાલ કે નવાબ કે પુસ્તકાલય મેં સુરક્ષિત હૈ ઉસકી પ્રતિ છપરા(ઉત્તર પ્રદેશ) કે એક નેતા ડોકટર સૈયદ મહેમૂદને મોર્ડન રીવ્યૂ મેં લેખ નિકાલા થા ઉસમેં બતાયા ગયા હૈ " એ મેરે પુત્ર, ભારત વર્ષ મેં વિભિન્ન સમ્પ્રદાય કે લોગ હૈ, પરમાત્મા કા ધન્યવાદ હૈ કિ ઉસને તુમ્હારે હાથ મેં દેશ કા શાસન સૂત્ર સૌંપા હૈ, તુમ્હે અપને મન સે ધાર્મિક પક્ષપાત અલગ કરના ચાહિયે, પ્રત્યેક ધર્મ કે નિયમાનુસાર ન્યાય કરના ઔર વિશેષ કર ગૌ હત્યા સે પરહેજ રખના. આ બાબતે એના પુત્ર હુમાયુને લખ્યું છે. આજે હું બધાને કહુ છું હું પોતે ગાય રાખુ છું. ગાયની આંખની સામે તમે નજર મેળવજો, એની અંદર જે પવિત્રતા, એની અંદર જે તેજ, એની અંદર જે કરુણા આપણું સંવેદનશીલ હૃદય હોય તો એને ઝીલી શકે છે. એટલું પવિત્ર પશુ દુનિયામાં બીજું કોઈ નથી. એક પુસ્તકમાં એવું લખ્યું છે, તલ એ ધાન નથી, પીપળ એ વૃક્ષ નથી. ગાય એ પશુ નથી. એને પશુ માનવાની ભૂલ ન કરતા, ગાય એ બધા જ તીર્થો છે, એને તમે સ્પર્શ કરો છો તો તમે પવિત્ર બન્યા છો. ગુજરાતના મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઈ એક એવા પવિત્ર મુખ્યમંત્રી છે, જેઓ એમ કહે છે કે રાજનીતિના કે બીજા વ્યકિતગત કોઈપણ સ્વાર્થ માટે થઈને તમારું સત્વ તમે ના ગુમાવશો. આ એમના ભાષણમાંથી મેં કવર્ડ કરેલું વાકય છે. તમે તમારા રાજનૈતિક સ્વાર્થ માટે અથવા બીજા કોઈપણ સ્વાર્થ માટે જયારે તમે તમારું સત્વ ગુમાવો છો ત્યારે તમે તમારી નજરમાંથી નીચા પાડી જાવ છો તો બીજા લોકો તમને આદર આપે જ કયાંથી? એટલે જ ખૂબ સારી રીતે જયારે

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસારઆ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

આ વિધેયક ઉપર ચર્ચા થઈ છે અને સર્વાનુમતે આ વિધેયક પસાર થાય, મારો વિસ્તાર રાજસ્થાનને લાગીને છે અને જયારે જન્માષ્ટમી આવે છે, ક્રષ્ણ ભગવાન ગાયો ચરાવતા હોય છે અને એ વખતે રાજસ્થાન નજીક છે, થોડોક લહેકો મારવાડીનો આવે છે, પણ જે દીકરીઓ ગામની અંદર જે ગીતો ગાય છે , આનંદ થાય એને સાંભળીએ તો પણ આનંદ થાય. એક જ લીટી હું ગાઈશ,.

" કે કાનવાલા ખટીને અડાવો હો ગાયાં,
ખટીને ભાતે હોસરાં રે લોલ. "

આ રાધાજી પૂછે છે હે ક્રષ્ણ ભગવાન તમે ગાય લઈને કઈ બાજુ જાવ છો, હું તમને ભાત આપવા કયાં આવું, આવી સુંદર સુંદર જે કંઈ ગીતો ગાતી બાળાઓને જોઈએ ત્યારે સંસ્કૃતિનું મહત્વ સમજાય.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પશુપાલન મંત્રીશ્રી કૃષિ મંત્રીશ્રી ગુજરાત પશુ સંરક્ષણ સુધારા વિધેયક ૨૦૧૧ લાવ્યા છે, એના ઉપર મારી વાત કહેવા માટે ઉભો થયો છું. સન્માનનીય ગૃહના વિધ્વાન સદસ્યશ્રીઓએ આ વિશે ખૂબ કહયું છે અને માનનીય પશુપાલન મંત્રીની સામે ટીકા ઓછી અને સૂચનો વધારે કરવા માટે અમે ટેવાયેલા છીએ હંમેશા. આ બિલ જે છે એ ગૌમાતા પ્રત્યેનો આપણો ભાવ, દર્શાવવવા માટે , માંનો જે ઉપકાર હોય, કયારેય પણ ભૂલી શકીએ નહીં કારણ કે માં એ જે દુગ્ધપાન કરાવ્યું હોય એ માંને આપણે કયારેય ભૂલી શકતા નથી તો આ ગાય માતાએ આપણને જે દુગ્ધપાાન કરાવ્યું હોય એને કઈ રીતે ભૂલી શકાય અને એ વૃધ્ધ બને ત્યારે આપણે જેમ માની જાળવણી કરીએ છીએ એવી રીતે ગાયોની જાળવણી કરવી જોઈએ. આજે ગાયની જાળવણી કરવા માટે સમાજની અંદર જુદા જુદા વર્ગોના જુદા જુદા અભિપ્રાયો હશે. એક વિચારકે એમ કહ્યું કે આપણે ચોથા ભાગનું પશુધન રાખવું જોઈએ. ત્રણ ભાગ ઓછા કરવા જોઈએ એવી વાત પણ કોઈએ કરી. પણ અમે તો પરંપરાગત, હું જે કૂળમાંથી આવું છું એવા જૈન કૂળમાં તમામ પ્રાણી માત્ર પ્રત્યે સદભાવ હોય અને અહિંસા અને એની જાળવણી કરવા માટે પાંજરાપોળ અને ગૌશાળાઓ ચાલી રહી છે. અમારા માનનીય નેતાશ્રી શક્તિસિંહભાઈએ કહ્યું કે એમના વડિલોએ માથા આપ્યા છે. ભાથીજીની વાત કહેવાઈ. રામસિંહભાઈએ કહ્યું કે એમના વડિલો ગાયો માટે શહિદ થયા. આપણા કૂળદેવતાઓમાં પણ કેટલાક, અમારે ત્યાં પાલુજી રાઠોડ ગાયો માટે વિરગતી પામેલ. પણ જૈનો તો હંમેશા આ જે પશુધન છે એની જાળવણી માટે થઈને જાણીતા છે અને એટલે જ મહાજનનું બિરુદ મળેલ છે. હું ક્યાંય અધિકારી નથી પણ અનેક પાંજરાપોળોના પૂરક બનવાનો હું પ્રયત્ન કરતો હોઉ છું. સંસ્કૃતિ સાથે હમણાં સરસ મજાની કૃષ્ણ યુગની વાત કરી. પણ આજની વાત કરીએ તો રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી મહુવાના તખપર ગામે ખારવાના ગીતો લેવા માટે ગયા હતા અને અહીંની ખારવા બહેનો મહુવામાં મિલમાં કામે જતી હતી અને એમની રાહ જોવા માટે ઊભા હતા અને સાંજે જ્યારે આ બહેનો આવતી હતી ત્યારે એ કપાસની રૂવાંટીઓ લાગી હતી ત્યારે માનવ ગાવડીઓના ધણ તરીકે એને વર્ણવી હતી. ગાયો સીમમાં ચરીને આવે ત્યારે વાછરૂની સંભાળ લેવા દોટ મૂકે છે તેની યાદ મેઘાણીએ માનવ ગાવડીમાં ધણની સરખામણી કરી હતી. અમારા કચ્છના કવિ કારાણી એમ કહે કે, "કારા ડુંગર કચ્છ જાને ધોરા ધણ ધરે, સી એથે સામા અચે." સાંજે ગૌધણ આવતું હોય ત્યારે તે આનંદ આનંદ થઈ જાય એ સંસ્કૃતિની વાત છે. સંસ્કૃતિને જાળવવા માટે આપણી પરંપરાગત રીતે ગૌચર માટેની એક ખાસ વ્યવસ્થા હતી. ગામની ખેતીની જમીન હોય, ગૌચર પણ એ જ પ્રમાણમાં હોય. આજે ગૌચરની હાલત શું થઈ છે? માનનીય પશુપાલન મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે ગૌચર આપના હસ્તકનું ખાતું નથી. મહેસૂલ વિભાગ પાસે હોય છે. મહેસૂલ વિભાગ કોઈ પ્રસ્તાવ કરીને ક્યાંક ગૌચર અમે આપીએ છીએ પણ નવું ગૌચર કરવા માટે ૩૦ ટકા ચાર્જ લઈએ છીએ. માનનીય મહેસૂલ મંત્રીશ્રી બેઠા છે એમના ધ્યાને મૂકીશ કે માત્ર મુંદ્રા તાલુકામાં ૧૦ ગામની અંદર ૧ કરોડ ૫૮ લાખ મીટર જમીન ગૌચરની જમીન, કોઈ જગ્યાએ ૩ રૂપિયે મિટર તો કોઈ જગ્યાએ ૮ રૂપિયે, ૧૧ રૂપિયે અને વધુમાં વધુ ૨૫ રૂપિયે મિટર જમીન અને એના ૩૦ ટકા ગણીએ તો સાડા સાત રૂપિયા થાય. જો જંત્રીના ભાવે ૧૦૦ ટકા ગણીએ તો ૩૦૦ રૂપિયા થાય. જંત્રીના ભાવે વસુલાત થઈ હોત તો ૧૩૫ કરોડ રૂપિયા ગૌચરના મળી શક્યા હોત એની સામે માત્ર ૩ કરોડ ૬૫ લાખ મળ્યા છે. ઝારપરામાં કોન્ટ્રાવર્સી ઊભી થઈ ત્યારે સરકારી ગૌચરને ડેવલપ કરવા માટે જમીન લઈને એમાંથી ૩૦ ટકાથી ગૌચર નવું ડેવલપ થઈ જાય. ૧ કરોડ ૫૮ લાખ મિટરની જમીન સામે ૬ કરોડ જમા થયા છે. કેટલા જમા થઈ શક્યા હોત? લગભગ ૩૫૦ કરોડ જમા થઈ શક્યા હોત. એ થયા હોત તો એમાંથી નવું ગૌચર ડેવલપ કરી શકતા અને થોડા પશુઓને રાખી શકતા. આ એટલા માટે કહું છું કે ગૌચરની જમીન નહીં હોય ત્યાં સુધી ગાયોની જાળવણી તમે ઘરમાં રહીને કરી શકશો નહીં. પાંજરાપોળો આ જવાબદારી સચાવી શકે એટલી એમની ક્ષમતા નથી. કારણ કે એમની પાસે જમીનો મર્યાદિત છે. પૈસાની રીતે ક્યાંક લોકો પહોંચી શકે. કિરીટસિંહભાઈ આ ગૃહના સન્માનનીય મંત્રીશ્રી જાણે છે કે મુંબઈમાં રહેતા ધનજીભાઈ ગાયો માટે ખૂબ મોટું દાન કરતા હોય છે. થરાદમાં ૫૦૦૦ ગાયો દાન કરી પણ સરકાર તરફથી જ્યારે દુષ્કાળ આવે ત્યારે કેલિમિટીના નિયમો પ્રમાણે આપણે સબસિડી આપીએ છીએ. એ સિવાયના સમયમાં આપી શકતા નથી. ગૌસેવા આયોગની રચના પણ કરવામાં આવી છે. પણ ગો-સેવા આયોગનું વાર્ષિક બજેટ કેટલું? બે આંકડામાં છે ૧૦ કરોડ, ૮ કરોડ રૂપિયાનું જ બજેટ છે. આમ તો સીંગલ ડિજિટ જ કહેવાય. ગોસેવા આયોગ મારફતે આ પાંજરાપોળ સાથે સીધો સંપર્ક કરવા અને ઉપયોગી થવા માટે થઈને મોટી રાશી જો આપવામાં આવે. આપણે છેલ્લા ચાર-ચાર દુષ્કાળ વખતે

મારે યાદ કરવા જોઈએ અમરસિંહભાઈ ચૌધરીને. કોઈએ અમરસિંહભાઈ ચૌધરીને યાદ કર્યા ખરા? ચાર દુષ્કાળ વખતે અરવિંદ સંઘવી નાણામંત્રી હતા. કોઈપણ પ્રકારનું વધુ કરજ કર્યા વગર રાજ્યની આવકો વધારીને ચાર-ચાર વર્ષ સુધી આ ગાયોનું, પાંજરાપોળ અને ઢોરવાડાઓનું સંચાલન કરેલું. આ રાજ્યની પરંપરા છે અને એ પછીની સરકારો આવી એમણે પણ પાલન કર્યુ છે. આજે આ ગાયોની જાળવણી માટે થઈને આ સન્માનનીય સભાગૃહના બધા જ સભ્યો એક મુદ્દે ચિંતિત છે પણ એને અમલમાં મૂકવા માટે થઈ અને આ કાયદો જ્યારે લાવવો પડે છે ત્યારે માત્ર પશુઓની હેરફેર કરવા માટે થઈને કોઈ વાહનોમાં પશુ જ્યારે લઈ જવાતા હોય અને ત્યારે એમાં કાંઈ ખામી વર્તાય તો એના ઉપરના અસરકારક પગલા લેવા. દુષ્કાળના વર્ષોમાં તો દક્ષિણ ગુજરાતમાંથી પશુઓને લાવવા માટે થઈને વાહનોનો ઉપયોગ કરવો પડેલો. આજે પણ જે બળદોના વેપાર કરે છે એ બધા ભાઈઓ વાહનોમાં બળદો લઈ જતા હોય છે. એક કિસ્સો મને ખબર છે કે રાધનપુરમાં કોઈ પોલીસે ગાડી પકડેલી. રાધ નપુર પાંજરાપોળે છેવટે બળદો આપ્યા નહિ. છેવટે ૪-૫ લાખ રૂપિયાના બળદો પશુના વેપારીના ગયા.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જે ગો-હત્યાનો કાયદો અસરકારક રીતે અમલમાં આવે એ રીતે નામદાર સુપ્રીમકોર્ટે જે ચુકાદો આપ્યો છે એનો યશ ગુજરાત લઈ શકે તેમ છે. આ પિટિશન જ્યારે ૧૯૯૭માં તૈયાર થયેલી. કોંગ્રેસના ટેકા સાથેની રાજપા સરકારમાં માનનીય રણજીતસિંહભાઈ જ્યારે કૃષિમંત્રી હતા અને કૃષિ વિભાગમાં મુખ્ય સચિવશ્રી વી.આર.એસ. કૌલગી હતા ત્યારે એક એનીમલ હસબંડરી પશુપાલન વિભાગના દેસાઈ કરીને જે એક એનીમલ હસબંડરીના અધિકારી હતા. એમણે ૨૩ વર્ષ સુધી બળદોનો ઈતિહાસ જાળવી રાખેલો અને લગભગ ૭૩ કે ૭૪ બળદની જોડી એટલે ૧૪૮ બળદો જે છે એનો રેકોર્ડ એમાં રજૂ કરેલો. આ પિટિશન સાથે જોડેલો. આ પિટિશન જ્યારે થઈ અગાઉ હિમાચલપ્રદેશ અને મધ્યપ્રદેશની પિટિશન નામદાર સુપ્રીમ કોર્ટે રીજકેટ કરેલી. પણ આ પિટિશનની અંદર વધુ યશ સોલીશોરાબજીએ આ પિટિશન ગુજરાત સરકાર વતી લડયા. આ પિટિશન ૧૯૯૮માં કેશુભાઈ પટેલના વખતમાં દાખલ થયેલી આપણી સરકારે પણ સુપ્રીમકોર્ટમાં આવી ત્યારે એ પછી સમયકાળ જતો ગયો અને ૨૦૦૨ ના તોફાનો પછી બધા મોટા વકીલોએ જ્યારે કેસ મૂકી દીધા ત્યારે આ સન્માનીય ગૃહના કાયદા મંત્રી અશોકભાઈ ભટ્ટને મારે યાદ કરવા પડે. એમણે વિનંતી કરી અને સીંઘવી સાહેબને રોકીને આ કેસની અંદર ગુજરાતને જે ગો-હત્યાના પ્રતિબંધ માટેની વર્ષો સુધી આ દેશ ઝંખના કરતો હતો. હમણાંજ કહેવાયું કે એમ.એસ. ગોલવરકીજી નાગપુરથી આવ્યું હતું ત્યારે પણ એમાં ખામી હતી ત્યારે માત્ર ગાયોની હત્યા માટેનો પ્રતિબંધ હતો ગોવંશ માટેનો નહોતો. આ ચુકાદાની અંદર ગોવંશ માટેનો પ્રતિબંધ આવ્યો છે ત્યારે એની અંદર અસરકારકતા ખૂબ સારી બની રહે એ માટે બધાની ઝંખના હોય અને એને કઈ રીતે અમલમાં મૂકાય. પરંતુ એના માટે થઈને અગાઉ કોઈએ દર્શાવ્યું એ પ્રમાણે હાથમાં ગુંમડું થયું હોય તો આખો હાથ ના કાપી નંખાય અને એના માટે થઈને આ પશુઓની હેરાફેરી થઈને જે પ્રકારની હોય એની અંદર વ્યવહારિકતાથી એના માટેના સરળ કાયદાઓ કરવામાં આવે અને તાત્કાલિક ગ્રામ પંચાયત કે તલાટી તરફથી એનું સર્ટિફિકેટ મળવાનું હોય તો આનો અમલ થઈ શકતે બાકી ત્યાં એનીમલ હસબંડરી ડિપાર્ટમેન્ટ પાસે જશો તો દિવસો લાગી જશે અને એટલા માટે થઈને કારણ કે હું જે ક્ષેત્રમાંથી આવું છું એ પશુપાલકોનો વિસ્તાર છે. કચ્છની અંદર બન્ની પ્રદેશના ચણિયારો એશિયાની અંદરના મોટામાં મોટા ઘાસની નદી અને મેં હમણાં જ કહ્યું એ પ્રમાણે જેમ મુસલિમભાઈઓ ગાયોની હંમેશા એમને ત્યાં પશુધન જાળવતા હોય અને ત્યારે ઘરમાં જો ગાયનું મૃત્યું થયું હોય અને જ્યાં સુધી મૃત ગાયનું શબ ના જાય ત્યાં સુધી ઘરનો કોઈ પાણી નથી પીતો. જમતો નથી આવી પરંપરાની સંસ્કૃત્તિનું વાહક કચ્છ છે. કચ્છ નજીક હાજીપીરની જે દરગાહ માનનીય વાસણભાઈના વિસ્તારમાં છે અને સંત પણ ગાયોની સેવા કરવા માટેના અને આ પ્રદેશમાંથી હું આવું છું ત્યારે ગાયોની જાળવણી માટે મારો વધુ પડતો પ્રેમ હોય એ સ્વાભાવિક છે. કારણ કે ૧૫ વર્ષ સુધી મે ગાય સિવાય કોઈનું દૂધ પીધું નથી. ભેંસનું દૂધ તો હવે પીતા થયા છીએ. એટલે ગાયો પ્રત્યેની વિશેષ લાગણી હોય અને ગૌ-વંશ માટેની આજે જાળવણી કરવા માટે થઈને જે બીલ લાવ્યા છે એ બીલ ઉપર મેં મારા વિચારો આપ્યા છે પણ આ બીલના અર્થનો અનર્થ ના થાય એ રીતની માનનીય મંત્રીશ્રી ખાતરી આપે એની સ્પષ્ટતા કારણ કે, હંમેશા એ બીલની સ્પષ્ટતા કરતા હોય છે અને કેટલીક બાબતોમાં શંકા-કુશંકાનું નિરાકરણ કરતા હોય છે એ રીતે આની અંદર બહુ સ્પષ્ટતા કરશે એટલે વિનંતી સાથે મારી વાત અહીંયા પૂરી કરું છું.

**શ્રી બાબુભાઈ જે. દેસાઈ(કાંકરેજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ, પશુપાલન મંત્રીશ્રી જે ગાયો બાબતનું જે વિધેયક લઈને આવ્યા છે એને મારું સમર્થન આપવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગાયોની અંદર તેત્રીસ કરોડ દેવતાઓનો સમાવેશ છે. આપણે હમણાં જ શ્રી મફતભાઈ પુરોહિતે બહું સરસ કહ્યું કે, તલ એક ધાન નથી, વૃક્ષ એ ઝાડ નથી અને ગાય માતા એ પશુ નથી. એને જો આપણે સમર્થન આપતા હોઈએ તો કેન્દ્ર સરકાર ધ્વારા જે ગૌ-માંસ ઉપર સબસિડી આપવામાં આવે છે એ મારા સાથી મિત્રોને પણ સૂચન કરું છું કે, કેન્દ્ર સરકાર ધ્વારા એ બંધ કરવામાં આવે અને ગાયને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવામાં આવે. માનનીય અધ્યક્ષશ્રી, ગાયના મળ, મૂત્ર અને છાણ અને એની તમામ વસ્તુઓ માનવ જીવન માટે ઉપયોગી છે. હાલના યુગની અંદર જો પર્યાવરણ બાબતમાં જો આપણે સમજીએ તો ગાયનું છાણ અને મળ-મૂત્ર ઘણા ઉપયોગી સાધન છે. આપણે સમજીએ છીએ કે, ખેતરોમાં આપણે રહેતા હોઈએ અને ગાયના છાણનું જો લીંપણ કરેલું હોય તો ઝેરી જનાવર પણ ત્યાં આવી શકતું નથી અને ગાયના મૂત્ર ધ્વારા આપણે એન્ટી બાયોટિક્સ

બનાવી શકીએ છીએ અને ઓર્ગેનિક ખેતીમાં પણ આપણને ઉપયોગી થઈ શકતું હોય છે. એટલે ગાયોનું જે વિધેયક લઈને આવ્યા છે એને મારું સમર્થન આપું છું અને ગાયોની હત્યા માટે જે હત્યારાઓ છે એમાં કડકમાં કડક સજા થાય. સાત વર્ષની જે સજા છે હું તો માનું છું એક ગૌ-પાલક તરીકે, માલધારી તરીકે કે ગાયોના વધ માટે, જે માનવ વધ માટેની સજા છે ખરેખર એવી સજા થવી જોઈએ. એટલે ગાય એ ભારતીય સંસ્કૃતિનું એક પ્રતીક છે. અગાઉના પૂર્વ રાજાઓની અંદર પણ જે આપણું ચલણ હતું એની અંદર પણ ગાયના ચિહનો હતા એટલે ગાયને એટલી પ્રવિત્ર માનવામાં આવે છે. આપણા ઋષિમુનિઓએ પણ કહ્યું છે કે, જે દેશમાં ગાયોની હત્યા થતી હશે, જ્યાં બ્રાહમણોની હત્યા થતી હશે, જ્યાં અબળા ઉપર અત્યાચાર થતા હશે એ દેશનું હંમેશા પતન થવાનું હોય છે. એટલે આપણા લોકલાડિલા મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કૃષિ મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી આપણું જે આ ગાયો વિશેનું જે વિધેયક લઈને આવ્યા છે એને મારું સમર્થન આપું છું અને સમગ્ર મારા માલધારી સમાજ વતીથી એક મારું સૂચન છે કે, આ સન્નમાનીય સભાગૃહમાં જે મિત્રો બેઠા છે એમને કે, ગૌચરની બાબતમાં ગામડે ગામડે દબાણો છે ભાઈ. વધુમાં વધુ બહુમતી સમાજ ધરાવતા વ્યકિતઓના આ ગૌચરોની અંદર દબાણો છે. તો આપણે એક રાજકીય ફલકના વ્યકિતઓ છીએ તો રાજકીય ફલકના વ્યકિતઓએ એક સમજાવટપૂર્વક આ જો ગૌચરો ખુલ્લા કરવામાં આવે તો મારા માલધારી સમાજનું અને સાથે ગાયોનું આપણે રક્ષણ કરી શકશું. મારો માલધારી સમાજ અમુક જગ્યાએ ૨૫ ઘરો હોય છે, ૫૦ ઘરો હોય છે એ નાનો સમાજ છે એટલે આ સમાજ ગૌચરો ખુલ્લા કરાવવા જાય, કાયદાની આંટીઘૂંટીમાં પડવા જાય તો એ જગ્યાએ આ મારા માલધારી સમાજને ઘણી જગ્યાએ નુકસાન પણ પહોંચતું હોય છે. અને આ સન્નમાનીય સભાગૃહના તમામ સાથી મિત્રોને પણ વિનંતી કરુ છું કે, આપણે પણ જે આપણા ગામની અંદર આપણા મતવિસ્તારની અંદર કે આપણા જે તે વિસ્તારની અંદર જે તે લોક પ્રતિનિધિત્વ આપણે કરતા હોઈએ ત્યાં જે ગૌચર હોય એ આપણે સર્વાનુમતિથી સમજાવી અને ગૌચર ખુલ્લું કરાવીએ એ મારું સમર્થન આપી આ વિધેયકને મારું પૂરેપૂરું સમર્થન આપું છું.

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના કૃષિ અને સહકાર મંત્રીશ્રી ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) વિધેયક-૨૦૧૧ લઈને આવ્યા છે એમાં હું મારા રાજકીય અવલોકનો વગર એકાદ-બે સૂચનો કરવા અને મારા સૂચનોની નોંધ લે એવી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક અમૂલના વાઈસ ચેરમેન તરીકે અને સમગ્ર ગુજરાત નહીં પણ સમગ્ર વિશ્વ જેની નોંધ લે છે કે દૂધ અને દૂધની બનાવટો અને વિશ્વ આખિયે નોંધ લીધી કે...વિશ્વ આખાએ નોંધ લીધી કે ગુજરાતમાં અમુક કયાં આવી છે.જેઠાભાઈને નહીં ખબર પડી હોય, જેઠાભાઈ હતા નહીં એટલે મારે એમને કહેવું હતું આપણે બધા જાણીએ છીએ (અંતરાય) તમે તો સહકાર મંત્રી અને મારા કરતા ખૂબ મોટા અને વડીલ છો. જેઠાભાઈને ખબર નહીં હોય કે હું ક્ષત્રિયના પેટે જન્મ્યો છું. એમણે ગાયનું રક્ષણ કર્યું છે. ગુજરાતમાં દરરોજના ૩૦લાખ કુટુંબો એક સહકારી માળખા મારફતે દુધ ભરવા આવે છે. ગાય હોય કે ભેંસ હોય અહીં તો ગાયની રક્ષા કરવાની વાત કરી છે. માનનીય મંત્રીશ્રી જાણતા હશે કે ૨૦૧૦માં જે આપણા દુધનો ગ્રોથ હતો ૨૦૧૧માં ૧૭ટકા ગ્રોથ નીચે આવ્યો. ૨૦૧૦માં એક કરોડ લીટર દુધ ભેગું કરતા હતા. જેઠાભાઈ તમે પંચમહાલમાં ચલાવો છો, અમે અમુલ ચલાવીએ છીએ. ૨૦૧૧ માં આપણે ૮૦લાખ લીટર દુધ ઉપર આવ્યા. કેમ દુધ ઓછું થયું એનું આપણે સંશોધન કરવું પડે. કાયદો તો બનવાનો છે. આ ઓછું થવાનું કારણ શું? ગુજરાતના માજી મુખ્યમંત્રીશ્રી કેશુભાઈ પટેલે આપણને કહયું હતું કે આપણે બધા બે બે ગાય રાખીએ પણ એક પણ રાખીએ છીએ આપણે? ખાલી વાતો કરીએ છીએ. શંકરભાઈએ કહયું કે હું ૨૫ ગાયો રાખું છું પણ * (xxxx)એ જોજો. હું માનનીય મંત્રીશ્રીને કહું છું કે (xxxx) સંયુકત પ્રયાસ કરવો પડશે. સંયુકત માનનીય મંત્રીશ્રીએ કીધું મારે હેરાફેરી વિશે વાત કરવી છે. (અંતરાય)

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ડેરી અને આજની ચર્ચા કાંઈ સુસંગત નથી એટલે મને લાગે છે કે આ બીલના સંદર્ભમાં આ પ્રમાણેના ઉલ્લેખો ટાળવા જોઈએ કાં તો કાઢી નાખવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : રાજેન્દ્રભાઈ, આપ બીલ ઉપર જ બોલો અને બનાસ ડેરી બાબતમાં જે બોલ્યા છો એ રેકર્ડ ઉપરથી આપણે દૂર કરીએ છીએ. પ્લીઝ.

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : આ તો ગાય કેમ દુધ ઓછું થવાનું કારણ માનનીય મંત્રીશ્રી તો વડીલ છે એમને તો ખબર પડવી જોઈએને દુધ ઓછું થવાનું કારણ શું છે એ.

**અધ્યક્ષશ્રી** : આપ બીલ ઉપર બોલો. પ્લીઝ.

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : પ્રદિપસિંહભાઈ તો અમદાવાદમાં રહે છે એમને ખબર નહીં પડે અમે તો ગામડેથી આવીએ છીએ. (અંતરાય)

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસારઆ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : ઈકબાલભાઈ, આપ બેસી જાવ. રાજેન્દ્રભાઈ, આપ બોલો. (અંતરાય) નહીં એ રેકર્ડ ઉપરથી દૂર કરી દીધું છે. પ્લીઝ. આપ બેસી જાવ. (અંતરાય) નહીં ભાઈ, એ શબ્દો દૂર કર્યા છે આપણે.

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** :માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦માં પાદરા તાલુકાનું એક સામાન્ય એકલબારા ગામ ત્યાં અમારા કદીર પીરઝાદા મોરારીબાપુની હાજરીમાં ગાય પાળો એવું એક અભિયાન ચલાવ્યું હતું અને આજે મારે ગર્વ સાથે કહેવું પડશે કે અમારા રાષ્ટ્રીય નેતા સોનિયા ગાંધીના અધ્યક્ષ અહેમદ પટેલે ૨૦ લાખ રૂપિયા એમાં આપ્યા. ગાય પાળો, ગાય બચાવવા માટે. (અંતરાય) તમારા અને મારા ખીસ્સાના નહીં, એમના ખીસ્સાના આપ્યા છે. એ વાતો પુછવા જઈશું સાથે. અહેમદ પટેલની જ વાત કરું છું. તમે નથી આપ્યા. માનનીય અધ્યક્ષશ્રી, કોઈ રાજકીય અવલોકન નથી કરવા આ તો આ લોકો વાતો કરે છે એટલા માટે કહું છું. માનનીય મંત્રીશ્રીને કહેવું છે હેરાફેરી વિશે વાત કરવી છે. દર વર્ષે અમુલ પચાસ કરોડ રૂપિયાનું ધિરાણ કરે છે. માનનીય મંત્રીશ્રી અમારે દર વર્ષે પંજાબ, રાજસ્થાન અને સૌરાષ્ટ્રથી અમારા જિલ્લામાં લગભગ પાંચથી દસ હજાર પશુઓ આવે છે.ચાહે બજરંગદળ હોય કે વી.એચ.પી. ના નામે મારે કોઈ આક્ષેપ નથી કરવો એના નામે એને રોકવામાં આવે છે. અને ફરી હપ્તા લેવામાં આવે છે. એ ખાસ રોકાય. કા તો કોઈ કો-ઓર્ડિનેશન એવું હોવું જોઈએ. અમારા ૧૩ સંઘોનું ભેગું થઈને. કે અમારો અમૂલ સંઘ હોય, પંચમહાલ સંઘ હોય, બનાસ સંઘ હોય કે સાબર હોય તો અમે જે પશુધન લાવીએ એના અમને થોડા અધિકાર આપવામાં આવે કે પરિપત્ર કરવામાં આવે કે ગાય અમારા સભાસદો લઈને આવે છે એવા અધિકારીઓ સાથે કો-ઓર્ડિનેશન થાય તેવી વિનંતી છે અને મારા એકાદ-બે સૂચન છે તેનો ચોક્કસ અમલ થશે તો બિલ સાથે સંમત રહીશું.

**શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી જે પશુ સંરક્ષણ સુધારા વિધેયક લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું મારો સૂર પુરાવું છું. આ એક એવા વિધેયક ઉપર બોલવાની તક મળી છે જેના માટે મારા જાતને ભાગ્યશાળી ગણું છું. પશુ વધને અટકાવવા માટેના આ વિધેયકમાં આ અબોલ પશુ વેદનાને સમજનાર ગુજરાતના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી અને કૃષિ મંત્રીશ્રી આ સુધારા વિધેયક લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પુરાવું છું.

**(સભાપતિશ્રી મહેન્દ્ર મશરુ અધ્યક્ષ સ્થાને )**

આપણે સૌ જાણીએ છીએ કે ગૌવંશ રક્ષણનો કાયદો માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સર્વોચ્ચ અદાલતમાંથી ન્યાય મેળવીને બનાવેલ છે. તે જ બતાવે છે કે આ સરકાર આ કામ માટે કેટલી કટિબદ્ધ છે. હું પણ કોઈ રીતે રાજકીય મૂલ્યાંકન નથી કરતો. મને કહેતાં ગૌરવ થાય છે કે સન્માનનીય સભાગૃહના નેતા અને કદાચ રાષ્ટ્રના પ્રથમ મુખ્યમંત્રી હશે કે જેમણે પશુઓની સુરક્ષા તો કરી, પરંતુ સાથે તેના આરોગ્યની ચિંતા કરવાવાળા મુખ્યમંત્રીશ્રી આપણા અબુલ પશુઓની ચિંતા કરે છે. પશુઓના સંરક્ષણ અને આરોગ્યની ચિંતાની સાથે સાથે જે રીતે રાજયમાં પશુ મેળા કરી પશુઓના આરોગ્યની ચિંતા કરી ૨૦૦૧ થી માંડી એક દશકામાં ૭૦ ટકા પશુમાં થતા રોગો ઘટાડી આવનારા દિવસોમાં કદાચ આ પશુઓને રોગમાથી મુકત કરી તે પહેલી ગુજરાતની સરકાર હશે. પશુધનની તંદૂરસ્તી તો વધશે અને સાથે ખેડૂતોના જીવન ધોરણ પણ ઊંચા આવશે તેની કાળજી આ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી લે છે. હું જે સમાજમાંથી આવું છું. હમણા બાબુભાઈએ જે વાત કરી. હું પણ જૈન સમાજમાંથી આવું છું. જે રીતે અમારા પૂજ્ય સાધુ ભગવંતોએ વર્ષોથી આ ગૌવંશ ન થાય તે માટે વર્ષોથી ચિંતા કરતા હતા. કેટલાય આચાર્ય ભગવંતો, આચાર્ય મહારાજ અને હમણા જ પરમપૂજય ભગવંત મહારાજ સાહેબ હમણા કાળધર્મ પામ્યા છે, તેવા ચંદ્રશેખર વિજયજી મહારાજ સાહેબે પણ જે તે સમયે આ રાજયના વડા હોય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ હોય કે ચીમનભાઈથી માંડીને જે મુખ્યમંત્રીશ્રીઓ સાથેની ચર્ચા વિચારણા કરી આ કાયદો બને અને ગુજરાતમાં ગૌ વંશ અટકે ગૌ વંશની હત્યા અટકે તેના માટેના અથાગ પ્રયત્નો કર્યા છે. એટલે કદાચ એવું લાગે છે કે આ બિલ પરનો સુધારો પાસ કરીને જો સૌથી વધુ કોઈ આનંદિત થશે તો આ ગુજરાતના સાધુ સંતો હશે અને આવનારા દિવસોમાં જીવ દયાનું કામ લઈને નીકળેલાને એક વેગ મળવાનો છે. આ સરકારે નિર્દોષ અને અબોલ પશુની રક્ષા અંગે જે ભગીરથ કામ કરી રહી છે, તેને હું પણ ખૂબ ખૂબ અનુમોદના કરું છું. હમણા થોડા સમય પહેલા ગૌ માતાના નામે ક્યાંક ક્યાંક કોઈ મિત્રોએ આ સમાજમાં વાતાવરણ ડહોળવાનો પ્રયત્ન કર્યો. ખૂબ એના માટેની વાતચીત કરી છે. હું પણ કહેવા માગું છું કે ઈતિહાસ ગવાહ છે કદાચ કોઈ બચાવશે તો આપણને આ ગૌ માતા બચાવશે. કોઈ બાપુ કોઈને બચાવી શકશે નહિ. યાદ રાખજો મિત્રો તમે. જો સમાજમાં પશુઓની કતલ કરીશું તો પૃથ્વી ઉપર જે આવનારા દિવસોમાં ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેઈન્જની સમસ્યાનો સામનો કરી રહ્યા છીએ એનાથી પણ આપણે બચી શકીશું અને આવનારી પેઢીને એક સુરક્ષિત વાતાવરણ અને આબોહવા આપીને જઈશું. પશુઓની સુરક્ષા અને તેના આરોગ્યની ચિંતા મારા ગુજરાતમાં કૃષિ વિકાસ અને પશુપાલન ક્ષેત્રે થયેલ ક્રાંતિનો લાભ મારા ગામડામાં વસતા ખેડૂતોને મળવાનો છે.હજુ પણ ગૌવંશની રક્ષા માટે અને તેના કાનુના ભંગ માટે જે રીતે નવા સુધારા વિધેયકમાં સજામાં વાહન ડીટેઈન કરી શકે અને સજાની જોગવાઈઓ છે તેના પરથી ચોકકસ કહી શકાય કે આવનારા દિવસોમાં આપણે ગૌવંશ અટકાવી શકીશું. હું એક જ વાત કરીને મારી વાત પૂરી કરીશ. ઘણા બધા મિત્રોએ પાંજળાપોળની વાત કરી હતી. હું પણ કેટલાક વર્ષોથી પાંજળાપોળ સાથે સંકળાયેલો છું. આજે અહીં બેઠેલા બધા મિત્રોને આમંત્રણ આપું છું કે અમદાવાદ શહેરમાં અમદાવાદ મ્યુનિસિપલ

કોર્પોરેશન દ્વારા પશુઓ માટે એક ઢોરવાડો અમે બનાવ્યો છે. આની અંદર જઈને જોઈ શકીએ છીએ આપણે અને આ એક પશુના મેળાવડાનું એક એવું સ્થળ બનાવ્યું છે કે ભૂતકાળમાં જે પાંજળાપોળો કે જયાં ગાય અને મને કહેતાં દુઃખ એ વાતનું થાય છે કે હુ કોર્પોરેશનમાં જયારે જવાબદારી સંભાળતો હતો ત્યારે કોંગ્રેસના શાસનમાં આ જ ઢોરવાડામાં ઈંટોના ભઠ્ઠામાં વપરાતું ઘાસ નખાતું હતું અને આજે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં લીલું ઘાસ ત્યાં નાંખવામાં આવે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઢોરવાડાથી આપણે સૌ જોઈ શકીશું કે આ શાસનમાં અને આ સમાજમાં ખૂબ લોકો એવા છે કે જેઓ ગૌવંશનું, ગૌ ની રક્ષા કરવા માટે કટિબદ્ધ છે. એક સમસ્ત મહાજન નામથી અમારી એક સંસ્થા ચાલે છે. સમગ્ર ગુજરાતમાં આવેલી પાંજળાપોળોને મદદ કરી કઈ રીતે ગાયો વધે અને ગાયોની હત્યા ઓછી થાય, દુધાળી અને બીમાર ગાયોની રક્ષા માટે લાખો અને કરોડો રૂપિયાનું દાન સમાજના શ્રેષ્ઠિઓ દ્વારા થાય છે. અંતમાં એટલી જ વાત કરીશ કે ગૌવંશ અને અબોલ ધનની રક્ષા માટે ગુજરાત સરકારે દાખવેલી આ પ્રતિબદ્ધતા, પથદર્શક છે, દેશની એક માત્ર સરકાર જીવદયાની હિમાયતી સરકાર ફરી એકવાર સિદ્ધ કરીને બતાવ્યું છે કે પશુઓની સુરક્ષા માટે ગુજરાત સમગ્ર દેશ અને દુનિયા માટે પથદર્શક બન્યું છે. આજના દિવસે સમગ્ર જૈન સંઘો અને સમાજ તરફથી વંદન કરી મારીવાણીને વિરામ આપું છું. માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઈને આવ્યા છે તેમાં મારો સૂર પુરાવું છું.

**શ્રી દિલીપ સંઘાણી (કૃષિ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મેં રજુ કરેલા બીલના સુધારા ઉપર સભાગૃહના માનનીય દસ સભ્યશ્રીઓએ, વિરોધપક્ષના નેતાશ્રી સહિતે પોતાના મંતવ્યો વ્યકત કર્યા છે. આ મંતવ્યોમાં હાર્દ ગુજરાતમાં ગૌવંશ હત્યા બંધ થાય તે સ્પષ્ટપણે દેખાય છે અને આવો હાર્દ બતાવવા બદલ હું સર્વ સભ્યોનો ખૂબ ખૂબ આભાર માનું છું. ગુજરાતનું જે કલ્ચર અને ગુજરાત સરકારનો જે ધ્યેય અને નિષ્ઠા છે તો આ નિષ્ઠામાં સમર્થન આપવા બદલ હું સર્વે સભ્યોનો આભાર માનું છું. હું કેટલીક હકીકતો આ ગૃહના માધ્યમથી રાજયની જનતા, ખેડૂતો, પશુપાલકોના ધ્યાન ઉપર મૂકીને અહીં જે ચિંતા કરવામાં આવી છે તે ચિંતા આ માહિતીના અભાવે ચિંતા વ્યકત થઈ હોય તેવું મને લાગે છે એટલે કેટલીક હકીકતો તેમના ધ્યાન ઉપર મૂકવા માગું છું. અહીંયાં કહેવામાં આવ્યું કે ગાયો માટે, ગૌ રક્ષા માટે આ પરિસ્થિતિ પેદા કેમ થાય છે કે તેને વેચવી પડે છે? તેના માટે કોઈ સુવિદ્યાઓ સરકાર કરતી નથી. સરકાર તરફથી કેટલીક સુવિદ્યાઓ આપવામાં આવે છે તેની વિગતો હું આપના મારફત કહેવા માગું છું. ગૌસેવા આયોગની મારફત રાજય સરકારે સર્વાંગી વિકાસની એક યોજના બનાવી છે, આ યોજનામાં શુદ્ધ ગીરગાય અથવા કોંકરેજ પોલાદની ગાયો રાખીને સંવર્ધન કરતી ગૌશાળાઓને સંવર્ધનની યોગ્ય સંખ્યાના આધારે જુદા જુદા વિકાસના કામ કેટલ, કેટલશેડ, ઘાસ ગોડાઉન, પાણીના બોર માટે ૭૫ ટકા જેટલી સહાય આપવામાં આવે છે. દશ ગાયો માટે ૩૦ હજાર રૂપિયા સુધી ગાયને વિકાસ માટેની યોજના અને ઘ ાાસ ગોડાઉન માટે ૯૦ હજાર સુધીની સહાય આપવામાં આવે છે વીસ ગાયો માટે ૬૦ હજાર રૂપિયાની ગોડાઉન સિવાયના કામો માટેની સહાય, એકલાખ અને વીસ હજારની ઘાસ ગોડાઉન માટેની સહાય આપવામાં આવે છે. ત્રીસ ગાયો માટે ૯૦ હજાર અને દોઢ લાખ રૂપિયા ઘાસ ગોડાઉન માટે, એમ ચાલીસ ગાયો માટે એક લાખ વીસ હજાર ગાયોના વિકાસ માટે ગોડાઉન સિવાય, અને પચાસ ગાયો માટે દોઢ લાખ રૂપિયા ગાયોના ગોડાઉન સિવાય માટેની સહાય આપવામાં આવે છે એની સામે ગાયોના ગોડાઉન માટે પણ એટલી જ સહાય આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, હું માનું છું કે, આ સહાય જે ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવે છે, એની જો અન્ય રાજયોની સાથે સરખામણી કરીએ તો આપણે સૌ ગૌરવ લઈ શકીશું કે ગુજરાતમાં ગાયો માટે ખૂબ મોટી સેવા રાજય સરકાર મારફત થાય એવી સંસ્થાઓને પ્રોત્સાહન આપવામાં આવે છે. એટલું જ નહીં પણ ઉત્તમ સારી ગુણવત્તા ધરાવતા શુદ્ધ ગીર અથવા કાંકરેજ પોલાદના વાછરડા અને વાછરડીનું ઘણ પેદા કરવા માટે પાંચ કે દશના યુનિટ, બચ્ચા દીઠ વાર્ષિક દશ હજાર રૂપિયા સહાય આપવામાં આવે છે. આવી સંસ્થા ટ્રસ્ટ હેઠળ નોંધાયેલી હોય એને રાજય સરકાર સહાયો આપે છે. એટલું જ નહીં, ચાલું ગૌશાળા અને પાંજરાપોળ માટે જે ઈનામી યોજના છે ગૌસેવા આયોગ કમિટી દ્વારા જે ભલામણ થાય એમાં શ્રેષ્ઠ કામગીરી રાજયની ગૌશાળા અને પાંજરાપોળ કરે તો એને પ્રોત્સાહન આપવા માટે રાજય સરકાર તરફથી પુરસ્કાર પશુ દીઠ ઈનામ પણ આપવામાં આવે છે. પ્રથમ ઈનામ ગૌશાળા માટે ૭૫ હજાર રૂપિયા, પાંજરાપોળ માટે ૭૫ હજાર રૂપિયા, દ્વિતીય ૫૦ હજાર રૂપિયા, પાંજરાપોળ માટે પણ ૫૦ હજાર રૂપિયા અને તૃતીય ઈનામ ૨૫ હજાર રૂપિયા, જ્યારે ગૌસેવા અને ગૌવંશની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે વિવિધ યોજનાઓ આ રાજય સરકારે જે કરી છે એના કારણે આ ક્ષેત્રમાં કામ કરતા સામાજિક અને જીવદયાના તરફથી પ્રવૃત્તિ કરનાર સૌને ખૂબ મોટું બળ મળી રહ્યું છે. ગૌશાળા પાંજરાપોળના કર્મચારીઓને તાલીમ, આપે સારી રીતે સાચવવા માટે તો આવી ગૌશાળાને પાંજરાપોળના તાલીમાર્થીઓને પણ ૩૦૦૦ સુધીની તાલીમની સહાય આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બતાવે છે કે, રાજય સરકાર કેટલી પરિસ્થિતિમાં આ ગૌ સંવર્ધનને પ્રોત્સાહન આપવા માટેની પ્રવૃત્તિ કરે છે. એટલું જ નહીં પણ ગૌમૂત્રમાંથી અર્ક, ટેબ્લેટ, કેપ્સ્યુલ, પાવડર, ઔષધી ફલક, જંતુનાશક દવા ઉત્પાદન કરવાનું પૅકીંગ કરે તો એમાં પણ પચાસ ટકા સુધી ૭૫ હજાર રૂપિયાની સહાય આપવામાં આવે છે. આંતરમાળખાકીય સુવિધાઓ માટે સંસ્થાને બે લાખ સુધી સહાય આપવામાં આવે છે એની સુવિધા કરવા માટે પણ ૫૦ ટકા જેટલી સબસિડી આપવામાં આવે છે એમ રાજયના મોટા શહેરની આજુબાજુ પંદર

કિલોમીટરના વિસ્તારમાં પાંજરાપોળ કોઈ સંસ્થા શરૂ કરવા માગતા હોય તો એમને દશ લાખ રૂપિયા સુધીની સહાય આપવામાં આવે છે જેથી કરીને આવી જીવદયાની પ્રવૃત્તિઓ કરી શકાય અને આવી પ્રવૃત્તિ કરનાર સંસ્થાને ગૌશાળાની જીવદયા હેલ્પ લાઈન શરૂ કરવા માટે પણ દોઢ લાખ રૂપિયાની સહાય ૫૦ ટકા લેખે આપવાની યોજના આ રાજય સરકારે કરી છે. ગૌરક્ષક એવોર્ડ પણ રાજય સરકારે શરૂ કર્યો છે, જેના કારણે જે ગૌરક્ષક કરવા માટે સામાજિક જે પ્રવૃત્તિ કરતા હોય એ બાતમીના આધારે જે કતલખાને પશુઓને લઈ જતા હોય અને સામાજિક સંસ્થાઓ કે વ્યકિત જો આવું કામ કરતી હોય તો એને ૨૫ હજારનો પુરસ્કાર એવોર્ડ આપીને આપણા રાજ્યામાં એને બળ અને પ્રોત્સાહન આપવાની પ્રવૃત્તિને આગળ વધારવા માટે પણ રાજય સરકારે કામગીરી કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, છાણમાંથી સેન્દ્રીય પદ્ધતિના ખાતર બનાવવા માટે પણ રાજય સરકારે પ્રોત્સાહન આપવાની શરૂઆત કરી છે. અંદાજીત એક સામાન્ય ખાતર બનાવવાનું કમ્પોઝ જો ઉભું કરે તો ૩૦૦૦ જેટલો ખર્ચ થાય એમાં ૨૦૦૦ ની સહાય રાજય સરકારે આપીને આવી પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવાનું કામ કરીને મજબૂત રીતે આ રાજયમાં ગૌવંશ કતલ ન થાય એની કાળજી લેવા પ્રયત્નો કર્યા છે. ગેરકાયદેસર કતલખાને લઈ જતા પશુઓને પકડવા માટે અને આવા પકડાયેલા પશુઓને કોઈ કતલખાને ન લઈ જાય અને ગૌશાળામાં કે પાંજરાપોળમાં લાવવામાં આવે તો આવા પશુઓને માટે પણ પશુ દીઠ ૨૦૦ રૂપિયાનું પ્રોત્સાહન આપવામાં આવે છે અને એની જાળવણી માટે ૧૦૦૦ રૂપિયા જેવી માસીક સહાય આપીને મદદ કરવાની યોજના આ રાજયમાં આજે અમલમાં છે. એટલું જ નહીં ગૌશાળા સુધારણાની યોજના આ રાજય સરકારે અમલમાં મૂકી છે. ગૌશાળા, પાંજરાપોળ પાસે ગૌચરની તથા ખરાબાની ઘણી મોટી જમીનો હોય છે આ જમીનના વિકાસને અભાવે ચરિયાણ મળતું નથી જેથી જમીન વિકાસ સારી રીતે થઈ શકે અને ચરિયાણને અનુકૂળ આવે અને આ જમીનનો ઉપયોગ સારો થાય એ હેતુથી ૧૦ હેકટરથી ૧૦૦ હેકટર સુધી સુધારા માટે પણ રાજય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે. ગૌસંવર્ધન માટેની આ બધી જ સુવિધાની સાથો સાથ ગૌવંશ સુધારણાની યોજનાગત ૧૦ હેકટર સુધી થયેલા ખર્ચના ૫૦ ટકા સબસીડી તરીકે રાજય સરકાર આપે છે. રાજય સરકાર રખડતા ગૌવંશના પશુઓની નિભાવણીની યોજના પણ રાખી છે. આ યોજના તળે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા રખડતા ગૌવંશના પશુઓને દૂર કરવાની કામગીરીમાં સહાયરૂપ થાય એટલા માટે આ યોજના તળે આવી સંસ્થાઓ રખડતા ગૌવંશના પશુઓને નજીકની પાંજરાપોળમાં મૂકવામાં આવે તો પાંજરાપોળ ગૌવંશ સ્વીકાર્યાની પાવતી આપે ત્યારથી રાજય સરકાર સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાને ગૌવંશ દીઠ એક હજાર રૂપિયા રાજય સરકાર જે તે પાંજરાપોળને આપે છે. આમ અનેકવિધ યોજનાઓ જયારે ગૌવંશ માટે કરવામાં આવી છે ત્યારે કેટલીક હકીકતો આપણે આપણા ધ્યાન ઉપર લઈએ તો ખ્યાલ આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ વર્ષના આંકડાઓ આપુ તો વર્ષ ૨૦૦૮-૦૯માં ગેરકાયદેસર કતલખાને લઈ જવાતા પશુઓને બચાવવા માટે જે કામગીરી થઈ એમાં ૩૨૬૩ પશુઓને બચાવવાની જે કામગીરી થઈ એમાં ૩૨,૬૩,૦૦૦ રૂપિયાની સહાય ૨૦૦૮ના વર્ષમાં આપવામાં આવી. એજ રીતે ૨૦૦૯માં ૨૮૩૮ ગૌવંશને કતલખાને લઈ જતા અટકાવ્યા અને એના માટે ૨૮,૩૮,૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવી. એની સામે રખડતા ગૌવંશ નિભાવવા માટે ૧૨૬૫૦ ગૌવંશ અને નિભાવ માટે રૂા. ૧,૨૬,૫૦,૦૦૦ ની સહાય આપવામાં આવી છે આવી સંસ્થાઓને અને અત્યાર સુધીમાં એટલે કે ૨૦૧૧ સુધીમાં ગેરકાયદેસર કતલખાને જતા ૧૦૧૪૨ પશુઓને બચાવવામાં આવ્યા છે અને એ માટે સામાજિક સંસ્થાઓ અને સામાજિક કાર્યકર વ્યકિતઓએ બચાવ કર્યો છે અને એમાં ૧૦૧.૪૨ લાખ રૂપિયાની સહાય રાજય સરકારે કરી છે. એની સામે રખડતા ગૌવંશને નિભાવવા માટે ૨૫૨૫૦ ગૌવંશને આ રીતે બચાવવામાં આવ્યા છે અને ૨૫૨.૫૦ લાખ રૂપિયાની સહાય કરવામાં આવી છે. રાજય સરકાર ગૌવંશને બચાવવા માટે કશુ જ ન કરતી હોય એવો જે ભાવ પ્રગટ કેટલાક મારા મિત્રોએ કર્યો હતો એને આ પ્રવૃત્તિથી ખ્યાલ આવશે. રાજય સરકાર રાજયમાં ઉચ્ચ કક્ષાનું આનુષાંગિક ગૌવંશ જળવાઈ રહે એના માટે આ પરિસ્થિતિ પેદા થાય તેના કારણે સમગ્ર દેશમાં મટનને એકસપોર્ટ કરવા માટેનું પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. કૃષિ પેદાશને એકસપોર્ટ કરવા માટે બાન આવીને કૃષિ ક્ષેત્રને જે રીતે અન્યાય થઈ રહ્યો છે અને મટનને એકસપોર્ટ કરીને પ્રોત્સાહન આપવામાં આવે છે ત્યારે રખડતા ભટકતાં કે મારા પશુપાલક મિત્રોના પશુઓ જ્યારે રાત્રેના બેઠાં હોય ત્યારે કેટલાક લોકો રાત્રેના પશુઓ ઉઠાવીને, રાત્રેના પોતાના વાહનમાં બારોબાર ખેતરમાં જે કત્લેઆમ કરે છે તે કત્લેઆમ કરવાને રોકવા માટે આ બિલ લાવ્યા છીએ. આ બિલના કારણે હું વિશ્વાસ આપવા માંગુ છું. અહીંયા મારા મિત્રો દ્વારા કહેવામાં આવ્યું કે આ કાયદો અમે સર્વાનુમતે પસાર કરીશું પણ એક પણ પશુની કત્લેઆમ ના થાય તેવી ખાતરી આપો.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી કહેવા માંગુ છું કે, આઈપીસી ક્રિમિનલ પ્રોસીઝર કોડમાં ૩૦૨ની જોગવાઈ છે આજ નહીં આદિકાળથી છે. શું માનવ હત્યાઓ બંધ થઈ છે ખરી ? આ રાજયમાં ગાયની કત્લેઆમ કરવાને કોઈને છોડીશું નહીં એવી હું ખાતરી આપી શકું. હત્યા કરનારા ગુન્હો કરે પણ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો નિર્ધાર છે, આ રાજય સરકારનો નિર્ધાર છે કે આવતા દિવસોમાં ગાય કે ગાયના વંશજોની હત્યા કરનાર કે એને ગેરકાયદેસર હેરાફેરી કરનારને છોડીશું નહીં. આની સાથો સાથ એક ખાતરી

આપવા માંગુ છું કે, પશુપાલન કે કૃષિકારો, પશુપાલકો કે ખેડૂતો એમના ખેતી કે પશુપાલનના વ્યવસાય માટે કોઈ પણ પશુઓને કોઈ પણ હેરાફેરી કરશે તો એમના માટે નિયમોમાં જોગવાઈ કરીને મેં અગાઉ કહ્યું હતું તેમ ગામની દૂધ મંડળીથી માંડીને સહકારી મંડળી, પંચાયત તેના સભ્યો પરમિટનો અર્થ દાખલો આપશે કે આ સ્થળેથી આ સ્થળે લઈ જવા છે તો તેમની કોઈ જાતની ફી લીધા વગર અમે તેની નિયમોમાં છૂટ આપીશું. બતાવેલ નિર્ધારીત સ્થળ સિવાય કોઈ જશે તો તેની સામે આકરામાં આકરા પગલાં લેતા પણ રાજય સરકાર સંકોચ કરશે નહીં. પગપાળા લઈ જનારા પશુઓને માટે કોઈ પરમિટની જરૂર નથી. પ્રાથમિક રીતે જ દેખીતા લાગે કે આ કતલખાને લઈ જાય છે એવાની સામે જ આ સ્થિતિ છે અને જે ગામમાં હાથવગા કહેવાય દૂધ મંડળી, ગ્રામ પંચાયત, સહકારી મંડળી કે સ્થાનિક અધિકારીઓ નક્કી કરીએ પોતાની માલિકીનું પશુ આ ઘરેથી આ ઘરે જ લઈ જાય છે આટલો દાખલો જ પૂરતો રહેશે એટલે મને લાગે છે કે પશુપાલક કે કૃષિકારોને કોઈ અવરોધ ઉભાં ના થાય તે સ્થિતિમાં ભૂતકાળમાં જે ફી લેવાના ધોરણો કોંગ્રેસના સમયમાં હતા તે અમે દૂર કરીને ખેડૂતોને બળ, પ્રોત્સાહન અને સુરક્ષા આપીશું. આપ સૌએ જે સહયોગ આપ્યો તે બદલ આપ સૌનો આભાર. ધન્યવાદ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૪૦નું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૪, કલમ-૧ દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફૉરમ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૪૦નું ત્રીજું વાંચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**સભાપતિશ્રી** : સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક: ૪૦નું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે વિના વિરોધે **પસાર કરવામાં આવે છે.** **સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨**

**મુંબઈનું (કચ્છ ક્ષેત્રમાંના) ઈનામો નાબૂદ કરવા બાબતનું (૨દ કરવા બાબત) વિધેયક, ૨૦૧૧**

**સન ૧૯૫૮ના મુંબઈનો (કચ્છ ક્ષેત્રમાંના) ઈનામો નાબૂદ કરવા બાબતનો અધિનિયમ ૨દ કરવા બાબત વિધેયક.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૨, સન ૨૦૧૧નું મુંબઈનું (કચ્છ ક્ષેત્રમાંના) ઈનામો નાબૂદ કરવા બાબતનું (૨દ કરવા બાબત) વિધેયક- પુન: વિચારણાનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય કાયદા પંચે ગુજરાત રાજયના કાયદા સંબંધી કેટલાક કાયદા જૂના અને હાલની પરિસ્થિતિએ બિન જરૂરી બનતા હોય એવા કાયદા તેમના અહેવાલમાં દૂર કરવા ભલામણ કરેલ હતી. એ સંબંધે મહેસૂલ વિભાગના કેટલાક કાયદા અગાઉ દૂર કરવામાં આવેલ હતા. એટલે કે ગુજરાત રીપીલીંગ એકટ-૨૦૦૦ અમલમાં મૂકાયો. રાજયના કાયદા પંચના મત મુજબ સત્તા પ્રકાર નાબૂદી અને ઈનામો નાબૂદ કરવા સંબંધ છે ત્યારે જમીન સત્તા પ્રકાર નાબૂદ કરવામાં આવ્યા છે અને તેના ઉદ્દેશો પરિપૂર્ણ થઈ ગયા છે. આ કાયદાને કાયદાના પૂસ્તકમાંથી દૂર કરવા જોઈએ. કાયદા પંચે તેમના ત્રીજા અહેવાલમાં આવા કાયદા દૂર કરવા જણાવેલ હતું. જેમાં મુંબઈ ઈનામ કચેરી નાબૂદી-૧૯૫૮ને પણ દૂર કરવાનો ઉલ્લેખ હતો. સદરહુ કાયદાની પડતર કાર્યવાહી માટે સદરહુ કાયદો જાણે કે અમલમાં હોય તેમ માનીને પૂર્ણ કરવા માટેની રીપીલ કાયદામાં જોગવાઈ રાખી છે તેમજ ગુજરાત એકટ નંબર ૧૯૯૪ના સુધારા એકટની જોગવાઈ હેઠળ સદરહુ કાયદા હેઠળ વળતર મેળવવાની અરજી કરવાની મુદત ૩૧/૧૨/૯૪ સુધી વધારી આપેલ. તે અન્વયે મળેલ અરજીઓ અંગે સરકાર પક્ષે વળતર સંબંધે કરવાની થતી કામગીરી પણ પૂર્ણ કરી દેવામાં આવેલ છે. આમ આ કાયદાના ઉદ્દેશો અનુસાર મોટા ભાગની કામગીરી પૂર્ણ થઈ છે અને જે થોડીઘણી કામગીરી બાકી છે તેવા કેસોને મુંબઈ જનરલ કલોઝીસ કાયદો ૧૯૦૪ની કલમ ૭ લાગુ પડશે અને આ કલમ ૭ના અર્થ પ્રમાણે જાણે કે સદરહુ કાયદો અમલમાં હોય તેમ ગણાશે તેવી જોગવાઈ સૂચવવામાં આવી છે. તે જોતા આ અધિનિયમ ૨દ કરવા બાબતનું વિધેયક ગુજરાત બિલ નંબર ૨૦૧૧ વિધાનસભામાં પસાર થયા બાદ મહામહિમ રાજયપાલશ્રીને રજૂ થતા તેઓશ્રી તરફથી તેઓના સંદેશા સાથે પરત મળેલ છે. રાજયના કાયદા પંચે કરેલ ભલામણો અન્વયે કાયદો રીપીલ કરવા માટેનું વિધેયક લાવવામાં આવ્યું છે ત્યારે મહામહિમ રાજયપાલશ્રીના સંદેશમાં વિધેયકમાં સુધારો કરવાની કોઈ બાબત સૂચવાયેલ નથી. તેથી સંદેશામાં સૂચવ્યા પ્રમાણે સિલેકટ કમિટીને અથવા હાઈ પાવર કમિટીને વિચારણા કરવા બાબત સોંપવી જરૂરી જણાતી નથી. જેથી આ વિગતો ધ્યાને આ વિધેયક પુન: ગૃહ સમક્ષ રજૂ કરવામાં આવે છે અને હું વિધાનસભાના સૌ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આ બિલ સર્વાનુમતે મંજૂર કરવામાં આવે.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, જે ઇનામો નાબૂદ ધારા બાબતને ૨દ કરવા બાબત વિધેયક-૨૦૧૧ જે નામદાર રાજયપાલશ્રીએ પરત કર્યો છે અને પરત કરતાં એમણે જે ઉલ્લેખો કરેલા છે

એ સરકારે સન ૧૯૫૮નો મુંબઇ (કચ્છ ક્ષેત્રમાંના) ઇનામો નાબૂદ કરવા બાબતનો અધિનિયમ રદ કરવા માટે ગુજરાત રાજય કાયદા પંચના ઉજા અહેવાલની ભલામણો પર આધાર રાખ્યો હોવા છતાં, સરકારે, કચ્છના મુખ્યત્વે મધ્યમ વર્ગના ભૂતપૂર્વ ઇનામદારોને થઈ રહેલ અનુગામી અસરો અથવા પ્રતિકૂળ પરિણામોને ધ્યાન પર લીધા નથી. પ્રથમ દૃષ્ટિએ, મને એવું જણાય છે કે પ્રસ્તુત વિધેયક રાજય વિધાનસભામાં કોઈ અર્થપૂર્ણ ચર્ચા કર્યા સિવાય જોખમી રીતે અને ઉતાવળથી પસાર કરવામાં આવ્યું છે. વિદ્યમાન કાયદો જૂનો અને અપ્રચલિત હોવાના કારણ માત્રથી જ, તેના ઉદ્દેશો સંપૂર્ણ પાર પાડવામાં આવે તે સિવાય અને ત્યાં સુધી, તેને રદ કરવો એ વ્યવહારુ ગણાશે નહિ.

મારા અભિપ્રાય મુજબ, કેસના ગુણદોષ તપાસીને કોઈ સર્વસંમતિ સાધી શકાય તે માટે સંદર્ભ હેઠળનું વિધેયક પસંદગી સમિતિ અથવા ઉચ્ચધિકાર સમિતિને મોકલવામાં આવ્યું હોત, તો તે વધુ ઉચિત ગણાત. સન ૧૯૯૪ પછી આજ સુધી, કચ્છ જિલ્લાના ભૂતપૂર્વ ઇનામદારોની ફરિયાદોનું નિવારણ કરવા માટે કોઈ પ્રમાણિક પ્રયત્ન કરવામાં આવ્યો છે એવું દર્શાવતો કોઈ રેકર્ડ નથી. સૂચિત વિધેયક સાથે જોડવામાં આવેલા ઉદ્દેશો અને કારણોમાં આ અંગે કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. એટલે સ્પષ્ટ રીતે માનનીય ગવર્નરશ્રીએ આ બિલ પરત કરતી વખતે ઉલ્લેખ કરેલો જ છે. સાથે સાથે એટલું કહ્યું કે કચ્છના ભૂતપૂર્વ ઇનામદારોના હિતને ધ્યાને લઈને તેમને ન્યાય આપી શકાય તે માટે વહીવટી તંત્રને તમામ અનિર્ણીત કેસની પતાવટ માટે બે થી ત્રણ વર્ષની ચોક્કસ સમય મર્યાદા આપવી જોઈએ.

ઇનામ નાબૂદી ધારો એ ચોક્કસ વર્ગને ખતમ કરવા માટે લાવવામાં આવેલો એમાં ગેરસમજ એવી હતી કે ઇનામ ધારો માત્ર ક્ષેત્રીય છે, કચ્છ રાજયની ધરતીની સેવા કરવા માટે જેમણે જેમણે ભોગ આપેલો એમની વણુકા, કમીપસા, ચાકરીપસા ધર્મપસા પ્રકારની નવી શરતની જમીનો જૂની શરતમાં ફેરવાય અને એ હેતુસર આ ઇનામ નાબૂદીની જમીનો બક્ષવામાં આવેલી અને એની અંદર લગભગ ૫૦ હજાર કરતાં વધુ પરિવારો આ અધિકારો ભોગવતા હતા એમાં કેટલાક જાગીરદારો હતા અને કેટલાક ઇનામદારો હતા. ઇનામદારોની સંખ્યા ખૂબ મોટી હતી અને ગરીબાઈની રેખા કરતાં નીચી કક્ષાએ જીવતા ઇનામદારોને એમની જમીનો લઈ લેવાની એના બદલમાં જે વળતર અપાયું એ આજ સુધી આપવામાં આવેલું નથી અને ૧૧૦૦ કરતાં વધુ કેસો હજી પેન્ડિગ છે. આ બધાજ અરજદારોએ અરજી કરી દીધેલી, મામલતદાર કચેરીની અંદર અને પછી સ્પેશ્યલ ત્રણ મામલતદારોની નિમણૂક થઈ, કાળક્રમે મામલતદારોની સંખ્યા ઘટી, જ્યારે કેસની સંખ્યા ઘટી નહિ અત્યારે એક સ્પે.મામલતદાર છે. હમણાં આ બિલ ઉપર ચર્ચા કરવી હતી એટલે હું ભુજની કલેકટરની ઑફિસમાં સ્પેશ્યલ મામલતદારની કચેરીમાં ગયેલો. ત્યારે એમ કહ્યું કે એ નામદાર હાઈકોર્ટમાં ગયા છે એ ગયા એટલે ઑફિસમાં કોઈ જવાબદાર માણસ જવાબ આપવા હતા નહિ. મારે કેટલીક વિગતો જોઈતી એ વિગતોની થોડીક જાચ કરી તો એની અંદર અત્યારે જે સ્પેશ્યલ મામલતદાર છે એમની પાસે વધારાનો નાની બચતનો વર્ગ-રના અધિકારીની ફરજ બજાવે છે. ચિટનીસનો કલેકટર નિવૃત્ત થયા છે એમનો ચાર્જ પણ એમની પાસે છે અને એના ઉપરાંત ભુજના જનસંપર્ક અધિકારીની ભાડા વિસ્તારમાં બદલી થઈ છે એટલે રજા ઉપર હોય ત્યારે એ ચાર્જ પણ એમની પાસે હોય છે. એટલે ૧૧૫૩ જે કેસો છે એ કેસોને નેસ્તનાબૂદ કરવા માટે થઈને કેવું રૅકૉર્ડ ઉભુ કરવામાં આવે છે કે આ ૧૧૫૩ અરજદારોએ અરજી કરી છે એમના વારસોએ અરજી કરી છે એના પુરાવા આપ્યા નથી. એમના વારસો નેસ્તનાબૂદ થતા નથી કારણ કે આપણે ત્યાં વારસાઈમાં જમીન હોય એમની મિલકતો હોય એમને એ ઇનામદારીના વિશે એ ઇનામની રકમ એના ત્રણ પટ, છ પટની રકમ જે કબજો જેમણે આપી હોય એમની પાસેથી વસૂલ કરીને આપણે એને ભરવાની હોય એ આજદિન સુધી સરકારમાં જમા પડેલી છે. સરકાર જ્યાં સુધી આપી શકે નહિ ત્યાં સુધી એમના અધિકારો કઈ રીતે છીનવી શકે. ૧૯૫૮માં આવ્યો એના પછી ૧૯૬૪માં તે વખતના તત્કાલીન મહેસૂલ મંત્રી ઉત્સવભાઈ પરીખ સાથે કચ્છ રાજપૂત સભાના પ્રમુખ મહારાજ કુમાર હિંમતસિંહજી પર્લામેન્ટ મેમ્બર હતા એમની સાથેની સમજૂતી થયેલી. એનું અમલીકરણ આ સરકાર કરતી નથી. એ વખતે એમણે ઘરખેડની ઉપરાંતની જમીનો મળી શકે એમ હોય તો ૧૮ એકરની મર્યાદામાં એમને જમીનો આપવાની હતી. ૧૯૬૪માં સમજુતી થઈ અને કટ ઓફ ડેટ રાખવામાં આવી. ૧૯૬૪ પછી આ જમીનો મેળવી શકાઈ હોત. પરંતુ એની અંદર કેટલાક અનિષ્ટ તત્વો પણ ભળ્યા અને સ્પેશિયલ મામલતદાર પાસેથી સર્ટિફિકેટો ૧૯૮૨માં મેળવ્યા અને ૨૦૦૨માં એમણે જમીનોની માગણી કરી અને એમને જમીનો મળી પણ સાચા જે હક્કદાર હતા એમને બાદ કરી દેવામાં આવેલ. અત્યારે એ કેટલાક ઘ ારખેડની જમીન મળેલાઓ એ ઈનામદારો કે જાગીરદારો જે છે એમના કેસ ફરીથી ઉખેળવામાં આવે અને એ જમીનો રદ કરવામાં આવે. જે લોકોએ નિયમ પ્રમાણેની જમીનો મેળવેલ હોય એ તો રદ ન થાયને? જે લોકોએ નિયમથી બહાર ચાતરીને અને સરકાર સાથે જુદા રેકર્ડ રજૂ કર્યા હોય એવાની જમીનો રદ કરે તો અમે પણ એને પ્રોત્સાહન આપીએ છીએ અને વખાણીએ છીએ. પણ જે જમીનદાર ઈનામ નાબૂદી ધારા હેઠળ રજિસ્ટર્ડ થયેલ હતા અને આ બધું ભૂકંપ પછી રેકર્ડ નાશ પામ્યું છે એવું કહીને એક તુમાર ઉભો કરવામાં આવેલ છે. કચ્છમાં જે ઠેકાણે ભૂકંપ હતો, આગ લાગી હોય તો બધું રેકર્ડ નાશ થઈ જાય. પણ ભૂકંપની અંદર મલબો ખસેડો એટલે કાગળો બધા મળી આવે અને ન મળે તો જે અરજદારોએ જે વાત કરી છે એનો સ્વીકાર કરીને જવું પડે. અને આની અંદર એમ કહેવામાં આવે કે આમાં આમ થશે તો કરોડો રૂપિયાની ચૂકવણી કરવામાં આવશે. કચ્છની ધરતીની વિશાળ જમીનો

આ જાગીરદારો કે ઈનામદારોની ગામતળની જમીનો હતી એને ઝાડપાનના વળતર સરકારે આપ્યા છે. એના હક્કદાર હતા એટલે આપેલા છે. અને ખનીજની ખોદકામની અંદર એને પ્રાયોરીટી આપવાની વાત ઉત્સવભાઈ પરીખ સાથેના કરારમાં થયેલ છે. આ તમામ બાબતોને કોરાણે મૂકીને આ વર્ગને ખતમ કરવાની વાત માનનીય મહેસૂલ મંત્રીશ્રીને કહેવા માગું છું. અગાઉ પણ કહ્યું હતું કે આ બાબત સિલેકટ કમિટિ પાસે આપો અને ચર્ચા કરીને નિરાંતે આ બિલ લાવો તો ખેડૂતોના હક્કોની જાળવણી થતી હોય તો એ બાબતને અમે પ્રાધાન્ય આપીએ છીએ. કારણ કે સૌરાષ્ટ્રની અંદર ૨૭ પટ સુધીની રકમ અપાયેલ હતી અને સરકારે ખેડૂતોવતી રકમ ચૂકવી આપી હતી. કચ્છના ઈનામદારોના ધારાની પટની રકમ વસૂલ કરીને પૂરેપૂરી રકમ ન આવે ત્યાં સુધી ઈનામદારોને આપવામાં આવેલ નથી. ઈનામદાર પરિવાર હોય, પરંતુ ગરીબાઈની રેખા નીચે હોય. આની જયારે ચર્ચા આવેલી ૧૯૯૪માં ત્યારે માનનીય સુરેશભાઈ મહેતાએ કહેલું કે આ વર્ગની બહેનો છે એ ભરતકામ કરીને એમનું ગુજરાન ચલાવે છે એમની આંખોના હિર શોષાઈ ગયેલ છે અને એમને અંધત્વ આવેલ છે. કમસેકમ એમના પ્રત્યે મહેસૂલ મંત્રી સહાનુભૂતિપૂર્વક જુએ અને આ કેસની તપાસ કરે અને ૧૧૫૩ કેસોનો નિકાલ ન આવે ત્યાં સુધી મુલતવી રાખે. કારણ કે અગાઉ બહુમતીના જોરે આ બિલ પસાર થયું અને ગવર્નર સાહેબને એમ લાગ્યું કે આ બિલ પસાર કરવામાં ઉતાવળ થઈ છે અને સરકાર એના ઉપર ગંભીરતાપૂર્વક વિચારણા કરે. મહેસૂલ મંત્રીશ્રીને કહેવું છે કે, આપનું તંત્ર છે એની અંદર જે જુદી જુદી બાબતો હોય નહીં એને ઉભી કરવામાં આવે ૧૧૫૩નું રેકર્ડ નથી અને રેકર્ડ ભૂકંપમાં દટાઈ ગયું છે અને એના બદલે સ્પેશિયલ મામલતદારની વધુ સંખ્યા નીમો અને સમય મર્યાદાની અંદર આ કેસનો નિકાલ કરો અને ૧૯૯૪માં દલસુખભાઈ મહેસૂલ મંત્રી હતા ત્યારે એમણે કહેલું કે ડિસેમ્બર ૧૯૯૪ સુધીમાં આ કેસનો નિકાલ કરીશું. આપે પણ ગયા વખતે કીધું હતું પણ એ પછી આ સમયગાળા દરમિયાન કેટલો નિકાલ થયો છે? નિકાલ નહીં થવા માટે થઈ સ્પેશીયલ મામલતદાર છે એમના ઉપર વધારાની જવાબદારીઓ છે, એ પ્રકારનો જવાબ આપને મોકલાવવામાં આવી રહયો હોય, એવી મને જાણ થતાં આપના ધ્યાન ઉપર વિશેષ કહુ છું કે જવાબદારીમાંથી જે રીતે ભાગી છૂટવાની જે વૃત્તિ છે એને બદલે જવાબદારી નિભાવવાની ફરજ પ્રોત્સાહન તરફ તંત્ર કામગીરી કરે અને વર્ષોથી ૧૯૫૮માં કાયદાના જોરે જે વર્ગને આની અસર થઈ છે એ વર્ગને સંપૂર્ણપણે ન્યાય મળે અને આજના ભાવે જો એ વળતર આપવામાં આવે, એક એકરના બે કે ત્રણ રૂપિયાનું વળતર આપવામાં આવેલું છે. એક એકરના બે કે ત્રણ, એક મીટરના નહીં એક એકરના બે કે ત્રણ રૂપિયાનું વળતર નકકી કરવામાં આવ્યું હોય અને આ પરિસ્થિતિ ..અંતરાય ..મારી વાત તો સાંભળો, કયારેય પણ બે કે ત્રણ રૂપિયા ભાવ નહોતો, આ તો આ વર્ગને ખતમ કરવા માટેની એક સાજીશ હતી એના એ ભોગ ન બને એટલા માટે, કારણ કે હું ખેડૂતપુત્ર છું. ખેડૂતોના હકકોની જાળવણી થાય છે અને કચ્છના તમામ જે ઈનામદારોની જમીનો હતી એના પટ્ટ ભર્યા પછી ખેડૂતોની પાસે આ જમીનો છે. પટ્ટની રકમ તમારી પાસે આવી ગઈ હોય પટ્ટની રકમ જયાં ન ભરાઈ હોય એ જમીનો સરકાર દાખલ થાય એ પરિસ્થિતિ હોય એટલા માટે ખેડૂતોની વતીથી વારંવાર રકમ ભરી દેવા માટે આ સન્માનનીય ગૃહની અંદર મેં વાત કરેલ છે અને એ તમામ રકમ એ ઈનામદારોને, જાગીરદારોને એમના ખાતાની અંદર રોકડના રુપમાં અથવા એના બોન્ડના રુપમાં આપવામાં આવે એ વાત મારે ફરી ફરીને કહેવાની છે અને આ બિલ સિલેકટ કમીટીને અપાય અને ઓછામાં ઓછું ત્રણ વર્ષ સુધીમાં કામગીરી થાય એ પછી જ ગૃહમાં બિલ લાવવામાં આવે એ વાત ફરીથી દોહરાવીને હું મારી વાત પૂરી કરુ છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, મુરબ્બીશ્રી બાબુભાઈએ ત્રણ-ચાર મુદ્દાઓની ચર્ચા આપણી વચ્ચે કરી છે. જેવી તમારી લાગણી છે કે આ બધા કેસો સમયમર્યાદામાં પૂર્ણ થાય એટલી જ તીવ્ર લાગણી આ સરકારની પણ છે અને એટલે ગયા માર્ચ મહીનામાં જયારે આ બિલ વિધાનસભામાં હું લાવી ત્યારે માર્ચ ૨૦૧૧ની સ્થિતિએ ૬૯૬ કેસો બાકી હતા એમાંથી માર્ચ-૨૦૧૧ થી તા:૧૫-૯-૧૧ સુધીમાં બીજા નવા કેસો શોધીને એમાં ઉમેર્યા એટલે ૪૧૩, કુલ ૧૧૦૯ કેસો થયા. આ બે-ત્રણ મહીનાની અંદર એમાંથી ૨૧૭ કેસોનો નિકાલ કરવામાં આવ્યો અને અત્યારે ૧૫-૯-૧૧ની સ્થિતિએ ૮૯૨ જેટલા કેસો પડતર છે અને એ કેસો પણ સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે. એ જ રીતે વળતરના જે કેસો બાકી છે, કલમ-૧૨,૧૩,૧૪,૧૬ અને ૧૭, ૨૦૦૮ મુજબ ૧૧૫૩ કેસો છે. એ ૧૧૫૩ કેસોમાંથી ૨૮૪ અરજીઓ મળી ગઈ છે અને એની કાર્યવાહી અત્યારે હાલ ચાલુ છે અને આપ જે કહો છો કે ભૂકંપની અંદર આ બધું સાહિત્ય મળ્યું નથી એવી જે વાત હોય તે પરંતુ જેટલા ૧૧૫૩ કેસો છે એના પૂરાવા ગમે ત્યાંથી પણ શોધીને જે એના અધિકારો છે એ અધિકારો એમને આપવામાં આવશે એની ખાતરી હું આ વિધાનસભાની અંદર આપુ છું. આપે કહયું કે મામલતદારો ઉપર એક, બે ત્રણ, ચાર જેટલી જવાબદારી એમના ઉપર છે પરંતુ મામલતદારની જગ્યા ઉપર બઢતી આપવા માટે ૭૫ નામની યાદી તૈયાર થઈ ગઈ છે, જી.પી.એસ.સી.માં પહોંચી ગઈ છે. અને જી.પી.એસ.સી.ની અંદરથી મંજૂરી મળશે એટલે તરત જ એમની નિમણૂકો કરી દેવામાં આવશે જેથી કરીને દરેક તાલુકાને સ્વતંત્ર મામલતદાર મળી જશે. એક વાત આપે કરી કે નિયમથી બહાર જઈને જમેની જમીનો આપી દેવામાં આવી છે, આપની પાસે જો નામ મળતું હશે તો વધારે ઝડપથી અમે આ કામ કરી શકીશું નહીં તો અમે ૯૨માં આપી હશે, જેમને આપી હશે કદાચ તમને નામ ખબર હશે, નામ આપશો તો એમને શોધીને પણ જો ખોટી રીતે લીધી હશે તો દૂર કરવાની પણ અમારી

જવાબદારી બનશે. મારે આ હાઉસને એટલા માટે જણાવવું છે, એમણે ચિંતા કી કરે બે રૂપિયા અને એક રૂપિયો અને એ બધું નકકી કરવામાં આવ્યું. આપ કચ્છ ઈનામી નાબૂદ બાબતનો અધિનિયમ ૧૯૫૮, ૩૧-૧૨-૧૯૫૮ અમલમાં આવ્યો, કોના સમયમાં અમલમાં આવ્યો અને એ જયાર અમલાં આવ્યો ત્યારે કોને શું આપવું એના નિર્ણયો પણ એ જ સમયે થયા હતા અને એ નિર્ણયોની અંદર એમ કરવામાં આવેલું કે એક એકરના એક પૈસાથી વધુ રૂપિયો દોઢ સુધીનો ઠરાવવામાં આવેલ છે. ૧૯૫૮માં આપણે એટલું ઠરાવેલું અને એ પ્રમાણે આપ્યું અને હવે આપણે એમ કહીએ કે આજની કિંમત એમને અપાય તો શું એ માગણી યોગ્ય છે? (અંતરાય) બીન ખેતીની માલિકીની જમીનના ચોરસમિટરના ફક્ત ૨૫ પૈસા આપવાનું ઠરાવવામાં આવ્યું હતું અને એ પ્રમાણે જે તે વખતે અપાયા. બીજી વાત છે કે ખેડવાળ જમીનનું વળતર ૬ રૂપિયા એકર દીઠ નક્કી કરવામાં આવ્યું હતું અને એ પ્રમાણે આ કાયદામાં જાગીરદારો માટે જોગવાઈ ખેડની જમીન આપવાની કોઈ જોગવાઈ ન હતી અને ખાણ ખનિજના હક્કો પણ તમને તે સમયે આપી દેવામાં આવ્યા છે. કોઈ બાકી રહેતું નથી એટલે કે કામ પૂરું થઈ ગયું છે. બહેનોની વાત કરીએ તો ૭૨ વિધવા બહેનો છે અને આ ૭૨ વિધવા બહેનોને એ સમયમાં ૩૦ રૂપિયા આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. અત્યારે આ સરકારે રૂા. ૧૨૭૫ માસિક આપવાનું નક્કી કર્યું છે અને આ બહેનોને આપણે આપી રહ્યા છીએ. બહેનો જ્યાં સુધી જીવશે ત્યાં સુધી આ રકમ એમને આપવામાં આવશે એ પણ નિર્ણય કરવામાં આવ્યો છે. એટલે બહેનોને પણ અધવચ્ચેથી આપણે છોડી દેવાના નથી. તા. ૧૪-૭-૧૯૮૦ના ઠરાવની જોગવાઈ મુજબ જે ઈનામદારોએ તા. ૩૧-૭-૧૯૬૦ પહેલા અરજી કરેલ હોય તેવા ઈનામદારોને જમીન ગ્રાન્ટ કરવાનો કોઈ કેસ અત્યારે પડતર નથી. એટલે એમનો કોઈ સવાલ ઊભો થતો નથી. પરંતુ વખતો વખત તેવા ઈનામદારના વારસદારો કે અન્ય મારફતે આવી જમીન ગ્રાન્ટ કરવાની અરજીઓ કરવામાં આવે છે એટલે મૂળ ઈનામદારોને મળી ગયું છે. પરંતુ એના વારસદારો અવાર-નવાર માગણી કરે છે અને તા. ૩૧-૭-૧૯૬૦ બાદના કેસોની વિચારણા કરવાની રહેતી નથી. આ વાત ૧૯૬૦માં નક્કી થઈ છે એટલા માટે આપણે એમને આપી શકતા નથી. પ્રશ્ન ૧૧૫૩ કેસોનો છે. મેં કહ્યું એમ ૧૧૫૩ કેસોનું કામ આપણે સમયમર્યાદામાં પૂર્ણ કરીશું અને એટલા માટે આ બિલ કોઈ ઉચ્ચ સમિતિને કે સિલૅક્ટ કમિટીને મોકલવાની જરૂર નથી. વળી, રાજ્યપાલશ્રીએ એક્ટમાં કોઈ સુધારો કર્યો નથી. જે ચિંતા આપણે સૌ અહીં કરીએ છીએ એ જ ચિંતા મહામહિમ રાજ્યપાલશ્રીએ કરી છે કે આ કેસો બાકી છે, મહિલાઓની ચિંતા કરી છે એ પણ અમે ચિંતા કરીએ છીએ. આ બે પ્રકારના કેસો ઝડપથી પૂર્ણ થાય એવો આશય અને અપેક્ષા વ્યક્ત કરી છે અને એમની અપેક્ષા છે એ અપેક્ષા અમે સમયમર્યાદામાં પૂર્ણ કરીશું. એટલા માટે આખા બિલને રદ કરવા માટે લઈને આવી છું એ ગૃહમાં સર્વાનુમતિથી પસાર કરવા માટે બધા મદદ કરે એવી વિનંતી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય મંત્રીશ્રીએ વાત કરી છે એમાં મારે એટલું જાણવું છે કે માનનીય રાજ્યપાલશ્રીની ચિંતા બહુ જ યથાસ્થાને છે ત્યારે આ બિલને તત્કાલ પાછું ફરી એ જ સ્વરૂપે મોકલવાના બદલે વર્ષોથી આવતો કાયદો છે, થોડા પેન્ડીંગ કેસો છે એની બાબુભાઈએ વિગતે વાત કરી છે. મારો પ્રશ્ન છે કે આની ઉતાવળ કરવાના બદલે થોડો સમય રોકીને છ-બાર મહિના પછી આ બિલ નાબૂદ કરીએ. જ્યારે એનો ઉકેલ આવ્યો હોત તો સરકારને એમાં નુકસાન શું છે અને આજની ઉતાવળનું કારણ શું છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : સરકારને નુકસાન કે ફાયદાની કોઈ વાત જ નથી. માત્ર એટલું જ છે કે આ બિલ રદ કરીએ એ ચાલુ છે એમ માનીને, બાકીના કેસોની નિકાલ કરવાનો નિર્ણય કર્યો છે. કાયદા પંચનો નિર્ણય છે એટલે આજે નાબૂદ કરીએ છીએ પણ પ્રશ્નો બાકી છે એટલે એ પૂરા કરવાના છે. અહીં પ્રશ્નોનો અંત આવતો નથી. મેં હાઉસમાં ગઈ વખતે વચન આપ્યું હતું અને આ વખતે પણ કહું છું કે ૨૮૪ કેસો ત્રણ મહિનામાં અમે લાવ્યા છીએ અને બાકી કેસો છે એ આવતા માર્ચ-એપ્રિલ સુધીમાં પૂરા કરીશું પછી શું વાંધો છે?

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : માનનીય મંત્રીશ્રીએ હમણાં જ કહ્યું કે આ બિલ અમે રીપીલ કરવા મૂક્યું છે. પણ સાથોસાથ આ બિલ ચાલું છે એમ ગણીને નિકાલ કરવાના આવશે. જો એ રીતે નિકાલ કરવાની માનસિકતા હોય તો એ બિલને લાવવાનો અર્થ દેખાતો નથી. એટલે મારી બહુ સ્પષ્ટ માગણી છે કે એમાં ઉતાવળ કરવાના બદલે આને અત્યારે પેન્ડીંગ રાખવું જોઈએ અને પેન્ડીંગ રાખ્યા પછી આ કેસોનો નિકાલ થયા પછી સભાગૃહ ફરી કન્સીડર કરે એવી ફરી આપના માધ્યમથી વિનંતી કરવા માગું છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : એ આપનું સૂચન છે.

**સભાપતિશ્રી** : હવે હું પ્રસ્તાવ મત માટે મૂકીશ. (અંતરાય) બાબુભાઈ આપે તો ઘણું બધું કહી દીધું છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : સાહેબ, આ મારા વિસ્તારને લગતો પ્રશ્ન છે એટલા માટે આ પીડાની આપને ખબર નહિ હોય. મને પીડાની ખબર છે એટલા માટે હું કહેવા માગુ છું. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૪ની અંદર તત્કાલીન રેવન્યુ મિનિસ્ટર અને કચ્છ રાજપુત સભા સાથેની જે સમજુતી થઈ હતી અને તમે ૧૯૬૦થી કટ ઓફ ડેઈટ રાખો એ કઈ રીતે? ૧૯૬૪ પછી એ ડેઈટ આપી જોઈતી હતી અને એ સમજૂતીની અંદર ૧૯૬૪ પછી અરજદાર તરીકે છો એ પ્રકારની જોગવાઈ હતી. ૧૯૬૪ની જે સમજૂતી હતી એનો તમે અમલ કરવા માગો છો કે કેમ? અને બીજું, ૧૯૯૪ માં તત્કાલીન રેવન્યુ મિનિસ્ટર દલસુખભાઈ પટેલ સાથે જે સમજુતી થઈ હતી અને સુધારો જે થયો હતો એના અમલીકરણ માટે થઈને શું કામગીરી થઈ છે એ વાત કહેવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કોની જોડે કયું સમાધાન થયું છે એની મને કાંઈ ખબર નથી. આપની પાસે રેકર્ડ હોય તો આપજો કે કયા પ્રકારનું સમાધાન થયું છે એ. ઓફિસમાં સાહેબ આપે અને અત્યાર સુધી આપી દીધું હોત તો હું એનો ઉત્તર પણ આપી શકી હોત. (અતંરાય) ૧૯૬૪ સુધીમાં જે કેસો આપણને મળ્યા છે એ બધા કેસો ૧૧૫૩ છે એમાં કોઈ વધારો થયો જ નથી. (અંતરાય) આપ આપો પહેલા રકપછી અભ્યાસ કરીશું એની ખાતરી શેની અપાય? ખાતરી શેના માટે?

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૨- સન ૨૦૧૧નું મુંબઈનું (કચ્છ ક્ષેત્રમાંના) ઈનામો નાબૂદ કરવા બાબતનું (રદ કરવા બાબત) વિધેયક-પુન:વિચારણાનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ અને ૩, કલમ-૧ દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૨- સન ૨૦૧૧નું મુંબઈનું (કચ્છ ક્ષેત્રમાંના) ઈનામો નાબૂદ કરવા બાબતનું (રદ કરવા બાબત) વિધેયક-પુન:વિચારણાનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સભાપતિશ્રી** : સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૨- સન ૨૦૧૧નું મુંબઈનું (કચ્છ ક્ષેત્રમાંના) ઈનામો નાબૂદ કરવા બાબતનું (રદ કરવા બાબત) વિધેયક-પુન:વિચારણાનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)

### ખેડૂતોને રાસાણિક ખાતર સત્વરે ફાળવવા અંગે.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ(ગણદેવી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે,-

ગુજરાતમાં માનનીય મુખ્યમંત્રીશ્રીની કુનેહપૂર્ણ અને દીર્ઘ દ્રષ્ટ્રિવાળી ખેડૂતલક્ષી યોજનાઓના કારણે તેમજ સિંચાઈ સવલતોની અસરકારકતામાં વધારો થવાથી દસમી પંચવર્ષીય યોજનાનો સમગ્ર દેશનો કૃષિ વિકાસ દર જે માત્ર ૨.૫૮% જેટલો છે તેની સામે રાજ્યનો કૃષિ વિકાસ દર ૧૦.૭% હાંસલ કરી શકાયો છે.

રાજ્યના કૃ ઉત્પાદન માટે રાસાયણિક ખાતરો ખૂબ જ અગત્યનું પરિબળ છે. સમયસર રાસાયણિક ખાતરો ઉપલબ્ધ ન થાય તો કૃષિ ઉત્પાદન પર ખૂબ જ માઠી અસરો થાય છે. રાસાયણિક ખાતરની વ્યવસ્થા અને ફાળણી એ કેન્દ્ર સરકારની જવાબદારી છે. ચાલુ વર્ષે ખરીફઋતુ-૨૦૧૧માં ભારત સરકાર દ્વારા સમયસર અને પૂરતા જથ્થામાં રાજ્યને ખાતર ઉપલબ્ધ કરાવવામાં આવેલ નથી. રાજ્ય સરકારદ્વારા ભારત સરકાર પાસે ખરીફઋતુ-૨૦૧૧ માટે કરવામાં આવેલ માંગણી સામે કરૂઆતથી જ ઓછો જથ્થો મંજૂર કરવામાં આવેલ છે અને તેની સામે ખરેખર મળેલ જથ્થો તેથી પણ ઓછો થાય છે. જે નીચેની વિગતો જોતાં જણાઈ આવે છે.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

(લાખ મેટ્રીક ટનમાં)

| વિગત | યુરિયા | ડી.એ.પી. | એમ.ઓ.પી. |
|---|---|---|---|
| રાજય સરકાર ધ્વારા કરવામાં આવેલ માંગણીનો જથ્થો. | ૧૨.૦૫ | ૫.૦૦ | ૧.૧૫ |
| ભારત સરકાર ધ્વારા માન્ય રાખવામાં આવેલ જથ્થો. | ૧૧.૦૦ | ૪.૮૦. | ૧.૧૦ |
| તા.૨૧/૦૯/૨૦૧૧ સુધીમાં ખરેખર મળેલ જથ્થો. | ૯.૭૭ | ૩.૪૧ | ૦.૭૩ |

રાજય સરકાર ધ્વારા પૂરતા જથ્થામાં ખાતર પૂરું પાડવા દસ-દસ વખત કેન્દ્ર સરકારને રજૂઆત કરવામાં આવેલ છે. આ ઉપરાંત ભારત સરકાર ધ્વારા યોજવામાં આવતી વિડીયો કોન્ફરન્સમાં પણ રાજય સરકાર ધ્વારા અવાર-નવાર રજૂઆત કરવામાં આવેલ છે. તેમ છતાં ભારત સરકાર ધ્વારા પૂરતા પ્રમાણમાં ખાતર પૂરું ન પાડી રાજયને ખાતર બાબતે સતત અન્યાય કરવામાં આવી રહયો છે.

આ ઉપરાંત રાજયની મોટી ખાતર ઉત્પાદક કંપનીઓ જેવી કે, જી.એસ.એફ.સી., જી.એન.એફ.સી., ક્રિભકો અને ઈફકો ધ્વારા મોટા પાયે રાસાયણિક ખાતરનું ઉત્પાદન થતું હોછા છતાં ભારત સરકાર ધ્વારા રાજયને આ કંપનીઓનું ખાતર ઓછું ફાળવવામાં આવે છે. જેના પરિણામે રાજયમાં રાસાયણિક ખાતર ઉત્પન્ન થતું હોવા છતાં રાજયના ખેડૂતોને તેનો લાભ મળતો નથી. જે નીચેની વિગતો પરથી જણાઈ આવે છે.

( લાખ મેટ્રિક ટનમાં)

| કંપનીનું નામ | ખાતરનો પ્રકાર | ઉત્પાદન | ભારત સરકાર ધ્વારા ફાળવવામાં | કંપની ધ્વારા ખરેખર પૂરો પાડવામાં આવેલ |
|---|---|---|---|---|

| | | ક્ષમતા | આવેલ જથ્થો | જથ્થો. |
|---|---|---|---|---|
| ક્રિભકો | યુરિયા | ૧૭.૨૯ | ૨.૨૩ | ૨.૦૧ |
| ઈફકો | યુરિયા | ૫.૪૪ | ૧.૪૯ | ૧.૩૩ |
| | ડી.એ.પી. | ૭.૦૦ | ૦.૨૦ | ૦.૩૦ |
| જી.એસ.એફ.સી. | યુરિયા. | ૩.૭૦ | ૧.૦૦ | ૦.૯૧ |
| | ડી.એ.પી. | ૧૦.૦૦ | ૨.૧૩ | ૧.૭૧ |
| જી.એન.એફ.સી. | યુરિયા | ૬.૩૬ | ૧.૫૯ | ૧.૪૩ |
| હિન્ડાલકો. | ડી.એ.પી. | ૨.૪૦ | ૦.૨૫ | ૦.૨૪ |
| | યુરિયા | ૩૨.૭૯ | ૬.૩૧ | ૫.૬૮ |
| કુલ :- | ડી.એ.પી. | ૧૯.૪૦ | ૨.૫૮ | ૨.૨૫ |

કેન્દ્ર સરકારે મોંઘવારી ઘટાડવાનું પ્રજાને વચન આપેલ હતું પરંતુ દેશમાં ભાવવધારાએ માઝા મૂકી છે. તેમાં રાસાયણિક ખાતરો પણ બાકી રહેલ નથી. ભારત સરકાર ધ્વારા તા. ૦૧-૦૪-૨૦૧૦થી ફૉસ્ફેટિક અને પોટાશિક ખાતરોની સબસિડી માટે અમલમાં મૂકેલી નવી ખાતર નીતિના કારણે આ રાસાયણિક ખાતરોના ભાવ કૂદકે અને ભૂસકે વધી રહેલ છે. છેલ્લા છ માસમાં ડી.એ.પી. ખાતરમાં અંદાજીત રૂા. ૨૩૦/- નો જંગી વધારો નોંધાયેલ છે. એપ્રિલ માસમાં જે ડી.એ.પી. ખાતર રૂા. ૫૭૦/- ના દરે ઉપલબ્ધ થતું હતું તેનો હાલમાં સરેરાશ ભાવ રૂા. ૮૦૦/- થઈ ગયેલ છે. આમ, અપૂરતા ખાતર અને તેમાં પણ ભાવ-વધારાના કારણે ખેતપેદાશોના ઉત્પાદન ખર્ચમાં નોંધપાત્ર વધારો થયેલ છે અને ગરીબ ખેડૂતોની આર્થિક સ્થિતિ કથળવાના સંજોગો ઊભા થયા છે.

આથી રાજયની કૃષિ વિષયક પ્રગતિને પૂરક બને તે માટે રાજય સરકાર ધ્વારા ખેડૂતો માટે જેટલી માગણી કરવામાં આવે તેટલી માત્રામાં વાજબી ભાવે રાસાયણિક ખાતર સત્વરે ફાળવવા સંબંધે આ સભાગૃહ કેન્દ્ર સરકારને અનુરોધ કરવા ચર્ચા-વિચારણા કરે એવો મારો પ્રસ્તાવ છે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ દેશ ખેતી પ્રધાન દેશ છે. આ દેશના ખેડૂતોને ખેડૂતના તાત કહેવાયા છે. પણ એને ખરેખર પરિવીત કરવામાં જે પ્રયત્નો થવા જોઈએ એ થયા નથી. આ ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીએ એ દિશામાં મનન, મંથન, ચિંતન, મથામણ, કુનેહપૂર્વક, દૂરંદેશી વાપરીને આ દેશમાં આ રાજય કેવી રીતે કૃષિ ઉત્પાદન વધારી શકે..એના માટે આપણે કૃષિ મહોત્સવ અને કૃષિ રથ યોજયા. કૃષિ રથ માટે મારે કહેવું છે કે કૃષિ રથ એ ખાલી મેળાવડા નહોતા ત્યાં ગરીબ ખેડૂતોને કીટસ, બિયારણ, દવાનું વિતરણ થયું હતું. લેબ ટુ લેન્ડ આપણે વિચારતા હતા પણ યુનિવર્સિટીના તજજ્ઞોએ ખેડૂતના ખેતર સુધી પહોંચીને ખેડૂતોને પૂરેપૂરું માર્ગદર્શન આપ્યું છે એથી આપણું ઉત્પાદન અને કૃષિ વિકાસ દર ઉંચો આવ્યો છે. વર્ષો પહેલા આપણે જોતા હતા કે આપણું ઉત્પાદન ફકત ૯૦૦૦કરોડ હતું એને બદલે આજે પચાસ હજાર કરોડ ઉપર પહોંચી ગયું છે એ એમને એમ નથી મળતું. કોઈ સંતે કહયું છે કે " નથી મફતમાં મળતા, એના મુલ ચુકવવા પડતા, સંતોને સંતપણા પણ નથી મફતમાં મળતા" આ બધું મફતમાં નથી મળ્યું. એની પાછળની મહેનત છે, મથામણ છે. ચિંતન છે, દ્રષ્ટિ છે તો જ ગુજરાત આજે કૃષિ ઉત્પાદનમાં અગ્રસ્તરે છે એની દેશ અને દુનિયાએ નોંધ લીધી છે.મારે એ જ કહેવું છે કે સાચો વિકાસ કયાં છે એ આપણે સમજવું પડશે. આપણે જોયું મારા પ્રસ્તાવમાં અમે કાંઠા વિસ્તારમાંથી આવીએ છીએ. અમે સાગરપુત્રો કહેવાઈએ છીએ પણ ગુજરાત રાજયની જનતા પણ આ રાજયના ભુમિપુત્રો છે. જી.એન.એફ.સી., ક્રિભકો, ઈફકો જેવી કંપનીઓ આપણે ત્યાં ચાલે છે. ઉત્પાદન આપણે ત્યાં થાય છે પણ ફાળવણીમાં આપણને જ અન્યાય થાય એ કયાંનો ન્યાય? હમણાં દિલ્હીમાં આતંકવાદનો હુમલો થયો હાઈકોર્ટ પાસે ત્યારે ટી.વી. ઉપર મેં સાંભળેલું કે " કબ તક સહેંગે" હું એ જ વાત કરવા માગું છું.

**અધ્યક્ષશ્રી** : લક્ષ્મણભાઈ, આપ પ્રસ્તાવ ઉપર બોલો.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એના ઉપર બોલું છું. અન્યાય ઉપર જ. મેં વાંચેલી સ્ક્રીપ્ટ મને યાદ આવી ગઈ. આપણે ત્યાં થતા ખાતર આપણને ન મળે. ભૂમિ પુત્રોને ન મળે એ કેટલો અન્યાય છે? કબ તક સહેંગે. ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી અને એમના પ્રબળ નેતૃત્વ હેઠળ ગુજરાતે કૃષિમાં જ નહીં, અનેક ક્ષેત્રે ક્રાંતિ કરી છે. મારે રાજકીય રંગ નથી આપવો પણ જે રાજકીય પરિસ્થિતિ છે, એનો જે તકાદો છે જન આંદોલન, જન જાગૃતિને નજર અંદાજ કરે છે એના પરિણામે નજર સામે છે. આપણા ગુજરાતની છ કરોડ જનતાનો આક્રોશ છે. ૨૫મીની દિલ્હીની થોડીઘણી વાત થઈ, પણ હું રાજકીય રંગ નથી આપતો પણ એ જનતાનો આક્રોશ છે, જનતાની એવી લાગણી છે કે આપણને કયાંક અન્યાય થાય છે. એ નજર અંદાજ કયારેક ભારે પડશે. ગુજરાતની જનતાએ નકકી કર્યું છે કે ગુજરાતને થતો અન્યાય આપણે સહી લેવો નથી એટલા માટે મારી આ વેદના મેં વ્યકત કરી છે. જે દેખાય છે એ રખે માનતા. આ તો હજી તણખો થયો પણ ગુજરાતની છ કરોડની જનતાનો જે આક્રોશ છે ત્યારે મારે કહેવું છે કે આ તો હજી તણખો થયો અગ્નિને તો હજી ઘણી વાર છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે છેલ્લા દિવસનો પ્રસ્તાવ લઈને આવ્યા છે એમનો હું આભાર માનું છું. એક રાજનીતિ જે ખાતર ઉપર ચાલતી હતી એમાં સત્યને પ્રકાશિત કરવાની તક એમણે પૂરી પાડી છે. મારે દાખલો આપવો છે. દેશમાં ભા.જ.પ.ની આગેવાનીવાળી એન.ડી.એ.ની સરકાર હતી ૨૦૦૧-૦૨માં ૧૬૮૮૩૪૬ મેટ્રીક ટન ખાતર ગુજરાતને મળતું હતું. એ વધવું જોઈએ.

૨૦૦૨-૦૩માં આપની સરકારમાં. વધ્યું નહીં. ૧૪૪૧૩૪૦ મે. ટન થયું. યુ.પી.એ.ની સરકારે ૧૬લાખ અને ૧૪લાખ એ સમયે.

**અધ્યક્ષશ્રી** : લક્ષ્મણભાઈ, આપનો સમય પૂરો થાય છે પ્લીઝ આપ બેસી જાવ.

૨૦૦૯-૧૦ માં ડબલ સીધુ ૩૩,૩૬,૫૨૭ મે.ટન ગુજરાતને મળ્યું. ૨૦૧૦-૧૧ માં ૩૮,૭૯,૨૩૩ મે.ટન મળ્યું. આપણી આ વિધાનસભાની પ્રશ્નોત્તરી ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૮ પ્રશ્ન ક્રમાંક-૩૨ માનનીય ગૌતમભાઈ ઝાલાએ પૂછયું ગુજરાતે કેન્દ્ર પાસે ખાતર કેટલું માગ્યુ? આપની સરકારનો જવાબ છે. ૧૭,૨૦,૦૦૦ મે.ટન માગ્યું. કેન્દ્રે કેટલું આપ્યું તો ૧૮,૦૮,૪૧૭ આપની સરકારનો જવાબ છે. માગ્યા કરતા કેન્દ્ર સરકાર તરફથી વધારે ખાતર મળ્યું છે. અમારે કહેવાનું રહેતું નથી. આપની સરકારનો આ જવાબ છે. ૨૦૧૦-૧૧ ની વાત કરું છું અને ચાલુ વર્ષની પણ વાત કરવાની છે. મને આનંદ થાત કાલે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યુ હતું. મને કહેવામાં આવ્યું કે આંકડા મોકલીએ છીએ. ફેકસ આવ્યો નહિ. કદાચ કામમાં રહી ગયું હશે, એટલે નહિ આવ્યો હોય. ફોન આવ્યો મેં કહ્યું આપ મોકલો. ફિગર નહિ મોકલાવ્યા હોય. જે પત્રના આધાર ઉપર માનનીય સભ્યશ્રી ઠરાવ લઈને આવ્યા છે. અમે તો સભ્ય છીએ. માહિતી ન હોય, સત્તાધારી પક્ષના સભ્ય છેલ્લા દિવસનો પ્રસ્તાવ વેરીફિકેશન કર્યુ હોત તો આજે પણ સુધારો રજૂ કર્યો હોત મને વાંધો નહોતો. જે પત્ર ગુજરાત સરકારે પત્ર લખે છે. ૧૪-૭-૨૦૧૧. "So, in Rabi ૨૦૧૦-૨૦૧૧, we received more than ૩૧,૭૭૭ MTs DAP, more than our requirement and we are very thankful for the same." આપ આભાર માનો છો. થોડોક એક શબ્દ વાપરવો હતો કે અમે શાના માટે આ બધુ આપણે કરીએ. એટલી નીચી કક્ષાએ જઈશું. સરકારો આવે અને જાય. ગુજરાતની એ સંસ્કૃતિ છે કે કાંટો કાઢ્યાનો પણ બોધણ ન ભૂલાય. વાસ્તવિકતા સ્વીકારવામાં આપણને વાંધો શું હોઈ શકે? ૨૦૦૯-૧૦ માં આપણા ગુજરાત નર્મદાવેલી ફર્ટીલાઈઝર માટે મોર્ડનાઈઝેશન માટે ૧૨૦૦ કરોડ રૂપિયા કેન્દ્ર સરકારે આપણને આપ્યા. આપણે ગૌરવ લેવું જોઈએ. આ પૈસા આપણને આપ્યા. સરકાર જે લઈ જાય છે. (અંતરાય)એની ટકાવારી નાણા પંચ નક્કી કરીને આપે છે અને એના ઉપરના છે. યુરિયા ૨૦૧૦-૧૧ ની વાત કરતા હતા. એમાં કહું છે આપણી જરૂરિયાત ૧૯.૫ લાખ મે.ટન. આપણી અવેઈલિબિટી ૨૧.૨૬ લાખ મે.ટન. આ છેલ્લા મહિનાઓની વાત કરું છું. આ પ્રસ્તાવની છેલ્લી વાત કરો છો એમાં. મારી પાસે સમગ્ર દેશના તમામ રાજયોના આંકડાઓ છે. સમય મર્યાદિત છે. જેને જોઈશે એને આપીશ. વેબસાઈટ ઉપર પણ ઉપલબ્ધ છે. યુરિયા આપે માગ્યું ૧૧ લાખ મે.ટન. ડી.એ.પી. ૪.૮, એમ.ઓ.પી.૧.૧, કૉમ્પ્લેક્સ ટોટલ થઈને ૨.૬ લાખ મે.ટનની સામે અવેઈબિલિટી ૩.૨૪ લાખ મે.ટન. સબસિડીની આપણે વાત કરીએ છીએ. એક શ્વેત પત્ર બહાર પાડો. એન.ડી.એ. સરકારમાં કેટલું ખાતર ગુજરાતને મળતું હતું. આજે કેટલું ખાતર અહીયા મળે છે. એ શ્વેત પત્ર બહાર પાડો કે એન.ડી.એ. ના શાસનમાં ગુજરાતને ૫૨ બૅગ કેટલી સબસિડી મળતી હતી અને આજે ૫૨ બૅગ ગુજરાતમાં ખાતરમાં કેટલી સબસિડી મળે છે. યુરિયામાં એક બૅગ ઉપર અંદાજિત આજે આ વર્ષમાં ૫૦૦ રૂપિયા સબસિડી મળે છે.ડી.એ.પી.માં એક બેગ ૫૨ આજે ૯૮૮ રૂપિયા સબસીડી મળે છે. એમ.ઓ.પી.માં એક બેગ ૫૨ ૮૦૩ રૂપિયા સબસીડી મળે છે. હું તો એમ કહીશ કે આ કોઈ ઉપકાર નથી. હજી ખેડૂતને જેટલું વધારે આપી શકાય આપવું જોઈએ. કેન્દ્રમાં કે રાજયમાં કોઈપણ સરકાર હોય. આપનામાં હિંમત છે, આપનામાં તાકાત છે કે ચાલો વેટ દૂક કરી દઈશું કે સરચાર્જ દૂર કરી દઈશું કે જેથી ખેડૂતને ફાયદો થાય. મારી પાસે આંકડા છે. સબસીડીના આંકડાઓ છે. ૨૦૧૦-૧૧માં ૪૮૬૪ કરોડ રૂપિયાની સબસીડી અપાઈ, ૨૦૦૯-૧૦માં ૩૦૧૭ કરોડ રૂપિયા આ જે કહું છું તે ગુજરાતના જ છે. આખા દેશના નથી. ગુજરાતમાં સબસીડી જે અપાઈ છે તે આંકડા છે. આખા દેશના આંકડા જોઈએ તો ૫૨૮૪૦ કરોડ રૂપિયા. આજે ગુજરાતને જેટલી સબસીડી ખાતરમાં આપી છે તેટલી આખા દેશમાં પણ આપ જયારે શાસનમાં હતા ત્યારે નથી આપી શકયા. આપણે મારા પક્ષના બીજા માનનીય સભ્યશ્રીઓ આ ચર્ચામાં ભાગ લઈ શકે એટલા માટે માત્ર એક મિનિટમાં મારી વાત પૂરી કરીશ. હું આપને વિનંતી કરું છું કે કાળાબજારમાં ખાતર ગુજરાતમાં વેચાય તેને ન રોકી શકાય તો તેની જવાબદારી કોની? યુરિયા ખાતર જથ્થાબંધ સ્વરૂપનું જી.આઈ.ડી.સી.માંથી પકડાય છે. તે ખાતરની પાછળનો માણસ કોણ છે? તેનો રાજકીય છેડો કયાં છે? તેનું કનેકશન શું છે? હું અખબાર આધારિત વાત નથી કરતો માટે નામો પણ અહીં જાહેર નહીં કરું. આખા રાજયમાં ખાતરનો કાળાબજાર કરતો હોય, શા માટે ગભરાઓ છો. તે આ પક્ષ કે આ પક્ષ કોઈનો ન હોય. તે રાજય વિરોધી માણસ છે, ખેડૂત વિરોધી માણસ છે, કરો આકરામાં આકરી સજા અમે કહીએ છીએ. આ તંત્રમાં જે ખેડૂતને ખાતર સબસીડીવાળું મળવું જોઈએ તે ઉદ્યોગોવાળા ખાઈ જાય છે અને ખેડૂતને ખાતર ન મળે, કાળાબજારમાં ખાતર વેચાય અને આપણે બીજા પર પસ્તાળ પાડવા નીકળીએ. આ સત્યના આંકડાઓ આપની પાસે મૂકયા છે. અમારી પાસે તો કેટલીક મર્યાદાઓ હોય છે. રાજય સરકારની જેમ ફાઈલોના એકસેસ નથી. પરંતુ તેમ છતાં જે મર્યાદિત માહિતી મળી તેને બને તેટલી વેરીફાઈ કરીને આપની પાસે મૂકવાની હકીકત કહી છે. ગઈકાલે પણ કેટલીક માહિતીઓ રાજય સરકાર પાસેથી મેળવીને આપવાનો પ્રયત્ન કર્યો. જે ઠરાવમાં આંકડા આપ્યા છે તે આંકડા જુના પત્ર વ્યવહારના સગવડીયા ધર્મથી ઉભા કર્યા છે. તે પછી આવેલાની વેરીફીકેશન કરવાની ચિંતા પણ કરી નથી. પરંતુ હું એ વાતનો આગ્રહી રહયો છું કે બને ત્યાં સુધી સભ્યો સામે વિશેષાધિકાર ભંગ નહીં લાવવા આ ગુજરાત વિધાનસભાની પરંપરા સામાપક્ષથી તૂટી હશે પણ મેં તોડી હોય તો આજે હું આની સામે કરી શકું.

પરંતુ એમ છતાં માનનીય સભ્યશ્રી જે ભાવથી પ્રસ્તાવ લાવ્યા છે તે પ્રસ્તાવને હું આવકારું છું કારણકે તેમાં અમને સત્ય મૂકવાની એક ઉમદા તક માનનીય સભ્યશ્રીએ પૂરી પાડી છે એટલા માટે તેમની ભાવનાને આવકારી મારી વાત પૂરી કરું છું.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ(રાજગઢ)** : માનનીય અધ્યક્ષશ્રી, પરમ આદરણીય લક્ષ્મણભાઈ પટેલ છેલ્લા દિવસનો જે પ્રસ્તાવ લઈને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવી મારી વાત મૂકવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજેન્દ્રસિંહ બાપુ કહે છે કે ખેડૂત જ નથી પણ અહીં કહું બરાબર નહી પણ કોઈકવાર આવજો મારા વતનમાં. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની ધુળા સંભાળનાર, આ રાજયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીજીના વ્યકિતત્વને ઝાંખપ લગાવવા માટે ગુજરાતમાં બેઠેલા * (xxxx) તો ઠીક પણ કેન્દ્રમાં બેઠેલા... (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ફતેસિંહભાઈ આપના આ શબ્દો યોગ્ય નથી. આપ પાછા ખેંચી લો.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પાછા ખેંચી લઉં છું.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, (xxxx)
માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં સુશાસનના ફળ એ ગુજરાતની જનતાએ માણ્યા છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી,આપ પ્રસ્તાવ ઉપર વાત કરો. (અંતરાય) આપનું પ્રવચન ચાલુ રાખો.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, એમના સભ્યશ્રીઓ બોલ્યા છે અને અમે પણ બોલવાના છીએ, અમે ટોપી નહીં પહેરીએ, એ તમારો વિષય, અમારો વિષય નહીં, એ મત માટે ટોપી બદલી નાખે, એ અમારો વિષય નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં કૃષિ દરના વધારાની મારા સિનિયર સભ્યશ્રીએ પણ વાત કરી છે, આ રાજયમાં જે પરિવર્તન આવ્યું છે, એમાં કેટલાકને ઈર્ષા થાય કે કોઈને યશ નહીં મળવો જોઈએ, અપયશ મળે તો અમારું રાજ ચાલે, એમાંય મારે કેન્દ્ર સરકાર મારફતે, મારે વાત એ કરવી છે કે આ કોંગ્રેસના જનમતથી આજ લગી એના વિરોધમાં કોઈપણ શાસન આવે (અંતરાય) એ કોઈ પ્રાદેશિક પાર્ટી હોય, હું પાર્ટીનું નામ બોલ્યો છું, કોઈ વ્યકિતનું નામ નથી બોલ્યો, એ કોઈ પ્રાદેશિક પાર્ટી હોય તો એને કેવી રીતે હેરાન કરવી એનો તાજેતરનો નમૂનો, હમણાં માનનીય શકિતસિંહજી આંકડા આપતા હતા. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી લક્ષ્મણભાઈએ કહ્યું એમ આ ધરતી ઉપર ખાતરનું ઉત્પાદન થતું હોય અને આ રાજયનો ખેડૂત ચપટી ખાતર માટે ભીખ માગતો હોય અને કેન્દ્રમાં બેઠેલા લોકોની આંખ ઊંચી ન થતી હોય, એનો તાજેતરનો દાખલો છે કે આટલું ખાતર પેદા કરતું હોય ગુજરાત છતાં ગુજરાતને અન્યાય કરવો હોય તો અને તમને આટલો બધો ભાવ હોય કેન્દ્રવાળાને ગુજરાત પ્રત્યે તો આપો ખાતર. એમાં કયાંય માનનીય મોદી સાહેબ આડે આવવાના નથી અને માનનીય અધ્યક્ષશ્રી, હમણાં માનનીય શકિતસિંહજીએ (અંતરાય) માનનીય ઈકબાલભાઈ, હું બિલ ઉપર જ બોલી રહ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં નવો એક ફતવો જાહેર કર્યો, હમણાં માનનીય શકિતસિંહજી કહેતા હતા કે ૫૨ હજાર કરોડની ખેડૂતોને સહાય કરી પણ એમાં વ્યાખ્યા કેવી આપી? જેમ પહેલાં ખેડૂતોને દેવું નાબૂદ કરવાના બહાને આ રાજયની સહકારી મંડળીઓને તોડવાનું કામ (અંતરાય) કોઈ ખેડૂતને આનો ફાયદો નથી થયો, દેવાળિયા ખેડૂત સિવાય કોઈને ફાયદો થયો નથી. જેણે દેવું નથી ભર્યુ એવા લોકોની ફાયદો કરવાની યોજના હતી એવી યોજના આ ખાતર વિતરણમાં હવે નવો કાયદો લાવે છે કે રૅશનકાર્ડ લઈને જવાનું અને એ રૅશનકાર્ડમાં નોંધ કરીને ખેડૂતને ખાતર આપવાનું. માનનીય અધ્યક્ષશ્રી, અમારા ત્યાં એવા ખેડૂતો છે, એક એક રેશનકાર્ડમાં વીસ વીસ નામો છે. એક એક રૅશનકાર્ડમાં ૨૫-૨૫ નામો છે આ ૨૫ નામોવાળાને (અંતરાય) મારી વાત ખેડૂત વિરોધી હોય તો કહો, હું મારી વ્યથા અને ગુજરાતના ખેડૂતોની વ્યથા બોલી રહ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, એમાં એવી વ્યવસ્થા કરી છે કે ખેડૂત રૅશનકાર્ડ લઈને જાય એને ખાતર આપે, એ જ ખેડૂતનો ભાઈ ખાતર લેવા જાય તો એને ખાતર નહીં આપે. તો આ સબસિડીની વાત સાવ બોગસ છે, કોઈ ખેડૂતને ફાયદો થવાનો નથી. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં ડીએપી ખાતરની ચર્ચા કરી, મેં એક ભાઈને કહ્યું કે ભાઈ, આ ડીએપી ખાતરનો ભાવ આટલો કેમ વધારે થયો? તો કહે છે કે • (xxxx) **અધ્યક્ષશ્રી** : આપના શબ્દો આપ પાછાં ખેંચી લો. પ્લીઝ. (અંતરાય)

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા શબ્દો હું પાછા ખેંચું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ મોંઘવારીને જન્મ દેનારી કેન્દ્રની કોંગ્રેસ સરકાર ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને ન પૂછી શકે. (અંતરાય) ખેડૂત વિરોધી બધા બેઠા છે. સાહેબ, આમાં એકય ખેડૂત નથી એટલે એમનામાં લાગણી નથી.

**અધ્યક્ષશ્રી** : ફતેસિંહભાઈ, આપનો સમય પૂરો થાય છે. આપ બેસી જાવ.

---

* (xxxx)માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસારઆ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા હોવાથી અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

• (xxxx)માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસારઆ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા હોવાથી અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ(ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી લક્ષ્મણભાઈ છેલ્લા દિવસનો પ્રસ્તાવ લઈને આવ્યા છે અને આપના થકી મારે એમને ખાસ અભિનંદન આપવા છે કેમ કે, ચાર વર્ષ પૂરા થવા આવ્યા આ સરકારના અને આ સેશનના અને એમને કમસે કમ ખેડૂતો યાદ આવ્યા એટલા માટે મારે એમને અભિનંદન આપવા છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક વ્યવસ્થિત પદ્ધતિ ચાલી છે. અહીંયા લોકો દ્વારા ચૂંટાયેલી સરકાર એ રાજયમાં શાસન કરે છે અને મને હંમેશા નવાઈ એ વાતની લાગે છે કે સરકાર શાસનમાં હોય, આ રાજયની ૬ કરોડની પ્રજાએ મત આપી અને એમને આ રાજયની શાસનની ધૂરા સંભાળવાની જવાબદારી સોંપી હોય અને તે વખતે એક તાકાતપૂર્વક એ જવાબદારી અદા કરવાના બદલે જાણે આ સરકાર કાયમ ફરિયાદી હોય એવી સ્થિતિ ઉભી થઈ છે, અને એકે એક બાબતમાં કેન્દ્ર સરકાર આમ કરે છે, કેન્દ્ર સરકાર તેમ કરે છે, કેન્દ્ર સરકાર અન્યાય કરે છે. મારો તો સવાલ એટલો જ છે કે તમને પ્રજાએ ફરિયાદ કરવા માટે ચૂંટીને આ જવાબદારી સોંપી છે? જો સરકારમાં તાકાત હોય તો કરી બતાવે? પણ એને બદલે માત્રને માત્ર અન્યાય થયો, અન્યાય થયો એની બૂમો પાડવાની? હવે ગુજરાતની પ્રજા આ તમારી બૂમોથી પણ ત્રાસી ગઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, બંને મિત્રો બોલતા હતા કે દેશમાં ખેડૂત પગભર થાય એની ચિંતા કરીને આપણે આગળ ચાલવું જોઈએ. ખેડૂત પગભર થાય એની ચિંતા તો કેન્દ્ર સરકારે કરી છે. કેન્દ્ર સરકારે ૭૧.૬૦૦ કરોડ રૂપિયાના દેવા માફ કર્યા છે, કેન્દ્ર સરકારે ખેડૂતોના ઉત્પાદનના ટેકાના ભાવ વધારી આપ્યા અને પરિણામ એ આવ્યું કે ઘઉં પકવતો ખેડૂત હોય, કપાસ પકવતો ખેડૂત હોય, ડાંગર પકવતો ખેડૂત હોય આજે ટેકાના ભાવ એને એટલા મળ્યા કે ખેડૂત પગભર થઈ સ્વમાનભેર પોતાનું માથું ઉંચું રાખીને જીવતો થયો. આપણે જ્યારે કોઈકની સામે આંગળી ચિંધીએ ત્યારે એ ધ્યાન રાખવું પડુ કે આ બાકીની ત્રણ આંગળી આપણી સામે પણ ચિંધાય છે. અને આ ત્રણ આંગળીઓ જ્યારે આપણી સામે ચિંધાય છે ત્યારે મારો સવાલ છે કે, ગુજરાતના ખેડૂતોને તમે આ પહેલી ચિંધાયેલી તમારી સામેની આંગળી કે, ગુજરાતના ખેડૂતોને તમે પૂરતી વીજળી આપો છો ખરા? આ બીજી તમારી સામે ચિંધાયેલી આંગળી કે ગુજરાતના ખેડૂતને પોસાય એવો સિંચાઈનો દર તમે એની પાસેથી વસુલ કરો છો ખરા? અને ત્રીજી તમારી સામે ચિંધાયેલી આંગળી (અંતરાય) સાહેબ, હવે હું તમારી પાસેથી રક્ષણ માગુ છું.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, ફતેસિંહભાઈ, માનનીય સિધ્ધાર્થભાઈ, આપ પણ પ્રસ્તાવ ઉપર મારી સામે જોઈને બોલો. (અંતરાય)

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : કયાં છે આપણી સરકાર ? શું કરી રહ્યાં છીએ આપણે ? આવા મોટા સ્કેન્ડલો વારંવાર પકડાયા કરે આપણને તેની ચિંતા નથી.

**અધ્યક્ષશ્રી** : આપનો સમય પૂરો થાય છે.

**શ્રી ભરતભાઈ ખો. બોઘરા(જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનીય સભ્ય લક્ષ્મણભાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યાં છે તેને એક ખેડૂત પુત્ર તરીકે સમર્થન આપવા ઉભો થયો છું ત્યારે મારા ઉદ્‌ગાર છે " વરસાદ પાણી ખૂબ મજાના, ખૂટ્યા ખાતરના ખજાના, હવે હાલ જુઓ ગુજરાતની પ્રજાના."

માનનીય અધ્યક્ષશ્રી, શકિતસિંહભાઈ કહેતા હતા મારે એમને એ કહેવું છે કે, કેન્દ્ર દ્વારા ડીએપી ખરીફ-૨૦૧૧ના પ્રથમ ત્રણ માસમાં ૧.૯૦ લાખ મે.ટન કેન્દ્રએ માન્ય કર્યુ. તેમાંથી ખરેખર ગુજરાતને ફક્ત ૧.૫૫ લાખ મે.ટન જેટલો જથ્થો મળ્યો. અને બીજી વાત કરું આ યુરિયા જુલાઇ માસમાં ૨૫૦ લાખ મે.ટન કેન્દ્રએ મંજૂર કર્યુ. તેની સામે ગુજરાતને માત્ર ૧૮૮ લાખ મે.ટન જ મળ્યું. અને તેનાથી વધારે આગળ કહું તો ઓગસ્ટમાં યુરિયા ૨.૪૫ લાખ મે.ટનની જરૂર સામે ફક્ત ૨.૧૩ લાખ મે.ટન જ ફાળવવામાં આવ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં અમારા સિધ્ધાર્થભાઈ કહેતા હતા કે ગુજરાત સરકાર કંપની બનાવે અને સબસીડી આપે પછી ખેડૂતોને તેમાંથી ખાતર મળે. પણ મને આજે ખૂબ દુ:ખ થયું એ વાતનું કે કેન્દ્ર સરકાર હોય કે ગુજરાત સરકાર ખેડૂતોને તેમાં સંપૂર્ણ હકક છે. ગુજરાતની કંપનીમાં ખાતર ઉત્પન્ન થાય અને ગુજરાતનો ખેડૂત તે કંપનીમાંથી ખાતર માગવાનો હક્ક છે કેન્દ્ર પાસેથી અને તેનાથી વધારે આગળ કહું કેન્દ્ર જે ખાતર ફાળવે છે તે આયાતી ખાતર ફાળવે છે ગુજરાતની કંપનીમાંથી ઉત્પન્ન થયેલું ખાતર નથી ફાળવતાં એ વાતનું દુ:ખ છે. જ્યારે બહારથી આયાતી ખાતર ગુજરાતના ખેડૂતોને રાખવું પડે છે માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ખેડૂતો શું કહે છે " ન દાડીયા મળે, ન ડીએપી ખાતર મળે, નહીં યુરિયા મળે આ મંડળીમાં, કેન્દ્ર સરકારે મૂકી કાતર, ખેડૂતોના ખિસ્સા કાપે, ગરીબોને મોંઘું આપે અને રોજે રોજ નવા ભાવ છાપે ભરત માણસ દીઠ કેરોસીન કાપે આ નીતિ કેન્દ્રની. ખેડૂતો રોજ સવારમાં ઉઠે, ખેડૂતને મોટી ખોટ, દિવસ ઉગે અને ખાતરની દોટ, ભરત કેવી સરકારની અમારી જરૂર પડે ત્યારે માગજે ઓથ, કેન્દ્ર સરકાર સામું જોવો નહીં, મંત્રી કરે જેલમાં લહેર, ખાતર માટે ખોટી થાવું ભરત કિસાન માથે કેવો કહેર. આ કિસાનોની સ્થિતિ અને કેન્દ્ર દ્વારા ગુજરાતના કિસાનોને વારંવાર અન્યાય થાય. હમણાં વિધાનસભા ગૃહમાંથી મારા મંત્રીશ્રી બોલ્યાં કે આ કેન્દ્રની કેવી નીતિ ખેડૂતોના ઘરમાં કપાસ થાય ત્યારે તેની નિકાસ ઉપર બંદી લાદવામાં આવે. આ દેશની અંદર માંસ ઉપર નિકાસની ડયુટી આપવામાં આવે. અને ખેડૂતોના ઘ રમાં ઉત્પન્ન થયેલાં કપાસની ઉપર નિકાસનો પ્રતિબંધ કરવામાં આવે. સૌરાષ્ટ્રનો કપાસ સમગ્ર દેશ અને દુનિયામાં એક આગવી ઓળખ ઉભી કરી છે અને રાત-દિવસ મહેનત કરતા ખેડૂતોના મતે આ ચૂંટાયેલા બધા ટોપીવાળા

મિત્રો ખેડૂતોની વ્યથા સાંભળો નહીંતર આપની ટોપીમાંથી અડધી ટોપી ઉડી જાશે. મિત્રો, જે પ્રકારે સૌરાષ્ટ્રમાં ખેડૂતો મહેનત કરે છે સતત ઝરમર વરસતા વરસાદની અંદર આખા પરિવાર સાથે રાત-દિવસ કામ કરતાં હોય એવા સમયે પાક એમનો પીળો પડી ગયો હોય, એમને વધારે પાણી લાગી ગયું હોય ત્યારે તેને જોઈતું યુરિયા મળે નહીં અને કેન્દ્રના મંત્રીઓ એક પછી એક લાઈન લાગે. આજે તો છાપામાં કંઈક રોબર્ટ વાઢેરાનું પણ આવી ગયું , આજે ટી.વી.માં આવ્યું કે રોબર્ટ વાઢેરા પણ ટુજી કાંડમાં છે. મિત્રો, જેટલી રકમનું ટુજી કાંડમાં કૌભાંડ થયું એટલી રકમની જો સબસીડી આપી હોત તો આખા દેશનો જગતનો તાત આ એકે એક સંસદ સભ્યો અને નેતાઓને અભિનંદન આપતો હોત. અબજો રૂપિયાના કૌભાંડો થાય છે. શરમ આવવી જોઈએ ખેડૂતના દીકરા તરીકે. લાજવાના બદલે ગાજવાનું કામ કરો છો. લાજવું જોઈએ. આ રાજયના ખેડૂતો ખાતર માટે હેરાન થાય છે. ગામડામાં પ્રવાસમાં જજો. શું સ્થિતિ છે ખેડૂતોની? ખેડૂતોને ખાતર મળતું નથી. બનાવટી આંકડાઓ લઈને આવીએ કે ૨૦૦૮માં આમ થયું, ૨૦૦૫માં આમ થયું. અરે ભાઈ, અત્યારની સ્થિતિની વાત કરો ને. આજની સ્થિતિમાં આ રાજયના ખેડૂતોને ખાતર મળતું નથી. એના માટે કેન્દ્રની કોંગ્રેસ સરકારની નીતિ જવાબદાર છે. હું આજે આધાર પુરાવા સાથે કહું છું. આ રાજયના કૃષિમંત્રીએ કેન્દ્રના મંત્રીને કાગળો લખ્યા છે. ૨૧મી મેએ, ૬ઠ્ઠી મેએ આ દેશના કૃષિમંત્રી શ્રી શરદ પવારજીનો એક પત્ર છે, શકિતભાઈ. આ શરદ પવારના પત્રમાં શું લખ્યું છે. " Dear Dilipbhai, Your letter has been forwarded to Department of Fertilizer. Due to disturbance in Middle-East gulf countries, there has been delay in contracting import of DAP Fertilizer materials for manufacturing of DAP and this has affected supply of DAP. It is accepted that.." એમણે પણ સ્વીકાર્યુ છે. કે ગુજરાતને ખાતરનો જે જથ્થો મળે છે. એમાં અનિયમિતતા થઈ છે, ઓછું થયું છે. એવું તમારા શરદ પવારજીએ સ્વીકારેલું છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય ભરતભાઈ, કોઈપણ પ્રદર્શન ગૃહમાં બતાવી શકાતું નથી. પ્લીઝ.

**શ્રી ભરત બોઘરા** : સાહેબ, આધાર પુરાવાની વાત થાય છે, એટલા માટે હું કહું છું. હું ગામડામાં રહું છું, ખેડૂતોની વચ્ચે રહું છું, એટલા માટે કહું છું. એટલા માટે મારી આ વ્યથા બોલે છે. આજે સૌરાષ્ટ્ર અને ગુજરાતના ખેડૂતો ખાતર માટે ખૂબ હાલાકી ભોગવે છે. આ રાજયમાં અગિયાર ટકા જેટલો કૃષિનો વિકાસ દર થયો ત્યારે એવા સમયે સમગ્ર હિન્દુસ્તાનની સરકારે ગુજરાતના ખેડૂતોને બિરદાવવા જોઈએ. એને જરૂરી ખાતર પણ જો સમયસર ન આપી શકતા હોય તો એ ખેડૂતો બીજી શું અપેક્ષા રાખે? આ ખેડૂતોના મતથી ચૂંટાયેલા સંસદસભ્યો અને બાકીના લોકો એકપણ વખત દિલ્હીના ગૃહમાં આ બાબતે રજૂઆત ના કરે એ શરમજનક ઘટના છે. હકીકતે આ બાબતે આ બેઠેલા મિત્રોએ વિચાર કરવો જોઈએ. ઘણીબધી વખત આ વિધાનસભામાં વાત થઈ છે કે અમુક બાબત આવે ત્યારે રાજકીય અવલોકનોથી દૂર રહીને ચિંતા કરવી જોઈએ. ત્યારે મારી પણ વિપક્ષના મિત્રોને વિનંતી છે કે ખાતરની બાબતમાં કોઈ રાજકારણ ના કરે અને તમારા આત્માને પૂછી એના માટે અહીંથી એક વ્યવસ્થિત ધારાસભ્યોની સમિતિ દિલ્હીમાં રજૂઆત કરવા જાય અને ત્યાં તમારી સરકારના બેઠેલા મંત્રીઓને વિનંતી કરી અને ગુજરાતના ખેડૂતોને ખાતર આપવું જોઈએ.

**શ્રી વિજયભાઈ ૨. પટેલ(ડાંગ-વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના માનનીય સભ્યશ્રી લક્ષ્મણભાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયારથી આ ગુજરાતની અંદર આદરણીય નરેન્દ્રભાઈની સરકાર આવી, ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી આ ગુજરાતની અંદર કૃષિની અંદર ખૂબ જ વિકાસ થઈ રહ્યો છે. અને કુદરતની પણ મહેર રહી છે કે જયારથી નરેન્દ્રભાઈ શાસન કરવા માટે આવ્યા છે ત્યારથી વરસાદ પણ ખૂબ નિયમિત પડે છે અને ખેડૂતોને ખુશખુશાલ કરી દીધા છે. આ રાજયમાં કૃષિ મહોત્સવની શરૂઆત થઈ ત્યારે આ રાજયના જે કૃષિ વૈજ્ઞાનિકો હતા, ગામડે ગામડે સીધા ગયા અને ગામડે ગામડે ખેડૂત મિત્રોને એમણે કૃષિલક્ષી માર્ગદર્શન આપ્યું, જેના કારણે આ ગુજરાતના ખેડૂતો વૈજ્ઞાનિક ખેતી કરતા આવ્યા અને એ આગળ ને આગળ વધતા ગયા. જેના પરિણામે ૨૦૦૪-૦૫ના વર્ષમાં જે આપણું કૃષિ ઉત્પાદન રૂપિયા ૨૬૭૪૭ કરોડ હતું, તે વધીને ૨૦૧૦-૧૧માં ૩૯૨૭૭ કરોડ થવા પામેલ છે. આજે જે આ પરિણામ દેખાય છે એ પરિણામ કૃષિ મહોત્સવ થકી થયેલ છે. આ રાજયની સરકારે જે સોઈલ હેલ્થ કાર્ડ આપવાનો કાર્યક્રમ નકકી કર્યો એને પણ રાષ્ટ્રીય સ્વીકૃતિ મળી અને એના કારણે ભારત સરકારે પણ બીજા રાજયોને પણ એમ કહ્યું કે આ પ્રકારના કાર્યક્રમો તમે પણ તમારા રાજયમાં કરો. આજે સમગ્ર દેશની અંદર કૃષિ વિકાસ દર છે એ માત્ર ૨.૫૮ ટકા છે જયારે આ ગુજરાત રાજયનો કૃષિ વિકાસ દર બે આંકડામાં એટલે કે ૧૦.૭ ટકા જેટલો હાંસલ કરેલ છે. આજે ગુજરાતનો ખેડૂત ખૂબ જ મહેનત કરે છે પરંતુ સમયસર એમને ખાતર મળતું નથી. ખાતર મેળવવા માટે ઠેરઠેર ભટકવું પડે છે. ભારત સરકારની જે નીતિ છે એ નીતિને કારણે ગુજરાતને અન્યાય થાય છે એના કારણે ગુજરાતના ખેડૂતોને અન્યાય સહન કરવો પડે છે. ભારત સરકાર જાણે આ કૃષિ પેદાશ પકવતા ગુજરાતના ખેડૂતોને અવરોધવાનું કામ કરે છે. ભારત સરકારની નવી ખાતર નીતિ છે એના કારણે દેશમાં અને રાજયમાં છેલ્લા કેટલાય સમયથી ખાતરની તંગીનો સમનો કરવો પડી રહ્યો છે. એટલું જ નહિ ખાતરની આ નીતિને કારણે ખાતરના ભાવો છે

એ દિવસે ને દિવસે કૂદકે ને ભૂસકે વધતા ગયા છે. માનનીય સભ્યશ્રી લક્ષ્મણભાઈ જે પ્રસ્તાવ લાવ્યા છે એને સમર્થન આપું છું.

**શ્રી દિલીપ સંઘાણી ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા દિવસનો પ્રસ્તાવ માનનીય લક્ષ્મણભાઈ ખાતરની ગુજરાતમાં અછત અંગે લાવ્યા છે એ બદલ હું એમને અભિનંદન આપું છું.

ગુજરાતના ખેડૂતોની ચિંતા લગભગ ગૃહના તમામ સભ્યશ્રીઓએ કરી છે એ ચિંતામાં મારો પણ શૂર પુરાવું છું. આ હાઉસે એકી અવાજ સાથે એક વાત આપણે સૌ સ્વીકારીએ છીએ કે ગુજરાતના ખેડૂતોને સમયસર સારુ ખાતર જોઈએ એ મળતું નથી, એનો પ્રતિસાદ એનો અવાજ અહીંયા રજૂ કરવામાં આવ્યો. આ અવાજ સાથે કોઈને મતભેદ નથી. ખેડૂતોને ખાતર મળવું જોઈએ એ વાત સાથે કોઈને મતભેદ નથી. ખાતર અને ખાતરનો કન્ટ્રોલ આ જોગવાઈઓ પણ આપણે સ્વીકારીએ છીએ. કેન્દ્રનું બંધારણ, રાજયનું બંધારણ અને સમવાયી સત્તાઓની સોંપણી છે એમાં ખાતર સમવાયીની જોગવાઈઓ પ્રમાણે આવે છે ત્યારે એનો કન્ટ્રોલ અંગેની સંપૂર્ણ જવાબદારી કેન્દ્રની છે એ પણ આપણે સૌ સ્વીકારીએ છીએ. આ સ્થિતિમાં ગુજરાત અને ગુજરાત સરકાર દ્વારા ખાતરની સમય સમય પર જરૂરિયાતની માંગ કેન્દ્ર સરકાર સમક્ષ આપવામાં આવે છે.

